અનાદિ મહામુક્તરાજ

# શ્રી અબજીબાપાની વાતો



ભાગ-૧

**શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર**

મુ. બળદિયા, તા. ભુજ, જિ. કચ્છ

## અનાદિ મહામુક્તરાજ

# શ્રી અબજીબાપાની વાતો

### ભાગ - ૧

• સંગ્રહ કરનાર •

અનાદિમુક્ત સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી

શ્રીજીમહારાજ, આચાર્યશ્રી, સાધુ
તથા સત્સંગીની પ્રસન્નતાર્થે

• પ્રકાશક •
શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર
મુ. બળદિયા, તા. ભુજ, જિ. કચ્છ

# શ્રી અબજીબાપાની વાતો

પ્રકાશક: શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર
મુ. બળદિયા, તા. ભુજ, જિ. કચ્છ - ૩૭૦ ૪૨૭
ફોન : (૦૨૮૩૨) ૨૮૨૨૫૩, ૨૮૨૫૫૩
www.AbjibapaniChhatedi.org

© આ પુસ્તકના સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે

પ્રકાશન તિથિ: સંવત ૨૦૭૬, કારતક સુદ-૧૧ પ્રબોધિની એકાદશી
તા. ૦૮/૧૧/૨૦૧૯, શુક્રવાર

આવૃત્તિ: છઠ્ઠી
પ્રત: ૮૦૦૦
સેવા મૂલ્ય: અમૂલ્ય

**પ્રાપ્તિ સ્થાન:**

૧) શ્રી અબજીબાપાની છતેડી અને
હનુમાનજી મંદિર, બળદિયા
ભુજ (કચ્છ)

૨) શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, નારણપુરા
અમદાવાદ. ફોન: (૦૭૯) ૨૭૬૮ ૨૧૨૦

૩) શ્રી સ્વામિનારાયણ મંદિર, મુખ્યમાર્ગ
સરસપુર, અમદાવાદ
ફોન: (૦૭૯) ૨૨૯૨ ૩૫૬૭

૪) શ્રી સ્વામિનારાયણ મંદિર કોઝવે રોડ
જોરાવરનગર, સુરેન્દ્રનગર
ફોન: ૯૮૭૯૨ ૩૮૦૩૮

૫) શ્રી રાકેશભાઈ વશરામભાઈ પટેલ
૮૪, સંગના સોસાયટી, રાંદેર રોડ
સુરત. ફોન: ૯૯૨૫૨ ૩૫૭૫૬

૬) Shri Ravjibhai Govindbhai
Varsani, T.P.C. Road
Boma Mbuzi, Moshi, Tanzania


ગુણભાપા શતામૃત મહોત્સવ
175
૩ થી ૯ નવેમ્બર, ૨૦૧૯

તેજ તેજ અંબારમાં, તેજોમય મહારાજ
આવ્યા અવની ઉપર, કરવા જનના કાજ

જયકારી જય જય પ્રભુ, નામ ધર્યું ઘનશ્યામ
પ્રગટ પ્રતાપ જણાવિયો, પોતે પૂરણ કામ

અવતારી અવતારના, સ્વામી સહજાનંદ
નામ અનંત બહુનામીનાં, લેતાં થાય આનંદ




સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ
પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

અનંતકોટિ મુક્તના સ્વામી અને
સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા
પરમ કૃપાળુ **શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના
ગૂઢ રહસ્ય જ્ઞાનને સરળ રીતે સમજાવનારા,
એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું
સર્વોપરીપણું સર્વત્ર પ્રવર્તાવનારા અને
અનાદિમુક્તની સર્વોત્તમ સ્થિતિનો
અનુભવ કરાવનારા તેમજ
આ ગ્રંથના કારણરૂપ
આત્યંતિક કલ્યાણકારક
દિવ્ય વાતો કરનારા
- આ રીતે સમગ્ર સત્સંગ ને
માનવકુળ પર મહદ્ ઉપકાર કરનારા
પરમ કૃપાળુ
**અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા**ના
ચરણકમળમાં કોટિ કોટિ વંદન



રહસ્ય જ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા



## ‘અબજીબાપાની વાતો’ સંગ્રહ કરનાર
## અનાદિમુક્ત સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી

અનેક મુમુક્ષુ ભક્તોને શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિનો સંબંધ કરાવનાર,
શ્રી હરિના મુખકમળથી નિઃસૃત દિવ્ય વાણી ‘વચનામૃત’ ગ્રંથના
અદ્વિતીય અભ્યાસક; સત્સંગ સેવામાં સમગ્ર જીવન સમર્પી દેનાર,
અબજીબાપાશ્રીની નિત્ય સ્મરણીય ને મનનીય વાણીનો
‘વચનામૃત રહસ્યાર્થ’ તથા ‘અબજીબાપાની વાતો’ રૂપે સંગ્રહ કરી
સત્સંગ સેવામાં અર્પણ કરનાર; ભગવાન શ્રી સ્વામિનારાયણના
સંત શિરોમણિ સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીના શિષ્ય
સુપ્રસિદ્ધ સદ્ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીના અનન્ય શિષ્ય
સદ્ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને
કોટિ કોટિ વંદન

શ્રીજીમહારાજ
તથા અબજીબાપાશ્રીનું
સર્વોપરી તત્ત્વજ્ઞાન
જેમને આત્મસાત છે
તેમજ અબજીબાપાશ્રીએ
પ્રવર્તાવેલ કારણસત્સંગને ઉજાગર
કરનારા બાપાશ્રીના હેતવાળા
સદ્‌ગુરુશ્રીઓ તથા અનાદિમુક્તોને
આ દિવ્યગ્રંથ
અર્પણ કરતાં કૃતાર્થતા
અનુભવીએ છીએ



અનાદિમુક્તની ઉચ્ચતમ સ્થિતિનો સત્સંગમાં
પોતાની અનુભવસિદ્ધ વાતો દ્વારા મૂર્તિનો
રસ રેલાવનાર અનાદિમુક્ત સદ્‌ગુરુ
**શ્રી વૃંદાવનદાસજી સ્વામી**



‘પુરુષોત્તમલીલામૃત સુખસાગર’
અને ‘અનાદિમુક્ત ચરિત્રામૃત’
ગ્રંથ રચનાર અનાદિમુક્ત બ્રહ્મચારી
**શ્રી નિર્ગુણાનંદજી વર્ણી**




‘શિક્ષાપત્રી રહસ્યાર્થ’ અને
‘અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત’
ગ્રંથ રચનાર અનાદિમુક્ત
**મુનિ શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી**

# અબજીબાપાની વાતો મોબાઈલ એપ & વેબ એપ




અબજીબાપાની વાતો મોબાઈલ એપ
તથા ઓનલાઈન વેબસાઈટ પર પણ ઉપલબ્ધ

**bit.ly/bapanivato**
**bit.ly/bapanivato_ios**
**bapanivato.abjibapanichhatedi.org**

એપ્લિકેશન ના ફીચર્સ

- અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં
- સર્ચ
- હાઇલાઇટ ટેક્ષ્ટ
- બુકમાર્ક
- ફોન્ટ સાઈજ
- નોંધ (નોટ્સ)
- શબ્દાર્થ

## Abjibpani Chhatedi Mobile App & Website

અબજીબાપાની છતેડી
મોબાઈલ એપ તથા વેબસાઈટ

**bit.ly/chhatedi**
**bit.ly/chhatedi_ios**
**www.abjibapanichhatedi.org**

મોબાઈલ એપ ના ફીચર્સ

- ડેઇલી સત્સંગ
- ઇ-બુક્સ
- લેટેસ્ટ ન્યુઝ
- ડેઇલી દર્શન
- ગુજરાતી તિથિ કેલેન્ડર



## શબ્દોના અર્થ

હવે બાપાશ્રીની વાતો નવા વાચકોને લાગશે સરળ
**‘અબજીબાપાની વાતો’ મોબાઇલ અને વેબ એપ્લિકેશન**માં

બાપાશ્રીની વાતો વાંચતા કોઇ શબ્દ ન સમજાય તો
મોબાઇલ અને વેબ એપ્લિકેશન શબ્દોના
અર્થ બતાવશે. દરેક વાતો દીઠ અલગ શબ્દાર્થ સૂચિ.

## તાત્ત્વિક શબ્દોના અર્થ

અમુક તાત્ત્વિક કે શાસ્ત્રીય શબ્દોનું પાયાનું જ્ઞાન
જરૂરી હોવાથી તેમના સચોટ અર્થ અહીં જાણી શકાશે.
જેમ કેઃ સકામ-નિષ્કામ, ૨૪ તત્ત્વો, અન્વય-વ્યતિરેક,
સગુણ-નિર્ગુણ, ત્રિવિધ તાપ, અષ્ટ આવરણ,
સ્થૂળ-સૂક્ષ્મ-કારણ શરીર, અંતઃકરણ

## અઘરાં શબ્દોના અર્થ

ગુજરાતી સાહિત્ય ઓછું વાંચનારાને તથા અંગ્રેજી માધ્યમમાં
ભણેલાને સામાન્ય શબ્દ પણ અઘરાં લાગતાં હોય છે.
તેઓ માટે પ્રાદેશિક શબ્દો, સામાન્ય શબ્દો, રૂઢિપ્રયોગો,
કહેવતો આદિકના અર્થ અહીં આપવામાં આવેલ છે.

## સંક્ષિપ્ત માહિતી

બાપાશ્રીની વાતોમાં આવતાં સંતો, હરિભક્તો,
પૌરાણિક પાત્રો, ગ્રંથો, સ્થાનો, કીર્તનો વિષયક
સંક્ષિપ્ત માહિતી અહીં પ્રાપ્ત થશે.



શ્રીમુખવાણી વચનામૃત પરના પ્રશ્નોના અબજીબાપાશ્રીએ કરેલા ઉત્તર તથા બાપાશ્રીએ સભામાં કરેલી વાતો લખી લેતા સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી. જેના પરથી ‘વચનમૃત પ્રદીપિકા ટીકા’ તથા ‘અબજીબાપાશ્રીની વાતો’ છપાયાં છે.

## સંપાદકીય

પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ અનેક જીવોને પોતાના દિવ્ય સ્વરૂપને પમાડવા સં. ૧૮૩૭ની સાલમાં કૃપા કરી ભારતદેશમાં પ્રગટ થયા. મનુષ્યરૂપમાં અવતારી પ્રભુએ પોતાના પ્રચંડ પ્રભાવ, ઐશ્વર્ય ને સામર્થ્ય વડે અધર્મને ઉખેડી પૃથ્વી પર વિશ્વવ્યાપક સદ્ધર્મનું સ્થાપન કર્યું અને સર્વગ્રાહી આદર્શ તત્ત્વજ્ઞાન આપી, જગતને પોતાના અવતારી સ્વરૂપની પ્રતીતિ કરાવી. પામર જેવા જીવો પર કૃપાદૃષ્ટિ કરી તેમને પરમપદના અધિકારી બનાવી દીધા. બહુજન સમાજના કલ્યાણ અને શિક્ષણને અર્થે તેઓ પોતે જ સાધક, સાધન અને સાધ્ય બન્યા. તેમનું સમસ્ત જીવન જ ધર્મશાસ્ત્ર અને અધ્યાત્મશાસ્ત્ર છે. એમના સદુપદેશો જીવંત ઉપદેશ છે. એમણે સમગ્ર વિશ્વનું આત્યંતિક કલ્યાણ સદાય સધાતુ રહે એવી સર્વાંગ સંપૂર્ણ વ્યવસ્થા કરી. ભગવાન શ્રી સ્વામિનારાયણના સંકલ્પથી અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીનું પ્રાગટ્ય શ્રીહરિના ચરણસ્પર્શથી અનેકવાર પાવન થયેલ બળદિયા ગામે સં.૧૯૦૧ ના કાર્તિક સુદ ૧૧ પ્રબોધિની એકાદશીને રોજ થયું. બાપાશ્રીએ આત્યંતિક મોક્ષરૂપ અનાદિમુક્તની સર્વોચ્ચ સ્થિતિ લક્ષ્યાર્થ કરાવી અનેક સંત-હરિભક્તોને મૂર્તિના સુખભોક્તા કર્યા છે. શ્રીમુખવાણી ‘વચનામૃતમ્’ ગ્રંથના રહસ્યજ્ઞાનને સમજાવી સમગ્ર માનવકુળ ઉપર તેઓશ્રીએ મહદ્ ઉપકાર કર્યો છે. તેમણે પોતાની દિવ્યવાણી દ્વારા શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રહેવાની વાતોરૂપી અમૃતરસ રેલાવ્યો છે. બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ! તે સિવાય કશી વાતનું સ્મરણ કે અધ્યાપન બાપાશ્રીએ રાખ્યું નથી.

શ્રીજીમહારાજે કાળી તલાવડીની જે જગ્યાએ બાપાશ્રીના માતુશ્રીને બાપાશ્રીના પ્રાગટ્યનો વર આપ્યો હતો તે સ્થળે સં. ૧૯૭૧માં બાપાશ્રીએ છત્રી કરાવી તેમાં શ્રીજીમહારાજના ચરણારવિંદ પધરાવ્યા હતા અને મહામોટો યજ્ઞ કર્યો હતો. તે સમયે પરમકૃપાળુ

બાપાશ્રીએ પોતે આશીર્વાદ આપેલ કે, “આ જગનમાં જે કોઈ આવશે, જે કોઈ પ્રસાદી જમશે, તે સર્વેનો છેલ્લો જન્મ કરીને શ્રીજીમહારાજ અક્ષરધામમાં લઈ જશે. હવે પછી આ પ્રસાદીસ્થાન તથા ચરણારવિંદના જે કોઈ દર્શન કરશે તથા તેના ઉપરથી પક્ષી ઊડીને જશે તે સર્વેનો શ્રીજીમહારાજ આત્યંતિક મોક્ષ કરશે.” કેવું અદ્‌ભુત સામર્થ્ય! અદ્‌ભુત પ્રાપ્તિ!

શ્રીજીમહારાજ તથા તેમના અનાદિમુક્તના પ્રતાપથી આજ પર્યંત વિજ્ઞાનના ઉત્તમ પરિણામોથી જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર અતિ ઝડપી, સરળ તેમજ દરેક પળે ઉપલબ્ધ બની રહેલ છે. સર્વોત્તમ જ્ઞાન જે આલોક તેમજ પરલોકમાં શ્રેષ્ઠ જીવન અને મોક્ષ પ્રાપ્તિ માટે સર્વશ્રેષ્ઠ હોય તેને સમાજમાં પ્રસારવું તેનાથી સારી બીજી પ્રવૃત્તિ કઈ હોઈ શકે! તીર્થસ્થાન શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર ટ્રસ્ટ આ કાર્યમાં જોડાયેલ છે. અસંખ્ય મુમુક્ષુઓને શ્રીજીમહારાજની મૂર્તિના દિવ્ય સુખમાં જોડવા માટેની સદ્‌પ્રવૃત્તિના ભાગરૂપે આ સંસ્થા પ્રકાશનની પ્રવૃત્તિ પણ કરે છે. આ પ્રવૃત્તિને વધુ વેગ મળે તેમજ વ્યાપ વધે તેવા આશયથી ગુજરાતની, દેશની કે જગતની સ્વીકૃત થયેલ ભાષામાં સાહિત્ય પ્રકાશન તથા દશ્ય-શ્રાવ્ય ઉપકરણ સમાજના સર્વવર્ગને ખૂબ જ ન્યૂનતમ મૂલ્યથી અને થોડા પ્રયત્ને મળે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. શ્રીજીમહારાજના શ્રેષ્ઠતમજ્ઞાન સાથે સુસંગત અન્ય સાહિત્યના પ્રકાશનનો પણ અમારો નમ્ર પ્રયત્ન છે. આ પ્રવૃત્તિમાં સૌનો સાથસહકાર ઇચ્છીએ છીએ.

સંસ્થાની આ પ્રવૃત્તિમાં શ્રીજીમહારાજ, અબજીબાપાશ્રી અને સર્વે મુક્તોની કૃપા ઉતરે એવી અભ્યર્થના.

– શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર
બળદિયા (ભુજ-કચ્છ)

## છઠ્ઠી આવૃત્તિનું નિવેદન

આ ગ્રંથની પાવનકારી દિવ્ય વાણી જેમના મુખકમળમાંથી વહી છે એવા અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી અલૌકિક દિવ્ય સ્થિતિ ધરાવતા હતા એ હકીકતથી સત્સંગમાં સૌ કોઈ પરિચિત છે. બાપાશ્રીનાં દર્શન-સમાગમે જનાર સૌ કોઈને એમ લાગતું કે તેમની દિવ્ય વાણી સાંભળ્યા જ કરીએ. તેમની પાસે બેસી રહેવાનું જ મન થાય, ઊઠવાનું મન ન થાય એવું દિવ્ય આકર્ષણ થતું.

અબજીબાપાશ્રી પાસે કોઈ વ્યાવહારિક વાતો નહિ, કેવળ મહારાજની મૂર્તિની જ વાતો, કથા, વાર્તા, ધ્યાન, ભજન, ધૂન વગેરે અખંડ બ્રહ્મયજ્ઞ ચાલ્યા જ કરે. મહારાજની મૂર્તિના અલૌકિક પ્રતાપની, અનાદિમુક્તની અગમ્ય દિવ્ય સ્થિતિના સુખની અને શ્રીજીમહારાજની સર્વોપરી આજ્ઞા-ઉપાસનાની સરવાણી બાપાશ્રીની દિવ્ય વાણીમાં વહ્યા કરતી. આ વાતોથી સત્સંગમાં ઘણા સંત-હરિભક્તો શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે.

અત્યારે પણ બાપાશ્રીની આ અનુભવવાણી તન્મય હૃદયથી વાંચનાર કે સાંભળનાર હરકોઈ ભાવિક હરિભક્ત એકાએક આનંદવિભોર બનીને ધ્યાનમગ્ન થઈ જાય છે અને શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિનો આનંદ અનુભવે છે.

અત્રે પરમ ગૌરવ સહ નોંધ લેતાં અનહદ આનંદ થાય છે કે બાપાશ્રી અંતર્ધાન થયા પછી પણ અનાદિમુક્તની સ્થિતિનો અનુભવ કરાવતી આત્યંતિક મોક્ષના સદાવ્રત સમ આ વાતોનો સંગ્રહ કરનાર અનાદિમુક્ત સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ સમગ્ર સત્સંગ ને જગત ઉપર મહદ્ ઉપકાર કર્યો છે. આ દિવ્ય વાણી અનેક મુમુક્ષુઓના ચૈતન્યને ઊર્ધ્વગતિ આપીને શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિનો સાક્ષાત્કાર કરવામાં સદાય પ્રેરણારૂપ બની રહેશે.

સંવત ૨૦૨૯ના શ્રાવણ માસમાં અનાદિમુક્ત સદ્. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજીના દર્શને અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ ઠક્કર, પ.ભ. શ્રી વિઠ્ઠલજીભાઈ દવે, લાભચન્દ્રભાઈ આદેશરા, હીરાભાઈ પટેલ, ડૉ. રતિલાલભાઈ રાઘવાણી આદિ કેટલાક મુક્તો પાટડી ગયેલા. એ વખતે સદ્. મુનિસ્વામીશ્રીએ આ દિવ્ય વિદ્યાદાનને મોટામાં મોટી સેવા ગણાવી, સત્સંગનું સાહિત્ય સસ્તી કિંમતે સૌને મળે એ લક્ષમાં રાખી 'અ.મુ. અબજીબાપાશ્રી સ્મારક ટ્રસ્ટ, ગુજરાત' દ્વારા તેનું પ્રકાશન કરવા ભલામણ કરી. ત્યારપછી પુનઃ સદ્. મુનિસ્વામીશ્રીએ સંવત ૨૦૩૦માં અદૃશ્ય થવાના આગલા દિવસે અબજીબાપાશ્રીએ ભગવાન સ્વામિનારાયણનું આદર્શ તત્ત્વજ્ઞાન જુદા જુદા ગ્રંથોમાં છપાવ્યું છે તેના પ્રકાશનકાર્યની સેવા અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ 'અ.મુ. અબજીબાપાશ્રી સ્મારક ટ્રસ્ટ, ગુજરાત' દ્વારા કરે અને છત્રીની સેવા ખૂબ કરે તેવી આજ્ઞા પ.ભ. વિઠ્ઠલજીભાઈ દવે દ્વારા કરી.

પૂજ્ય મુનિસ્વામીશ્રીએ દેહોત્સવ પૂર્વે પારાયણનો જે પ્રારંભ કરાવ્યો હતો તેની પૂર્ણાહુતિ સંવત ૨૦૩૦ વૈશાખ વદ અમાસ તા. ૨૧-૫-૧૯૭૪ના રોજ થઈ. એ સભામાં સદ્. મુનિસ્વામીશ્રીના સ્મરણાર્થે 'શ્રી અબજીબાપાની વાતો', 'વચનામૃત રહસ્યાર્થ' તથા 'સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામીની વાતો' છપાવવાની જાહેરાત થતાં સૌએ યથાયોગ્ય સેવા કરી. કેટલાક અગાઉથી ગ્રાહક પણ થયા ને એ કામ અનાદિમુક્ત શ્રી નારાયણભાઈને સોંપ્યું. તદ્નુસાર અનાદિમુક્ત શ્રી નારાયણભાઈએ આ ગ્રંથોના પ્રેરક સદ્. મુનિસ્વામીશ્રીની પુણ્યસ્મૃતિમાં ઉપરોક્ત ગુજરાત ટ્રસ્ટ દ્વારા આ દિવ્ય વાણીના ગ્રંથોની ત્રીજી આવૃત્તિની ત્રણ ત્રણ હજાર નકલ સંવત ૨૦૩૧માં છપાવી પ્રસિદ્ધ કરી હતી.

આ ગ્રંથના મૂળ પ્રસિદ્ધકર્તા અ.મુ. શેઠ શ્રી બળદેવદાસ વલ્લભદાસ પરીખે પ્રકાશનના સર્વ હક્ક 'અ.મુ. અબજીબાપાશ્રી

સ્મારક ટ્રસ્ટ, ગુજરાત' ને આપ્યા હતા અને આ ટ્રસ્ટે આ ગ્રંથના પ્રકાશનના સર્વે હક્કો સુસ્થાપિત 'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન' સંસ્થાને અર્પણ કરેલ. એ સંસ્થાની મંજૂરી મેળવી અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપાના આશીર્વાદ સાથે તેમજ અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ઠક્કરની આજ્ઞાથી 'શ્રી અબજીબાપાશ્રી સાર્ધ શતાબ્દી' નિમિત્તે ચોથી આવૃત્તિ સંવત ૨૦૫૦માં 'શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર ટ્રસ્ટ, બળદિયા' દ્વારા વલ્લભવિદ્યાનગરના પ.ભ. ડૉ. શ્રી બિપિનભાઈ સ્વદાસ તથા ત્યાંના સત્સંગ મંડળની સહાયથી પ્રકાશિત કરવા છપાવી પ્રસિદ્ધ કરેલ. ત્યારબાદ સંવત ૨૦૬૬માં 'શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર ટ્રસ્ટ, બળદિયા' દ્વારા પાંચમી આવૃત્તિનું પુનઃ પ્રકાશન કરેલ.

હવે 'શ્રી અબજીબાપાની વાતો'ની પ્રત પૂરી થઈ જવાથી તેના પુનઃ પ્રકાશનની માંગ ઊભી થઈ. આ પરમ દિવ્ય ગ્રંથની છઠ્ઠી આવૃત્તિ 'શ્રી અબજીબાપા શતામૃત મહોત્સવ' પર્વે અનાદિ મહામુક્તરાજ પ.પૂ. શ્રી અબજીબાપાના પ્રાગટ્ય દિન કાર્તિક સુદ ૧૧, પ્રબોધિની એકાદશીએ 'શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર ટ્રસ્ટ, બળદિયા' દ્વારા પ્રકાશિત કરતાં અત્યંત આનંદ તેમજ ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

સદરહુ પુસ્તકમાં પ્રકાશિત પ્રથમ આવૃત્તિનું ફક્ત પુનઃમુદ્રણ જ છે. આમાં સમાવિષ્ટ લખાણ તથા વિષયવસ્તુ તે વખતના કથનકર્તાઓએ જે રીતે કથેલ તે પ્રમાણે હોવાથી તેમાં રહેલ અર્થ, શબ્દાર્થ, ગર્ભિત અર્થ, વિચાર કે અર્થઘટન તે વખતના પ્રવર્તમાન સ્થિતિ-સંજોગોને અનુસારનું છે.

આ 'શ્રી અબજીબાપાની વાતો'ની છઠ્ઠી આવૃત્તિના પ્રકાશનમાં સહાયરૂપ સર્વે દાતાશ્રીઓ તેમજ પ્રકાશનનાં સંશોધન, સંકલન, ટાઇપીંગ, પ્રૂફ રીડિંગ, મુદ્રણ વગેરે કાર્યમાં પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે

મદદરૂપ થયેલા સેવકો ઉપર શ્રીજીમહારાજ, અબજીબાપાશ્રી, સદ્‌ગુરુઓ તથા મહામુક્તો અતિ પ્રસન્ન થાઓ એ જ અંતરની અભ્યર્થના.

લિ.

**શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર,**
**બળદિયા વતી**

ગોવિંદભાઈ કલ્યાણભાઈ વેકરિયા, પ્રમુખશ્રીના
સપ્રેમ જય સ્વામિનારાયણ

સંવત ૨૦૭૬, કાર્તિક સુદિ ૧૧, પ્રબોધિની એકાદશી
ઈ.સ. ૨૦૧૯, ૮ નવેમ્બર, શુક્રવાર

# સંગ્રહકર્તા અ.મુ. સદ્‌ગુરુ
# શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીનું નિવેદન

અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુએ અનંત કોટિ અનાદિ મહામુક્તોએ સહિત આ લોકમાં પોતાનું સાક્ષાત્કાર દર્શન આપી અનેક મુમુક્ષુજનોને ન્યાલ કર્યા. તેમનાં અનંત ચરિત્રો ગ્રંથમાં લખાણાં તથા અનાદિ મહામુક્તોના સામર્થ્ય, ઐશ્વર્ય, પ્રતાપનાં વર્ણનોથી આખા સંપ્રદાયને એ મહાપ્રભુના સ્વરૂપનું સાક્ષાત્કાર જ્ઞાન થતાં અતિ ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરી મૂર્તિને સુખે સુખિયા થવાનું સુગમપણું થયું.

સંવત ૧૯૦૧ થી ૧૯૮૪ સુધી અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીએ પણ અનંત પ્રકારે શ્રીજી મહારાજના દિવ્ય સ્વરૂપનું જ્ઞાન પ્રવર્તાવવા જન્મથી અંતર્ધાન થવા સુધી ઘણુંય કર્યું. બાળ સ્વરૂપમાં એવાં ચરિત્રો કરતા કે સહેજે અલૌકિક ભાવ આવે. પછી જેમ જેમ પ્રસિદ્ધ થતા ગયા તેમ તેમ બહુ પ્રકારે શ્રીજીમહારાજના મહિમાની વાતો કરતા. ત્યાર પછી સમાધિ થવા માંડી તેથી અનેક સંત-હરિભક્તો આકર્ષાયા. પછી પોતે શ્રીજીમહારાજની મૂર્તિમાં અનાદિમુક્તો રસબસભાવે કેવી રીતે સુખ ભોગવી રહ્યા છે તેનું વર્ણન કરવા માંડ્યું તેથી સ્થિતિવાળા મોટા મોટા સંતો-હરિભક્તો મૂર્તિનું સુખ લેવા જોગ-સમાગમ કરતા અને પોતાના સંબંધવાળા હરિભક્તો તથા મુમુક્ષુજનોને બાપાશ્રીની ઓળખાણ કરાવતા. ત્યારે પછી બાપાશ્રીએ મોટા મોટા યજ્ઞ કર્યા તેમાં પોતે એવા સંકલ્પ કરતા જે અમારા યજ્ઞમાં જે કોઈ આવી પ્રસાદી જમશે તેમનો અમે આત્યંતિક મોક્ષ કરી મૂર્તિના સુખે સુખિયા કરશું.

એ જ પ્રમાણે શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રાખવાની

વાતોથી અનેક સંત-હરિભક્તો મહામોટી સ્થિતિને પામ્યા. એવી ચમત્કારી વાતોનો સંગ્રહ કરવા મેં (ઈશ્વરચરણદાસે) જ્યારે ઈચ્છા જણાવી અને બાપાશ્રીએ જ્યારથી આજ્ઞા આપી ત્યારથી જે જે વાતો થઈ તેમાં પણ જે જે વખતે અમો સમાગમ કરવા જતા ત્યારે વાતો લખી લેતા; તે સંગ્રહ બાપાશ્રીની બે ભાગની વાતોનાં પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલ છે.

તેથી યાવત્ચંદ્રદિવાકરૌ સંપ્રદાયમાં શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા અનાદિ મહામુક્તોની સ્થિતિને જાણી પોતે મૂર્તિના સુખભોક્તાપણે એ સ્થિતિ પ્રાપ્ત કરે એ તેમનો મુખ્ય હેતુ એમનાં કૃપામય વચનોમાં વારે વારે જોવામાં આવે છે. આ ઉપરાંત પોતાના સંબંધમાં આવેલા સંત-હરિભક્તો હેતે સહિત જ્યારે સંભારતા ત્યારે અદ્‌ભુત પ્રતાપ જણાવી પ્રત્યક્ષ દર્શન આપતા તથા કેટલાકને અંત સમે શ્રીજીમહારાજની સાથે પોતે દર્શન આપી દેહ મુકાવી મૂર્તિના સુખે સુખિયા કરતા.

એવા અનાદિ મુક્તરાજ બાપાશ્રીના ઐશ્વર્ય-પ્રતાપનો પાર પામી શકાય તેમ નથી; તોપણ બાપાશ્રીના અદ્‌ભુત પ્રતાપની જે કિંચિત્ વાતો જાણવામાં આવી છે તે શ્રીજીમહારાજ તથા બાપાશ્રીની પ્રસન્નતાને અર્થે લખી છે. તે વાંચી મુમુક્ષુજનોને અનાદિ મુક્તરાજ બાપાશ્રીના અલૌકિક પ્રતાપની ખબર પડે અને તેમને વિષે હેત થતાં તેમની કરેલી શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રહેવાની વાતોનું શ્રવણ-મનન-નિદિધ્યાસ કરી પોતે અનાદિમુક્ત થઈ મૂર્તિમાં રસબસ રહી મૂર્તિનું સુખ ભોગવે એ જ હેતુ છે.

**લિ. સાધુ ઈશ્વરચરણદાસ**

# ઉપોદ્‌ઘાત

ज्ञानं कुतोमनसि संभवती हतावत्
प्राणोऽपि जीवति मनोम्रियते न यावत् ।
प्राणं मनो द्वयमिदं विलयं नयेद्यो
मोक्षं स गच्छति नरो न कथंचिदन्यः ॥ १ ॥
यावन्नैव प्रषिशति चरन् मारुतो मध्य मार्गे
यावदबिंदु र्न भवति दृढं प्राणवात् प्रबंधात् ।
यावद्ध्याने सहजसदशं जायते नैव तत्त्वम्
तावज ज्ञानं वदति तदिदं दंभमिथ्या प्रलापः ॥ २ ॥

આપણી જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રીમુખે કહ્યું છે જે, "સંપ્રદાયની પુષ્ટિ તેના શાસ્ત્રથી જ થાય છે." દરેક સંપ્રદાયમાં પામર, વિષયી, મુમુક્ષુ અને મુક્ત જીવો હોય છે જ. તેમ આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ તે ઉપરાંત સાત ધામોના મુક્તો પોતાના આત્યંતિક કલ્યાણ માટે આવે છે એ વિશેષ છે. મોટા અધિકારીની જવાબદારી પણ મોટી. જે મૂર્તિનાં દર્શન ફક્ત અક્ષરધામમાં પોતાના પરમ એકાંતિક મુક્ત જે પોતાને સમીપે રહ્યા છે તે તથા અનાદિમુક્ત જે મૂર્તિમાં રસબસ રહ્યા છે તેમને જ છે; બીજા કોઈને એ મૂર્તિનાં દર્શન નથી એવી અગમ્ય, અકળિત, અદ્વિતીય મૂર્તિએ ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા કહેવાતા અક્ષરકોટિ, બ્રહ્મકોટિ, ઈશ્વરકોટિ અને તેમના તાબાના મુક્ત જીવો તેમજ માયાબદ્ધ જીવોનો મોક્ષ કરવા માટે આ મનુષ્યલોકમાં દર્શન દીધાં! તે કેવડી વાત! !

"કીડી કુંજરનો મેળાપ જીવન જાણું છું,
ક્યાં અમે ને ક્યાં આપ જીવન જાણું છું."

વળી કહ્યું છે જે स्वकीयावतारास्तदीयां श्च भक्ता निजोपासना ज्ञानमाबोध्य तेषां । तथा स्वधामाधिनेतुं विचित्यागतो श्री हरि हेतु रुक्त

શ્ચતુર્થઃ॥ એમ પોતાના અવતારોને ને તેમના ભક્તોને પોતાની ઉપાસના-જ્ઞાન આપીને પોતાના ધામમાં લઈ જવા માટે દર્શન દીધાં. વળી, "સૌને વશ કરું રે સૌનો પ્રેરક હું ભગવાન." એમ ઉપર કહ્યા તે સૌને વશ કરવા માટે એ સૌનો કારણ એવો હું એક જ ભગવાન છું; બીજો કોઈ ભગવાન નથી. એમ પોતે કહ્યું છે.

શાસ્ત્ર માત્રમાં ગુરુભાગ હોય છે. તે શ્રીમુખે કહ્યું છે જે સત્શાસ્ત્રો પણ સત્પુરુષ થકી જ સમજાય છે, પણ પોતાની બુદ્ધિથી સમજાતાં નથી. તેમ જ પોતાનું સ્વરૂપ જે ઉપર કહ્યા પ્રમાણે પોતાના મુક્તોને જ ગમ્ય છે તેવા સત્પુરુષ જે સ્વતઃસિદ્ધ મુક્તો તે થકી જ સમજાય છે, પ્રાપ્ત થાય છે, અનુભવાય છે; પણ તે સિવાય બીજા કોઈ સાધને કોઈ કાળે જાણી-અનુભવી શકાય તેમ નથી.

આ કારણપણા માટે પોતાના સ્વતઃસિદ્ધ મુક્તો શ્રી ગોપાળાનંદ સ્વામી તથા શ્રી પર્વતભાઈ આદિને પોતાના સંકલ્પથી અહીં દેખાડ્યા! આવા અજોડ મહારાજ ને મુક્તોનાં દર્શન, સ્પર્શ, સેવા, સમાગમનો લાભ કોટિ કલ્પે, કોટિ સાધને કે અનેક જન્મનાં સુકૃતથી મળતો નથી કેમ જે તે વસ્તુ જ એવી અનુપમેય, અદ્વિતીય, અમૂલ્ય છે. કેવળ કૃપાસાધ્ય છે. આવા સ્વતઃસિદ્ધ અનાદિમુક્તોએ આ સત્સંગરૂપ બગીચો બનાવી આપણને ભોગવવા માટે શ્રી કૃષ્ણાર્પણ કર્યો છે!

આવા બગીચાના વર્તમાન સમયે છેલ્લામાં છેલ્લા માળી તે આ લઘુ પણ અનુભવાત્મક રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા છે. તેમના નામથી સત્સંગમાં ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. છતાં તેઓ કોણ હતા? કેવા હતાં? તેમણે સત્સંગમાં શું શું કર્યું? ઈત્યાદિ બાબત બે બોલ અસ્થાને નહિ ગણાય.

### (૧) બાપાશ્રી કોણ હતા?

અક્ષરધામમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની જે દિવ્ય મૂર્તિ છે તે મૂર્તિ, તથા સંવત ૧૮૩૭માં શ્રી છપૈયાપુરમાં પ્રગટ થયા તે

મનુષ્યરૂપ મૂર્તિ, તથા તેમણે પધરાવેલી શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રીજીમહારાજ આદિ મૂર્તિઓ તે એક જ છે ને સ્વયં પોતે જ છે; એ સિદ્ધાંત સમજાવનાર પ્રસિદ્ધ સ્વતઃસિદ્ધ અનાદિ મહામુક્તરાજ હતા.

શ્રી સ્વામિનારાયણ ભગવાન એક જ છે અને અનાદિમુક્ત અનેક છે ને અનેક થાય છે ને અનેક થશે; તે સર્વેને સુખના દાતા છે અને અનાદિમુક્ત સર્વે એ એક જ મૂર્તિના સુખભોક્તા છે; એ સિદ્ધાંત સમજાવનાર પ્રસિદ્ધ સ્વતઃસિદ્ધ અનાદિ મહામુક્તરાજ હતા.

શ્રીજીમહારાજના સકામ ભક્ત બ્રહ્માથી લઈ અક્ષર સુધીની પદવીને પામે છે અને નિષ્કામ ભક્ત પોતાની સમીપે પરમ એકાંતિક અથવા પોતાની મૂર્તિમાં રહેલા અનાદિમુક્તની પદવીને પામે છે; પણ ભગવાન શ્રી પુરુષોત્તમ જે एकमेवा द्वितीयं ब्रह्म છે -એક જ છે- તે ભગવાનની પદવીને તો કોઈ પણ પામી શકતા નથી ને ભક્ત કોઈ દિવસ પોતાના સ્વામીની પદવીને ઇચ્છે જ નહિ; એ સિદ્ધાંત સમજાવનાર પ્રસિદ્ધ સ્વતઃસિદ્ધ અનાદિ મહામુક્તરાજ હતા.

શ્રી સ્વામિનારાયણ ભગવાન કૃપા કરીને અનાદિમુક્તને રસબસ પોતાની મૂર્તિમાં જ નિમગ્ન-લુબ્ધ રાખે છે- જેમ દૂધમાં સાકર રહે છે તેમ. છતાં પોતે સ્વામી ને અનાદિમુક્ત સર્વે સેવક છે ને સદા સાકાર છે; એ સિદ્ધાંત સમજાવનાર પ્રસિદ્ધ સ્વતઃસિદ્ધ અનાદિ મહામુક્તરાજ હતા.

શ્રી સ્વામિનારાયણ પૂર્ણ પુરુષોત્તમરૂપ થવાથી અનાદિમુક્ત થવાય છે (પ્ર.પ્ર. ૫૧ પ્રમાણે); કેમ જે, જે વસ્તુ જાણવી-જોવી હોય તે વસ્તુરૂપ થયા વિના તે વસ્તુ જોઈ, જાણી શકાતી નથી અને દાસપણું પણ ત્યારે જ સુધું દઢ થાય છે; એ સિદ્ધાંત સમજાવનાર પ્રસિદ્ધ સ્વતઃસિદ્ધ અનાદિ મહામુક્તરાજ હતા.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિને અને અનાદિમુક્તને જુદાપણું એટલે સહેજ પણ છેટાપણું નથી, વાણા-તાણાની પેઠે એકમેક,

ઓતપ્રોત, તદ્રૂપ, તલ્લીન થવાય ત્યારે જ અણુમાત્ર છેટે નથી એમ કહેવાય; તેવી રીતે સહજ સ્વભાવે સહેજ પણ ક્ષણમાત્ર મૂર્તિથી દૂર ન રહેવાય એટલે પોતે તો મૂર્તિમાં લુબ્ધ છે અને આજ્ઞાવિહિત સર્વે ક્રિયા મહારાજ કરે છે એવો સાક્ષાત્કાર (લક્ષ્યાર્થ) થાય ત્યારે અનાદિમુક્તની પંક્તિમાં ભળાય; એ સિદ્ધાંત સમજાવનાર પ્રસિદ્ધ સ્વતઃસિદ્ધ અનાદિ મહામુક્તરાજ હતા.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય મૂર્તિનો પોતાના ચૈતન્યમાં સાક્ષાત્કાર કરે તેવા પરમ એકાંતિકને મૂર્તિમાં રસબસ જોડી—સંલગ્ન કરી રોમરોમનું એકકાળાવચ્છિન્ન સુખ ભોગવાવી અનાદિમુક્ત કરનાર પ્રસિદ્ધ સ્વતઃસિદ્ધ મહામુક્તરાજ હતા.

જ્યારથી પ્રગટ ભગવાન કે પ્રગટ મુક્ત મળ્યા ને તેમનો દૃઢ નિશ્ચય-દૃઢ આશ્રય થયો ત્યારથી જ કાળ, કર્મ, માયાથી રહિત કરી સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ, જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ ને તુર્યાવસ્થાનો —મૂળ અજ્ઞાનનો નાશ કરી અનાદિમુક્તની પંક્તિમાં ભેળવ્યા જ છે એટલે દેહ મૂક્યા પછી જેવા થવાનું છે તેવા કર્યા જ છે પણ ‘દેહ મૂક્યા પછી મહારાજ ને મુક્ત ધામમાં તેડી જશે ને પછી એવા કરશે’ એમ ન માનવું પણ છતે દેહે જ એવા કર્યા છે એવું સંપૂર્ણ કૃતાર્થપણું માનવું; અને તેમની પ્રસન્નતાને અર્થે આજ્ઞામાં રહી કથા, વાર્તા, માળા, માનસીપૂજા, ધ્યાન, ભજન, નિયમ, ઉપાસના, કર્યા કરવાં ને મૂર્તિમાં અખંડ રસબસ રહેવાય —ક્ષણમાત્ર જુદા ન પડાય એમ વર્તવું, છતાં ગરીબ સંત-હરિજનના પણ દાસાનુદાસ થઈ રહેવું ને બીજા જે દૃઢ આજ્ઞા-ઉપાસનાવાળા હોય તેમને પોતાથી મોટા જાણવા ને પોતાને તેમનાથી ન્યૂન માનવું પણ છકી જાવું નહિ. જેમ રાજાને ઘેર જન્મે તે રાજા જ કહેવાય પણ જ્યાં સુધી ગાદીએ ન બેસે ત્યાં સુધી રાજા જેવું સુખ-સામર્થી ન આવે; તેમ સાધુ કે સત્સંગી થયા એટલે પૂરું થઈ ગયું એમ માની બેસી રહેવું નહિ, કારણ કે સ્વતઃસિદ્ધ અનાદિમુક્તો મૂર્તિનું સુખ સ્વતંત્રપણે લે છે તે પણ પાર પામતા નથી

માટે તેમના જેવા થવાના ઉપાયમાં દેહ પર્યંત તત્પર રહેવું; એ સિદ્ધાંત સમજાવનાર પ્રસિદ્ધ સ્વતઃસિદ્ધ અનાદિ મહામુક્તરાજ હતા.

### (૨) બાપાશ્રી કેવા હતા?

વચનામૃતમાં તેમ જ આ વાતોના પુસ્તકમાં તેમનો ફોટો (છબી) આપેલ છે.

શ્રીજીમહારાજ મનુષ્યરૂપે પ્રગટ થયા તેમને નજરે દેખ્યા, ઓળખ્યા ને મૂર્તિનો આત્મામાં સાક્ષાત્કાર કર્યો તેમણે જ મહારાજને જાણ્યા. આજ જેને ધામની મૂર્તિ, મનુષ્યરૂપ મૂર્તિ અને પ્રતિમા એક જ છે એવો દિવ્ય ભાવ આવે; તેમ જ તેમનાં વચનામૃત ઉપરથી સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વોપરી, સદા સાકાર, સર્વ કર્તા-હર્તા જાણે ને મૂર્તિ સિદ્ધ કરે તેણે મહારાજને સર્વોપરી ભગવાન જાણ્યા કહેવાય. તેવી રીતે બાપાશ્રીનો સમાગમ કરી જેવા છે તેવા ઓળખ્યા તે બાપાશ્રી જેવા જ થઈ ગયા. અને આજ પણ તેમની વાતો ઉપરથી તેઓશ્રી અનાદિ મહામુક્તરાજ હતા એમ સૌ કોઈ નિઃશંકપણે કહી શકે છે.

બાપાશ્રી કહેતા જે, “વાતો વર્તન કરશે.” તે શું જાણે છે તે કરતાં તે કેવા છે તે જોવું, જેમ સોય કેડે દોરો સોંસરો ચાલ્યો આવે છે તેમ તેમના ઉપદેશામૃતમાં “એક મૂર્તિમાં જ રસબસ-લુબ્ધ રહો, એક મૂર્તિમાં જ જોડાઓ, એક મૂર્તિ જ સિદ્ધ કરો, બીજું બધું એક વાર જાણી પડતું મૂકો. જેમ ખેડૂતને કરોડો રૂપિયા મળે તો મહેનત કરી દાણા પકવવા પડ્યા મૂકે, અને જેમ સૂર્ય ઊગતાં જ રાત્રિ ટળી જાય છે; તેમ જ્યારે સ્વરૂપનિષ્ઠા દૃઢ થાય છે ત્યારે પંચવિષય, પરચા, ચમત્કાર, ઐશ્વર્ય એ સર્વમાંથી સહેજે જ પ્રીતિ ટળી જાય છે. જ્યારે એ મૂર્તિના સુખનો ભોક્તા થાય છે ત્યારે તેને ધામ અને મુક્તનું સુખ પણ નજરમાં આવતું નથી (જો કે સ્વતંત્રપણે સર્વને જાણે-દેખે છે). આવી સ્થિતિ થાય તેને જ અનુભવજ્ઞાન-લક્ષ્યાર્થજ્ઞાન કહેવાય.” બાપાશ્રી કહેતા જે,

"વાચ્યાર્થમાં પડ્યા રહેવું નહિ, પણ લક્ષ્યાર્થ કરવો; એટલે કે મહારાજ ને મોટા મળ્યા તો તેમના જેવા થવું."

જ્યારે પુરુષોત્તમરૂપ થાય ત્યારે જ પુરુષોત્તમને ને અનાદિમુક્તને જેવા છે તેવા જાણી શકે અને પોતે અનાદિમુક્ત થાય ત્યારે લય-વિક્ષેપાદિ કષાય નાશ પામે; લક્ષ્યાર્થજ્ઞાની પણ તેને જ કહેવાય. જ્યારે પાટે બેસી કથા કરે ત્યારે જ્ઞાની એમ સમજે જે, "હું બેઠો નથી, પણ મહારાજ બેઠા છે ને હું બોલતો નથી, પણ મહારાજ બોલે છે ને હું સાંભળું છું"; અને જેને આ જ્ઞાન હાથ ન આવ્યું હોય તે એમ જાણે જે, "લખ્યું છે તે વંચાય છે". આવી રીતે દૃઢ જ્ઞાની પણ માન-સન્માનના ધણી મહારાજને રાખે છે ને પોતાપણું સર્વે વીસરી જાય છે. એકાંતિક ભક્ત સાધનકાળમાં ઉપર પ્રમાણે પોતાને અકર્તા માને છે ને 'મારા દ્વારે મહારાજ વિચરે છે, જમે છે, જુએ છે, બોલે છે' (પ્ર.પ્ર.વ. ૨૭) એવું મનન રાખે છે. તે દરમ્યાન ક્યારેક ગોપીઓની પેઠે 'લ્યો કાન, લ્યો કાન' એમ થાય. અને અવલબાઈ આદિ બાઈઓની પેઠે એમ પણ થાય જે:

**"કહે હું સહજાનંદ સ્વામી સરવેનો છું અંતરજામી"**

ઉપર પ્રમાણે મનન અને નિદિધ્યાસ રાખતાં રાખતાં જ્યારે આત્મામાં સાક્ષાત્કાર થાય ત્યારે તેને 'મુક્ત-સંત-અનુભવી' કહેવાય. એવા સંતનો મહિમા શ્રીજીમહારાજે કહ્યો છે જે:- "સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે તે ભેળો હું ભમું રે." એટલે મહારાજને ને મુક્તને નિત્ય સંબંધ છે; જુદા નથી.

**"સંત જાણજો મારી મૂર્તિ રે, તેમાં ફેર નથી એક રતિ રે."**

તે સંત એટલે અનાદિમુક્ત જાણવા; તે વચનામૃતમાં પણ મહારાજે સંતને પોતાની મૂર્તિઓ કહી છે. તેવા અનુભવી કરતાં અનાદિમુક્ત તો અતિશય શ્રેષ્ઠ છે. તે તો સદા મૂર્તિમાં જ રસબસ છે, છે ને છે જ. તેમને જો એમ પૂછવામાં આવે જે હાલ મહારાજ ક્યાં છે?

તે શું કરે છે? તો તે મહારાજની મૂર્તિને ઊંચે કે અડખેપડખે ક્યાં બતાવે? તે આ પુસ્તકના ઊંડા અભ્યાસીની નિર્મળ બુદ્ધિને સોંપીશું.

અનાદિમુક્ત સ્વયં પુરુષોત્તમરૂપ છે. અનાદિમુક્ત તો સદા સુખમાં જ લુબ્ધ રહે છે ને સુખ લીધાં જ કરે છે, પણ તે સુખ મૂકી બીજો સંકલ્પ કરતા જ નથી, બીજું કાંઈ જોતા જ નથી; છે તો બધુંય હસ્તામળ. જ્યાં મૂર્તિ ત્યાં અનાદિમુક્ત હોય જ. જેમ મૂર્તિ તેમ જ અનાદિમુક્ત. જેવું મૂર્તિ બોલે તેવું જ અનાદિ બોલે.

બાપાશ્રી કહેતા જે, “આ શબ્દ તો મહારાજના પડછંદા છે.” આ સ્થિતિ જેના સમજવામાં આવે છે તે બાપાશ્રીની સ્થિતિના શબ્દો સાંભળી ભૂલા પડતા નથી. અને જે ભોળા છે તે ભૂલા પડે છે અને વિપરિત મતિવાળા છે તે ભૂલા પાડે છે. તે મહારાજે કહ્યું છે જે, “નિશ્ચયની વાત અટપટી છે.” એટલે સમજતાં ન આવડે તો મૂળગેથી જાય, તેમ થાય. જેને એ સ્થિતિ સમજાય છે તે તો તેમનાં ઉપદેશ-વર્તનનો સરવાળો કરે છે. એ પણ બાપાશ્રી કહેતા જે, “કેટલાક ખોટા મુક્તને ખોટા કરે તે ભેળા સાચા મુક્તને ખોટા માની બેસે. માટે તપાસ કરવો; કેમ જે જે સાચા મુક્ત હોય તે પુરુષોત્તમરૂપે વર્તે, પણ પંડે પુરુષોત્તમ ન થાય અને મૂર્તિમાં જ જોડે, પણ પોતામાં ન જોડે ને મહારાજ ને મુક્તનો ભેદ, સ્વામી-સેવકપણું દૃઢ કરાવે.” તે બાપાશ્રીની વાતોના અભ્યાસીને જણાયા વિના રહેશે નહિ.

બાપાશ્રી કહેતા જે, “ઇયળની ભમરી કરવી છે, રાંકમાંથી રાજા કરવા છે, કીડીનો કુંજર કરવો છે, માખીનો સૂર્ય કરવો છે, પારસથી પારસ કરવો છે, હીરેથી હીરો વેંધવો છે. અરે! તમને મૂર્તિમાં જ રાખ્યા છે. જેવો પર્વતભાઈએ યજ્ઞ કર્યો હતો તેવો આ યજ્ઞ છે. આ મુક્તની કૃપાદૃષ્ટિથી તમે મુક્ત થઈ રહ્યા છો. જેને આવી સ્થિતિ થાય તેને મનુષ્યભાવ-દિવ્યભાવ, અવરભાવ-પરભાવ, અહીં-ત્યાં એક થઈ જાય છે. ધામની સભા ને આ સભા એક જ ભાસે છે અને તેને જ અનુભવી

જાણવો. આવા અનુભવી કરતાં સ્વતઃસિદ્ધ અનાદિમુક્ત અતિશય શ્રેષ્ઠ છે. જેમ શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને પોતાથી અણુમાત્ર ન્યૂન કહ્યા નથી, તેમ મહારાજ ને મોટા પોતાના આશ્રિતને અણુમાત્ર ન્યૂન રાખતા નથી (સિવાય કે દાતા-ભોક્તા, સ્વામી-સેવકપણું રહે છે એ ભૂલવું જોઈએ નહિ).'' આવી સ્થિતિના શબ્દો બાપાશ્રીની વાતોમાં વખતોવખત નજરે પડે છે.

બાપાશ્રી કોણ હતા તેના ખુલાસા અનેક રીતે ઉપર કરેલા છે તે વાંચી બરાબર પચાવ્યા હશે તેમને જરૂર સમજાયું હશે જે જેવો મહિમા મહારાજનો તેવો જ તેમના અનાદિમુક્તનો કહેવાય. જેટલું મહારાજ જાણે ને દેખે તેટલું જ તેમના અનાદિમુક્ત જાણે ને દેખે.

વચનામૃતમાં કહ્યું છે જે, ''મહારાજને લઈને તો આ મુક્તાનંદ સ્વામીને પણ ભગવાન કહેવાય.'' એવી રીતે અનાદિમુક્તનો મહિમા કહેવામાં સ્વયં શ્રીજીમહારાજનો મહિમા વધારીએ છીએ એ ભૂલવું ન જોઈએ. જેમ રાજાની સમૃદ્ધિનો મહિમા કહેવામાં ખુદ રાજાની મોટપ સહેજે જ આવી જાય છે; તેમ અનાદિમુક્તો છે તે મહારાજની સમૃદ્ધિ છે. તેમના મહિમામાં સ્વયં મહારાજનો મહિમા આપોઆપ વધે છે. જેમણે બાપાશ્રીની રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાવાળાં વચનામૃત તથા આ વાતો સમજી-વિચારી વર્તનમાં ઉતારવા પ્રયત્ન સરખો કર્યો હશે તેમને બાપાશ્રી કેવા હતા? તેમનો મહિમા કેવો સમજવો? તે બાબત અક્ષરે જાણવા-સાંભળવાની ઈચ્છા થશે નહિ.

સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં એક દૃષ્ટાંત છે જે એક ભરવાડને હાથ હીરો આવ્યો પછી તેને પથ્થર જાણી બકરીની કોટે બાંધ્યો. પછી કોઈક ઝવેરીએ તેની પાસેથી વેચાતો રાખી બીજા ઝવેરીને વેચ્યો ત્યારે છેવટે તેની કિંમત અમૂલ્ય થઈ. આટલું અપારપણું તો માયાના પદાર્થમાં છે. તો આ તો દિવ્ય મહારાજ અને દિવ્ય મુક્ત. તેમનો સૂઝે તેટલો મહિમા કહો તો પણ અપૂર્ણ જ રહેવાનો; તેમાં કાંઈ

પણ આશ્ચર્ય નથી. કહેવત છે કે ‘ભણતરનો ને વણતરનો (માયિક વિદ્યાનો) પાર નથી’. આટલું તો માયાવાદીઓ કહે છે. વળી વેદ પણ મૂળપુરુષનો મહિમા કહેવામાં નેતિ નેતિ કહી અટકે છે. તો આ તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાન ને તેમના અનાદિમુક્તનો મહિમા તે કોણ યથાર્થ કહી શકે? કોઈ નહિ. વચનામૃતમાં કહ્યું છે જે, “જેવા મેં મહારાજને જાણ્યા હતા તેવો તો મને પણ કર્યો છે, તો પણ મહારાજ તો અપારના અપાર જ રહે છે. એટલે જેમ જેમ મહિમા વધુ વધુ સમજાય છે તેમ તેમ દાસપણું સુધું દૃઢ થતું જાય છે ને મહિમા અપાર જણાયા કરે છે.” છતાં એ મહિમાની દિશ બતાવી શકાય.

એક શિષ્યે ગુરુને પૂછ્યું જે, “હે ગુરો! હે કૃપાનિધે! આપે દયા કરી મને મૂર્તિમાં રાખ્યો છે ને સુખ પણ આવે છે; તો પણ એ મૂર્તિ કેવી છે તે બરાબર કળી શકાતું નથી.” ત્યારે ગુરુએ હસીને કહ્યું જે, “અમે અનાદિકાળથી મૂર્તિમાં જ છીએ ને સુખ લીધા જ કરીએ છીએ; તો પણ અમને ખબર નથી જે આ મૂર્તિ તે કેવી છે. તો તને તો હજી હમણાં જ અનુભવ થયો એટલામાં શી ખબર પડે?” કેવો સચોટ અને સીધો જવાબ! અર્થાત્ જેઓ અનાદિમુક્ત સરખી સ્થિતિ પ્રાપ્ત કરે છે તે પણ યથાર્થ મહિમા કહી શકતા નથી તો જેઓ પોતાની તેવી સ્થિતિ થાય પહેલાં એટલે કે ‘હાલ મહારાજ ક્યાં છે? શું કરે છે?’ તેનો અનુભવ તો શું પણ ખબરેય ન હોય છતાં ‘મહારાજ તો આવા જ છે, મુક્ત તો આમ જ છે’ એમ મત બાંધી મિથ્યા વાદવિવાદ કરે છે તે કેટલી ભીંત ભૂલ્યા છે તે નિષ્પક્ષપાત વાચકવૃંદની નિર્મળ બુદ્ધિને સોંપી વિરમીશું. એટલે બાપાશ્રી કેવા હતા? તેમનો મહિમા કેવો સમજવો? તેની કેટલેક અંશે ઝાંખી કરી શક્યા કહેવાઈએ.

### (૩) બાપાશ્રીએ શું શું કર્યું ?

શ્રીજીમહારાજે સા.-૧૭મા વચનામૃતમાં કહ્યું છે જે, “ભક્તની દૃષ્ટિ જેમ જેમ સૂક્ષ્મ થતી જાય તેમ તેમ ભગવાન ને મુક્તનો મહિમા

ને અપારપણું વધુ ને વધુ જણાયા કરે છે.'' ભક્ત જ્યાં સુધી મુક્ત ન થાય ત્યાં સુધી મોટા મુક્તને મોટા ભક્ત જેવા જાણે; જ્યારે ભક્ત પોતે મુક્ત થાય ત્યારે મહારાજને તથા મોટાને ઓળખે. સાધનિક જે જે ક્રિયા કરે છે તે પોતાના મોક્ષ માટે કરે છે, જ્યારે સ્વતઃસિદ્ધ મુક્ત જે જે કરે છે તે બીજા જીવોના મોક્ષ માટે કરે છે.

બાપાશ્રીએ સત્સંગમાં ઘણા યજ્ઞ, પારાયજ્ઞ, ઉત્સવ, સમૈયા કરી પામર ને વિષયી જીવોનો પણ મોક્ષ કર્યો છે. તેમજ તેમના જોગ-સમાગમમાં આવેલા કેટલાક સંત-હરિજનોને મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર કરાવ્યો. બાપાશ્રી કેટલાક ભક્તોને તેમના મનની વાત જાણી અંતર્યામીપણે કહી દેતા. કેટલાકને તેમના પૂર્વજન્મની સ્મૃતિ કરાવી આપતા. કેટલાકને દેહને અંતે મહારાજ સાથે દર્શન દઈ ધામમાં તેડી જતા, કેટલાકને આયુષ્ય ન હોય તો પણ રાખતા. કેટલાકના ઘાટ-સંકલ્પ ટાળી જ્ઞાન-ધ્યાન દૃઢ કરાવતા. એવી ઘણી સામર્થી જોવામાં આવતી. અને એકાંતિક ભક્તોને વચનામૃતનો ઊંડો અભ્યાસ થાય ને મહારાજ ને મોટાનો મહિમા સહેજે સમજાય તે માટે વચનામૃતના ખુલાસા કરી વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા કરી છે.

ગાજવીજથી દાણા ન પાકે ને વરસાદથી દાણા પાકે; તેમ પરચા-ચમત્કાર જોવા-જાણવાથી મૂર્તિનું જેવું છે તેવું સુખ ન આવે. ને મહારાજનું સર્વોપરીપણું, કર્તાપણું, સાકારપણું, સુખદાતાપણું તે રૂપ સ્વરૂપનિષ્ઠા દૃઢ કરવાથી મહારાજ ને મુક્તનો મહિમા સમજાય ને મૂર્તિનું સુખ મળે. બાપાશ્રી કહેતા જે, ''એ મૂર્તિના સુખમાં પહોંચ્યા પછી ધામનું સુખ તે પણ શું અને મુક્તનું સુખ તે પણ શું? એવું એ મૂર્તિનું અલૌકિક, અનુપમેય સુખ છે.'' એ જ બતાવે છે કે તેમણે ચોખ્ખી ઉપાસના યથાર્થ સાંખ્ય જ્ઞાન આપી સમજાવી.

અને જ્યાં સુધી સમગ્ર મૂર્તિ દેખે ત્યાં સુધી જીવની પણ વૃત્તિ કહેવાય. જ્યારે મૂર્તિમાં સંલગ્ન થાય, રસબસ થાય, પુરુષોત્તમરૂપ થાય

ત્યારે જીવસત્તાએ મૂર્તિ દેખી કહેવાય. એવી સ્થિતિ ન થાય ત્યાં સુધી યોગ સિદ્ધ કર્યા કરવો જે, "મને મહારાજ મળ્યા ત્યારથી મૂર્તિમાં રાખ્યો છે ને બોલે છે, ચાલે છે તે મહારાજ કરે છે" એવું મનન રાખવું. એ લટક-યોગકળા અને યોગનિદ્રા જે સૂતી વખતે તે મૂર્તિમાં લુબ્ધ થઈ સૂવું એવો યોગમાર્ગ શીખવ્યો. અને પોતે સદા તે સુખમાં જ રહેતા એ ઉપરના શબ્દોથી સ્પષ્ટ તરી આવે છે. આવી રીતે દૃઢ યોગ ને સાંખ્ય દ્વારા સર્વોપરી ઉપાસના સમજાવી.

પોતે અદૃશ્ય થયા ત્યાં સુધી 'જીવો બિચારા પોતાના સરખા કેમ થાય? મૂર્તિના સુખે સુખિયા કેમ થાય?' એ જ બિરદ-ધ્યેય-કર્તવ્ય સામી નજર રાખી છે એમ  તેમની વાતો ને વર્તન ઉપરથી સ્પષ્ટ દેખાતું ને દેખાય છે. "આ વખતે મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય એવું છે. આ ટાણે મૂર્તિનો સાક્ષાત્કાર નહિ કરો તો પછી કોણ કરાવશે? માટે  આ કરો, આ કરો; બીજું સર્વે પડ્યું મૂકો." જ્યારે દૃઢ ઉપાસના-દૃઢ સ્વરૂપનિષ્ઠા થાય છે ત્યારે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ સઘળા ગુણો સંપૂર્ણ રીતે સહજ સ્વભાવે અખંડ રહે છે. જે તે પ્રકારે જીવોને મહારાજ ને મોટા જેમ છે તેમ ઓળખાય અને સર્વ એ મૂર્તિમાં નિમગ્ન રહે એ જ તાન હતું. બાપાશ્રી મુખ્યત્વે નિશ્ચય, મહિમા, આજ્ઞા અને ઉપાસનાના બળની વાતો ઘણી કરતાઃ- "એક જીવને ઉગારો તો એક બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય થાય, કારણ કે તેને ચોરાસીમાં અનંત વાર મરવું અને અવતરવું પડે તે મટી ગયું; એમ બ્રહ્માંડ ઉગાર્યા જેટલું પુણ્ય કહ્યું છે."

એવી જ રીતે "અમને કોઈ ખતરાવશો નહિ, આ જોગ-સમાગમ-સત્સંગને વગોવશો નહિ. જડ માયા (દ્રવ્ય), ચૈતન્ય માયા (સ્ત્રી)નો ત્યાગ દૃઢપણે રાખજો. તમે તો એ બે વાતના હરામના સમ ખાઈ બેઠા છો. દ્રવ્યમાં  તો સ્ત્રી પણ ભેગી આવી ગઈ, માટે તે પાપને તો રાખવું જ નહિ." જ્યારે કોઈ મહારાજ ને મોટાની બાંધેલી ધર્મમર્યાદાનો ભંગ કરે ત્યારે પોતે ઘણા જ દિલગીર થઈ જતા અને તે પોતાનો સંબંધી હોય અથવા બીજો કોઈ પણ હોય, તો પણ તેનો પક્ષ

નહિ રાખતાં ધર્મનો પક્ષ રાખી તેને પ્રાયશ્ચિત્ત આપતા-અપાવતા. એવો તેમનો ધર્મ પાળવા-પળાવવાનો આગ્રહ હતો.

સવાલ એ થાય છે કે સત્પુરુષનો મહિમા યથાસ્થિત કોણ કહી શકે? ઉત્તર જેટલો સહેલો છે તેથી વિશેષ મુશ્કેલ સમજવામાં છે. મોટી વસ્તુ નાની વસ્તુને યથાસ્થિત જાણે-દેખે, પણ નાની વસ્તુ મોટી વસ્તુને યથાસ્થિત જાણી-દેખી શકતી નથી. તદનુસાર અનાદિમુક્તનો યથાસ્થિત મહિમા સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન એક જ સમજાવી શકે, અથવા તેમના અનાદિમુક્તો જે અસંખ્ય છે તે પૈકી કોઈ પણ એક બરાબર સમજાવી શકે, અથવા તો મહારાજ ને મોટાની કૃપાથી તેમના સરખી સ્થિતિ થઈ હોય તે સમજાવી શકે. આ વાત જે અનુભવ કરી સિદ્ધ કરે તેને જરૂર એમ જણાય જે અનાદિમુક્ત અહીં દેખાય તો પણ તેઓ મૂર્તિમાં રહ્યા થકા જ દેખાય છે. જેમ પૃથ્વી જળમાં રહી છે ને બહાર દેખાય છે, તેમ અનાદિમુક્ત તે સુખમાં લુબ્ધ જ છે ને શ્રીજીની ઈચ્છાથી મનુષ્યરૂપે દેખાય છે; તેમને તો એક મહારાજ જ કર્તા છે. વચનામૃતમાં કહ્યું છે જે, "સત્પુરુષ સરખી સ્થિતિ થયા વિના સત્પુરુષનો મહિમા બરાબર જણાતો નથી અને મહિમા જાણ્યા વિના સ્થિતિ પણ થતી નથી." માટે જેમ બને તેમ સત્પુરુષ જે સ્વતઃસિદ્ધ અનાદિમુક્ત તેમની સાથે હેત કરી મહિમા સમજવો. તેમણે જે યુક્તિ-લટક-મંત્ર આપ્યો હોય તે મનન, નિદિધ્યાસ કરી તેમના સરખી સ્થિતિ કરવી એ ધ્યેય જે મુમુક્ષુ રાખે તે જ સત્સંગમાં દિનપ્રતિદિન આગળ વધે છે અને અનાદિમુક્ત એ કયું તત્વ છે તે બરાબર સમજી શકે છે.

આવી સ્થિતિ થવાની લટક-ઉપાય-રસ્તો-મહામંત્ર અનેક અનુભવસિદ્ધ યુક્તિઓ સાથે આ વાતોમાં નજરે પડે છે. માટે આ પુસ્તક છતે દેહે —બાપાશ્રીના શબ્દોમાં કહીએ તો છ માસની અંદર મૂર્તિ સિદ્ધ કરવી હોય એવા મુમુક્ષુને જ ઉપયોગી અને રસદાયક થઈ પડશે. કહેવાની જરૂર નથી કે આવી મુમુક્ષુતામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ ગુણો સિદ્ધ કરી એક મૂર્તિ આકારે વૃત્તિ થઈ હોય અને 'અર્થ

સાધ્યામિ વા દેહં પાત્યામિ' એવી શ્રદ્ધાનો જે મુમુક્ષુમાં જન્મ થયો હોય એવા મુમુક્ષુને જ આ સંગ્રહ રસદાયક થશે. આવી મોટી તૈયારી કરનારમાં કેવાં કેવાં લક્ષણો—ગુણોની આવશ્યકતા છે? અને તે ગુણો કયા કયા તે જાણવું જ જોઈએ અને તેને જ મુમુક્ષુ જાણવો. હવે મુમુક્ષુ કોને કહીએ તે વિચારીએઃ-

૧) તે જ મુમુક્ષુ ખરો કે જે કેવળ પોતાનું નામું રોજેરોજનું રાખે છે.
૨) તે જ મુમુક્ષુ ખરો કે જે પોતાના દોષને જ જાણે છે ને ટાળવા તનતોડ યત્ન કર્યા કરે છે.
૩) તે જ મુમુક્ષુ ખરો કે જે "શ્રેયાંસી બહુ વિઘ્નાનિ" સારા કામમાં સો વિઘ્ન એ કહેવત સમજી ચાડી, ચુગલી, નિંદા, ટીકા, કૂથલી આદિ મનોવિકારને તિલાંજલિ આપી એક મૂર્તિનો જ સાક્ષાત્કાર કરવા મંડ્યો રહે છે.
૪) તે જ મુમુક્ષુ ખરો કે જે પોતાના ઉક્ત ધ્યેયમાં જ નિમગ્ન રહે છે.
૫) તે જ મુમુક્ષુ ખરો કે જે શ્રી સ્વામિનારાયણ ભગવાન છે, શ્રી ગોપાળાનંદ સ્વામી આદિ અનાદિમુક્તો છે એવું જાણીને કેવળ બીજા આગળ તેવી વાતો કરી તૃપ્તિ નથી પામતો, પણ વર્તનમાં ઉતારવા યત્ન કરે છે.
૬) તે જ મુમુક્ષુ ખરો કે જે અનાદિમુક્તનાં લક્ષણ જાણી, તેવાં પોતામાં આવ્યાં છે કે નહિ તેની જ એક ચિંતા રાખે છે.
૭) તે જ મુમુક્ષુ ખરો કે જે પામર અને વિષયી જેવા જેવા જીવોમાંથી પણ એકલા ગુણને જ ગ્રહણ કરે છે.
૮) તે જ મુમુક્ષુ ખરો કે જે પોતાના બરોબરિયા સાથે સ્નેહ ને મિત્રાચાર રાખે છે.
૯) તે જ મુમુક્ષુ ખરો કે જે પોતાથી નાના જે વિષયી ને પામર જેવા જીવો તેમના અવગુણને જોતાં છતાં તેમના પ્રત્યે દયા રાખે છે ને હેત ને માયાળુ દૃષ્ટિએ તેમને જુએ છે.
૧૦) તે જ મુમુક્ષુ ખરો કે જે પોતાથી મોટા હોય તેમના આગળ સ્તબ્ધ

રહી એક ચિત્તે તેમની વાણી-વર્તનનું અવલોકન કરી પોતાના જીવન સાથે સરખાવી પોતાની જ કસોટી કર્યા કરે છે.

૧૧) તે જ મુમુક્ષુ ખરો કે જે જીવે ત્યાં સુધી કોઈનો ગુરુ થતો નથી.

૧૨) તે જ મુમુક્ષુ ખરો કે જે જીવનપર્યંત શિષ્ય-સેવક-દાસાનુદાસ થઈ સત્સંગમાં રહે છે.

શ્રીજીમહારાજે કહ્યું છે જે :-

**“દાસના દાસ થઈ જે રહે સત્સંગમાં,**

**ભક્તિ તેની ભલી માનીશ રાચીશ તેના રંગમાં.”**

વળી સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે જે, “દાસ તમારા દાસનો (દાસનો પણ દાસ એ કેવું નિર્માનીપણું! ! એ જ ખરી મુમુક્ષુતા જાણવી.) મને રાખો નાથ હજૂર; એ વર માગું છું.” આવા મુમુક્ષુને આ પુસ્તક એક ખારા સમુદ્રમાં મીઠી વીરડી તુલ્ય શાંતિદાયક થશે.

હવે રહ્યા વિષયી જે રાત્રિ-દિવસ સમાગમ કરે છે, કથાવાર્તા કરે છે, પણ પોતે ધ્યાન કરી સ્થિતિ કરવામાં આળસું, પ્રમાદી રહેનારા; તેઓ ઘણે ભાગે બીજાના ગુણ-અવગુણ જોવામાં પણ રોકાય છે. આ વર્ગ કેવળ દયાને જ પાત્ર છે; છતાં જો તેઓને અનાદિમુક્તની પંક્તિમાં ભળવું હોય, અનાદિમુક્ત જે સુખ, સામર્થી ને પ્રકાશનો અનુભવ કરે છે તે સુખ લેવું હોય તો તેમણે સંગશુદ્ધિ ને નિર્દોષ બુદ્ધિ કરવી અતિ આવશ્યક છે. આવી બુદ્ધિ મેળવવાની રાજા ચાવી એક છે અને તે આ રહી. જેને વાપરવી હોય તે ભલે વાપરે :-

પ્રથમ તેણે શ્રી સ્વામિનારાયણ ભગવાનની શ્રી ઘનશ્યામ મહારાજની ઊભી-બેઠી ગમે તે મૂર્તિ જેમાં પોતાને અતિશય સ્નેહ હોય તે મૂર્તિ આગળ શાંત ચિત્તે બેસી ગઈ-ગુજરી માટે ફક્ત એક જ દિવસ એક જ કલાક પશ્ચાત્તાપ કરીને નીચે મુજબ વિચાર કર્યા કરવો. તે વિચારનું મનન ચાલે તે દરમ્યાન બીજા કોઈ વિચારને મનમાં પેસવા દેવો નહિ.

(૧) **તુલસી જાકે મુખનસે, ભૂલઈ નિકસે રામ;**
**તાકી પગકી પેનિયાં, મેરે તનકી ચામ.**

જે માત્ર પોતાના ઈષ્ટદેવનું નામ-સ્મરણ કરતો હોય, બીજાં સાધન ભલે ઓછાં હોય તેને પણ પોતાથી અધિક માનવો.

(૨) ગીતા વિષે શ્રીધર સ્વામી, શંકરાચાર્ય, રામાનુજાદિક અનેક વિદ્વાનોએ જુદી જુદી ટીકા કરી શાસ્ત્રના અર્થ સમજાવ્યા છે. તો વચનામૃત તેમજ આપણા ઈષ્ટદેવના મહિમાનું કોઈ ગમે તેવું વર્ણન કરે તેમાંથી આપણને જેટલું સમજાય તેટલું ગ્રહણ કરી બાકીનું પડ્યું મેલવું; અને એમ જાણવું જે તેમાં લખ્યું છે તે તો સાચું હશે, પણ મને સમજાતું નથી.

(૩) હાથી ને સાત આંધળાના દૃષ્ટાંતનું મનન કરી સિદ્ધાંત સમજવો જે જેને જેમ સમજાણું, અનુભવાણું તેમ લખ્યું છે. તે વચનામૃતમાં પણ કહ્યું છે જે, "ગાયનું મુખ દીઠું, પૂંછ દીઠું, પણ સમગ્ર ગાય કોઈએ દીઠી નથી." માટે જ્યારે સમગ્ર મૂર્તિ એકકાળાવિચ્છિન્ન અનુભવાય ત્યારે જ આપણને બીજા જે બોલે, લખે તે વિષે અભિપ્રાય આપવાનો હક્ક મળે છે; તે પહેલાં નહિ. પછી તે વિચાર સિદ્ધ થાય એટલે મુમુક્ષુતા જન્મે છે. પછી હંમેશાં સ્વસ્થ અને આનંદચિત્તે તે મૂર્તિ સન્મુખ બેસી ગદ્‌ગદ કંઠ અને રોમાંચિત ગાત્ર થઈ એક નજરે તે મૂર્તિ ધારવી. એમ દરરોજ સવાર-સાંજ બબ્બે-ત્રણ ત્રણ કલાક કર્યા કરવું.

આ વાતોમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, આજ્ઞા, ઉપાસનાદિ ઘણા વિષયો છે; પરંતુ મુખ્યત્વે કેટલાક શબ્દો સાધનદશાના અને કેટલાક સિદ્ધદશાના તેમજ સિદ્ધદશા પામવા માટેના જોવામાં આવશે. અહીં ખાસ વિવેકદૃષ્ટિની જરૂર છે. અને જે વિવેકદૃષ્ટિ રાખી કેવળ પોતાનું ધ્યેય જે મૂર્તિનો સાક્ષાત્કાર કરવો તે સામી જ નજર રાખે છે તેને તો અકેકો બોલ લાખ લાખ હીરાનો અમૂલ્ય થઈ પડશે.

પરંતુ જેઓ અર્ધદગ્ધ દશામાં ઊભા રહી આગળ વધવામાં

આળસુ-પ્રમાદી હશે તે संशयात्मा विनश्यति તેમ અપૂર્ણ દશામાં રહી, પૂર્ણ દશાનો નિર્ણય પોતાની માયિક બુદ્ધિથી કરવા યત્ન કરશે તેને લાભને બદલે હાનિ થવા સંભવ છે. તેઓ જો પૂર્વાપર વચનામૃતના સિદ્ધાંત સાથે આ વાતોના સિદ્ધાંત સરખાવી, જે સિદ્ધાંતો તેમને વચનામૃત સાથે મળતાં માલૂમ પડે તેનું જ ગ્રહણ કરશે ને જે ન સમજાય તે માટે મુમુક્ષુતા રાખી દાસભાવે જાણવા ઇચ્છશે તેને સમજાવનાર જરૂર મળી આવશે.

જેમ કે વચનામૃતમાં કહ્યું છે જે, “સમુદ્રના કિનારે ઊભેલાને ઝાડ, પહાડ, મનુષ્ય, પશુ, પક્ષી, તેમજ સમુદ્ર એ સર્વે પૃથક્ પૃથક્ દેખ્યામાં આવે છે; પરંતુ તે જ્યારે વહાણમાં બેસી સમુદ્ર મધ્યે જાય ત્યારે ઊંચું-નીચું સર્વત્ર જળ જ દેખે, પણ બીજું કાંઈ દેખે જ નહિ. તેમ જે વહાણને દૃષ્ટાંતે મૂર્તિમાં જ નિમગ્ન રહે તેને એક મૂર્તિ જ દેખાશે ને મૂર્તિ જ બોલે છે, જમે છે, જુએ છે, સાંભળે છે– સર્વે ક્રિયા મૂર્તિ જ કરે છે ને હું તો મૂર્તિના સુખમાં લુબ્ધ છું” એમ અનુભવ થશે.

એવી સિદ્ધદશા પામવા માટે આ વાતોમાં બાપાશ્રીએ કહ્યું છે જે, “જ્યારથી મહારાજ અને મોટા મળ્યા ત્યારથી તમે સર્વ અમારા સરખા થઈ ચૂક્યા છો એમ નિશ્ચય દૃઢ રાખજો; પણ જ્યાં સુધી એવો અપરોક્ષ અનુભવ ન થાય ત્યાં સુધી સિદ્ધદશા પામવાનો મંત્ર ચાલુ રાખજો. પણ ‘ચલ બે રંડી, હમ ખાખ બને હે’ એટલે સાધુ થયા કે સત્સંગી થયા એટલે પૂરું એમ માની આળસુ થઈ બેસી રહેશો નહિ. સિદ્ધદશા ન આવે ત્યાં સુધી છૂપું નાસ્તિકપણું રહે છે એ વચન સામી નજર રાખજો.”

એવી રીતે મહારાજ ને મોટા મળ્યા તે રૂપી સ્વરૂપનિષ્ઠાના બળની સાથે સૂક્ષ્મ કર્તવ્ય જે ધ્યાન કરવું, આપોપું કરવું, પુરુષોત્તમરૂપ થવું તે ચાલુ રાખવું. વચનામૃતમાં પણ એમ જ કહ્યું છે જે, “પોતાના સ્વરૂપને જાણતો-જોતો નથી તે જ અજ્ઞાની-નીચ છે.” એમ સૂક્ષ્મ

દૃષ્ટિવાળા મુમુક્ષુને કર્તવ્યપરાયણતાનો ઉપદેશ આપેલો છે. એમ આ વાર્તાનો સોંસરો અભિપ્રાય શું છે તે મુમુક્ષુને જ યથાર્થ જાણ્યામાં આવશે. ટૂંકામાં, ''શ્રી સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે અને હું તથા અનાદિમુક્ત સર્વે તે મૂર્તિમાં રસબસ છીએ'' એવું શ્રવણ થાય પછી તેનું મનન, નિદિધ્યાસ ને સાક્ષાત્કાર કરવાની ઇચ્છા થઈ હશે એવા મુમુક્ષુ ને જ આ પુસ્તક એક અનુભવી સદ્‌ગુરુની ગરજ સારશે.

तत्र यच्छवणं प्राज्ञै स्तुतं तद्वीप सन्निभम् ।
दीपिका सदशं प्रोक्तं साधनं मननं तथा ॥ १ ॥
तन्निष्पाद्यो निदिध्यासो बुधैरुक्त स्तडित्समः ।
साक्षात्तातु त्रिकुड्भूता प्रोक्तौखाज्ञि सन्निभा ॥ २ ॥

અનાદિમુક્તો જે સ્થાનમાં, જે સ્થિતિમાં અને સુખમાં રહ્યા છે તે સ્થાનમાં, તે સ્થિતિમાં અને સુખમાં જેને રહેવું હોય; શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી બ્રહ્માનંદ સ્વામી, શ્રી પર્વતભાઈ, શ્રી અબજીબાપા આદિ જેવા જેને થવું હોય તેને માટે આ વાર્તાસંગ્રહ એક સાક્ષાત્કાર કરાવનાર માર્ગદર્શકનું કામ કરશે એ નિઃસંદેહ છે.

આપણને આ અમૂલ્ય વાર્તાસંગ્રહનો લાભ મળે છે તે સર્વ અનાદિ મહામુક્તરાજ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીના શિષ્ય સદ્‌ગુરુ સ્વામી શ્રી નિર્ગુણદાસજી, તેમના શિષ્ય સદ્‌ગુરુ સ્વામી શ્રી ઈશ્વરચરણદાસજીને આભારી છે.

આ ઉપદેશામૃતનો સંક્ષિપ્ત સંગ્રહ સત્સંગની સેવામાં નિષ્કામ ભાવે બનતી ત્વરાએ અર્પણ થયો જોઈ સૌ કોઈ સત્સંગી આનંદથી પાન કરશે એ જ શુભેચ્છા. અસ્તુઃ

આવૃત્તિ ૧લી
સંવત ૧૯૮૯ — પરીખ બળદેવદાસ વલ્લભદાસ, અમદાવાદ
ઈ.સ. ૧૯૩૩ — (પ્રથમાવૃત્તિ પ્રસિદ્ધકર્તા)

## મનહર વૃત

ભક્તજન ભૌર ઠૌર ઠૌર મિલિ દૌર રહે,
ઈંદિવર સંત મન આનંદ અમટ ભો.
કહત હમીર ચક્રવાકી ચક્રવાક રૂપ,
ભક્તિ વૃષ તાહિકો વિયોગ દુઃખ દટભો.
કામ મદ આદિક ઉલૂક લૂક બેઠે કહું,
માયા યામિનીકો ઘોર ઉદ્યમવો કટભો.
કચ્છધર ભૂષણકો દ્રોહતમ દૂષણકો,
બાપાશ્રી પ્રતાપનિધિ પૂષણ પ્રગટભો ૧
તારા વૃંદ સરિસ મુમુક્ષુ જન ચૌંકી રહે,
ધર્મ સર્ગ કૈરવ વિકાસ સમુદય ભે.
કહત હમીર ક્રોધ આ તપ અમાપ ઉગ્ર,
અતિ અનુકંપાસીત અંશુન તેં ક્ષય ભેં.
ઉચ્છલન લગો અલ સિંધુ સત્સંગ અંગ,
સંત ગન સુકૃત ચકોર નિરભય ભેં.
કચ્છ દિશિ પ્રાચી પૂર્ણમાસી વૃષપુર તહાં,
સૌમ્ય નિકલંક શશિ અબજી ઉદય ભે ૨

## પ્રસ્તાવના

त्वमेव माता च पिता त्वमेव
त्वमेव बंधु च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव
त्वमेव सर्वं मम देव देव ॥

હિંદ જ્યારે અનેક પ્રકારની સામાજિક, રાજકીય અને આધ્યાત્મિક વિટંબણાઓમાંથી પસાર થતો હતો, ત્યારે શ્રીજીએ સત્સંગ સ્થાપ્યો. ફક્ત એક સૈકાના ત્રીજા ભાગમાં, પોતાનું સર્વકર્તા, સર્વકારણ, સર્વાધાર, સર્વનિયંતા, સર્વોપરી, પ્રગટ પુરુષોત્તમપણું પ્રસિદ્ધ કરી, પોતાની હયાતીમાં પોતાનું ભજન કરતાં અસંખ્ય પરમહંસ તથા ગૃહસ્થ અનુયાયીઓ કર્યા, મંદિરો કર્યાં, શાસ્ત્રો કર્યાં. ટૂંકમાં પોતાની સ્વતંત્ર પ્રકટ ઉપાસના પ્રવર્તાવી.

ન્હોતી દીઠી ન્હોતી સાંભળી રે,
પ્રગટાવી એવી પુનિત, પુરુષોત્તમ પ્રગટી રે...

સ્વયં પોતે પ્રગટ થાય ત્યારે શું ન કરી શકે? છતાં આ વિજયના રહસ્ય તળે મુખ્ય બે હેતુ જણાય છેઃ

(૧) બીજાની લીટી ભૂંસ્યા સિવાય નાની કરી બતાવી.

(૨) ખંડનમંડનાત્મક શુષ્ક વિતંડાવાદને બાજુ મૂકી શાસ્ત્રોક્ત દરેકે દરેક મુખ્ય સિદ્ધાંતોને જીવનમાં ઉતારનાર, સાધુજીવન જીવતા અનેક ગૃહી-ત્યાગી આદર્શ સત્પુરુષો ઘડ્યા.

શ્રીજી કહે છે, "આપણે જેમ વિષ્ણુ-શિવાદિક દેવ માન્ય છે, તેમ વિશિષ્ટાદ્વૈત અને વેદાદિ આઠ સત્શાસ્ત્ર માન્ય છે." 'ધર્મ સહિત ભક્તિ કરવી' એ રહસ્ય હોવાથી, આજ્ઞા માટે સર્વજીવહિતાવહ એવી 'શિક્ષાપાત્રી' આપી અને ઉપાસના માટે પોતાનું તાત્ત્વિક રહસ્ય 'વચનામૃત' આપ્યું. વળી, સ્પષ્ટ સંભળાવી દીધું કે, "કોઈ મતમાં

આત્મજ્ઞાન છે તો ત્યાગ ને ઉપાસના નથી; ને કોઈ મતમાં ત્યાગ છે તો આત્મજ્ઞાન ને ઉપાસના નથી.'' આથી આપણા સદ્‌ગુરુએ ગાયું કેઃ-

**ભૂંડો શીદને ભટકો છો મત પંથમાં રે લોલ**
**આવો સત્સંગ મેલીને મોક્ષરૂપ નરનારી જોઈએ તે આવો...**
**-સદ્. પ્રેમાનંદ સ્વામી**

આવી રીતે અન્ય સંપ્રદાયવત્ એકદેશીય મત, પંથ કે વાડો નહિ બનાવતાં **શ્રીજીએ એક વિશ્વવ્યાપક વિશ્વધર્મ તરીકે સત્સંગ સ્થાપ્યો.**

શ્રીજીના ઉપદેશો એટલા સાદા, સરળ અને સચોટ છે કે શુદ્ધ ચારિત્ર્યશીલ મુમુક્ષુ સહેજે શ્રીજીના સ્વરૂપનું જ્ઞાન ને માહાત્મ્ય સમજી, સહેજે શ્રીજીરૂપ થઈ શકે. સ્વયં ભગવાન શ્રી સહજાનંદ સ્વામી ઉર્ફે શ્રી સ્વામિનારાયણ ભગવાન મુખકમળ નિઃસૃત વચનામૃત એટલે આપણી પવિત્ર અને સર્વશ્રેષ્ઠ **શ્રુતિઓ**. જ્યારે બાપાશ્રી જેવા સ્વસિદ્ધ અનાદિમુક્તની વાતો એટલે આપણી પવિત્ર અને સર્વશ્રેષ્ઠ **સ્મૃતિઓ**. વચનામૃત સ્વતઃ પ્રમાણ છે, જ્યારે વાતો પરતઃ પ્રમાણ છે. માટે બાપાશ્રી કહે છે કે, ''પ્રત્યક્ષનાં શાસ્ત્ર કણને ઠેકાણે છે; વચનામૃત ભોજનને ઠેકાણે છે.''

આપણી આ શ્રુતિઓનું પરમ ધ્યેય-પરમ સાર એક ઉપાસના, એક સ્વરૂપનિષ્ઠા, એક અને અજોડ મૂર્તિ સ્વયં શ્રીજીપ્રાપ્તિ છે. આ શ્રુતિઓનો આત્મા કે વચનામૃતનું રહસ્ય એક સ્વરૂપનિષ્ઠામાં જ પર્યવસાન પામે છે. દરેક વચનામૃતના મથાળે 'દાદાખાચરના દરબારમાં અમુક વસ્ત્ર પહેરી અમુક મુખારવિંદે વિરાજમાન હતા' એ આ રહસ્યનું દ્યોતક છે.

હવે આપણા સદ્. ગોપાળાનંદ સ્વામી આદિ અનેક સ્મૃતિકારોનાં ગ્રંથોનું અવલોકન કરીશું તો જણાશે કે તેમનુંય પરમ ધ્યેય ને પરમ રહસ્ય એક મૂર્તિ જ છે.

**''જે સ્વયં પુરુષોત્તમ ભગવાન છે તે તો આ ફેરે જ આવ્યા છે.''**

**"શ્વેત તેજને વિષે ભગવાનની મૂર્તિ છે તે તેજમાં ભગવાનની મૂર્તિ જોઈને આનંદ પામવો."**

**-સદ્. ગોપાળાનંદ સ્વામી**

**"સાંખ્ય યોગ, વેદાંત ને પંચરાત્ર એમનું તત્ત્વ તો એક શ્રીહરિની મૂર્તિ છે. સર્વેનાં સુખ જોવાં ને સર્વેનાં રૂપ જાણવાં ને એક ભગવાન વિના બીજામાં માલ નહિ, એવું જ્ઞાન શીખવું."**

**-સદ્. ગુણાતીતાનંદ સ્વામી**

**"એ મૂર્તિના સુખમાં પહોંચ્યા કેડે ધામનું સુખ તે શું? અને મુક્તકોટિનું સુખ તે પણ શું ? એવું મૂર્તિનું સુખ છે."**

**-શ્રી અબજીબાપા**

આવી રીતે સબીજ સાંખ્ય કહે છે કે સ્વરૂપ, સ્વભાવ ને સામર્થી ઈત્યાદિ વડે અક્ષરધામ ને અનાદિમુક્તો કરતાં એક ને માત્ર એક શ્રીજી શ્રેષ્ઠ છે; તો પછી અન્ય અક્ષરાદિક અવતારો કરતાં શ્રેષ્ઠ છે એ તો સૂતરામ્. માટે યુગલ સ્વરૂપની ઉપાસના કરતાં એક સ્વરૂપની ઉપાસના અધિક છે. **આનું નામ ઉપાસ્ય શુદ્ધિ.**

ઉપાસક ઉપાસ્ય સાથે જેટલા પ્રમાણમાં પોતાનું ઐક્ય સાધે તેટલા પ્રમાણમાં તેની ઉપાસના શુદ્ધ કહેવાય. આવું ઐક્ય સાધવા માટે બે માર્ગ પ્રસિદ્ધ છે. (૧) બ્રહ્મજ્ઞાન. (૨) ભક્તિ.

## (૧) બ્રહ્મજ્ઞાન

દેહને હવાની જરૂર છે તેટલી, બલ્કે વધારે, આત્માને શાસ્ત્રો ને સત્પુરુષોની જરૂર છે. આત્મા જ્યારે પોતે પોતાને ઓળખે (know thyself) જે હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? ક્યાં જવાનો છું? મારો આ જગત સાથે ક્યારનો કેટલો ને કેવો સંબંધ છે અને અસંખ્ય બ્રહ્માંડો જેની એકાદિ નાનામાં નાની ભેદશક્તિની અસંખ્ય લીલા પૈકીનું એક કાર્ય છે એવા પરબ્રહ્મ શ્રીજી સાથે મારે કેવો સંબંધ હતો? છે? અથવા કરવાનો છે? ત્યારે અને માત્ર ત્યારે જ શાસ્ત્રો અને સત્પુરુષો કરતાં પણ વધારે

જરૂર એક તેને જ ઓળખી તે મય-તદ્રૂપ-તલ્લીન-રસબસ થવાની છે.

"જે જેનું ચિંતવન કરે તે તેમય થઈ જાય,
શ્રીજી ચિંતી શ્રીજીમય થવું કીટ ભ્રમરને ન્યાય."

હવે જેવી રીતે વચનામૃતમાં પારમાર્થિક સંયમ એટલે આપણા ઈષ્ટદેવ શ્રીજી સાથે સાધર્મ્યપણું પામી તાદાત્મ્ય સંબંધ વડે તદ્રૂપ, તલ્લીન થવારૂપ ઉપાસનાવિધિ છે અને તદાશ્રિત-તદુપયોગી વ્યવહાર સંયમ એટલે એ ઉપાસનાને ઉપયોગી સહાયરૂપ ઉપકરણ તરીકે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિનાં નિર્મળ નીર નજરે પડે છે; તેવી રીતે આપણા પ. પૂ. સ્મૃતિકારોના ગ્રંથોમાં પણ છે. ઉપાસક-ભક્તના બે પ્રકાર છે. અને વસ્તુતાએ જેમ કલ્યાણનો માર્ગ એક જ છે, તેમ ઉપાસનવિધિ પણ એક જ છે; છતાં પાત્ર પરત્વે અનેક પણ છે. તેમાં મુખ્ય બે પ્રકારના ભક્તોની અપેક્ષાએ બે પ્રકાર શ્રીજી ગણાવે છે. "તેમાં એકને ભગવાનનો નિશ્ચય તો યથાર્થ છે, પણ તે દેહાત્મબુદ્ધિ સોતો ભગવાનનું ભજન કરે છે. અને બીજો તો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહ તેથી પર ને ચૈતન્યરૂપ એવું પોતાના સ્વરૂપને માને અને તે પોતાના સ્વરૂપને વિષે ભગવાનની મૂર્તિ ધારીને ભગવાનનું ભજન કરે."

"આઠ પહોર ભજન કરવું જે હું દેહ નહિ ને દેહમાં રહ્યો એવો જે હું તે આત્મા છું, બ્રહ્મ છું, અક્ષર છું; ને મારે વિષે પરમાત્મા-પરબ્રહ્મ-પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ અખંડ રહ્યા છે."

**-સદ્. ગુણાતીતાનંદ સ્વામી**

"હરિભક્ત હરિકથાનું શ્રવણ-મનનાદિ સર્વ ક્રિયા કરે છે તે દેહાભિમાનરૂપ રાહુ ગ્રસ્ત થકા કરે છે, માટે વિવેકના વચનામૃત (અમ.-૨) પ્રમાણે નાહી-ધોઈ પૂજા કરવી. જીવને મોક્ષને માર્ગે ચાલવું કઠણ છે તે સંસારમાંથી સત્સંગી થવું, આજ્ઞા પ્રમાણે દશુંદ-વિશુંદ કાઢવી, સાધુ થવું, એકાંતિક સાધુને ઓળખી એમને સંગે રહેવું, આજ્ઞા

પ્રમાણે વર્તવું, ભગવાનની નિરંતર સ્મૃતિ રાખવી (ઉપાસનં સ્યાદ્ ધ્રુવાનુસ્મૃતિઃ), ઈંદ્રિયો- અંતઃકરણ જીતીને ભગવાનનું જીવમાં ભજન કરવું તે કઠણ છે. ને તે કરતાં ચાર પ્રકારના પ્રલયે કરીને ઉપશમ કરીને **પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સાથે એક કરીને મહારાજની મૂર્તિનું ધ્યાન... અતિ કઠણ છે; ને તે સર્વ કરતાં પણ મૂર્તિમાં અતિ પ્રેમલક્ષણા ભક્તિએ કરીને સ્નેહ કરવો ને અક્ષરના સુખમાં ન લેવાય, મૂર્તિએ કરીને ગુલતાન રહે એવા મુક્ત થવું સર્વથી અતિશે કઠણ છે. તેને સાધનમાત્રનો અંત આવ્યો ને તે ભક્તને મૂર્તિનું કેવું સુખ આવે તો જેવું ભગવાનને પોતાનું સુખ આવે છે.''**

**-સદ્. ગોપાળાનંદ સ્વામી**

''માટે પોતાને શ્રી પુરુષોત્તમરૂપ (પ્ર.પ્ર.-૫૧) માનવું અથવા શ્રીપુરુષોત્તમના મુક્તરૂપ (જે.-૧) અથવા તેજરૂપ (મ.પ્ર. ૩૦-૫૦) માનવું. જેમ ચંદ્ર વડે ચંદ્રનું દર્શન થાય અને સૂર્ય વડે સૂર્યનું દર્શન થાય, પણ ચંદ્ર વડે સૂર્ય જોવાય નહિ; તેમ શ્રી પુરુષોત્તમ વડે જ શ્રી પુરુષોત્તમનું દર્શન થાય, પણ મૂળઅક્ષર-રૂપ થવાથી શ્રી પુરુષોત્તમ પમાય નહિ; માટે પોતાને પુરુષોત્તમરૂપ માનવું.''

**-શ્રી અબજીબાપા**

ઉપાસક-ઉપાસ્યરૂપ થઈ ઉપાસ્ય (મૂર્તિ)નું સુખ ભોગવે, એ ઉપાસનાની અતિ ઉત્તમ દશા છે. ઉપાસક ને ઉપાસ્ય વચ્ચે કોઈ આવરણ અંતરાય કરી શકે નહિ અને સહેજે સાક્ષાત્ પ્રાપ્તિ થાય એ હેતુથી વિવર્તવાદાનુસાર નહિ, કિંતુ પરિણામવાદાનુસાર જ્ઞાનપ્રલય વડે સર્વ તત્ત્વોનો એકબીજામાં અંતર્ગત ભાવ કરી આપણા અનુભવસિદ્ધ મહર્ષિઓએ ત્રણ દેહ ને ત્રણ અવસ્થા તેથી વિલક્ષણ એવો જે આત્મા તેની સર્વત્રપૂર્ણ સચ્ચિદાનંદ બ્રહ્મ મૂર્તિનું તેજ તે સાથે અથવા મુક્ત સાથે અથવા સ્વયં શ્રીજી સાથે એકતા કરીને ચિંતવન-મનન કરવાનું કહ્યું છે.

'ब्रह्म वेद ब्रह्म एव भवति', ' मद्भावमागताः', 'परमंसाम्यमुपैति', 'देवो भूत्वा देवं यजेत्', 'अहं तदेव तदेवाहम्', 'सर्वंखल्विदंब्रह्म तजजलात्रिति

शान्त उपासीत', 'अविभागेन दृष्टवात्', 'भोग मात्र साम्य लिंगा च', 'जगद्वयापार वर्जम्' वत्

દરેક ઉપાસક સ્વયં શ્રીજી સાથે પોતાનું ઐક્ય સાધી શકે છે એટલે વ્યષ્ટિ પરત્વે દરેક મુક્તને એક શ્રીજી સિવાય અન્ય પરાન્વય નથી. પર્યાય શબ્દોમાં, મહારાજ ને મુક્ત વચ્ચે અન્ય કોઈ ત્રીજી વ્યક્તિ નથી. શ્રીજી અપેક્ષાએ સૌ મુક્ત ન્યૂન છે, કિંતુ પરસ્પર સૌ સરખા છે. જેવા અનાદિ, તેવો જ આજ ગયેલો કે હવે પછી આવનારો. માટે બાપાશ્રી કહે છે કે, "ત્યાં ગયા પછી (મોક્ષદશામાં) જે સ્થળમાં સાધન કર્યું હોય તે સ્થાન કે એક શ્રીજી સિવાય આ અમુક વ્યક્તિ-મારી ગુરુ છે, એવું રહેતું નથી."

**માટે મૂર્તિના તેજરૂપ,મુક્ત કે પુરુષોત્તમરૂપ માનવું એ ભાવના-વિચાર-પ્રકર્ષ દ્વારા શ્રીજીપ્રાપ્તિ-શ્રીજી સાક્ષાત્કાર કરવો એ અલબત્ત કઠણ છે, પરંતુ સિદ્ધાંત નથી એમ નથી.** માટે સ્વસાનુકૂળ એકાદ માર્ગે પ્રયાણ કરી સાક્ષાત્ શ્રીજીપ્રાપ્તિ સાધ્યા પહેલાં, ઈતર માર્ગ, સાધન કે વિચારશ્રેણીની ઉપેક્ષા-ઘૃણા કે નિષેધ કરી, સત્સંગસમાજમાં હાસ્યાસ્પદ બનવાનું સાહસ કોણ ખેડે?

વસ્તુસ્થિતિ આવી છતાં, વિશિષ્ટાદ્વૈત અને કેવલાદ્વૈતના સિદ્ધાંતોના તુલનાત્મક અભ્યાસશૂન્ય કેટલાક શંકા કરે છે કે, "એમાં તો મહારાજ ને મુક્ત અભેદ-એક થઈ જાય." સદ્. નિત્યાનંદ સ્વામીને કોઈકે પૂછ્યું જે, "આમાં (અમુક અન્ય પ્રસંગમાં) બાધ ન આવે?" ત્યારે બોલ્યા જે, "બાધ-બાધકમાં જેટલું તમે સમજો તેટલુંય શુકમુનિ નહિ સમજતા હોય?" ઓછું વિચારવા જેવુ નથી. માટે આ શંકા એ સ્વતઃસિદ્ધ અનાદિમુક્ત સ્થિતિજન્ય જ્ઞાનશૂન્ય સાધારણ સાધકનું ચિહ્ન છે. જુઓ, બાપાશ્રી કહે છે કે, "મહારાજની મૂર્તિમાં અનાદિમુક્ત રહે છે તે એક થઈ જતા નથી; જુદા રહે છે ને દાસપણે રહે છે. જેની દૃષ્ટિ એટલે પહોંચી ન હોય તેને એમ જણાય જે ભગવાન થઈ જવાય, પણ ભગવાન શી રીતે થઈ જવાય? કેમ જે ધણી પાસેથી સુખ લે છે તે

ધણીને કેમ ભૂલી જવાય? માટે સ્વામી- સેવકપણું તો રહે જ.'' ઉપાસક ઉપાસ્ય સાથે જેમ જેમ આત્મબુદ્ધિ-આપોપું કરતો જાય, તેમ તેમ શ્રીજીનો મહિમા, સુખ ને સામર્થી ને પ્રકાશ બીજા કરતાં અતિશય અપાર જણાય છે. માટે તેમને બીજા સૌ કરતાં વધારે સ્વામી-સેવકભાવ રહે છે, એ સ્વાભાવિક છે. માટે અનાદિ મુક્તો બીજા સૌ કરતાં શ્રેષ્ઠ છે. **આનું નામ ઉપાસનવિધિ કે ઉપાસકશુદ્ધિ.**

વળી અધિકારી ભેદ પરત્વે આ માર્ગ સરળ ને સુગમ પણ છેઃ- ''ઇંદ્રિયો-અંતઃકરણ વશ કરવાં એ તો પૃથ્વીમાં ઘોડા ફેરવવા જેવું છે ને પોતાને બ્રહ્મરૂપ માનવું એ તો ફળિયામાં ઘોડા ફેરવવા જેવું છે. વળી ચોસઠ લક્ષણ સાધુનાં કહ્યાં તે શીખવાં એ પૃથ્વીમાં ઘોડા ફેરવવા જેવું કઠણ છે ને ચોસઠ લક્ષણવાળા સાધુમાં જોડાવું (મુક્ત સાથે આત્મબુદ્ધિ-આપોપું કરવું) એ ફળિયામાં ઘોડા ફેરવવા જેવું સુગમ છે.''

**-સદ્. ગુણાતીતાનંદ સ્વામી**

એક વખતે આપણા આપ્તતમ પ.પૂ. ઈશ્વરચરણદાસજી સ્વામીને એક સત્સંગીએ પૂછ્યું જે, ''મૂર્તિમાં શી રીતે રહેવાય?'' ત્યારે બોલ્યા જે, ''તમે દેહમાં શી રીતે રહો છો? રોટલા ખાવા હોય તો અહીંથી ચાલીને ભંડારમાં જઈએ ત્યારે... ને, મૂર્તિમાં રહેવું ને મૂર્તિનું સુખ ભોગવવું એ તો સૂતાં સૂતાંય થાય!'' કેવો સુંદર પ્રશ્નનો સુંદર ખુલાસો! માટે જે મૂર્તિમાં રહે તેને બહાર રહેવું ને જે બહાર રહે તેને મૂર્તિમાં રહેવું કઠણ જણાય છે.

આવી રીતે બ્રહ્મજ્ઞાન-વિચારાત્મક પદ્ધતિદ્વારા 'प्राप्तंप्राप्तव्यम्' વત્ ધ્યેયસિદ્ધિનો ઉલ્લેખ આપણી શ્રુતિ-સ્મૃતિઓમાં અનેક સ્થળે જોવામાં આવે છે. છતાં જેની ગ્રહણશક્તિ આ સ્થિતિ પકડી શકે નહિ તેના માટે બાદશાહી-ધોરી રસ્તો એ છે કે આપણા શ્રુતિ-સ્મૃતિકારોએ બતાવેલી ઉપાસનપદ્ધતિના સર્વ માર્ગ સત્ય છે, પણ જેને જે માર્ગે સહેજે ને તત્કાળ શ્રીજીપ્રાપ્તિ-શ્રીજીસાક્ષાત્કાર થઈ શકે તે માર્ગ, તે પદ્ધતિ,

તે રીતિ તેણે મુખ્યપણે ગ્રહણ કરવી એટલે બસ.

## (૨) ભક્તિ

'माहात्म्यज्ञान युग्भूरि स्नेहो भक्तिश्चमाधवे' (ભગવાનમાં માહાત્મ્ય જ્ઞાનેયુક્ત જે અત્યંત સ્નેહ તે ભક્તિ જાણવી). 'सा परानुरक्तिरीश्वरे' તે ભક્તિ સાધન અને સાધ્ય એમ બે પ્રકારની છે. સાધનભક્તિ શ્રવણાદિ નવ પ્રકારની કહી છે અને ૯×૯=૮૧ અને ૮૨મી સાધ્ય-પ્રેમલક્ષણા નામે કહી છે.

સ્વયં શ્રીજી એક પત્રમાં લખે છે કે, "એવી રીતે **ભક્તિ તથા વિચારને આલંબને કરીને** દેહને માંહી અવકાશ પ્રત્યે સ્વાધીનપણે પ્રવેશ કરે ત્યારે જીવના સ્વરૂપને, પુરુષોત્તમનું સ્વરૂપ જેવું પ્રત્યક્ષ છે તેને તથા બ્રહ્મમહોલાદિક ધામને દેખે ને સંશય નિવૃત્તિ પામે."

વળી માનકુવાથી શ્રીજી રાજબાઈ આદિ સમસ્ત બાઈ-ભાઈ પ્રતિ લખે છે કે, "પ્રત્યક્ષ પ્રમાણ મૂર્તિ નખશિખપર્યંત ચિંતવન કરવી. પોતાની આંખમાં ભગવાનની આંખ, કાનમાં કાન, પગમાં પગ એવી રીતે સર્વત્ર અંગ જોવાં; પોતાને વિષે પોતાનું સ્વરૂપ તે (મૂર્તિ) જ માનવું; તેથી (મૂર્તિથી) પોતે જુદા ન માનવુ; તેમની આંખ વડે તેમને જોવા; હીરે હીરો વેંધવો; એક પ્રભુ જ છે; હું નથી; **એવી રીતે વૃત્તિ ભજનમાંથી નીકસવા દેવી નહિ તેનું નામ ભક્તિ."**

આ બન્ને માર્ગમાં એકસરખો એક સાધારણ (Common) સૂર એક જ છેઃ અંતર્જ્ઞાન કે અંતર્દષ્ટિ. માટે શ્રીજી લખે છે કે, "વેદાંતશાસ્ત્ર (બ્રહ્મજ્ઞાન) કે ભક્તિશાસ્ત્ર (ભક્તિ)ને કહેવે-સાંભળવે સુખ કે શાંતિ નથી." આગળ ચાલતાં શ્રીજી આપણને શીખવવા માટે અખતરો-પ્રયોગ કરી અજમાવવા માટે, આગ્રહપૂર્વક કહે છે કે, **"અમે પણ એવી જ રીતે શાંતિને દીઠી છે. એ વચન જે અમારા હો તે સાચું માનજો."** હવે આ અંતર્જ્ઞાન કે અંતર્દષ્ટિ સંબંધે આપણા શ્રુતિસ્મૃતિકારોના વિચાર જોઈએઃ-

"મૂર્તિ સામું જોઈ રહેવું એ અંતર્દષ્ટિ છે. અંતર્દષ્ટિએ કરીને જે ભગવાનના ભક્તને વર્તવું તે જ્ઞાનયજ્ઞ છે અને એમ ને એમ કરતાં કરતાં પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ ભગવાન સાક્ષાત્કાર દેખાય એ જ તેનું ફળ છે."

**-ભગવાન સ્વામિનારાયણ**

"સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવું તે કંઠમાં કરવું, હૃદયમાં કરવું ને જીવમાં કરવું, જ્યાં થાય ત્યાં કરવું; તે જોતે જોતે **ભગવાન સામું જોઈ રહેવું.**"

(સદ્. સર્વનિવાસાનંદ સ્વામીને ઉદ્દેશીને) **"મૂર્તિ સામું જોઈ રહો."**

**-સદ્. ગુણાતીતાનંદ સ્વામી**

"આત્મામાં **પરમાત્માને અખંડ જોઈ રહે ત્યારે કાંઈ કરવું ન રહ્યું.**" "મહિમા સમજે ત્યારે **શ્રીજી સામું જોઈ રહેવાય.**"

**-સદ્. ગોપાળાનંદ સ્વામી**

"માટે મહારાજની મૂર્તિને જોવા મંડ્યા રહેવું. તો મહારાજ જાણે જે આ બિચારો મંડ્યો છે તો મહારાજ ઝળેળાટ દર્શન આપે." **"પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું,** મેખોન્મેખ આંખમાંથી પાણીની ધારા ચાલે ત્યાં સુધી જોવું. એમ ખરેખરું અંતર્દષ્ટિથી જોઈ રહેવું." "ધ્યાન કરતાં એકેકું અંગ દેખાય એ નેત્રની વૃત્તિએ જોવાય છે એમ જાણવું. અને જ્યારે સમગ્ર મૂર્તિ દેખાય ત્યારે જીવની વૃત્તિએ જોવાય છે એમ જાણવું. અને જ્યારે મૂર્તિમાં સંલગ્ન થવાય ત્યારે વૃત્તિ ન જાણવી; જીવસત્તાએ જોવાય છે એમ જાણવું."

**-શ્રી અબજીબાપા**

તીવ્ર વૈરાગ્યવાળા કરતાં નિયમવાળાને, કેટલીક વખતે, વિશેષ વિષય જીતાય છે તેમ બ્રહ્મજ્ઞાન કરતાં આ માર્ગ વધારે સરળ, સુગમ, સર્વગ્રાહ્ય ને સમન્વયાત્મક હોઈ સૌ કોઈ સહેજે સ્વીકારી શકે એમ છે. વળી, મુમુક્ષુને ઉચ્ચતર પાત્ર થવા માટે બ્રહ્મજ્ઞાન પૂર્વે અને ઉચ્ચતમ

પાત્ર થવા માટે અથવા શ્રીજી પ્રસન્નતાર્થે અથવા લોકસંગ્રહાર્થે બ્રહ્મજ્ઞાન પશ્ચાત્ પણ ભક્તિમાર્ગની આજીવન આવશ્યકતા છે જ, એ તેની ખાસ વિશિષ્ટતા છે. માટે

भक्तया मामभिजानाति याबान्य श्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ॥
भक्तया त्वनन्यया शक्य अहमेवं विद्योऽर्जुन ।
ज्ञातु दृष्टुं च तत्त्वेन प्रेवेष्टुं च परन्तप ॥

'नैष्कर्म्यमप्यच्युत भाव वर्जितं', 'परिनिष्ठितोऽपिनैर्गुण्ये', 'आत्माराम श्च मुनयः'

'Love thy Lord & love thy neighbour as thyself.'

જુઓ, લો.-૭માં જ્ઞાનની શ્રેષ્ઠતા કહી અને મ.-૧૦માં જ્ઞાન કરતાં ભક્તિને વિશેષ કહી છે, પરંતુ તે બન્નેની એકસરખી ગૌરવતા છે એવું શુદ્ધ સમન્વયાત્મક સમર્થન રહસ્યાર્થમાં બાપાશ્રીએ સ્પષ્ટ કરી આપ્યું છે. બ્રહ્મજ્ઞાન અને ભક્તિ તેમનાં સામાન્ય સ્વરૂપમાં ભિન્ન ભિન્ન ભાસે છે, પરંતુ બન્નેની પરાકાષ્ઠા જ્યાં છે ત્યાં તે પર્યાય બની જાય છે. જેમ પ્રાણને નિરોધે ચિત્તનો ને ચિત્તને નિરોધે પ્રાણનો નિરોધ થાય છે, તેમ એકાદ સાધનના સંપૂર્ણ અનુષ્ઠાનમાં બીજાની સ્વાભાવિક સિદ્ધતા થઈ જાય છે.

આવી રીતે પ્રત્યેક અથવા તદંગભૂત અનેક માર્ગ આપણી શ્રુતિ-સ્મૃતિ સિદ્ધ છે. માટે ઉપાસનપદ્ધતિના એકાદ માર્ગને માનવો ને બીજાનો નિષેધ કરવો એ આપણી સ્વયં શ્રુતિ-સ્મૃતિનો નિષેધ કરવા બરાબર છે. જેવી રીતે હઠયોગ, રાજયોગ, મંત્રયોગ, લયયોગ વગેરેનાં સ્વરૂપ જુદાં જુદાં છે, પરંતુ પ્રયોજન ને ફળ એક જ છે; તેવી રીતે આપણા ઉપરોક્ત સર્વ માર્ગ, સાધન, પદ્ધતિ કે વિચારશ્રેણીનાં સ્વરૂપ જુદાં જુદાં છે, પરંતુ પ્રયોજન ને ફળ એક જ છે.

હવે પ્રત્યેક મુમુક્ષુ વ્યક્તિગત પોતે પોતાને પૂછે કે:- ગોપીઓની પેઠે સર્વ સ્ત્રીઓ પોતાના પતિને વિષે પ્રીતિ કરે છે છતાં પ્રાપ્તિમાં ફરક

કેમ પડે છે? માયાથી પરમધામમાં ગતિ થઈ તે પ્રતાપ લાકડાના રથ ને ઘોડાનો કે તેના હાંકનારનો? તેમ બ્રહ્મજ્ઞાન ને ભક્તિ સર્વકાળે સર્વ સંપ્રદાયોમાં માન્ય છે એટલે જે બીજે છે તે સત્સંગમાં છે, પરંતુ એક વસ્તુ (શ્રીજી સ્વયં) જે સત્સંગમાં છે તે બીજે છે? તો તેનો જવાબ શું મળશે?

આવી રીતે આપણા સત્સંગરૂપી વર્તુળ (Circle)નું મધ્યબિંદુ (Central point) એક ને માત્ર એક શ્રીજી જ છે. અને બાપાશ્રી જેવા સર્વ અનાદિમુક્તો, ધામ કે તીર્થરૂપ સઘળા સદ્‌ગુરુઓ અને તેમની વાતો એ સર્વ છે સહાયક શક્તિઓ (Subjective faculties), ઉપકરણ, સાધન કે શ્રીજીરૂપ મધ્યબિંદુની ત્રિજ્યાઓ (Radii).

જેવી રીતે શ્રીજીએ વેદાદિ આઠ સત્શાસ્ત્રોનું સમર્થન કરી ‘एतेषु यानि वाक्यानि’ તથા ‘स श्रीकृष्ण...नः’ એ બે શ્લોકમાં શાસ્ત્ર સમજવાનો વિવેક બતાવ્યો છે, તેવી રીતે આપણા સદ્‌ગુરુઓએ શ્રીજી સિદ્ધાંતોનું જ સમર્થન અને શુદ્ધ સમન્વય સિવાય બીજું કશુંય કર્યું નથી.

હવે અહીં કદાચ કોઈ પૂછે કે આવા સુંદર સમન્વયાત્મક પદ્ધતિ પ્રતિષ્ઠિત સર્વોપરી સત્સંગમાં મતભેદ જણાય છે કેમ?

ખરેખર! આ પ્રશ્નનો કોઈ એકાદ ખાસ અર્થ કરવો એ તેના એકાદ અવયવને સ્પર્શ કરવા બરાબર છે; તેમ જ પાત્રની ગ્રહણશક્તિ ભેદે એકાદ પાત્રને જ અનુકૂળ થઈ શકે. માટે નાનાર્થ કરવા શુદ્ધ પ્રયત્ન કરેલ છે. મુમુક્ષુ તેનું સમર્થન કરી વ્યષ્ટિ-સમષ્ટિ સત્સંગાનુકૂલ સમાધાન સાધી શકે છે.

શાસ્ત્રમાં કેટલાક શબ્દ સાધનદશા/સિદ્ધદશા, અવરભાવ/પરભાવ, વસ્તુભેદ/દૃષ્ટિભેદ, અર્ધસત્ય કે ઔપચારિક સત્ય, પ્રારબ્ધ/ પુરુષાર્થ, ક્રિયાસાધ્ય/કૃપાસાધ્યના જોવામાં આવે છે. એ સર્વનો વિષયવિભાગ કરી, પાત્ર ને પ્રસંગ પરત્વે ઘટાડવા સમન્વય કરવો જોઈએ.

वादे वादे जायते तत्त्वबोधः | वेदवाद रतो न स्यात्

પ્રથમ ઉક્તિ 'સો શાણે એક મત' समान शीले व्यसने सुसख्यम् વત્ એકાંતિક પાત્ર પરત્વે સાર્થક નીવડે છે. શુદ્ધ એકાંતિક જ્ઞાનાત્મક ચર્ચા-મનન-આપ-લે મૌન (નિદિધ્યાસ)માં જ પરિણિત થાય છે. માટે બીજી ઉક્તિ 'वेदवादरतो न स्यात', 'अंधवजजडवत् मूकवच्च महीं चरेत्', 'न ज्ञानं न च वैराग्यं प्रायः श्रेयो भवेदिह', 'ज्ञान च मयि संन्यासेत्', उत्तमा सहजावृत्ति मध्यमा ध्यान धारणा ॥ शास्त्र चिंतनाधमाः प्रोक्ता तीर्थयात्रा धमाऽधमाः ॥

ઇત્યાદિ સૂક્ષ્મ દષ્ટ્યાત્મક વચનોવત્ શુદ્ધ એકાંતિક જ્ઞાનીને વિજ્ઞાનની ઉચ્ચતર ભૂમિકામાં દોરનાર આતિવાહિક છે. આ વચનો વિદ્વાનને સાધુતા ને સાધુને મુક્તદશાની દિશા બતાવી રહ્યા છે. આ દૃષ્ટિ જે મુમુક્ષુ કેળવે તે સ્વાત્મોન્નતિ મૂલક હેય પ્રતિનીક ગુણો સંપાદન કરી અખિલ સત્સંગ સમાજોન્નતિ સહેજે સાધી શકે છે. આવા આદર્શશીલ એકાંતિકને મતભેદ કે વિરોધ કોણ જાણે કઈ જાતનું પશુ કે પક્ષી હશે? વિજ્ઞાનભૂમિ-અનુભવપ્રદેશમાં પુસ્તકિયા જ્ઞાન સિંધુબિંદુવત્ ભાસે છે. જે સિંધુમાં વિહાર કરે તે બિંદુમાં બૂડવા બાથોડિયાં કેમ ભરે? અર્થાત્ શુષ્ક વાદવિવાદ કરી સમય ને શક્તિ કેમ વેડફે? માટે બાપાશ્રી કહે છે કે એ માર્ગે ચાલવું નહિ.

એક વખતે આપણા પ્રાતઃસ્મરણીય અનાદિ મુક્તરાજ સદ્. બ્ર. નિર્ગુણાનંદજી સ્વામી, જેઓ એક સિદ્ધ યોગીરાજ, અંતર્યામી, ત્રિકાળદર્શી, સર્વજ્ઞ ને મૂર્તિના સુખભોક્તા હતા એવું અનુભવનાર સત્સંગીઓ આજે પણ છે, તેમના ઉપર ગુજરાતથી કોઈકે કાગળમાં 'અનાદિ મુક્તરાજ' લખ્યા હતા એટલામાં તો ભુજના કોઈક ઊંચા-નીચા થઈ ગયા ને બાપાશ્રી પાસે તે કાગળ લઈ આવ્યા!! બાપાશ્રીએ તરત જ સંભળાવી દીધું કે, **"જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ ને અક્ષરાદિ સર્વેને અનાદિ કહેવાય; ને જે છે તેને ન કહેવાય?"**

સંવત ૧૯૦૬માં અમદાવાદના સભામંડપમાં આપણા પ.પૂ.

સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીજીની પ્રગટ (સર્વોપરી) ઉપાસનાની વાતો કરી એ પ્રસંગનો સુંદર ચિતાર આ પુસ્તકમાં છે તે જાણવા જોગ છે. વળી, સ્વામીશ્રી તો કોઈને નામ ધર્માદાનો ઉપદેશ કરતા નથી એવું કોઈકે આચાર્યશ્રીને ભરવ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, **"હું જેના જીવનમાં સ્વામિનારાયણ ઘાલું છું તે બીજે ક્યાં ને કોને ધર્માદો આપશે?"** વળી સ્વામીશ્રી પશુને જાતે દાણા નીરતા તે જોઈ કોઈકે કહ્યું, "લોભ તો જુઓ!" આવા ક્ષુદ્ર ને સંકીર્ણ વિચારોના ગુલામ, મતભેદ ને વિરોધના ભોગ થઈ પડે એ સ્વાભાવિક છે.

એક વખતે સદ્. ગુણાતીતાનંદ સ્વામીના એક પરમજ્ઞાની, પવિત્ર ને ચારિત્ર્યશીલ સત્સંગીએ વાદવિવાદ ખાતર નહિ, પરંતુ શુદ્ધ જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું જે, "બાપાશ્રીએ ચાલોચાલ, એકાંતિક, પરમ એકાંતિક ને અનાદિ એવા નંબર (ભેદ) ક્યાંથી પાડ્યા?"

આ ઉપરથી તરત જ તેમને સદ્. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં 'સાધારણ ને એકાંતિક' એમ બે પ્રકારની સ્મૃતિ કરાવી! આ બે પ્રકારને બાપાશ્રી 'ચાલોચાલ ને એકાંતિક' નામે કહે છે. અને (સ્વયં શ્રીજી) લો.-૬માં "સત્સંગ થયા પછી એકાંતિકપણું એમાં આવે એ અતિશે દુર્લભ છે!" આમાં એકાંતિક ને ચાલોચાલ અથવા સાધારણ એમ બે ભેદ સ્પષ્ટ છે. સદ્. ગોપાળાનંદ સ્વામીની વાતોમાં 'જીવનમુક્ત, વિદેહમુક્ત ને કૈવલ્યમુક્ત' એમ ત્રણ પ્રકાર કહ્યા છે. આને બાપાશ્રી 'અનુક્રમે એકાંતિક, પરમ એકાંતિક અને અનાદિ' કહે છે. અનાદિમુક્તનું લક્ષણ સદ્. ગોપાળાનંદ સ્વામી આ પ્રકારે કહે છે જે, "પૃથ્વી જળમાં રહી છે ને બહાર દેખાય છે તેમ કૈવલ્યમુક્ત તો સદા મૂર્તિમાં છે. નદીઓ સમુદ્રમાં લીન થાય છે ને મધમાં અનેક વનસ્પતિના રસ લીન થાય છે તેવી રીતે અનાદિમુક્ત (મોક્ષદશામાં) મૂર્તિમાં લીન થાય છે." સદ્. બ્રહ્માનંદ સ્વામી પયસાકરવત્ લીનતા બતાવે છે. "રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મીસરી પયમાંહિ ભળી!"

આ સાંભળી તે બોલ્યા કે, "બાપાશ્રી, સદ્. ગોપાળાનંદ સ્વામી ને સદ્. ગુણાતીતાનંદ સ્વામીની વાતો તો 'ચાવલ ને ચોખા' પેઠે એક જ છે. જ્યારે એક સાંખ્યપ્રધાન છે તો બીજી યોગપ્રધાન છે. सांख्ययोगौ प्रथग्बालाः प्रवदन्ति पण्डिताः" માટે સદ્. ગોપાળાનંદ સ્વામી ને સદ્. ગુણાતીતાનંદ સ્વામીના જ્ઞાનમાં જુદાપણું જે સમજે છે તે પંડિત નથી; બાળક છે! શ્રીજી તો ડિમ્ડિમ્ વગાડી નિત્ય કહે છે કે, "મહારાજને ને મોટાને નિષ્કામી, નિર્લોભી, દિવ્ય જેવા જાણીશું તેવા આપણે પણ થઈશું."

બાપાશ્રીને દિવ્ય નહિ જાણનાર સદ્. ગુણાતીતાનંદ સ્વામીને પણ કથનમાત્ર જ દિવ્ય જાણે છે. (Vice Versa) માટે સદ્. ગુણાતીતાનંદ સ્વામીના ખરા શિષ્ય થવા માટે આપણે બાપાશ્રીના ખરા શિષ્ય થવું જ જોઈએ! (Vice Versa). માટે મુમુક્ષુ પોતે જ સદ્. ગુણાતીતાનંદ સ્વામી કે પર્વતભાઈ જેવો જ ન થાય ત્યાં સુધી પોતાની માયિકબુદ્ધિ વડે તેમના દિવ્ય જ્ઞાનનું માપ કાઢે એ ભૂલ છે!

વળી એક સત્સંગીએ પૂછ્યું જે, "અક્ષરધામ એટલે શું? ક્યાં છે? કોને કહેવાય? તે જાણવાથી કેટલો સમાસ છે? કેમ જે સત્સંગમાં એક બાજુ એક વર્ગ એક ને માત્ર એક સદ્. ગુણાતીતાનંદ સ્વામીને જ 'અક્ષરધામ' માને છે; જ્યારે બીજો વર્ગ એક ને માત્ર એક સદ્. ગોપાળાનંદ સ્વામીને જ અક્ષરધામ માને છે એ મોટો મતભેદ છે. (૧) અને કેટલાક 'રાધાકૃષ્ણ' 'સીતારામ' વત્ 'અક્ષરપુરુષોત્તમ' = 'સ્વામી+નારાયણ'ની યુગલ સ્વરૂપની ઉપાસનાને વધુ મહત્ત્વ આપે છે તે કેમ સમજવું?" (૨)

સત્સંગમાં કેટલાક સદ્. ગુણાતીતાનંદ સ્વામીને જ શ્રીજીને રહેવાનું 'અક્ષરધામ' માને છે. અલબત્ત, જ્યાં સુધી તેઓ પ.પૂ. સ્વામીશ્રીને અક્ષરધામ માને છે ત્યાં સુધી તે શ્રીજીસિદ્ધાંતથી અળગું નથી; કેમ જે સ્વયં શ્રીજી જ્યારે ગારમાટીના ઘર ને જે જે જગાએ પોતે હર્યાફર્યા તે તે તીર્થરૂપ સ્થાનકોને, શ્રીજીની મૂર્તિના તેજને, તેમજ

ઉપાસકોના વ્યક્તિગત આત્મા પરત્વે સર્વને ‘અક્ષરધામ’ માનવાનું કહે છે તો પછી આપણા સદ્. સ્વામીશ્રીને ‘અક્ષરધામ’ નહિ માનવામાં શું હાંસલ?

પરંતુ જ્યારે આપણે સદ્. ગુણાતીતાનંદ સ્વામીને જ અક્ષરધામ માની, ઈતર શ્રીજી આશ્રિત સદ્. ગોપાળાનંદ સ્વામીને અક્ષરધામ તરીકે સ્વીકારવાનો ઈન્કાર કરીએ ત્યારે આપણે શ્રીજી સ્થાપિત સર્વોપરી સત્સંગમાં સાંપ્રદાયિકતા, સંકીર્ણતા ને વાદવિવાદને આમંત્રણ આપીએ છીએ; કેમ કે શ્રીજી આશ્રિત કોઈ પણ એકાદ વ્યક્તિ વિશેષને ‘અક્ષરધામ’ માની લેવાને આપણી પાસે આપણી પવિત્ર શ્રુતિ વચનામૃતનો એકેય આધાર નથી!

માટે બાપાશ્રી કહે છે કે એ સર્વને અક્ષરધામ માનવામાં જરાય વાંધો નથી, પરંતુ ‘धाम्ना स्वेन’ વત્ એક મૂર્તિને જ અક્ષરધામ માનવું એ સૌથી શ્રેષ્ઠ છે. યદ્યપિ આપણા શ્રુતિ-સ્મૃતિકારોએ પૃથ્વીથી પરમેશ્વર પર્યંત સર્વ તત્ત્વોનું નિરૂપણ કર્યું છે, પરંતુ તેમનું કેન્દ્રસ્થાન એક મૂર્તિ (સ્વામિનારાયણ) સિવાય અન્ય કોઈપણ તત્ત્વ નથી. માટે બાપાશ્રી કહે છે કે, “અક્ષરધામ તે શું? એક મહારાજની મૂર્તિ રાખવી.”

“મૂર્તિમાં વૃત્તિ રાખવાથી મૂર્તિ, મુક્ત ને ધામ દેખાય છે” એવાં અનેક વચનો છે; કિંતુ અક્ષરધામમાં વૃત્તિ રાખવાથી મૂર્તિ, મુક્ત ને ધામ દેખાય એવું એકેય વચન નથી. માટે આપણા શ્રુતિ-સ્મૃતિકારો એક મૂર્તિ સિવાય મૂર્તિના તેજરૂપ અક્ષરધામ, જડ કે ચૈતન્ય પ્રકૃતિ, ક્ષર કે અક્ષર, બદ્ધજીવ કે મુક્તજીવ સંબંધી સર્વ સંકલ્પ માત્રનો સંન્યાસ કરવા સૂચના કરી રહ્યાં છે. મુમુક્ષુ પોતે પોતાને પૂછી જુએ કે ભગવાનનું અક્ષરધામ છે કે અક્ષરધામના ભગવાન છે? મૂર્તિ એ અક્ષરધામની મિલકત છે કે અક્ષરધામ મૂર્તિની મિલકત છે? જ્યારે મુમુક્ષુરૂપી કન્યા પુરુષોત્તમને પરણશે ત્યારે પોતાના પતિની સ્થાવર-જંગમ મિલકત આપોઆપ દેખશે! ‘एकेन विज्ञातेन सर्वं विज्ञातं भवति’ માટે જે મૂર્તિમાં રસબસ રહે તેને તો એક મૂર્તિ સિવાય અન્ય અક્ષરધામની અપેક્ષા કે

ઉપેક્ષા રહેતી નથી. માટે અનાદિમુક્તને મતે તો એક શ્રીજી જ પરમધામ છે. 'परंब्रह्म परंधाम पवित्रं परमं भवान्'

'स्वामिनारायणौ' 'स्वामिनारायणाभ्याम्' એમ દ્વિવચનનો પ્રયોગ આપણાં શાસ્ત્રોમાં જણાતો નથી; ઊલટું એકવચનનો પ્રયોગ તો સ્થળે સ્થળે જોવામાં આવે છેઃ-

जयति श्रीहरिः स्वामी श्रीमद् दुर्गपुरे प्रभुः

**-હરિવાક્ય સુધાસિંધુ**

हरिकृष्णो घनश्यामो नीलकण्ठ श्च स्मृतः ।
स्वामी च सहजानंदः स्वामिनारायणस्तथा ॥

**-સત્સંગિજીવન**

मुक्तानंद मुनिर्नमामि तमहं श्रीस्वामिनारायणम

**-વ્યાસસૂત્ર**

त्वं साक्षात् पुरुषोत्तमोऽसि परमं ब्रह्माक्षरात्माक्षरः
श्रीकृष्णो हरिकृष्ण आदि पुरुषो धर्मात्मज ! श्री हरे !
हे नारायण ! वासुदेव ! परमानंद ! प्रभो ! सत्पते !
मायाधीश ! बृहत्पुरस्थनृतनो ! श्रीस्वामिनारायण !

**-શ્રી હરિદિગ્વિજય**

પ્રસ્થાન ત્રયીમાંઃ 'जन्माद्यस्य यतः','एकमेवाद्वितीयम्', 'यमेवैष वृणुते', 'तस्मिन् दृष्टे परावरे', 'पिताऽसि', 'मामेकं शरणं' ઇત્યાદિ.

આવી રીતે પરોક્ષ કે પ્રત્યક્ષ સર્વ શાસ્ત્રો જોતાં યુગલ સ્વરૂપની ઉપાસના કરતાં એક સ્વરૂપ श्री स्वामिनारायण ની ઉપાસનાને વધુ મહત્ત્વ અપાયેલું જોવામાં આવે છે.

શ્રીજી સાથે સદ્. ગોપાળાનંદ સ્વામી કે સદ્. ગુણાતીતાનંદ સ્વામી વગેરે હરકોઈ મુક્તનું ધ્યાન-ઉપાસના કરવી એ અલબત્ત શાસ્ત્ર વિરુદ્ધ નથી, કેમ જે ચાર પ્રકાર પૈકી સપાર્ષદ ધ્યાન પ્રમાણભૂત છે; પરંતુ એક સ્વરૂપની ઉપાસનાની અપેક્ષાએ આ ધ્યાન, આ ઉપાસના

ગૌણ છે.

સિંહણનું દૂધ સુવર્ણના પાત્રમાં રહી શકે છે, માટે માટીના ઢેફા જેવા પાત્ર રહેવું જોઈએ નહિ. એક વખત બાપાશ્રી પાસે એક હરિભક્ત વૃષપુર ગયા, દર્શન કર્યાં ને રાજી થયા. પછી કેટલાક સમય બાદ 'અક્ષર બ્રહ્મધામ' સંબંધી એક વિદ્વાનના વિચારો જુદા સાંભળી નારાજ બની ગયા ને સત્સંગની દિશ પણ ભૂલી ગયા! અમારા એક વખતના પ્રતિપક્ષી વિદ્વાન મિત્ર કહે છે કે, "રહસ્ય પ્રદીપિકા ટીકાકાર તો અનાદિમુક્ત છે, પરંતુ તેના સંગ્રહકર્તા પણ અનાદિમુક્ત જ છે; હોવા જ જોઈએ."

રહસ્ય પ્રદીપિકા ટીકામાંથી ઘણા ઘણાને ઘણું ઘણું જાણવું હોય તો મળી શકે તેમ છે. બાકી Faultfinders shall find faults even in paradise. મહાશય લેન્ગવીન લખે છે કે, "જે બીજા કરતાં સુંદર કાર્ય કરી બતાવી શકતો નથી તે મૂર્ખ બીજાના દોષો પકડી શકે છે." મહાશય ગોલ્ડસ્મીથ અને કોલરિજ પરછિદ્રાન્વેષી મૂર્ખ કહી ધિક્કારે છે. મહાશય શેલી લખે છે કે, "ગ્રંથકારો પાછળ ધૂળ ઉડાડનારાઓમાં મોટો ભાગ મૂર્ખ અને પરગુણદ્વેષી હોય છે."

વિદ્વત્તા સાધુતામાં પરિણમે છે ત્યારે પ્રેમ, દયા અને ચિત્તની શાંતિ આવે છે. પછી ટીકા ઉપર ટીકાવેડા કરવા ટાઈમ ક્યાં? આ સદગુણો સિવાય અલબત્ત મનુષ્ય વિદ્વાન બની શકે છે, પરંતુ સાધુ કદાપિ નહિ. માટે આવા મુમુક્ષુએ જાણવું જોઈએ કે સત્સંગને વિદ્વાનોની જરૂર છે, પરંતુ અનેકાનેક શુદ્ધ ચારિત્ર્યશીલ સત્પુરુષો ઘડી શકે એવા મુક્તાત્માઓની સત્સંગને વિશેષ જરૂર છે.

વિદ્વાનોને સાધુ થવાનું છે, સાધુતા શીખવાની છે; જ્યારે મુક્તાત્મામાં તે સ્વભાવસિદ્ધ છે. વિદ્વાનને પોતાના પ્રારબ્ધાદિ કર્મનો ક્ષય કરવાનો છે, જ્યારે મુક્ત બીજા જીવોનાં કર્માદિનો સંકલ્પ માત્રે નાશ કરી પોતા જેવા જ કરે છે. ગોપાળાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી,

વ્યાપકાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, વશરામ સુતાર અને શ્રી અબજીબાપા વગેરેના જીવન પ્રસંગોમાં આવાં અનેક દૃષ્ટાંતો આપણે જોઈએ છીએ.

માટે બાપાશ્રી કહે છે કે, ‘‘લાખો કરોડો જન્મનાં કર્મ તે પણ દર્શનમાત્રમાં નાશ કરી નાખે એવો મોટાનો પ્રતાપ છે. જેવો પર્વતભાઈએ દેહ મૂકતી વખતે યજ્ઞ કર્યો હતો તેવો આ યજ્ઞ છે. આ વખતે જેણે જેણે વાતો સાંભળી તે સર્વને ઠેઠ મૂર્તિમાં પહોંચાડશું.’’ વળી, ‘‘જો અમો ખોટું કહેતા હશું તો અમને પાપ લાગશે ને તમો વિશ્વાસ રાખશો તો જેટલું ઈચ્છશો તેટલું મળશે.’’ કેવો શ્રીજી સમો સદાગ્રહ! માટે જે કામ એક મુક્ત એક મિનિટમાં કરી શકે તે કામ કરોડો વિદ્વાન મળીને કરોડ વરસે પણ કરી શકે નહિ. ‘‘**અતિ મોટા પુરુષને આશરે રે બળે પૂર્વ જન્મનાં પાપ**’’ એવું તો આપણે રોજ ગાઈએ છીએ.

માટે મોટાની સમજણનું માયિક બુદ્ધિથી મૂઢ મુમુક્ષુ માપ કાઢે તે પહેલાં ઉપરોક્ત વિવેકનું મનન કરી મૂર્તિને માર્ગે ચાલે તો આધુનિક માનીનતાના મતભેદોમાંથી સહેજે બચી, સહેજે શ્રીજીરૂપ થઈ સ્વાત્મોન્નતિ સાધી શકે. એ દૃષ્ટિ હરકોઈ શાસ્ત્ર કે સત્પુરુષનો સંગ કરતાં પહેલાં મુમુક્ષુ કેળવે તો તેના મારગમાં મતભેદ મળે જ નહિ.

કેટલાક કહે છે જે, ‘‘દેહ મૂકીને ભગવાનના ધામનાં જવાનું છે ને ત્યાં ભાગવતી તનુ-અપ્રાકૃત દેહ વડે શ્રીજીસેવામાં રહેવાનું છે. જીવ હંમેશાં અણુ હોવાથી વિભુ થઈ શકતો નથી અને દેહમાંથી ઉત્ક્રમણગતિ અનિવાર્ય-આવશ્યક છે જ; કેમ જે અક્ષરધામ એકદેશસ્થ સ્થાન છે. અને ‘અણુમાત્ર છેટું નથી’, ‘છતે દેહે ધામને પામી જ રહ્યો છે’ એવાં વચનો તો માત્ર ચિદાકાશનું અક્ષરધામ સાથે સાધર્મ્યપણું સૂચવે છે તે કેમ સમજવું?’’

રામાનુજ મતાનુસાર, જીવ હંમેશાં અણુ છે તે વિભુ થઈ શક્તો જ નથી ને તેને (ધામમાં) અપ્રાકૃત-દિવ્ય દેહ મળે છે; પરંતુ

શ્રીજીસિદ્ધાંત એવો છે કે (મોક્ષદશામાં) શ્રીજી ઈચ્છાથી સ્વયં જીવ સાકાર સ્વરૂપે આવિર્ભૂત થાય છે (પ્ર.પ્ર.-૩૭). (વળી ત્યાં ત્રણ ભેદ અનાદિ છે તો અહીં પાંચ છે). આવી રીતે વિશિષ્ટાદ્વૈત વિરુદ્ધ નહિ, પરંતુ તે કરતાં શ્રીજી સિદ્ધાંત આગળ પડતો (Enhanced) છે. બીજાં ધામોની હદ છે, પરંતુ અક્ષરધામની હદ નથી. જેમ શ્રીજી એકદેશી થકા સર્વદેશી છે તેમ શ્રીજીનું ધામ સર્વત્ર છતાં સર્વથી પર વિલક્ષણ-શ્રેષ્ઠ છે. અને જ્ઞાની-અજ્ઞાની બન્નેને દેહમાંથી ઉત્ક્રમણ ગતિ છે એવું ન માનવું એ ભૂલ છે; પરંતુ વિજ્ઞાની-અનુભવીને છતે દેહે મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે-સ્થિતિ થાય છે તેને ગતિ નથી એમ ન માનવું એ બેવડી ભૂલ છે. બહારદૃષ્ટિવાળાને અક્ષરધામ લાખો ગાઉ છેટું છે ને જવાનું બાકી છે; અંતર્દૃષ્ટિવાળાને અણુમાત્ર દૂર નથી ને તેને જવાનું બાકી નથી. માટે બાપાશ્રી કહે છે કે, "જવું-આવવું તે સકામને મતે છે."

"શ્રી નરનારાયણની ઈચ્છા હશે તો સત્સંગની વૃદ્ધિ થશે અને જો એમને ઘટાડવો હશે તો ઘટી જશે", (પ્ર.પ્ર.-૭૪) "આપણે કોઈનો અવગુણ લેવો નહિ" આવાં વચનો ઉપરથી કેટલાક 'પગરખાં પહેર્યાં એટલે પૃથ્વી મઢાઈ ગઈ' એવી એકદેશી વૃત્તિને જન્મ આપે અને 'સત્સંગ સુધારણા' માટેનાં શ્રીજીવચનો (પ્ર.પ્ર.-૧૮) તરફ બેદરકાર રહે તો સત્સંગ સમગ્રનું હિત તેમના હૈયે નથી; તેઓ 'ધર્મપાલક' કહેવાય, પરંતુ 'ધર્મરક્ષક' કદાપિ નહિ. સમય ને સંજોગાનુસાર, દરેક સત્પુરુષને સત્સંગોન્નતિનાં જુદાં જુદાં સાધનો જણાય છે; કેમ જે કોઈ પણ બળવાન આત્મા નિર્બળ દેહમાં રહી શું કરી શકવાનો? સને ૧૯૨૦નો દાવો આને આભારી હતો. આવી રીતે અંગ ને પંડ, વ્યષ્ટિ-સમષ્ટિ સત્સંગોન્નતિ સાધવામાં બાપાશ્રીનો હાથ પ્રથમ, અજોડ ને મોટો છે.

આવી રીતે 'यतो वाचो'/ 'निरंजनः परमं', 'अनेक जन्म संसिद्धो'/ 'श्रद्धावान लभते ज्ञानं', 'घटवत सर्गादि विनश्यति'/ 'सर्व खल्विदं ब्रह्म'; અક્ષરધામ છેટું છે / અણુ માત્ર દૂર નથી; **જેને ભવબ્રહ્માદિક દેવ ભજે**

**તજી કામને રે લોલ / ભવ બ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો**; કસરવાળાને શ્રીજી અન્ય ધામમાં મૂકે છે / **બંધ કીધા બીજા બારણાં રે**; બધા સરખા છો / બધા સરખા જાણે તે વિમુખ; મૂર્તિનું સુખ માગવું / ન માગવું; અન્વયપણુ/વ્યતિરેકપણુ; અવગુણ લેવો/ન લેવો; વ્યક્તિ ઉપાસના / સામુદાયિક ઉપાસના; વ્યષ્ટિ / સમષ્ટિ સત્સંગોન્નતિ; મૂર્તિમાં પય-સાકરવત્ પ્રવેશ / મૂર્તિ બહાર થકો એના મનનું નિરંતર અનુસંધાન રહે તે પ્રવેશ; જેમ લોભીનો ધનમાં, ઈત્યાદિ; આવાં વચનોનો સમન્વય મુમુક્ષુએ કરી લેવાનો છે.

જેવી રીતે 'યોગ' શબ્દની અનેક વ્યાખ્યાઓ છેઃ- જેમ કે 'योगः कर्मसु कौशलम्', 'समत्वं योगमुच्यते', 'योगश्चित्त वृत्ति निरोधः', 'योगस्समाधिः' તેવી રીતે મૂર્તિમાં 'પ્રવેશ'ની અનેક વ્યાખ્યાઓ છે અને તે સર્વ સત્ય છે. જેમ અષ્ટાંગ યોગમાં પહેલા પાંચ બહિરંગ પણ યોગના જ અંગ છે અને બીજાં ત્રણ અંતરંગ પણ યોગનાં જ અંગ છે; તેમ મૂર્તિ સન્મુખ રહી મૂર્તિનું સુખ ભોગવવું એ પણ મૂર્તિમાં 'પ્રવેશ' કહેવાય અને મૂર્તિમાં રસબસ રહી મૂર્તિનું સુખ ભોગવવું એ પણ મૂર્તિમાં 'પ્રવેશ' જાણવો.

એક વખતે બાપાશ્રીને પૂછ્યું જે, "મૂર્તિમાં કેમ રહેવાય? અને મારો ચૈતન્ય મૂર્તિમાં રહ્યો છે એવી ખાત્રી શી રીતે થાય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "માળા, માનસી પૂજા, ધ્યાન, ભજન કરતાં કરતાં થાય." વળી આવા જ પ્રશ્નનો બીજા પાત્રને બીજો જવાબ આપ્યો જે, "જીવ દેહમાં રહે છે તેમ મુક્ત મૂર્તિ જેવડા મૂર્તિમાન થકા મૂર્તિમાં રહે છે; નવા આવતા જાય છે તો પણ મૂર્તિ પુષ્ટ થતી નથી ને એ બધા લોકકલ્યાણાર્થે બહાર (સત્સંગમાં) દેખાય તોપણ મૂર્તિ દૂબળી પડતી નથી."

સદ્. વૃંદાવનદાસજી સ્વામીને કોઈકે પૂછ્યું જે, "મુક્ત મૂર્તિમાં રહે છે એ વાત નવી કે જૂની?"

ત્યારે બોલ્યા જે, ''સ્વામિનારાયણ ભગવાન છે એ વાત નવી કે જૂની?''

એક બીજા ધ્યાનનિષ્ઠ અનુભવીને કોઈકે પૂછ્યું ત્યારે તે બોલ્યા જે, ''સદગ્રંથોમાં આવી વાર્તા તો છે, પણ જે ખોળતો નથી તે એક ભૂલ કરે છે, જાણ્યા છતાં અનુભવવા પ્રયત્ન કરતો નથી તે સો ભૂલ કરે છે ને જે આ સુંદર શ્રીજી સિદ્ધાંતનો ઇન્કાર કરે છે તે કરોડ ભૂલ કરે છે.''

तस्मिन्नेव सायुजयेन स्थुः | सर्वजनादृश्याः श्रीकृष्णमात्र दृश्या भवन्तीत्यर्थः (શિક્ષાપાત્રી ભાષ્ય શ્લોક-૧૧૧)

સા.-૧૧મામાં ''લક્ષ્મીજી ક્યારેક લીન ને ક્યારેક તો નોખાં રહે છે તેમ તે ભક્ત પણ ક્યારેક તો લીન ને ક્યારેક તો મૂર્તિમાન થકો સેવામાં રહે છે.'' હવે શ્રીજી સન્મુખ નોખા જ રહીને મૂર્તિની સેવામાં રહેવાનું હોય ને મૂર્તિમાં રસબસ લીન રહેવાનો સિદ્ધાંત જ ન હોય તો સ્વયં શ્રીજી ''**ક્યારેક લીન ને ક્યારેક મૂર્તિમાન નોખા**'' એમ બે પ્રકાર કહેત જ નહિ. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી, સદ્. મુક્તાનંદ સ્વામી, સદ્. બ્રહ્માનંદ સ્વામી, સદ્. નિષ્કુળાનંદ સ્વામી તથા સદ્. ભૂમાનંદ સ્વામીનાં વચનો જોતાં પણ અનેક સ્થળે આ બન્ને પ્રકારની સ્થિતિનો ઉલ્લેખ જોવામાં આવે છે. **માટે અનાદિ મુક્તોની મૂર્તિમાં લીનતા-પ્રવેશ શાસ્ત્રસિદ્ધ, અનુભવસિદ્ધ ને મોટાએ પ્રમાણ કરેલ તથ્ય છે**.

હવે તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં જડ-જડ પ્રકૃતિ (આકાશાદિ પંચભૂત) પરસ્પર વિશિષ્ટ રહી શકે છે, જડ-ચિત્ પ્રકૃતિ પરસ્પર વિશિષ્ટ રહી શકે છે; તો પછી '**જે**' નિરાકાર ચૈતન્યને દિવ્ય સાકાર કરી શકે છે '**તે**' મુક્તાત્માઓને સિદ્ધદશા-મોક્ષદશામાં પોતાની મૂર્તિમાં રસબસ વિશિષ્ટ ન રાખી શકે એવું કહેવું એ શ્રીજી-સામર્થ્ય અને સિદ્ધાંતની કિંમત ઘટાડવા બરાબર ગણાય. માટે મૂર્તિમાં એના મનનું નિરંતર અનુસંધાન રહે એ 'પ્રવેશ'ની વ્યાખ્યાનો ઇન્કાર કરનારે વિચારવા જેવું છે, પરંતુ

મહારાજ ને મુક્ત પયસાકરવત્ રસબસ છે એ 'પ્રવેશ'ની બીજી સુંદર વ્યાખ્યાનો ઈન્કાર કરનારાઓએ શ્રીજી સિદ્ધાંતનું વિચારપૂર્વક પુરશ્ચરણ કરવા જેવું છે. મહારાજ ને મુક્ત રસબસ એટલે એક જ વસ્તુ હતી અથવા એક જ વસ્તુ બની જાય છે (સ્વરૂપલય- One and the same entity) એમ નથી; પરંતુ બન્ને વસ્તુ વિશિષ્ટ- રસબસ ને સત્ય છે (Identical & real entities).

માટે રસબસ સ્થિતિને શ્રીજી સિદ્ધાંતમાં સ્થાન ન આપવું એ સ્વયં શ્રીજી રહસ્યને બાદ કરવા બરાબર છે. ખુદ શ્રીજીના એક વચનને સત્ય માનવું ને બીજાનો ઈન્કાર કરવો એ સ્વયં શ્રીજીવચનનો જ અનાદર કર્યા બરાબર છે. માટે બન્ને પ્રકારની 'પ્રવેશ'ની વાસ્તવિક વ્યાખ્યાઓને પાત્ર પરત્વે ઘટાવી મુમુક્ષુએ સમન્વય કરવો એ જ શ્રેયસ્કર છે.

આવી રીતે આપણી શ્રુતિ-સ્મૃતિજન્ય આધુનિક માનીનતાઓનો તુલનાત્મક અભ્યાસ કરીએ તો સ્થૂળ દષ્ટિને (સાધારણ સત્સંગીને) મોટો મતભેદ જણાશે, પરંતુ તે માનીનતા પાછળ સૂક્ષ્મ દષ્ટિને (એકાંતિક) માત્ર શ્રીજી કથિત સત્યનું જ દર્શન થશે અને સાથે સાથે આ વાતો તથા રહસ્ય પ્રદીપિકા ટીકાની યોગ્ય સમયે યોગ્ય જરૂરિયાત હતી અને તે સ્વયં શ્રીજીએ બાપાશ્રી દ્વારે પૂરી પાડી આપણા ઉપર અસીમ કૃપા કરી છે તેનીય સાક્ષાત્કાર ખાત્રી થશે.

આપણા આપ્તતમ અનુભવસિદ્ધ સદ્‌ગુરુઓએ પાત્રભેદ પરત્વે વિધ વિધ વિચારશ્રેણી-સાધન-ઉપાય-લટક-મંત્ર-માધ્યમ (medium) કે નાના પ્રકારની પ્રક્રિયાઓ બતાવી છે અને તે સઘળા રસ્તા 'All roads lead to Rome' પ્રમાણે એક શ્રીજીની પ્રાપ્તિમાં જ પર્યવસાન પામે છે. માટે એકાંતિક સત્સંગીને તો જ્યાં એક જ મંત્ર-એક જ દીક્ષા-એક જ શાસ્ત્ર-એક જ ઉપાસના-એક જ સંપ્રદાયમાં મતભેદ કે વિરોધ ન ભાસે એ તો સ્વાભાવિક છે; પરંતુ ઈતર સાંપ્રદાયિકો-અધ્યાત્મ પંથ પથિકોને

'मम वर्त्मानुवर्त्तन्ते' વત્ દેખે છે.

શ્રીજી ને સદ્ગુરુઓનું જ્ઞાન એક છે, વચનામૃત ને વાતોનું જ્ઞાન એક જ છે, એકબીજા સાથે સંપૂર્ણ રીતે મળતું છે; છતાં મુમુક્ષુની ગ્રહણશક્તિ, સમજણ ને શ્રદ્ધાની તારતમ્યતા પરત્વે અનેક ભેદ હોવાથી શબ્દ ને શબ્દાર્થને વળગી રહેનારા અભ્યાસશૂન્ય ચાલોચાલ સત્સંગીને મતભેદ ભાસે એ સ્વાભાવિક છે; **પરંતુ એકાંતિક સત્સંગીને -પછી ભલે તે કોઈપણ અનાદિમુક્ત, ધામ કે તીર્થરૂપ સદ્ગુરુ, કોઈ પણ શ્રુતિ-સ્મૃતિ કે કોઈપણ મંડળવિશેષનો હોય- તેને તો શ્રીજી તથા સદ્ગુરુઓના જ્ઞાનમાં મતભેદ કે વિરોધ જેવું કશુંય ભાસતું નથી; કેમ કે તેણે તો બાપાશ્રી તથા સદ્. ગુણાતીતાનંદ સ્વામીના જ્ઞાનનું રહસ્ય ચાખ્યું છે જે, "મોટાનાં વચનોની હારો (ગોઠવણી) કરવી." સામ્ય વિચારોનું એકીકરણ કરવું અને બીજું બીજા માટે રહેવા દેવું એટલે બસ**. આ શ્રીજીનું રહસ્ય. આ બાપાશ્રીનું રહસ્ય. આ વચનામૃત ને વાતોનું રહસ્ય. આ આપણી શુદ્ધ શ્રુતિ-સ્મૃતિઓનું રહસ્ય.

જેમ વિષયનો સ્થૂળ દેહે ત્યાગ કરવાથી વાસના કુંઠિત થાય છે, પરંતુ નિર્મૂળ તો 'परं दृष्टवा निवर्तते'; તેમ સમન્વય કરવાથી પ્રમાણગત સંશય દૂર થાય છે, પરંતુ પ્રમેયગત સંશય તો નિદિધ્યાસ પ્રકર્ષથી જ થાય છે. કેવળ શાસ્ત્રજ્ઞાન વાચ્યાર્થ છે. वंदन-मुपासनं स्यात જ્ઞાન જ્યારે અંતર્દષ્ટ્યાત્મક શ્રીજીની તૈલધારાવત્ અવિચ્છિન્ન સ્મૃતિની પરાકાષ્ટાએ પહોંચે છે, ત્યારે स्मृति लम्भे सर्व ग्रंथीना विप्रमोक्षः તેની સઘળી ગ્રંથિઓ છેદાઈ જાય છે; પરિણામે લક્ષ્યાર્થ જ્ઞાન પ્રકટ થાય છે.

"બહાર વૃત્તિએ પ્રશ્ન-ઉત્તરમાં બધાં શાસ્ત્ર ભેળાં કરીએ તો પણ તેનો યથાર્થ ઉત્તર ન મળે. મહારાજને તથા મુક્તને અંતરમાં ધારીએ એટલે સર્વે ખુલાસા તરત થઈ જાય."

**-શ્રી અબજીબાપા**

"અતિશય ઉપશમરૂપ સામર્થી પામ્યો હોય તે તો શાસ્ત્રના રહસ્યને પોતાની મેળે સમજે." "વૃત્તિને અંતર સન્મુખ રાખે ત્યારે

યથાર્થ જ્ઞાન થાય અને શાસ્ત્રનો અર્થ પણ યથાર્થ સૂઝે.''

**- સદ્. ગોપાળાનંદ સ્વામી**

''પ્રતિલોમ વિના યથાર્થ જ્ઞાન થતું નથી''

**- સદ્. ગુણાતીતાનંદ સ્વામી**

આવી રીતે એકાંતિક સત્સંગીને સાક્ષાત્ શ્રીજી તથા અનાદિમુક્તની પ્રાપ્તિ થવાથી બાપાશ્રી આદિ સર્વ સદ્ગુરુઓના જ્ઞાનમાં એક સરખો પ્રેમ ને આનંદ સ્વાભાવિક થઈ જાય છે. અવરભાવ-પરભાવ, સાધનદશા-સિદ્ધદશા, વસ્તુભેદ-દૃષ્ટિભેદનો વિવેક યથાર્થ સૂઝે છે. તેથી એ તો આશ્ચર્યપૂર્વક પૂછે કે વિરોધ ક્યાં છે?

भिद्यते हृदय ग्रंथीः छिद्यन्ते सर्वं संशयाः ।
क्षीयन्ते चास्य कार्माणि तस्मिन् दृष्टे परावरे ॥

બાપાશ્રીની વાતોની પ્રસ્તાવના લખવી એ તો સૂર્યને મધ્યાહ્નકાળે મશાલ વડે દેખાડવા બરાબર વ્યર્થ પ્રયત્ન ગણાય, પરંતુ સુજ્ઞ સત્સંગી આ બધું સત્સંગની વર્તમાન પરિસ્થિતિને આભારી જાણી, હંસ-ક્ષીર ન્યાયે યોગ્ય કરશે અને તેમાં જે કાંઈ ક્ષતિ કે ત્રુટિ જણાય તે લેખકની ગ્રહણ શક્તિને આભારી ગણી, પોતે પણ શ્રીજી તથા બાપાશ્રી વગેરે સદ્ગુરુઓના જ્ઞાનમાં સામ્ય વિચારો કયા કયા છે તે સત્સંગ સમક્ષ મૂકશે તો પછી બાકીના ખરાબાનો (મતભેદનો) નિકાલ કેમ કરવો તે અખિલ સત્સંગ સમાજ આપોઆપ સમજી શકશે. એ જ પ્રાર્થના સાથે વિરમું છું.

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात ॥

**પ્રસિદ્ધકર્તાના**
**જય સ્વામિનારાયણ**

## ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

આપણા (સ્વામિનારાયણ) સંપ્રદાયમાં શ્રીજીમહારાજે જે જ્ઞાનનો પ્રકાશ પાડ્યો છે તેનો લાભ લઈ ઘણા સંત-હરિજનો સુખી થયા અને મહારાજ અદૃશ્ય થયા ત્યારે તે સંત-મુક્તોએ તે જ્ઞાનની પરંપરા ચલાવી ઘણા મુમુક્ષુને સુખી કર્યા છે. સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીના શિષ્ય નિર્ગુણદાસજી સ્વામી પણ એ જ્ઞાન તથા સુખના ભોક્તા હતા અને પોતાના શિષ્યો તથા સમાગમ કરનારા મુમુક્ષુઓને પણ સુખ આપતા.

કચ્છમાંથી અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી પણ ઘણી વખત યાત્રાર્થે સંઘ લઈ અમદાવાદ પધારતા ત્યારે તેઓશ્રી પણ સ્વામીશ્રીનો ઘણા દિવસ રહી સમાગમ કરતા. સ્વામીશ્રી પણ બાપાશ્રી ને "મારા જીવનપ્રાણ આવ્યા" એમ વારંવાર કહેતા. તે જાણી તેમના સમાગમે બેઠેલા સર્વેએ સ્વામીશ્રીને પૃચ્છા કરેલી ત્યારે સ્વામીશ્રીએ કહેલું કે, "હાલ સત્સંગમાં આ પુરુષની કોઈ જોડ નથી. માટે એમનો સમાગમ કરજો." તેથી બાપાશ્રીનો સમાગમ કરવા સારુ ગુજરાતના સંત-હરિજનો કચ્છમાં જતા, તેમ જ બાપાશ્રી પણ વારંવાર તેમને કાગળ લખી તેડાવતા.

સં. ૧૯૫૯ની સાલમાં તો બાપાશ્રીએ દેશોદેશ કંકોત્રીઓ લખી ઘણા સંત-હરિજનોને તેડાવી ભારે યજ્ઞ કર્યો હતો અને સર્વેને બહુ સુખ આપ્યું હતું. ફરીવાર જ્યારે સંવત ૧૯૬૨ની સાલમાં કચ્છ રામપરામાં ધનબાએ યજ્ઞ કર્યો તે વખતે બાપાશ્રીએ સ્વામી વૃંદાવનદાસજીને તથા સ્વામી ઈશ્વરચરણદાસજીને કાગળ લખ્યો જે, "જેવો આપણે ઓગણસાઠની સાલમાં અહીં યજ્ઞ કર્યો હતો તેવો જ રામપરામાં યજ્ઞ થાય છે. વળી, જેમ આપણા યજ્ઞમાં 'જે પ્રસાદી જમે તે અક્ષરધામમાં પહોંચે' એવો સંકલ્પ કર્યો હતો, તેમ 'આ યજ્ઞની પ્રસાદી જમે તે અક્ષરધામમાં જાય' એવો સંકલ્પ કર્યો છે. માટે તમો સૌ આવજો. અને જે સંત-હરિજન આવે તેને લાવજો ને મૂળીવાળા સ્વામી બાલકૃષ્ણદાસજી

તથા પુરાણી ધર્મકિશોરદાસજી તથા સાધુ હરિવલ્લભદાસજી આદિને કાગળ લખી અહીં આવવાનું જણાવશો.''

પછી સ્વામી આદિ સૌ રામપરે ગયા. ને મૂળી, બળોલ તથા બીજાં ગામોના હરિજનોને કાગળ લખી જણાવ્યું અને તે સૌ આગળ-પાછળ આવ્યા અને બાપાશ્રી વૃષપુરથી રામપરે પધાર્યા ને કથા સાંભળી ને કથાની સમાપ્તિ વૈશાખ સુદ-૧ને રોજ સવારમાં થઈ.

પછી તે દિવસે બાર ઉપર બે વાગે રામપરેથી બાપાશ્રી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંત તથા કેટલાક હરિજનો ચાલ્યા તે સરલીના વીરડામાં નાહવા ગયા. તે વીરડામાં પાણી સારું નહિ હોવાથી આથમણી કોરે ધરો છે તેમાં નાહ્યા અને જળમાં સર્વેને મળ્યા અને પછી બહાર નીકળ્યા અને વસ્ત્ર બદલીને બેઠા અને પાણી પીધાં. ગામ રઢુના ઠક્કર ગોવર્ધન દામોદરે સ્વામી ઈશ્વરચરણદાસજી સાથે દાડમ મોકલાવેલાં તે તથા રણછોડલાલભાઈ સેવકરામભાઈએ સુખડી મોકલાવેલી તે શ્રી ઠાકોરજીને જમાડીને પોતે તથા સર્વે સંત-હરિજનો જમ્યા. પછી ઊઠીને મળીને વૃષપુર પધાર્યા. ભુજના મંદિરના શિખર ઉપર કળશ ચઢાવવાના હતા તેથી બાપાશ્રી તથા સર્વે સંત વૈશાખ સુદ-૫ને રોજ ભુજ ગયા અને છઠને દિવસ કળશ ચઢાવ્યા.

વૈશાખ સુદ-૧૫ને રોજ બાપાશ્રી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો વૃષપુર ગયા તે રાત્રિએ કથા-વાર્તાની સમાપ્તિ થઈને સભા ઊઠી ગઈ ત્યારે બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, ''તમે પંદર વર્ષથી અમારી વાતો સાંભળો છો, પણ લખતા નથી તે આ વાતો અમે કરીએ તે હવેથી લખો તો આગળ ઉપર ઘણી કામ આવે માટે આજથી લખજો.'' ત્યારથી સ્વામીએ વૈશાખ વદ-૧ને રોજથી બાપાશ્રીના મુખકમળથી નીકળેલી અમૃતરસરૂપ વાર્તાઓ સાંભળેલી તેનું નિત્ય સ્મરણ કરવા માટે તથા સંત-હરિજન જે વાંચે તેનું કલ્યાણ થાય તેણે કરીને શ્રીજીમહારાજ તથા તેમના મુક્ત પ્રસન્ન થાય તે સારુ લખી છે.

અનાદિ મહામુક્તરાજ

# શ્રી અબજીબાપાની વાતો

## ભાગ-૧

## વાર્તા ૧

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧ પડવેના રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "શ્રીજીમહારાજ પોતાના સ્વરૂપનું જ્ઞાન જીવોને આપવા સારુ પોતાના અનાદિ તથા પરમ એકાંતિક મુક્તોને સાથે લઈને આ પૃથ્વી ઉપર પધાર્યા અને મુક્તોએ શ્રીજીમહારાજની આજ્ઞાથી શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની ઘણીક વાતો કરી; પણ કેટલાક જીવ સમજી શક્યા નહિ ત્યારે મુક્તોએ શ્રીજીમહારાજની પ્રાર્થના કરી જે, 'હે મહારાજ! કેટલાક જીવ તમારો મહિમા સમજી શકતા નથી.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'એમને આજે જ આપણો યોગ મળ્યો છે માટે નવા આદરવાળા છે, તેથી તેમના માન્યામાં આવતી નથી; પણ જેણે જેણે તમારી વાતો સાંભળી છે તે સર્વે દેહ મૂકશે તેમને ફેર સત્સંગમાં જન્મ ધરાવશું ને તમને ઉપદેશ કરવા મોકલશું.'"

"માટે આજ સર્વે સંસ્કારી જીવ સત્સંગમાં આવ્યા છે અને અનાદિ સ્વતંત્ર મુક્ત પણ આવ્યા છે. તેમનો જોગ કરીને અનંત જીવ મુક્ત થઈને ધામમાં જાય છે. અને જેમ શ્રીજીમહારાજ અનાદિ છે ને સ્વતંત્ર છે તેમ જ મુક્ત પણ અનાદિ અને સ્વતંત્ર છે. અને જેટલું શ્રીજીમહારાજનું કર્યું થાય છે તેટલું જ તેમના મુક્તનું કર્યું પણ થાય છે. એવા અનાદિમુક્ત સાથે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ કરે અને મન-કર્મ-વચને બહારથી અને અંતરથી જીવ જોડે તો તેને કાંઈ કરવું બાકી રહે નહિ ને જેવા મુક્ત પોતે શ્રીજીમહારાજના સુખે સુખિયા છે એવો જ સુખિયો તે જીવને પણ કરે."

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "શ્રીજીમહારાજના ધામમાં તથા મૂર્તિમાં રહેલા મુક્તો આ પૃથ્વી ઉપર આવ્યા હોય તેમનાં લક્ષણ કેવાં હોય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એમનો સમાગમ કરે તેના ઘાટ-

સંકલ્પ બંધ થઈ જાય ને ધ્યાનમાં વિક્ષેપ ન આવે ને મૂર્તિનું સુખ આવે ને છેટે રહે થકે પણ જે સંભારે તેના ઘાટ-સંકલ્પ ટળી જાય ને એમની પાસે બેઠા હોઈએ તે વખતે માયિક ઘાટ-સંકલ્પ થાય જ નહિ. અને કોઈ દેહ મૂકે તેને અક્ષરધામમાં તેડી જાય, એવાં કેટલાકને દર્શન આપે અને કોઈને તેડી જવા હોય તેને આગળથી દર્શન આપીને તેને દેહ મૂકવાનો અવધિ પણ કહી જાય. અને કોઈ પ્રાર્થના કરે તો તેને રાખી પણ જાય અને કોઈને દેહ મૂકવો હોય તો તેને આયુષ્ય હોય તોપણ તેડી જાય એવી સામર્થીવાળા હોય તેને એવા મુક્ત જાણવા.''

ત્યારે વળી સ્વામીએ પૂછ્યું જે, ''અનાદિમુક્ત સાથે બહારથી અને અંતરથી જીવ કેવી રીતે જોડવો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જેમ પોતાના દેહને સુખે સુખી થવાય છે ને દેહને દુઃખે દુઃખી થવાય છે તેમ જ મોટાને દુઃખે દુઃખી થવાય અને મોટાને સુખે સુખી થવાય તે બહારથી જીવ જોડ્યો કહેવાય. પણ એવું થવું અતિ કઠણ છે, કેમ જે સમુદ્રમાં વહાણ કે આગબોટ ડૂબે અને એક પાટિયાનો કકડો હાથ આવે તો પોતાને તરીને નીકળવાનો સંકલ્પ ન થાય, ને 'આવા મુક્ત જશે તો હું એકલો રખડીશ ને પતરમાં કોઈ અન્ન પણ નહિ આપે ને અનંત જીવોનો ઉદ્ધાર બંધ થઈ જશે; માટે હું બૂડી મરું ને આ મુક્ત ઊગરે તો ઠીક.' એમ થાય. ને રેલમાં સારી જગ્યામાં મોટાને બેસારે; અને પાંચ-સાત દિવસે અન્ન મળે તે એક જણ જમે એટલું જ હોય તો મોટાને આપી દે ને પોતે ભૂખ્યો રહે; અને હિમ પડ્યું હોય ને એક જણ ઓઢે એટલું જ હોય તો મોટાને ઓઢાડે ને પોતે ઓઢ્યા વિના જ રહે એવું થાય તો બહારથી જીવ જોડ્યો કહેવાય.''

''અને જેમ નદીમાં થોડુંક પાણી નાખીએ તે સમુદ્રમાં પહોંચી જાય, તેમ મોટા અનાદિમુક્ત છે તે મહારાજની મૂર્તિમાં અખંડ જોડાઈ રહ્યા છે. તેમની સાથે આપણો જીવ મેળવીએ એટલે આપણે પણ મહાપ્રભુજીની મૂર્તિનો સાક્ષાત્કાર મોટાના જેવો જ થાય એ અંતર્વૃત્તિએ

જીવ જોડ્યો કહેવાય. તે મોટા અનાદિ કેવી રીતે જોડાયા છે તો મહારાજની મૂર્તિમાં સળંગ રહ્યા થકા મૂર્તિનાં રોમરોમનાં સુખ લે છે ને નવીન નવીન ઇચ્છે છે તે મહારાજ આપે છે. તે સુખ સદા મૂર્તિમાં રહીને ભોગવે છે, પણ બહાર નીકળતા જ નથી. અને જે પરમ એકાંતિક મુક્ત છે તે તો શ્રીજીમહારાજના તેજમાં શ્રીજીમહારાજને સન્મુખ રહીને મૂર્તિમાં જોડાઈને મૂર્તિનું સુખ લે છે.''

ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''બહાર સમાગમ કરવાથી જેવું મોટાનું સુખ આવે છે તેવું અંતરમાં ધારવાથી કેમ નથી આવતું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''સાધનદશામાં હોય ત્યાં સુધી બહારવૃત્તિમાં સુખ અધિક જણાય, પણ અંતર્વૃત્તિનું સુખ અધિક છે તે જ્યારે સિદ્ધદશા આવે ત્યારે અંતર્વૃત્તિનું સુખ અધિક જણાય; કેમ જે સિદ્ધદશા ન આવી હોય ત્યાં સુધી કાંઈક નાસ્તિક ભાવ રહે છે.''

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, ''નાસ્તિક ભાવ તે શું? ને આસ્તિક ભાવ તે શું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મૂર્તિઓને વિષે ચિત્ર-પાષાણાદિકનો ભાવ રહે તથા મુક્તને વિષે મનુષ્યભાવ રહે તથા મહારાજ વિના બીજો ઘાટ ઊપજે તેને પૂરો થવા દે, પણ થતાં જ તે ઘાટને તોડી પાડે નહિ તે નાસ્તિક ભાવ કહેવાય. અને મૂર્તિઓને વિષે સદા દિવ્યભાવ રહે અને મહારાજ અને મુક્તને સદા અંતર્યામી જાણે ને સદા સમીપે જાણે ને સંકલ્પને પૂરો થવા દે નહિ એ આસ્તિક ભાવ કહેવાય. અને નાહવા-ધોવામાં, ખાવા-પીવામાં, બોલવા-ચાલવામાં, એ આદિક સર્વે ક્રિયામાં બાળકિયા સ્વભાવ આવી જાય; અને મહારાજની અને મોટાની મર્યાદા ન રહે; અને ભગવાનના મંદિરમાં તથા મોટા સંત-હરિજન પાસે તથા બીજે ઠેકાણે હાંસી, મશ્કરી, ઠઠ્ઠાબાજીના શબ્દ કઢવા તે સર્વે નાસ્તિક ભાવ છે. માટે વિનયે યુક્ત

બોલવાનો સ્વભાવ રાખવો; પણ રજ-તમ આદિક ગુણના વેગે ચઢી જવું નહિ. અને વેગે કરીને બોલવું, ચાલવું, ખાવું, પીવું, સૂવું, બેસવું, જોવું, સાંભળવું નહિ. અને વેગે કરીને કથા, વાર્તા, માળા, ભજન, ભક્તિ તે પણ ન કરવાં; કેમ જે વેગ ઊતરી જાય ત્યારે ઢીલો પડી જાય. માટે સંત કહે તેમ કરવું, તો સુખી રહેવાય. અને મહારાજ તથા મોટા પોતાના આત્માને વિષે સદા વિરાજમાન છે એમ જાણીને કામ-ક્રોધાદિક માયિક ઘાટ ઊઠવા દે નહિ અને આત્માને વિષે મૂર્તિ છે તેનું અખંડ અનુસંધાન રાખવું, તો અંતરમાં મર્યાદા કહેવાય અને તેને મૂર્તિ ન દેખાય તોપણ સાક્ષાત્કાર કહેવાય.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''મહારાજને રાજી કરવા સારુ કાઠીઓ ટોળ કરતા તેમ હસવું-બોલવું થાતું હોય તે નાસ્તિક ભાવ કહેવાય કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''યથાર્થ મહિમા સમજીને મહારાજ રાજી થાય એવો સમય જોઈને રાજી કરવા સારુ હસવું-બોલવું થાતું હોય તે નાસ્તિક ભાવ ન કહેવાય.'' ॥૧॥

## વાર્તા ૨

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૨ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જેમ વાંસ ઘસાઈને વન લાગે છે તેમ કામ, ક્રોધ, લોભ, માન એ સર્વે લગાણાં છે તે દેહને સૂકવી નાખે ને મુઠ્ઠી અન્ન ખાય તોપણ ટળે એવાં નથી. તે સ્વપ્નમાં ને સુષુપ્તિમાં પણ જીવને ઝાલે છે. દોષ છે તે વૈરભાવે ને સ્નેહભાવે એ બે પ્રકારે સ્વપ્નમાં આવીને ઉપવાસ પાડી જાય તો તેનું પ્રાયશ્ચિત્ત કરી નાખવું, પણ તેને સંભારવા નહિ. વૈરભાવની ને સ્નેહભાવની સ્મૃતિ ટાળી નાખવી. મનન કરવાથી ઘાટની મૂર્તિ બંધાય છે, માટે મનન કરવું નહિ. એક મૂર્તિ આવે ત્યારે દોષ ટળે, પણ સાધને કરીને ટળે નહિ.''

ત્યારે પુરાણી કૃષ્ણજીવનદાસજીએ પૂછ્યું જે, ''કામ જીત્યાનો

શો ઉપાય છે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આત્મનિષ્ઠા ને શ્રીજીમહારાજનો મહિમા એ બે સાધને કરીને કામ જિતાય છે. તેમાં આત્મનિષ્ઠા એવી જોઈએ જે આંખોમાં ઊના ગજ નાખે ને કાનમાં ઊનું સીસું કરીને રેડે તોપણ ધીરજ ડગે નહિ. જેમ શ્રી અખંડાનંદ સ્વામીને વાઘ મળ્યા તોપણ બીન્યા નહિ. ને ગોઠપ ગામના કડવા ભક્તને ઘણું જ શૂળ આવતું, પણ લગારેય કાયરપણું આવતું નહિ ને સદાય આનંદમાં રહેતા; પણ સકામપણું મનમાં લાવતા નહિ. એટલે કોઈ પ્રકારે શ્રીજીમહારાજની પ્રાર્થના કરતા નહિ જે મટાડો કે તેડી જાઓ. એવા નિષ્કામી હતા ને એવી આત્મનિષ્ઠા હતી.''

''શ્રી ગોપાળાનંદ સ્વામી સો-દોઢસો સાધુએ સહિત ગામડાંમાં ફરતાં ફરતાં સારંગપુરની નદીમાં આવ્યા. ત્યાં બેસીને વાતો કરતા હતા. ત્યારે એક સંતે પૂછ્યું જે, 'આત્મનિષ્ઠાનું શું રૂપ હશે?' ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, 'બે ઘડી પછી જણાશે.' એટલામાં વૈરાગીઓએ આવીને પત્થર ફેંકવા માંડ્યા એટલે એ નદીના કાંઠા ઉપર ઘાટી બાવળી હતી તેમાં સર્વે સંતો પેસી ગયા તે કાંટા ઘણા વાગ્યા. અને ગામમાંથી મનુષ્યો આવતાં દેખીને વૈરાગી જતા રહ્યા. પછી તે મનુષ્યોએ જાણ્યું જે આ બાવળીમાં વૈરાગી પત્થર નાખતા હતા તે કોઈને મારતા હશે એમ જાણીને બોલ્યા જે, 'વૈરાગી જતા રહ્યા છે. માટે બાવળીમાં કોઈ હોય તો બહાર આવો.'''

''પછી સંત બહાર નીકળ્યા ને શ્રી ગોપાળાનંદ સ્વામીને કહેવા લાગ્યા જે, 'કાંટેથી શરીર ભરાઈ રહ્યાં છે તે પૃથ્વી ઉપર પગ મુકાતા નથી ને સુવાતું-બેસાતું પણ નથી.'''

''પછી સ્વામીશ્રીએ સત્સંગી પાસે ચીપિયા મંગાવીને સર્વેના કાંટા તાણી કાઢ્યા ને રાખ ભભરાવીને રૂ દબાવ્યું ને ધીરેધીરે ગઢડે લાવ્યા. અને સંતો મહારાજનાં દર્શન કરીને પીડા કહેવા લાગ્યા ત્યારે

શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ગોપાળાનંદ સ્વામીના કાંટા કાઢ્યા છે કે નથી કાઢ્યા?' ત્યારે સંતે કહ્યું જે, 'તેમના કાંટા તો નથી કાઢ્યા.' પછી શ્રીજીમહારાજે પોતે ચીપિયેથી સ્વામીશ્રીના કાંટા કાઢ્યા તે પોણો શેર થયા; પણ સ્વામીશ્રી કાંઈ બોલ્યા નહિ. એવી આત્મનિષ્ઠા જોઈએ! અને માન-અપમાન, સુખ-દુઃખ, હર્ષ-શોક, શત્રુ-મિત્ર એ સર્વે સરખું થઈ જાય; ને કામ, ક્રોધ, લોભ, ભય એમાં ન લેવાય એવી આત્મનિષ્ઠા હોય."

"અને માહાત્મ્ય એવું જોઈએ જે પ્રકૃતિપુરુષ અને તેનું કાર્ય તે અતિ તુચ્છ થઈ જાય અને મહાપ્રભુજીને બ્રહ્મકોટિ તથા મૂળઅક્ષરકોટિ તે થકી પર જાણે અને સર્વેના અંતર્યામી જાણે. અને બીજું, વ્યતિરેકપણું સમજે જે સર્વેમાં અન્વયપણે એટલે પોતાના તેજ દ્વારે રહ્યા થકા મૂર્તિમાન વ્યતિરેક જુદા છે. આવો મહિમા સમજે તો સર્વે તુચ્છ થઈ જાય છે. પછી ખાન, પાન, માન, મહોબત, પદાર્થ તેમાં માલ મનાય નહિ. અને કોઈ શબ્દ બોલે તેની કિંમત કરે નહિ જે આમ બોલ્યો કે આમ બોલ્યો; નિંદા-સ્તુતિ સરખાં થઈ જાય. અને એક શ્રીજીમહારાજ સાંભરે તો કામ જિતાઈ જાય."

"અને જો અંતર્યામીપણાની ને અન્વય-વ્યતિરેકપણાની વાતો કરે ને જો મર્યાદા ન રહે તો તે વાચ્યાર્થ જ્ઞાન કહેવાય. તેણે કરીને મહાપ્રભુજી વિના અન્યમાં પ્રીતિ હોય તે ટળે નહિ. એ તો જ્યારે લક્ષ્યાર્થ જ્ઞાન થાય ત્યારે ક્યાંય પ્રીતિ રહે નહિ. પણ જીવને નાસ્તિકપણું ઘણું રહે છે તેથી વિષયને ને દેહને વશ થઈને મર્યાદા લોપે છે ને ઇંદ્રિયોને લાડ લડાવે છે ને ઇંદ્રિયો માગે તે આપે છે, પણ મહારાજની તથા મોટાની બીક રહેતી નથી તે વાચ્યાર્થ જ્ઞાન કહેવાય. અને મહારાજને અંતર્યામી જાણે ને યથાર્થ મર્યાદા પાળે તે લક્ષ્યાર્થ જ્ઞાનવાળો કહેવાય અને તે સત્સંગી કહેવાય."

"આવું લક્ષ્યાર્થ જ્ઞાન શ્રીજીમહારાજના પરમ એકાંતિક તથા

અનાદિમુક્તના જોગે કરીને થાય છે. તે જોગ કર્યો ક્યારે કહેવાય? તો જેમ પાણી લાગે છે તેમ અંગ ફરી જાય, ને સર્વ સત્સંગ પ્રમાણ કરે ત્યારે જોગ કર્યો કહેવાય. અને જોગ કરીએ છતાં શબ્દ લાગે ને સ્વભાવ રહે અને ધ્યાન-ભજનમાં વિક્ષેપ થાય તો સંગ કર્યો ન કહેવાય. માટે અંગ ફરે એવો સત્સંગ કરવો. ને સર્વે ક્રિયામાં મહારાજને ને મોટાને અંતર્યામી જાણીને બીક રાખવી તો યથાર્થ માહાત્મ્ય જાણ્યું કહેવાય અને કામ જિતાઈ જાય.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''કામ મૂળમાંથી બળી જાય તેનો શો ઉપાય હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજની નાની-મોટી સર્વે આજ્ઞાઓ પાળે ને પોતાને શ્રીજીમહારાજના તેજરૂપ માનીને તે તેજમાં શ્રીજીમહારાજની મૂર્તિ ધારે, એમ ધારતાં ધારતાં જ્યારે પોતાના આત્માને વિષે મહારાજની મૂર્તિ દેખે ત્યારે કામાદિક દોષ ટળી જાય છે. અને બીજો ઉપાય એ છે જે, મહાપ્રભુજીને મળેલા મુક્ત મળે અને તેમની છાયા પડે એટલે તેમનો અત્યંત રાજીપો થઈ જાય તો કામાદિક સર્વે દોષ બળી જાય છે. અને મહાપ્રભુજીને સુખે સુખિયો થઈ જાય છે.''

એટલી વાત કરીને પછી કથાની સમાપ્તિ કરી. ॥૨॥

## વાર્તા ૩

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૩ના રોજ બાપાશ્રી કેરે પધાર્યા હતા. અને પછી કેરેથી વૃષપુર આવતાં કેરાની નદીના ધરામાં પોતે નાહવા પધાર્યા. ત્યાંથી મુળીવાળા પુરાણી ધર્મકિશોરદાસજીને તથા બીજા એક સંતને મોકલીને વૃષપુરના મંદિરમાંથી સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી તથા પુરાણી કૃષ્ણજીવનદાસજી તથા સ્વામી હરિવલ્લભદાસજી આદિક સંતોને તથા પ્રાણશંકરભાઈ આદિક

હરિભક્તોને તેડાવીને પ્રસાદીના ધરામાં બેસારીને સર્વેને માથે ખોબે ખોબે પાણી રેડીને નવરાવ્યા ને મસ્તકે તથા બરડે હાથ ફેરવ્યા ને બોલ્યા જે, ‘‘તમો સર્વે તાપમાં આવ્યા છો તે તડકો બહુ લાગ્યો છે તે ટાઢા કર્યા.’’

ને પછી તુંબડી વડે સર્વે સંતોના મુખમાં પોતે પાણી રેડીને પાયું અને ખોબા ધરાવરાવીને ખોબામાં પાણી રેડીને ‘સર્વેના ઘાટ બંધ થઈ જશે’ એ વર દીધો. ને પછી ફેર ખોબામાં પાણી ધરાવીને વર દીધો જે, ‘તમારા સર્વેનું આત્યંતિક કલ્યાણ થાશે.’ ને પછી સર્વેના ઉપર ખોબે ખોબે પાણી રેડીને ફેર નવરાવ્યા. ને જે કોઈ હેત-રુચિવાળા નહોતા આવી શક્યા તેમની વતીના પણ લોટા ભરી ભરીને રેડ્યા. પછી સર્વે સંતોને વર આપ્યો જે, ‘તમારું તથા તમોએ જેનાં નામ લઈને અમને નવરાવ્યા એ સર્વેનું આત્યંતિક કલ્યાણ આ જન્મે જ થાશે.’ એમ વર આપીને તે સર્વે નહિ આવેલા એમની વતીના પાણીના ખોબા ભરીને સંતોને નવરાવ્યા ને પછી ગળા બરાબર પાણીમાં સર્વે સંતને બેસાર્યા.

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ‘‘મુક્ત કેવી રીતે સુખ લેતા હશે?’’

ત્યારે પાણીમાં આંગળા ઊભા (ઊર્ધ્વ) રાખીને હલાવીને બાપાશ્રી બોલ્યા જે, ‘‘આવી રીતે મુક્ત મૂર્તિમાં રમે છે ને કિલ્લોલ કરે છે ને સુખમાં દોટ્યો દીધા જ કરે છે. અને જેમ જળમાં માછલાં રમે તેમ મુક્ત મૂર્તિના સુખમાં રમ્યા જ કરે છે.’’

એમ વાર્તા કરીને પછી જેમ પાણીમાં દેહ રાખ્યા હતા તેમ જ મૂર્તિમાં જીવ રાખીને ધ્યાન કરાવ્યું. ને અર્ધા કલાક પછી ધ્યાનમાંથી જગાડીને જળમાં ઊંડા પાણીમાં જઈને જળક્રીડા કરીને પછી કેડ બરાબર પાણીમાં આવીને સર્વેને મળ્યા. ને જળમાં ઊભા રાખીને જળક્રીડાનું કીર્તન જે ‘જમુનામાં ઝીલે રે સુંદર શ્યામળો રે’ એ બોલાવરાવ્યું. તેમાં ‘ઝીણી ઝીણી બુંદ પડે છે મેઘની રે’ એ ટૂંક આવી ત્યારે પાણી ઉછાળીને

એમ બોલ્યા જે, “આ વરસાદ આવ્યો!” પછી બહાર નીકળીને માનસી પૂજા કરવા બેસાર્યા. પછી માનસી પૂજા કરીને ઊઠીને સર્વેને મળ્યા.

પછી ચાલ્યા તે કેરે જતાં માર્ગમાં એમ બોલ્યા જે, “આ પુરાણી ધર્મકિશોરદાસજી તમને સર્વેને વૃષપુરથી તેડી લાવ્યા એમને રામપુરની કથાનું તથા ભુજના કળશનું તથા આ ધરાની લીલાનું એ ત્રણે સમૈયાનું ફળ આપશું.”

પછી અમો સર્વે સંતે કહ્યું જે, “અમને રેલે બેસારીને મોકલનારને પણ એ ફળ આપવું જોઈશે.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “તમને ભાડું આપનારને પણ એ ફળ આપશું.”

પછી પોતે બોલ્યા જે, “અમને પણ તમો સર્વે ભાડું આપજો.”

ત્યારે સંતોએ કહ્યું જે, “તમારું ભાડું કેટલું થાય તે અમો જાણતા નથી.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “જેટલું સુખ ઉત્તમ સ્થિતિવાળા અનાદિમુક્ત મૂર્તિમાંથી લે છે તેથી હજારગણું સુખ એક જીવને ઉદ્ધારવાનું શ્રીજીમહારાજ આપે છે.”

ત્યારે સંતોએ કહ્યું જે, “એ તો મહાપ્રભુજી વિના બીજા કોઈથી અપાય નહિ; કેમ જે તમોએ તો અનંત જીવની કોટિઓ, અનંત મૂળપુરુષરૂપ ઈશ્વરની કોટિઓ, અનંત વાસુદેવબ્રહ્મની કોટિઓ ને અનંત મૂળઅક્ષરોની કોટિઓ, એ સર્વેનો ઉદ્ધાર કરીને શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં પહોંચાડ્યા તેનું ભાડું તો અપાર થયું. એ તો શ્રીજીમહારાજ આપે.”

એમ વાતો કરતાં કરતાં કેરે પધાર્યા ને ત્યાં ઠાકોરજીને દંડવત કરીને સર્વેને મળ્યા. અને પછી પાકશાળામાં શ્રી ઠાકોરજીને જમાડવા પધાર્યા ને જમાડીને મંદિરમાં પધાર્યા. ને સર્વેને મળીને ચાલ્યા તે શ્રી

વૃષપુર આવતાં માર્ગમાં વાત કરી જે, ''આ ધરામાં લીલા કરી તેને જે સંભારે તેના ઘાટ-સંકલ્પ ટળી જાય.''

એમ વાતો કરતાં કરતાં શ્રી વૃષપુર પધાર્યા. ॥૩॥

## વાર્તા ૪

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૪ને દિવસે સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''આજ સત્સંગમાં સત્સંગ ઓળખાણો એટલે શ્રીજીમહારાજ અને મુક્ત ઓળખાણા તે કારણ હાથ આવ્યું. મહારાજ અને મુક્ત એ બે કારણ છે. અને મંદિરો, આચાર્ય, સાધુ, બ્રહ્મચારી, સત્સંગી એ સર્વે કાર્ય છે. તેમાં ઘણાક જીવ છે તે બિચારા જેમ સમજવું જોઈએ તેમ સમજી શકતા નથી. તેમને તમારા જેવો લાભ નથી. આ મોટાને સમાગમે કરીને જેને પુરુષોત્તમનો મહિમા જણાય છે એને સર્વત્ર પુરુષોત્તમ ભાસે છે; પણ માયા કે બ્રહ્માંડ કે કાંઈ જણાતું નથી તે માયા ટળી ગઈ જાણવી.''

''મોટા વાતો કરે છે તે મહારાજનો ને મુક્તનો ભેળો મહિમા કહે છે, પણ મહારાજને મૂકીને એકલો મુક્તનો મહિમા નથી કહેતા. આ શ્રી વૃષપુર ગામના નાના રત્ના ભક્તે દેહ મૂક્યો તે વખતે જેમ મણિનો સમૂહ ઠસાઠસ ભર્યો હોય તેમ આખી પૃથ્વીમાં મહારાજ ને મુક્ત ભર્યા છે એવું ભુજમાં સ્વામી અચ્યુતદાસજીને દેખાયું. માટે સાધનદશાવાળાને મોટાનો જોગ કરીને એવી સમજણ દૃઢ કરવી; તો સર્વે દિવ્ય દેખાય, એટલે કોઈનો અવગુણ ન આવે ને શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય અને મહારાજની મૂર્તિને એના જીવમાં મોટા મુક્ત પધરાવી દે. માટે મોટાને વિનંતી કરીને મૂર્તિમાં વળગી પડવું, પણ બીજો સંકલ્પ તથા મનન કરવું નહિ.''

''જો મૂર્તિના સુખમાં ઊતરે તો સાધનમાત્ર તે ભેળાં જ સિદ્ધ થઈ જાય છે. પણ મૂર્તિને મૂકીને અનંત કલ્પ સુધી સાધન કરે તોપણ કાંઈ સિદ્ધ થાય નહિ. જેમ ઘાંચીનો બળદિયો ફર્યા કરે, પણ પંથ ખૂટે

નહિ, તેમ એકલાં સાધનથી પાર આવે નહિ; ને મૂર્તિ આવે તો કાંઈ અધૂરું રહે જ નહિ. જેમ સૂર્ય ઊગે ત્યારે રાત્રિ રહે જ નહિ તેમ. માટે નવા આદરવાળાને પણ મૂર્તિનું અનુસંધાન રાખીને તે ભેળાં સાધન કરવાં; તો માયા વહેલી ટળી જાય. બ્રહ્માંડ, સિદ્ધિઓ, ઐશ્વર્ય એ આદિક જે જે શ્રીજીમહારાજનો વિયોગ કરાવનાર છે તે દેહ ખોટો કરીએ તો તેના ભેળાં સર્વે ખોટાં થઈ જાય છે. અને એક મહાપ્રભુજીની મૂર્તિ આવી તો સર્વે સત્ય વસ્તુ હાથ આવી. તે સત્ય વસ્તુ કઈ? તો મહાપ્રભુજીની મૂર્તિ તથા મૂર્તિનું સુખ તથા મુક્ત એ સત્ય છે ને તે સર્વે મૂર્તિમાં છે, પણ મૂર્તિથી બહાર નથી. જેમ પૃથ્વીમાં રજ છે તથા અનંત પદાર્થ છે તેમ મૂર્તિમાં અનંત પ્રકારનાં સુખ તથા ઐશ્વર્ય તથા અનાદિમુક્ત છે તે મૂર્તિ આકારે વૃત્તિ એકતાર થાય ત્યારે એ સુખ મળે છે. મોટા રાજી થઈને કહે જે, 'માગો', ત્યારે શ્રીજીમહારાજની મૂર્તિ માગવી એટલે બધુંય આવી ગયું. માટે મૂર્તિ વિના બીજું માગવા જેવું નથી."

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "સિદ્ધદશાવાળા અનાદિમુક્ત અખંડ મૂર્તિમાં રહેતા હશે તે જેમ દેહમાં જીવ રહે છે તેમ જ રહેતા હશે કે કેમ?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "હા, એમ જ રહે છે. અને જે એમનો સમાગમ કરે તેમને પણ એવી જ સ્થિતિવાળા ને એવા જ સ્વતંત્ર કરે છે."

ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, "સંગ કરનારને ખબર કેમ નહિ પડતી હોય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જેમ બાળક ઉપર બાપને હેત હોય તે છોકરાના ખિસ્સામાં સારી વસ્તુ છાની રાખી મૂકે તે છોકરું જાણે નહિ, પણ જ્યારે ખિસ્સામાં હાથ નાખે ત્યારે હાથમાં આવે ને જમે; તેમ જીવમાં એ સુખ મોટાએ ઘાલી મૂક્યું છે, પણ જીવને ખબર નથી.

તે જ્યારે ધ્યાને કરીને જોશે ત્યારે દેખાશે, અથવા અંત સમયે મોટા દેખાડશે ત્યારે ખબર પડશે.'' એટલી વાત કરીને સમાપ્તિ કરી. ॥૪॥

## વાર્તા ૫

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૫ને રોજ વૃષપુરથી કેરે જતાં રસ્તામાં વાત કરી જે, ''સાધનદશાવાળાને સર્વે પ્રસાદી કરતાં ચરણરજની પ્રસાદી ઉત્તમ છે. ચરણરજની પ્રસાદીનો મહિમા જાણીને જેને ભૂત વળગેલું હોય તેના માથે નાખે તો ભૂત જતું રહે, ને પાપીને માથે નાખે તો પાપથી મુક્ત થાય. માટે ચરણરજની પ્રસાદી ઉત્તમ છે, પણ આ લોકનાં પકવાન્ન જમાડીએ તે સારાં સારાં ભોજન જમીને રાજી ન થાવું ને શ્રીજીમહારાજની મૂર્તિના રસરૂપી મહાપ્રસાદ લેવો. અને સિદ્ધદશાવાળાને તો સમગ્ર મૂર્તિનું સુખ તે શ્રેષ્ઠ છે.''

ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''સાધનદશાવાળાને મહારાજ દર્શન આપે છે તે એની મરજી પ્રમાણે આપે છે કે મહારાજની અને મુક્તની મરજી પ્રમાણે આપે છે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મહારાજની તથા મોટા મુક્તની મરજી પ્રમાણે દર્શન થાય છે. અને સિદ્ધદશાવાળાને તો એની મરજી પ્રમાણે દર્શન થાય છે અને જેવાં ઇચ્છે તેવાં સુખ આપે છે. અને સાધનદશાવાળો જે મુક્તને પ્રતાપે સુખ પામે છે તે મુક્તને વિષે તેને ગુરુપણું રહે છે. જેમ શેઠનો ગુમાસ્તો શેઠના જેવો સમૃદ્ધિવાન થાય તોપણ એમ જાણે જે, 'આ શેઠના પ્રતાપે હું સમૃદ્ધિવાન થયો છું.' એમ તેનો ગુણ રાખે છે. અને જ્યારે ભેળો થાય ત્યારે શેઠનું સન્માન-વિનય કરે છે. અને વળી જે થકી વિદ્યા ભણે છે તેને વિષે ગુરુપણું રાખે છે, એમ મોટાને વિષે રહે છે જે, 'આમને પ્રતાપે સુખ મળ્યું છે' એવું ગુરુપણું રહે છે, અને મુખ્યપણે મહારાજ રહે છે.''

એમ વાતો કરતાં કરતાં કેરે ગયા. અને ત્યાં મૂર્તિ પધરાવી તે વખતે ઘણો ચમત્કાર થયો જે મૂર્તિમાંથી તેજ છૂટ્યું તે સર્વત્ર વ્યાપી

ગયું. એમ કેટલાકના દેખવામાં આવ્યું.

અને પાછા સાંજ વખતે શ્રી વૃષપુર આવતાં રસ્તામાં વાત કરી જે, "અવગુણવાળો જીવ હોય, પણ તેમાં કાંઈક ગુણ હોય ખરો; તે ગુણ આપણે લેવો, પણ અવગુણ લેવો નહિ. અને સર્વેને વિષે સમભાવ રાખવો. અને જે પોતાના અનન્ય શિષ્ય હોય તેમને એકલાં પકવાન્ન જમાડવાં એટલે શ્રીજીમહારાજની મૂર્તિ સંબંધી વાતો કરવી; ને સાધારણ જીવ હોય તેને સર્વદેશી જેવી રુચે તેવી વાતો કરવી. જેમ માંદાને ભજિયાં-વડાં કરી આપીએ તેમ."

એમ વાર્તા કરતાં કરતાં વૃષપુર આવ્યા. ॥૫॥

## વાર્તા ૬

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૫ની રાત્રે સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કહ્યું જે, "અમને કંકોત્રી લખી તેડાવ્યા છે તે શરપાવ આપો."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મોટા જેવું જમે છે તેવું પોતાના જોગવાળાને જમાડે છે; માટે જીવને ખપ અને ત્વરા કરવી જોઈએ. અને મોટા આગળ છેડો ધરવો જોઈએ, અને ગરજવાન થવું જોઈએ, અને પાત્ર થઈને વિશ્વાસ કરવો; તો મોટા પોતાના જેવા કરે છે."

"આજ સત્સંગમાં કાર્ય અને કારણ બેય છે. તે કાર્ય નવા આદરવાળાને અર્થે છે, કેમ જે એને સમાસ કરે છે. ને એકાંતિકને તો કારણ જે મુક્ત તેને જોગે કરીને મૂર્તિનો સાક્ષાત્કાર કરવો એ કામનું છે."

"જાણે-અજાણે મહારાજનો કે મુક્તનો જોગ થઈ જાય તો કામ થઈ જાય. જેમ અધર્મે કરીને આવરદા ઓછી થાય છે તેમ મોટાને જોગે કરીને પણ આવરદા ઓછી થાય છે. જેમ વિદ્યા ભણવા માંડે તે ભણી રહે એટલે પગાર ચાલતો થાય, તેમ મોટાને જોગે બ્રહ્મવિદ્યા ભણાય

છે. તે જો ખબડદાર થઈને મોટાનાં વચન અધરથી ઝીલે અને તે પ્રમાણે વર્તવા માંડે તો મુક્તદશા વહેલી પ્રાપ્ત થાય ત્યારે મોટા તેને મહાપ્રભુજીના સુખમાં મૂકી દે છે. જેમ કાણોતરના બાપુભાઈ તથા લુણાવાડાના કાશીરામભાઈ મોટાને જોગે કરીને મુક્ત થઈ ગયા તો આ લોકમાંથી તુરત મહારાજના સુખમાં મોટાએ મૂકી દીધા તેમ આવરદા ઓછી થાય છે. અને એવા મુક્તને બીજા જીવોના ઉદ્ધારને અર્થે આયુષ્ય વિના પણ રાખવા હોય તો રાખે પણ ખરા. અને સત્સંગમાં અધર્મી હોય તેની આયુષ્ય હોય તોપણ ઓછી કરે છે.''

''શ્રીજીમહારાજ આ મુક્તમાં રહીને બોલે છે, જમે છે, જુએ છે, સર્વે ક્રિયા મહારાજ પોતે કરે છે અને મુક્ત તો સદાય મૂર્તિના સુખમાં જ રહે છે, પણ સુખ વિના બીજું જોતા નથી. માટે જોગ કરનારને એમ જાણવું જે, 'આજ શ્રીજીમહારાજ મુક્ત દ્વારે સત્સંગમાં સુખ આપે છે, ને મુક્ત દ્વારે પોતે ઉપદેશ કરે છે.' એમ સર્વે વચન શ્રી હરિજીનાં જાણીને વિશ્વાસે સહિત ગ્રહણ કરવાં. તેમાં પણ શાસ્ત્રમાં મહિમા કહ્યો હોય તે કરતાં વધારે મહિમા મોટા કહેતા હોય તો તે વચન સત્ય માનવાં, પણ શાસ્ત્રની સાખ્ય લેવા જેવું નહિ. કદાપિ કોઈકનાં વચન વર્તમાન લોપાવે એવાં હોય તો તેને વિષયી ને દંભી જાણીને તેનો ત્યાગ કરી દેવો. જો એવાનો ત્યાગ ન કરે તો જીવનું ભૂંડું થાય. માટે એવાનો ત્યાગ કરવો.''

''અને મુક્ત તો સદા સ્વતંત્ર હોય અને શ્રીજીમહારાજનાં વચન યથાર્થ પાળતા હોય અને સંગ કરનારને યથાર્થ વચન પળાવતા હોય. એવા મુક્ત શ્રીજીમહારાજનો ને મુક્તનો મહિમા દયા કરીને કહે તે સર્વે સત્ય માનવો. અને આપણું નક્કી પૂરું કરાવી દેશે એવો વિશ્વાસ રાખવો; કેમ કે પોતે શ્રીજીમહારાજ આ મુક્ત દ્વારે બોલે છે. એવો ભાવ આ મુક્તને વિષે રાખીને મન બાંધવું એ જ ભેગા થયાનું ફળ છે. અને તો જ મોટી વસ્તુ જે મહાપ્રભુજીનો સાક્ષાત્કાર ને તેમનું સુખ મળશે. આજ મહારાજનું સુખ મુક્ત દ્વારે મળે છે તે મોટા એક મિનિટમાં આપી

દે; જો પૂરો વિશ્વાસ હોય તો. એવો આ મોટાનો પ્રતાપ છે! માટે આ સંગ જ્યાં સુધી બેઠા છીએ ત્યાં સુધી કરી લેવો. અને અદૃશ્ય થઈશું ત્યારે સર્વસ્વ જતું રહેશે અને હાથ ઘસવા પડશે.''

''અનાદિ મહામુક્તરાજ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી અદૃશ્ય થયા ત્યારે અમને ત્રણ દિવસ સુધી ઘણું દુઃખ થયું. મુક્ત સદાય પ્રત્યક્ષ રહે છે, આવતા-જતા નથી; પણ મનુષ્યદેહે કરીને પ્રત્યક્ષ છે તો બોલે છે, હસે છે, જમે છે, સેવા અંગીકાર કરે છે, વાતો કરીને સુખ આપે છે, દર્શન કરો છો. તે આ દેહ અદૃશ્ય થઈ જાય ત્યારે એ બધું સુખ જતું રહે. માટે મુદ્દો હાથ આવ્યો છે તે વંજાવવો (ખોવો) નહિ.''

''આપણો પૂર્વનો ભેળો સંસ્કાર છે. તો જ આ અમૂલ્ય વાતો તમને મળી છે. આ વાતો બહુ મૂલ્યવાળી છે. તે સમજવી બહુ કઠણ છે. મોટાનો સિદ્ધાંત સમજવો એટલે મહાપ્રભુજીનો મહિમા સમજવો. આ મુક્તને દર્શને મોટા મોટા અવતારાદિક આવે છે. આ વાતો જીવમાં ઘાલવાની છે. આ વાતો ધારે તેને મૂર્તિનું સુખ મળે. આ વાતો અંતરમાં ઉતારજો તો અમારો દાખડો સફળ થશે અને તમારું પૂર્ણકામ થશે. અમારાથી જેટલું બનશે તેટલું બનાવશું. સર્વેનું પૂરું કરીશું. સર્વેને સરખું સુખ આપીશું. જેમ કાચી કેરી હોય તેને કુંવળમાં ઘાલીને બાફીને પકવે છે તેમ કોઈક કાચા હશે તો તેનું અમો પૂરું કરીશું. માટે ઉપરથી માગવું નહિ; સાચે ભાવે માગવું.''

''મોટા તો સર્વેને સરખું જમાડશે, પણ જેમ શાહુકારનાં છોકરાં ખાંડ, સાકર, ઘી વગેરે ઘણું ખાય તો ફેરો થઈ જાય; તેમ આ વાતો સાચી નહિ માને તેને ફેરો થઈ જશે એટલે કામ નહિ આવે. ને વિશ્વાસ રાખશો તો અમારા ભેળા લઈ જઈશું ને સુખિયા કરીશું. વિષયી ને પામરને પણ આ ફેરે લઈ જવા છે, તો મુમુક્ષુને લઈ જવા એમાં શું કહેવું? જેવો પર્વતભાઈએ દેહ મૂકતી વખતે યજ્ઞ કર્યો હતો એવો આ

યજ્ઞ છે. આ વખતે જેણે જેણે વાતો સાંભળી તે સર્વેને ઠેઠ મૂર્તિમાં પહોંચાડશું.''

''આ વાતો જીવમાં રાખે તેની દૃષ્ટિમાં માયા રહેતી નથી ને દીવાનું થઈ જવાય છે. જેના બેલી મહારાજ અને મુક્ત છે તેને શું બાકી રહે છે? કાંઈ બાકી રહેતું નથી. જ્યારે સુખ મળશે ત્યારે અહો! અહો! થઈ જશે. સાક્ષાત્ પુરુષોત્તમનાં ને મુક્તનાં દર્શનનું સુખ ને સેવાનું સુખ તે તો અલૌકિક છે! તે કેવું? તો જપ, તપ, વ્રત, દાન, પૂજા, યોગ, સાંખ્ય, યજ્ઞાદિક અનંત સાધનનાં લવ સુખની તુલ્ય અનંત કોટિ બ્રહ્માંડનું સુખ નથી આવતું; અને પ્રત્યક્ષ મુક્તના લવ સુખની તુલ્ય એ સાધનનું સુખ નથી આવતું. તો આ તો સાક્ષાત્ પુરુષોત્તમતુલ્ય એવા અનાદિમુક્ત તે તમને મળ્યા છે અને તમને સર્વેને પોતાના કરી રાખ્યા છે અને તમો પણ અમારા થઈને રાત્રિ-દિવસ અમારાં વચનમાં તત્પર થઈને મંડ્યા છો તો તમારાં ભાગ્યનો ને સુખનો તો પાર જ નથી. એવો લાભ આજ તમને મળ્યો છે.''

''જેમ અહીં તમો અમારું માનો છો તેમ મહારાજ પણ અમારું માને છે તે અમોએ જ્યારે હા પાડી ત્યારે કાશીરામભાઈને તેડી ગયા, અને શ્રી ધ્રુવાનંદ સ્વામીને પણ અમે મહારાજ પાસે બે દિવસ રખાવ્યા હતા. માટે મહારાજનું જેટલું સુખ છે તે તમને સર્વને અપાવશું. આ સુખ જ્ઞાને કરીને ઓળખાય તો જગત લૂખું થઈ જાય. જ્યારે એ સુખ પ્રગટ મળે ત્યારે તો એ મૂર્તિના સુખ વિના બીજું સર્વે વીસરી જાય. આ તમને સર્વે નાના-મોટાને તથા હેત-વિશ્વાસ-રુચિવાળાને શરપાવ આપું છું. ખરેખરી વાત છે, પણ 'ભલા ભલાઈ ન મેલે ને ભૂંડા ભૂંડાઈ ન મેલે' એવા જીવના સ્વભાવ છે એટલે અણવિશ્વાસ આવે છે. પણ અમારે તો સર્વેનું સારું કરવું છે; માટે તર્ક ન કરશો. જો અમો ખોટું કહેતા હશું તો અમને પાપ લાગશે ને તમો વિશ્વાસ રાખશો તો જેટલું ઇચ્છશો તેટલું મળશે. જેને પાકો વિશ્વાસ ને આત્મબુદ્ધિ છે તેને તો જેટલું છે તેટલું બધુંય આપશું. સર્વે સંત દયા કરજો એટલે આ વાતો

સાચી માનજો.''

''શાસ્ત્રમાં તો એક શબ્દ હોય તેના મોટા લાખ શબ્દ કરી આપે; કેમ જે મોટા તો દેખે છે તે નજરે દેખીને કહે છે. અને મુમુક્ષુને તો એ શબ્દનો અર્થ પણ આવડે નહિ, તો બીજા શબ્દ શી રીતે જડે? માટે શાસ્ત્ર સામું જોશો નહિ ને વાતમાં ચિત્ત રાખીને જીવમાં ઉતારજો. મહારાજે કહ્યું છે જે, 'આ સભા જેવી બીજી સભા કોઈ ધામમાં નથી.' આ પુરુષોત્તમ ભગવાનની સભા છે અને આ મુક્ત તો પુરુષોત્તમ ભગવાન આગળ હજૂરી છે, માટે તર્ક કરશો તો પૂર્વનું હશે તે પણ જતું રહેશે.''

''લોયાના ૧૮મા વચનામૃતમાં કહ્યું છે જે, 'આ વાતે કરીને પ્રથમનું જે અંગ હોય તે પણ જતું રહે તો મૂળગેથી જાય.' માટે તર્ક ન કરશો. આ મુક્ત મળ્યા છે તેમનો નિશ્ચય આ દેહે કર્યો હોય તો આ વાત જીવમાં ઊતરી જાય. વચનામૃતના શબ્દ જ્યાં ઘટે ત્યાં ઘટાવવા; પણ મૂર્તિ, ધામ અને મુક્ત તે સાથે રાખવાં. મહારાજ અને મુક્ત પૂરું કરી દેશે. ડંકો દઈને જઈશું તે અનંત મુક્ત દેખશે જે આ ધામમાં આવ્યા. જેણે આગળ મોટાનો જોગ અને સેવા કરી હોય ને તેને સમજ્યામાં ન આવ્યું હોય તો મહારાજ અને મોટા સમજાવે. જો એને એમ હોય જે, 'મોટાએ વાતો કરી ત્યારે મારી અવસ્થા નાની હતી તેથી સમજી શક્યો નહિ.' એમ વિચારીને વિશ્વાસ લાવીને સાંભળે તો આજ સમજાઈ જાય.'' એમ સાધુ નારાયણદાસજીને કહ્યું.''

પછી બોલ્યા કે, ''ભુજના સભામંડપનું ભર્યું કર્યું ત્યારે બ્રાહ્મણોએ ઉપાધિ કરી જે, 'મંદિરમાં સ્ત્રીઓને સાથે બેસારીને જમીએ, પણ મંદિરથી બહાર સ્ત્રીઓને નહિ બેસારીએ.' ત્યારે સ્વામીશ્રી નિર્ગુણદાસજીને અમે કહ્યું જે, 'આવાને ન જમાડો તો શું થાય?' ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, 'લોક નિંદા કરે એટલા માટે જમાડવા પડે છે; પણ પુણ્ય તો આ લક્ષ્મીરામભાઈ માંડવીના છે તેમને પાશેર અન્ન

જમાડીએ તેનો પાસંગ પણ અનંત કોટિ બ્રહ્માંડના બ્રાહ્મણો જમ્યાથી ન થાય.'''

''મોટા મુક્ત બેઠા હોય તે વખતે જોગ કરનારને સુખ મળે તેમાં પોતાપણું ન આવવા દે તો સુખી થાય. જેમ માગીને ઘરેણાં પહેર્યાં હોય તે કોઈ દિવસ પોતાનાં મનાતાં નથી, તેમ મોટા મોટા ગુણ આપણામાં આવ્યા હોય તે પોતાના ન માનવા; તો બહુ સુખી થવાય. ગુણ સર્વે મહારાજના છે, તેના ધણી પીરસનારને થવું નહિ. આ વાતો ઠેકાણે ઠેકાણે ને ઘેર ઘેર ન હોય. જેમ વરસાદ ઓચિંતાનો આવે છે તેમ આ વાતો કોઈક વખતે ઓચિંતાની થઈ જાય છે.''

'આ સુખમાં મોટા રમૂજો કરે છે તેમ તમો સર્વે સુખ ભોગવો.' એ વર દીધો.

''આ માર્ગમાં ખોટ નહિ આવે. આ મુક્તને મોટા મોટાએ પ્રમાણ કરેલા છે. કોઈ અણવિશ્વાસ રાખશો નહિ. આ શબ્દ તો અમારે વિષે રહીને શ્રીજીમહારાજ પોતે બોલે છે માટે મહારાજ બોલે છે એમ જાણજો. આ લાભ બહુ જ મોટો મળ્યો છે. જેવું કામ મહારાજ કરે તેવું કામ આ મુક્ત કરે છે એટલે જેમ મહારાજ પોતાના સુખમાં લઈ જાય છે તેમ જ મુક્ત પણ મહારાજના સુખમાં જીવને લઈ જાય છે એવું કામ કરે છે, પણ અનંત બ્રહ્માંડ કરવાં કે કોઈને કર્મફળ આપવું એવું કામ નથી કરતા; કેમ જે એ સકામ છે માટે નથી કરતા.''

''મોટા પાસેથી મૂર્તિનું સુખ માગવું તે સકામ ન કહેવાય; માટે માગવું. કોઈના અંતરનું જાણવું કે પોતાનું ધાર્યું સત્ય થાય તથા અગમ-નિગમનું જાણવું કે બ્રહ્મપુર, ગોલોકાદિક ધામ તથા ઐશ્વર્ય જોવા કે પામવા ઇચ્છે તે સર્વે સકામ કહેવાય; માટે તે ન ઇચ્છવું. તે સુખના આપનારા આ સભામાં છે. કોઈ તર્ક કરશો નહિ. કદાપિ ખોટું કહેતા હશું તો તેનું પાપ અમને છે, પણ વિશ્વાસ રાખશે તેને આ વખતે સરખું સુખ મળશે. જેમ પંક્તિમાં જમવા બેઠા હોય તેમને પીરસનાર એક જ

ભોજન આપે ને સરખું આપે, પણ જમનારની સત્તા પ્રમાણે જમાય છે એટલે જેવી શ્રદ્ધા તે પ્રમાણે ગ્રહણ કરે. કોઈક માંદા હોય તો જમે પણ નહિ ને ઊલટી પણ થઈ જાય; એટલે સાચી ન મનાય તે ન જમાણી જાણવી ને અવગુણ આવે તે ઊલટી થઈ જાણવી. આ વાતો સત્ય માને ને જીવમાં ઉતારે તો સર્વે શબ્દ સત્ય થાય. જેને આ વાતો જીવમાં ન ઊતરે તો જેવી કરી તેવી સત્ય ન થાય. જેને વિશ્વાસ ન આવે ને તર્ક થાય તેને પૂર્વેનું કરેલું પણ ખોવાઈ જાય.''

''આ વખતે સર્વે નાના-મોટાને સરખું સુખ દેવું છે. આ વાતે કરીને મૂર્તિનું સુખ સદા રહે ને મૂર્તિમાં થીજી જવાય. જેમ ઘડામાં ઘી થીજી જાય તેમ. દેહની ક્રિયા તો મહારાજની ઈચ્છાથી થાય અને જીવ તો સદા મૂર્તિમાં રહે એવું કરવું. બીજાં બધાં માન, મોટપ, ઓળખાણ, પ્રસિદ્ધિ, સાધન, સેવાભક્તિ એ સર્વે પડ્યાં મેલવાં ને એક મૂર્તિ સિદ્ધ કરવી; તો બધું કામ થઈ જ રહ્યું છે.''

''આ વાતો અને આ સમય એવો છે જે છ માસ ભેળો રહે તોપણ આ એક ઘડીમાં કામ થયું તેવું ન થાય. જેને ખરો વિશ્વાસ હોય તેને એમ જણાય જે મને બહુ લાભ મળ્યો અને અમને પણ એમ જણાય જે અમોએ ઘણું સુખ આપ્યું. જેને વિશ્વાસ ન હોય અને તે છ માસ ભેળા રહે તોપણ તેને એમ જણાય જે મને કાંઈ આપ્યું નથી ને હું પણ એમ જાણું જે એને મેં કાંઈ આપ્યું નથી. માટે જીવમાં સત્ય માનવું. આ વાતો વિશ્વાસે સહિત જીવમાં ઉતારે તો તેને આવરદા હોય તોપણ પડી રહે ને શ્રીજીના સુખમાં પહોંચાડી દઈએ. માટે મોટા બેઠા છે ત્યાં સુધી કામ કરી લો. આ વાતો સદાય ન હોય.''

''આ વાતમાં જેને વિશ્વાસ ન આવે તેને નાસ્તિકપણું છે ને મહારાજનો નિશ્ચય પણ એટલો ઓછો છે અને મોટાની મોટપ પણ એણે જાણી નથી. આજ તો એવા મોટા મળ્યા છે જે ગમે તેવો પામર અને પતિત જીવ હોય ને જો શરણે આવે તો તેનાં સર્વે પાપ ટાળીને

આત્યંતિક કલ્યાણ કરે. સત્સંગમાં આવ્યા કેડે પણ કાંઈક આડું-અવળું વરતાણું હોય ને તે જો મોટાને શરણે આવે ને તેમના ખોળામાં માથું મેલીને દીનતાએ સહિત ગદ્ગદ્ કંઠ થઈને ને ગરજવાન થઈને સ્તુતિ-વિનય કરે તો સર્વે પાપ પ્રાયશ્ચિત્ત વિના પણ ટળી જાય છે. મોટા આગળ નિષ્કપટ થાવું; તો બહુ કામ થાય છે.''

''શ્રીજીમહારાજનું સુખ છે તે મોટા ચાલતાં આપી દે છે. કોટિ સાધને અને કોટિ કલ્પે ન પમાય એવું સુખ મોટા તરત આપી દે છે. ધ્યાન કરવાની લટક પણ મોટાના શીખવ્યા વિના આવડતી નથી. મોટા શ્રીજીના સુખમાં ઉતારી દે તો સૂતી વખતે મહારાજની મૂર્તિ ધારીને મૂર્તિમાં લુબ્ધ થઈને સૂએ તો જાગૃતમાં, સ્વપ્નમાં ને સુષુપ્તિમાં સાક્ષાત્કાર અખંડ રહે; પણ ભુલાય નહિ. એવો મોટાનો પ્રતાપ છે; પણ મોટાની આગળ નિર્માની થાય તો. જેમ બાળકને ગાળો દે અને અપમાન ઘણું કરે ને મારે તોપણ તેનું તેને કાંઈ નહિ. ને વખાણે ને પૂજા કરે ને માન આપે તોપણ તેનું તેને કાંઈ નહિ; એ બે સરખું છે. તેમ સાધુને કોઈ મારે, નિંદા કરે, અપમાન કરે, વખાણે, પૂજા કરે, સન્માન કરે તે માન-અપમાનને ગણે નહિ; સોનાના દોરાની પેઠે છએ ઋતુમાં સરખો રહે તેના ઉપર મોટા કૃપા કરીને મહારાજનું સુખ આપે છે. જેટલું અમારાથી બનશે તેટલું અમો જરૂર કરીશું. આ ફેરે તો તમારું તથા હેતવાળા સર્વેનું આત્યંતિક કલ્યાણ કરીશું. જેવું અમારે સુખ છે તેવું તમને સર્વેને આપીશું અને અમારા જેવા કરીશું. આ તમને શરપાવરૂપી વર આપ્યો.''

વાર્તાની સમાપ્તિ કરીને સર્વેને મળ્યા. ॥૬॥

## વાર્તા ૭

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૬ને દિવસે સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જેમ મોટો શાહુકાર હોય તે હીરા, માણેક, મોતી તેનો વેપાર કરે છે તેના ભેળો કોઈ ગરીબ ભાગ રાખે, તો તેને પણ શાહુકારના સરખો ભાગ મળે છે. તેમ મોટા મુક્તના ભેળો ભાગ

રાખે તો મોટાને જે સુખ છે તે જીવોને આપે છે.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''વીજળીના અગ્નિ જેવા તથા વડવાનળ અગ્નિ જેવા મુક્તનાં લક્ષણ શાં હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''બ્રહ્મકોટિનાં અને મૂળઅક્ષરકોટિનાં સુખમાં ને ઐશ્વર્યમાં લેવાય નહિ તે સાધનદશાવાળા એકાંતિક વીજળીના અગ્નિ જેવા જાણવા. શ્રીજીમહારાજના તેજરૂપ ધામમાં રહ્યા થકા અહીં મનુષ્યરૂપે દેખાતા હોય તે સિદ્ધદશાવાળા પરમ એકાંતિક, તથા મૂર્તિમાં રહ્યા જે અનાદિ તે વડવાનળ જેવા જાણવા. તે મુક્ત આસુરી અને અતિ કુપાત્ર જીવ હોય તેનો પણ સંકલ્પ માત્રમાં ઉદ્ધાર કરે અને મૂર્તિને સમીપે લઈ જઈને મૂર્તિના સુખે સુખિયા કરે. એવું કામ વીજળી જેવા મુક્તથી થઈ શકે નહિ. તેમાં જે અનાદિમુક્ત છે તે તો જેવા શ્રીજીમહારાજ છે તેવા જ છે અને મહારાજની મૂર્તિમાં રહ્યા થકા મહારાજના સંકલ્પથી અહીં દર્શન આપે છે. જે એમનો આશરો કરે તેને પોતા જેવા અનાદિ કરીને મૂર્તિમાં રાખે છે અને મૂર્તિનું રોમરોમનું સુખ ભોગવે એવા સમર્થ કરે છે.''

''વીજળી જેવા મુક્તને માથે પણ કાળ, કર્મ, માયા આદિક કોઈનો હુકમ નથી. જેમ રાજાના કુંવરને માથે રાજા વિના બીજો કોઈ ઉપરી નથી તેમ. એવા વીજળી જેવા એકાંતિકને મુખે પણ શ્રીજીમહારાજ બોલે છે ને પગે ચાલે છે તેમજ સર્વે ઇંદ્રિયો દ્વારે શ્રીજીમહારાજ ક્રિયા કરે છે. માટે તેમાં જે કાંઈ અંતર્યામીપણું આવે કે ત્રિકાળનું સૂઝે એ આદિક જે કાંઈ ઐશ્વર્ય જણાય તેમાં એ ભક્ત પોતાપણું ન લાવે. સર્વ મહારાજનું કર્યું થાય છે એમ માને, પણ પોતાનું કર્યું થાય છે એમ ન મનાય તો સત્સંગમાં સુખિયા થવાય, દેહ સર્પની કાંચળી જેવો થઈ જાય અને પોતે સર્વેથી પર એકરસ ચિદ્‌ઘન તેજરૂપ થઈને પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામે. એવાની છાયામાં જે રહે તે પણ સુખિયા થાય છે અને એનો કારણ દેહ પણ ખોખા જેવો થઈ જાય

છે. આટલો લાભ તો જે પોતાપણું ન માને એવા એકાંતિકના સમાગમથી મળે છે.''

''જે શ્રીજીમહારાજના પરમ એકાંતિક તથા અનાદિમુક્ત છે તે તો શ્રીજીમહારાજની તુલ્ય છે. અને આપણે જેમ રાત્રિમાં તારા દેખીએ છીએ તેમ જે મુક્ત જીવને દેખે છે તેની સાથે વિશ્વાસ રાખે તો પોતાતુલ્ય કરે છે. આવા મુક્તના જોગનો લાભ તો અલૌકિક છે. આખી ઉંમર સત્સંગ કરે તોપણ આવા મોટાનો જોગ એક કલાક થાય તેમાં જેટલો સમાસ થાય તેટલો આખી ઉંમર સત્સંગ કરનારને ન થાય. ત્યાં દૃષ્ટાંત જે આ ગામના કુંવરજી પટેલ લક્ષ્મીરામભાઈની વાતો સાંભળીને એમ બોલ્યા જે, 'મેં પચાસ વરસ સંત-સમાગમ કર્યો, પણ તમારી વાતો એક કલાક સાંભળી તેમાં ઘણો સમાસ થયો.' એવો મોટાનો પ્રતાપ છે. માટે ખરા ભાવથી આતુરતાએ સહિત સંગ કરવો. શુદ્ધ સત્ત્વગુણી થઈને એટલે બ્રહ્મરૂપ થઈને મોટાની વાત સાંભળે તો તેનું ફળ થાય ને જીવમાં વાત પેસે ત્યારે જીવ વૃદ્ધિ પામે ને અપાર સુખ મળે. પરમ એકાંતિક થોડું બોલે, પણ શ્રીજીમહારાજની મૂર્તિની સન્મુખ રહીને બોલે છે ને જીવને બ્રહ્મરૂપ કરી મૂકે છે. સાધનિક ઘણું બોલે તોપણ તેના શબ્દથી શાંતિ ન થાય. માટે મોટાના શબ્દ જીવમાં ચોંટાડે તો સુખ, સામર્થી ને પ્રકાશ વૃદ્ધિ પામે છે.''

ત્યારે પુરાણી કૃષ્ણજીવનદાસજીએ પૂછ્યું જે, ''પૂર્વના સંસ્કારી જીવ હોય તેને સત્સંગ ઓળખાતો નથી તેનું શું કારણ હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''અશુભ સંગના દોષે કરીને સંસ્કાર દબાઈ રહે છે તે જ્યારે સત્પુરુષનો જોગ થાય ને સંપ્રદાયની રીતિ પ્રમાણે ચાલે તો સંસ્કાર ઉદય થાય ને થોડાકમાં સાધન પૂરાં થાય. કોઈકને સત્સંગમાં આવે ને પાધરું તેને મહારાજ દર્શન આપે છે કે ઐશ્વર્ય જણાય છે કે કોઈ સત્સંગીનો છોકરો હોય તેને લક્ષ થાવા માંડે છે. તે પૂર્વેના સંસ્કારી જીવ હોય ને પૂર્વે ભગવાન કે સંતને સેવાએ

કરીને રાજી કર્યા હોય એનું પુણ્ય ઉદય થઈ આવે ને મહારાજ તેને દર્શન આપે એટલે વૃત્તિઓ મહારાજના સ્વરૂપમાં તણાય ને લક્ષ થાય. જેમ પૃથ્વીને વિષે બીજ પડ્યાં હોય તે વરસાદના જોગથી ઊગી નીકળે તેમ તે પૂર્વસંસ્કારવાળો પોતાને સુખ, સામર્થી પ્રાપ્ત થઈ આવે તેને દબાવીને દાસાનુદાસ થઈને મોટા મુક્તનો જોગ કરે તો વૃદ્ધિને પામીને મહામુક્ત થઈ જાય. જો પોતાને સુખ-ઐશ્વર્ય પ્રાપ્ત થયું હોય તે પોતાને વિષે માણસને ખેંચવા માટે અગર પોતાની મોટપ બીજાને જણાવવા માટે કાંઈક ચમત્કાર બતાવે અગર ચમત્કાર ને સુખની વાતો કરવા માંડે તો પોતાની સ્થિતિમાંથી પડી જાય ને સત્સંગમાંથી પણ પડી જાય. એવું મોટું વિઘ્ન આવે. માટે પોતાનો ગોળ પોતે ચોરી ખાવો. એટલે પોતાને જે સુખ મળ્યું હોય તે પોતે ભોગવવું; પણ બીજાને જણાવવું નહિ.'' ॥૭॥

## વાર્તા ૮

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૬ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત હરિજનો શ્રી કાકરવાડીએ નાહવા ગયા હતા, ત્યાં નાહી બાવળ નીચે બેસી માનસી પૂજા કરી.

પછી બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જ્યાં પરમ એકાંતિક હોય ત્યાં મહારાજ હોય છે. મહારાજનો અને મુક્તનો મહિમા અપાર છે તેને કોઈ ઉપમા દેવાય નહિ. અખંડ મૂર્તિમાં રહ્યા છે. મહારાજની મરજી પ્રમાણે બોલે છે, ચાલે છે, ખાય છે, પીએ છે, તે સર્વે કરતાં થકા અકર્તા છે. પર્વતભાઈએ શ્રીજીમહારાજ આગળ વાત કરી હતી જે, 'હે મહારાજ! મને લોકો કહે છે જે તમને સાઠ વર્ષ થયાં; પણ જો મેં તમારી મૂર્તિ વિના આ લોકમાં કાંઈ દીઠું હોય કે ભોગવ્યું હોય કે સાંભળ્યું હોય તો મને પાંચસો પરમહંસના સમ છે. હું તો સદાય તમારી મૂર્તિમાં જ રહ્યો છું; બીજું કાંઈ દેખતો નથી.' એમ મુક્ત અકર્તા છે.''

"આવી સામર્થી છતાં પણ અલ્પ જીવનું માન-અપમાન સહન કરે છે તે સમર્થ થકા જરણા કરે છે. અને કોઈક ઉપાધિ કરે તેને ભક્તિ માને; કેમ કે ઉપાધિ કરનારના રૂડા ગુણ એમને આવે છે. ઉપાધિ કરનારને પાપ લાગે છે. જેમ એક જણ બે ધોકા મારીને સોનામહોરો મૂકી જાય ને સાંબેલું લઈ જાય તેવું થાય. માટે ભગવાનના ભક્તને ક્ષમા રાખવી. ક્ષમા જેવું કોઈ હથિયાર નથી. જે ક્ષમા રાખે તેનું પાપ ક્રોધ કરનારને જાય છે. ક્રોધ કરનારનું પુણ્ય ક્ષમાવાળાને જાય છે. માટે ભગવાનના ભક્તના દ્રોહથી બીતા રહેવું."

"અહંમમત્વમાં મોટાનો અપરાધ થઈ જાય. માટે અહંમમત્વ ન કરવો. મમત્વ બંધાય ત્યારે ભગવાનના મોટા ભક્ત હોય તેને ન્યૂન કહી જવાય અને નાના હોય તેને મોટા કહી જવાય. તેનો ઘણો દોષ લાગે. એ ભગવાનના ભક્તને જાળવવું; કેમ કે તેમાંથી આ લોકમાં ઘણું દુઃખ આવી પડે અને જીવનું પણ ભૂંડું થાય. કેમ કે નાના હોય તેને મોટા કહે તો નાના હોય તે પણ કોપાયમાન થાય. જેમ ગુરુને મૂકીને શિષ્યની પૂજા કરે ને તેને ગાદી-તકિયો નાખી દે ત્યારે શિષ્ય જાણે કે, 'મારા ગુરુને પડ્યા મૂકીને મારી પૂજા કરે છે તે બહુ જ ખોટું કરે છે.' એવી રીતે શિષ્યને ન ગમે તેથી શિષ્ય પણ કોપે. ત્યારે પૂજા કરનારનું ઊલટું ભૂંડું થાય અને સત્સંગરૂપી સુખના સાગરમાંથી નોખું પડવું પડે, દુઃખના દિવસ ભોગવવા પડે અને સત્સંગનો કુરાજીપો થાય. તે કેટલાક ભોગવે છે તે આપણે દેખીએ છીએ; માટે અહંમમત્વ ન કરવો. દાસાનુદાસ થઈ રહેવું. 'દાસના દાસ થઈને જે રહે સત્સંગમાં, ભક્તિ તેની ભલી માનીશ રાચીશ તેના રંગમાં' એમ મહાપ્રભુજીએ ભક્તચિંતામણિમાં કહ્યું છે. માટે એમ રહેવું." ॥૮॥

## વાર્તા ૯

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૬ની રાત્રિએ બાપાશ્રીએ વાત કરી જે, "શ્રીજીમહારાજ પોતાના ભક્તની કામ, ક્રોધાદિક થકી રક્ષા

કરે છે; પણ જે પોતાના ભક્તનો દ્રોહ કરે તેની રક્ષા કરતા નથી. દાદા ખાચરે હાથગરણું માગ્યું જે, 'તમારા ભક્તના સર્વે ગુન્હા માફ કરીને અંત વખતે તમારા ધામમાં લઈ જજો.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'કરોડો ગુન્હા માફ કરીને અમારા ધામમાં લઈ જાશું, પણ જે અમારા ભક્તનો દ્રોહ કરશે તે ગુન્હો માફ નહિ કરીએ.' કીડી જેવા જીવનો પણ દ્રોહ કરવો નહિ.''

''સત્સંગમાં દાસપણું રાખે તેને કોઈનો અવગુણ ન આવે અને તેમાં રૂડા ગુણ આવે છે. જેને દાસપણું ન આવે ને પોતાને મોટા જાણે તેમાં માન, ક્રોધાદિક દોષ રહે છે તે દોષ સત્સંગના અવગુણ લેવરાવીને સત્સંગથી બહાર લઈ જાય છે ને હેરાન હેરાન કરે છે. જ્યારે જીવને સત્સંગમાં સંતનો ને હરિજનનો અવગુણ આવે છે ત્યારે તેનું માથું ફરી જાય છે ને દિશ ભૂલી જવાય છે. મોટાનું વાળ્યું પણ પાછું વળાતું નથી; કેમ જે એમણે કારણ ઓળખ્યું નથી. જો કારણને એટલે શ્રીજીમહારાજને ને મુક્તને ઓળખીને તેમને વળગે તો તેને દેશકાળ નડી શકે નહિ, કોઈ વિઘ્ન પણ આવે નહિ. તેને માન, મોબત કે કાંઈ વસ્તુ જોઈએ જ નહિ.''

''માટે સાધુને તો કોઈ પ્રકારનું માન કે મમત્વ ન કરવો. અમદાવાદ કે મુળી કે ભુજ મારું છે એવી સમજણ ન રાખવી. કોઈ ઠેકાણે તમારું કાંઈપણ શ્રીજીમહારાજે રાખ્યું નથી. પ્રકૃતિના કાર્યમાં સાધુનો ક્યાંયે ભાગ રાખ્યો નથી માટે માન-સન્માન સારુ ક્યાંય બંધાવું નહિ. 'સર્પતુલ્ય સન્માન અને પૂર્ણ પાપતુલ્ય માન' સમજવું. સન્માન થાય તો કાળો નાગ વળગ્યો એમ જાણવું. માન થાય તો પૂર્ણ પાપ વળગ્યું એમ જાણવું.''

તે ઉપર દૃષ્ટાંત દીધું જે, ''સ્વામીશ્રી અક્ષરજીવનદાસજીને ગાદી-તકિયો આપવા માંડ્યો તોપણ લીધો નહિ અને કહ્યું જે, 'બહુ આગ્રહ કરશો તો આ ભુજ સ્થાન મેલીને બીજા દેશમાં જઈને રહીશ.'

સંતને તો એમ સમજવું જે વનમાં છીએ અને ગોળા માગી ખાઈએ છીએ; પણ હવેલી કે બાગ, બગીચા, માન, સન્માન, ઉત્સવ, સમૈયા, રસાસ્વાદ એ કાંઈ નથી. ઘર મેલવું ત્યારે પણ એવો વિચાર કરવો જે વનમાં જઈએ છીએ ને ગોળા માગી ખાશું અને ભગવાન ભજશું. એવો ભાવ સદા રહે તો સુખે ભગવાન ભજાય ને મોટાનો જોગ-સમાગમ થાય.''

''સત્સંગમાં તો પરિપક્વ નિશ્ચયવાળા સંતને માન, સન્માન, વસ્ત્ર, રસાસ્વાદ આદિ સિદ્ધિઓ મળે; પણ એ બધી ગ્રહણ કરવી નહિ. ઘટે એટલું ગ્રહણ કરવું ને બાકીનું ત્યાગ કરવું. એમ ન કરે ને બધું ગ્રહણ કરે તો ભગવાન ભુલાય અને વિષયી થઈ જવાય. રસાસ્વાદ જીવનું બહુ બગાડે છે તેથી રસાસ્વાદ મૂકે તો મોટાના સમાગમનું સુખ આવે. બાજરીના રોટલા શ્રી ઠાકોરજીને જમાડીને ભગવાન ભજવા ને આવા મુક્તનો સમાગમ કરવો. પૂર્વે તો મુમુક્ષુઓએ ધોવરામણ પીને પણ સમાગમ કર્યો છે. આજ તો પત્તર ભરીને જોઈએ તેટલું મળે છે. આગળ તો સંત લીંબુ લીંબુ જેટલા ગોળા ખાઈને રહેતા. અને આજ તો પૂરેપૂરું મળે છે તોપણ સ્વાદ ન મૂકે તો દુઃખી થાય. માટે રસાસ્વાદનો ત્યાગ કરવો.''

તે ઉપર પોતાની વાત કરી જે, ''અમારે બાજરીના રોટલા વિના બીજું રુચે જ નહિ ને દાંત નથી તે ચવાય નહિ. ઊનો રોટલો પાણીમાં બોળીને રાખ્યો હોય તે રોટલો ને ગુવારનું કે રાતડિયાનું શાક હોય તે ચોળીને દશ વાગે મહારાજને જમાડીએ છીએ. સાંજના ચોખા વિનાની મઠની ખીચડી કરે તેમાં મેળ લેવા બાજરીનો લોટ નાખે તે ખીચડી જમાડીએ છીએ તે વિના બીજું ગળ્યું-ચીકણું કાંઈ ગમે જ નહિ. ગુજરાત દેશમાં આવીએ તોપણ બાજરીનો રોટલો કરાવીને શ્રીઠાકોરજીને જમાડીએ. ફળફૂલ તથા નાનાપ્રકારના મેવા-મીઠાઈ આવે, પણ કોઈ દિવસ સંકલ્પ જ થાય નહિ, તે તમો જાણો છો. કોઈ દિવસ જમતાં દેખ્યા છે?''

ત્યારે સંતો કહે, "ના બાપા! આપ સંતોને વહેંચી આપતા, પણ આપને કોઈ દિવસ જમતાં દેખ્યા નથી."

બાપાશ્રી કહે જે, "કોઈ દિવસ કોઈ ભાવે સહિત બહુ જ આગ્રહ કરે તો લગાર ગ્રહણ કરીએ, પણ તેની રુચિ નહિ; કેમ જે ગ્રહણ કરવા માંડે તો જીવ ચટણો થઈ જાય. માટે એમ રાખીએ તો ઠીક રહે."

ત્યારે સંતે કહ્યું જે, "આપનું ખાવું-પીવું, ઓઢવું-પહેરવું તે સર્વે જીવના કલ્યાણને અર્થે છે; તોપણ અમને શીખવવા સારું આપ એમ વરતો છો. માટે અમારા ઉપર દયા કરીને અમને પણ એવા આશીર્વાદ આપો જે અમારી પણ એવી રુચિ થાય."

ત્યારે બાપાશ્રી કહે જે, "મહારાજનો અને મોટાનો ખરો ખપ રાખશો તો તમારે પણ તેવું થાશે." ॥૯॥

## વાર્તા ૧૦

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૭ને રોજ સવારે સભામાં સ્વામી ઈશ્વરચરણ-દાસજીએ પૂછ્યું જે, "ધર્મામૃતમાં બારસ અને પૂનમ એ બે દિવસે પાકી રસોઈ લેવી એમ કહ્યું છે તેનું અમારે કેમ કરવું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "સંતને શ્રીજીમહારાજની ઇચ્છાથી જે મળે તેનો શ્રીજીમહારાજને થાળ કરી જમાડવા. પછી પાણી નાખીને ખૂબ મેળવીને એરંડિયા જેવું કરીને મહારાજને સંભારીને એક વાર જમવું; બીજી વાર જમવું નહિ. ડબા ભરી રાખવા નહિ. જમવાની ના નથી. અને ભાતું તો ક્યારેક લાંબી મજલ કરવાની હોય ને અવશ્ય લેવું પડે એવું હોય તો લેવું. પોતાના હાથે થાળ કરીને શ્રીજીમહારાજને અને સંતને જમાડવાની શ્રદ્ધા રાખવી. શ્રીજીમહારાજને અને સંતને રસોઈ કરીને જમાડે તો મહાપ્રભુજી રાજી થાય, પણ બેસી રહ્યામાં કાંઈ સુખ મળે નહિ. કદાપિ બ્રાહ્મણ પાસે રસોઈ કરાવવી પડે, તો શ્રીજીમહારાજનો આશ્રિત હોય ને શુદ્ધ આચારવાળો પવિત્ર હોય તો

તેના હાથની કરેલી જમવી, પણ સત્સંગી ન હોય તેના હાથનું ખાવું નહિ.''

ત્યારે સ્વામી બાલકૃષ્ણદાસજીએ પૂછ્યું જે, ''જે સાધુ વર્તમાન ન પાળતા હોય તેના હાથનું ખાવું પડે તો કેમ કરવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એવા હોય તો નોખી પંક્તિ કરવી, પણ તેના હાથનું ખાવું નહિ.'' ॥૧૦॥

## વાર્તા ૧૧

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૭ને રોજ બપોરે સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''એક સમયને વિષે પર્વતભાઈ આદિ સંઘ સર્વે જૂનાગઢ શ્રીજીમહારાજનાં દર્શન કરવા જતા હતા. પર્વતભાઈ તો પૃથ્વીથી આકાશમાર્ગે ઊંચા ચાલી નીસર્યા ને મહારાજનાં દર્શન કર્યાં. પછી પાછળથી મયારામ ભટ્ટ, જેઠાભાઈ, કલ્યાણ ભક્ત તથા ભીમભાઈ આદિક સંઘ સર્વે ગયો. તેમને શ્રીજીમહારાજે પોતાનું શરીર બતાવીને કહ્યું જે, 'આ અમારે શરીરે ઉઝરડા બહુ થયા છે.' ત્યારે હરિજનોએ પૂછ્યું જે, 'હે મહારાજ! આવડા બધા ઉઝરડા શાથી થયા છે?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'તમે પર્વતભાઈને એકલા આવવા દીધા તે અમારી મૂર્તિમાં રહીને ઊડ્યા, તે જાળાં-ઝાંખરાંમાં અથડાવાથી ઉઝરડા થયા છે. માટે તમે પર્વતભાઈને સાથે રાખ્યા હોત તો આવું દુઃખ અમને થાત નહિ.' ત્યારે હરિજનોએ કહ્યું જે, 'મહારાજ, હવે અમે પર્વતભાઈને સૂના નહિ મૂકીએ ને સેવા કરીશું.' ત્યારથી હરિજનો મહિમા જાણીને સેવા બહુ કરતા.''

''એક વાર પર્વતભાઈ માંદા થયા તેમની સેવા હરિજનો મહિમા જાણીને કરતા. તેમને કોઈક ગામથી કંકોત્રી આવી જે વસંતપંચમીને દિવસે મૂર્તિ પધરાવવાનું મુહૂર્ત છે, માટે તમે સર્વે પધારજો. પછી હરિજનો ભાઈશ્રીને પૂછવા ગયા જે, 'કંકોત્રી આવી છે ત્યાં અમો જઈએ?' ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, 'રાજસી યજ્ઞમાં જાઓ, કાં

સાત્ત્વિક યજ્ઞમાં રહો. જેમ તમારી મરજી હોય તેમ કરો.' એમ બોલ્યા, પણ હરિજનો સમજી શક્યા નહિ તેથી બે-ત્રણ વાર પૂછ્યું તોપણ એવો જ જવાબ દીધો. તેને સમજ્યા નહિ ને કંકોત્રી આવી હતી ત્યાં ગયા."

"તે દિવસે પર્વતભાઈએ ગામના સર્વે માણસોને બોલાવરાવ્યા ને કહ્યું જે, 'આજ મારે દેહ મૂકવો છે, માટે જેને આ ટાણે મારાં દર્શન થાય તેને હું અંત વખતે આવીને ધામમાં તેડી જઈશ.' પછી સર્વે લોકોએ દર્શન કર્યાં. અને બાળક, પશુ, પક્ષી, સર્વેને પર્વતભાઈનાં દર્શન કરાવ્યાં. ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, 'જેટલા આ વખતે મારી દૃષ્ટિએ ચઢ્યા તે સર્વે જીવોને હું તેડવા આવીશ.' એમ કહીને પોતે દેહોત્સવ કર્યો. તે સમયે લાખો-કરોડો વિમાન અને મુક્તોએ સહિત શ્રીજીમહારાજનાં દર્શન સર્વેને થાતાં હવાં. એમ અન્યથાકર્તાપણું વાપર્યું. આવી સામર્થી અનાદિમુક્તમાં હોય."

"એવા મુક્ત તમને મળ્યા છે. જેમ પીરસનાર વિના ભોજન જમાતું નથી તેમ મુક્ત વિના મહારાજની વાત સમજાતી નથી. આવા મહારાજ ને આવા મુક્ત, જેના મહિમાનો કોઈ પાર પામી શકતા નથી, તે દયા કરીને પધાર્યા છે તેને પામીને જે એમ જાણે જે, 'મને મહારાજ કેમ દર્શન નહિ દેતા હોય? મારા ઉપર રાજી હશે કે નહિ હોય?' તે મહારાજમાં દોષ પરઠે છે, પણ પોતાની આળસ છે એ ખોટ નથી જાણતો. મોટા મુક્ત વાત નથી કરતા તે આપણા ઉપર રાજી હશે કે નહિ હોય એમ જે જાણે તે મુક્તમાં દોષ પરઠે છે, પણ પોતાના પાત્રપણાની તારતમ્યતાની ભૂલ જાણતો નથી. એ નાસ્તિકપણું છે. મોટા ને મહારાજ મળ્યા છે તે પ્રસાદ આપે છે, લીલા કરે છે, વાતો કરે છે, પ્રશ્ન પૂછે છે, તેનો ઉત્તર પોતે કરે છે, મળે છે, હાર આપે છે, તે બહુ રાજી છે. અને મોટા ઓળખાણા તે પણ એમના રાજીપાથી ઓળખાણા છે. એમાં જીવનું કાંઈ સાધન નથી. માટે મોટા રાજી છે ને સર્વે પ્રાપ્તિ થઈ રહી છે." ॥૧૧॥

# વાર્તા ૧૨

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૭ને રોજ સાંજે સરસપુરના જેઠાભાઈએ પૂછ્યું જે, "જેને મહારાજને અને મુક્તને રાજી કરવાની ઈચ્છા હોય, પણ આવડત ન હોય તે શું કરે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જેને આવડત ન હોય તો તે મોટાને પૂછીને કરે તો ઘણા પ્રસન્ન થાય. મોટાની અનુવૃત્તિમાં રહીને થોડી સેવા કરે તોપણ રાજી થાય અને અનુવૃત્તિમાં ન રહે ને તે ઘણી સેવા કરે તોપણ રાજી થાય નહિ. જીવના સ્વભાવ મહારાજની અને મોટાની અનુવૃતિમાં રહેવા દે એવા નથી. પોતાનું ધાર્યું મહારાજ પાસે અને મોટા પાસે કરાવે એવા અવળા છે."

"સ્વામી અચ્યુતદાસજી આદિ મંડળ ગામ ચાંદ્રાયણીથી અર્ધી રાત્રે ચાલ્યા, તે માર્ગમાં રાત્રિએ સૂતા અને ઊઠીને ચાલવા માંડ્યા. તે પાછા વળ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, 'સંતો! જે ગામથી આવ્યા ત્યાં જવાશે.' તોપણ દિશભૂલ થવાથી સાધુએ માન્યું નહિ. સવારે ચાંદ્રાયણી આવ્યા ત્યારે સ્વામીને વિનંતી કરી જે, 'અમોએ તમને બે-ચાર ગાઉ પાછા ચલાવ્યા.' સ્વામી બોલ્યા જે, 'આપણે સર્વેને ચાલવું પડ્યું છે.'"

"મોટા એવા સરળ હોય અને જીવ પોતાનું ધાર્યું કરે. મોટાને ગુણ ઘાલવા છે, પણ જીવ ગ્રહણ કરતા નથી. ગુરુ હોય તથા મોટા હોય તેમની પાસે પોતાનું ધાર્યું ન કરાવવું; કેમ જે તેમાં આપણે શું જાણીએ જે કેમ થશે?"

"શ્રી ગોપાળાનંદ સ્વામી એક ગામથી બીજે ગામ ચાલ્યા ત્યારે પોતાના શિષ્યોને કહ્યું જે, 'પુસ્તકે મીણિયાં બાંધજો.' પણ વાદળું નહિ હોવાથી એ વચન માન્યું નહિ. પછી માર્ગમાં વરસાદ થયો ને પુસ્તક પલળી ગયાં. વળી કોઈક સમયે કહ્યું જે, 'આ ટાણે દિવસ છે.' ત્યારે શિષ્યોએ કહ્યું જે, 'રાત્રિ છે.' પણ મોટાને તો રાત્રિ કે દિવસ છે જ નહિ; કેમ જે એ તો સદાય મૂર્તિમાં જ હોય તે નાહ્યા-ધોયા વિના જમે

તોપણ એમને બાધ નહિ. જેમ આપણ દિવસે સૂઈએ છીએ, પણ જાગીને નાહ્યા-ધોયા વિના જમીએ છીએ તેમ મોટાને રાત્રિ છે જ નહિ. માટે મોટાની ક્રિયામાં દોષ જોવા નહિ. જ્યારે પંચ વર્તમાનમાં ફેર હોય ત્યારે દોષ જાણવો.'' ॥૧૨॥

## વાર્તા ૧૩

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૭ની રાત્રિએ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જેમ નદી, તળાવ, સમુદ્ર તે પાણીને રહેવાનાં પાત્ર છે તેમાં સમુદ્ર શ્રેષ્ઠ પાત્ર છે. માટે સમુદ્ર જેવો પાત્ર થાય ત્યારે મહારાજની મૂર્તિ દેખાઈ આવે. જેમ વીજળીનો સંચો ચાલે છે ને તેમાંથી ધુમાડો ચાલે છે તેના દીવા થઈને પ્રકાશ કરે છે, ને જ્યારે સંચો બંધ થઈ જાય છે ત્યારે દીવાનો પ્રકાશ પાછો વળી જાય છે. એ દૃષ્ટાંતનું સિદ્ધાંત એ છે જે સંચાને ઠેકાણે શ્રીમહાપ્રભુજીની મૂર્તિ છે અને ધુમાડાને ઠેકાણે શ્રીજીમહારાજનું સુખ છે ને દીવાને ઠેકાણે મુક્ત છે. જેમ દીવો પ્રકાશ કરી આપે છે તેમ મુક્ત મહારાજનું સુખ લઈને જીવોને આપે છે. મુક્ત વિના પરબારું મહાપ્રભુજીનું સુખ કોટિ સાધને પણ મળતું નથી. તે પણ પાત્ર પ્રમાણે મળે છે. અને જો ગ્રહણ કરનાર પાત્ર ન હોય તો જેમ દીવાનો પ્રકાશ પાછો સંચામાં વળી જાય છે તેમ પાછું મહારાજ પાસે જતું રહે છે.''

''વળી બીજું દૃષ્ટાંતઃ જેમ વીજળીનો ઝબકારો પૃથ્વી ઉપર આવીને પાછો આકાશમાં મેઘની ઘટામાં જતો રહે છે તેમ. માટે મુક્ત દ્વારે જ મહારાજ સુખ આપે છે ને પોતે તો અકર્તા રહે છે; તોપણ મહારાજની મરજી વિના મહારાજનાં ગુણ કે જ્ઞાન કે મૂર્તિ કોઈ મુક્તથી આપી શકાય નહિ. એ તો શ્રીજીમહારાજે સંકલ્પ કરીને જે મુક્તને મૂક્યા હોય તેને પોતાના સુખની કૂંચી આપી હોય તે મુક્ત શ્રીજીમહારાજના જેટલું કામ કરે. શા માટે જે શ્રીજીમહારાજનો સંકલ્પ છે અને શ્રીજીમહારાજની વતી આવ્યા છે અને એ મોક્ષ કરવારૂપી મૂળ

સંકલ્પ છે. મૂળઅક્ષરો પાસે સૃષ્ટિ કરાવીને જીવોને દેહ ધરાવીને આવા મુક્તનો યોગ થાય ને મહારાજ પાસે આવે માટે સૃષ્ટિ કરાવવી એ બીજો સંકલ્પ છે. તોપણ પોતે અકર્તા રહે છે ને કલ્યાણકર્તા મુક્તને મુખ્ય રાખે છે.''

''અને જીવકોટિને કર્મફળ આપવાં તથા ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ ને અક્ષરકોટિ એ સર્વેને ઐશ્વર્ય આપવાં તે પોતાના તેજ દ્વારે કરે છે ને ઉત્પત્ત્યાદિક ક્રિયા તે મૂળઅક્ષરો દ્વારે કરાવે છે. અને તે અક્ષરો બ્રહ્મને પ્રેરણા કરે છે ને સ્થિતિરૂપ ક્રિયા વાસુદેવબ્રહ્મ પાસે કરાવે છે અને ઉત્પત્તિરૂપ ક્રિયા તે મૂળપુરુષ દ્વારે કરાવે છે અને પ્રલયરૂપ ક્રિયા તે મહાકાળ દ્વારે કરાવે છે. એવી રીતે કરાવે છે, પણ પોતાને માથે લેતા નથી. જેમ કોઈ મનુષ્ય મરે ત્યારે લોક કહે જે, 'તાવ આવ્યો હતો કે હરકોઈ રોગથી મૂઓ' પણ 'ભગવાને માર્યો' એમ કોઈ કહેતા નથી. માટે મહારાજ માથે લેતા નથી. તેમ જ કલ્યાણ તે મુક્ત પાસે કરાવે છે ને પોતે તો પોતાના મુક્તોને પોતાની મૂર્તિનું કેવળ સુખ જ આપે છે.''

''માટે કલ્યાણને અર્થે મુક્તનો ખપ કરવો જઈએ. અને ધ્યાન પણ મોટાની સહાય વિના સિદ્ધ થાતું નથી. મોટા પ્રસન્ન થઈને સહાય કરે તો સહેજે મૂર્તિનું સુખ આપી દે. ને મોટાનો સાચો વિશ્વાસ ને સંપૂર્ણ મહિમા જાણ્યો હોય તો જ્યાં સંભારે ત્યાં પોતે પ્રગટ આવીને તેનું કામ કરે છે. અને જે ચાલોચાલ સમાગમ કરે તેને મોટાનું સુખ વાતચીતમાં આવે નહિ. જેમ વીજળીનું દૃષ્ટાંત દીધું તેમ. માટે પાત્ર થાવું. તે પાત્ર ક્યારે થવાય? તો પોતાનું મનગમતું સર્વે મૂકી દઈને જેમ મોટા કહે તેમ સરળપણે વર્તે તો તરત પાત્ર થાય. જેમ આંબા આદિક ઝાડને પાણી પાઈએ છીએ તો તે કેરી આદિક ફળને આપે છે, તેમ મોટાની સેવા ને સમાગમ કરવાથી મહારાજની મૂર્તિરૂપી ફળ પ્રાપ્ત થાય છે. મોટાનો સમાગમ કરવા માંદા આવે ને સાજા આવે તેમાં માંદાને ફળ વધારે મળે છે; કેમ જે એમાં સત્તા નથી તોપણ આવે છે, માટે મોટા બહુ રાજી

થાય છે. ત્યાં દૃષ્ટાંતઃ જેમ કરોડોપતિ હજાર રૂપિયા આપે ને ગરીબ એક રૂપિયો આપે તે સરખું કહેવાય તેમ.'' ॥૧૩॥

## વાર્તા ૧૪

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૮ને રોજ સવારે મુળીવાળા સ્વામી બાળકૃષ્ણદાસજીએ પૂછ્યું જે, ''એક સાધુ ધ્યાન કરે છે ને ધ્યાન કરતાં કરતાં રોવા માંડે છે તે શું સમજવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એ સાધુનો અવગુણિયો સ્વભાવ છે માટે પ્રથમ પણ શ્રીજીમહારાજનું સુખ નહોતું ને હાલ પણ નથી. અને જે રૂવે છે તે તો સિદ્ધિઓ છેટે દેખાય છે ને પાછી અદૃશ્ય થાય છે એટલે રડવું આવે છે અને તેને પામવાને માટે રુદન થાય છે. જેને મહારાજનું સુખ કે મૂર્તિ દેખાય તેને તો અતિશય આનંદ પ્રાપ્ત થાય અને અદૃશ્ય થાય તોપણ રોવરાવે નહિ. અને જે રોવરાવે તે તો માયા હોય એમ જાણવું. માટે જેને મોટા મળ્યા ન હોય, ને મોટાનો જોગ ન હોય તેને ધ્યાનમાર્ગમાં વિઘ્ન ઘણાં આવે છે અને સિદ્ધિઓ તથા ઐશ્વર્ય દેખાય તેને ઓળખે નહિ. એ તો જ્યારે મોટા મળે ત્યારે એ વિઘ્નને આવવા દે નહિ ને જ્ઞાન આપીને પાત્ર કરીને ધ્યાન કરાવીને મૂર્તિ સિદ્ધ કરાવે. માટે પાત્ર થવાય એવા મોટાનો જોગ કરવો.''

''આ લોકમાં સાધનદશાવાળા ભક્ત ઓળખાય, પણ સિદ્ધ મુક્તને ઓળખવા તે કઠણ છે. કોની પેઠે? તો જેમ એક તો સદાયનો બહુ જ ધનાઢ્ય હોય અને તેનો ખજાનો ભરેલો હોય ને કાંઈ ઉદ્યમ પણ ન કરતો હોય તેથી બહાર એનો ઉદ્‌ઘોષ ન જણાય. અને એક તો ઘણા ઉદ્યમ કરતો હોય ને મોટાં મોટાં શહેરોમાં દુકાનો ચાલતી હોય, તેનો ઉદ્‌ઘોષ બહુ જણાય. તેમ એક તો જપ, તપ, કથા, કીર્તન, સેવા, ધ્યાન બહુ જ કરે તેને જોઈને એમ જાણે જે આ તો રાત્રિ-દિવસ મંડ્યા રહે છે. એમ ઉદ્‌ઘોષ બહુ જણાય અને સિદ્ધદશાવાળા તો મૂર્તિમાં જ રમૂજ કર્યા કરે ને મૂર્તિના સુખમાં જ ગુલતાન હોય ને સુખમાં જ ડૂબ્યા હોય

તેથી કથા, વાર્તા, જપ, તપાદિક બહુ કરતા ન દેખાય તે ક્યાંથી ઓળખાય? માટે મુક્ત ઓળખવા તે કલમ કઠણ છે.''

''અને જેને પૂરું જ્ઞાન ન હોય તે કોઈકને સમાધિ દેખે તો અહોહો થઈ જાય. પણ તે તો વિષયરૂપી વાયુ લાગે તો હોલવાઈ જાય. વાસના છે તે સમાધિમાં બ્રહ્મનું સુખ આવતું હોય ત્યાંથી પાછો ખેંચી લાવે એવી છે. અને સમાધિમાં સકામ ભાવ છે ને તેમાં નુકસાન છે. માટે સમાધિ કરતાં અખંડ સ્મૃતિ તે શ્રેષ્ઠ છે. અને એથી મૂર્તિનો સાક્ષાત્કાર થાય તે શ્રેષ્ઠ છે. અને તેથી પણ મૂર્તિમાં રસબસ થઈ જવાય તે શ્રેષ્ઠ છે. સમાધિવાળો સકામ છે અને અખંડ સ્મૃતિવાળો નિષ્કામ છે. આ સભાથી બીજી જુદી દિવ્ય સભા જોવા ઇચ્છે તેના મુખની વાણી ન સાંભળવી. આ સભામાં સુખ ને તેજ ને શીતળતા રહી છે. તેથી સુખપરના લક્ષ્મણ ભક્તને ગોપીઓની પેઠે 'લ્યો કાન, લ્યો કાન' એની પેઠે આનંદના ફુવારા બહાર નીકળી ગયા.'' ॥૧૪॥

## વાર્તા ૧૫

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૮ને રોજ બપોરે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''ભરવાડને હાથ હીરો આવ્યો હોય તો બકરીની કોટે બાંધે, અને તે હીરો વેચે તો એક પાવળું તેલ જ મળે. પણ જો તેના કિંમતી મળે અને હેમના પાત્રમાં મૂકે તો ચંદ્રની કિરણથી બ્રહ્માંડ ભરાઈ જાય એટલું સોનું નીકળે. માટે હેમના જેવું પાત્ર થવું જોઈએ. આપણે અક્ષરધામ સુધી કાંઈ ગણતરીમાં નથી એવડી મોટપ શ્રીજીમહારાજને તથા અનાદિમુક્તને પ્રતાપે કરીને આવી છે. આ સાચી વસ્તુ જે શ્રીજીમહારાજ અને મોટા અનાદિમુક્ત તે મળ્યા, તો મોટાં મોટાં સ્થાન જે બ્રહ્મકોટિ અને તેથી પર જે મૂળઅક્ષરકોટિ તે પણ ખોટાં થઈ ગયાં.''

''આ સભામાં પડ્યા હોય તોપણ શ્રીજીમહારાજનો ને અનાદિમુક્તનો મહિમા જાણી શકે નહિ. કોઈકને મૂર્તિમાન મૂળઅક્ષર

મનાણું છે અને કોઈકને તેથી પર જે શ્રીજીમહારાજનું તેજરૂપ અક્ષરધામ તે મનાણું છે અને કોઈકને તેથી પર જે પરમ એકાંતિક તે મનાણું છે ને કોઈકને તેથી પર જે અનાદિમુક્ત તે મનાણું છે. તે આવા અનાદિમુક્ત સાથે મન બાંધવું તે ઉત્તમ છે. આ તો સામર્થી ઢાંકીને બેઠા છીએ, પણ જો પ્રગટ કરીએ તો તમે ઝીલી શકો નહિ.''

''વડોદરામાં શાસ્ત્રીઓએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, 'તમારા મોટા મોટા સંતમાં કેવી સામર્થી છે?' પછી શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું જે, 'તમારી સામર્થી થોડીક બતાવો.' પછી બ્રહ્માંનંદ સ્વામીએ મોટું સોનાનું પારણિયું બાંધી દીધું ને તેમાં સૂર્ય-ચંદ્ર બેયને બે છેડે લટકાવ્યા, તારાનું ઝૂમખું વચ્ચે લટકાવ્યું ને રમવા મંડ્યા. એવી સામર્થી બતાવીને બોલ્યા જે, 'આ તો હું છ મહિનાનો હતો ત્યારે પારણિયામાં સૂતે સૂતે સૂર્ય, ચંદ્ર ને તારા તેને લાંબો હાથ કરીને લાવીને પારણિયે બાંધીને લીલા કરી હતી તે બતાવી. આજની સામર્થીનો તો કાંઈ પાર આવે તેમ નથી.'''

''એવી સામર્થી તમારી પણ છે. આ સભાનું પ્રમાણ થાય તેમ નથી. આ તો અપાર છે. આ સુખ અંતરમાં ઊતરે તો દીવાના થઈ જવાય. આ સભામાં જે વાર્તા થાય છે તે ખરો મહિમા ન જાણ્યો હોય તેને અંતરમાં પેસે નહિ. જેવી છે તેવી સામર્થી જણાવીએ તોપણ થોડીક વાર મહિમા જણાય ને વળી પાછું ભૂલી જવાય. શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'તમારી સામર્થી ને સ્વરૂપ એ તમને જાણ્યામાં આવ્યું નથી.' મહારાજે અક્ષરધામની સભા કરી ને સમ ખાધા તોપણ મનાય નહિ. આ સભા તેની તે છે; પણ બીજી નથી. તે મહિમા સમજાય તો સુખ આવે, પણ વેષ કરીને બેસીએ તે વેષમાં સુખ ન આવે. તે વેષ તે શું? તો કંઠી, તિલક કરીને સત્સંગીનો વેષ લીધો ને ભગવાં લૂગડાં પહેરીને સાધુનો વેષ લીધો; પણ સાધુનાં તથા સત્સંગીનાં લક્ષણ ન આવ્યાં હોય ત્યાં સુધી વેષ લીધો કહેવાય. માટે કંઠી ને તિલક એમ બે-ચાર પૈસાનો સત્સંગ ન કરવો. આત્માને વિષે શ્રીજીમહારાજ પધરાવવા. તો જ

સત્સંગ કર્યો જાણવો.''

''આ સભામાં કોણ બેસવા દે? એ તો મોટાં ભાગ્ય તે બેસવા દે છે. આ સભા એવી છે. શ્રીજીમહારાજે પોતાની ને સંતની એટલે મુક્તની એક વાણી કહી છે ને એક મંડળ કહ્યું છે. માટે એક મંડળ કરવું, એટલે એક રુચિ કરવી. કોઈક શ્રીજીમહારાજના મહિમાની વાતો કરે ત્યારે ત્રાંસું ત્રાંસું થાવું નહિ. બળદ ત્રાંસા થાય તો ખીલી કે સમોલ ભાંગે ને ભોંય પડે. માટે તેમ નહિ કરતાં એક મંડળ કરવું ને એક વાણી રાખવી. જુદા જુદા અભિપ્રાય ન રાખવા. એક વાણીમાં સુખ છે. એમાં શ્રીજીમહારાજની સહાયતા આવે છે. માટે સર્વેમાં શ્રીજીમહારાજ બિરાજે છે એમ જાણીને મહારાજનો ને મુક્તનો જે મહિમા મોટા કહે તે સત્ય માનીને એક વાણી કરવી. વાણીમાં કોમળતા રાખવી કે સર્વે રંજન થઈ જાય. એક મંડળ રાખવું ને એક સ્વરૂપ રાખવું, તો શ્રીજીમહારાજ રાજી થાય.''

''જ્યારે શ્રીજીમહારાજનાં વચન મનાય નહિ, તો આપણે શું એમના થયા? ન થયા. મહાપ્રભુજીનાં વચન જેવાં બીજા કોઈનાં વચન માનવાં નહિ. વચનામૃતમાં જે વચન હોય તે સત્ય માનવાં. એમાં મોટા સદ્‌ગુરુઓનાં વચનની સાખ લેવી નહિ. વચનામૃતની સાખ બીજે લેવી, પણ વચનામૃતમાં બીજી સાખ ન લેવી.''

''આ તો બહુ જબરી વાત છે. નવીન નવીન શબ્દ નીકળે છે. સ્વામિનારાયણ કહેવું તે પણ જેવા છે તેવા ઓળખીને કહેવાય તો ઠીક. અને સાધુને પણ ઓળખીને સાધુ કહેવાય તો ઠીક. સાધુને પણ ઓળખવા જોઈએ, પણ અઠે દ્વારકા કરીને બેસવું નહિ. મહાપ્રભુજીની મૂર્તિમાં રસબસ થયા હોય તેવા સાધુને ખોળી કાઢીને આપણે પણ મહાપ્રભુજીની મૂર્તિમાં રસબસ થઈ જવું; ત્યારે જ સુખ આવે. તે વિના તો સુખ ક્યારેય પણ ન આવે. એ સુખ પણ અનાદિમુક્ત દ્વારાએ સત્સંગમાં પ્રવર્તે છે; જેમ મેઘ વૃષ્ટિ કરીને ચાર ખાણના જીવોને સુખિયા

રાખે છે તેમ. પાકશાળાના પીરસનારા અનાદિમુક્ત તથા પરમ એકાંતિક મુક્ત છે ને શ્રીજીમહારાજનું સુખ જીવોને આપે છે. કેવી રીતે? તો વાણીએ કરીને આપે છે, વાતેચીતે કરીને આપે છે, દૃષ્ટિએ કરીને આપે છે, સંકલ્પે કરીને આપે છે, પ્રસાદીએ કરીને આપે છે, મળવે કરીને આપે છે, એમ સુખિયા કરે છે.''

''જેમ લોકમાં બાર વરસે કપિલા છઠ આવે છે તેને માટે લોક તાકીને બેસે છે. તેમ આ વખતે તમારે કપિલા છઠ આવી છે. મહદ્‌પર્વ આવ્યું છે તેને માટે તાકીને બેસવું. આ ગૌમુખીમાંથી શ્રીજીમહારાજનો રસ વરસે છે એટલે સુખ આવે છે. માટે તાકીને બેસે તો બહુ જ સુખિયા થવાય. ભક્તચિંતામણિના ૪૮મા પ્રકરણમાં શ્રીજીમહારાજે ત્યાગી-ગૃહીની સભા કરી હતી તેવી આ સભા છે. અક્ષરધામથી પણ પરની છે એટલે મૂર્તિમાં રહેનારા અનાદિમુક્તની આ સભા છે. તે છેલ્લા પ્રકરણના ૨૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજે શ્રી ગોપાળાનંદ સ્વામીને અક્ષરધામમાં સભા છે તેથી પર કહ્યા છે.'' ॥૧૫॥

## વાર્તા ૧૬

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૯ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''ધ્યાન કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે અને બેય હોય તો વિશેષ શ્રેષ્ઠ છે.''

તે ઉપર શ્રી સચ્ચિદાનંદ સ્વામીની વાત કરી જે, ''એક દિવસે શ્રીજીમહારાજ ગઢાળી પધાર્યા હતા ત્યાં તેમને તેડી ગયા નહિ તેથી નવ દ્વારે રુધિર નીકળ્યું ને માંદા થઈ ગયા. ત્યારે શ્રી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે, 'આત્માને વિષે શ્રીજીમહારાજને ધારીને મૂર્તિનો સાક્ષાત્કાર કરો તો વિયોગ ન થાય, ને સદાય સુખિયા રહેવાય.' ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા જે, 'સ્વામી! આપે દયા કરીને આજ મારી ખોટ ઓળખાવી.' એમ જ્ઞાન શ્રેષ્ઠ છે.''

''સમાધિ કરતાં અખંડ સ્મૃતિ વિશેષ છે. અખંડ સ્મૃતિ તે

સરવાણી પાણી જેવી છે અને સમાધિ તો એકદમ તળાવ ભરાઈ જાય ને પછી સુકાઈ જાય એવી છે, માટે અખંડ સ્મૃતિ તે વિશેષ છે. અને અખંડ સ્મૃતિવાળાથી ઉપશમદશાવાળો વિશેષ છે. અને તેથી અખંડ મૂર્તિ દેખે તે સ્વરૂપનિષ્ઠાવાળો કહેવાય તે શ્રેષ્ઠ છે, અને તે સિદ્ધદશાવાળો કહેવાય."

"સિદ્ધદશાવાળો જંગમ તીર્થનું કામ કરે, એટલે જ્ઞાન આપીને મોક્ષ કરે, પણ બીજો દેહ ધારવાનું બાકી ન રાખે. માટે એવાનો જોગ કરવો. ઉપશમદશાવાળો તો અખંડ મૂર્તિમાં રહે ને એને આ લોકની સ્મૃતિ કે આ લોકમાં પ્રીતિ ન રહે ને નિઃસ્પૃહ હોય તેથી સર્વે એમ જાણે જે, 'અહો! આ તો ભગવાન વિના બીજું સંભારતા જ નથી. અખંડ મૂર્તિમાં જોડાઈ રહે છે; માટે આપણે પણ એ જ કરવાનું છે.' એમ જાણીને ઘણાક જીવ મોક્ષને માર્ગે ચાલે. માટે તે સ્થાવર તીર્થ જેટલું કામ કર્યું કહેવાય."

"ઉપશમદશાવાળાનો ઉદ્‌ઘોષ ઉપરથી બહુ જણાય અને જે સિદ્ધદશાવાળા હોય તેનો ઉદ્‌ઘોષ જણાય નહિ. જેમ કૂવો ખોદાતો હોય ત્યારે માણસ, પશુ તથા બીજો સામાન કૂવા ઉપર ઘણો હોય; પણ તેનું પાણી પીવાના કામમાં આવે નહિ. જે કૂવામાં અલંચ પાણી હોય તેના ઉપર કાંઈ સામાન હોય નહિ, પણ તેનું પાણી પિવાય ને તૃષાની નિવૃત્તિ પમાડે. તેમ સિદ્ધદશાવાળા મોક્ષ કરે. એવા મોટા મુક્ત મૂર્તિનું સુખ જીવને આપે તો ખરા, પણ એ સુખ ઝીલનાર શુદ્ધ પાત્ર ન હોય તો પાછું મૂર્તિમાં જતું રહે. જેમ સમુદ્રનું જળ વરસે તે તલાવડામાં માય એટલું રહે, ને વધારે હોય તે સમુદ્રમાં પાછું જાય છે તેમ."

"શ્રીજીમહારાજની મૂર્તિમાં અનંત પ્રકારનાં સુખ, અનંત પ્રકારનાં ઐશ્વર્ય રહ્યાં છે તે સિદ્ધદશાવાળાને સર્વે ભેળાં આવે છે. જેમ પાકમાં ઘી, ગોળ, સાકર, એલચી, તજ, લવિંગ, જળ, અગ્નિ, સરપટા એ સર્વેનો જુદે જુદે પ્રકારે ભેળો સુગંધ આવે છે; તેમ સાધનદશાવાળાને

મૂર્તિનું અને મુક્તનું (કારણનું) તથા સાધુ, બ્રહ્મચારી, આચાર્ય, સત્સંગી, ઉત્સવ, સમૈયા, ઘોડા, હાથી, રથ, વિમાન, પાલખી, બાગ, બગીચા, એ સર્વે કાર્ય છે તે સર્વેનું નોખું નોખું સુખ આવે છે.'' ||૧૬||

## વાર્તા ૧૭

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૯ને રોજ બપોરે શેદલાના કાનજીભાઈએ પૂછ્યું જે, ''શ્રી ગોપાળાનંદ સ્વામી ચમત્કાર જણાવતા તેમ આજ મુક્ત કેમ નહિ જણાવતા હોય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આજ મોટા જો ચમત્કાર જણાવે તો મહારાજને મૂકીને મોટાને વિષે ચોંટે, ને કહ્યું પણ માને નહિ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ એવું પ્રકરણ રાખ્યું હતું તેમાં કેટલાક નીકળી ગયા ને કેટલાક અવળું સમજીને વાંસે અંધપરંપરા ચલવે છે. માટે એવું થાય તો બગાડ ઘણો થાય. તેથી મોટા ચમત્કાર જણાવતા નથી. કોઈકને ચમત્કાર કે ઐશ્વર્ય જણાવે કે આપે તે તો જેમ બાળકને રમકડું આપે તે રાજી થાય, પણ તેણે કરીને ભૂખ ભાંગે નહિ ને બળિયું પણ થાય નહિ. ચમત્કાર-ઐશ્વર્ય પણ તેવાં છે. દેખીને રાજી થવાય, પણ કલ્યાણ થાય નહિ. માટે તેને જોવા કે પામવા ઇચ્છવું નહિ.'' ||૧૭||

## વાર્તા ૧૮

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૯ને રોજ સાંજે પ્રથમ પ્રકરણનું ૭૮મું વચનામૃત વંચાતું હતું. તેમાં ૨૨મા પ્રશ્નમાં વિષમ દેશકાળમાં રહીને માર ખાવો નહિ એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''કેવળ દેહનો માર ન સમજવો; જીવનો માર પણ સમજવો. તે કયો? તો નબળા દેશ-કાળમાં જીવનું બગડે એ જીવનો માર સમજવો. માટે ત્યાંથી આઘું-પાછું ખસી નીકળવું એટલે કુસંગ મૂકીને જ્યાં ભગવાન ભજાય એવું સ્થાન હોય ત્યાં જાવું. સાધુ હોય તેણે મંડળનો ત્યાગ કરવો. ગૃહસ્થોએ ગામનો તથા સંબંધીનો

ત્યાગ કરીને જાતું રહેવું. ભલા થઈને માર ખાશો નહિ. એવા સંગનો ત્યાગ કરજો. જીવને માર ન ખવરાવશો. કોઈની મહોબતમાં લેવાવું નહિ. ગુરુ-શિષ્યે એકબીજાનો ત્યાગ કરવો.''

ત્યારે સાધુ હરિવલ્લભદાસજીએ પૂછ્યું જે, ''દેહમાં કાળનું વિષમપણું આવે ત્યારે કેમ કરવું ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તે વખતે સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામના મહામંત્રનો જપ કરવો; તો દેશકાળ સારા થઈ જાય. માનસી પૂજા કરો, સંત-સમાગમ કરો, ધ્યાન કરો, તોપણ ઘાટ બંધ થાય નહિ; માટે અનાદિમુક્ત જ્યાં રહેતા હોય ત્યાં એમનો જોગ કરવો; તો ઘાટ ટળી જાય. માટે મોટાનો જોગ કરવો. જ્યાં મોટા રહેતા હોય તે સ્થાન નૈમિષારણ્ય ક્ષેત્ર છે. મોટાને તો એમ છે જે જીવ બિચારા ક્યારે આપણા ધામમાં આવે!''

''આજ તો શ્રીજીમહારાજે ખંપાળી (દંતાળી) નાખી છે. આગળ તો જીવની વાંસે સંતને ફરવું પડતું તોપણ કોઈ વર્તમાન ધારતા નહિ. આજ તો વર્તમાન ધરાવવા પોતાની મેળે આવે છે. શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડવા માટે તો આજ શ્રીજીમહારાજને તથા મુક્તને જીવની કેડે ફરવું પડે છે. આજ કેવા કેવા સાધુ ને સત્સંગી છે! માયાને ઉડાડી મૂકે છે. મહારાજનો અને મોટાનો એ પ્રતાપ છે. મહારાજનો અને મોટાનો જેને સંબંધ હોય તે માયાને ઉડાડી મૂકે તેમાં શું કહેવું! આજ આપણને વેપાર બહુ જબરો મળ્યો છે. મૂળઅક્ષરકોટિથી પર શ્રીજીમહારાજના એકાંતિકની અને પરમ એકાંતિકની અને અનાદિમુક્તની એવી પરભાવની વાતો આવે છે. આ સભાનો જે અવગુણ લે ને બીજે ધોડા કરે તેને બહુ જ મોટી ખોટ આવે. આ ટાણે આ સ્થાન સારું છે.''

''આપણે શ્રી સ્વામિનારાયણના દીકરા છીએ માટે અક્ષરધામના રાજ્યને લાયક થાવું. જો ન થઈએ તો રાજ્ય ન સોંપે; એક કોરે રાખે. આ લોકમાં પણ આચાર્યમાં તથા રાજ્યમાં લાયકને ગોતે છે. માટે

આપણે શ્રીજીમહારાજ પાસે રહેવાય એવા લાયક થાવું. શ્રીજીમહારાજ વિના બીજે પ્રીતિ ન રાખવી, ને દાસપણું રાખવું. શ્રી મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજને જ્યારે પ્રશ્ન તથા કાંઈક વાત પૂછતા ત્યારે હાથ જોડીને પહેલાં તો 'હે મહારાજ!' એમ કહીને પ્રશ્ન પૂછતા. એવું દાસપણું રાખવું." ॥૧૮॥

## વાર્તા ૧૯

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૯ની રાત્રિએ સાધુ નારાયણદાસજીએ પૂછ્યું જે, "અમને અનાદિ મહામુક્તરાજ સદ્‌ગુરુ સ્વામી નિર્ગુણદાસજીએ મૂળઅક્ષરથી પર શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામ નોખું છે એમ વાત કેમ નહિ કરી હોય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "સ્વામી તો મૂર્તિમાં રહેતા હતા અને જ્યારે અમે ભેગા થતા ત્યારે એવી જ વાત કહેતા. અમે ને સ્વામીશ્રી તો મૂર્તિમાં ભેગા છીએ, અને મૂર્તિમાં રહ્યા થકા અહીં દર્શન આપીએ છીએ. એમનું કાંઈ પણ અજાણ્યું નહોતું, પણ તે ટાણે ઉપાધિ કરનાર હતા. તે શ્રીકૃષ્ણથી પણ મહારાજને પર ન કહેવા દેતા તો તેથી પર મહાકાળ, અને તેથી પર નરનારાયણ, અને તેથી પર વાસુદેવબ્રહ્મ, અને તેથી પર મૂળઅક્ષરોના મુક્તો, અને તેથી પર મૂળઅક્ષરો, અને તેથી પર શ્રીજીમહારાજના એકાંતિક, ને તેથી પર પરમ એકાંતિક, ને તેથી પર અનાદિ, અને તેથી પર શ્રીજીમહારાજ છે એટલું બધું એકદમ શી રીતે કહેવાય? તેમાં તો ઉપાધિ બહુ જ થાય. એટલા માટે કહેતા નહોતા. પણ અમને કહેતા જે, 'બાવો મોટા ને મઢી નાની' તે મઢીમાં બાવો શી રીતે સમાય? તેમ જીવ નાના અને મહારાજનો મહિમા બહુ જ મોટો. તે જીવને શી રીતે સમજાય? માટે કોની આગળ કહીએ! મનમાં સમજી રહીએ છીએ, પણ કોઈને જેમ છે તેમ કહેવાતું નથી."

"શ્રીજીમહારાજને શ્રીકૃષ્ણ જે મૂળપુરુષ તેથી પર કહીએ છીએ એટલામાં પણ ઉપાધિ થાય છે જે સ્વામીને વાતો ન કરવા દેવી. ને જો

શ્રીકૃષ્ણથી મહારાજને પર કહે તો કાઢી મૂકવા. એકવાર કાઢી મૂકવાનો પણ ઠરાવ કર્યો હતો, પણ શ્રીજીમહારાજે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને રાત્રિએ સાક્ષાત્ દર્શન આપીને કહ્યું જે, 'તેમને તો અમોએ જીવના ઉદ્ધારને અર્થે ને અમારો મહિમા તથા ઉપાસના સમજાવવા માટે મોકલ્યા છે. એ તો અમારી મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત છે અને અમારી ઈચ્છાથી અમારી મૂર્તિમાં રહ્યા થકા અહીં દેખાય છે એવા સમર્થ છે. માટે એમને આ દેશમાંથી જવા દેશો નહિ. જો જવા દેશો તો એ તમારે ઘરેણારૂપ છે તે તમારા દેશનું ભૂષણ જતું રહેશે. શ્રી ગોપાળાનંદ સ્વામીને આ દેશમાં આવવાની અમે આજ્ઞા કરી હતી તેમને પણ આવવાની તમે ના પાડી તેથી એ પણ આવતા નહોતા અને વળી આ પણ જશે તો અમારી ઉપાસના કોણ પ્રવર્તાવશે? માટે એમને આ દેશમાં રાખો. એ જે વાતો કરે તે સત્ય માનજો, ને એમનું અપમાન કરવા દેશો નહિ. એ અમારી આજ્ઞા પાળશો તો અમો પ્રસન્ન થઈશું. એ તો અમારી ઈચ્છાથી દર્શન આપે છે, નહિ તો સ્વતંત્ર મુક્ત છે. અદૃશ્ય થઈ જશે તો અમારી ઉપાસના પ્રવર્તશે નહિ; માટે તેમને જવા દેશો નહિ.' એમ કહીને શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા.''

''સવારે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વામીશ્રીને બોલાવીને કહ્યું જે, 'તમે જશો નહિ. તમને કોઈ ઉપાધિ કરતા હશે તે અમે નહિ કરવા દઈએ. શ્રીજીમહારાજના મહિમાની વાતો સુખેથી કરો.' પછી સ્વામીશ્રી ગયા નહિ. તેથી મોટા મોટા સંતોએ આચાર્યજી મહારાજને કહ્યું જે, 'તમે કેમ ના પાડી?' એમ સંવાદ થયો. તે દિવસે હરિજનની ઘેબરની રસોઈ હતી ને ચોકમાં ચંદની તળે પંક્તિ થવાની હતી તે રંગોળી પૂરી હતી, પણ મહારાજશ્રી પીરસવા ઊઠ્યા નહિ, ને કહ્યું જે, 'નિર્ગુણદાસજી સ્વામીને રાખવાની હા પાડો તો જ પીરસવા ઊઠીએ.' સર્વે સંતોએ હા પાડી. મહારાજશ્રીએ કહ્યું જે, 'અમને શ્રીજીમહારાજે દર્શન આપીને કહ્યું જે, 'એમને જવા દેશો નહિ. એમને અમે મોકલ્યા છે, માટે અપમાન કરવા દેશો નહિ.' માટે તમે કોઈ એમનું અપમાન

કરશો નહિ ને તે જે વાતો કહે તે સાચી માનજો’ એમ મહારાજશ્રીએ વાત કરી. ત્યારે સર્વેએ કહ્યું જે, ‘બહુ સારું, મહારાજ.’ પછી મહારાજ પીરસવા પધાર્યા.”

“એવી ઉપાધિઓ વારંવાર થતી તેથી કહેતા નહિ, પણ જાણતા નહોતા એમ ન જાણવું. સ્વામીશ્રી તો બધુંય જાણતા, પણ ઉપાધિ થાતી એટલા સારુ કહેતા નહિ. માટે આજ સમજો, પણ સંશય કરશો નહિ. આવો જોગ મળ્યા છતાં નહિ સમજો તો તમારું ક્યાંય ઠેકાણું રહેશે નહિ. વચનામૃતમાં બધાય શબ્દ છે.”

વાર્તાની સમાપ્તિ કરીને બોલ્યા જે, “શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય અને આ સભાની માયાનો ક્ષય” એમ વર આપ્યો. ॥૧૯॥

## વાર્તા ૨૦

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧૦ને રોજ છેલ્લા પ્રકરણનું ૨૩મું વચનામૃત વંચાતું હતું. તેમાં માનસી પૂજાની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “શ્રીજીમહારાજે માળા, માનસી પૂજા જે જે બતાવ્યાં છે તે સાધનકાળનાં બતાવ્યાં છે ને કેટલાંક સિદ્ધકાળનાં બતાવ્યાં છે. માટે માનસી પૂજામાં ચૈતન્યને વિષે મૂર્તિ ધારીને દિવ્ય ભોજન જમાડવાં અને વસ્ત્ર-ઘરેણાં પણ મૂર્તિના જેવાં જ દિવ્ય તેજોમય ધારવાં; પણ ચિત્ર-વિચિત્ર ન ધારવાં. સર્વે ક્રિયા પોતાના ચૈતન્યમાં કરાવવી, પણ જુદાં જુદાં સ્થાન કલ્પવાં નહિ. એમ કરતાં કરતાં ઉપશમ થાય ને મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યારે મૂર્તિને જોઈ રહેવું; બીજો સંકલ્પ કરવો નહિ. મૂર્તિ વિના બીજું સર્વે વિક્ષેપકર્તા છે. મૂર્તિનો સાક્ષાત્કાર ન થયો હોય તેણે ઉપર કહ્યા પ્રમાણે કર્યા કરવું, અને ધ્યાન કરવું. ધ્યાન કરતાં એકેકું અંગ દેખાય એ નેત્રની વૃત્તિએ જોવાય છે એમ જાણવું અને જ્યારે સમગ્ર મૂર્તિ દેખાય ત્યારે જીવની વૃત્તિએ જોવાય છે એમ જાણવું. અને જ્યારે મૂર્તિમાં સંલગ્ન થવાય ત્યારે વૃત્તિ ન જાણવી;

જીવસત્તાએ જોવાય છે એમ જાણવું. તેને મૂર્તિથી ઓરું જ્ઞાન રહેતું નથી અને દેહની ક્રિયા તો મહારાજની ઇચ્છાથી થાય છે.''

''જ્યારે મૂર્તિના સુખમાં ઊતરે ત્યારે સુખ વિના બીજું દેખે જ નહિ, જેમ સૂર્યના રથમાં બેઠા હોય તેને રાત્રિ છે જ નહિ તેમ. ધ્યાનનું સુખ તો બહુ અલૌકિક છે, પણ જીવને આગ્રહ થતો નથી. અંતર્વૃત્તિએ કરીને શ્રી પુરુષોત્તમના તેજરૂપ થઈને મૂર્તિ ધારે તો બહુ સુખ આવે ને મહાસુખિયો થઈ જાય એવું મૂર્તિનું સુખ છે. તે સુખ આવે તો સર્વે વિષય, માન, મહોબત, સેવાભક્તિ, તે જેમ પાણીમાં વસ્તુ નાખીએ તે દેખાય જ નહિ તેમ વીસરી જાય અને એક મૂર્તિ જ દેખાય. માટે મૂર્તિની સ્મૃતિ અખંડ રાખવી. રાગમાં, રંગમાં, કથામાં, વાર્તામાં, મૂર્તિની સ્મૃતિ ભૂલી જવાય તો ચાળે ચઢી ગયા એમ જાણવું. શાસ્ત્ર ભણીને પાનું ઝાલીને કથા વાંચે ને જો મૂર્તિ ભુલાય નહિ તો તો ઠીક. જો મૂર્તિ ભૂલી જવાય તો જેમ રાંડીને ખૂણે બેઠી એવું કહેવાય. માટે અખંડ તેલધારા વૃત્તિ મૂર્તિમાં રાખવી એ મૂર્તિ દેખ્યા તુલ્ય છે.''

''મુક્ત મળ્યા વિના એકલા સાધનવાળાને મૂર્તિની પ્રાપ્તિ થાતી નથી અને સત્સંગ પણ દિવ્ય જાણી શકાતો નથી તેથી લૂખો રહે છે. જ્યારે અનાદિમુક્ત મળે ત્યારે કાર્ય-કારણ ઓળખાય અને સત્સંગ બધો દિવ્ય જણાય ત્યારે મૂર્તિની પ્રાપ્તિ થાય.''

''માટે કારણ જે મહારાજની મૂર્તિ તેને મૂકીને કાર્ય જે સત્સંગની સેવા હોય તોપણ મહારાજની મૂર્તિરૂપી નિશાનને ચુકાવી દે છે. શ્રીજીમહારાજે કાંકરિયાની ચોરાસી કરી ને પછી એ પ્રવૃતિ ટાળી નાખી. એ વાત પોતાના એકાંતિક ભક્તને અર્થે મધ્ય પ્રકરણના ૨૨મા વચનામૃતમાં કહી છે. એકાંતિકને કાર્યમાં સમાસ નથી અને નવા આદરવાળાને સમાસ કરનારું છે. શા માટે? તો એથી બીજબળ થાય છે. આત્યંતિક કલ્યાણ તો મૂર્તિથી જ થાય તે મધ્ય પ્રકરણના ૮મા વચનામૃતમાં શ્રીજીએ યજ્ઞનો વિધિ બતાવ્યો છે.''

"કાર્ય તો જેમ આકાશમાં રીંછડીઓ એટલે ડુવાળા બધે ભરાઈ જાય છે અને વરસાદ થાય એવો ભાવ જણાવે છે, પણ વરસે નહિ; અને કદાપિ વરસે તો પૃથ્વી ભીની કરે, પણ રેલ ચલાવે નહિ એવું છે. કારણ જે મૂર્તિ તે તો જેમ મૂશળધાર વરસાદ વરસે તે પૃથ્વી દેખાય જ નહિ એવી રેલ ચઢાવે ને એકલું જળ જળ થઈ રહે, તેમ જળને ઠેકાણે મૂર્તિ છે તે એકલી મૂર્તિ અણુ અણુ પ્રત્યે ભાસે એવું છે. માટે સેવાભક્તિ આદિક સાધન કરતાં ધ્યાન કરવું તે શ્રેષ્ઠ છે. જે ધ્યાન કરે તેને કોઈ વ્યવહારમાં જોડવા નહિ અને ધ્યાન કરનારે પણ કોઈ વ્યવહારમાં જોડાવું નહિ."

"શ્રીજીમહારાજના સુખની અવધિ નથી. સિદ્ધ મુક્તને પણ એ સુખમાંથી પૂર્ણ થવાતું નથી. સુખમાં વિભાગ ઘણો છે. જ્યારે અનુભવજ્ઞાન થાય એટલે જે સુખની વાતો કરીએ છીએ તે સુખની પ્રાપ્તિ થાય ને તેને ભોગવે ત્યારે જાણ્યામાં આવે ને ઇંદ્રિયો-અંતઃકરણના ભાવ ટળી જાય. આ સ્થૂળ દેહમાં રહ્યો હોય તોપણ આ લોકની ખબર રહે નહિ અને કાંઈ પણ વર્ણન કરી શકે નહિ. સુખમાં જોડાઈ જાય ને સુખમાં ચાલ્યો જાય ને નવાં નવાં સુખ લેતો જાય. તે સુખનો પણ પાર પામી શકે નહિ ને તે સુખનું કે મૂર્તિનું વર્ણન કરી શકે નહિ; કેમ જે મહારાજ એની સ્મૃતિને રોકી રાખે છે. તે અનુભવી, ઉપશમ અવસ્થાવાળો ને કર્તા-અકર્તા કહેવાય. એની ક્રિયા મહારાજને આધીન હોય, પણ અનાદિમુક્તના જેવો સ્વતંત્ર ન હોય. અનાદિમુક્તમાં સ્વતંત્રપણું છે તે અનુભવીમાં નથી. માટે અનાદિમુક્ત છે તે અનુભવી કરતાં શ્રેષ્ઠ છે." ॥૨૦॥

## વાર્તા ૨૧

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧૦ને રોજ બપોર પછી બાપાશ્રી તથા સર્વે સંત હરિજનો શ્રી કાકરવાડીએ નાહવા ગયા હતા. ત્યાં નાહીને મળ્યા ને પછી માનસી પૂજા કરીને સંતોએ બાપાશ્રીને કહ્યું જે,

"વાત કરો."

બાપાશ્રી બોલ્યા જે, "પ્રશ્ન પૂછો તો વાત કરીએ."

ત્યારે સાધુ દેવજીવનદાસજીએ પૂછ્યું જે, "શ્રી બ્રહ્માનંદ સ્વામીના કીર્તનમાં કહ્યું છે કે, 'પાઘડી બાંધી છે ત્રિલોક થકી ન્યારી.' તે ત્રિલોકી કેવી રીતે સમજવી?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "પ્રકૃતિપુરુષ સુધી તો બધું નાશવંત છે. તેને તો બ્રહ્માનંદ સ્વામીએ ગણ્યું જ નથી ને તેથી પર પહેલી મૂળપુરુષરૂપ ઈશ્વરકોટિ, બીજી બ્રહ્મકોટિ અને ત્રીજી અક્ષરકોટિ એમ ત્રિલોકી કહી છે. તેથી શ્રીજીમહારાજની પાઘડી ન્યારી કહી છે. આ કાર્ય-ત્રિલોકી છે. મૂળઅક્ષરથી પર શ્રીજીમહારાજના એકાંતિક ને તેથી પર પરમ એકાંતિક અને તેથી પર અનાદિ એ કારણ-ત્રિલોકી છે. તેથી મહારાજની પાઘડી ન્યારી છે એમ કહ્યું છે."

પછી સાધુ પુરુષોત્તમચરણદાસજીએ પૂછ્યું જે, "'નાભિ અજને થયાનું ઠેકાણું, બ્રહ્માનંદનું ત્યાં મન લોભાણું' એમ કહ્યું તેનો અર્થ શો સમજવો?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મહારાજની નાભિ જે નીરખે તે અજ એટલે મુક્ત થાય. માટે અજનો અર્થ મુક્ત સમજવો. એ નાભિમાં શ્રી બ્રહ્માનંદ સ્વામીનું મન લોભાણું એમ કહ્યું છે. આ પ્રશ્ન સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને સભામાં પૂછ્યા હતા. તેનો ઉત્તર શ્રીજીમહારાજે શ્રી બ્રહ્માનંદ સ્વામી પાસે કરાવ્યો હતો."

પછી કણભાવાળા આશાભાઈએ પૂછ્યું જે, "'હું તો જાઈશ ગિરધર જોવા રે, મા મુંને વારીશ મા' એમ કહ્યું છે. તે મા કઈ જાણવી?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "શ્રીજીમહારાજને ભજતાં અંતરાય કરનારી માયા છે તે મા જાણવી." વાર્તાની સમાપ્તિ કરીને સર્વે મંદિરમાં આવ્યા. ॥૨૧॥

## વાર્તા ૨૨

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧૦ને રોજ સાંજે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, “આપણાં મંદિરોમાં શ્રી નરનારાયણ, શ્રી રાધાકૃષ્ણ, શ્રી લક્ષ્મીનારાયણ, શ્રી ગોપીનાથ આદિક અવતારોની મૂર્તિઓ પધરાવી છે તે પધરાવવાનું શું કારણ હશે?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “શ્રીજીમહારાજ માંગરોળ આદિક ગામોમાં મતવાદીઓને તથા બીજા અવતારોના ઉપાસકોને એમના ઈષ્ટદેવરૂપ પોતે દેખાયા હતા તથા શ્રી વ્યાપકાનંદ સ્વામીને ચોવીસ અવતારરૂપે પોતે દેખાયા હતા, તે પોતાનાં સ્વરૂપ પોતાનાં મંદિરોમાં પધરાવ્યાં છે. બીજા અવતારો જે વૈકુંઠ, ગોલોક, બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ આદિક ધામોમાં રહ્યાં છે તેમને કોઈને પધરાવ્યા નથી. માટે બીજા અવતારોની મૂર્તિઓ છે એમ ન જાણવું. આપણાં મંદિરમાં તો શ્રીજીમહારાજ પોતે છે તે ઘણા જીવોના સમાસ અર્થે વેષાંતર કરીને દર્શન આપે છે. ભક્તચિંતામણિમાં ચોવીસ અવતારોએ પર્વતભાઈને દર્શન આપ્યાં એમ લખ્યું છે તે તો સર્વાનુકૂળ માટે છે; પણ મુક્ત તો સર્વેને દર્શન કરવા યોગ્ય છે.”

ત્યારે વળી સ્વામીએ પૂછ્યું જે, “એ સર્વે મૂર્તિઓ શ્રીજીમહારાજ પોતે જ છે ત્યારે એ સર્વે મૂર્તિઓનું ધ્યાન થાય કે નહિ?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “એ મૂર્તિઓ પોતાના સંકલ્પે કરી દેખાડી છે, માટે એ મૂર્તિઓ સંકલ્પની છે; તેનું ધ્યાન થાય નહિ અને મુક્તનું પણ ન થાય. ધ્યાન તો પોતે શ્રી સહજાનંદ સ્વામી તથા શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજ એવા નામની પધરાવી છે તે મૂર્તિઓનું કરવું. તે મૂળ મૂર્તિ છે અને વેષાંતર કરીને દર્શન આપે છે તે સંકલ્પની મૂર્તિઓ છે; માટે મૂળ મૂર્તિનું ધ્યાન કરવું. ધર્મદેવ અને ભક્તિમાતા ને માણકી ઘોડી એ સર્વે રૂપે મુક્ત થયા હતા, માટે સર્વે અક્ષરધામનો સમાજ છે એમ જાણવું. શ્રીજીમહારાજ છપૈયે પ્રગટ થયા

ત્યારે દેવતા પુષ્પની વૃષ્ટિ કરતા હવા ને ગાંધર્વ ગાન કરતા હવા એમ લખ્યું છે તે પણ મુક્ત ગાન ને વૃષ્ટિ કરતા હવા એમ જાણવું; કેમ જે દેવ અને ગાંધર્વની મહારાજનાં દર્શન કરવાની ગતિ નથી.'' ॥૨૨॥

## વાર્તા ૨૩

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧૦ને રોજ રાત્રે હળવદના ત્રિભોવનભાઈએ પૂછ્યું જે, '''કીડીબાઈ ચાલ્યાં સાસરે, નવ મણ કાજળ સાઈ; હાથી લિયા ગોદમેં, ઊંટ લિયા લટકાઈ' એ સાખીનો અર્થ શો હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''કીડી તે જીવ જાણવો, સાસરું તે શ્રીજીમહારાજનું ધામ જાણવું, આંજણ તે નવ આવરણ જાણવાં. તે આવરણ ટળી જાય તે આંખમાં આંજી લીધાં. આગળ ચાલ્યો તે ઊંટને ઠેકાણે બ્રહ્મકોટિ છે અને હાથીને ઠેકાણે અક્ષરકોટિ છે તેમને પોતાની સાથે શ્રીજીમહારાજ પાસે લઈ જાય એવો સમર્થ થાય છે.''

પછી અમીચંદભાઈએ પૂછ્યું જે, '''બાપ પહેલાં બેટા જન્મ્યા, પીછે મોટાભાઈ; ધામધૂમ સે પિતા જન્મ્યા, પીછે જન્મી માઈ.' તે શું સમજવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''નાનાભાઈ તે જ્ઞાન છે તે સંતને સમાગમે કરીને પ્રથમ જ્ઞાન આવે; પછી વૈરાગ્ય ઉદય થાય તે મોટો ભાઈ જાણવો. પછી ભાગવત ધર્મ આવે તે પિતા જાણવા અને પછી શ્રીજીમહારાજને વિષે પ્રેમલક્ષણા ભક્તિ આવે તે માતા જાણવી.''

પછી વળી સરસપુરના પ્રાણશંકરભાઈએ પૂછ્યું જે, '''ગપ્પીને ઘેર ગપ્પી આવ્યા, કહો ગપ્પીજી; બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી' તે શું સમજવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ચીભડું તે માયા જાણવી અને બી તે જીવ જાણવો. જીવ જ્યારે માયાના બંધનથી છૂટે ત્યારે માયાથી મોટો

થાય એમ સમજવું.''

પછી વળી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''જૂના વચનામૃતમાં ચતુષ્ક કહ્યાં છે તેમાં પહેલાં ચતુષ્કમાં નારાયણ, નર, હરિ અને કૃષ્ણ એ ચારનું એક ચતુષ્ક કહ્યું છે તે કેવી રીતે સમજવું? અને બીજું વાસુદેવ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ એ ચારનું ચતુષ્ક કહ્યું છે તે કેવી રીતે સમજવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''નારાયણ તે શ્રીજીમહારાજને કહ્યા છે. અનાદિમુક્તોને કૃષ્ણ કહ્યા છે તે શાથી કહ્યા છે? તો જીવોને શ્રીજીમહારાજની મૂર્તિમાં આકર્ષણ કરે છે એટલે મૂર્તિમાં ખેંચી લે છે માટે અનાદિમુક્તને કૃષ્ણ નામે કહ્યા છે. પરમ એકાંતિક જે શ્રીજીમહારાજને સન્મુખ રહ્યા છે તેમને નર નામે કહ્યા છે. એકાંતિકને હરિ નામે કહ્યા છે; શાથી જે જીવોને માયામાંથી લઈને સત્સંગી કરે છે, એમ માયામાંથી હરી લે છે માટે એકાંતિકને હરિ એવે નામે કહ્યા છે. માટે નારાયણ તે શ્રીજીમહારાજ જાણવા, કૃષ્ણ તે અનાદિમુક્ત જાણવા, નર તે પરમ એકાંતિક જાણવા અને હરિ તે એકાંતિક જાણવા; એ એક ચતુષ્ક છે.''

''બીજું ચતુષ્ક એ છે જે, શ્રીજીમહારાજના તેજને વાસુદેવ કહ્યા છે, મૂળઅક્ષરને અનિરુદ્ધ કહ્યા છે, શ્વેતદ્વીપપતિ વાસુદેવબ્રહ્મને પ્રદ્યુમ્ન કહ્યા છે, અને મહાકાળને સંકર્ષણ કહ્યા છે. તેમનાં લક્ષણની વિગત જેઃ- શ્રીજીમહારાજનું તેજ અક્ષરાદિક સર્વેને વિષે અંતર્યામીપણે વાસ કરી ઐશ્વર્ય, સામર્થ્ય આપે છે તેથી વાસુદેવ કહ્યા છે. ઉત્પત્તિ કરનાર મૂળઅક્ષર છે તે અનિરુદ્ધ નામે કહેવાય છે. વાસુદેવબ્રહ્મ છે તે માયામાંથી જીવોને કાઢીને પોતાનું બ્રહ્મપુર ધામ ત્યાં પોતાની સમીપે લઈ જઈને પોતાનું સુખ આપે છે માટે તેમને પ્રદ્યુમ્ન કહ્યા છે. મહાકાળ છે તે આત્યંતિક પ્રલયને સમયે મૂળપુરુષ જે ઈશ્વર અથવા કૃષ્ણ તેનાં કાર્યનો નાશ કરે છે માટે તેને સંકર્ષણ નામે કહ્યા છે. આ

શ્રીજીમહારાજનું તેજ જે વાસુદેવ, મૂળઅક્ષરકોટિ જે અનિરુદ્ધ, વાસુદેવબ્રહ્મ એ પ્રદ્યુમ્ન અને મહાકાળ તે સંકર્ષણ એ બીજું ચતુષ્ક જાણવું.'' ॥૨૩॥

## વાર્તા ૨૪

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧૧ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''આ મુક્ત તો મૂર્તિમાં સળંગ રહ્યા છે, માટે મૂર્તિમાં જીવને પહોંચાડે છે અને સાધનવાળાથી મહારાજ પાસે ન લઈ જવાય. મહાપ્રભુજીનું સુખ તો અંધારે સાકર જમે તોપણ ગળી લાગે એવું છે. એ સુખ મહારાજે અને મોટાએ તમને આપી દીધું છે; ફાવે તેમ ભોગવો. સર્વેને મોટા જાણવા, પણ આપણને જેથી સુખ મળે તેમને વધારે મોટા જાણવા. આ મુક્તને વિષે મહારાજ સાક્ષાત્કાર છે એવો ભાવ આવે અને વાતમાં સંશય ન થાય ને શાસ્ત્રની સાખ ન ગોતે તો મોટા તેનું અધૂરું રહેવા દે નહિ. જેમ કલ્પતરુ સંકલ્પ સત્ય કરે છે તેમ મોટા સંકલ્પ સત્ય કરે છે. જે મોક્ષ ઇચ્છે તેને મોક્ષ મળે છે અને અવગુણ લે તો અવગુણનું ફળ મળે છે. મોટાને મોટા જાણે, પણ મોટાની કરેલી અલૌકિક વાતો સમજાય નહિ ત્યારે સંશય થાય જે સાચું હશે કે નહિ હોય, તેને ખોટ આવે છે. જેમ ગાડીમાં ભેળા બેઠા અને મૂંઝાઈને વચમાં ઊતરી પડે તો ભેળો થાય નહિ તેમ. કદાપિ વિશ્વાસ ન આવે અને વાત ન મનાય તોપણ મૂળ સ્વરૂપ જે મહારાજ તે તો સર્વેથી પર છે એમ સમજવા જ. વિશ્વાસ ન આવે તોપણ અવગુણ તો લેવો જ નહિ. જો મોટાનો દોષ આવે તો ભૂંડું થાય.''

''સુખ તો આપણને ઠીક મળ્યું છે તેને ભૂલી જવું નહિ. એને ભુલાવનાર ઘણા છે. અંતર ભુલાવે, બહાર ભુલાવે, લોક ભુલાવે, મા-બાપ ભુલાવે અને સત્સંગી પણ ભુલાવે. એવાં ઘણાં વિઘ્ન છે જે આ માર્ગ હાથ ન આવવા દે. મોટાને વિષે દોષ પરઠે તે સત્સંગમાં કુસંગ છે, બધાંય સાધન હાથ રાખે અને મોટાનો ગુણ, મહિમા અને જોગ તે

ગૌણ રાખે એ ઠીક નથી. મુખ્ય રાખવાનો તો મુક્તનો જોગ તથા મૂર્તિ છે તે હાથ રાખવાં. સાધનનો ભાર રાખવો નહિ. ધ્યાને કરીને મૂર્તિ સિદ્ધ કરી હોય તેને પણ મોટા મુક્તનો જોગ જોઈએ; કેમ જે ભોમિયા તો એ છે તે મહારાજનો દિવ્યભાવ જણાવે ને મહિમા જણાવે ને જ્ઞાનનો અને સુખનો પાર પમાડે. જેમ દેહ ને જીવ જુદા પડતા નથી તેમ મહારાજ ને મુક્ત જુદા પડતા નથી. એવા મુક્ત મળે તો કારણ એટલે મૂર્તિનો સાક્ષાત્કાર કરાવી દે અને દેહાદિક કાંઈ વહાલું રહેવા દે નહિ. તેજ ને મૂર્તિ શ્વેત છે. જો મૂર્તિ વિના બીજું પ્રધાન જણાય તો એટલું અધૂરું જાણવું.'' ॥૨૪॥

## વાર્તા ૨૫

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧૧ને રોજ સાંજે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''મોટા મૂર્તિ આપી દે તો એમને શું કઠણ છે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મોટા એકદમ મૂર્તિ આપી દે તો ઝૂમખરામની પેઠે જીરવાય નહિ. માટે જીવને બોલાવે, પ્રસાદી આપે, વાતો કરે એમ કરે. જો એક જ ક્રિયા લાંબી ચલાવે તો તમોગુણ આવે ને શબ્દના સાંધા થઈ જાય એટલે યથાર્થ સમજાય નહિ. આજ એકાદશી છે તે કથા લાંબી ચલાવવી હતી, પણ તમારાથી ખમાય નહિ. જેમ જીવ ખમે તેમ ક્રિયા કરીએ-કરાવીએ છીએ, પણ ઠરાવ તો મૂર્તિ આપવાનો જ છે. તે પાત્ર કરીને આપશું.''

''સર્વે ક્રિયામાં મૂર્તિનું અનુસંધાન રાખવું અને બીજા વિધિ ઓછા કરવા. વિધિ કરવામાં વખત જાતો રહે તો ભજન, સ્મરણ, કથા, વાર્તા, જ્ઞાન, ધ્યાન તે સર્વે રહી જાય. ત્યાગ, વૈરાગ્યાદિક સાધન કુહાડાને ઠેકાણે છે, સંતનો સમાગમ તે વાંસલાને ઠેકાણે છે અને અંતર્વૃત્તિ કરાવીને મહારાજને સુખે સુખિયા કરે તે રંધાને ઠેકાણે છે. મુક્તના જોગ વિના અંતર ખુલ્લાં કરી શકે એવું કોઈ સાધન કે વિધિ

નથી. માટે સર્વે ક્રિયામાં સત્પુરુષનો જોગ કરવાનો અને મૂર્તિ ધારવાનો ખટકો રાખવો. શ્રોતા અને વક્તા ખરેખરા હોય તો જીવ વીંધાઈ જાય; જેમ અન્નમાં પારો પ્રવેશ કરી જાય છે તેમ જીવ મટીને મુક્તરૂપ થઈ જાય ને સુખ, સામર્થી ને પ્રકાશ વૃદ્ધિ પામે એટલે શ્રી પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામે. ખરા વક્તાના જોગનો એવો મહિમા છે. એ જોગ આજ તમને મળ્યો છે. જેમ પારસથી પારસ થાય તેમ અનાદિના જોગથી અનાદિ થવાય. એવા મુક્તનો જોગ મળ્યો હોય તોપણ સાધન પડ્યાં મૂકવાં નહિ; પણ એનો ભાર મૂકી દેવો. સાચી રુચિવાળાને શ્રીજીમહારાજ આવો જોગ જરૂર મેળવે.'' ॥૨૫॥

## વાર્તા ૨૬

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧૨ને રોજ સવારમાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''પરભાવની વાતોમાં જીવ રાજી થાય છે અને આ લોકની વાતોમાં ઇંદ્રિયો રાજી થાય છે. જપ, તપ આદિક સાધનથી કામાદિક શત્રુ ટળે નહિ અને ટાઢું પણ થાય નહિ. એ તો શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવાથી અંતરમાં ટાઢું થાય અને અંતરશત્રુ વેરાભાઈની પેઠે નાશ થઈ જાય. તે તો જીવ કરતો નથી અને 'મોટા કેમ દોષ ટાળતા નથી?' એમ વાંક કાઢે છે. બહારની કથા જીવમાં ટાઢું ન કરે; એણે કરીને તો ઇંદ્રિયોમાં ટાઢું થાય.''

''કાર્યથી જુદો પડીને મૂર્તિ પકડે તો સદા સુખિયો થઈ જાય. માટે મોટાનો જોગ કરીને મૂર્તિ પામવી. જોગ કર્યાનું ફળ તો જ મળ્યું જાણવું. જેમ શાળ ઉપર ફોતરું હોય છે તેણે કરીને દાણા પાકે છે પછી જેમ ચોખા કાઢી લઈને ફોતરાનો ત્યાગ કરીએ છીએ; તેમ સાધને કરીને મૂર્તિ સિદ્ધ કરવી. પછી સાધનને મૂકી દેવાં. મૂર્તિ મળ્યા પછી એ સાધન રાખવાં નહિ; એક મૂર્તિ જ રાખવી; કેમ જે મૂર્તિ અંગી છે ને સાધન અંગ છે. જેમ પંખી અંગી છે ને પાંખો અંગ છે; તેમ કારણ તે અંગી કહેવાય અને કાર્ય તે અંગ કહેવાય. સાધને કરીને મૂર્તિની પ્રાપ્તિ થાય

છે; પણ સાધનનો ખખા રાખવો નહિ. જો ખખા રાખે તો મૂર્તિમાં ચોંટવા દે નહિ. જેમ જળમાં લાકડું નાખીએ તો જળથી બહાર નીકળી જાય, પણ પત્થર બહાર નીકળે નહિ; તેમ સાધનનો ખખા ન રાખીએ ને એક મૂર્તિ જ રાખીએ તો મૂર્તિથી બહાર નીકળાય નહિ. મૂર્તિ મૂકીને વિદ્યા, સાધન, એ આદિકને સંભારે છે તે હલર-વલર કરે છે ત્યારે મહાપ્રભુજી અને મોટા મુક્ત તે એમ જાણે જે, 'આ બાળકિયા સ્વભાવ કરે છે.' પદાર્થ પોતે ભેળાં કરે અને તેણે કરીને ઉત્સવ, સમૈયા કરે ને તેને સંભારીને રાજી થાય તે કાર્ય કહેવાય; પણ એકાંતિક ભાવવાળાને એણે કરીને સુખ ન થાય. આ વાત જે મૂર્તિમાં રહેતા હોય તેની છે."

"જેને સદા મૂર્તિમાં રહેવાતું ન હોય તેણે તો દ્રવ્ય હોય તે શ્રીજીમહારાજની અને સંતની પ્રસન્નતાને અર્થે સત્સંગમાં જ વાપરવું; તો ઘણો જ લાભ છે; એણે કરીને માયા તરીને મોક્ષને પામે છે. જેમ બે હજાર રૂપિયાની વાંસળીને ગળે બાંધીને સમુદ્રમાં પડે તો ડૂબી મરે અને જો તેનું વહાણ કરાવીને તે વહાણમાં બેસે તો સમુદ્ર સહેજે ઉતારી દે; તેમ દ્રવ્ય છે તે વ્યવહારમાં વાપરે તો સગુણ અને બંધનકારી છે અને શ્રીજીમહારાજના ને સંતના ઉપયોગમાં આવે તો નિર્ગુણ અને કલ્યાણકારી છે." ॥૨૬॥

## વાર્તા ૨૭

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧૨ને રોજ બપોરે વરતાલનું ૧૮મું વચનામૃત વંચાતું હતું તેમાં ગુરુપરંપરા જાણવાની વાત આવી.

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "શ્રીજીમહારાજ તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે તેમને શ્રી રામાનંદ સ્વામીના શિષ્ય કહ્યા તે શિષ્યનો શો અર્થ હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "રામાનંદ સ્વામીને પોતાની મૂર્તિનું સુખ આપનારા એમ સેવા કરનારા માટે શિષ્ય એમ સમજવા. શ્રીજીમહારાજે શ્રી રામાનંદ સ્વામીને ગુરુપદવી પમાડી, પણ આ સભા

એથી ઓછી નથી. તમે સર્વે રામાનંદ સ્વામીના જેવા જ છો, તમે સર્વે શ્રીજીમહારાજના ચેલા છો, માટે તમો આજના છો તોપણ મોટા છો. તમારે કોઈને કોઈ પ્રકારની ઇચ્છા નથી.''

''સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીના સંકલ્પની સો મૂર્તિઓ લુણાવાડામાં હરિજનને તેડવા ગઈ હતી તે સો મૂર્તિઓ લુણાવાડાના મંદિરમાં બેઠી હતી. ત્યાં હરિજનો દર્શન કરવા સારુ આવ્યા તેમણે સો મૂર્તિઓ બેઠેલી જોઈને કહ્યું જે, 'શ્રી ગોપાળાનંદ સ્વામી તો એક જ છે અને આ તમે સો જણા શ્રી ગોપાળાનંદ સ્વામી જેવા દેખાઓ છો તે તમે કોણ છો?' ત્યારે બોલ્યા જે, 'અમો તો શ્રી ગોપાળાનંદ સ્વામીના સંકલ્પ છીએ અને હરિભક્તને તેડવા સારુ આવ્યા છીએ.' એમ કહીને અદૃશ્ય થઈ ગયા.''

''એમ આજ તમારા પણ સંકલ્પ ફરે છે. તમો કેટલાય હરિભક્તોને તેડી જાઓ છો ને વળી મૂકી પણ જાઓ છો એવા છો; પણ તમારી સામર્થી અમે રોકી રાખી છે, તમને જાણવા દેતા નથી. તમને બાધિતાનુવૃત્તિ રાખી છે. તમારી પાસે એવાં કામ કરાવીએ છીએ, પણ જાણવા દેતા નથી. તમે મેથાણમાં કેશવજીને તેડવા અમારા ભેળા આવ્યા હતા ને તમોએ એમને અહીં રખાવ્યા. જેતલપુરથી ડભાણ જતાં નવાગામના ડાહ્યાભાઈને પણ અમારા ભેગાં દર્શન આપ્યાં હતાં. એ ડાહ્યાભાઈને તથા કાણોતરના બાપુભાઈને તેડી ગયા ત્યારે પણ તમે ભેળા હતા. અમે જ્યાં જ્યાં હરિજનોને તેડવા જઈએ છીએ ત્યાં ત્યાં સર્વે ઠેકાણે તમે ભેળા જ હો છો. તમો એવા સમર્થ છો. આજ સત્સંગમાં સંત છે તે વગર ઉપદેશે આવે છે. શ્રીજીમહારાજે કાગળ લખીને અઢાર સંતને તેડાવ્યા હતા. તે ભુજના સુંદરજીભાઈથી શ્રેષ્ઠ હતા અને આજના છે તે એ અઢારથી શ્રેષ્ઠ છે.''

એટલી વાત કરીને સાંજના શ્રી કાકરવાડીએ નાહવા ગયા. ત્યાં નાહીને બાવળ તળે બેસીને માનસી પૂજા કરીને ઊઠ્યા. પછી મળ્યા ને

ચાલ્યા તે લખાઈવાડીમાં બાજરા પાસે સંતોને લઈ જઈને કહ્યું જે, “આ બાજરો તમે આવ્યા ત્યારે નાનો હતો અને આજ કેવડો મોટો થયો છે! તેમ તમો સર્વે અહીં આવ્યા પછી આ બાજરાની પેઠે વધ્યા છો. જેમ પાણીના જોગે મોલ વધે છે તેમ તમો અમારી વાતોરૂપી જળે કરીને વધ્યા છો.”

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “આ બાજરાના પોંકની પ્રસાદી જમાડીને પછી રજા આપજો.”

પછી સર્વે મંદિરમાં આવ્યા. ॥૨૭॥

## વાર્તા ૨૮

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧૨ને રોજ સાંજે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, “જેમ ઝાડ ઉપર વરસાદ વરસે ને તેમનાં પાંદડાંમાં પાણી ભરાઈ જાય ત્યારે ઝાડની અને પાણીની બેયની હવાઓ આવે, તેમ મહારાજનો અને મુક્તનો ઉપરથી અને અંતરમાં બે પ્રકારે જોગ કરવો; તો દોષ ટળી જાય તે પાછા ફેર ઉદય ન થાય. જો એકલો ઉપરથી જોગ કરે તો સમીપમાં હોય ત્યાં સુધી દોષ દબાઈ રહે ને છેટે જાય ત્યારે ઉદય થાય; જેમ આકાશમાં મોદ બાંધી હોય તેની તળે રહે ત્યાં સુધી તાપ ન લાગે ને બહાર નીકળે એટલે તડકો લાગે તેમ. અંતરમાં જોગ કરવાથી તો જેમ આકાશમાં બધે વાદળાં ભરાઈ જાય તે સૂર્ય દેખાય જ નહિ તેમ. માટે બે પ્રકારે જોગ કરવો. કેટલાક વિદ્વાન અને ડાહ્યા હોય, પણ કામાદિક શત્રુ ન ટળે. કેટલાક કાંઈ ન સમજતા હોય, પણ મોટાની કૃપા થાય તો દોષરહિત થઈ જાય અને મૂર્તિના સુખે સુખિયા થઈ જાય. જેમ ઉપવાસીને જમવાની ત્વરા થાય છે તે રસોઈનો સામાન ભેળો કરીને રસોઈ કરે છે, તેમ તત્પર થઈને વિધિ એટલે સાધન કરે તો દોષ બળી જાય. જીવને મૂર્તિ ધારવાની શ્રદ્ધા નથી અને આળસ રાખે છે એટલે મૂર્તિ સિદ્ધ થાતી નથી. પુરુષપ્રયત્ન કરે તો મૂર્તિ દેખાય.”

"જેમ મોલમાં પાણી બહુ આવે તો રેચાઈને પીળો થઈ જાય તેમ સત્સંગના સમૂહમાં સદા રહે તેને મહિમા ન જણાય; પણ વર્ષે-બે વર્ષે દર્શન થાય તો સાક્ષાત્ શ્રીજીમહારાજનાં દર્શન જેટલો લાભ ને પ્રેમ થાય. જો આ સંત સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે એમ વિચારે તો નિત્ય નિત્ય નવું હેત થાતું જાય. ને ભેળા રહ્યા થકા મહિમા સમજાય તો કામ પૂરું થઈ જાય. જેમ પાકશાળામાં બેઠો હોય તેને ભૂખ ન રહે અને ઉપવાસીને અન્નની ત્વરા બહુ રહે; તેમ સદા ભેળો રહેતો હોય તેને મહિમા ન જણાય. અને કોઈક દિવસ દર્શન થાય તેને મહિમા બહુ જણાય."

"થોડા સંત હોય અને તે જો અંતર્વૃત્તિવાળા હોય તો તેના ભેળા મહારાજ ને અનંત મુક્ત હોય. એ મોટો જોગ છે તે સદા રાખવો. જેમ મંદવાડમાં ઊંડો ઊતરી ગયો હોય તેને બોલાવે તો બોલે નહિ, કેમ જે સુષુપ્તિમાં પણ સુખ આવે છે. તેમ મોટાના જોગવાળાને મહારાજનું અને મુક્તનું સુખ બહુ આવે છે. એને તો ઝાઝા મનુષ્યોમાં સુખ ન આવે; કેમ જે સાધનવાળાને ઉદ્‌ઘોષમાં શાંતિ ન થાય; તેને તો એકાંતમાં બેસીને ભજન કરવામાં શાંતિ રહે. અનાદિમુક્તને તો કાંઈ વિક્ષેપ છે જ નહિ. એમને તો અષ્ટાવધાનીની પેઠે સર્વે ક્રિયા સ્વતંત્ર થાય ને મૂર્તિ મુકાય નહિ. ઉદ્‌ઘોષ છે તે નવાને સમાસ કરનાર છે." ॥૨૮॥

## વાર્તા ૨૯

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧૩ને રોજ સવારમાં સભામાં પ્રથમ પ્રકરણનું ૨૫મું વચનામૃત વંચાતું હતું. તેમાં સમાધિની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જ્યારે જીવને મહારાજનું દર્શન થાય છે ત્યારે ઇંદ્રિયો જીવમાં ખેંચાઈ જાય છે અને જીવને વિષે મહારાજનું દર્શન થાય છે. તે ઇંદ્રિયોને મહારાજ ખેંચે છે. જેમ ઝાડનું મૂળ સડે તે પૃથ્વીમાં જાતું રહે છે, તેમ મહારાજની મૂર્તિમાં વૃત્તિઓ ખેંચાઈને સમાધિ થાય છે. જેમ ચમકની સત્તાથી લોહ ખેંચાય છે તેમ.

સમાધિમાં તેજ, ઐશ્વર્ય, સામર્થી, ધામ, એ આદિકને જોવા ઈચ્છે તે સકામ માર્ગ છે ને તેમાં વિઘ્ન છે. કેમ જે એને કાંઈક ધક્કો લાગે ખરો.''

''જે મૂર્તિમાં જોડાય ને બીજું કાંઈ ન ઈચ્છે તે નિષ્કામ છે. એને સ્વરૂપ સમાધિ કહેવાય ને તેને કોઈ વિઘ્ન પણ ન થાય. જે પશુને અથવા અભક્તને સમાધિ થાય તેનું બીજબળ થાય. હવે તે સકામ-નિષ્કામનું દૃષ્ટાંત જે, બ્રાહ્મણને લાખ રૂપિયા હોય તોપણ ભીખ માગે તે સકામનું લક્ષણ છે. કણબીને લાખ ઉપવાસ પડે તોપણ બીજા પાસે માગે નહિ એ નિષ્કામનું લક્ષણ છે. અનાદિમુક્તને તો સદાય મૂર્તિ જ છે તે તો સકામ કે નિષ્કામ કહેવાય નહિ.''

''જેને પતિવ્રતાપણું હોય તેના ભેળા મહારાજ ભળે છે ને તેના સંકલ્પ સત્ય કરે છે. જેવો રાજાનો આહાર તેવો જ હજૂરીનો આહાર છે. તેમ એકાંતિકને વિષે મૂર્તિમાન વ્યતિરેક મહારાજ રહ્યા છે તે જેવું પોતાને સુખ છે તેવું જ તેને આપે છે. જે અનાદિની પંક્તિમાં ભળ્યા તેમાં તો અન્વય-વ્યતિરેક કહેવાય જ નહિ. જે મહારાજની મૂર્તિના સાધર્મ્યપણાને પામી ગયો તેને તો શ્રીજીનું જેટલું સુખ છે તે સર્વે એનું જ છે. એ અનાદિમુક્ત થયો. જેમ રાજાનું જેટલું રાજ્ય છે એટલું જ રાણીનું રાજ્ય છે; તેમ મુક્ત રાણીઓ છે ને મહારાજ રાજા છે અને સાધનદશાવાળા એકાંતિક તથા ચાલોચાલ ભક્ત છે તે સર્વે કુંવરને ઠેકાણે છે. મૂળઅક્ષરો દીવાનને ઠેકાણે છે. જેમ રાજાને ને રાણીને સ્વામી-સેવકપણું છે તેમ મુક્તને અને મહારાજને સ્વામી-સેવકપણું છે.'' ॥૨૯॥

## વાર્તા ૩૦

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧૩ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત હરિજનો શ્રી કાકરવાડીએ નાહવા ગયા. ત્યાં નાહીને બાવળ તળે બેસીને માનસી પૂજા કરી.

પછી સંતોએ કહ્યું જે, "બાપાશ્રી! વાત કરો."

પછી બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "પરમ એકાંતિક છે તથા અનાદિમુક્ત છે તેમને તો શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજો રસ નથી; એવું જાણે તેને નિર્માનીપણું આવે, ઇંદ્રિયોના વેગ ટળી જાય ને દાસાનુદાસ થઈ રહેવાય. જ્યાં લગી શ્રીજીમહારાજ સત્સંગમાં વિરાજે છે ત્યાં લગી સર્વે કામ થાય એવું છે. ચાલોચાલ સત્સંગમાં સુખ ન આવે. જોગ કરતાં સુખ આવ્યું કે ન આવ્યું ક્યારે જણાય? તો જ્યારે મૂર્તિનું સુખ આવે ત્યારે જણાય."

"સાધનમાત્રનું ફળ મૂર્તિ છે. જપ, તપ, સેવા, માળા, માનસી પૂજા એ સર્વે કરે; પણ તેનું ફળ જે મૂર્તિ તેના સુખનો ઉપાય ન કરે. જેમ કૂવો ખોદે છે તે પાણી થવા માટે ખોદે છે; તેમ સાધન, સેવા, સમાગમ, તેનું ફળ તે મૂર્તિ છે. આ જોગમાં શાંતિ શાંતિ રહી છે તેનું કારણ એ છે જે મૂર્તિ રહી છે. અનાદિમુક્તના શબ્દમાં સુખ આવે, કેમ જે મૂર્તિમાં રહીને બોલે છે."

"આ જ્ઞાનરૂપી અને મૂર્તિરૂપી યજ્ઞ તે શ્રીજીમહારાજનો છે. પીરસનારા અનાદિમુક્ત છે અને જમનારા સાધનદશાવાળા છે. પરમ એકાંતિક, અનાદિમુક્ત અને શ્રીજીમહારાજ તે તો ભેળા જ છે. અનાદિમુક્ત તો મૂર્તિમાં જ રહ્યા છે. માટે મહારાજ વિના એકલા આવ્યા છે એમ ન જાણવું. એમની દૃષ્ટિમાં માયા જ નથી. આ લોકમાં બીએ, ભાગે, હારે, જીતે એ તો આ લોકની રીતિ છે, પણ તે તો મૂર્તિમાં જ છે. સાધનવાળાને સુખ આપે છે તે મહારાજ આપે છે એમ જાણે છે, પણ અમો આપીએ છીએ એમ નથી માનતા; પોતાને ગુમાસ્તા માને છે."

"આવા મળ્યા છતાં રાંક ન રહેવું. રાજાની રાણી ભમી ભીખ માગે એવા સ્વભાવ ન રાખવા. સર્વે સામાન શ્રીજીમહારાજે આજ લાવીને આપ્યો છે, પણ જીવને અજ્ઞાનના ડચૂરા ભરાણા છે તે મનાય

નહિ. જો મોટાને મન સોંપી દે તો ડચૂરા કાઢી નાખે, પણ માનને લીધે મન અર્પાય નહિ. શીતળ ને શાંત મૂર્તિ છે અને મુક્ત પણ એવા જ શીતળ ને શાંત છે. 'શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય.' તેમનો જોગ કરીએ તો શીતળ કરી મૂકે. જેમ ઝાબમાં પાણી ભરાય છે તેમ નિર્માનીમાં ગુણ ને મૂર્તિ આવે છે અને મોટાનો રાજીપો થાય છે.'' ॥૩૦॥

## વાર્તા ૩૧

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧૪ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જેમ બાળકના હાથમાં હીરો, પારસમણિ ને કોડી આપ્યાં હોય તે ક્યારેક હીરે રમે, ક્યારેક હીરો ફગાવીને પારસમણિએ રમે ને ક્યારેક પારસમણિને નાખી દઈને કોડીએ રમે; કેમ જે એને કિંમત જડી નથી. ઝવેરીને એ ત્રણેની કિંમત પડે છે. તેમ જ્ઞાન વિના મહારાજની તથા મુક્તની ઓળખાણ પડતી નથી.''

''સત્શાસ્ત્ર અને સત્પુરુષ જેનું પ્રમાણ કરે તેને મોટા સમજીને જોગ કરવો; પણ બાળકિયા સ્વભાવવાળા હોય તેનો જોગ ન કરવો. જે મહારાજનો અને મોટાનો સિદ્ધાંત પડ્યો મૂકે ને સત્સંગનું ધોરણ મૂકીને વર્તે તે બાળકિયા સ્વભાવવાળા કહેવાય. તે પોતાનો મોક્ષ બગાડે અને લાખોને મોક્ષના માર્ગથી પાડે તેનું મહાપાપ લાગે. જીવનો સ્વભાવ મોટાની અનુવૃત્તિમાં રહેવા દે એવો નથી. માટે મોટાની અનુવૃત્તિમાં રહીને મન-કર્મ-વચને સંગ કરે તો સ્વભાવનો નાશ થઈ જાય, ને વૃત્તિઓ પાછી વળીને મૂર્તિમાં જોડાય, શાંતિ થાય ને મહા સુખિયો થાય. મોટાનો પ્રત્યક્ષ જોગ ન હોય ને બીજા થકી વાત સાંભળીને મોટાનો મહિમા સમજ્યો હોય ને વિશ્વાસ આવે તો શાંતિ થાય ને મોટા એનું પૂરું કરે દે.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, ''સંવત ૧૯૫૧ની સાલમાં હું આપની પાસેથી અમદાવાદ થઈને કપડવંજ ગયો હતો. ત્યાં

મોઢ બ્રાહ્મણ શ્રીકૃષ્ણના દીકરા ચુનીલાલને આપના મહિમાની વાતો કરી તેથી તેને આપને વિષે દિવ્યભાવ આવ્યો. એને આપનાં દર્શનની બહુ આતુરતા થઈ ને મને કહ્યું જે, 'હાલ ને હાલ કચ્છમાં ચાલો ને બાપાશ્રીનાં દર્શન કરાવો.' મેં કહ્યું જે, 'અમે તો દર્શન કરીને જ આવીએ છીએ; માટે આજ્ઞા વિના તુરત ફેર ન જવાય.' ત્યારે તેણે કહ્યું જે, 'હું મુંબઈ જાઉં છું. તે જ્યારે તમો વૃષપુર જાઓ ત્યારે મને ત્યાં કાગળ લખજો તો હું ત્યાંથી આવીશ.'"

"હું સંવત ૧૯૫૨ની સાલમાં અહીં આવ્યો ને મુંબઈ કાગળ લખ્યો ત્યારે તેણે જવાબ આપ્યો જે, 'હું પરીક્ષા આપું છું. ચાર દિવસની આપી છે ને ચાર દિવસની બાકી છે. તમે ફેર કાગળ લખો જે હું આગબોટમાં અહીંથી પરબારો વૃષપુર આવું કે રેલને રસ્તે આવું?' એ કાગળ મેં આપને વંચાવ્યો ત્યારે આપે આજ્ઞા કરી જે, 'રેલને રસ્તે તમારે ઘેર જઈને આવજો એમ લખો.' એવી રીતે લખ્યું તે કાગળ વાંચીને તે મુંબઈથી એને ઘેર ગયો ને ત્યાં માંદો થયો. દેહ મૂકવા સમય આવ્યો ત્યારે આપે દર્શન આપ્યાં, ત્યારે તેણે તેના બાપને કહ્યું જે, 'બાપાશ્રી મને તેડવા આવ્યા છે ને હું ધામમાં જાઉં છું.' એના બાપે કહ્યું જે, 'તેં બાપાશ્રીને કોઈ દિવસ દેખ્યા નથી ને ઓળખાણ કેમ પડી?' ત્યારે તેણે કહ્યું જે, 'ઓળખાવનારે ઓળખાવ્યા.' એમ કહીને દેહ મેલ્યો. તે જ દિવસે આપે આ ઠેકાણે મને વાત કરી જે, 'જેને તમે કાગળ લખ્યો હતો તે છોકરે આજ દેહ મેલ્યો ને એને અમે ધામમાં મૂકી આવ્યા.' એણે આપને કોઈ દિવસ દેખ્યા નહોતા ને આપનો મહિમા સમજ્યો એટલામાં જ આપે એનો મોક્ષ કર્યો."

"આપ ગયા કારતકમાં ધર્મધુરંધર મહારાજશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજને જનોઈ દીધી ત્યારે અમદાવાદ પધાર્યા હતા ત્યારે આપણે સર્વે વરતાલ ગયા ત્યાં ગોમતીજીને કાંઠે આંબાવાડિયામાં આપ ઊતર્યા હતા. ત્યાં ઠાસરાના સૂબા ગોપાળલાલભાઈ આપને દર્શને આવ્યા હતા અને આપની આરતી ઉતારી હતી ત્યારે સંતોએ નિષેધ કરવા માંડ્યો;

ત્યારે તેમણે કહ્યું જે, "મને મહારાજે રાત્રિએ દર્શન દઈને કહ્યું છે જે, 'અમારા અનાદિમુક્ત આજ વરતાલ આવ્યા છે માટે દર્શને આવજો. એમનાં દર્શન, સેવા તે અમારાં જેવાં જ છે.' તેથી હું આવ્યો છું." એમણે મૂળા પ્રસાદીના કરાવ્યા અને આપની પાસે વર માગ્યો જે, 'આ મૂળા જે જમે તેને આપે અક્ષરધામમાં તેડી જવા.' આપે વર આપ્યો જે, 'આ મૂળાની પ્રસાદી જે જમશે તેને અક્ષરધામમાં તેડી જશું.'"

"તે ઠાસરે ગયા અને મૂળાની પ્રસાદી સર્વેને વહેંચી આપી. આપના મહિમાની એમણે સર્વે સત્સંગીઓને વાત કરી ત્યારે ત્યાં એક વાણિયાના બે છોકરા હતા તેમણે ગોપાળલાલભાઈને પૂછ્યું જે, 'એ વરતાલ છે કે ગયા?' ત્યારે એમણે કહ્યું જે, 'એ તો આજ સ્પેશિયલ ગાડી કરી છે તે જતા રહેવાના છે.' એવું સાંભળી એ છોકરાઓએ ઓરતો કર્યો કે, 'આપણને દર્શન થયાં નહિ.' તેમાંનો મોટો ભાઈ થોડાક દિવસ પછી માંદો પડ્યો. તેને અંત વખતે આપે દર્શન આપીને કહ્યું જે, 'ચાલ અમારા ધામમાં.' ત્યારે તેણે એના નાના ભાઈને કહ્યું જે, 'બાપાશ્રી મને તેડવા આવ્યા છે.' નાના ભાઈએ કહ્યું જે, 'મને ક્યારે તેડી જશે તે પૂછી જુઓ.' એણે આપશ્રીને પૂછ્યું જે, 'મારા નાના ભાઈને ક્યારે તેડી જશો?' ત્યારે આપ બોલ્યા જે, 'આજથી એક મહિને તેડી જશું.' પછી એને તેડી ગયા અને એક મહિના કેડે એના નાના ભાઈને પણ તેડી ગયા. એમ એ છોકરાઓએ ઓરતો કર્યો એટલામાં આપે એમનો મોક્ષ કર્યો."

પછી બાપાશ્રી બોલ્યા જે, "મહારાજ અને મોટા અદૃશ્ય હોય તેમને ખરા ભાવથી સંભારે તો પ્રત્યક્ષના જેવું ફળ આપે." ॥૩૧॥

## વાર્તા ૩૨

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧૪ને રોજ બપોરે સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "આજ તમને મળ્યા છે તે વ્યતિરેક મૂર્તિ છે ને તે થકી આત્યંતિક કલ્યાણ થાય છે, પણ અન્વય થકી થાતું

નથી.''

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''મોટાનો વિશ્વાસ તો હોય, પણ વ્યતિરેક મૂર્તિનો મહિમા જાણી શકે નહિ તેને મોટા શ્રીજીમહારાજની મૂર્તિને સમીપે લઈ જાય કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મોટા સાથે જેણે મન બાંધ્યું હોય ને આત્મબુદ્ધિ કરી હોય તો મોટા તેને મહારાજના સુખમાં લઈ જાય છે.''

પછી વળી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''મુક્તને જોગે કરીને મુક્ત થયેલાનો જે જોગ કરે તેનું આત્યંતિક કલ્યાણ થાય કે કેમ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જેવું અનાદિમુક્તના જોગવાળાનું કલ્યાણ થાય છે તેવું જ તેના જોગવાળાનું કલ્યાણ થાય છે.''

ત્યારે વળી સ્વામીએ પૂછ્યું જે, ''મુક્તના જોગે મુક્ત થાય છે તેને સુખ મહારાજ પોતે આપે છે કે મુક્ત અપાવે છે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજે જીવો ઉપર દયા કરીને જે અનાદિમુક્તને પૃથ્વી ઉપર મોકલ્યા હોય તે મુક્તને વશ થઈને મહારાજ પોતે સુખ આપે છે.'' ॥૩૨॥

## વાર્તા ૩૩

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧૪ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો શ્રી કાકરવાડીએ નાહવા ગયા હતા. ત્યાં નાહીને બાવળ નીચે બેસીને માનસી પૂજા કરી.

પછી બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''આ વર્તમાન કાળમાં સ્વતંત્ર મુક્તને મહારાજે મૂક્યા છે. તે પોતાના જેવા જ જીવને સુખિયા કરે છે. સિદ્ધદશાવાળા સાધન કરે છે તે સાધનવાળાને શીખવવા માટે કરે છે. મહારાજની ને મોટાની કિંમત ન જાણવી. મુક્તને કોઈ

આવરણ આડું આવે નહિ. સંતદાસજીને કોઈ આવરણ નહોતું. કેરાવાળાં સદાબા કહેતાં જે, 'હું બાજરીના દાણામાં અનંત મુક્તે સહિત મહારાજને દેખું છું.' એટલે જ્યાં જુએ ત્યાં મૂર્તિ દેખે. અગત્રાઈમાં પર્વતભાઈએ કહ્યું જે, 'અહીં મુક્ત આવે છે.' ત્યારે હરિભક્તોએ પૂછ્યું જે, 'કેમ ખબર પડી?' ત્યારે કહ્યું જે, 'મુક્ત તો આવરણ રહિત હોય તે માટે દેખે છે.' એટલામાં શ્રી ગોપાળાનંદ સ્વામી આવતા હવા. એવા અનાદિમુક્તનો જોગ મળ્યો તેને મુદ્દો હાથ આવ્યો. તેને જ્ઞાનમાર્ગ ન સમજાય તોપણ કાંઈ બાકી રહેતું નથી.''

''મહારાજની કે મોટાની લખેલી વાર્તા સાંભળીએ ત્યારે તેમનો સમાગમ મળ્યો એમ પ્રત્યક્ષ જાણવા. જેમ પક્ષી ઈંડાને સેવે છે તેમ તમોને મહારાજ ને મોટા દૃષ્ટિ દ્વારા સેવે છે; માટે જેમ ભેગા બેઠા હોઈએ ત્યારે જેવો આનંદ રહે છે એવો આનંદ સદાય રાખવો. મોટા મળ્યા પછી શ્રદ્ધા પ્રમાણે સાધન કરવાં. અંતે તેને પૂરું કરાવી દેશું. જે આળસુ થઈને બેસી રહે ને કાંઈ ન કરે તેને વાંધો આવે છે. જેને મોટાનો જોગ ન ઓળખાણો હોય તે વ્રત, જપ, આદિક ઘણાં સાધન કરે તોપણ તેને બાકી રહે છે. મોટાના જોગવાળાને થોડાં સાધન હોય તોપણ તેને મોટી પ્રાપ્તિ થાય છે.''

''જે જીવને જે સંત સાથે હેત અને સમાગમ હોય તે સંત સાધનદશાવાળા હોય તેનાં અંત સમયે દર્શન થાય છે તે તો શ્રીજીમહારાજ તે સંતરૂપે પોતે દેખાય છે. જે અનાદિમુક્ત છે તથા પરમ એકાંતિક મુક્ત છે તે તો પોતે દર્શન આપીને મહારાજના સુખમાં લઈ જાય છે.''

પછી વળી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''જ્યાં સુધી આપ આ પૃથ્વી ઉપર રહો ત્યાં સુધી કોઈ ભક્તને રહેવાનો સંકલ્પ હોય તે સકામ કહેવાય કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''સકામ તો ન કહેવાય, પણ

મહારાજની ને મોટાની મરજી પ્રમાણે રહેવું.”

પછી રામગ્રીના પટેલ મલુ રાજાએ પૂછ્યું જે, “અંત સમયે સો સદ્‌ગુરુનું જ્ઞાન જીવને આપે છે એમ કહેવાય છે. ત્યારે તો જીવ સદ્‌ગુરુ થકી પણ વધી ગયો તે કેમ સમજવું?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “એ તો હિંમત દેવાનું વચન છે, પણ સદ્‌ગુરુનું જ્ઞાન તો અપાર છે.” ॥૩૩॥

## વાર્તા ૩૪

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૧૪ની રાત્રિએ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, “આ સત્સંગમાં જે શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તતા હોય તે બધાયને દિવ્ય જાણવા; પણ સમાગમ તો શ્રીહરિજીના પરમ એકાંતિક તથા અનાદિમુક્તનો કરવો. બીજાને દિવ્ય જાણીને સેવા કરવી. જે પંચ વર્તમાનની આજ્ઞા ન પાળતા હોય તેની સેવા તો નિરર્થક છે, કેમ જે એને મહાપ્રભુજીનો સંબંધ નથી. માટે એ સેવા શ્રીજીમહારાજને પહોંચતી નથી. જે આજ્ઞા પાળે છે તેની સેવા કરે, તો શ્રીજીમહારાજ તેમાં રહીને અંગીકાર કરે છે. જે અનાદિમુક્ત છે તથા પરમ એકાંતિક છે તેમની ને શ્રીજીમહારાજની સેવા તો એક જ છે; પણ જુદી નથી.”

“સત્પુરુષના જોગથી બહુ સુખિયા થવાય છે. એક મહારાજને જ અંતરમાં રાખે તો માન-મત્સરાદિક કોઈ વિકાર નડી શકે નહિ. આપણને અવિનાશી મૂર્તિ જે મહાપ્રભુજી મળ્યા ને અવિનાશી મુક્ત મળ્યા છે માટે કામ થઈ ગયું છે. હવે કાંઈ પણ અધૂરાપણાનો સંકલ્પ કરવો નહિ. મોટા મોટા અવતારાદિકને પણ આ જોગ મળવો ઘણો દુર્લભ છે. આ જોગ બહુ ભારે મળ્યો છે. શ્રીજીમહારાજે છેલ્લા પ્રકરણના બીજા વચનામૃતની બીજી બાબતમાં ‘બ્રહ્માદિકને પણ દુર્લભ એવો આ સત્સંગ મળ્યો છે’ એમ કહ્યું છે. તેમાં બ્રહ્મા તે મૂળઅક્ષરને કહ્યા છે; કેમ જે સૃષ્ટિ કરે તે બ્રહ્મા કહેવાય. મૂળ સૃષ્ટિકર્તા મૂળઅક્ષર

છે તેને આ ઠેકાણે બ્રહ્મા કહ્યા છે. તેને પણ આ જોગ દુર્લભ છે. આ તો છેલ્લો જોગ છે. આ મુક્તની દૃષ્ટિ જેના ઉપર પડે છે તેને શ્રીજીમહારાજની મૂર્તિમાં લઈ જાય છે, તો જે અમારા થઈને રહ્યા છે અને અનુવૃત્તિમાં રહે છે તેમને લઈ જઈએ એમાં શું કહેવું? એ તો લઈ જઈએ જ. માટે ખરેખરા મોટાના થઈ રહેવું. 'જંઈનો વેપાર અને લાખનો લાભ' એવું છે."

"જેમ નિશાન પાડવામાં એક વૃત્તિ કરવી પડે છે તેમ મહારાજની મૂર્તિમાં એક વૃત્તિ રાખીને મોટાનો જોગ કરવો. મોટાનો જોગ તે મહામંત્ર છે. મોટાનો જોગ હોય ને ત્યાં જન્મભૂમિ હોય તોપણ ત્યાં જઈને તે મોટાનો જોગ કરવો તેમાં લાભ ઘણો છે. રેલે બેસીને મોટાનો જોગ કરવા આવવાથી ચાલીને જવું તે ઉત્તમ છે; ન ચલાય તેણે રેલે બેસીને પણ જોગ સમાગમ કરવો. રેલે ન બેસવું એવો નિયમ રાખવો નહિ તેમાં લાભ છે. જેવો જોગમાં લાભ છે એવો રેલે ન બેસવું ને જન્મભૂમિમાં ન જાવું એમાં લાભ નથી. ખૂબ મજબૂત પાયાથી મંદિર ચણીને મૂર્તિ પધરાવી દેવી. મૂર્તિના તેજરૂપ થઈને તે તેજમાં મૂર્તિ ધારવી તો કામ, ક્રોધ, લોભાદિક દોષમાત્ર નાશ થઈ જાય છે અને પછી મૂર્તિમાં રહેવું એ સિદ્ધાંત છે." ॥૩૪॥

## વાર્તા ૩૫

સંવત ૧૯૬૨ના વૈશાખ વદિ-૦)) અમાસને રોજ સવારમાં સભામાં પ્રથમ પ્રકરણનું ૪૩મું વચનામૃત વંચાતું હતું. તેમાં નિષ્કામ ભક્ત ભગવાનની સેવા વિના બીજું ઇચ્છતા નથી એમ આવ્યું. તે ઉપર બાપાશ્રીએ વાત કરી જે, "એક કઠિયારો અને એની સ્ત્રી એ બેય શ્રીજીમહારાજને મળેલાં સત્સંગી હતાં. તે હંમેશાં રાત્રિના ત્રણ વાગે ઊઠીને શ્રીજીમહારાજનું ધ્યાન-ભજન કરીને નાહીને પૂજા કરીને મંદિરમાં દેવનાં દર્શન કરીને સવારમાં વહેલાં વગડે જાય. તે કોઈનું ધણિયાતું ન હોય એવા ઠેકાણેથી કાષ્ટની ભારીઓ લાવીને વેચે. તેના પૈસા અથવા

દાણા જે આવે તેમાંથી દશમો ભાગ શ્રી ઠાકોરજીની પાસે મૂકીને ઘેર જઈને રોટલા કરી મહારાજને થાળ ધરીને પ્રસાદી જમીને મહારાજનું ધ્યાન, ભજન, માળા, કથા કર્યા કરે. સાંજે મંદિરમાં જઈને કથા-વાર્તા સાંભળે ને રાત્રિએ ધ્યાન કરીને બાર વાગે સૂએ. એવી રીતે હંમેશાં ખાધા જેટલું પેદા કરીને મહારાજનું ધ્યાન-ભજન કરતાં.''

''એમ કરતાં કરતાં એક દિવસે કઠિયારાને તાવ આવ્યો તે વગડે જવાયું નહિ. તેની સ્ત્રી પતિવ્રતા હતી માટે એકલી ન ગઈ, તેથી બેય ભૂખ્યાં રહ્યાં. તેને ત્રીજે દિવસે સવારમાં તાવ ઊતર્યો એટલે નાહીને પૂજા કરી. તેની સ્ત્રીએ પૂછ્યું જે, 'તમારે કાંઈ ખાવાની ઇચ્છા થઈ હોય તો હું કોઈનું ઉછીનું લાવીને કરી આપું. આપણે જમીને સાંજના ભારીઓ લેવા જાશું ને તેમાંથી જે આવશે તેમાંથી ઉછીનાવાળાને પાછું આપીશું.' ત્યારે કઠિયારો બોલ્યો જે, 'બે દિવસ શ્રીજીમહારાજની ઇચ્છાથી ભૂખ્યાં રહ્યાં તો અડધો દિવસ જાણીને ભૂખ્યાં રહીશું, પણ આપણે ઉછીનું લાવવું નથી.'''

''પછી ભૂખ્યાં ને ભૂખ્યાં વગડે જઈ એક થોરિયાનું થડિયું હતું તેને ચીરવા માંડ્યું તે કુહાડો તો ઊંચો પણ થાય નહિ; તોપણ તેના ટચકાથી બ્રહ્માંડ ડોલવા લાગ્યું. તેથી બ્રહ્માને ભય ઊપન્યો એટલે વૈરાજપુરુષ પાસે જઈને રાવ કરી જે, 'તમારો ભક્ત સત્યના બળ વડે કરીને મારું બ્રહ્માંડ ડોલાવે છે તે હમણાં પડી જાશે. માટે બંધ કરાવો.' ત્યારે વૈરાજપુરુષે જાણ્યું જે, આ ભક્ત તો મારા ઉપરીનો છે તે મારાથી બંધ નહિ થઈ શકે; પણ જો બ્રહ્માને આ વાત કરું તો એને મારે માથે ઉપરી છે એ ખબર પડે. માટે યુક્તિ કરીને કહ્યું જે, 'જાઓ એનો તપાસ કરશું.' બ્રહ્મા ગયા પછી વૈરાજ પુરુષે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ એ ત્રણ દેવની આરાધના કરી જે, 'હે મહારાજ! તમારો ભક્ત બ્રહ્માનું બ્રહ્માંડ ડોલાવે છે. માટે કૃપા કરીને બંધ કરાવો.' ત્યારે તેમણે વૈરાજપુરુષને દર્શન દઈને જેમ વૈરાજે યુક્તિથી કહ્યું હતું તેવો જવાબ દીધો. પછી અનિરુદ્ધાદિ ત્રણ દેવે મહત્તત્ત્વની પ્રાર્થના કરી ત્યારે તેમણે

પણ દર્શન આપીને એવી જ રીતે જવાબ દીધો. પછી મહત્તત્ત્વે પ્રધાનપુરુષની પ્રાર્થના કરી ત્યારે તેમણે પણ એવો જ જવાબ યુક્તિથી દીધો. પછી પ્રધાનપુરુષે મૂળપુરુષની પ્રાર્થના કરી ત્યારે તેમણે પણ દર્શન આપીને એવો જ જવાબ દીધો. પછી મૂળપુરુષે પોતાના ઉપરી જે વાસુદેવબ્રહ્મ તેમની સભામાં જઈને પ્રાર્થના કરી જે, 'તમારો ભક્ત બ્રહ્માંડ ડોલાવે છે તે બંધ કરાવો.' તેમણે પણ પોતાના ઉપરીને જાણે નહિ એવી યુક્તિએ જવાબ દીધો જે, 'બંધ કરાવશું.' પછી વાસુદેવબ્રહ્મે મૂળઅક્ષરની પ્રાર્થના કરી ત્યારે એમણે પણ તેજરૂપે પ્રેરણા કરીને એવો જ જવાબ દીધો. પછી મૂળઅક્ષરે શ્રીજીમહારાજની પ્રાર્થના કરી. પછી શ્રીજીમહારાજે પોતાના તેજરૂપે પ્રેરણા કરીને કહ્યું જે, 'એ અમારા ભક્તને છળીને સત્યથી પાડે તો બ્રહ્માનું બ્રહ્માંડ બચે.''"

"પછી એ પ્રમાણે ઉત્તરોત્તર બ્રહ્મા પાસે જવાબ આવ્યો, એટલે બ્રહ્મા શ્રીજીમહારાજના જેવું રૂપ ધારી વિમાને બેસીને દેવલોકમાં આવીને દેવની પાસે સાધુના જેવા વેષ ધરાવીને, સર્વે વિમાને બેસીને, જ્યાં કઠિયારો ભક્ત લાકડું ચીરતો હતો ત્યાં આવીને તેને બ્રહ્માએ કહ્યું, 'હે ભક્ત! અમે સ્વામિનારાયણ છીએ અને આ સર્વે સંત છે. તે તમને દર્શન દેવા આવ્યા છીએ. માટે દર્શન કરો અને જે જોઈએ તે માગો.''"

"ત્યારે તે ભક્તે તેમના સામું જોઈને પછી અંતર્વૃત્તિ કરીને પોતાના આત્માને વિષે મહાપ્રભુજીની મૂર્તિ જોઈ ત્યારે એકે ચિહ્ન મળતું આવ્યું નહિ. પછી વિચાર કર્યો જે, 'આ તે કોણ હશે? આ કોઈક ઠગ છે.' પછી દેવોનાં સ્થાન જોયાં ત્યારે બ્રહ્માનું સ્થાન ખાલી દેખ્યું. પછી બોલ્યા જે, 'તું તો બ્રહ્મા છે ને આ સર્વે દેવલાં છે. તમે અજ્ઞાની છો ને મને છળવા આવ્યા છો; પણ ભિખારીનું ખાધેલું એઠું હોય તે રાજાને જેમ ખાધાનો સંકલ્પ ન થાય તેમ હું પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ભક્ત છું તે મૂળઅક્ષરનું આપેલું ન લઉં તો તું તો રાંક અને મલિન છે તે તારું આપેલું લેવાનો સંકલ્પ પણ કેમ થાય? તું તો કેટલાયનો એંઠવાડો ખાય છે તેની તને ખબર નથી. સાંભળ, હું તને

તે કહી બતાવું.'"

"'સર્વેથી પર શ્રી સ્વામિનારાયણ એક જ ભગવાન છે તે મારા સ્વામી છે, સર્વેના નિયંતા છે, સર્વેના કારણ છે, સર્વ સુખમય મૂર્તિ છે અને અનંત ઐશ્વર્યે યુક્ત છે. તે સુખને શ્રીજીમહારાજના અનાદિમુક્ત મૂર્તિમાં રસબસ રહીને લીધા જ કરે છે. જેમ જળમાં જળજંતુ હોય તે પોતાની ઈચ્છા પ્રમાણે જળ પીધા જ કરે તેમ. બીજા પરમ એકાંતિક મુક્ત છે તે શ્રી સ્વામિનારાયણની મૂર્તિના તેજમાં મૂર્તિને સન્મુખ રહ્યા થકા શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ લીધા જ કરે છે અને તે સર્વે રાણીને ઠેકાણે છે. પછી મૂળઅક્ષર છે તે શ્રીજીમહારાજના દીવાનને ઠેકાણે છે તેમને શ્રીજીમહારાજ સુખ, સામર્થી ને ઐશ્વર્ય આપે છે અને મૂળઅક્ષર જે તે વાસુદેવબ્રહ્મને ઐશ્વર્ય, સામર્થી આપે છે. વાસુદેવબ્રહ્મ મૂળપુરુષને આપે છે. મૂળપુરુષનો એંઠવાડો પ્રધાનપુરુષને મળે છે, એનો મહત્તત્ત્વને મળે છે, મહત્તત્ત્વનું વધેલું અહંકારને આવે છે અને એનું વધેલું તારા સ્વામી જે વૈરાજ તેને મળે છે. એ વૈરાજે તને આપ્યું છે તે તું ભોગવે છે. માટે તારા જેવો ભ્રષ્ટ અને રાંક બીજો કોણ છે તે તું તારો એંઠવાડો મને આપવા આવ્યો છે?'"

"ત્યારે બ્રહ્માએ વિનંતી કરી જે, 'હે મુક્તરાજ! હું તમને આવા મોટા જાણતો નહોતો. તમોએ જે જ્ઞાન કહ્યું તેની તો મને ખબર નથી. હું તો મારા ઉપરીથી પર બીજું કાંઈ છે જ નહિ એમ જાણતો હતો. માટે મારો અપરાધ ક્ષમા કરો. મારું બ્રહ્માંડ ડોલતું હતું તેથી મારે આ કામ કરવું પડ્યું છે.' ત્યારે કઠિયારા ભક્તે કહ્યું જે, 'જા, તારું બ્રહ્માંડ નહિ પડે.' પછી બ્રહ્માદિક રાજી થઈને ગયા."

"શ્રીજીમહારાજે એ બેયને દર્શન આપ્યાં ને બહુ પ્રસન્ન થયા ને કહ્યું જે, 'અહીં રહેવું છે કે ધામમાં આવવું છે? જો અહીં રહેવું હોય તો વૈભવ આપીએ અને ધામમાં આવવું હોય તો તેડી જઈએ.' ત્યારે તે બેય બોલ્યાં જે, 'આ લોકનું તો અમારે કાંઈ જોઈતું નથી. અહીં રાખો

કે તેડી જાઓ એ પણ અમે કાંઈ ન કહીએ. જેમ આપની મરજી હોય તેમ કરો.' શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ચાલો આપણા ધામમાં.' પછી કુહાડો નાખી દઈને બેય જણાં દેહ મૂકીને શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થઈ ગયાં.''

''આવા નિષ્કામ ભક્ત થાય તો શ્રીજીમહારાજ તથા તેમના મુક્ત પ્રસન્ન થઈને આવરદા હોય તોપણ પડી મુકાવીને પોતાની મૂર્તિમાં રાખીને સુખ આપે છે ને સદા ભેળા રાખે છે. એવા નિષ્કામ થાવું, પણ કોઈ પદાર્થની ઇચ્છા ન રાખવી. શ્રીજીમહારાજની મૂર્તિ વિના અક્ષરકોટિ સુધી કોઈની ગણત્રી ન રાખવી. જેમ આ લોકમાં વર્ણ ઘણી છે, પણ જેને ઘેર જવું ન ઘટે તેને ઘેર કોઈ જાય નહિ; જેને ઘેર જવું ઘટે ત્યાં જાય. જે ભગવાનના ભક્ત હોય તે તો મંદિર વિના બીજે કોઈને ઘેર જાવું ઘટતું હોય ત્યાં પણ જાય નહિ; કેમ કે તેને તો મંદિર વિના બીજું ગમે જ નહિ. તેમ મહાપ્રભુજી વિના બીજું ગમવું ન જોઈએ. શ્રીજી વિના કોઈની ગણતરી રાખવી ન જોઈએ. તો મહારાજ અને મોટા મુક્ત પ્રસન્ન થઈને પોતાના ભેળા રાખીને પોતાની મૂર્તિનું સુખ આપે.''

વાર્તાની સમાપ્તિ કરીને 'શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય ને આ સભાની માયાનો ક્ષય' એમ વર આપ્યો. ॥૩૫॥

## વાર્તા ૩૬

સંવત ૧૯૬૨ના જેઠ સુદ-૧ને રોજ સવારે સભામાં પ્રથમ પ્રકરણનું ૩૩મું વચનામૃત વંચાતું હતું. તેમાં ઉત્પત્તિકાળે અક્ષરાદિક રૂપે થઈએ છીએ અને જીવના કલ્યાણને અર્થે નારદ-સનકાદિક રૂપે થઈએ છીએ એમ આવ્યું.

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''એ નારદ-સનકાદિક કોને સમજવા?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''પોતાના અનાદિમુક્તોને આ ઠેકાણે નારદ-સનકાદિક નામે કહ્યા છે. તે અનાદિમુક્તો સદાય મૂર્તિમાં રહ્યા

થકા આ લોકને વિષે જીવોને દર્શન આપીને મોક્ષ કરે છે એટલે પોતા જેવા મુક્ત કરે છે, પણ બીજું ઐશ્વર્યાર્થીનું કામ જે જગતની ઉત્પત્ત્યાદિક તથા કર્મફળ આપવાં તે કરતા નથી; કેમ કે એને તુચ્છ ગણે છે. એ કામ તો મૂળઅક્ષરાદિકને સોંપી મૂકેલાં છે તે કરાવે છે. મુક્ત તો કેવળ મોક્ષ જ કરે છે. જીવોના ગુણ-અવગુણ સામું જોતા નથી અને પામર જેવો જીવ હોય તેનો પણ મોક્ષ કરે છે તેવા દયાળુ છે. અને એમને ગુણ-અવગુણ, નિંદા-સ્તુતિ કાંઈ છે જ નહિ.''

''ત્યાં દૃષ્ટાંત જે એક સત્સંગી જાતિએ હરિજન હતો. તેને રાજા કેદમાં પૂરીને પોતાને હાથે નિત્ય સાત ખાસડાં મારતો. તે અપરાધે એ રાજાને યમ લેવા આવ્યા. તેમને દેખીને હરિજને શ્રીજીમહારાજને વિનંતી કરી જે, 'હે મહારાજ! આ રાજાને મારાં દર્શન થયાં છે અને એણે મારી પૂજા કરી છે માટે એ બિચારાને યમના મારથી છોડાવો ને આપણા ધામમાં લઈ જાઓ.' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'હે ભક્તરાજ! એ તો તમારો અપરાધી છે તેથી યમને લઈ જવા દો. મારો અપરાધ કરે તેને હું છોડી મૂકું છું, પણ મારા ભક્તના અપરાધીને હું છોડતો નથી.' ત્યારે હરિજને કહ્યું જે, 'હે મહારાજ! તમારે ને તમારા ભક્તને દર્શને કરીને તો અનંત બ્રહ્મહત્યાઓ બળી જાય અને સર્વે પાપ બળી જાય અને મોક્ષ થાય. માટે યમના મારથી મુકાવીને એ બિચારાનો મોક્ષ કરો. તમારા ભક્તને તો ચંદન, પુષ્પની ને ખાસડાની પૂજા સરખી છે. માટે એ અજ્ઞાનીનો અપરાધ ન ગણીને આપનાં દર્શનનું ફળ આપો.' ત્યારે યમને કાઢી મૂકીને શ્રીજીમહારાજ એ રાજાને તેડી ગયા અને પોતાના ભક્ત ઉપર બહુ રાજી થયા. મોટાની તો આવી સમજણ છે. તે સમજણ સાધનદશાવાળો ગ્રહણ કરે તો મોટાના જેવા ગુણ આવે.''

'નાખે અદાવત દીયે ગાળુ, તેને ભક્ત સમજે દયાળુ' એ ચોપાઈ બોલીને પછી બોલ્યા જે, ''આવી સમજણ ગ્રહણ કરે તો બહુ સુખિયો થાય. જીવને પોતાનું ધાર્યું મુકાતું નથી ને ધાર્યું ન થાય તો

કલ્યાણના દાતા એવા જે ભગવાન ને મુક્ત તેમનો દ્રોહ કરે ને કલ્યાણ બગાડે. જુઓને! જીવા ખાચરે શ્રીજીમહારાજને ભગવાન જાણીને ઘણી સેવા કરી હતી, પણ પોતાનું ધાર્યું મરડાયું તો શ્રીજીમહારાજને મારવાના ઉપાય ખોળ્યા. અલૈયા ખાચરે ઘણી સેવા કરી હતી, પણ માન મરડાયું તો શ્રી મુક્તાનંદ સ્વામીને મારવા તરવાર તાણી. માન એવું ભૂંડું છે જે દેવનાં દર્શન પણ મુકાવી દે. દર્શન વિના ચલવે અને ખાઈ લે, પણ માન ન મૂકે.''

''આ સત્સંગમાં શ્રીજીમહારાજ ને મોટા સંત વિરાજે છે; સત્સંગ મૂકીને ગયા નથી. માટે જેમ કહે તેમ કરવું અને રાજી કરવા, પણ કચવાવવા નહિ; કેમ કે તેમાંથી તો જીવનું બગડી જાય. 'રાજી કરવાનું રહ્યું પરું, પણ ઊલટો કોપ ન કરાવીએ સ્વામીને'. સત્સંગમાં કોઈકને કહેવું ઘટતું હોય તે કહેવું ખરું, પણ કોપાયમાન થઈને કહેવું નહિ. અને મોટાની આજ્ઞામાં રહેવું. માન આદિક સર્વે દોષનો ત્યાગ કરીને ભગવાન ને સંતના દાસાનુદાસ થઈ રહેવું.''

''અમદાવાદમાં દામોદરભાઈ હતા. તેમની સ્ત્રી મરી ગઈ ત્યારે રામપ્રતાપભાઈ પાસે 'બ્રહ્માંડમાં સર્વે સ્ત્રીઓ છે તે બહેનો છે' એમ બોલી ગયા ને પછી નાતરું કરીને સ્ત્રી લાવ્યા તેથી ભાઈને રીસ ચઢી. તે જ્યારે દર્શને આવે ત્યારે 'સસુર કિસ બ્રહ્માંડ મેં સે લાએ' એમ કહીને મારવા દોડે, એટલે દામોદરભાઈ ભાગી જાય, પણ દર્શન કર્યા વિના જમે નહિ. જ્યારે રામપ્રતાપભાઈ નાહવા કે પૂજા કરવા કે જમવા બેઠા હોય તે વખતે દર્શન કરી જાય, પણ દર્શન વિના કોઈ દિવસ જમ્યા નહિ ને પાણી પણ પીધું નહિ. કોઈ વખત સવારે અને કોઈ વખત બપોરે અને કોઈ વખત સાંજે અને કોઈ વખત રાત્રિએ, જ્યારે દર્શન થાય ત્યારે જમે અને પાણી પીએ. એવા આસ્તિક અને નિષ્ઠાવાળા હતા. એવી દઢતાવાળા હોય તે ભક્ત કહેવાય. તેમની દઢતા મધ્ય પ્રકરણના ૫૯મા વચનામૃતમાં શ્રીજીમહારાજે વખાણી છે.''

"એક સમયે અનાદિ મુક્તરાજ સ્વામી શ્રી નિર્ગુણદાસજી ભુજ પધાર્યા હતા. તેમનો સમાગમ કરવા ભુજના સાધુ માધવદાસજીને ભુજ રહેવું હતું અને ભુજમાં રહેવા માટે વાગડ દેશમાં કથા, વાર્તા, ધર્માદો કરી આવ્યા હતા. તોપણ સદ્‌ગુરુ સ્વામીશ્રી અક્ષરજીવનદાસજીએ તેમને અબડાસામાં મોકલ્યા. તેમને સમાગમ કરવાની ઘણી આતુરતા હતી, પણ બિચારા આજ્ઞામાં વર્તીને ગયા. એમ આજ્ઞામાં રહેવું, પણ મનગમતું કરવા સત્સંગ બહાર ન જાવું. અને દોષ તથા સ્વભાવ ટાળીને દાસાનુદાસ થઈને સત્સંગમાં મુક્ત સાથે જીવ જોડવો." ॥૩૬॥

## વાર્તા ૩૭

સંવત ૧૯૬૨ના જેઠ સુદ-૨ને રોજ સવારે સભામાં લોયાનું ૭મું વચનામૃત વંચાતું હતું. તેમાં વાત આવી જે ઇંદ્રિયો, અંતઃકરણ અને અનુભવ એ ત્રણે કરીને પ્રત્યક્ષ ભગવાનને જાણે, ત્યારે આત્યંતિક કલ્યાણ થાય.

ત્યારે પુરાણી હરિપ્રસાદદાસજીએ પૂછ્યું જે, "જ્યારે મહારાજ હતા ત્યારે તો ઇંદ્રિયે દેખાતા, પણ આજ મહારાજને પ્રત્યક્ષ ઇંદ્રિયોએ કરીને શી રીતે દેખવા?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "શ્રીજીમહારાજે 'અમને મનુષ્યરૂપે દેખો' એમ સંકલ્પ કર્યો ત્યારે મનુષ્યરૂપે દેખાયા. તેમ જ બીજો સંકલ્પ કર્યો કે 'અમને પ્રતિમારૂપે દેખો' માટે આજ પ્રતિમારૂપે પ્રત્યક્ષ છે. તેમનાં દર્શન ઇંદ્રિયોએ કરીને કરવાં અને એ પ્રતિમાનો મહિમા મુક્ત થકી અંતઃકરણમાં જાણવો અને એ પ્રતિમાને પોતાના ચૈતન્યને વિષે ધ્યાનમાં જોવી. તે જોતાં જોતાં જ્યારે આત્માને વિષે દેખાય ત્યારે મોક્ષ થાય. કદાપિ આત્માને વિષે દર્શન ન થાય તોપણ શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય તો મોક્ષ થાય. તેમ જ મુક્ત મળ્યા હોય તેમને જેવા હોય તેવા મુક્ત જાણે તો કલ્યાણ થાય. એટલે મહારાજને મહારાજ જાણવે કરીને અને મુક્તને મુક્ત જાણવે કરીને કલ્યાણ થાય."

"મહારાજ મનુષ્યરૂપે પ્રત્યક્ષ મળે તો મોક્ષ થાય અને જ્યારે મહારાજ પ્રતિમારૂપે દેખાતા હોય ત્યારે મહારાજની હજૂરમાંથી પરમ એકાંતિક મુક્ત મૂકેલા હોય તે પ્રત્યક્ષ મળે તો પ્રતિમાનો મહિમા સમજાવે અને મોક્ષ કરે. અનાદિમુક્ત અને શ્રીજીમહારાજ તો જળ-તરંગવત્ એક જ છે. મુક્ત ન હોય ત્યારે પ્રતિમાથી પણ કલ્યાણ થાય, પરંતુ વિલંબ થાય. માટે મુક્ત આ પૃથ્વી ઉપર પધાર્યા હોય તે મુક્તને ઓળખીને સંગ કરવો. મુક્ત ઓળખવા એ ઘાંટી જબરી છે. જેને સર્વે સત્સંગે પ્રમાણ કરેલા હોય ને વયે કરીને પણ વૃદ્ધ હોય એવા મુક્તનો સમાગમ કરવો. આડે-અવળે ધોડા કરવા નહિ. મહારાજ અને મુક્ત વિના બીજે જે વળગ્યા છે તે હેરાન થવાનું કારણ છે."

"માટે મુક્ત ઓળખીને સંગ કરવો; કેમ જે કેટલાક મુમુક્ષુ પણ ન હોય અને વિષયી પણ ન હોય ને પામર જેવા પણ ન હોય ને તે અનાદિમુક્ત થઈ બેઠા હોય. તેને મુક્ત જાણીને તેનો જોગ કરે તો તે સંગ કરનારની ભવાઈ થાય. તે શા વાસ્તે મુક્ત થયા હોય? માન માટે, પૂજાવા માટે ને વિષય માટે મુક્ત થયા હોય; પણ મોક્ષ માટે ન થયા હોય. એવા કપટીનો વિશ્વાસ લાવીને જે વળગ્યા હોય તેનું ભૂંડું થાય. તેમાં કોઈકને શંકા થાય જે પામરથી મુક્ત કેમ થઈ બેસાય? તો તેનું એમ છે જે, પહેલાં તો ભક્ત હોય અને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તે થોડાં થોડાં હોય તેણે કરીને પોતાને સરસ માને, પણ બરાબર જ્ઞાન ન હોય તેથી અજ્ઞાનમાં વિચાર વિના ઉદ્ધત થઈ જાય અને કોઈ સાધુ કે સત્સંગીની ગણતરી રહે નહિ. માનને લીધે કોઈ મોટા મુક્તનો સમાગમ દાસ થઈને કરે નહિ. પોતાના બુદ્ધિબળે શાસ્ત્રમાંથી જ્ઞાન શીખવા જાય અને શાસ્ત્રનો સિદ્ધાંત હાથ આવે નહિ ને પોતાને અવળું-સવળું જેવું સમજાય તેવું જ્ઞાન બીજાને પણ કરે અને કોઈ મોટા સમજાવે તો માનના માર્યા કોઈનું કહ્યું પણ માને નહિ. પોતે અવળે રસ્તે ચાલે ને બીજા લાખોને અવળે રસ્તે ચલાવે. તેથી શ્રીજીમહારાજનો તથા સર્વે સત્સંગીનો કોપ થાય. તેણે કરીને તેની બુદ્ધિ દુષિત થઈ જાય તેથી

વિષયવાસના વધે અને વર્તમાન લોપે એટલે બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય અને બ્રહ્મરાક્ષસના જેવી ક્રિયા કરે. તેનો મહિમા ન મૂકે ને જોગ રાખે તે મૂર્ખ છે. કદાપિ એણે અમારી ઓળખાણ પડાવી હોય, પણ તેનો પગ ખાડામાં પડે કે ઉદ્ધતાઈ આવે તો તેનો ત્યાગ કરવો.''

''જેને સત્સંગમાં દાસપણું હોય તે જ ઊંચે પગથિયે ચઢે છે. મહારાજને સાથે રાખવા ને દાસપણું રાખવું; તો ઘણો લાભ થાય. જેમ ટટ્ટુ હોય તે પહેલું બહુ દોડે, પણ પછી બહુ થાકી જાય; કુંતલ ઘોડા હોય તે જેમ જેમ મજલ કરે તેમ તેમ વધારે બળ આવે અને સર્વે ઘોડાની આગળ જતા રહે. તેમ જે મોટા ન હોય ને મોટા થાવા જાય તો તેનું આગળ જતાં ભાંગી પડે, પણ લાંબું ચાલે નહિ. મુક્ત હોય તે તો દિવસે દિવસે પ્રસિદ્ધ થાતા જાય, પણ ઘટે નહિ. જે એમનો જોગ કરે તે પણ તેવો જ મુક્ત થાય, પણ જે મુક્ત ન હોય ને પરાણે મુક્ત થઈ બેઠા હોય અને વર્તમાન લોપતા હોય ને પોતાનું ધ્યાન કરાવતા હોય તેને કોટિ કલ્પે દુઃખનો અંત આવતો નથી. એ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં ભૂખ, દુઃખ ને માર એ ત્રણ વાનાં મળે. અક્ષરધામને ને એમને તો લાખો ગાઉનું છેટું છે. તે મરે ત્યારે બ્રહ્મરાક્ષસ થાય અને હેરાન હેરાન થાય ને એમનો સંગ કરનારની પણ તેમના જેવી દશા થાય. માટે વિચારીને મુક્ત ઓળખીને સંગ કરવો.''

''જે મુક્ત ન હોય ને તે કહે જે, 'હું મુક્ત છું' તો તેને અતિ મહાપાપી જાણવો. જે ભગવાન થઈને પોતાનું ધ્યાન કરાવે તે તો તેનાથી પણ અત્યંત મહાપાપી જાણવો. તેનું મુખ પણ ન જોવું. અને એવાએ કદાપિ કોઈકને તેડવા આવવાનો વર દીધો હોય તે ખોટો જાણવો અને એવાનો જોગ ન કરવો.'' ॥૩૭॥

## વાર્તા ૩૮

સંવત ૧૯૬૨ના જેઠ સુદ-૩ને રોજ સાંજે સભામાં પ્રથમ પ્રકરણનું ૫૩મું વચનામૃત વંચાતું હતું. તેમાં અવગુણ ન લેવા વિષેની

વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "સો જણાની પાસે ગુજરાતી પાશેર પાશેર ભાર હોય તે કોઈને જણાય નહિ, પણ એ સર્વે ભાર એકની પાસે આવે તો ભારે થઈ પડે. તેમ સો જણાનો અકેકો અવગુણ લે તો સો અવગુણ આવે અને અકેકો ગુણ લે તો સો ગુણ આવે; માટે સર્વે સંત-હરિજનોના ગુણ લેવા. દેહસ્વભાવ જોઈને અવગુણ લેવા નહિ. પંચ વર્તમાનમાં ફેર હોય તો અવગુણ લેવો. કોઈકને શિખામણ દેવી તે પણ શુદ્ધ સત્ત્વગુણમાં રહીને કહેવું. પોતામાં રજ, તમાદિક ગુણ આવે ને પ્રકૃતિને વશ થઈને કહે તો પોતાનું સુકૃત કરેલું હોય તે બળી જાય. માટે દયા રાખવી. તેનો ઉદ્ધાર થાય તેવી રીતે કહેવું, પણ શિખામણ દેતાં શિક્ષા થાય તેમ ન કરવું. કોઈએ ધર્મ લોપ્યો હોય તેને સમજાવીને પ્રાયશ્ચિત્ત કરાવીને ઠેકાણે પાડવો. જો ન માને તો તેનો ત્યાગ કરવો. પ્રાયશ્ચિત્ત પણ એક વાર ભૂલ્યો હોય તેને કરાવવું. બીજી વાર ભૂલે તો કાઢી મૂકવો. ધર્મ પાળતો હોય, પણ જો ભગવાન ભુલાવે એવો હોય તો તેનો પણ ત્યાગ કરવો. જે પંચ વર્તમાનમાં કુશળ હોય અને બીજા સ્વભાવ-પ્રકૃતિ કાંઈક હોય તેનું તો પૂરું કરીશું, પણ ઉપાસનામાં ફેર હશે તેનું તો અધૂરું રહેશે. સત્સંગનો અવગુણ બહારવૃત્તિવાળાને આવે છે. જો અંતર્વૃત્તિ થાય તો સર્વે સત્સંગ દિવ્ય જણાય."

ત્યારે પાટડીના નાગજીભાઈએ પૂછ્યું જે, "અંતર્વૃત્તિ તે શું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અંતરમાં મહારાજના સુખે સુખિયા થવાય અને જેમ બાળકની ક્રિયા માવતર કરાવે છે તેમ દેહની ક્રિયા શ્રીજીમહારાજ અનુસંધાન પ્રમાણે કરાવે, પણ તેની ખબર પોતાને રહે નહિ ને જેમ ગોરધનભાઈની ક્રિયા મહારાજ કરાવતા તેમ થાય તે અંતર્વૃત્તિ કહેવાય. એવાને સત્સંગ દિવ્ય જણાય અને કોઈનો અવગુણ આવે નહિ. જેને પોતાના દોષ ટળી જાય તેને બીજા કોઈનો દોષ સૂઝે નહિ. સર્વે એક બાપના દીકરા જણાય. વહેલા-મોડા સર્વે મહારાજ પાસે

જશે એમ જાણે તો દોષ ન આવે. જેમ અગ્નિ જળે કરીને ઓલાય છે તેમ પોતાને વિષે દોષ ન હોય તે બીજાને નિર્દોષ જાણે. જેના હૃદયમાં મહારાજની મૂર્તિ આવે છે તેને કોઈના દોષ સૂઝતા નથી.''

તે વખતે વૃષપુરના મંદિરમાં બાગને સાધુ પાણી પાતા હતા તે દૃષ્ટાંતે વાત કરી જે, ''જેમ આંબા, લીંબુ, દાડમ આદિકની કૂંપળોને પાણી મળતું જાય છે તેમ તેમ નવી નવી કૂંપળો ફૂટતી જાય છે અને ફળ બેસતાં જાય છે ને પહેલાં બેઠેલાં ફળોમાં પાણી ભરાઈને રસદાર થાતાં જાય છે અને બીજાં નવાં નવાં બેસતાં જાય છે; તેમ જીવ જેમ જેમ મોટાનો જોગ કરતો જાય છે તેમ તેમ વૃદ્ધિ પામતો જાય છે. શ્રીજીમહારાજની મૂર્તિમાં ગયા કેડે પણ આગળનાં ભોગવેલાં સુખ રહે છે અને બીજાં નવાં નવાં સુખ આવતાં જાય છે. જેમ કૂંપળો પાણી મળવાથી વધે છે અને લૂક લાગે તો બળી જાય છે તેમ જીવ મોટાને જોગે વધતો જાય છે અને કોઈ ભગવાનના ભક્તનો અવગુણ આવે તો લૂક લાગી તે જીવનો નાશ થઈ જાય છે.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''એણે ભક્તિ કરી હોય તે રહે કે નાશ થઈ જાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''થોડો દ્રોહ કર્યો હોય તો તેને પાણીવાળો સજીવન પર્વત કરે તે એના ઉપર ઝાડ, ફળ, ફૂલ થાય અને ઉપર પાણી હોય માટે તે કોઈક સમયે ભગવાન કે ભગવાનના સંતના જોગમાં કે ઉપયોગમાં આવે તે વખતે એને કાઢીને સત્સંગમાં લાવે. જેમ હિમાચળને લાવ્યા તેમ લાવીને મોક્ષ કરે. જે ઘણો દ્રોહ કરે તેને સૂકો પર્વત કરે તે કોઈના ઉપયોગમાં ન આવે તેથી મોક્ષ ન થાય.''

ત્યારે વળી સ્વામીએ પૂછ્યું જે, ''હિમાચળનો મહારાજે કેવી રીતે મોક્ષ કર્યો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજ વનમાં વિચર્યા ત્યારે હિમાચળમાં ગયા તે વખતે હિમાચળે મનુષ્યરૂપે આવીને

શ્રીજીમહારાજને પગે લાગીને બે કેરીઓ ભેટ મૂકી. તેને મહારાજે જમવા માંડી ત્યારે તેણે પ્રસાદીની ઈચ્છા કરી. મહારાજ તો ગોટલાં-છોતરાં સહિત જમી ગયા. તેણે સંકલ્પ કર્યો જે, 'જળમાં હાથ ધોશે ને જળ પીશે તે પ્રસાદીનું જળ હું પીશ.' મહારાજે તો હાથ પણ ન ધોયા અને જળ પણ ન પીધું અને બોલ્યા જે, 'કેમ ઊભા થઈ રહ્યા છો?' તે બિચારો નિરાશ થઈને ઘણો દિલગીર થઈ ગયો. મહારાજ દયા લાવીને બોલ્યા જે, 'તમારે પ્રસાદીની ઈચ્છા છે, તો અમો સત્સંગમાં જઈએ ત્યારે તમે ગઢડે આવજો. ત્યાં પ્રસાદી આપીશું અને આ પર્વતમાંથી કાઢીને સત્સંગમાં લાવીને મોક્ષ કરીશું.' પછી તે અદશ્ય થઈ ગયો."

"જ્યારે શ્રીજીમહારાજ વનમાં ફરતાં ફરતાં વસ્તીમાં આવ્યા ને ગાદીએ બેઠા ત્યારે હિમાચળ બ્રાહ્મણને વેષે ગઢડે આવ્યો. તેણે ઝોળીમાંથી ભારે ભારે વસ્ત્ર-આભૂષણ કાઢીને મહારાજની પૂજા કરીને પ્રસાદી માગી. મહારાજ પ્રસાદી આપીને બોલ્યા જે, 'ડોસા! અહીં રાત રહો, સવારે જજો.' ત્યારે તે બોલ્યો જે, 'ઘણા દિવસથી ઘર મૂક્યું છે માટે થોડોક દિવસ છે તે ગાઉ-બેગાઉ જઈને જ્યાં રાત પડશે ત્યાં રહીશ.' એમ કહીને ચાલ્યો તે થોડેક છેટે જઈને અદશ્ય થઈ ગયો. ત્યારે સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'હે મહારાજ! એ કોણ હતો?' ત્યારે મહારાજે વનમાં બનેલી બધી વાત કરી જે, 'અમો હિમાચળમાં ગયા હતા ત્યારે એને પ્રસાદીની ઈચ્છા હતી, પણ અમે આપી નહોતી; કેમ જે અમારી પ્રસાદી જમે તે જ વખતે પાપ સર્વે બળી જાય તો એને પર્વતમાંથી બહાર કાઢવો પડે. તે વખતે એના ઉપર ઝાડ-બીડ હોય તે સર્વે બળી જાય. માટે આજ પ્રસાદી આપીને કાઢ્યો અને બીજો એવો ભગવાનના ભક્તનો અપરાધી શોધી રાખ્યો હતો તેને માંહી પ્રવેશ કરાવ્યો.'"

"એમ અપરાધનું ફળ મહા દુઃખદાયી છે. અપરાધથી બહુ બીવું ને કોઈ કીડી જેવા જીવનો પણ દ્રોહ કરવો નહિ. સત્પુરુષના દ્રોહમાં ભગવાનનો દ્રોહ આવી જાય છે; જેમ રાણીના દ્રોહમાં રાજાનો દ્રોહ પણ

ભેળો આવી જાય તેમ. જેમ પાત્રમાં ઘી હોય તે પાત્રને જે ફોડે તેણે ઘીનો દ્રોહ કર્યો કહેવાય તેમ પાત્રને ઠેકાણે સત્સંગ ને મંદિરો છે અને ઘીને ઠેકાણે શ્રીજીમહારાજ છે. માટે જે સત્સંગનો ને મંદિરનો દ્રોહ કરે તેણે શ્રીજીમહારાજનો દ્રોહ કર્યો કહેવાય. જ્યારે જીવને સત્સંગમાં સંતનો અને હરિજનનો અવગુણ આવે ત્યારે માથું ફરી જાય છે અને દિશ ભૂલી જવાય છે. તેથી મોટાનું વાળ્યું પણ પાછું વળાતું નથી, કેમ જે એમણે કારણ ઓળખ્યું નથી. જે કારણને એટલે મહારાજ અને મુક્તને ઓળખીને તેમને વળગે તેને દેશ, કાળ નડી શકે નહિ અને કોઈ વિઘ્ન પણ આવે નહિ. એને માન, મહોબત, અધિકાર કે ગાદી એ કોઈ વસ્તુ જોઈએ જ નહિ.'' ॥૩૮॥

## વાર્તા ૩૯

સંવત ૧૯૬૨ના જેઠ સુદ-૩ને રોજ રાત્રિએ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જેમ નિશાન પાડવામાં એક વૃત્તિ કરવી પડે છે, તેમ મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખીને મોટાનો જોગ કરે તો કારણ પમાય. મોટાનો જોગ તો મહામંત્ર છે. મોટા તો ત્રણે અવસ્થામાં મૂર્તિ આપી દે. માટે મોટા મુક્તને વળગ્યા હોય તેને સત્સંગ દિવ્ય જણાય; અવગુણ પણ કોઈનો આવે નહિ. જે મોટા મુક્ત હોય તેમને તો કોઈના દોષ જોવામાં આવતા નથી. સાધનવાળાને જીવના દોષ દેખવામાં આવે છે. જેમ ડુંગર ઉપર રીંછડીઓ એટલે ડુવાળા હોય છે તે છેટેથી દેખાય છે, પણ ડુંગર ઉપર જઈએ તો દેખાય નહિ; તેમ જેને મૂર્તિનું સમીપપણું નથી તેને બીજાના દોષ દેખવામાં આવે છે. જેને મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે તેને જીવના દોષ દેખાતા નથી.''

''સાધનિકને એ દોષ ટાળવાનો ઉપાય એ છે જે નાના-મોટા સર્વે શ્રી પુરુષોત્તમના ઉપાસક છે તે સર્વે મહાપ્રભુજીની સભાના છે, પણ અણુમાત્ર ન્યૂન નથી; કેમ જે એ બધા મુક્ત થશે. કોઈક તો છતા દેહે ધામમાં ગયા છે! કોઈ દેહને અંતે જશે ને કોઈ બે-ત્રણ જન્મે જશે.

છેવટે સર્વે મહારાજ પાસે જશે. માટે આજથી તેમને આપણે મુક્ત સમજવા; તો અવગુણ ન આવે.''

''મોટાનો અપરાધ થયો હોય અને મોટાની પ્રાર્થના કરીએ તો મોટા છોડી મૂકે. અને સભામાં મોટાની પ્રાર્થના કરે તો પ્રાયશ્ચિત્ત થોડું કરવું પડે અને બીજાને પણ સમાસ થાય. સાધન બહુ કરતો હોય અને જો મોટાનો અવગુણ લેતો હોય તો તેના કરતાં કોઈનો અવગુણ ન લેતો હોય અને તે સાધન ઓછાં કરતો હોય તોપણ તે શ્રેષ્ઠ છે. મોટાનો જોગ કરે ને વાત ન સમજાય ને અવગુણ લે ને બીજા આગળ જઈને વાતો કરે જે, 'એમાં તો કાંઈ નથી' તો તેને કેવું થાય? કે જેમ કોઈ ઝેરનો ગાંસડો બાંધીને ઘેર લઈ જઈને છોડે તેનો ધુમાડો ઊડે તે કેટલાય મરી જાય તેવું થાય. કેમ જે અવગુણ સાંભળનારાનું પણ ભૂંડું થાય. જ્યાં સુધી એકાંતિક માર્ગ ન સમજાય ત્યાં સુધી તુંબડીમાં કાંકરા ખખડાવ્યા જેવું થાય. એ માર્ગ સમજાય ત્યારે બધા શબ્દ મૂર્તિમાં, ધામમાં ને મુક્તમાં લગાડે. મોટાનો જોગ કરવા આવે અને પોતાનું ડહાપણ જણાવે તો મોટાનો રાજીપો થાય નહિ ને વાત પણ કરે નહિ; એટલે એનું તો કામ ન થાય, પણ બીજા ભેળા હોય તેનું પણ કામ થવા દે નહિ.'' ॥૩૯॥

## વાર્તા ૪૦

સંવત ૧૯૬૨ના જેઠ સુદ-૪ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''મુળીમાં સાધુ બાળકૃષ્ણદાસજી બહુ મોટા સાધુ છે અને ત્રણે અવસ્થામાં શ્રીજીની મૂર્તિમાં રહે છે ને સર્વેને દિવ્ય જાણે છે ને સર્વેનો ગુણ લે છે. અવગુણ કોઈનો લેતા નથી અને ધ્યાન-ભજન કરે છે.''

''આ સભામાં મધ્યસ્થ શ્રીજીમહારાજ વિરાજે છે અને ચારેકોરે સર્વે મુક્ત બેઠા છે એવી આ સભા છે. તેને વિષે મનુષ્યભાવ આવે ને તેને મૂકીને બહાર જાય તો તે મહા દુઃખ, ભૂખ અને મારનો ભોક્તા થાય ને જીવનો નાશ થઈ જાય. માટે ભલા થઈને સત્સંગ દિવ્ય જાણજો.

કદાપિ આ દેશમાં ન બને તો વરતાલમાં જાવું અને વરતાલમાં ન બને તો આ દેશમાં રહેવું. એટલા માટે શ્રીજીમહારાજે બે દેશ કર્યા છે તે જેને જ્યાં સાનુકૂળ પડે ત્યાં તેણે રહેવું ને સુખે ભગવાન ભજવા. બેમાંથી એકેય દેશમાં ન બને તો એક ગામના મંદિરમાં પડ્યા રહેવું અને તે ગામનો જે ધર્માદો આવે તે મૂળ મંદિરમાં પહોંચાડવો. આ વખતે કળિનું બળ વિશેષ છે તેથી દરેકનો ધર્મ ઘણો ઓછો થઈ ગયો છે ને જડ અને ચૈતન્ય માયામાં લેવાઈ ગયા છે તે જાળવજો.'' ॥૪૦॥

## વાર્તા ૪૧

સંવત ૧૯૬૨ના જેઠ સુદ-૪ને રોજ બપોરે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જેમ વર પરણવા જાય અને ત્યાં જમે, રમે અને જ્યારે વરને હથેવાળો મેળવવા વખત આવે ત્યારે માંકડાં રમતાં હોય ત્યાં જોવા જાતો રહે; તેમ આ જીવ મહાપ્રભુજીને પામવા સારુ સત્સંગમાં આવ્યા છે તે ધ્યાન કરવા વખતે નવરા રહેતા નથી અને વ્યાવહારિક કામમાં વળગી પડે છે; તે ઉપર દૃષ્ટાંત દીધું એવું છે. માટે વસ્તુ કેવી પામવી છે તેનો તપાસ કરવો જોઈએ. આપણને કેવી મોટી પ્રાપ્તિ છે! માટે મૂર્તિ ધારવી ને બીજા ઠરાવ પડ્યા મૂકવા.''

''શાસ્ત્રમાં તથા વ્યવહારમાં જાણતા હોઈએ તેનું તથા મૂર્તિ દેખતા હોઈએ તે સર્વેનું માન આવવા દેવું નહિ. માન બહુ ઝીણું છે તે કોઈથી મુકાય એવું નથી; મૂકે તો દેહ રહે નહિ. માનીની સેવા કાળના કોદરા જેવી છે. કદાપિ માન મૂકે તો નિર્માનીપણાનું માન આવે જે, 'હું કેવો નિર્માની છું!' તે પણ જીવનું બગાડે છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, તપ, ત્યાગ, આત્મનિષ્ઠા, બ્રહ્મપણું, સેવા, પૂજા, ધ્યાન, ભજન એ આદિક ગુણનું માન આવે તોપણ એકાંતિક થવા દે નહિ. માટે જેનું નામ પડ્યું તે સર્વે કાઢી નાખવું. એક મૂર્તિ રાખવી. જેને મૂર્તિમાં લીન થાવું હોય તેને મૂર્તિ વિના બીજા સર્વેનો ભાર કાઢી નાખવો. મહિમા, નિર્માનીપણું, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, એ બધું કરતા રહેવું; પણ મૂકી

દેવું નહિ. તેનો ભાર રાખે જે, 'મારે વિષે આવા ગુણ છે કે હું બ્રહ્મરૂપ છું' એમ જાણે તો મૂર્તિથી પાછો વળ્યો.''

''મહાપ્રભુજીની મૂર્તિ પામવી તે બહુ ઝીણી વાત છે. માટે બહુ પ્રકારે તપાસ કરવો. મૂર્તિથી ઓરું બધું વિસારવું. મૂર્તિ પામવા માટે ઉપર કહ્યા જે રૂડા ગુણ તે મેળવવા; પણ મૂર્તિમાં દૃષ્ટિ પહોંચ્યા પછી એ જે સાધનરૂપી રૂડા ગુણ તે સામું જોવું નહિ; એક મૂર્તિ આકારે જ દૃષ્ટિ રાખવી. જેમ પાણી લાવવા માટે સામાન ભેળો કરે છે અને પાણી થયા પછી સામાન મૂકી દે છે તેમ. માનકુવાના મૂળજી અને કૃષ્ણજીએ ઉપાધિ ન ગણી અને પોતે ભગવાં લૂગડાં પહેરીને મહારાજ પાસે આવ્યા તેમને મહારાજે અપમાન અને તિરસ્કાર કરીને કાઢી મૂક્યા. કોઈ બોલાવે નહિ ને માગ્યું અન્ન પણ કોઈ આપે નહિ એવો બંદોબસ્ત કર્યો; તોપણ એ અપમાનની અને વિમુખપણાની માનીનતા રાખી નહિ અને મહારાજને મૂક્યા નહિ. એવી સમજણ આવે ત્યારે મુક્ત કહેવાય.''

''એવા પાકા હરિભક્તને મંદિરમાં કારભારી રાખ્યા હોય તો સત્સંગમાં બગાડ થવા દે નહિ. એવા ગુણ ન આવ્યા હોય તેનું અપમાન થાય કે પગાર તૂટે કે ધાર્યું ન થાય કે બીજો લોભાદિક સ્વાર્થ હોય તો તેના સારુ દ્રોહ કરે. તે ત્યાગી હોય અથવા ગૃહસ્થ હોય પણ ઊંધું કામ કરીને સત્સંગને વગોવે ને લજાવે. માટે પાકા ભક્ત રાખ્યા હોય તો કામ સારું કરે. શ્રીજીમહારાજે કહ્યું છે કે, 'ધર્મકુળ ભોળું છે, માટે એક જણને કહેવે કાંઈ કામ કરવા દેવું નહિ.' એક જણાને કહેવે જે કામ કરે તેમાં દુઃખ આવે ને શ્રીજીમહારાજનું વચન લોપાય.''

''મોક્ષને માર્ગે ચાલવું હોય તેને મહાપ્રભુજીનાં વચન સામી સુરત રાખવી. આપણે સત્સંગ કર્યો છે તે એક મહારાજને પ્રસન્ન કરવા. તે પ્રસન્ન કેમ થાય? તો એમની કરેલી આજ્ઞા શિર સાટે પાળીએ. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સિદ્ધ કરે તે અતિ સુખિયા થાય.''

''ત્યાગીને ધર્મામૃત સામું જોવું. લેશમાત્ર શ્રીજીનાં વચનમાં ફેર

પાડવો નહિ. આગળ તો મોટા મોટા સંત હતા તેમને જડ-ચૈતન્ય માયામાં તો ફેર જ નહોતો. સ્વાભાવિક ભૂલ કોઈકમાં હોય તે એકબીજાને વાતો કરીને તે ભૂલ ટાળતા. હવે તો સુગરી વાંદરાને શિખામણ દેવા ગઈ તો વાંદરે સુગરું તોડી નાખ્યું; તેમ કોઈક શિખામણ દેવા જાય તો પાધરા મારવા જ માંડે છે. કેટલાક સાધુઓ છે તે કોઈ ધર્મવાળાની મોટાઈ દેખી શકે એવા નથી. એવું બગડી ગયું છે તે તમ જેવા મોટા મોટા ધર્મવાળા સંતો છો ત્યાં સુધીમાં સુધારો કરો તો સારું. કેટલાક ખેતીવાડી કરવા પણ મંડી પડ્યા છે. તો અમદાવાદ, મુળી, ગઢડા, વરતાલ, જૂનાગઢ આદિના મોટા મોટા મળીને ધર્મામૃત પ્રમાણે વર્તે એવો બંદોબસ્ત કરો તો સારું. લોકો પોતાની નાતોમાં કેટલાક સુધારા કરે છે તેમ તમે સંતો મળીને સત્સંગમાં કરો તો સારું, નહિ તો વધારે બગડશે.'' ।।૪૧।।

## વાર્તા ૪૨

સંવત ૧૯૬૨ના જેઠ સુદ-૪ને રોજ બપોર પછી શ્રી કાકરવાડીએ બાપાશ્રી તથા સંત-હરિજન સર્વે નાહવા ગયા હતા. ત્યાં નાહીને માનસી પૂજા કરીને પછી બાજરાનો પોંક ને સાકર શ્રી ઠાકોરજીને જમાડીને સર્વે સંતને વહેંચી આપ્યો.

પછી સર્વે સંતને પૂછ્યું જે, ''તમને સર્વેને આ સમાગમથી કેટલો ફેર પડ્યો?''

પછી સર્વેએ પોતપોતાને જેટલો સમાસ થયો હતો તેટલો કહી દેખાડ્યો.

પછી સર્વેને વર આપ્યો જે, ''તમારું સર્વે નાના-મોટાનું બધાયનું સરખું કામ કરશું. નાના-મોટા જોવા નથી. સર્વેને સરખું સુખ આપીશું. તમો સર્વે તમારો છેલ્લો જન્મ જાણજો.''

એમ સર્વેને આશીર્વાદ આપીને પરસ્પર દંડવત કરીને મળ્યા. ત્યાંથી ચાલ્યા તે મંદિરમાં ગયા ને કહ્યું જે, ''તમો બાજરો ઊગ્યો ત્યારે

આવ્યા હતા અને કહ્યું હતું જે, 'આ બાજરાનો પોંક અમને જમાડીને અહીંથી બીજે જવાની આજ્ઞા કરજો.' તે પોંક થયો તે તમને જમાડ્યો. માટે આજ નારાયણપુર જાઓ; અમો સવારમાં ત્યાં આવીશું.''

સર્વે સંત-હરિજન નારાયણપુર ગયા અને બીજે દિવસે એટલે સુદ પાંચમે પોતે નારાયણપુર પધાર્યા. સાંજના નારાયણપુરના મંદિરની વાડીએ નાહવા ગયા. ત્યાં નાહીને પ્રેમજીભાઈની બાજરીમાં માનસી પૂજા કરી મંદિરમાં આવ્યા.

બીજે દિવસે એટલે સુદ-૬ને રોજ સાંજના મંદિરની વાડીએ નાહવા ગયા. ત્યાં નાહ્યા અને માનસી પૂજા કરી. પછી પ્રેમજીભાઈ બાજરાનો પોંક લાવ્યા તે સર્વેને આપ્યો. અને ત્યાંથી મંદિરમાં આવીને સર્વે સંતોને કહ્યું જે, ''તમો સવારે પાછલી રાત્રે ચાલશો તો સ્વામી શ્રી અક્ષરજીવનદાસજી માધાપરમાં છે, તે સવારમાં વહેલા ભુજ જતા રહેશે તો તમારે દર્શન થાશે નહિ. તમો આગલી રાતના દશ વાગે ચાલો તો તમારા ભેળા થાશે.''

પછી સંત સર્વે રાત્રિએ મળીને નીકળ્યા. તે વખતે વાત કરી જે, ''આ ફેરે તમને અમોએ બહુ સુખ આપ્યું છે.''

પછી સંત-હરિજન ચાલ્યા તે સવારે માધાપર વહેલા પહોંચ્યા. સ્વામીશ્રી અક્ષરજીવનદાસજી ત્યાંથી ભુજ જવા તૈયાર થયા હતા તે રહ્યા અને ત્યાં રસોઈ કરાવી. શ્રી ઠાકોરજીને જમાડીને સર્વે નીકળ્યા અને સ્વામી ભુજ પધાર્યા અને સંત-હરિજન સર્વે સિનોગરે થઈને પછી ગુજરાત તરફ આવ્યા. ॥૪૨॥

## વાર્તા ૪૩

સંવત ૧૯૬૩ના ફાગણ વદિ-૯ને રોજ સરસપુરના પ્રાણશંકરભાઈએ સત્સંગિભૂષણની પારાયણ અમદાવાદમાં કરાવી. ત્યાં બાપાશ્રી પધાર્યા હતા. તે કથાની સમાપ્તિ ચૈત્ર સુદ-૬ની હતી. ચૈત્ર સુદ-૯ને રોજ સમલાવાળા નાગભા તથા બળોલના શેઠ ઠાકરશીભાઈને

તથા બીજા ઘણાક હરિજનોને બાપાશ્રીએ કહ્યું જે, "મહારાજ ને મુક્ત આજ સ્વાંત વરસાવે છે તે જોગમાં તમો આવી ગયા તે તમારાં બહુ મોટાં ભાગ્ય થયાં એમ જાણજો."

એમ કહીને ત્યાંથી બાપાશ્રી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજીને આંખેથી મોતિયા કઢાવ્યાથી ગરમી બહુ હતી તેમને જોવા ઘનશ્યામ મહારાજના અક્ષર ભુવન સામા ઓરડામાં પધાર્યા. ત્યાં સ્વામીને કહ્યું જે, "પીડા કેવી છે?"

ત્યારે સ્વામી બોલ્યા જે, "બીજા પૂછે છે તેમને તો સારું છે એમ કહું છું, પણ પીડા તો કહી જાય એવી નથી."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મહારાજ સારું કરશે." એમ કહીને સ્વામીને શરીરે હાથ ફેરવ્યો એટલે પીડા મટી ગઈ. પછી ઓરડામાંથી નીકળીને સભામાં પધાર્યા.

પછી સ્વામી ભગવત્‌સ્વરૂપદાસજીએ સ્વામીને પૂછ્યું જે, "સ્વામી! આ અબજીબાપાશ્રીની વાંસે માણસ બહુ તણાય છે ને મોટા મોટા સદ્‌ગુરુઓથી પણ એમનો ભાર વધારે જણાય છે તે કેવા મોટા હશે?"

ત્યારે સ્વામી બોલ્યા જે, "આજ સત્સંગમાં શ્રીજીમહારાજ બાપાશ્રી દ્વારે સર્વ કાર્ય કરે છે. એ તો અતિ મોટા છે, પણ એ વાત કોઈને ખમાય નહિ માટે કરવી નહિ."

એ પારાયણમાં પાટડીવાળા નાગજીભાઈ એમના ભાઈ ત્રિભોવનભાઈને અમદાવાદમાં દર્શન કરાવવા અને વૈદું કરાવવા લાવ્યા હતા. તેમને બાપાશ્રીએ કહ્યું જે, "એમને પાટડી પહોંચાડો; ધામમાં તેડી જવા છે."

પછી પાટડી લઈ ગયા ત્યાં એમણે ત્રીજે દિવસે દેહ મૂક્યો. પછી બાપાશ્રી જેતલપુર, ધોળકે થઈ પાછા અમદાવાદ આવીને કચ્છ તરફ પધાર્યા. તેમના ભેળા સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી

ઈશ્વરચરણદાસજી આદિ સંત તથા પ્રાણશંકરભાઈ આદિ હરિજનો કચ્છમાં ગયા અને ભુજ થઈને વૈશાખ સુદ-૧ને રોજ શ્રી વૃષપુર ગયા. ॥૪૩॥

## વાર્તા ૪૪

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૨ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "શ્રીજીમહારાજને અને મોટાને જુદાપણું નથી. આપણે જેટલો સન્મુખપણામાં ફેર છે તેટલું છેટું છે. મોટા જે જે ક્રિયા કરે છે તે મૂર્તિના સુખમાં રહ્યા થકા કરે છે. જો તેમની સાથે મન, કર્મ, વચને બંધાય તો તેમના જેવી સ્થિતિ થાય. મોટા અનાદિમુક્તને સંભારવા; તો મૂર્તિમાંથી બહાર નીકળાય નહિ. મોટાનાં વચનમાં બરાબર વિશ્વાસ આવતો નથી ને તર્ક થઈ જાય છે, પણ મોટા તો મહારાજ વિના રહેતા જ નથી. મોટાને સન્મુખ જે થયા છે તે તો અક્ષરધામને, મુક્તને અને પુરુષોત્તમને, એ સર્વેને સન્મુખ થયા છે. મોટાના સુખની અને મોટાના મહિમાની જીવને ખબર નથી તેથી અફસોસ મટતો નથી, પણ મહારાજ અને મુક્ત તો સદાય આપણી સાથે જ છે. એ તો બાધિતાનુવૃત્તિ છે માટે જણાતું નથી. મહાપ્રભુજીના અનાદિ મળ્યા એટલે આપણાં દારિદ્ર કપાઈ ગયાં. મહારાજને તથા મોટાને તથા એમની સભાને અંતરમાં ધારીએ અને તે આત્માને વિષે દેખાય ત્યારે અહો! અહો! થઈ જાય. મોટા પુરુષની વાત બીજી છે. આવો વખત મળ્યો છે તોપણ તે સુખ લેવાતું નથી અને પંચવિષયમાં તણાઈ જવાય છે, તેનું કારણ એ છે જે મહિમામાં કસર છે. જો મહારાજની મૂર્તિનો મહિમા જણાય ને તે મૂર્તિના સુખનો મહિમા જણાય તો આ લોકનાં સુખ કચરા જેવાં થઈ જાય. મહારાજનો અને મોટાનો અભિપ્રાય એવો છે જે કોઈ નિવૃત્તિ માર્ગ પકડીને પુરુષોત્તમના સ્વરૂપમાં પહોંચે તો ઠીક."

"મોટાને આશરે થયા પછી 'મારું કલ્યાણ થાશે કે નહિ થાય?' એવો અણવિશ્વાસ રાખવો નહિ. મોટાની દૃષ્ટિ પડે તથા તેમનો વાયરો

અડે તેણે કરીને પણ કલ્યાણ થાય. મોટાને વિષે નિર્દોષ બુદ્ધિ થાય તો પોતે ખરેખરો નિર્દોષ થઈ જાય. મોટા તો અનાદિમુક્ત છે તેમની સાથે જીવ જોડે તેમને પોતા જેવા કરે, જેમ ઈયળની ભમરી કરે છે તેમ. માટે આવા સત્પુરુષ મળ્યા તેવા સમયમાં કામ કરી શક્યા નહિ તો મોટાનો મહિમા સમજાણો નથી. મહારાજનો અને મોટાનો મહિમા બરાબર સમજાય તો પંચવિષય પ્રયાસ વિના જીતી જવાય; માટે મોટાનો સમાગમ તથા સેવા કરીને લાભ લઈ લેવો. અહીં આવ્યા હતા કે નહોતા આવ્યા. છેવટ આ દેહમાંથી જુદું તો પડવું છે, ત્યારે અત્યારથી જ જુદા થાવું.'' ॥૪૪॥

## વાર્તા ૪૫

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૨ને રોજ સાંજે સભામાં સ્વામી ઈશ્વરચરણ-દાસજીએ પૂછ્યું જે, ''અક્ષરધામમાં જાવું છે તે શી રીતે સમજવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''સકામવાળાને મતે જાવાનું છે ને તેને ઘણું છેટું છે; કેમ જે તેની બહારદૃષ્ટિ છે. નિષ્કામવાળાને મતે તો જાવાનું ને આવવાનું નથી. જાવું-આવવું કહે છે એ તો આ લોકના શબ્દ છે.''

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, ''ધામમાં જતાં માર્ગમાં સિદ્ધિઓ આવે છે તે શી રીતે સમજવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જ્યારથી વર્તમાન ધારીને ભજન કરવા માંડ્યું ત્યારથી માર્ગે ચાલ્યો. તેને અહીં માન, મોટપ, યશ, કીર્તિ, ઐશ્વર્ય, પ્રસિદ્ધિ એ સિદ્ધિઓ આવે છે. તેની મહત્તા ને તેનો ભાર ન રાખે તો તેને આડી સિદ્ધિઓ આવતી નથી અને સકામ ભક્તને તો સિદ્ધિઓ મૂર્તિમાન આડી આવે છે.''

પછી પુરાણી ધર્મકિશોરદાસજીએ પૂછ્યું જે, ''પ્રત્યક્ષ ભગવાન મનુષ્યરૂપે પૃથ્વી ઉપર વિચરતા હોય તેમને 'સાક્ષાત્ સર્વોપરી છે' એમ

જાણ્યા છતાં તેને આત્માને વિષે મૂર્તિ ન દેખાય તો તેને અનુભવજ્ઞાન કહેવાય કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એવી દૃઢ સમજણ હોય તેને કદાપિ મૂર્તિ આત્માને વિષે ન દેખાય તોપણ અનુભવજ્ઞાન છે.'' ॥૪૫॥

## વાર્તા ૪૬

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૩ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જેમ લાડો પરણાવવા જાય તે લાડાને પડ્યો મૂકીને જાય તો કોઈ ખાવા આપે નહિ; તેમ વ્રત, જપ, તપ, દાન, પૂજા આદિક ઘણા ગુણ શીખે, તોપણ લાડો જે શ્રીજીમહારાજની મૂર્તિ તે ન આવી તો કાંઈ સુખ ન મળે. માટે આ લોકમાંથી લૂખા થાવું. આજ અક્ષરધામમાંથી જાન આવી છે, તેમાં પતિ મહારાજ છે ને જાનૈયા મુક્ત છે, તેની ખુમારી રાખવી. મહિમા જાણ્યો હોય તો ખુમારી ઘણી રહે, કેમ જે અક્ષરધામના ધામી શ્રી પ્રગટ પુરુષોત્તમ ભગવાન તેમનો ચાંલ્લો આવ્યો તે વાત તે કેવડી મોટી! આ લોકમાં રાજા ભિખારણને રાણી કરે તો તેને કેટલો કેફ રહે છે! તો આપણને તો અવિનાશી વર મળ્યા; માટે તે રાખવા અને બીજુ બધું ખોટું કરવું. દેહનું ખોટું કરીએ તો બીજું બધું ખોટું થઈ જાય અને જો ખોટું ન કરે તો વાંધો ઘણો રહી જાય.''

''પરીક્ષિતનો સાત દિવસમાં શુકજીએ મોક્ષ કર્યો તો આજ તો આત્યંતિક મોક્ષ કરનારા મળ્યા છે. લાખ વર્ષ સુધી શાસ્ત્ર વાંચે ને સાંભળે પણ તેમાં કાંઈ કામ ન થાય. જો વક્તા સર્વોપરી મળે તો ક્ષણવારમાં કામ કરે. જે મોક્ષ કરે તે શુકજી જાણવા. આવો મહિમા મોટાનો સમજાય તો મોટા જે સ્થાનમાં ને જે સ્થિતિમાં ને જે સુખમાં રહ્યા છે તે સ્થાનમાં ને તે સ્થિતિમાં ને તે સુખમાં રાખે છે. જો સાધનિકને તે સુખ જોઈતું હોય તો માન ટાળવું; પણ પૂજાવાની કે ગાદી-તકિયાની કે મોટેરા થવાની ઈચ્છા ન રાખવી. વગર ઈચ્છે મળે તોપણ રાજી ન થાવું. આસક્તિવાળાને વાટ જોવી પડે જે, મને આ

વસ્તુ મળશે કે મને બોલાવીને પૂછશે. એમાં મૂર્તિ ભૂલી જવાય. મળવું ન મળવું તે તો શ્રીજીમહારાજના હાથમાં છે. આપણા સંકલ્પે કાંઈ કામ થાતું નથી. શ્રીજીમહારાજ આપણને હાથીએ બેસાડે કે ગધેડે બેસાડે તેમાં સરખા સુખી રહેવું. આપવું-લેવું તે તો મહાપ્રભુજીના હાથમાં છે. મહાપ્રભુજીની મૂર્તિ ભૂલવી નહિ; મૂર્તિ ભૂલીને બીજું ઇચ્છે તે મોટી મૂર્ખાઈ છે." ॥૪૬॥

## વાર્તા ૪૭

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૩ને રોજ બપોરે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "બીજુ બધું થાય, પણ સાધુ થાવું એ ઘણું કઠણ છે. એ તો ધર્મામૃત પ્રમાણે વર્તીને કામ, ક્રોધ, લોભ, માન, મત્સર આદિક દોષ ટાળીને આત્માને વિષે મૂર્તિ સિદ્ધ કરે ત્યારે સાધુ કહેવાય; પણ ભગવે લૂગડે સાધુ ન કહેવાય. જીવ પંચવિષયના ને આ લોકના સુખ સારુ લઢી મરે છે, પણ ભગવાન સારુ કોઈ લઢતું નથી. ચાર દિવસ રહેવાનું તેને અર્થે કજિયા કરે એવા અવળા સ્વભાવ છે. પૃથ્વીના, ધનના, લેવા-દેવાના, ખાધાના એવા કેટલાયે પ્રકારના ટંટા છે. આ લોકમાં તુચ્છ સુખ સારુ લઢી મરે છે ને પાછું ફેર ભોગવવા તો આવવું નથી."

"માટે જેને મહાપ્રભુજી પામવા હોય તેણે 'આ લોકમાં છોકરાં શું કરશે? માટે કાંઈક ધન, વાડી મેળવી આપું' એમ કદી ઇચ્છવું નહિ. જીવથી તો કાંઈ બની શકે તેમ નથી. 'મેળવી આપું' એમ જે જાણે અને તે સત્સંગી હોય તોપણ તે અજ્ઞાની છે. કોઈકને મહારાજ તેડી જાય તેના કેડે શોક કરે જે, 'હમણાં શ્રીજીમહારાજે રાખ્યો હોત તો સારું' તે કેવું છે? તો ચક્રવર્તી રાજ્ય મળે તોપણ સરપટાના ભારા ઉપાડવા મેલે નહિ તેવું છે; પણ એમ ન જાણે જે અક્ષરધામમાં શ્રીજીમહારાજનું સુખ તો મહા અલૌકિક છે અને માયિક સુખ તો કુશકા કૂટ્યા જેવું છે. જીવે દુઃખને વિષે સુખ માની લીધું છે તેથી શોક કરે છે. માટે એ અજ્ઞાન

ટાળવું. શોક તો જ્યારે મહારાજની આજ્ઞા લોપીને કોઈકનો દેહ પડ્યો હોય ત્યારે કરવો જે, 'એણે મહારાજની આજ્ઞા લોપી છે તેથી મહારાજ એ બિચારા ઉપર કુરાજી થયા હશે તો એની શી ગતિ થશે?' એવો શોક કરવો."

"આ જીવને મહારાજના અલૌકિક સુખમાં વૃત્તિ ચોંટતી નથી ને માયિક દુઃખમાં વળગી રહે છે. તેણે આત્માનું નુકસાન કર્યું; માટે આત્મઘાતી થયો. તે પંચ મહાપાપીથી પણ ઘણો પાપી છે, શા માટે જે ચોરાશીમાં આથડવું પડે. મહાપ્રભુજી વિના બીજે હેત રહે તે મોટું પાપ છે, જેમ ભરતજીને મૃગનો દેહ લેવો પડ્યો તેમ. રબારીનો છોકરો મરે ત્યારે રુએ તે એમ બોલે જે, 'કાગડો થઈને દૂધ પીવા આવજે અને વાઘ થઈને બકરું ઉપાડવા આવજે' એ અજ્ઞાન છે. તેમ જ સાધુને શિષ્ય મરે ત્યારે શોક કરે જે, 'એવો નહિ મળે' ને પદાર્થ, પુસ્તક, આસન, તુંબડી એ આદિક પદાર્થ સારુ કજિયા કરે તે પણ રબારી જેવો જ અજ્ઞાની છે."

"આપણે અહીં એકવાર મુળીના પુરાણી સાધુ ત્યાગવલ્લભદાસજી હાલ જે વઢવાણ ગયા તે આવ્યા હતા ને અહીં બેઠા હતા. આ ઈશ્વર બાવો જોડે બેઠા હતા. એવામાં દેવરાજભાઈ રામપરાવાળા આવ્યા. તેમને બહુ આનંદભર્યા જોઈને અમે કહ્યું જે, 'તમે આનંદમાં છો તેનું કારણ આ ત્યાગવલ્લભદાસજીને કહો.' ત્યારે તે બોલ્યા જે, 'શ્રીજીમહારાજે ને તમે મારા ઉપર બહુ દયા કરીને મારે માથેથી અર્ધી વેઠ ઉતારી જે બે દીકરા ને એક મારાં માતુશ્રી તેમને મહારાજ અને તમે ધામમાં લઈ ગયા. હવે એક ઘરનું મનુષ્ય ને બે દીકરા છે એટલી વેઠ રહી છે. તેનું જેમ મહારાજની અને તમારી મરજી હોય તેમ કરો; પણ અત્યારે તો અર્ધો ભાર ઊતર્યો તેનો આનંદ છે. ભુજ જઈને ત્રણ રસોઈઓ દઈને આપનાં દર્શને આવ્યો.'"

"ત્યારે અમે કહ્યું જે, 'કેમ ત્યાગવલ્લભદાસજી! તમારા ચેલા ધામમાં જાય તો કેમ થાય?' ત્યારે ત્યાગવલ્લભદાસજી કહે જે, 'આવું

તો મારાથી ન રહેવાય.' પછી અમે બોલ્યા જે, 'આ દેવરાજભાઈ આખો દિવસ વાડીનું કામ કરે છે અને રાત્રિએ રાત્રિએ અમારી પાસે આવીને સમાગમ કરી જાય છે ને નિયમ એકે ચૂકતા નથી એવા બળિયા છે અને મહારાજની મૂર્તિને સુખે સુખિયા છે.'''

''જો મૂર્તિ રાખે તો સુખી થવાય. આ લોક થોડાક દિવસમાં સમેટીને પૂરું કરી જાવું. લોક તો કદાપિ સમેટાય, પણ દેહ સમેટાતો નથી. વખાણ છે તે તાવમાં સાકર પાયા જેવું છે. આ જીવમાં લાખ કરોડ દોષ હોય ને સાજા દોષનું જ ઝાડ હોય ને એક પણ ગુણ ન હોય તોપણ પોતાને સવા શેર માને એવો અવળો છે. સત્સંગમાં નભ્યો જાય છે તેનું કારણ એ છે જે એને કોઈએ ટોક્યો નથી માટે નભે છે; જો ટોકે તો જતો રહે. માટે એવા અવળા સ્વભાવનો ત્યાગ કરીને જેમ ભગવાન ને સંત કહે તેમ કરવું; તો દોષમાત્ર ટળી જાય ને મહા સુખિયો થઈ જાય.'' ॥૪૭॥

## વાર્તા ૪૮

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૪ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''શ્રીજીમહારાજને વિષે ને તેમના મુક્તને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ થાય તો સમાધિ કરતાં પણ ઘણી શાંતિ થાય.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''આવા મોટાનો જોગ ન હોય ત્યારે કેમ કરવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ લોકમાંથી મોટા ચાલી નીકળે એટલે અદૃશ્ય થાય તો એમ વિચારવું જે, 'આવા પુરુષ ઠરવાનું ઠામ હતા તે ચાલી નીકળ્યા તે મહારાજની મરજી એમ હશે. મોટા તો દેહ ધરતા નથી અને મૂકતા પણ નથી, ક્યાંય જતા-આવતા નથી. એ તો સત્સંગમાં છે, છે ને છે જ; કેમ કે એ તો સર્વત્ર રહેલા છે; ક્યાંયે ન હોય તેમ નથી.' એમ સંતોષ વાળવો અને એમની કરેલી વાતો સંભારીને વાંચીએ ત્યારે મોટા પ્રત્યક્ષ બોલે છે એમ જાણવું. હૃદયમાં

મહાપ્રભુજીના ભેળા ધારવા ને આનંદમાં રહેવું. મોટા તો જીવના સંબંધી છે તે જીવમાં મોટાનો સાક્ષાત્કાર કરવો. જેમ પૃથ્વી ખોદે છે તો પાણી નીકળે છે, તેમ અંતર્વૃત્તિ કરીને સાક્ષાત્કાર કરવો તો અંતર્વૃત્તિએ ભેળા જ છે તે સુખિયા કરે."

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું છે જે, "જેમ દેહે કરીને ઉપરથી (બહારથી) પુછાય છે તેમ અંતર્વૃત્તિએ શી રીતે પુછાય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મહારાજ અને મુક્ત સદાય આત્માને વિષે છે. તેમને સંભારીને અંતર્વૃત્તિ કરે તો શાંતિ થાય ને માયા દબાઈ જાય. અને મહારાજ ને મોટા અંતરમાં પ્રેરણા કરીને ઉત્તર સંભારી આપે ને સર્વે ખુલાસા થઈ જાય. એવો અંતર્વૃત્તિનો મહિમા છે. જેમ આ લોકમાં પદાર્થના, વિષયના, ખાધા-પીધાના એવા ઘણાક પ્રકારના ઘાટ થતા હોય ને તે વિના દુઃખિયો રહેતો હોય, પણ જો મહારાજનો મહિમા વિચારીને આત્માને વિષે મહાપ્રભુજીને ધારે તો સર્વે થકી વૈરાગ્ય પામીને મહા સુખિયો થઈ જાય તેમ. વળી જેમ બાજરો વાવીને પકવીને પેદા કરવો હોય તેને કોઈક હજારો પારસમણિઓ આપે તો તે બીજા ઉદ્યમ કરવા પડ્યા મૂકે, તેમ ઘણાક પ્રકારની વાસના હોય ને મૂર્તિ મળે તો સર્વે બળી જાય છે. આ મોંઘી વસ્તુના ઘરાક થવું. બીજું બધું મળે, પણ આ વસ્તુ જે શ્રીજીમહારાજ તથા મુક્ત તે ન મળે."

"બહારથી મુક્તનો જોગ હોય ત્યારે મનુષ્યપણાના ભાવ કાંઈક રહે ખરા. તે કિયા? તો હસે, રમે, બોલાવે એમ દેહભાવ જણાવે. જેમ મોટું માણસ છોકરું રમાડે તે છોકરાના જેવું બોલે, તેમ આ મનુષ્યભાવ જણાવીએ છીએ. જો પરભાવ રાખીને પરભાવની બોલી કરીએ તો તમને સમજાય નહિ. વાતમાં પણ આ લોકનું દૃષ્ટાંત લાવીએ ત્યારે સમજાય; પણ પરભાવની બોલી કરીએ તો જીવ સમજી શકે નહિ. એટલા માટે દૃષ્ટાંત આપીએ છીએ જે રસમાં રસ ઘી, ને ગળ્યામાં ગળી સાકર, તેજમાં તેજ અગ્નિ, ને ધોળામાં ધોળું દૂધ. એવાં દૃષ્ટાંત દીધાં

તે મહારાજને કે મુક્તને લાગુ ન પડે, તોપણ સમજાવવા સારુ દેવાં પડે છે. પરભાવની વાતો સમજાય નહિ ને તુંબડીમાં કોડીઓ નાખીને ખખડાવ્યા જેવું થાય. માટે મનુષ્યની પેઠે વર્તીએ છીએ ને મનુષ્યના જેવું બોલીએ છીએ તે જીવને હેત થાવા માટે છે. પ્રકૃતિપુરુષના કાર્યમાં મહારાજને કે મુક્તને ઉપમા દેવાય એવું કાંઈ છે જ નહિ.''

''આજ સ્વાંત વરસે છે. આ મહિમા સમજાય તો બહુ કામ કરે. અંતરમાં મહારાજને તથા મુક્તને સંભારીએ તો સર્વે ખુલાસા થઈ જાય. બહારવૃત્તિએ પ્રશ્ન-ઉત્તરમાં બધાં શાસ્ત્ર ભેળાં કરીએ તોપણ તેનો યથાર્થ ઉત્તર ન મળે. મહારાજને તથા મુક્તને અંતરમાં ધારીએ એટલે સર્વે ખુલાસા તરત થઈ જાય. જેમ બ્રહ્માંડમાં મહત્ કારખાનું છે ને પિંડમાં અલ્પ છે, પણ પિંડમાં સર્વે આવી ગયું. તેમ ઉપરથી જાણવા જાય તો પાર ન આવે ને અંતરમાં મહારાજને ને મુક્તને ધારે તો મહારાજ ને મુક્ત સદા આત્માને વિષે વિરાજમાન છે તે સર્વે દોષ થકી ને વાસના થકી મુક્ત કરી મૂકે. શ્રીજીમહારાજે છેલ્લા પ્રકરણના બારમા વચનામૃતમાં કહ્યું છે જે, 'આ વાત કરામત જેવી છે.' એટલે અલૌકિક છે. માયાનું કે મૂળપુરુષનું એટલે ઈશ્વરનું કે બ્રહ્મનું કે અક્ષરનું કોઈ દૃષ્ટાંત કે ઉપમા દેવાય એવી નથી.''

વાર્તાની સમાપ્તિ કરીને ''શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય ને આ સભાની માયાનો ક્ષય'' એમ અતિશય કરુણાએ કરીને બોલ્યા. ॥૪૮॥

## વાર્તા ૪૯

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૫ને રોજ સવારે સભામાં પ્રથમ પ્રકરણનું ૧૦મું વચનામૃત વંચાતું હતું. તેમાં સેવકરામની વાત આવી.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''શ્રીજીમહારાજને વનમાં સેવકરામ મળ્યો હતો તેની સેવા મહારાજે કરી હતી. તે તો વાત સાચી છે, પણ તેનો અધ્યાત્મ ઉત્તર હોય તો કૃપા કરીને સમજાવો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “સેવકરામ નામે સાધુ તે મોક્ષાર્થી જીવ જાણવો. શ્રીજીમહારાજની ને જીવની વચ્ચે જે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ, વાસુદેવ-બ્રહ્મ તથા મૂળઅક્ષર એ સર્વે આવરણ છે તે વેંકટાદ્રિ જાણવો. સેતુબંધ એટલે ધર્મમર્યાદારૂપી પાળ જાણવી, રામેશ્વર એટલે ભગવાન જાણવા, માર્ગ એટલે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જાણવું, વૈરાગ્યહીન તે મંદવાડ જાણવો. ચાકરી કરનાર એટલે જ્ઞાન આપનાર સત્પુરુષ જાણવા. ત્યાગીને દેહે કરીને અને ગૃહસ્થને દ્રવ્યે કરીને સેવા કરવાની સામર્થી તે સોનામહોરો જાણવી. સત્પુરુષને ખોળવા તે રોવું જાણવું. ગામ એટલે કુસંગ જાણવો અને ફૂલવાડી તે સત્સંગ જાણવો. વૃક્ષ એટલે દેહ જાણવો. ભૂત એટલે અંતરશત્રુ જાણવા. સત્સંગમાં સન્માન મળે તે પથારી જાણવી. આયુષ્યનો ક્ષય થતો જાય તે લોહીખંડ પેટબેસણું જાણવું. આત્માનું તથા શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન આપવું તે ચાકરી જાણવી. જ્ઞાન આપનાર સત્પુરુષની સેવા ન કરવી તે ખાવા ન આપ્યું કહેવાય.”

“શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન આપનાર સત્પુરુષને બીજા કોઈ પાસે સેવા કરાવવી પડે તે વસ્તીમાં જમી આવ્યા કહેવાય. કોઈક વખતે સેવા કરનાર ન મળે તે ઉપવાસ જાણવો. વૈરાગ્યવાન કરવો તે સાજો કર્યો કહેવાય. ત્રણ દેહ, ત્રણ અવસ્થાઓ, ત્રણ ગુણ, ચાર અંતઃકરણ, પંચભૂત, પંચવિષય, દશ ઇંદ્રિયો, દશ પ્રાણ, ચૌદ દેવતા એ સર્વેથી જુદો આત્મારૂપે વર્તી શકે તથા પંચ વર્તમાનરૂપી ધર્મમર્યાદા પાળી શકે એવો સમર્થ કરવો તે ઘી પચાવી શકે એવો જાણવો. એવી સામર્થી આપ્યા છતાં પણ એ પ્રમાણે વર્તશે કે નહિ એવી સત્પુરુષને ચિંતા રાખવી પડે તે ભાર ઉપડાવ્યો કહેવાય. જો ક્યારેક દેહાદિક ભેળો ભળીને હાણ-વૃદ્ધિ, માન-અપમાન, સુખ-દુઃખ, હર્ષ-શોક પામે અથવા પંચ વર્તમાનરૂપી ધર્મમર્યાદામાં ફેર પાડે તો તેનું કલ્યાણ સત્પુરુષ ન કરે તે ત્યાગ કર્યો કહેવાય.” ॥૪૯॥

## વાર્તા ૫૦

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૬ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "મુક્ત અનાદિ છે, પણ ભજીને થયેલા નથી. જો ભજીને થયેલા કહીએ તો કોઈક વખતે શ્રીજીમહારાજ એકલા હોવા જોઈએ; પણ એમ નથી. જેમ મહારાજ અનાદિ છે તેમ મુક્ત પણ અનાદિ છે. મહારાજનો મહિમા તો અતિશય અપાર છે અને અનાદિમુક્ત મહારાજની મૂર્તિમાં રહીને સદા સુખ લે છે. મહારાજની ઈચ્છાથી અહીં મનુષ્યરૂપે દેખાય છે તે મૂર્તિમાં રહ્યા થકા દેખાય છે. અહીં આવતા-જતા નથી ને દેહ જણાવે છે તે દેહની ક્રિયા મહારાજ કરાવે છે ને જીવને ઉપદેશ પણ મુક્ત દ્વારે મહારાજ કરે છે. જે મુક્ત દ્વારે જીવને ઉપદેશ કરે છે તે મુક્તના જેવો જીવને કરે છે અને તે મુક્તની જોડે એ જીવને રાખીને તે મુક્તના જેવું સુખ આપે છે. જે મુક્ત દ્વારે જે જીવ મુક્ત થયો હોય તે મુક્ત તેને પ્રધાન રહે છે."

"જેમ આકાશમાં લૂ વાતી હોય તેમાં ચિત્ર-વિચિત્ર રવરવાટ થાય છે; તેમ મહારાજની મૂર્તિમાંથી તરેહ તરેહનાં અનંત સુખ આવે છે. જેમ મહારાજની વાતો એકની એક નિત્ય કરીએ તો આનંદ ન આવે, અને જો નિત્ય નવી નવી વાતો થાય તો આનંદ વધતો જાય; તેમ મહારાજનું સુખ નવું નવું છે ને અનંત પ્રકારનું છે. તે સુખને મૂકીને જીવ છે તે કાર્યમાં સુખ માને છે ને મૂર્તિને પડી મૂકે છે. જેમ શ્રીજીમહારાજના બાળકેશ ઉતરાવ્યા ત્યારે ધર્મપિતા અને ભક્તિમાતા બ્રાહ્મણોને જમાડવાની સરભરામાં રહ્યાં ને મહારાજને ભૂલી ગયાં તો કાળીદત્તે આવીને વિઘ્ન કર્યું. તેમ મહારાજને જીવ ભૂલી જાય છે એટલે કામ, ક્રોધાદિક શત્રુ છે તે જીવને વિઘ્ન કરે છે."

પછી સ્વામી વૃંદાવનદાસજી બોલ્યા જે, "ધ્યાન બરાબર થાતું નથી ને મૂર્તિ ધરાતી નથી. માટે કૃપા કરો તો ધરાય."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "ઊંડા ઊતરો તો ધરાય."

પછી તે જ વખતે ધ્યાન કરવા મંડ્યા ને ઊંડા ઊતરી જવાણું ને તેજ દેખાણું; પણ મૂર્તિ દેખાણી નહિ. પછી બહાર આવીને બાપાશ્રીને વિનંતી કરી જે, ''મૂર્તિ દેખાતી નથી.''

ત્યારે બાપાશ્રી કહે જે, ''ધ્યાન કરો; દેખાશે.''

પછી ધ્યાન કર્યું તો મૂર્તિ દેખીને બહુ આનંદ પામ્યા. ॥૫૦॥

## વાર્તા ૫૧

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૭ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''મોટાનાં કરેલાં શાસ્ત્રમાં અથવા મોટાની કરેલી વાતોમાં તર્ક થાય તો પાપ લાગે. એક તો મહારાજના સ્વરૂપમાં રહેતા હોય તેણે કરીને મોટા હોય, અને એક તો શાસ્ત્ર ભણવે કરીને મોટા હોય. શાસ્ત્ર ભણેલાના શબ્દ શાસ્ત્ર પ્રમાણે બરાબર હોય ને લોકને મળતા હોય. અને મુક્તના શબ્દ લોકમાં કે શાસ્ત્રમાં મળતા ન આવે, પણ એ શબ્દ મુદ્દાના હોય. માટે શાસ્ત્રની સાખ ન લેવી; કેમ કે શ્રીજીમહારાજ એમાં રહીને પોતે બોલે છે. માટે એ શબ્દ અમૂલ્ય છે. મોટાના શબ્દમાં શંકા કરીને એ શબ્દને ફેરવે તો મોટો બાધ આવે અને મોટાના શબ્દનો મહિમા જાણે તો બહુ કામ થાય. જેને મોટાનાં વચનનો વિશ્વાસ નહિ તેને કાંઈ લાભ થાય નહિ. મોટાના સમાગમે કરીને સાંખ્ય અને યોગ એ બે સિદ્ધ થાય છે. સાંખ્ય એટલે દેહને ખોટો કરાવે છે અને યોગ એટલે મૂર્તિ સિદ્ધ કરાવે છે. તે મોટા કરાવે તો તુરત થાય.''

''પરોક્ષ શાસ્ત્ર ખડને ઠેકાણે છે ને પ્રત્યક્ષનાં શાસ્ત્ર કણને ઠેકાણે છે. વચનામૃત ભોજનને ઠેકાણે છે; કેમ જે શ્રીજીમહારાજના મુખમાંથી નીકળ્યાં છે. માટે તે નિત્ય વાંચવાં; કેમ કે આત્યંતિક કલ્યાણ કરવા એ એક જ શાસ્ત્ર સમર્થ છે. એ સીધે મારગે જવા જેવું છે અને બીજાં શાસ્ત્ર તો ઉભાંગડ ચાલવા જેવાં છે તે ક્યાંયે લઈ જઈને ફગાવે.''

''જેમ મણ પાણીમાં પાશેર દૂધ હોય તેને હંસ જુદું પાડી આપે, તેમ શાસ્ત્રમાંથી સાર કાઢતાં મોટા મુક્તને આવડે. વિદ્યાની શુદ્ધિ પણ

મોટાનો જોગ હોય તો થાય.''

''શાસ્ત્રમાં બ્રહ્મ તથા સંત તથા અવતાર એવા શબ્દ આવે ત્યારે બ્રહ્મ તે ધામ સમજવું અને સંત તે મુક્ત સમજવા અને અવતાર તે મહારાજ સમજવા. એમ એવા શબ્દ મૂર્તિમાં, ધામમાં ને મુક્તમાં વળગાડવા; પણ ઓરા રાખવા નહિ. તેમાં જે સંશય કરે તેને સત્સંગની સમજણ નથી.''

''શાસ્ત્રીય દૃષ્ટિ તે બહારદૃષ્ટિ છે. માટે તેનું વર્ણન કોઈ કરનાર હોય તો આપણે ન કરવું; કેમ જે એ મૂર્તિ ભુલાવનાર છે; શાથી જે એમાં મૂર્તિનું બીજ નથી. કોઈ કરનાર ન હોય અને આપણે જ માથે આવી પડે તો અવશ્યનું કરવું.''

''અને સત્સંગનો વ્યવહાર પણ મૂર્તિ ભુલાવનાર છે. મહારાજની મૂર્તિ વિના બીજું વર્ણન છે તે તો નાવ વિના સમુદ્રમાં પડ્યા જેવું છે. એ તો મરી જવાય એટલે કરનારનો કે સાંભળનારનો મોક્ષ ન થાય.''

''માટે પ્રગટ શ્રી હરિજીના ઉપાસકને તો પ્રગટના પ્રસંગની વાતો કરવી. જ્યારે મહારાજની વાતો કે કથા થાતી હોય ત્યારે મહારાજ અને મુક્ત આવીને વિરાજમાન થાય છે ને બહુ રાજી થાય છે. અને મહારાજ વિના બીજો પ્રસંગ આવે તો બહુ કુરાજી થાય છે જે આવા મોટા આપણ તે જીવોને મળ્યા તોપણ માયિક આકારને સંભારે છે. તે કેવું કરે છે? તો જેમ ચક્રવર્તી રાજા આગળ પટેલની મોટપ વર્ણવે તેમ કરે છે.''

''માટે મહારાજની કથા-વાર્તા થાતી હોય ત્યાં બીજી પરોક્ષ વાત ન કરવી. જ્યારે અજ્ઞાની જીવ બેઠા હોય ને ઉપાધિ થાય એવું હોય ત્યાં કરવી પડે તો તેમાં મહારાજ ને મોટા કચવાતા નથી; પણ આપત્કાળ વિના જો મહારાજના પ્રસંગ વિના બીજો પ્રસંગ કાઢે તો જેમ કોઈકને જમવા બેસારીને પીરસે નહિ તો તે નિરાશ થઈને ઊઠી જાય

ને તેને જેવું વસમું લાગે તેવું મહારાજને તથા મુક્તને વસમું લાગે છે. એવા લૂખા શબ્દ કોઈ જીવને સમાસ ન કરે. અને મહારાજના સ્વરૂપનું જેને યથાર્થ જ્ઞાન હોય ને તે મૂર્તિને દેખતા ન હોય, પણ તેના શબ્દ મહાપ્રભુજીના સંબંધના હોય તે જીવને સમાસ બહુ કરે છે. એ શબ્દ જેના જીવમાં ઊતરે તેને બ્રહ્મરૂપ કરે ને મુક્ત કરી મૂકે છે. અને તેના ઉપર મહારાજ ને મુક્ત બહુ પ્રસન્ન થાય છે.'' ॥૫૧॥

## વાર્તા ૫૨

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૮ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જેમ આપણાં નેત્ર ઉઘાડીએ ત્યારે નદી, ઝાડ, પહાડ, સમુદ્ર, સૂર્ય, ચંદ્ર, તારા, આકાશ, મનુષ્ય, પશુ, પક્ષી આદિક અનેક પદાર્થ દેખવામાં આવે અને નેત્ર મીંચીએ તો કાંઈ દેખાય નહિ, એક મૂર્તિ જ દેખાય છે; તેમ બહારદૃષ્ટિવાળાને અનંત ઐશ્વર્ય, ધામ, લોક, ભોગ એ સર્વ દેખવામાં આવે છે. અંતર્દષ્ટિવાળો નેત્ર મીંચે કે માગે જ (તુરત જ) મૂર્તિ, ધામ ને મુક્તને દેખે અને તે વિના બીજું કાંઈ છે જ નહિ એવું થઈ જાય. માટે મૂર્તિમાં જ રહેવું. મૂર્તિમાં રહીને કથા-વાર્તા કરવી અને વાતમાં મૂર્તિનું બીજ લાવવું; પણ બીજે ડોળે ફરવા જાવું નહિ.''

''જેમ રાજા પાસે જાવું હોય તે પ્રથમ ઘેર ઘેર ફરીને છેલ્લી વારે રાજાને સલામ ભરે તો તે રાજા રાજી થાય નહિ. તેમ બધું સંભારતાં સંભારતાં છેલ્લી વારે મહારાજને સંભારે તો મહારાજ રાજી થાય નહિ. માટે એક ક્ષણવાર પણ મૂર્તિ ભૂલવી નહિ. ઊંઘ-આળસ ટાળવાના ઉપાય ઘણા પ્રકારના છે ને તે ઘણા કઠણ છે અને મૂર્તિ ધારવી તે સુગમ ઉપાય છે. મહારાજ ઓડા એટલે પાસે જ છે. તેમને રાખે તો દોષમાત્ર ટળી જાય; પણ તે કોઈ રાખે નહિ અને બીજા ઉપાય ઘણા કરે છે. ઊભા થઈ રહે, આંખમાં મરચાં આંજે; પણ મૂર્તિ કોઈ ન ધારે.''

''જગતના જીવ આ લોકના સુખે સુખિયા છે અને આપણે

મહારાજની કથા, વાર્તા, ધ્યાન, ભજન, આજ્ઞા, ઉપાસના, નિયમ, ધર્મ તેણે કરીને સુખિયા છીએ.''

''જો અવયવ ફરે તો તે કેમ ફરે તો મોટાનો પારખુ (પારખનાર) થાય, જેને સમાગમે કરીને જગતના ઘાટ બંધ થાય, વિષયના રાગ ટળે, શ્રીજીમહારાજ વિના બીજું અસત્ય જણાય; ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વૃદ્ધિ પામે, ને મૂર્તિના સુખે સુખિયા થવાય ને ધ્યાનમાં વિક્ષેપ ન આવે; તેને મોટા જાણીને તે કહે તેમ કરે, ને આ લોકના સુખથી લૂખો થઈને મહારાજને વિષે જોડાઈ જાય તો અવયવ ફરે. જો અવયવ ન ફરે તો આ લોકમાંથી લૂખો થાય નહિ. જેમ રસના ઇંદ્રિયને ખારા-મોળાની, સ્વાદુ-કુસ્વાદુની ખબર પડે છે તેમ મોટાનો જોગ કરતાં કરતાં મોટાને ઓળખી લે ને પછી તેમનો જોગ કરે તો અવયવ ફરી જાય. જો મોટાને ન ઓળખે ને ચાલોચાલ સત્સંગ કરે અને મહારાજના સંબંધ વિનાની બીજી પરોક્ષ વાર્તાઓ જે નારદ, સનકાદિક, સૌભરી તથા બીજા રાજાઓનાં આખ્યાનો સાંભળીને રાજી થાય તેનાં અવયવ ફર્યાં નથી.''

''એક મૂર્તિમાં જ જોડાઈ જાય અને મહારાજના જ્ઞાનની ને સુખની વાતોના જીવમાં સાર પડી જાય ને જીવ સરાઈ જાય તે મૂર્તિ વિના રહી શકે નહિ. સુખ મહારાજમાં છે અને માગવા બીજે જાય છે એટલે કાર્યમાં સુખ માને છે. ત્યાં સુખ ક્યાંથી હોય? જેમ રાજાને પડ્યા મૂકીને વસ્તી પાસે સુખ માગે તે ક્યાંથી મળે? માટે કાર્યને પડ્યું મૂકીને કારણ જે મૂર્તિ તેમાં ચોંટી પડે તો સુખ મળે. જ્યારે મોટાને જોગે કરીને અવયવ ન ફરે અને મોટાને ખતરાવે ત્યારે જોગ શું કર્યો? માટે મોટાનો જોગ કરીએ ને મોટાના જેવા ગુણ ન આવે ને મન, ઇંદ્રિયો પોતપોતાના સ્વભાવ પ્રમાણે વર્તે તો જોગ કર્યો ન કહેવાય. જો પારસમણિના જોગે પારસ ન થાય તો જેમ બાવના ચંદનના વૃક્ષમાં નાગ વીંટાઈ રહે છે પણ ફણા અધર રાખે છે તેથી ઝેર રહે છે તે બીજાના પ્રાણ લે છે તેમ થાય. માટે એવો જોગ ન કરવો.''

"મોટાને વિષે મન-કર્મ-વચને જોડાવું. તેની વિક્તિ જે મોટાનું વચન લેશમાત્ર લોપવું નહિ અને મોટાની ઇચ્છા પ્રમાણે સુખ-દુઃખ આવે તેમાં રાજી રહેવું. અને મને કરીને એમ વર્તવું જે મહારાજની મૂર્તિમાં જ મનને રાખવું, પણ કોઈ આવ્યું કે ગયું તેની કાંઈ સુરત રાખવી નહિ. એક મૂર્તિમાં જ મન જોડી રાખવું તે મને કરીને જોડાણો કહેવાય. માટે મહારાજનું વચન યથાર્થ પાળીને મન-કર્મ-વચને જોડાવું અને સદાય ભેળું રહેવાય એવું માગવું." ॥૫૨॥

## વાર્તા ૫૩

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૯ને રોજ સવારે સભામાં લોયાનું ૫મું વચનામૃત વંચાતું હતું. તેમાં ૧લા પ્રશ્નમાં કપટી તથા નિષ્કપટીનાં લક્ષણની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "શ્રીજીમહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય હોય, પણ જો કપટી હોય ને તે જો પોતાનું કપટ જણાવા દે નહિ તો તેને જન્મ ધરવો પડે. જેમ મૂળજી લુહાણો ઘરેણાંનો ડબો ચોરી ગયો હતો તેને વીસ ગાઉથી પાછું આવવું પડ્યું તેમ થાય. એને નિશ્ચય તો હતો, પણ જો ચોરી કરી તો વીસ ગાઉથી ડબો આપવા પાછું આવવું પડ્યું. તેમ કપટીને જન્મ ધરવો પડે. માટે તન-મન શ્રીજીમહારાજને અને મોટા મુક્તને સોંપી દેવું. મનના સ્વભાવ તો 'લટકી લટકી જાત હૈ, ઝટકી વિષય ફળ ખાત' એવા છે. અહીં બેઠાં અમદાવાદ, મુળી તથા પેટી-પટારા સંભારે અને ગૃહસ્થ હોય તે ઘર સંભારે."

"તમે તો તન, મન અને કર્મ સોંપી દીધાં છે અને શ્રીજીમહારાજને તથા મોટા મુક્તને પ્રારબ્ધ કરી લીધા છે; કાંઈ બાકી રાખ્યું નથી. સત્સંગી થવામાં દાખડો ઘણો છે. જ્યારે આત્મા, પરમાત્મા અને સંત અને એમનાં કરેલાં શાસ્ત્ર તે વિના બીજે આસ્તા ન આવે ત્યારે તે સત્સંગી કહેવાય. અને તેણે જ તન, મન, ધન અને કર્મ અર્પણ

કર્યાં કહેવાય. શ્રીજીમહારાજે સોમલા ખાચરને કહ્યું જે, 'અર્ધો પ્રસંગ અમારો કરો છો ને અર્ધો જગતનો કરો છો.' સર્વસ્વ શ્રીજીને અર્પણ કરવું; એટલે ઇંદ્રિયો, અંતઃકરણ ને જીવ શ્રીજીની મૂર્તિમાં જોડી દેવાં તે સર્વસ્વ અર્પણ કર્યું કહેવાય.''

''ગૃહસ્થ હોય તેમણે દશાંશ-વિશાંશ કાઢવો તે કનિષ્ઠ ધર્માદો છે; અને બાર મહિનામાં એક-બે મહિના મોટા મુક્તનો સમાગમ કરવો તે મધ્યમ ધર્માદો છે; અને શ્રીજીની મૂર્તિમાં ઇંદ્રિયો, અંતઃકરણ ને જીવ તે એકાગ્ર કરીને જોડાઈ જાવું તે ઉત્તમ ધર્માદો છે. આ ત્રણ પ્રકારનો ધર્માદો છે તે સર્વે ગૃહસ્થોએ કાઢવો; પણ એકેય પડ્યો મૂકવો નહિ. એમ ન સમજવું જે સમાગમ કરીએ એટલે દશાંશ-વિશાંશ કાઢવાની શી જરૂર છે? એ તો ધ્યાન કરતા હોય અને ધ્યાનમાં મૂર્તિ દેખાતી હોય અને સમાગમ કરતા હોય તેમણે પણ દેવનો ધર્માદો પૂરેપૂરો આપવો. તે ધર્માદામાંથી સાધુને પણ જમાડવા નહિ અને ધોતિયાં પણ ઓઢાડવાં નહિ અને તીર્થ કરવા જાવું તે તીર્થના ખર્ચમાં પણ એ ધર્માદો ન ગણવો. ઠાકોરજીને વસ્ત્ર, ઘરેણાં તથા જગ્યાઓ તથા ગોદડાં, વાસણ, દાણા, ઘી, ગોળ આદિક વસ્તુ લાવી દેવી તેમાં ગણે તો બાધ નથી.''

પછી કલ્યાણ ભક્તે પૂછ્યું જે, ''દેવદ્રવ્યને આચાર્ય પોતાનું કરવા ઇચ્છે તો ધર્માદાની શી રીત કરવી?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આચાર્ય, સાધુ ને સત્સંગી એ ત્રણે મળીને વહીવટ કરવો એવી શ્રીજીમહારાજની આજ્ઞા છે. તે પ્રમાણે ન વર્તે ને સ્વતંત્રપણે વર્તે તો સત્સંગમાં મોટો ઉદ્વેગ થાય. ને એમાંથી મોટો વિક્ષેપ થાય ને એકબીજાનાં મન જુદાં થઈ જાય ને સરકારે પણ જવું પડે. એવો મોટો ઉદ્વેગ થઈ પડે અને કમિટી પણ થઈ જાય. માટે આચાર્યે એમ કરવું જોઈએ નહિ.'' ॥૫૩॥

## વાર્તા ૫૪

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૧૦ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા

કરીને વાત કરી જે, “માળા-માનસી પૂજામાં બોલવા કરતાં સાન કરવામાં વૃત્તિ ઘણી વિક્ષેપ પામે છે; કેમ જે બોલવામાં એક સંકલ્પ થાય અને સાન કરવામાં ઘણા સંકલ્પ થાય. માટે સાન કરવી નહિ.”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, “મહારાજ અને મુક્ત દિવ્ય છે તે માયિક અન્નને જમતા હશે કે કેમ?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “જો ભક્ત સાચે ભાવે માયિક વસ્તુ અર્પણ કરે તો તે ભક્તનો ભાવ જોઈને મહારાજ ને મુક્ત એ વસ્તુને દિવ્ય કરીને અંગીકાર કરે છે અને તેનું ફળ (પોતાની મૂર્તિનું સુખ) આપે છે. તે પ્રથમ પ્રકરણના ૭૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે.”

“ચરણરજની પ્રસાદી નાખીને પાણી પીવું તે કરતાં મહારાજની મૂર્તિને પોતાના ચૈતન્યને વિષે પાઈને પીવું તે ઉત્તમ છે. પ્રતિમાને જમાડેલી વસ્તુ પણ પોતાના ચૈતન્યને વિષે મહારાજને જમાડીને જમવી. જો ભક્ત નિષ્કામભાવે જમાડે તો પ્રતિમા જમે છે અને પોતાના પ્રતાપે ઓછું થાવા દેતા નથી. જેમ જેતલપુરના યજ્ઞમાં એક કુલ્લામાંથી ઘી કાઢ્યું, પણ ખૂટવા દીધું નહિ તેમ. પ્રતિમા ને ધામની મૂર્તિ તે એક જ છે. તેને સરખી ન જાણે તેની સમજણ ખોટી છે અને તે નાસ્તિક છે અને તેની વાત ન સાંભળવી. પ્રતિમા બોલતી નથી તે પોતાના ભક્તોને જાળવે છે; કેમ જે કોઈકને બોલાવે ને કોઈકને ન બોલાવે તો હર્ષ-શોક થઈ આવે. માટે પાત્ર થયો હોય તેને તથા પાત્ર ન થયો હોય તે સર્વેને સરખાં દર્શન આપે છે. માટે બોલતા નથી, પણ પ્રત્યક્ષ છે.”

“સાધનદશાવાળાને જોગ કરવામાં પ્રતિમા કરતાં મુક્ત અધિક છે તે વાત વરતાલના ૧૦મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહી છે. પણ પ્રતિમાથી મુક્ત વિશેષ ન જાણવા; ફક્ત જ્ઞાન લેવામાં વિશેષ જાણવા. પ્રતિમા છે તે ઈષ્ટદેવ છે અને મુક્ત તો ભક્ત છે. કેટલાક આધુનિક પ્રતિમા કરતાં મુક્તને અધિક જાણીને તેમનું ધ્યાન કરે છે તે અજ્ઞાની

છે. એમને કોઈ મોટા મળ્યા નથી અને શ્રીજીમહારાજનો તથા મોટા મુક્તનો સિદ્ધાંત એમને હાથ આવ્યો નથી. તે તો જ્યારે શ્રીજીમહારાજના અનાદિ અથવા પરમ એકાંતિક મુક્ત મળે ને તેમના થકી જ્ઞાન પામે ત્યારે અન્વય-વ્યતિરેક સ્વરૂપ સમજાય ને શ્રીજીનો સિદ્ધાંત હાથ આવે.''

''કોઈ દિવસ મુક્તનું ધ્યાન તો થાય નહિ. જે મુક્ત હોય તે પોતાનું ધ્યાન કરાવે જ નહિ અને શ્રીજીમહારાજની આજ્ઞામાં ફેર પડવા દે જ નહિ. એ તો પ્રતિમાને વિષે જ જોડે, પણ પ્રતિમાથી લૂખા થાવા દે નહિ. જેને શ્રીજીનો અથવા એમના મુક્તનો સંબંધ ન હોય તેને અન્વય-વ્યતિરેકની ખબર ન હોય તેથી તેને શાસ્ત્રના અર્થ સમજાય નહિ. અને પોતામાંથી માન, મોટપ અને વિષય તે ટળ્યા ન હોય તેથી ગુરુ થવાની ને વિષય ભોગવવાની ઈચ્છાઓ રહી હોય, તે મુમુક્ષુઓને આડું-અવળું સમજાવે ને પ્રતિમા કરતાં પોતે મોટા થઈ પડે ને લોકને છેતરીને વિષય ભોગવે. તેને મહા પાપ લાગે અને નરકે જવું પડે.''

''જે એવાને વળગ્યા હોય તે જો વિશ્વાસુ હોય અને કેવળ મોક્ષના ખપવાળા હોય તેમની તો મહાપ્રભુજી રક્ષા કરે ને જે તે ઉપાયે કરીને એવાના જોગથી છોડાવે. કદાપિ આ ફેરે ન છૂટે તો બીજો જન્મ ધરાવીને મુક્તનો જોગ મેળવે અને મોક્ષ કરે. જેને મોક્ષની ઈચ્છા હોય ને શ્રીજીમહારાજને પ્રસન્ન કરવા હોય તેણે એવા અવળે રસ્તે ચાલનારાનો સંબંધ ન રાખવો ને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવું; પણ કોઈ મુક્તનું ધ્યાન કરવું નહિ.''

''જ્યારે શ્રીજીમહારાજે દેહોત્સવ કર્યો ત્યારે દાદા ખાચર બહુ દિલગીર થઈને ચેહમાં પડવા ગયા ત્યારે શ્રી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે, 'શ્રીજીમહારાજ સદાય સત્સંગમાં છે. આપણને મૂકીને જતા રહ્યા નથી. જ્યાં મહારાજ અને આપણે બેસતા તે બેઠકે જાઓ; તમને દર્શન આપશે.' પછી ત્યાં ગયા અને શ્રીજીમહારાજનાં દર્શન થયાં.''

"પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'અમે તો મરીએ એવા નથી, અમે તો એક રૂપે હતા તે ચાર રૂપે થયા છીએ અને સત્સંગમાં સદાય પ્રગટપણે વિરાજમાન છીએ; માટે જતા રહ્યા એમ ન જાણશો.' એમ કહીને પોતે પહેરેલો હાર હતો તે દાદા ખાચરને પહેરાવીને બોલ્યા જે, 'તમારા આત્માને વિષે અમને ધારો.'"

"પછી દાદા ખાચરે પોતાના ચૈતન્યને વિષે મહારાજનું ધ્યાન કર્યું તો તેજોમય દિવ્ય સ્વરૂપે પોતાના આત્માને વિષે મહારાજને દેખ્યા. પછી ધ્યાનમાંથી જાગ્યા અને મહારાજને પૂછ્યું જે, 'હે મહારાજ! આપનાં ચાર સ્વરૂપ કહ્યાં તે કિયાં સમજવાં? ને ધ્યાન કયા સ્વરૂપનું કરવું?'"

"ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એક તો મૂર્તિઓ રૂપે ને બીજું સંતરૂપે ને ત્રીજું આચાર્ય રૂપે ને ચોથું શિક્ષાપત્રી, વચનામૃત આદિ શાસ્ત્રરૂપે; એ ચાર રૂપે થયા છીએ. તેમાં પ્રતિમારૂપે થયા છીએ તે પ્રતિમાનું ધ્યાન કરવું; અને સંત થકી જ્ઞાન ઉપદેશ ગ્રહણ કરીને અમારો મહિમા સમજવો ને તેમની અન્ન-વસ્ત્રે કરીને સેવા કરવી; અને આચાર્ય થકી દીક્ષામંત્ર લેવા ને તેમની અન્ન-દ્રવ્યે કરીને સેવા કરવી; અને શાસ્ત્રમાં જે અમારાં વચન છે એ પ્રમાણે વર્તવું.' એમ વાત કરીને શ્રીજીમહારાજ અદશ્ય થઈ ગયા."

"પછી દાદા ખાચરે સ્વામીશ્રી પાસે આવીને સર્વ વાત કરી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું જે, 'જો ખરેખરો દિવ્યભાવ પ્રતિમાને વિષે આવે ને એ મૂર્તિમાં લગની થાય અને બીજું બધું વીસરી જાય તો પ્રતિમાનાં દર્શન સાક્ષાત્કાર જેવાં થાય. અને તેમની સાથે બોલે, વાતો કરે, જમે ઈત્યાદિક સર્વે મનોરથ પરિપૂર્ણ કરે.'"

"માટે પ્રતિમાને વિષે દિવ્યભાવ લાવીને તેનું ધ્યાન-ભજન કરવું; પણ આધુનિકને સંગે કરીને અવળે રસ્તે ચઢી જવું નહિ." ॥૫૪॥

## વાર્તા ૫૫

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૧૧ને રોજ સવારે સભામાં લોયાનું ૩જું વચનામૃત વંચાતુ હતું, તેમાં માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળા હરિજનોનાં નામ આવ્યાં.

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, “એ હરિજનોએ શું શું કર્યું હશે તે કહો.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “શ્રીજીમહારાજ અરેરા ગામમાં પધાર્યા હતા ત્યાંથી ગલુજીને કહાવી મોકલ્યું જે, ‘ખાવા બેઠા હોય તે પડ્યું મૂકીને ધન, ધાન્ય, માણસ, પશુ, સર્વસ્વ લઈને અહીં આવો.’ તે સાંભળીને પોતાની માતુશ્રી માંદાં હતાં તેમને મૂકીને બીજું બધું લઈને રાત્રિએ ગયા. એવા વચનમાં રહેતા. વળી તેમને ઘેર શ્રીજીમહારાજ સંતોએ સહિત પધાર્યા હતા તે સમયે એમની માતુશ્રીએ દેહ મેલ્યો. તેમને ઊંચાં બાંધી રાખીને બે દિવસ શ્રીજીમહારાજને ને સંતોને રાખ્યા ને સેવા કરી; પણ સૂતકનો સંશય થયો નહિ. એવો દિવ્યભાવ હતો.”

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, “ગલુજી પાસે સર્વસ્વ મંગાવેલું તે શ્રીજીમહારાજે બધું રાખ્યું કે કેમ કર્યું?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “ગલુજીને ઘેર એ જ રાત્રિએ શત્રુ આવીને સર્વસ્વ લૂંટી જવાના હતા અને ગલુજીને તથા તેમનાં મનુષ્યોને મારી નાખવાના હતા; એટલા સારુ શ્રીજીમહારાજે મંગાવ્યું હતું. શત્રુઓ રાત્રે ગલુજીને ઘેર આવીને પાછા ગયા અને સવારમાં શ્રીજીમહારાજે ગલુજીને સર્વસ્વ પાછું આપીને ડડુસર મોકલ્યા. એવી રીતે મહારાજે પોતાના દૃઢ નિશ્ચયવાળા ને વિશ્વાસુ ભક્તની રક્ષા કરી.” ॥૫૫॥

## વાર્તા ૫૬

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૧૧ને રોજ બપોરે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, “કુશળકુંવરબાઈએ શું કર્યું હશે? તે કૃપા

કરીને કહો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''કુશળકુંવરબાઈએ શ્રીજીમહારાજને પોતાને ઘેર ધરમપુર તેડાવીને રાજ્ય આપવા માંડ્યું અને શ્રીજીમહારાજની મૂર્તિને નખથી શિખા પર્યંત સમગ્ર અંગ નીરખીને અંતરમાં ઉતારી લીધી. અને મૂર્તિ ભૂલી જવાય તેની બીકે કરીને દેહની ક્રિયા જે નાવું-ધોવું, ખાવું-પીવું તેનો ત્યાગ કરીને મૂર્તિ ધારી રાખી. ને પંદર દિવસે દેહ પડી ગયો, પણ મૂર્તિ મૂકી નહિ એવાં હતાં.''

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, ''એમને શી રીતે સત્સંગ થયો હતો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એ પૂર્વ જન્મમાં સંગ્રામજીત રાજાની બેન રૂડબાઈ હતાં. ત્યાં અલાઉદ્દીન ખૂની દિલ્હીથી આવેલો હતો. તેણે સંગ્રામજીતને મારીને રૂડબાઈને લઈ જવાનું કર્યું, ત્યારે રૂડબાઈએ એને સમજાવ્યો જે, 'મારે નામના કરવી છે. માટે તમે ફેર આવશો ત્યારે આવીશ.' તે દિલ્હી ગયો તે પછી રૂડબાઈએ અડાલજની વાવ કરાવીને દેહ મૂક્યો તે ઓળક ગામમાં કુશળકુંવરબાઈ નામે થયાં.''

''તેની કરાવેલી વાવે શ્રીજીમહારાજ ચારસો સંતોએ સહિત આવ્યા અને વાવ જોઈને બોલ્યા જે, 'વાવ સારી છે. આ કરાવનાર હાલ ધરમપુરમાં રાજ્ય કરે છે. તેનું નામ કુશળકુંવરબાઈ છે. તેમણે પોતાના મોક્ષ માટે આ વાવ કરાવી છે તેનો લેખ જુઓ.' પછી નિષ્કુળાનંદ સ્વામીએ લેખ વાંચ્યો; તે મોક્ષ માટે જ કરાવી છે એવું લખ્યું હતું. પછી મહારાજે આજ્ઞા કરી જે, 'આ વાવમાં આપણે સર્વે સ્નાન કરીને જળ પીઓ પછી તેનું કલ્યાણ થશે.' પછી સંતોએ કહ્યું જે, 'એને કેવી રીતે આપણો નિશ્ચય થશે?' પછી શ્રીજીમહારાજે કહ્યું જે, 'પરમચૈતન્યાનંદ સ્વામીને પ્રેરણા થઈ ગઈ છે તે ત્યાં જઈને સત્સંગ કરાવશે.'''

''એમ શ્રીજીમહારાજ વાવ ઉપર બોલ્યા તે સમયે જ

પરમચૈતન્યાનંદ સ્વામી ગઢડે હતા તેમને ધરમપુર જવાનો સંકલ્પ થયો ને ચાલી નીકળ્યા. તેમના ભેળા તેમના વીસ સાધુ ચાલવા તૈયાર થયા તેમને ના પાડીને એકલા જ એકડમલને વેષે ગયા તે કપડવંજમાં શિવજીની જગ્યામાં ઊતર્યા. ત્યાં બ્રાહ્મણો આવતા તેમને પરોક્ષપણે શ્રીજીમહારાજનો મહિમા સમજાવી નિશ્ચય કરાવીને ચાલ્યા તે ધરમપુર કુશળકુંવરબાઈની ધર્મશાળામાં ઊતર્યા.''

''ત્યાં એ બાઈને એવો નિયમ હતો જે, જે કોઈ ત્યાગી આવે તેને પોતાની ધર્મશાળામાં ઉતારે ને નિત્ય જમાડે અને એમનો મહિમા સમજીને અર્ધ રાત્રે સર્વનાં દર્શન કરીને ચરણસ્પર્શ કરીને પાછાં જાય. તે રાત્રિએ આવ્યાં, પણ તેમને સ્વામીએ સ્પર્શ કરવા દીધો નહિ. ત્યારે બાઈ બોલ્યાં જે, 'આ સર્વે મહાત્મા ચરણસ્પર્શ કરવા દે છે અને તમે કેમ ના પાડો છો?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'અમે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાધુ છીએ તે એકલા ચલાય પણ નહિ ને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાળીએ; પણ હું એકલો જુદો પડીને આવ્યો છું તેથી મારે તમારી સાથે બોલવું પડ્યું. પણ હવે સાત પ્રકારનું તો બરાબર રાખીશ; એમાં તો ફેર પડવા નહિ દઉં.'''

''પછી તે બાઈને તેમનો ગુણ આવ્યો તેથી મહિમા સમજીને તેમની વાતો સાંભળીને શ્રીજીમહારાજનો મહિમા સમજ્યાં અને શ્રીજીમહારાજને વિષે સર્વોપરીપણાનો નિશ્ચય કરીને આશ્રિત થયાં અને સ્વામીને ગુરુ કર્યા અને રાજ્ય સોંપી દીધું.''

''જ્યારે શ્રીજીમહારાજ દંઢાવ દેશમાં ફરીને ગઢડે પધાર્યા ત્યારે સર્વે સંતોએ શ્રીજીમહારાજને કહ્યું કે, 'પરમચૈતન્યાનંદ સ્વામી તો એકડમલ થઈને જતા રહ્યા છે.' પછી શ્રીજીમહારાજે કહ્યું જે, 'એ તો ધરમપુરમાં છે અને અમારી ઇચ્છાથી કુશળકુંવરબાઈને સત્સંગ કરાવવા ગયા છે. તે ત્યાં રાજ્યમાં બંધાઈ ગયા છે તેથી તેડી લાવવા પડશે.' પછી નિત્યાનંદ સ્વામીને મોકલ્યા, પણ તેમના તેડ્યા આવ્યા નહિ અને

બોલ્યા જે, 'ધણી આવે તો આવું.'"

"પછી મુક્તાનંદ સ્વામીને મોકલ્યા તે ગયા. ધરમપુર નજીક આવ્યું ત્યાં તો હાથીએ બેસીને તે બાગમાં હવા ખાવા જતા હતા, તે હાથી ઉપર બેઠે બેઠે મુક્તાનંદ સ્વામીને આવતાં જોઈને માવતને કહ્યું જે, 'મારા ગુરુ આવે છે તે મને હાથી ઉપર બેઠેલો દેખશે; માટે હાથીને બેસારો.' પછી હાથી બેસાર્યો ને ઊતરીને સામા જઈને દંડવત કર્યા અને સ્વામીશ્રીને મળ્યા ને સાથેસાથે ધર્મશાળામાં આવ્યા ને રસોઈ કરીને જમાડ્યા. પછી ચરણ દાબતા હતા ત્યાં બાઈ આવ્યાં એટલે મુક્તાનંદ સ્વામી તો ઊઠીને છેટે જાતા રહ્યા. ત્યારે બાઈ બોલ્યાં જે, 'એ કોણ છે?' ત્યારે પરમચૈતન્યાનંદ સ્વામી બોલ્યા જે, 'એ મારા ગુરુ છે ને મને તેડવા આવ્યા છે; માટે મારે જવું પડશે.' ત્યારે બાઈ દિલગીર થઈને બોલ્યાં જે, 'શ્રીજીમહારાજને અહીં લાવવાનું વચન આપો તો જવા દઉં.' પછી તે વાત મુક્તાનંદ સ્વામીને કહી ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, 'એને કહો જે તમે કાગળ લખજો અને અમે પ્રાર્થના કરીશું.'"

"પછી બંને સ્વામીઓ ગઢડે આવ્યા અને શ્રીજીમહારાજને કાગળ લખીને બાઈએ તેડાવ્યા હતા ને ત્યાં મહારાજ પધાર્યા હતા." ॥૫૬॥

## વાર્તા ૫૭

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૧૧ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો શ્રી કાકરવાડીએ નાહવા ગયા હતા ત્યાં નાહીને માનસી પૂજા કરીને બાવળ નીચે સભા થઈ.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "પર્વતભાઈએ શું કર્યું હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "પર્વતભાઈ પોતાનો દીકરો કંઠપ્રાણ હતો તેને મૂકીને શ્રીજીમહારાજનાં દર્શન કરવા ચાલ્યા તે ગામને સીમાડે પહોંચ્યા એટલામાં દીકરો મરી ગયો. તેથી મનુષ્ય તેડવા ગયું તોપણ

પાછા વળ્યા નહિ ને ગઢડે ગયા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'દીકરો મરી ગયો અને પાછા કેમ વળ્યા નહિ?' ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, 'એમાં શું? એ તો છાણમાં જીવડાં પડે ને મરી જાય એવું છે.' ત્યાં સાત દિવસ સુધી જમ્યા નહિ અને પાણી પણ પીધું નહિ. તેમને શ્રીજીમહારાજે કહ્યું જે, 'તમે ક્યાં જમો છો?' ત્યારે બોલ્યા જે, 'આપનાં દર્શન કરું છુ તેમાં બધું આવી જાય છે.'"

"અને જે દાણા પાકે તે બધા શ્રીજીમહારાજને સદાવ્રતમાં આપી દેતા. તેમને શ્રીજીમહારાજે કહ્યું જે, 'થોડાક દાણા છોકરાંને ખાવા સારુ રાખતા હો તો સારું.' ત્યારે તે કહે જે, 'કણબીનાં છોકરાં તો કૂકડાનાં બચ્ચાં જેવાં હોય. જેમ કૂકડાનાં બચ્ચાં ઉકરડામાંથી દાણા ખોતરી ખાય તેમ તે પૃથ્વીમાંથી પેદા કરી ખાય, માટે એવી ચિંતા શું કરવા રાખવી પડે?'"

"શ્રીજીમહારાજે સંતોને ખટરસનાં વર્તમાન આપ્યાં ત્યારે પર્વતભાઈ તથા તેમના ઘરનાં સર્વ માણસોએ પણ ખટરસનાં વર્તમાન રાખ્યાં; એવો મહિમા સંતનો જાણતા. ઈત્યાદિક ઘણીક વાતો છે તે લખે પાર આવે તેમ નથી. પર્વતભાઈ તો બહુ સમર્થ હતા. શ્રીજીમહારાજે પણ એમને ઘેર બહુ લીલાઓ કરીને ઘણાંક સુખ આપ્યાં છે."

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, "પર્વતભાઈમાં શી સામર્થી હતી? અને શ્રીજીમહારાજે એમને ઘેર શી શી લીલાઓ કરી હતી? તે કહો."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "શ્રીજીમહારાજ સર્વે સંતોને તથા કાઠીઓને લઈને ગઢડેથી ચાલ્યા તે ફરતાં ફરતાં અગત્રાઈ આવ્યા. ત્યાં તાપ ગાળવા એક ઝાડ તળે ઊતર્યા. ત્યાં હરિજનોએ ખાટલો લાવીને પાથર્યો તે ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન થયા અને સંતો તથા હરિજનો ખેતરમાં મોદ પાથર્યા વિના એમને એમ બેસી ગયા."

"તે વખતે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'મારો વ્હાલીડો કેમ ન

આવ્યો?' એમ બે-ચારવાર બોલ્યા. એટલામાં પર્વતભાઈ કપાસની સાંઠીઓ ખોદીને આવ્યા ને ખભેથી કોદાળી નાખી દઈને દંડવત કરવા મંડ્યા ત્યારે શ્રીજીમહારાજ ઊભા થઈને બોલ્યા જે, 'મારો વ્હાલીડો આવ્યો' એમ બે-ચાર ફેરા બોલીને મળ્યા અને પોતાની પાસે મશરૂની ગાદી નાખીને તેમને બેસાર્યા. ત્યારે સર્વે સંત-હરિજનોને સંશય થયો જે, 'આપણે સર્વે પૃથ્વી ઉપર બેઠા છીએ અને આ કણબીને શ્રીજીમહારાજે ગાદી ઉપર બેસાર્યા તે ઠીક ન કર્યું.'''

''પછી સાંજ વખતે ત્યાંથી ચાલ્યા તે બીજે ગામ ગયા. પછી ફરતાં ફરતાં જ્યારે પાછા આવ્યા ત્યારે પણ એ ઠેકાણે આવ્યા ને બપોર થયા એટલે ત્યાં જ ઊતર્યા.''

''એવામાં પર્વતભાઈ આવ્યા. તેમની કેડે કરોડો વિમાન આવ્યાં તે જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, 'પર્વતભાઈ! આ લશ્કર ક્યાં ફેરવો છો?' ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, 'એ તો માગણ છે.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એ ક્યાંથી આવેલાં છે?' ત્યારે પર્વતભાઈએ કહ્યું જે, 'જીવકોટિ, ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ ને અક્ષરકોટિ એ સર્વે નિત્ય મારી કેડે ફરે છે ને આત્યંતિક કલ્યાણ માગે છે. તેમને આપના ધામમાં મોકલું છું.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'આમને ધામમાં મોકલો તેને અમે જોઈએ.' પછી પર્વતભાઈ એમના સામું જોઈને બોલ્યા જે, 'જાઓ અક્ષરધામમાં.' એટલે બધાં વિમાન જતાં રહ્યાં. તે જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા ને સંશય ટળી ગયા.''

''એક સમયે શ્રીજીમહારાજનાં દર્શન કરવા પર્વતભાઈ ગઢડે ગયા ને પોતાના ખેતરમાં ઘઉં પાકેલા હતા તે એક મુસલમાનને સોંપી ગયા. તે મુસલમાને રાત્રે ઘઉં કાપવા માંડ્યા. તેને પર્વતભાઈએ સોટીઓ મારી તે દાતરડું અને ઘઉં મૂકીને જતો રહ્યો. જ્યારે પર્વતભાઈ દર્શન કરીને આવ્યા ત્યારે એ મિયાંને કહ્યું જે, 'અમે તને સોટીઓ મારી હતી.' ત્યારે તે સિપાઈએ કહ્યું જે, 'તમો તો સાક્ષાત્ ખુદા છો.' ઇત્યાદિ

ઘણી વાતો છે.''

''હવે શ્રીજીમહારાજે એમને ઘેર લીલા કરી તેમાંથી કિંચિત્ કહીએ છીએ. પર્વતભાઈએ પોતાના દીકરા મેઘજીભાઈનો વિવાહ કર્યો. તેમના દેશમાં ગાવા આવે તેમને ખારેકો દેવી પડે તે પણ પોતાને મળે નહિ; એવો દુર્બળ વ્યવહાર હતો. તેમનાં પત્ની કેસરબાઈએ કહ્યું જે, 'ખારેકો નથી તેથી કોઈ ગાવા આવતું નથી.' ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, 'જો શ્રીજીમહારાજ આપણે ઘેર પધારે તો ઘણાક લોકો ગાવા આવે. માટે તમારાં કલ્લાં મને આપો.' પછી તેમણે આપ્યાં. તે કલ્લાં ને એક બળદ વેચીને તેનું સીધું લઈને ઓરડામાં ભરીને પછી ગઢડે આવીને શ્રીજીમહારાજને તથા સંતોને તથા સર્વે હરિજનોને બાઈ-ભાઈને અગત્રાઈ તેડી લાવ્યા. ને શ્રીજીમહારાજને ઢોલિયો પાથરી આપ્યો.''

''તે ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન થયા અને પર્વતભાઈ પણ શ્રીજીમહારાજના ઢોલિયા પાસે બેસી ગયા, પણ કોઈની સંભાવના રાખી નહિ. ત્યારે કાઠીઓએ શ્રીજીમહારાજને કહ્યું જે, 'તમે તો પર્વતભાઈને બહુ વખાણતા, પણ હજી સુધી અમારી ખબર તો લેતા નથી.' ત્યારે શ્રીજીમહારાજે પર્વતભાઈને કહ્યું જે, 'કેમ આ સર્વેની ખબર લેતા નથી?' ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, 'મહારાજ! હું તો ગુમાસ્તો છું અને ધણી તો આપ છો. માટે એમને ખાવું હોય તો ખાય ને મને પણ આપશે તો હું પણ ખાઈશ.'''

''પછી શ્રીજીમહારાજે સર્વે સંતો તથા હરિજનોને કહ્યું જે, 'તમો સર્વે જે સીધું હોય તે બધું વાપરી નાખો ને ખડ-જોગાણ હોય તે બધું ઘોડાને ખવરાવી દો ને બગાડ ઘણો કરો એટલે પર્વતભાઈ ધણી થશે.' પછી એમ કર્યું, પણ પર્વતભાઈ તો ઊલટા રાજી થયા.''

''પછી કંસાર-ખીચડીની રસોઈ સંતો પાસે કરાવીને શ્રીજીમહારાજે અખંડ ધારે ઘી પીરસવા માંડ્યું. તે જોઈ પર્વતભાઈ બહુ રાજી થયા અને બોલ્યા જે, 'મને ન્યાલ કર્યો.' માટે 'ન્યાલકરણ બાપો'

એમ શ્રીજીમહારાજનું નામ પાડ્યું, પણ 'ઘી બગાડ્યું' એવો સંશય થયો નહિ. તે જોઈને કાઠી તથા સર્વે સંતો આશ્ચર્ય પામ્યા ને બોલ્યા જે, 'પર્વતભાઈના જેવી આપણી સમજણ થઈ નથી.'''

"પછી સર્વે જમી રહ્યા ને સર્વે સીધાનાં વાસણ ઊંધાં વાળી મૂક્યાં, તે બધાં સવારે જ્યારે જુએ ત્યારે સવળાં દેખ્યાં અને ઘી-ગોળ આદિક સર્વે સામાન ભરેલો જોઈને આશ્ચર્ય પામ્યાં. એવી રીતે નિત્ય ખાલી કરે ને નિત્ય ભરાઈ જાય એમ સોળ દિવસ સુધી સર્વે જમ્યા."

"શ્રીજીમહારાજને રાજી કરવા સારુ લોકો ગાવા પણ બહુ આવતા. અને મેઘજીભાઈનો વરઘોડો ચઢ્યો તે સમયે રોઝો ઘોડો શણગાર્યો ને શ્રીજીમહારાજે પોતાનાં વસ્ત્ર મેઘજીભાઈને પહેરાવ્યાં ને કહ્યું જે, 'ઘોડે બેસો.' ત્યારે મેઘજીભાઈ બોલ્યા જે, 'હું નહિ બેસું; કાકો બેસે.' પછી શ્રીજીમહારાજ ઘોડે બેઠા. પછી વરઘોડો ચાલ્યો ને પાર્ષદો તથા કાઠીઓ બંદૂકોના અવાજ કરવા લાગ્યા ને આગળ વાજાં વાગવા લાગ્યાં અને સ્ત્રીઓ મંગળ ગાવા લાગી. પછી ચાલતાં ચાલતાં જ્યાં સાધુના ઉતારા નજીક આવ્યા ત્યારે ભૂમાનંદ સ્વામીએ વંડી ઉપર ડોકાઈને જોયું ત્યાં શ્રીજીમહારાજને દેખ્યા. તેમણે બધા સંતોને બોલાવ્યા તે સર્વે સંત આવ્યા ને શ્રીજીમહારાજની આગળ થઈ ગયા. શ્રી ભૂમાનંદ સ્વામીએ 'સર્વે સખી જીવન જોવાને ચાલો રે' એ કીર્તન ઝીલાવવા માંડ્યું ને વરઘોડો ફેરવીને વેવાઈને માંડવે ગયા ને ત્યાં માંયરું થયું."

"ત્યારે શ્રીજીમહારાજે મેઘજીભાઈને કહ્યું જે, 'માંયરામાં બેસો.' ત્યારે મેઘજીભાઈ બોલ્યા જે, 'કાકો બેસે.' પછી શ્રીજીમહારાજ મેઘજીભાઈને સાથે લઈને માંયરામાં બેઠા અને ગોરે મેઘજીભાઈને કહ્યું જે, 'લાંબો હાથ કરો', ત્યારે કહ્યું જે, 'કાકો લાંબો હાથ કરે'; એટલે શ્રીજીમહારાજે કન્યાનો હાથ ઝાલ્યો. તે વખતે શ્રી ભૂમાનંદ સ્વામી બોલ્યા જે, 'હથેવાળો હરિ સંઘાથે કીધો રે, ભૂમાનંદ કહે જન્મ સફળ કરી લીધો રે'. પછી ફેરા પણ શ્રીજીમહારાજ ફર્યા અને કંસાર પણ

શ્રીજીમહારાજ જમ્યા.''

''પછી વર-કન્યાને પર્વતભાઈને ઘેર વળાવવા માંડ્યા ત્યારે પણ ગાડીમાં મેઘજીભાઈ બેઠા નહિ. તેમને સાથે લઈને શ્રીજીમહારાજ ગાડીમાં બેઠા ને વાજતે-ગાજતે પર્વતભાઈને ઘેર પધાર્યા. ત્યાં કેસરબાઈએ પોંખવા માંડ્યા ત્યારે મેઘજીભાઈ બોલ્યા જે, 'કાકાને પોંખો'; એટલે શ્રીજીમહારાજને પોંખ્યા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'અમારી આંખમાં દારૂનું કણું પડ્યું છે તે કોઈ કાઢે એવું છે?' પછી મેઘજીભાઈની પત્નીએ તે કણું જીભે કરીને કાઢ્યું. તેને શ્રીજીમહારાજે વર દીધો જે, 'અમો તમને આ જન્મે જ અક્ષરધામમાં લઈ જઈને અખંડ અમારી સેવામાં રાખશું.'''

''એવી લીલાઓ કરીને સુખ આપ્યાં છે તેનો લખે પાર તેમ નથી.'' ।।૫૭।।

## વાર્તા ૫૮

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૧૧ને રોજ રાત્રે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''જીવુબા, લાડુબા અને રાજબાઈએ શું કર્યું તે કૃપા કરીને કહો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''અનંત જીવોના ઉદ્ધાર કરવાને અર્થે શ્રીજીમહારાજે અહીં પ્રગટ મનુષ્યરૂપે દેખાવાનો સંકલ્પ કર્યો ત્યારે ઘણાક મુક્તોને આજ્ઞા કરી જે, 'તમે સર્વે કોઈક સ્ત્રીરૂપે અને કોઈક પુરુષરૂપે દેખાઈને જીવનો ઉદ્ધાર કરો.' તે આજ્ઞા મુક્તોએ માથે ચઢાવી ને તે પ્રમાણે જુદા જુદા વર્ણમાં દર્શન આપ્યાં.''

''જીવુબા, લાડુબા અને રાજબાઈને કહ્યું જે, 'તમે કાઠીની નાતમાં સ્ત્રીરૂપે દેખાઓ.' તેમણે મહારાજની પ્રાર્થના કરી જે, 'હે મહારાજ! અમે સ્ત્રી આકારે દેખાઈએ તો લોકની રીતિ પ્રમાણે સભામાં આપની પાસે સંત તથા પુરુષો બેઠા હોય ત્યાં અમારાથી બેસાય નહિ. બીજું અમારાં મા-બાપ અમને જીવ સાથે પરણાવે તે અમારે મોટું લાંછન

આવે. તમે જે વાર્તા કરો અને પ્રશ્ન-ઉત્તર થાય તે અમારા સાંભળ્યામાં આવે નહિ. વળી આપ દેશ-વિદેશ વિચરો ત્યાં અમારાથી સાથે અવાય નહિ અને તમે જે જે લીલા કરો તે અમારા જોયામાં આવે નહિ. માટે અમે સ્ત્રી આકારે દેખાવામાં ખુશી નથી.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'મર્ત્યલોકમાં તમે ને અમે ભેળાં એક સ્થાનમાં રહીશું. તમને નિરાવરણ રાખશું તે અમારી સર્વે લીલા ઘેર બેઠાં થકાં દેખશો અને તમને પુરુષનો સ્પર્શ થવા નહિ દઈએ.' પછી તેમણે તે આજ્ઞા માથે ચઢાવીને સ્ત્રી આકારે દેખાયાં અને મહારાજ પણ એમને ઘેર પોતાનું ઘર કરીને રહ્યા.''

''રાજબાઈને એમનાં પિયરિયાંએ પરાણે પરણાવવાનું કર્યું ને ખાંડું પણ તેડવા આવ્યું. ને તેડીને સાસરે વહેલ પહોંચી ત્યાં તો રાજબાઈનું સ્વરૂપ સિંહના જેવું દેખીને પાછાં વાળી મૂક્યાં. એમણે સર્વ સંબંધીનો તથા દેહનો અનાદર કરીને શ્રીજીમહારાજની પ્રસન્નતાનાં ઘણાં સાધન કર્યાં. પાશેર અનાજ ખાવું, પૃથ્વી ઉપર સૂવું, પાંચસો માળા ફેરવવી અને પુરુષથી વીશ હાથ છેટે ચાલવું; એવા નિયમ રાખીને શ્રીજીમહારાજને પ્રસન્ન કર્યા હતા.''

''જીવુબાનું પણ કુંડળમાં મામૈયા પટગર સાથે સગપણ કર્યું હતું. પછી જીવુબાએ મામૈયા પટગરની માતુશ્રી રાઈબાઈને કહ્યું જે, 'મારે તો વ્યવહાર કરવો નથી; ભગવાન ભજવા છે.' પછી રાઈબાઈએ રાજી થઈને રજા આપીને ગઢડે મોકલી દીધાં.''

''લાડુબાઈનું ખાંડું એમને સાસરે જતું હતું. તે ગામમાં ધાડું પડ્યું હતું તેની કેડે વ્હાર ચઢી હતી. તેમાં જે છોકરા સાથે લાડુબાઈનું સગપણ કર્યું હતું તે છોકરો વ્હારે ગયેલો તે મરાણો; તેથી લાડુબાઈ ગઢડે આવતાં રહ્યાં.''

''એવી રીતે એ ત્રણેની શ્રીજીમહારાજે રક્ષા કરી અને એ ત્રણેએ શ્રીજીમહારાજના ભેળાં રહીને શ્રીજીમહારાજની પ્રસન્નતાનાં સાધન કર્યાં.'' ॥૫૮॥

## વાર્તા ૫૯

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૧૨ને રોજ સવારમાં સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "મોટાં રામબાઈએ શું કર્યું હશે? તે કૃપા કરીને કહો."

પછી બાપાશ્રી બોલ્યા જે, "મોટાં રામબાઈ વાળાના જેતપુરનાં હતાં. તેમનાં પિયરિયાંએ તથા સાસરિયાંએ તેમને વ્યવહાર કરાવવા બહુ ઉપાધિ કરી. તેથી ભાદર નદીના ધરાના કાંઠા ઉપર રાત્રિએ પોતાનાં વસ્ત્ર મૂકીને ચાલી નીકળ્યાં; ને શ્રીજીમહારાજની પાસે ગઢડે જઈને ત્યાગી થઈને રહ્યાં."

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, "દાદા ખાચરે શું કર્યું? તે કહો."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "દાદા ખાચરે પોતાનું સર્વસ્વ શ્રીજીમહારાજને અપર્ણ કર્યું ને જેમ શ્રીજીમહારાજ કહે તેમ જ કરતા; કોઈ પ્રકારનો સંશય કરતા નહિ. એમની વાતો તો અપાર છે ને તે ઘણે ઠેકાણે લખાણી છે."

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, "માંચા ભક્તે શું કર્યું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "માંચો ભક્ત પ્રથમ માર્ગીના પંથમાં હતા, પણ બ્રહ્મચર્યવ્રતમાં કુશળ હતા. એક કીમિયાવાળો એમને ઘેર આવીને ઊતર્યો હતો તેણે ત્રાંબાનું રૂપું કરી બતાવ્યું; તેને લાકડી લઈને ગામ બહાર કાઢી મૂક્યો, પણ રૂપામાં લોભાયા નહિ. જ્યારે શ્રીજીમહારાજ મળ્યા ત્યારે એકાંતિક ભક્ત થયા. જ્યારે મહારાજને દર્શને ગયા ત્યારે પોતાનો પાંચસો વીઘા કપાસ હતો તે સાંભરશે એમ જાણીને ભેળાવી દીધો." ॥૫૯॥

## વાર્તા ૬૦

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૧૨ને રોજ બપોરે કૂવા પાસે ઓરડીમાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "મૂળજી બ્રહ્મચારીએ

શું કર્યું હતું તે કૃપા કરીને કહો.''

ત્યારે બાપાશ્રીએ કૃપા કરીને કહ્યું જે, ''મૂળજી બ્રહ્મચારી મખિયાવ ગામના બ્રાહ્મણ હતા. તે યજમાનની દીકરીને તેડવા ગયા હતા, તેને તેડીને આવતાં માર્ગમાં એક ગામ આવીને રાત રહ્યા. ત્યાં એ બાઈની નજર ખોટી દેખવામાં આવી, તેથી તેને ત્યાં ને ત્યાં પડી મૂકીને ચાલી નીકળ્યા ને શ્રીજીમહારાજ પાસે આવીને બ્રહ્મચારી થયા. એવા નિષ્કામી હતા. તેમને શ્રીજીમહારાજે જોડા પહેરવાની અને ઘી-ગોળ જમવાની બંધી કરી અને પોતાની સેવામાંથી પણ કાઢી મૂક્યા; તોપણ શ્રીજીમહારાજને વિષે જેવી પ્રીતિ ને દિવ્યભાવ હતો ને જેવી દૃઢતા હતી તેવી ને તેવી જ રહી, પણ તેમાં ફેર પડ્યો નહિ. એવી રીતે શ્રીજીમહારાજે ઘણીક પરીક્ષા લીધી, તોપણ બ્રહ્મચારી ડગ્યા નહિ એવા પરિપક્વ નિશ્ચયવાળા હતા. એવી એમની કેટલીક વાર્તાઓ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીની લખેલી વાતોમાં છે.'' ॥૬૦॥

## વાર્તા ૬૧

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૧૨ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત હરિજનો શ્રી કાકરવાડીએ નાહવા ગયા હતા. ત્યાં નાહીને બાવળ નીચે બેસી માનસી પૂજા કરી અને સર્વેને મળ્યા.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''લાધીબાઈ અને માતાજીની વાત કરો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''લાધીબાઈને એક ખેતરમાંથી કચ્છી બાર મણ (ગુજરાતી આઠ મણ) મઠ આવતા, તેમાંથી નિર્વાહ ચલાવતાં. તેમને શ્રીજીમહારાજે કહાવી મોકલ્યું જે, 'તમારી પાસે માતાજીને મોકલ્યાં છે તેમનું પોષણ કરજો.' ત્યારે રાજી થયાં; પણ શી રીતે પોષણ કરીશ એવો સંકલ્પ પણ થયો નહિ. એવો શ્રીજીમહારાજનાં વચનમાં વિશ્વાસ હતો. ઈત્યાદિક ઘણી વાતો છે તે પણ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીની લખેલી વાતોમાં છે.''

"અને માતાજી મારવાડમાં ઉદેપુરના રાજાની રાણી હતાં. તેમની કુંવરીનો વિવાહ હતો ત્યાં જાન આવી હતી, તેમાં ઈડરના તથા માણસા આદિકના રાજા-રાણીઓ ગયાં હતાં. તેમની રાણીઓનાં મુખ થકી વાત સાંભળી જે શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે. તેથી પોતાના મનમાં વિચાર થયો જે ભગવાન પ્રગટ થયા ને હું રહી જઈશ તો મારું કલ્યાણ નહિ થાય. એમ જાણી રાત્રિએ પુરુષનાં લૂગડાં પહેરીને બારીએ દોરડું બાંધીને ઊતરીને ચાલી નીકળ્યાં. તેમને ખોળ્યાં, પણ જડ્યાં નહિ. તેથી રાણાએ ચારે દિશાએ સ્વાર મોકલ્યા. તે ઘોડાના ડાબલાં વાગતાં સાંભળીને એક મરેલા ઊંટના ખોખામાં પેસી ગયાં ને સ્વાર પાછા વળ્યા ત્યારે નીકળીને ચાલ્યાં. તે વાટમાં વણઝારાની પોઠ સાથે વીસનગરના તળાવમાં ઊતર્યાં. ત્યાં રાત્રિના છેલ્લા પહોરે બાઈઓ ગામમાંથી નાહવા આવ્યાં, તેમનો 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' એવો શબ્દ સાંભળીને તેમની પાસે આવીને સર્વે હકીકત કહી. પછી તે બાઈઓએ ગામમાં લઈ જઈને છાનાં રાખ્યાં અને વણઝારો ગયો, તે પછી મહારાજ પાસે ગઢડે આવ્યાં. તેમને મહારાજે 'માતાજી' નામ ધરાવીને લાધીબાઈ પાસે ભુજ મોકલ્યાં. ત્યાં રહીને લાધીબાઈની સેવા કરી ને લાધીબાઈ ધામમાં ગયાં ત્યારે તેમને સાથે તેડી ગયાં."

"અને મુક્તાનંદ સ્વામીએ બે-ચાર ગુરુ કર્યા, પણ ગુરુને વિષે નિષ્કામી વર્તમાનમાં ખામી દેખીને પડ્યા મૂક્યા. અને રામાનંદ સ્વામી તથા તેમના સાધુને દૃઢ નિષ્કામી દેખીને ત્યાં રહ્યા અને મન, કર્મ, વચને દાસ થઈને સેવા કરી; પણ ગુરુમાં ને અધિકારમાં ને મિલકતમાં બંધાયા નહિ. શ્રીજીમહારાજ રાત્રિને દિવસ કહે અને રૂમાલને તરવાર કહે તોપણ જીવમાંથી હા પડે; પણ સંશય થતો નહિ." વાર્તાની સમાપ્તિ કરીને સર્વે મંદિરમાં આવ્યા. ॥૬૧॥

## વાર્તા ૬૨

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૧૩ને રોજ સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "સામત તથા મૂળજી અને કૃષ્ણજીએ

તથા ગુંદાળી ગામના બે કાઠીએ શું કર્યું તે વાત કરો''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''સામત એના દીકરાની સ્ત્રીને તેડવા ગયો હતો ત્યાં તેને મહેણું દીધું જે, 'તારા દીકરાને તો ખપ નથી ને જો તારે ખપ હોય તો તું લઈ જા.' તે સાંભળીને વિચાર કર્યો જે, 'હું શ્રી સ્વામિનારાયણનો ભક્ત છું ને મને મહેણું આપ્યું; માટે ઇંદ્રિય જ ન રાખવી.' એમ વિચારીને ભસ્મ કરી નાખી.''

''અને મૂળજી અને કૃષ્ણજી કચ્છ દેશમાં ગામ માનકુવાના હતા. તે શ્રીજીમહારાજ પાસે ત્યાગી થવા ગયા હતા; તેમને મહારાજે ત્યાગી ન કર્યા ને પાછા વાળી મૂક્યા. તેમણે ભગવાં લૂગડાં પહેરીને ગામમાં ઝોળી માગવા માંડી. પછી તેમના સંબંધીએ રજા આપી એટલે ગઢડે આવ્યા. તેમને શ્રીજીમહારાજે વિમુખ કરીને કાઢી મૂક્યા તોપણ વિમુખપણાની માનીનતા રાખી નહિ અને ઘેલા નદીને કાંઠે દેરીમાં જઈને કીર્તન બોલવા માંડ્યા. પછી શ્રીજીમહારાજે તેડાવીને ભેળા રાખ્યા.''

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, ''એ બેમાંથી કોણે ભસ્મ કર્યું હતું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''કૃષ્ણજીએ કર્યું હતું. મૂળજીનું નામ સર્વજ્ઞાનંદ સ્વામી હતું. અને તે અમદાવાદમાં મહંત હતા અને કૃષ્ણજીનું નામ ઘનશ્યામાનંદ સ્વામી હતું.''

''અને ગુંદાળી ગામના બે કાઠી હરિભક્તને ઘેર સાધુ આવ્યા તેમને એ કાઠીની માએ ખીચડી આપી. પછી સાધુએ ખીચડી રાંધવા મૂકી, તેની ગામના ઘરડેરા કાઠીને ખબર પડી. તેણે સાધુને રસોઈ કરવા દીધી નહિ ને કાઢી મૂક્યા. તે ઘરડેરા કાઠીને તે બે ભાઈએ મારી નાખ્યો અને પોતે પણ મરાણા એવો પક્ષ રાખ્યો હતો.''

પછી વળી સ્વામીએ કહ્યું જે, ''સુંદરજીભાઈ તથા ડોસા વાણિયા આદિકની વાત કરો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "સુંદરજી સુતાર કચ્છ ભુજના હતા. તે રાજાની જાને જતા હતા, તેમને શ્રીજીમહારાજે વસ્ત્ર, ઘરેણાં, થોભા ઉતરાવીને કોપીન વળાવીને તુંબડી આપીને કાશીએ મોકલ્યા; તોપણ એમ ન કહ્યું જે, 'હું જાન વળાવીને પછી જાઉં.' તેમ જ મનમાં સંકલ્પ પણ થયો નહિ. એ મહિમા વિના થાય નહિ."

"અને ગામ બંધિયાના ડોસા વાણિયાને કહ્યું જે, 'તારું ધન હોય તે કૂવામાં નાખી દે ને દાણા-લૂગડાં જે હોય તે બાળી દે ને કોપીન પહેરીને તુંબડી લઈને કાશીએ જા.' પછી તે એમ કરીને ચાલ્યા તે વડોદરે પહોંચ્યા. ત્યાં અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી મળ્યા તેમણે પાછા વાળ્યા; ને શ્રીજીમહારાજ પાસે મોકલ્યા. તે શ્રીજીમહારાજ પાસે આવ્યા ત્યારે મહારાજે કહ્યું જે, 'ઘેર જાઓ ને ઘરનું માણસ ઘરમાં હોય ત્યારે તમારે બહાર રહેવું અને એ બહાર નીકળે ત્યારે તમારે ઘરમાં જાવું. જો બેય સાથે ઘરમાં જાઓ તો ઉપવાસ કરવો.' એમ આજ્ઞા કરી તે આજ્ઞા દેહપર્યંત પાળી."

"અને રાણો, ભીમ, વશરામ ને રાઘવ એ ચાર ભાઈ ગોળીડા ગામના રાજગર બ્રાહ્મણ હતા. તેના ગામમાં યમ પેઠા. તેમને પેસતાં દેખીને તેમણે કાઢી મૂક્યા. તેમાંનો ભીમ દેહ મૂકી ગયો ને વશરામ ને રાઘવ એ બે સાધુ થયા. રાણો દેહ મૂકતી વખતે પોતાની માતુશ્રીને કહ્યું જે, 'મારા બારમાને બીજે દિવસે તને તેડી જઈશ.' તે પ્રમાણે તેડી ગયો હતો."

"અને કઠલાલની ડોશી હતાં તેમણે શ્રીજીમહારાજનો અંગૂઠો પાણીના ઘડામાં બોળાવીને તે પાણી ગામના કૂવામાં નાખ્યું, તે એમ ધારીને કે ગામના લોકો પાણી પીશે તે બધાનું કલ્યાણ થાશે. એવો શ્રીજીમહારાજનો એને મહિમા હતો."

"અને પ્રહ્‌લાદજીની વાત તો વચનામૃતમાં લખેલી છે."

આટલી વાર્તા કરીને કથાની સમાપ્તિ કરીને "શ્રી સહજાનંદ

સ્વામી મહારાજની જય અને આ સભાની માયાનો ક્ષય'' એમ વર દીધો. ॥૬૨॥

## વાર્તા ૬૩

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૧૪ને રોજ સવારે સભામાં છેલ્લા પ્રકરણનું ૩૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં ધામને વિષે મૂર્તિ ને મનુષ્યરૂપ મૂર્તિની એકતા આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ધામમાં રહી જે મૂર્તિ ને મનુષ્યરૂપ મૂર્તિ તે એક જ છે; તેમ જ પ્રતિમા છે તે પણ એ જ મૂર્તિ છે. માટે જેવી મૂર્તિ અક્ષરધામમાં છે તેવી જ પ્રતિમાઓ દિવ્ય જણાય; અને જેવો શ્રી ગોપાળાનંદ સ્વામી આદિક પરોક્ષ થયેલા એટલે અદૃશ્ય થયેલા મુક્તનો મહિમા છે, તેવો જ આ સંત-હરિજનોનો મહિમા જણાય તો આજ શરદઋતુ છે, તે મૂર્તિરૂપી ફળની પ્રાપ્તિ થાય છે.''

''જો શ્રોતા-વક્તા બેયની આતુરતા હોય તો મૂર્તિરૂપી ફળ પ્રાપ્ત થાય, પણ નપુંસકથી ન થાય; તે કરોડ જન્મે પણ ન થાય. તે શ્રોતા-વક્તાની વિક્તિ જે જેને વાતમાં વિશ્વાસ ને શ્રદ્ધા (આસ્તિકપણું) ન હોય ને સંશય થાય તે નપુંસક શ્રોતા જાણવો; તેને સમાગમનું સુખ ન આવે. અને જેને વિશ્વાસ હોય, શ્રદ્ધા હોય ને સંશય ન થાય તે શ્રોતા ઉત્તમ જાણવો; તેને સમાગમનું સુખ આવે. જે વક્તાને મહાપ્રભુજીની મૂર્તિનો સંબંધ ન હોય તે વક્તા નપુંસક જાણવો અને જે વક્તાને મૂર્તિનો સાક્ષાત્ સંબંધ હોય તે વક્તા ઉત્તમ જાણવો.''

''મહારાજના સંબંધ વિનાની જે જે વિદ્યા ભણવી, કથા કરવી, વાર્તા કરવી, સેવા-ભક્તિ કરવી તે સર્વે નપુંસક છે ને નિર્બીજ છે. જે સત્સંગ કરે છે ને મહારાજને કર્તા ને અંતર્યામી જાણે છે તોપણ મનમાં ખોટા ઘાટ થાય છે તેને ઊપજવા દે છે તેણે મહારાજની અને મુક્તની મર્યાદા ન રાખી; માટે તે પણ નપુંસક ને નિર્બીજ છે. જે મહારાજને અને મોટાને સદાય અંતર્યામી જાણે ને ભેળા જાણે ને ખોટા ઘાટ ન થવા

દે ને મર્યાદા રાખે તે સબીજ ને આસ્તિક છે. માટે અદૃશ્ય થયેલી મહારાજની મૂર્તિ અને અદૃશ્ય થયેલા સંતને જેવા જાણે છે તેવા આજના સંતને તથા પ્રતિમાને જાણે તો પોતે દિવ્ય થઈ જાય.'' ॥૬૩॥

## વાર્તા ૬૪

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૧૪ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો શ્રી કાકરવાડીએ નાહવા ગયા હતા. ત્યાં નાહીને માનસી પૂજા કરી બાવળ નીચે સભા કરી.

પછી સાધુ દેવજીવનદાસજીએ પૂછ્યું જે, ''સમાગમ કરીએ ને વાત તો સમજાય નહિ ને યાદ પણ રહે નહિ તેને સમાસ થાય કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ખેતરમાં ખૂબ વરસાદ વરસે ને તેને ખૂબ ખેડીને પછી તેમાં માળવણ જાર વાવે ને પછી વરસાદ ન થાય તોપણ મોટાં મોટાં કણસલાં કાઢે ને જાર પાકે; તેમ વાતો ન સમજાય તોપણ જીવમાં રહે છે ને અંત વખતે જણાઈ આવે છે. વળી, બીજું દૃષ્ટાંત જે, જેમ ભાલ દેશમાં ઘઉં પીલતી વખતે બળદ આખા ઘઉં ખાઈ જાય છે તે છાણ ભેળા નીકળી જાય છે, પણ તેનો કસ રહે છે; તેમ આ વાતો સમજાય નહિ તોપણ બહુ સમાસ કરે ને સાંભળનારને દેશકાળ લાગવા દે નહિ.''

''આ પ્રશ્ન મુળીમાં સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીને આ ગામના કુંવરજી પટેલે પૂછ્યો હતો તે સ્વામીશ્રીએ એવો ઉત્તર આપ્યો હતો. અને તે કુંવરજીભાઈ કહેતા જે, 'જ્યારે સ્વામીશ્રીની પાસે વાતો સાંભળતો તે દિવસે કાંઈ સમજાતું નહોતું, પણ આજ તે બધી વાતો સાંભરી આવે છે.' આ વાતો અંત વખતે કામમાં આવે છે. માટે સમજાય અથવા ન સમજાય તોપણ જ્યાં સુધી પ્રત્યક્ષ બેઠા છીએ ત્યાં સુધી જોગ કરી લેવો.'' ॥૬૪॥

## વાર્તા ૬૫

સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ-૧૫ને રોજ સવારમાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "જેમ શરદઋતુમાં શ્વાંત નક્ષત્ર આવે છે તેમાં વરસાદ થાય છે તેને છીપ સમુદ્રમાં અધરથી ઝીલે છે તેનાં મોતી લાખ લાખ રૂપિયાનાં થાય છે, ને પડી પડી ઝીલે તો એક પૈસાનાં મુઠ્ઠી ભરાય એવાં ફટકિયા મોતી થાય છે; તેમ આજ અમે તમને મળ્યા છીએ તે શરદઋતુ બેઠી છે. માટે આ અમારાં વચન અધરથી ઝીલવાં અને અમારો સમાગમ બાર મહિનામાં એકવાર ન થાય તો કાળ પડ્યા જેવું જાણવું. જેમ ચોમાસામાં વરસાદ ન થાય તો અન્ન પાકે નહિ ને દુઃખી થવાય, તેમ સમાગમ વિના જ્ઞાન મળે નહિ ને મૂર્તિથી ઓરું રહેવાય; માટે સમાગમ કરી લેવો."

"તે સમાગમનું સુખ જેવું થોડા મનુષ્યોમાં આવે એવું ઝાઝા મનુષ્યોમાં ન આવે. જે એક રુચિના હોય તે થોડા જાણવા અને રુચિ ન મળે તે ઝાઝા જાણવા."

"આપણે સંવત ૧૮૩૭ થી (મહારાજ ને મુક્ત પ્રગટ થયા છે ત્યારથી) શરદઋતુ બેઠી છે. જેમ બાળકને માતા જેવું કોઈ સુખદાયી નથી; તેમ જે આત્યંતિક કલ્યાણ ઇચ્છે તેને મુક્ત જેવું કોઈ સુખદાયી નથી. આ વાત ચૂકે તેને ઘણો વાંધો રહે છે. જેમ શ્રીજીમહારાજે દેહોત્સવ કર્યો ત્યારે ઘણાક ભક્તોને પસ્તાવો થયો જે, 'મહારાજ જતા રહ્યા અને કાંઈ સેવા પણ થઈ નહિ અને જેવા હતા તેવા જાણ્યા નહિ'; તેમ આજ પણ અમે પ્રગટ થયા છીએ તે જો મહિમા જાણીને સમાગમ નહિ કરે તેને આ સમય ગયા કેડે પસ્તાવો ઘણો જ થશે ને રોવું પડશે. અને જે મહિમા જાણીને સમાગમ કરશે તેને પાછળથી સુખ અને આનંદ ઘણો રહેશે; માટે નવરાશ લાવીને સમાગમ કરી લેવો. આ સમાગમ અનંત જન્મના ફેરા મટાડે એવો બળવાન છે, ને તે ફેર મળવો પણ ઘણો દુલર્ભ છે; માટે કોઈ અંતરાયના રોક્યા રોકાવું નહિ."

"તે અંતરાય આસુરી જીવ કરે અને દૈવી જીવ પણ કરે. તેમાં આસુરી જીવ તો મોટા પરમ એકાંતિકને તથા અનાદિમુક્તને ઓળખે નહિ. જેમ શ્રી ગોપાળાનંદ સ્વામીને તથા શ્રી ગુણાતીતાનંદ સ્વામીને ખૂણિયા જ્ઞાનવાળા કહેતા; તેમ મોટાની નિંદા કરે ને બીજાને પાછા પાડે ને સમાગમ કરવા દે નહિ. એ સત્સંગમાં કુસંગ કહેવાય. તેને તો મોટાના સમાગમવાળા જાણે જે, 'આ બિચારા પામર છે ને એમને ગોળખોળની ખબર નથી.' એમ જાણીને ગણે નહિ ને મોટાનો સમાગામ કરી લે."

"અને દૈવી જીવ એમ અંતરાય કરે જે, 'આપણે મોટાનો સમાગમ કરવો તો ખરો, પણ વ્યવહાર રાખીને કરવો; કેમ જે આપણે ત્યાગી થઈને ગૃહસ્થનો સમાગમ કરવો એ લોકવ્યવહારમાં ખોટું કહેવાય. માટે વારંવાર જવું નહિ. કોઈક કોઈક વખતે જવું ને સમાગમ કરવામાં વિવેક રાખવો,' એમ બોલીને પાછા પાડે."

"વળી કેટલાક દૈવી જીવ હોય, પણ પોતે વ્યવહારમાં બંધાણા હોય તે મુમુક્ષુને પણ વ્યવહારનું કામ બતાવે જે, 'આ કામ બગડે છે; માટે કર્યા વિના છૂટકો નથી ને તમારા વિના થાય તેમ નથી. માટે એ કામ કરો ને નવરા થાઓ ત્યારે વળી સમાગમ કરજો.' એમ સમાગમ કરતાં રોકે."

"કેટલાક દૈવી જીવ હોય, પણ તેને વર્ણાશ્રમનું માન પેસી ગયું હોય તે એમ કહે જે, 'અમને ત્યાગીને મૂકીને ગૃહસ્થના સમાગમમાંથી શું વધારે લાવતા હશો? માટે અમારો સમાગમ કરો.' એમ જીવને અંતરાય કરે. માટે કોઈના રોક્યા ન રોકાતાં મોટાનો જોગ કરી લેવો."

પછી વાર્તાની સમાપ્તિ કરી. તે વખતે એક સંતે આવીને બાપાશ્રીને બે હાથ જોડી આગ્રહ કરીને કહ્યું જે, "મને વર્તમાન ધરાવો ને હવે કસરમાત્ર ન રહે એવી દયા કરો."

પછી બાપાશ્રીએ તેમને વર્તમાન ધરાવ્યાં. પછી તેમણે અંતર્વૃત્તિ

કરી ત્યાં તો પોતાના આત્માને પ્રકાશમાન દીઠો ને તેમાં મહારાજની મૂર્તિ તેજોમય દેખી અને પોતાના પૂર્વ જન્મની સ્મૃતિ થઈ આવી તેથી બહુ આનંદ પામ્યા.

ત્યારે સર્વે સંતે પૂછ્યું જે, "સ્વામી! તમે કેમ હર્ષાયમાન જણાઓ છો?"

ત્યારે તેમણે ઉપરની વાત કરી.

તે પછી સ્વામી વૃંદાવનદાસજીએ બાપાશ્રીને પૂછ્યું જે, "આ તો બહુ મોટા છે ને એમને શી કસર રહી ગઈ હશે જે આપને વિનંતી કરી?"

પછી બાપાશ્રી બોલ્યા જે, "પૂર્વે એમણે શ્રીજીમહારાજના પાળાને હથિયાર ઉગામ્યાં હતાં, એ અપરાધ હતો તે અપરાધથી મુક્ત કર્યા એટલે મહારાજનાં દર્શન થયાં. આ સંત સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીનો સમાગમ બહુ કરતા અને તેમણે અમારી ઓળખાણ પડાવી હતી."

પછી સાંજના સૌ સંત-હરિજનો નારાયણપુર ગયા અને ત્યાંથી દહીંસરા, રામપુર આદિક ગામોમાં થઈને ભુજ ગયા. અને અષાઢ સુદ એકાદશીને રોજ બાપાશ્રી ઘોડે બેસીને ભુજ પધાર્યા અને ત્યાં સાત દિવસ રહીને કથા-વાર્તાનું બહુ સુખ આપ્યું. પછી બાપાશ્રી વૃષપુર પધાર્યા અને સંત-હરિજનો સર્વે ગુજરાત આવ્યા. ॥૬૫॥

## વાર્તા ૬૬

સંવત ૧૯૬૫ની સાલમાં મુળીએ વસંત કરીને અમદાવાદ, મુળીના સંતો તથા હરિજનો કચ્છમાં ગયા હતા. ત્યાં સ્વામી શ્રી અક્ષરજીવનદાસજી માંદા હતા, તેમણે મહા વદ એકાદશીને રોજ જેઠી ઘેલાભાઈને કહ્યું જે, "ફાગણ સુદ બીજને રોજ છત્રીએ ચરણારવિંદ પધરાવો; મુહૂર્ત છે." પછી તે દિવસે ચરણારવિંદ પધરાવ્યાં અને

મંદિરમાં આવ્યા કે તરત જ સ્વામીએ દેહોત્સવ કર્યો. તેમને ઉત્સવ કરતાં કરતાં દેન દેવા લઈ ગયા.

તેના આગલે દિવસે રામપરામાં મુક્તરાજ ધનબાએ સંતને બોલાવીને પારાયણ કરાવવા ગોમટી તૈયાર કરાવી ને બીજે દિવસે જે વખતે સ્વામીએ દેહોત્સવ કર્યો તે જ વખતે પારાયણ ચાલુ કરી ફાગણ સુદ પૂનમ સુધી તેર દિવસની પારાયણ કરાવી. ત્યાં શ્રી વૃષપુરથી બાપાશ્રી પધાર્યા હતા અને સંતો પણ સર્વે ત્યાં ગયા. ત્યાં પારાયણ સાંભળીને બાપાશ્રીની સાથે વૃષપુર ગયા. ત્યાં બાપાશ્રીએ જે વાર્તાઓ કરી તેમાંથી કિંચિત્ લખીએ છીએ.

ફાગણ વદ-૫ને રોજ સવારે સભામાં લોયાનું છઠ્ઠું વચનામૃત વંચાતું હતું. તેમાં ૧૫મા પ્રશ્નમાં બરોબર વર્તવારૂપી દોષનું ગ્રહણ કરવું એમ આવ્યું.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, “આ પ્રશ્નમાં બરોબર વર્તવાનું કહ્યું તે બરોબર કેવી રીતે વર્તવું?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “વૈરાગ્ય, આત્મનિષ્ઠા તથા ત્યાગ એ સાધન બધાયથી સરખાં થઈ શકે નહિ; તેથી ભેળા નભી શકે નહિ. માટે શ્રીજીમહારાજે જે પ્રમાણે નિયમની બાંધણી બાંધી છે તે પ્રમાણે તો વર્તવું જ; પણ નિયમથી અધિક વર્તવું નહિ એમ કહ્યું છે. અને ધ્યાન-ભજન તો સૌથી વધારે કરવું; પણ તેમાં બરોબર ન વર્તવું.”

“શ્રીજીમહારાજે બાંધણી બાંધી છે તે કોઈને કઠણ પડે એવી નથી. તે પ્રમાણે વર્તે તો અક્ષરધામમાં ચાલ્યો જાય. શ્રીજીમહારાજે વાત મોળીયે બહુ કરી છે ને આકરી પણ બહુ કરી છે; તેમાં પણ નકરી મોળી વાત નહિ. કોઈક વર્તમાન ચૂકે તો તેને પ્રાયશ્ચિત્ત કરાવીને સત્સંગમાં રાખવો, એવું તો મહાપ્રભુજીને આવડે; બીજા કોઈને આવડે નહિ. આ વચન મહાપ્રભુજીના પોતાના મુખનાં નીકળે છે. તે નિર્બીજ હોય તેને સબીજ કરી દે એવાં છે.”

"જીવને પરચા-ચમત્કારની વાતો સારી લાગે અને મૂર્તિની વાતો ભારે પડે છે, પણ કરવાનું તો એ જ છે. જેમ ઘણાક પ્રકારના ઉદ્યમ કરીને રૂપિયા પામવા છે તે જો રૂપિયા મળે તો બીજા ઉદ્યમનું કામ નથી; તેમ અનંત સાધન કરીને અંતે મૂર્તિ પામવી છે તે જો મૂર્તિ મળે તો સાધન શું કરવાં હતાં?"

"મહારાજનો અને મોટાનો જોગ પૂર્વે થયો હશે તો જ આજ મોટા ઓળખાણા છે. જેને મોટાનો જોગ છે તેને કદાપિ મૂર્તિ ન દેખાય તોપણ મોટાએ જીવમાં મૂર્તિ પધરાવી મૂકી છે, પણ અંદરપડદે રાખી છે. માટે જીવમાં સાક્ષાત્કાર થઈ ગયો છે એમ જાણવું."

"જેમ રાજાનો હજૂરી રાજા પાસે લઈ જાય તેમ મહારાજના હજૂરી મુક્ત છે તે મહારાજ પાસે લઈ જાય. અને જેમ હજૂરી રાજા પાસે બેઠો હોય ત્યારે એનો મહિમા જણાય છે, તે રાજા વિના એકલો મળે તો ન જણાય; તેમ મુક્ત જ્યારે મહારાજ પાસે લઈ જઈને મહારાજનું સુખ અપાવે ત્યારે જેવો મહિમા જણાય, તેવો મનુષ્યરૂપે હોય ત્યારે ન જણાય. નગરશેઠથી રાજાનો મેળાપ ન થઈ શકે ને થાણદારથી પણ ન થઈ શકે અને હજૂરીથી રાજાનો મેળાપ થાય. તે નગરશેઠને ઠેકાણે દૃઢ ઉપાસનાવાળા વીજળી જેવા સાધનદશાવાળા એકાંતિક છે; તેથી પણ મહારાજનો મેળાપ ન થઈ શકે. જેને ઉપાસના દૃઢ ન થઈ હોય અને આજ્ઞામાં યથાર્થ વર્તતા હોય એવા સાધનવાળા તે થાણદારને ઠેકાણે છે ને તે બદરિકાશ્રમ આદિ બીજાં ધામોમાં લઈ જાય. તે બીજાં સર્વે ધામ છે તે અક્ષરધામ આગળ કેદખાના જેવાં છે ત્યાં લઈ જાય. અને હજૂરીને ઠેકાણે શ્રીજીમહારાજના અનાદિમુક્ત છે, તે મહારાજનો મેળાપ કરાવે."

"અને દેહે મોટા હોય અને પંડિત હોય અને સત્સંગનું કામ કરતા હોય, પણ મહારાજની પ્રાપ્તિ ન કરાવી શકે; અને મુક્ત ગરીબ રહ્યા હોય, પણ વ્યતિરેક મૂર્તિ પમાડે છે. આજ હજૂરી પધાર્યા છે તે

ઠેઠ મહારાજની મૂર્તિના સુખમાં લઈ જશે. માટે ધ્યાન કરવા તથા રાગ-માનાદિક શત્રુઓ ટાળવા મંડી પડવું.''

વાર્તાની સમાપ્તિ કરીને 'શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય અને આ સભાની માયાનો ક્ષય' એમ વર દીધો. ॥૬૬॥

## વાર્તા ૬૭

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-૬ને રોજ સવારે સભામાં કારિયાણીનું ૧૨મું વચનામૃત વંચાતું હતું. તેમાં કારણ દેહ છે તે જીવની માયા છે અને વજ્રસાર જેવી છે એમ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજનું ધ્યાન કરવાથી કારણ દેહ શેકાય છે, પણ તપ આદિક સાધને કરીને કારણ દેહ શેકાય નહિ. જેમ આંબલીનો કાતરો આખો પૃથ્વીમાં ઘાલીએ તોય ઊગે અને ફોતરું કાઢી નાખીને ગર્ભ સોતો નાખીએ તોય ઊગે અને ગર્ભ કાઢીને કાળી છાલે સહિત નાખીએ તોય ઊગે; પણ ધોળા બીજને નોખું પાડીને પૃથ્વીમાં નાખીએ ને પાણી રેડીએ તોપણ ઊગે નહિ. તેમ તપ, આત્મનિષ્ઠા આદિક સાધને કરીને કારણ દેહ શેકાય નહિ. એ તો જ્યારે શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાય ત્યારે કારણ દેહ બળી જાય; અને ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયમાં ક્યાંએ લેવાય નહિ ને તેમાં જોડાય નહિ. અને બ્રહ્મકોટિના તથા મૂળઅક્ષરકોટિના ઐશ્વર્યમાં પણ જોડાય નહિ. માટે જ્ઞાનપ્રલય કરીને શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાવું.''

''અને ચેલો, ગુરુ, દીકરો નાશ પામે તે ઉત્પત્તિ-પ્રલયાદિક શ્રીજીમહારાજની લીલા જાણવી; પણ લૌકિક સ્વાર્થે કરીને શોક કરવો નહિ. જો શ્રીજીમહારાજની મૂર્તિરૂપી મોટી વસ્તુ હાથ આવે તો બીજું બધું ખોટું થઈ જાય. એક સાધુનો ભણેલો શિષ્ય મરી ગયો તેથી તેના ગુરુ નિરાશ થઈ ગયા; એમ જ્ઞાન વિના થાય છે. માટે વસ્તુવિચાર કરીને શ્રીજીની મૂર્તિ વિના સર્વે ખોટું કરી નાખવું. એક મહારાજ ને તેમનું સુખ ને તેમના મુક્ત એ સત્ય રાખવાં. અને પોતાનું અધૂરું

માનવું; બીજા સર્વેનું પૂરું થયું છે એમ જાણવું અને નિત્ય ચઢતો રંગ રાખવો.''

''જીવને પોતાની માયિક બુદ્ધિએ કરીને ભગવાન તથા મોટા મુક્ત ઓળખાતા નથી. એ તો જ્યારે અનાદિમુક્તનો આશરો કરે ત્યારે તે મુક્ત પોતાની બુદ્ધિ જીવને આપે ત્યારે ભગવાનનું કે મોટાનું વર્ણન કરી શકે. જેમ વરસાદ ચારે ખાણના જીવને સુખિયા કરે છે તેમ અનાદિમુક્ત જીવોને શ્રીજીને સુખે સુખિયા કરે છે. મોટા અનાદિ છે તે તો મૂર્તિમાં જ રહ્યા છે. આપણે તેવા થાવું; પણ 'અઠે દ્વારકા' કરી બેસી રહેવું નહિ. તે ત્યાગી થયા કે સત્સંગી થયા એટલે પૂરું ન માનવું.''

''અને આ બ્રહ્મસભામાં કોઈનો અવગુણ ન લેવો. અવગુણ આવે તો પાછો ખદ્યોત જેવો થઈ જાય; માટે બીજાનું જોવું નહિ. મોટાનો અવગુણ આવે તો મરી જવાય એટલે ઊતરી જવાય.''

''શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'સભા શૂન્ય થઈ ગઈ' એટલે શ્રીજીમહારાજની ઉપાસના ન સમજાઈ. કથા-વાર્તા-ભક્તિમાં વલખાં કરે, પણ મૂર્તિમાં જોડાય નહિ એમ સભા શૂન્ય કહી છે. માટે જીવને ચકડોળે ચઢાવવો નહિ. અને શ્રીજીના સન્મુખ વૃત્તિ રાખવી, પણ તૂટક કરવી નહિ. શ્રીજીમહારાજના સ્વરૂપમાંથી નોખા પડીને બીજે ડોળે ચઢી જવાય એ સભા શૂન્ય કહેવાય. માયામાં ઊંઘી જવાય તે શૂન્ય ન જાણવું. કેમ જે આ સભામાં માયા તો આવે જ નહિ. કદાપિ કોઈકને આવે તો બ્રહ્મઅગ્નિમાં નહાવું એટલે મહાપ્રભુજીને અને મોટા મુક્તોને સંભારવા તો પવિત્ર થવાય. જેમ જળ ને અગ્નિ દેહને ચોખ્ખો કરે છે તેમ શ્રીજીમહારાજ તથા મોટા અનાદિમુક્ત છે તે જીવને ચોખ્ખો કરે છે. માટે જેને શ્રી પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામવું હોય તેણે બ્રહ્મઅગ્નિમાં ઝીલવું.''

''એક શિષ્યને ગુરુ ઘસડીને ધામમાં લઈ ગયા અને તેને મહારાજ ને મુક્ત બતાવ્યા. એવા ગુરુ કરવા; પણ ગરબડિયા ગુરુ ન

કરવા. એટલે ધન-સ્ત્રીના પ્રસંગવાળા તથા ઉપાસના ચોખ્ખી ન હોય એવા ન કરવા. જે ગુરુ પોતાના શિષ્યને પરાણે મૂર્તિમાં ઘસડી જાય તે મોટા છે ને મહારાજને વહાલા છે. શ્રીજીમહારાજ 'જય સ્વામિનારાયણ' કહે છે તે પોતાને કહે છે અને 'જય સચ્ચિદાનંદ' કહે છે તે પોતાના અનાદિમુક્તને કહે છે. તે એમ કહે છે જે તમે કાયમ રહો.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''ભાગવતી તનુનો અર્થ શો હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ભાગવતી તનુ એટલે ભગવાનની મૂર્તિ જાણવી. તે મૂર્તિમાં રાખીને સુખ આપે છે. જ્યાં સુધી સાધનનો ભાર હોય ત્યાં સુધી ધ્યાન કરે તોપણ મૂર્તિ દેખાય નહિ અને સત્સંગ પણ દિવ્ય સમજાય નહિ. કદાપિ મૂર્તિ દેખતો હોય અને તે મુક્તને ઓળખતો ન હોય, પણ સર્વને વિષે દિવ્યભાવ હોય તો વાંધો નહિ. જે સત્સંગ દિવ્ય ન જાણે અને પોતાને સરસ માને અને બીજાને પોતાથી ન્યૂન માને અને તે કહે જે, 'હું મહારાજની મૂર્તિને દેખું છું' તો એ વાત ખોટી છે.'' ॥૬૭॥

## વાર્તા ૬૮

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-૭ને રોજ બપોરે સભામાં સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''માયા છે તે જીવને ઉપર વળગી હશે કે માંહી પ્રવેશ કરીને ભેળી ભળી ગઈ હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જેમ દર્પણ ઉપર મેશ વળગે છે ને જેમ સૂર્યને વાદળાંનો પડદો આવે છે, તેમ માયા જીવ ઉપર ફરી વળી છે; પણ જીવની માંહી માયા પેસી ગઈ નથી.''

''તે જ્યારે સ્ત્રી, પુરુષ, ગામ, દેશ, ખારું, મોળું, મીઠું, રસના એ આદિક કોઈ ભેદ રહે નહિ ત્યારે કારણ દેહથી જીવ નોખો પડે છે; અને જે જે માનીનતા છે તે ટળી જાય છે. તે પ્રકૃતિપુરુષ સુધીની સર્વે માનીનતા ટળી જાય, ત્યારે અંકુર બળી જાય અને ફેર જન્મવું પડે નહિ.

માટે સર્વે માનીનતા ટાળીને કારણ દેહને બ્રહ્મઅગ્નિ જે પોતાનો આત્મા તેને વિષે હોમવો, એટલે ઇંદ્રિયોની વૃત્તિઓ માયિક પદાર્થમાં ફેલાઈ ગઈ હોય ત્યાંથી પાછી વાળીને બ્રહ્મઅગ્નિ જે પોતાનો આત્મા તે આકારે કરવી. એટલે આત્માને તેજોમય જોયા કરવો ને તેમાં મહારાજની મૂર્તિને જોયા કરવી. એમ ને એમ ધ્યાન કરતાં કરતાં કારણ દેહ બળી જાય ને માયા નાશ થઈ જાય. અને આત્માને મહારાજની મૂર્તિના પ્રકાશને વિષે લીન કરીને તે આત્માની માંહી મહારાજની મૂર્તિ જોવી. એ અભ્યાસ હંમેશાં કરવો, પણ પ્રવૃત્તિમાં ભળી જાવું નહિ.''

''એક હરિજન મહારાજની મૂર્તિને આત્માને વિષે દેખતા તેમને ઉત્સવ-સમૈયાની પ્રવૃત્તિમાં મૂર્તિ ને આત્મા દેખાતાં બંધ થઈ ગયાં. પછી સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને તે વાત કરી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું જે, 'આપણા ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી સમર્થ છે તેમની પ્રાર્થના કરો તો તેમની કૃપાથી મૂર્તિ ને આત્મા દેખાશે.' પછી તે હરિભક્તે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની પ્રાર્થના કરી ત્યારે સ્વામીશ્રીએ વર આપ્યો જે, 'ધ્યાન કરો; દેખશો.' પછી મહારાજ ને આત્મા દેખાયા.''

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, ''ચૈતન્યમાં વિક્ષેપ પેઠો હોય તો સ્વપ્નમાં આવે છે ને ન પેઠો હોય તો નથી આવતો. તે એ વિક્ષેપનાં સ્વપ્નાં તો આવે છે ને ભગવાનનાં સ્વપ્નાં તો નથી આવતાં; ત્યારે ભગવાન ચૈતન્યમાં રહ્યા છે કે નથી રહ્યા?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જીવોને માયાનું મુખ્યપણું છે તેથી માયિક વિક્ષેપ સ્વપ્નમાં આવે છે. તે જ્યારે ભજન કરતાં કરતાં શ્રી પુરુષોત્તમરૂપ થાય ત્યારે માયા ટળી જાય ને મહારાજ મુખ્ય થાય. તેનું સાધન એ છે જે શ્રીજીમહારાજની આજ્ઞા યથાર્થ પાળવી અને સર્વોપરી ઉપાસના દૃઢ કરવી. તે બે વડે શ્રી પુરુષોત્તમરૂપ થવાય છે. અનાદિમુક્તના જોગે કરીને આવું દૃઢ જ્ઞાન થાય ત્યારે સુખભોક્તાપણું વિશેષ થાય છે.'' ॥૬૮॥

## વાર્તા ૬૯

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-૭ને રોજ સાંજના સભામાં સ્વામી ઈશ્વરચરણ-દાસજીએ પૂછ્યું જે, "લોયાના ૭મા વચનામૃતમાં અનુભવજ્ઞાન કહ્યું છે તે કેવી રીતે સમજવું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લેવું તેને અનુભવજ્ઞાન કહીએ. અને સુખનો અને મૂર્તિનો પાર ન આવે ને નવાં નવાં સુખ લીધા કરે તે અનુભવજ્ઞાન છે. માટે અનુભવજ્ઞાન સિદ્ધ કરે એ જ મુક્ત કહેવાય."

"જે ખોટું છે તેને ખોટું કરવું તેમાં તે શું? પણ સાચાને ખોટું કરવું તે ખોટું કર્યું કહેવાય. તે ખોટું કિયું ને સાચું કિયું? તો મૂળપ્રકૃતિ પર્યંત બધું ખોટું છે. અને બ્રહ્મકોટિ, અક્ષરકોટિ, શ્રીજીમહારાજનું તેજ અને અનંત ઐશ્વર્ય તે સાચાં છે. તેને પણ મૂકીને એક શ્રીજીમહારાજની મૂર્તિમાં જ નિમગ્ન રહે ત્યારે છેલ્લી અવધિ આવી જાણવી. આ જ્ઞાન જે કહીએ છીએ તે મૂર્તિના સુખનું છે; માટે જ્ઞાન બધું સરખું નથી. એક તો ખોટાને ખોટું કરે તે પણ જ્ઞાન કહેવાય, અને બીજું સાચાને પણ ખોટું કરીને મૂર્તિમાં પહોંચી ગયા કેડે પણ સુખમાં જવું ને સુખ લેવું અને દાતા-ભોક્તાપણું અને સ્વામી-સેવકપણું દૃઢ કરવું ને સુખનું અપારપણું જાણવું તે અનુભવજ્ઞાન કહેવાય. અને એ વચનામૃતમાં કહ્યું છે જે, 'બ્રહ્મકોદાળ રામ-કૃષ્ણાદિક અવતારોને પોતાની લહેરી કહે છે, તે બ્રહ્મકોદાળ તો આંકેલા આખલા જેવા છે. તે વિધિ-નિષેધને ખોટા કરે છે. તે માર્ગ કલ્પિત છે અને તે નર્કે જાય છે.'"

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, "લોયાના ૭મા વચનામૃતમાં ઇંદ્રિયો, અંતઃકરણ અને અનુભવ એ ત્રણ પ્રકારે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે આત્યંતિક મોક્ષ થાય એમ કહ્યું છે. તે જેને ભગવાન મનુષ્યરૂપે પ્રત્યક્ષ મળ્યા હોય તેને જીવાત્મામાં સાક્ષાત્કાર ન થયો હોય તેનું આત્યંતિક કલ્યાણ થાય કે નહિ?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જેને પ્રત્યક્ષ ભગવાન મનુષ્યરૂપે મળ્યા હોય ને તેમને યથાર્થ મહિમાએ સહિત જાણ્યા હોય, તો તેનું કલ્યાણ આત્માને વિષે સાક્ષાત્કાર થયો હોય તેના જેવું જ થાય; એટલો પ્રત્યક્ષ મળ્યાનો વિશેષ છે." ॥૬૯॥

## વાર્તા ૭૦

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-૮ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "ભગવાનના ભક્તે જાણે-અજાણે કાંઈક પાપ થઈ જાય તો તેનું પ્રાયશ્ચિત્ત કરવું. તે કીડી-મંકોડી મરે તો સ્વામિનારાયણ નામનો મહામંત્ર જપવો. એ પ્રમાણે જેવું પાપ તેવું પ્રાયશ્ચિત્ત કરવું. તે પ્રાયશ્ચિત્ત કરવાથી દેહની શુદ્ધિ થાય છે અને ધ્યાને કરીને જીવની શુદ્ધિ થાય છે. ઘણું તપ કરવાથી તમોગુણ વધે છે; માટે જેણે કરીને શ્રીજીમહારાજને ભૂલી જવાય ને નિયમ થઈ શકે નહિ એવું અતિ તપ કે વ્રત કરવું નહિ. જે પ્રાયશ્ચિત્તના ઉપવાસ કે વ્રત છે તે તો લેણું કહેવાય; તે લેણું તો આપવું જ, તેમાં તો છૂટકો જ નહિ. કોઈનો દ્રોહ થવા દેવો નહિ અને જાણે-અજાણે થઈ જાય તો તેની પ્રાર્થના કરીને માફ કરાવવો. માળા ફેરવવી, પાંચ વખત માનસી પૂજા કરવી, ધ્યાન, ભજન, કથા, વાર્તા, નિયમ, ધર્મ, જે જે કરવું તે સર્વે બ્રહ્મયજ્ઞ થાય છે ને ખજીને પડે છે અને અંતે તેનું ફળ જે મૂર્તિનું સુખ તે મોટા આપે છે એટલે એ સુખમાં લઈ જાય છે."

પછી સાધુ પુરુષોત્તમચરણદાસજીએ પૂછ્યું જે, "ગોત્ર કોને જાણવું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જેટલા પંચ વર્તમાને યુક્ત શ્રી સ્વામિનારાયણના ભક્ત હોય તે ગોત્ર જાણવું." ॥૭૦॥

## વાર્તા ૭૧

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-૮ને રોજ બાપાશ્રીએ પોતાને ઘેર સંતોને લઈ જઈને રસોઈ કરાવીને જમાડ્યા અને પછી મંદિરમાં આવ્યા.

અને બપોરે મધ્ય પ્રકરણનું ૪૩મું વચનામૃત વંચાતું હતું. તેમાં વાત આવી જે ભગવાનને વિષે આત્માને સજાતિ પ્રીતિ કરનારો ભક્ત બ્રહ્મરૂપ છે.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''બ્રહ્મનો અર્થ શો હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''બ્રહ્મ એટલે ભગવાન જાણવા. તે ભગવાનરૂપ થયો એટલે મુક્તની પંક્તિમાં ભળ્યો. પણ જ્યાં સુધી જે દેહે સાધન કરીને મુક્તની સજાતિ થયો છે તે દેહનો યોગ છે, ત્યાં સુધી મુક્તના જેવું સ્વતંત્રપણું જે બીજા જીવોને મહારાજના સુખમાં લઈ જવા એ સામર્થી એને મળતી નથી. જેમ બાળક જન્મે તે છોકરો હોય તે પુરુષની સજાતિ કહેવાય, પણ જુવાન પુરુષની પેઠે કામ કરી શકે નહિ, અને આહાર તથા અવસ્થા તે પણ સરખાં ન હોય; તેમ સિદ્ધ મુક્તમાં અને દેહના યોગવાળા મુક્તમાં ફેર છે, ને તે સાધનદશાવાળો કહેવાય. જે અનાદિમુક્ત છે તે તો જેટલું શ્રીજીમહારાજ કરે તેટલું કરી શકે; ને જે સાધનદશાવાળા છે તે તો પોતે નિર્લેપ રહે, પણ બીજાને મુક્ત કરી શકે નહિ. તે તો જ્યારે દેહનો વિયોગ થાય ને ધામમાં જઈને ફેર સ્વતંત્રપણે આવે ત્યારે અનંત જીવોનો ઉદ્ધાર કરે. તેમાં પણ જેને અહીં અનાદિમુક્તનો જોગ થયો હોય અને તે અનાદિ થકી શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું હોય અને તે અનાદિના જોગે અનાદિના જેવી સ્થિતિ થઈ હોય તે તો આ દેહે પણ અનંત જીવોને અનાદિ કરી શકે.'' ॥૭૧॥

## વાર્તા ૭૨

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-૮ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો શ્રી કાકરવાડીએ નાહવા ગયા. ત્યાં નાહીને પરસ્પર મળ્યા ને માનસી પૂજા કરીને બાવળ નીચે સભા કરીને બેઠા.

પછી બાપાશ્રીએ કૃપા વાત કરી જે, ''સુષુપ્તિમાં જીવ જાય છે

ત્યારે ઘણાં પ્રકારનાં દુઃખ હોય તે સર્વે નિવૃત્તિ પામી જાય છે ને સુખિયો થઈ જાય છે. એવું સુખ તો સુષુપ્તિમાં રહ્યું છે તો મહારાજના સુખનો તો પાર જ ક્યાંથી પમાય? એ સુખ મોટા મોટા મુક્તો મૂર્તિમાં ભેળા રહીને લીધા જ કરે છે. અને જેને મોટાનો તથા સર્વ સત્સંગનો જ્યારે મહિમા જણાય ત્યારે મોટા તેને એ સુખ આપે છે.''

''એક દિવસ ગઢડામાં શ્રીજીમહારાજ સભા કરીને વિરાજમાન હતા. તે વખતે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'આજ તો અક્ષરધામની સભા કરવી છે. એટલામાં તો સાધુની સભામાં પાછળ બેઠેલા નાના સાધુના દેહમાંથી અને હરિજનોની સભામાં પાછળ બેઠેલા હરિજનોના દેહમાંથી તેજ છૂટવા લાગ્યું, તે સર્વત્ર તેજ તેજ થઈ રહ્યું. તે જોઈને આગળ ગાદી-તકિયે બેઠેલા મોટા મોટા સંતો તથા આગળ બેઠેલા મોટા મોટા હરિજનો સંકોચાવા લાગ્યા જે, 'આ તો આપણાથી બહુ મોટા છે, એમની આગળ કેમ બેસાય?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'આગળ બેસવું એ તો આ લોકની રીતિ છે તે બેસવું તો ખરું, પણ દેહે કરીને નાના હોય તેમની મર્યાદા રાખવી. ને એમ જાણવું જે એ સર્વે મોટા છે, પણ આપણને લોક-વ્યવહારે આગળ બેસાર્યા છે.'''

''આમાં સમજવાનું એ છે જે આ લોકને વિષે મોટા કહેવાતા હોય ને ગાદી-તકિયે બેસતા હોય એથી કામ ન સરે. અને મુક્ત ગરીબ રહ્યા હોય પણ એક મિનિટમાં આત્યંતિક કલ્યાણ કરે.''

એમ વાત કરીને સર્વેને આશીર્વાદ આપ્યા જે, ''તમારો આજથી નવો જન્મ ને તમો ધ્યાન કરજો. તમારી સહાયમાં અમે છીએ, તે ધ્યાનમાં સહાય કરીશું. ને જેવાં અમારે છે તેવાં જ સુખ તમને શ્રીજીમહારાજ પાસે અપાવીશું ને આપણે ભેળા સુખ ભોગવીશું.''

પછી પરસ્પર દંડવત કરીને સર્વેને મળ્યા ને માથે હાથ મૂક્યા ને બહુ જ રાજી થયા. પછી કાકરવાડીથી મંદિરમાં આવતાં માર્ગમાં વાત કરી જે, ''આ બાવળ નીચે આપણે બ્રહ્મયજ્ઞ કરીએ છીએ માટે એનું પણ કામ થઈ ગયું.'' ॥૭૨॥

## વાર્તા ૭૩

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-૯ને રોજ સવારે સભામાં પ્રથમ પ્રકરણનું ૪૦મું વચનામૃત વંચાતું હતું. તેમાં બીજા પ્રશ્નમાં ભક્તિનું રૂપ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘નવધા ભક્તિમાં શ્રવણ ભક્તિ શ્રેષ્ઠ છે; કેમ જે શ્રવણ ભક્તિથી જે કરવાનું છે તે સમજાય છે. તેથી પ્રેમલક્ષણા ભક્તિ શ્રેષ્ઠ છે; કેમ જે તેથી મૂર્તિની અખંડ સ્મૃતિ રહે છે. અને તે કરતાં અનુભવજ્ઞાન શ્રેષ્ઠ છે કેમ જે તેથી આત્યંતિક મોક્ષ થાય છે. આત્યંતિક મોક્ષવાળો તે અનુભવી જાણવો. તે અનુભવી કર્તા, અકર્તા, ઉપશમ અવસ્થાવાળો ને નિર્લેપ છે. અનાદિમુક્ત તો સ્વતંત્ર છે ને અનુભવીથી અતિશય શ્રેષ્ઠ અને અતિશય સમર્થ છે. જેમ શ્રીજીમહારાજ સત્તાવાન છે તેમ તેમના અનાદિમુક્ત પણ શ્રીજીમહારાજના જેવા જ સત્તાવાન છે. એવા અનાદિમુક્તથી સુખ પામ્યા હોય તેને આ લોકમાં અનાદિમુક્તનો વિયોગ થાય એટલે મુક્ત અદૃશ્ય થાય ત્યારે શોક થવો જોઈએ. જો શોક ન કરે તો કૃતઘ્ની કહેવાય ને રઘુનાથદાસની હારમાં ગણાય.’’

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ‘‘મોટાને દેન દેવા જાય છે ત્યારે ઉત્સવ કરતાં કરતાં કેમ લઈ જાય છે?’’

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘પ્રાકૃત લોકની પેઠે પ્રસિદ્ધ રોવું-કૂટવું નહિ, પણ અંતરમાં તો શોક કરવો; પણ પ્રાકૃત જીવ જેમ દેહના સંબંધનો શોક કરે છે તેમ ન કરવો. જીવના સંબંધનો શોક તો કરવો જ; કેમ કે જીવન ગયું એમ જાણીને શોક કરે તો શ્રીજીમહારાજ રાજી થઈને ભજન, સ્મરણ આદિક સાધનમાં સહાય કરે છે; પણ શોક ન કરે ને રાજી થાય તો મહારાજ કુરાજી થાય છે. જેમ મંદિર બળતું હોય તેને દેખીને કોઈ રાજી થાય તો મંદિરમાં ભગવાન રહ્યા છે તે કુરાજી થાય તેમ. માટે શોક કરવો; પણ રાજી ન થાવું.’’

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ‘‘મોટા અંતર્ધાન થવા ઈચ્છતા હોય ને કોઈક ઉપાધિ કરીને ઉદાસ કરે તે નિમિત્તે અંતર્ધાન થાય તો તેનું ઉદાસી કરનારને પાપ લાગે કે નહિ?’’

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘મોટાને તો આ લોકમાં રહેવાની ઈચ્છા ન હોય, પણ અનંત જીવોનો ઉદ્ધાર બંધ થઈ જાય તેનું ઘણું પાપ લાગે.’’

તે વખતે બાપાશ્રીને તાવ હતો ને ઊલટી થઈ. ત્યારે નારાયણપુરના પ્રેમજીભાઈ બોલ્યા જે, ‘‘આ મંદવાડ કોઈકને આપીને તમે સુખેથી વાતો કરો તો ઠીક.’’

પછી બાપાશ્રીએ કહ્યું જે, ‘‘લેનાર કોણ છે?’’

ત્યારે તે બોલ્યા જે, ‘‘મોકલો મારી પાસે.’’

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ‘‘ખમાશે નહિ.’’

પછી તે કહે જે, ‘‘ગમે તેમ થાય; પણ મોકલો.’’

ત્યારે બાપાશ્રી કહે જે, ‘‘ઠીક.’’

ત્યાં તો પ્રેમજીભાઈને તાવ ચઢ્યો ને ઊલટી થવા માંડી. પછી ગાડું જોડીને તેમને ઘેર પહોંચાડ્યા ને બાપાશ્રીને તરત તાવ ઊતરી ગયો. ॥૭૩॥

## વાર્તા ૭૪

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-૧૦ને રોજ સવારે સભામાં સારંગપુરનું ૧૬મું વચનામૃત વંચાતું હતું. તેમાં નરનારાયણ ઋષિ ભરતખંડના સર્વે મનુષ્યોના કલ્યાણને અર્થે ને સુખને અર્થે તપ કરે છે એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘શ્રીનરનારાયણ તપરૂપી ફળ આપે છે અને શ્રીજીમહારાજ તથા તેમના લાડીલા અનાદિમુક્ત છે તે શ્રીજીમહારાજની મૂર્તિના રસરૂપી સુખ લઈને મુમુક્ષુઓને આપે છે.

શ્રીજીમહારાજે માંગરોળમાં વાવ ગળાવી તે જ્ઞાનરૂપી વાવ જાણવી. તેમાંથી અમૃતરૂપી જળે કરીને અનંત જીવોને સુખિયા કર્યા. તે કરોડો જીવોને તથા ઈશ્વરોને તથા અનંત બ્રહ્મની કોટિઓને તથા અક્ષરોને પણ સુખ આપે છે; પણ મહારાજ તથા મુક્ત પ્રત્યક્ષ મળ્યા વિના કૂદકો લઈને સુખ લેવાય એવું નથી. અનાદિમુક્ત મૂર્તિમાં રસબસ રહ્યા છે ને મૂર્તિનું સુખ લઈને જીવમાં પ્રવર્તાવે છે."

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "જીવમાં મહારાજ પધરાવ્યા ક્યારે કહેવાય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જ્યારે મોટા મળે ને નવો જન્મ આપે ને આશીર્વાદ આપે, તેમાં મૂર્તિ પધરાવી દે ને તે મૂર્તિનું ધ્યાન કરે તો મૂર્તિનો સાક્ષાત્કાર થાય અને ધ્યાન ન કરે તો અંત સમયે મોટા મૂર્તિનો મેળાપ કરાવે." ॥૭૪॥

## વાર્તા ૭૫

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-૧૦ને રોજ બપોરે સભામાં સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, "એકાંતિક ક્યારે કહેવાય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જે ભક્ત પોતાની સર્વે ઇંદ્રિયોને જીતીને વશ કરે ને વિષયને માર્ગે તથા ઐશ્વર્યને માર્ગે બહેરો, લૂલો, પાંગળો થાય ને એ માર્ગે ચાલે નહિ અને શત્રુમાત્રને જીતી લે અને એક મહાપ્રભુજીની મૂર્તિ વિના મૂળ અક્ષરાદિક કોઈ ઐશ્વર્યની ઇચ્છા ન રાખે ને શ્રીજીની મૂર્તિનું તેજ જે અક્ષરધામ તેને વિષે પણ હેત ન રાખે; એક મૂર્તિની જ ઇચ્છા રાખે ને ખોખા જેવો થઈ જાય ત્યારે તેણે ચાર સાધન જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તે સિદ્ધ કર્યા કહેવાય ને તેને એકાંતિક કહેવાય."

"અને શ્રીજીમહારાજની મૂર્તિનો પોતાના આત્માને વિષે સાક્ષાત્કાર થાય તે પરમ એકાંતિક કહેવાય. અને મૂર્તિમાં પય-સાકરવત્ રસબસ રહે તે અનાદિ કહેવાય. તે અનાદિ તે પરમપદ કહેવાય."

કથાની સમાપ્તિ કરીને પછી શ્રી ઠાકોરજીને કેરીઓ જમાડીને સર્વે સંતોને વહેંચી દીધી.

પછી બેઠા ત્યારે સંતોએ કહ્યું જે, "અમે તો મહેમાન છીએ."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આપણે તો સંબંધી છીએ તે જુદા નહિ રહીએ. આપણે સર્વે એકદેશી મુક્ત છીએ તે શ્રીજીમહારાજની મૂર્તિમાં ભેળા રહીશું અને બીજા દેશના હશે તે સત્સંગમાં રહેશે. જેણે કારણ ઓળખ્યું તે દેશી જાણવા; અને જેણે કારણ એટલે મહારાજ અને મુક્ત તે ન ઓળખ્યા તે દેશી ન જાણવા." ॥૭૫॥

## વાર્તા ૭૬

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-૧૧ને રોજ સવારે સભામાં છેલ્લાં પ્રકરણનું બીજું વચનામૃત વંચાતું હતું. તેમાં પરોક્ષના જેવી પ્રત્યક્ષને વિષે પ્રતીતિ આવે તો સર્વે અર્થ પ્રાપ્ત થાય એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "પરોક્ષના જેવો પ્રત્યક્ષનો મહિમા જણાતો નથી, તેથી પૂર્વના ઋષિનું મનાય અને આજના મુક્તનું ન મનાય. ગઢડામાં શ્રી આનંદાનંદ બ્રહ્મચારીએ કહ્યું જે, 'પૂર્વના ઋષિઓ ઊન, દૂધ, કેળનું પાણી તથા મૃગચર્મ એ સર્વેને પવિત્ર કહી ગયા છે તે મનાય છે અને હું સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણનો મુક્ત છું ને હું કહું જે દૂધ કરતાં ઘેલાનું પાણી પવિત્ર છે ને મૃગચર્મ તથા ઊન કરતાં કપાસ પવિત્ર છે તો તે કોઈ ન માનો; કેમ જે પ્રત્યક્ષનો મહિમા જાણ્યામાં આવ્યો નથી.'"

"ભુજમાં અમૃતબાઈ હતાં તે ચાર મહિના ચીભડાં જમે, ચાર મહિના ગલકાં જમે, ચાર મહિના ભીંડા જમે; એમ પંદર વર્ષ કાઢી નાખ્યાં એવાં તપસ્વી હતાં. ધર્મમાં પણ એવાં જે કોઈનો પડછાયો અડે કે દોરો અડી જાય તો તે હમીરસર તળાવમાં ટાઢમાં નાહી આવે. ને બ્રહ્મચારી પાસેથી છાશ લેતાં તે પણ બ્રાહ્મણના છોકરાને નવરાવીને માર્ગમાં પાણી છાંટતાં છાંટતાં લઈ જાય. એક દિવસે બ્રહ્મચારીએ એ

ડોશીને છાશ આપવા અમને મોકલ્યા તે ન લીધી ને કહ્યું જે, ‘બ્રહ્મચારીએ કણબી સાથે છાશ મોકલી તે નહિ લઉં.’ પછી એ છાશ અમે પાછી લાવીને બ્રહ્મચારીને આપી તે છાશ એક મોઢ બ્રાહ્મણનો છોકરો નાગોડિયો કૂતરાં રમાડતો હતો તેને નવરાવીને તેની પાસે લવરાવીને પીધી.”

“પછી રાત્રિએ શ્રીજીમહારાજે સ્વપ્નમાં કંસારા સોનીની છાશ લુહાણા પાસે લવરાવીને પાઈ અને પછી કહ્યું જે, ‘કાલે અમારા મુક્તની લાવેલી ન લીધી ત્યારે આ પીધી તે કોની છે? અને કોણ લાવનાર છે?’ પછી તો ઘણો પસ્તાવો થયો. પછી બીજે દિવસે અમારી પાસે મંગાવીને પીધી અને કહ્યું જે, ‘તમે તો સાક્ષાત્ અનાદિમુક્ત છો. તે મેં તમને ઓળખ્યા નહિ અને કણબી જાણીને સંશય કર્યો; તેનો શ્રીજીમહારાજે આજ રાત્રિએ મને દંડ દીધો.’ માટે વિધિ તો પાળવો, પણ ટાણું ઓળખવું ને મુક્ત ઓળખવા જે આપનારા કોણ છે. પરોક્ષના કરતાં પ્રત્યક્ષના મુક્તની પ્રતીતિ વધારે રાખવી, પણ તે મનાતું નથી.”

“ભુજમાં સુતાર સુંદરજીભાઈએ દેહ મૂક્યો ત્યારે પટારામાંથી શાલ કાઢવા શ્રીજીમહારાજ ગયા ત્યારે એમનાં પત્નીએ કહ્યું જે, ‘મહારાજ! તમે તમારા ભક્તને અડ્યા છો, માટે પટારે અડશો નહિ.’ ત્યારે મહારાજે કહ્યું જે, ‘એ તો અમે ભૂલી ગયા.’ પછી બીજા પાસે કઢાવીને દેન દઈ આવ્યા. જ્યારે મહારાજે પછી દિવ્ય તેજોમય પોતાના અનંત મુક્તે સહિત દર્શન આપ્યાં ત્યારે ખબર પડી ને પ્રાર્થના કરી જે, ‘હે મહારાજ! તમે દિવ્ય છો; પણ હું તમારે વિષે દિવ્યપણું ભૂલી ગઈ અને મનુષ્યભાવ આવી ગયો.’ ત્યારે મહારાજ બોલ્યા જે, ‘અમને ભગવાન જાણીને ઘેર રાખ્યા ને બહુ સેવા કરી, પણ જ્યારે ટાણું આવ્યું ત્યારે ભૂલી ગયાં.’”

“માટે સદા દિવ્યભાવ રહે એવી પાકી દૃઢતા કરવી. એવું ન સમજાય ને મનુષ્યભાવ આવે એટલું નાસ્તિકપણું છે. મોટાને તો નાત,

જાત, વર્ણ, આશ્રમ તે કાંઈ છે જ નહિ. એ તો શ્રીજીમહારાજરૂપ છે ને શ્રીજીમહારાજના સંકલ્પથી અત્યારે મુક્તરૂપે દેખાય છે ને મુક્તદ્વારાએ શ્રીજીમહારાજ સર્વ સત્સંગને સુખ આપે છે, દર્શન આપે છે, સેવા અંગીકાર કરે છે તથા વાતો કરે છે. માટે જેવા શ્રીજીમહારાજ દિવ્ય છે તેવા જ મુક્ત દિવ્ય છે એમ સમજીને મનુષ્યભાવ આવવા દેવો નહિ.'' ॥૭૬॥

## વાર્તા ૭૭

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-૧૨ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો શ્રી કાકરવાડીએ નાહવા ગયા હતા. ત્યાં નાહીને એકબીજાને મળીને પછી બાવળ તળે બેસીને સર્વેએ માનસી પૂજા કરી.

પછી બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''મોટાને જોગે મોટા જેવા થયા હોય, પણ એ સુખ મોટાએ રોકી રાખ્યું હોય; માટે મળ્યું જ છે એમ જાણવું. બાપનું દ્રવ્ય છે તે દીકરાનું જ છે; તેમ અમારું સુખ છે તે તમે અમારા શિષ્ય છો તે તમારું જ છે. નાના-મોટા સર્વ એક બાપના દીકરા છીએ. બુદ્ધિવાળાને તથા વગર બુદ્ધિવાળાને સર્વેને સરખા સુખિયા કરીશું. આ ગામમાં ભોજો ભક્ત હતા તેમને સુખિયા કરી મૂક્યા. તે મૂર્તિ વિના બીજું દેખતા જ નહિ અને કહેતા જે, 'મહારાજ વિના બીજાને માથું કેમ નમે?' આ લોકમાંથી ઉદાસ થાય તેને દેહના ભાવ ટળી જાય છે ને એને દેશકાળના વિષમપણામાં ખસી નીકળવાની જરૂર નથી. મહાપ્રભુજીની મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય ત્યારે નાગ, વાઘ, જળ, અગ્નિ, માન, અપમાન, ગળ્યું, ચીકણું, તીખું, તમતમું એ આદિક વિષયમાત્રનો ભય ને રાગ સર્વે ટળી જાય છે એવો મૂર્તિનો પ્રતાપ છે.''

''જ્યારે આ ગામમાં પ્લેગ આવ્યો ત્યારે સર્વે લોકો ગામમાંથી નીકળીને બહાર જઈને રહ્યા ત્યારે ભોજો ભક્ત બોલ્યા જે, 'ગુરુદેવ! આ લોક સર્વે કેમ ભાગી જાય છે?'''

"ત્યારે અમે કહ્યું જે, 'પ્લેગ આવ્યો છે એ સારુ જાય છે.'"

"ત્યારે તે બોલ્યા જે, 'એ તો શ્રીજીમહારાજે પોતાના ભક્ત ઉપર દયા કરીને સેવક મોકલ્યો છે, જે મારા ભક્તને કોઈકની પાસે સેવા કરાવવી પડે ને સેવા કરનાર ન હોય તો બહુ દુઃખી થાય; માટે સેવક મોકલીએ તે ચોવીસ કલાકમાં છૂટકો થઈ જાય. એમ જાણીને સેવક મોકલ્યો છે; તે સેવક પાસે સેવા કરાવતા નથી ને ભાગી જાય છે તે એ શું સમજતા હશે? માટે હું તો ગામમાં રહીશ.'"

"પછી અમે બોલ્યા જે, 'ઠાકોરજીની મૂર્તિઓ અમારી વાડીમાં લઈ જઈશું તે તમે દર્શન વિના શી રીતે જમશો?' ત્યારે ભોજો ભક્ત બોલ્યા જે, 'તમે અહીં રહો ને ઠાકોરજીને પણ અહીં રાખો.' પછી અમે કહ્યું જે, 'અમને ગામધણી તથા હરિભક્ત સર્વે કહે છે કે તમે પણ અમારા ભેળા ચાલો; એટલે અમારે જાવું પડશે ને ઠાકોરજીને પણ લઈ જઈશું.' ત્યારે તે કહે જે, 'હું ત્યાં દર્શન કરી જઈશ.' પછી અમે કહ્યું જે, 'લોકો તમને દર્શન કરવા આવવા દેશે નહિ. માટે તમે ત્યાં ચાલો.' ત્યારે તે કહે જે, 'આ સેવકને મહારાજે મૂક્યો છે તેને ત્યાં મારી સેવામાં બોલાવો તો હું ત્યાં આવું.'"

"ત્યારે અમે કહ્યું જે, 'ચાલો, આપણી વાડીએ બોલાવશું.' પછી સર્વે ગયા. અને બીજે દિવસે ભોજા ભક્તે કહ્યું કે, 'સેવક જતો રહેશે તો શું કરીશ? માટે બોલાવો.' પછી અમે કહ્યું જે, 'કાલે આવશે.' પછી બીજે દિવસે તેમને ગાંઠ નીકળી તેથી રાજી થયા ને બોલ્યા જે 'સેવકને લાવ્યા ખરા.' પછી અમે કહ્યું જે, 'તમારે કાંઈ જમવું છે?'"

"ત્યારે તેમણે કહ્યું જે, 'શીરો જમવો છે.' પછી અમે શીરો કરાવીને કેળના પત્રમાં લાવીને આપ્યો તે અર્ધો જમ્યા અને દેહ પડી ગયો. એવા પરિપક્વ જ્ઞાનવાળા ને વિદેહી હતા."

"અમારે તો સર્વે જીવને મહાપ્રભુજી પાસે લઈ જવા છે; કેમ જે એક જીવને મહાપ્રભુજીની પાસે લઈ જઈએ તો જેટલું સુખ પ્રથમ

આવતું હોય તેથી હજારગણું આપે. મોટાના આશીર્વાદથી મહારાજ પમાય છે. મહારાજના સુખમાં પહોંચ્યા કેડે નહાવું, ધોવું, ખાવું, પીવું, પૂજા એ આદિક કાંઈ ક્રિયા નથી. ત્યાં તો નવા નવા પ્રકારનાં સુખ આવે છે. તે મહારાજનું અને મુક્તનું ભેળું સુખ આવે છે. જેમ શીરામાં ઘી, ગોળ, ઘઉં, સાકર એ સર્વેના જુદા જુદા ભાવ જણાય છે; ને જેમ ખીચડીમાં તજ, લવિંગ, મીઠું એ આદિક જે જે વસ્તુ હોય તે સર્વેના જુદા જુદા ગુણ ને ભાવ જણાય છે; તેમ મહારાજના સુખના ને મુક્તના સુખના ભાવ જુદા જુદા જણાય છે.''

આટલી વાત કરીને પછી સર્વે મંદિરમાં આવ્યા ને ગોડી બોલ્યા ને આરતી થઈ. ॥૭૭॥

## વાર્તા ૭૮

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-૧૩ને રોજ સવારે સભામાં અમદાવાદના શેઠ બળદેવભાઈએ પૂછ્યું જે, ''શ્રીજીમહારાજે તથા મોટા મુક્તોએ સ્વપ્નમાં દર્શન આપ્યાં હોય તે પ્રત્યક્ષ દર્શન જેવાં હશે કે કાંઈ ફેર હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજે કે મોટા મુક્તોએ સ્વપ્નમાં દર્શન દીધાં હોય તે પ્રત્યક્ષ દર્શન જેવાં જ છે. એમાં કાંઈ ફેર નથી; કેમ જે એમને જાગૃતાદિક અવસ્થા તથા દેહ એ કાંઈ છે જ નહિ. જાગૃતમાં દર્શન આપે છે તેમાં દર્શન કરનારને ઉદ્‌ઘોષ વધારે જણાય, કેમ જે એને પ્રત્યક્ષ થાય છે. અને સ્વપ્નમાં દર્શન આપે છે તે અંદરપડદે રહે છે, તે જીવને જાણવા દેતા નથી ને કહેવા દેતા નથી; રોકી રાખે છે. જેને સાક્ષાત્કાર થયો હોય અને શ્રીજીને સુખે સુખિયો હોય, તે જાણે જે ફલાણાના અંતરને વિષે રહીને મહારાજ તેને આટલું સુખ આપે છે. આ કલમ જે અખંડ મૂર્તિમાં રહેતા હોય તેને હાથ આવે છે.''

''મોટા વાતો કરે તે નિત્ય નવી નવી આવે; કેમ જે અપાર છે. તેમ જ શ્રીજીની મૂર્તિનું સુખ મુક્તને નવું નવું આવે છે. જેમ બ્રહ્માંડમાં

અનંત વસ્તુઓ છે તેમ મૂર્તિમાં અનંત સુખ છે. જેને સાક્ષાત્કાર થાય તેને તે જણાય છે. ખૂબ મંડીએ ને પુરુષોત્તમરૂપ થઈએ તો એ સુખ મળે. જે પુરુષોત્તમના સાધર્મ્યપણાને ન પામ્યા હોય તેનાથી એ સુખમાં પહોંચાય નહિ ને રહેવાય નહિ.''

''જ્યારે પોતાપણું કાંઈ ન રહે ત્યારે તે પતિવ્રતાનું અંગ જાણવું. આવું અંગ થાય તે જ સુખિયા થાય છે અને જે પોતાપણું રાખે તે દુખિયા રહે છે. જેને મહાપ્રભુજીની મૂર્તિમાં તાન હોય તેનો પાકો પાયો કહેવાય અને જેને રાગ, રંગ, વિલાસમાં તાન હોય તેનો પાકો પાયો ન કહેવાય. પ્રસાદીની મૂર્તિ ને આજની છાપેલી મૂર્તિ સરખી સમજે તેનો પાકો પાયો છે અને જે સરખી ન સમજે તેનો પાકો પાયો નથી. જેને દૃઢ આત્મનિષ્ઠા થઈ હોય ને શ્રીજીમહારાજની મૂર્તિને આકારે દૃષ્ટિ થઈ હોય તેને પ્રસાદી ને વગર પ્રસાદી બેય સરખું છે ને તેનો જ પાકો પાયો છે.''

''જેને દેહાભિમાન હોય તે ચેલા પાસે સેવા કરાવવા સારુ પગલાં-પ્રસાદી રાખે ને પ્રસાદીનો મહિમા વધારે; પણ પ્રસાદી તો કાર્ય છે ને મૂર્તિ તો કારણ છે. માટે મૂર્તિ આકારે વૃત્તિ કરવી. એ જ અવશ્ય કરવાનું છે. જેને મૂર્તિ આકારે દૃષ્ટિ ન થઈ હોય ને નવા આદરવાળા હોય તેને એ પ્રસાદી પવિત્ર કરે છે ને મહારાજની સ્મૃતિ કરાવે છે. જેને મૂર્તિમાં જોડાવું હોય તેને તો કાર્યમાત્રને વિસારીને એક મૂર્તિમાં જ દૃષ્ટિ રાખવી. પ્રસાદીની વસ્તુમાં પણ હેત રહે ને અંત વખતે સાંભરી આવે તો મોક્ષમાં વાંધો આવે. એક ગુરુ હતા તેમને અંત વખતે ચરણારવિંદ સાંભરી આવ્યાં તો ઈયળ થવું પડ્યું. માટે એક મૂર્તિમાં જ વૃત્તિ રાખવી. મૂર્તિ વિના બીજું સર્વે બંધનકારી છે.'' ॥૭૮॥

## વાર્તા ૭૯

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-૧૪ને રોજ સવારે સભામાં પ્રથમ પ્રકરણનું ૬ઠ્ઠું વચનામૃત વંચાતું હતું. તેમાં ભગવાનનો ને સંતનો એટલે મુક્તનો વિશ્વાસ રાખે તો અવિવેક ટળી જાય છે એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “અનાદિમુક્તની વાતમાં સંપૂર્ણ વિશ્વાસ આવે તો તે તેમના જેવો જ થાય; અને સંપૂર્ણ વિશ્વાસ ન આવે ને જ્ઞાન સમજવામાં જેટલે અટકે તો તે એટલે જ રહે. જેમ માર્ગમાં ચાલતાં માર્ગનો અંત તો ન આવે ને વચમાં જ્યાં થાકે ત્યાં બેસી રહે તેમ થાય. શ્રીજીમહારાજના ગુણનો કે સુખનો કે મહિમાનો કે સ્વરૂપના જ્ઞાનનો પાર પમાય તેમ નથી; એ તો અપાર છે. તેનું દૃષ્ટાંત પણ દેવાય નહિ, કેમ જે દૃષ્ટાંત તો માયિક છે અને મહારાજનાં ગુણ ને કર્મ તે સર્વે તો દિવ્ય છે. દિવ્ય વસ્તુને માયિકની ઉપમા કે દૃષ્ટાંત દેવું પડે છે તે તો બહુ જ કંટાળો આવે છે, પણ શું કરીએ! જીવને સમજાવવા સારુ દાખલા આપીએ છીએ.”

“જેમ લાખો-કરોડો ગાઉની મજલ હોય તેનો માર્ગ બતાવે જે આ દિશે માર્ગ છે, પણ તે સ્થાન તો ક્યાંય પડ્યું હોય; તેમ દિશ બતાવીએ છીએ, પણ મહારાજનું સુખ તો અપાર છે ને મુક્તનું સુખ પણ અપાર છે. એ સુખની બ્રહ્મકોટિમાં કે અક્ષરકોટિમાં કોઈ ઉપમા દેવાય એવું નથી. એ મૂર્તિના સુખમાં પહોંચ્યા કેડે ધામનું સુખ તે શું? અને મુક્તકોટિનું સુખ તે પણ શું? એવું મૂર્તિનું સુખ છે. આ તો સાંસાગોટીલાં કરો છો, પણ જ્યારે ધામમાં લઈ જઈને મહાપ્રભુજીની મૂર્તિનું સુખ દેખાડીશું ત્યારે બીજાં સુખ નજરમાં જ નહિ આવે.”

“જેમ હાથી આગળ સસલો ગોટીલાં કરે ને હાથી રાજી થાય, તેમ તમે અમારા આગળ કરો છો એટલાંમાં જ અમે રાજી થઈને એ સુખમાં લઈ જઈશું. આ વસ્તુ બહુ મોંઘી છે તે હાથ આવે તેવી નથી, પણ આજ અનાદિમુક્ત આવ્યા છે તે નક્કી લઈ જશે એમ જાણજો. આ મુક્ત મળ્યા છે તે વસ્તુ મૂળઅક્ષરથી તથા અક્ષરધામથી પણ પર છે; કેમ જે મૂર્તિમાં રહ્યા છે. અને ધામ તો શ્રીજીમહારાજનું ને અનાદિમુક્તનું તેજ છે. બ્રહ્મકોટિ ને મૂળઅક્ષરકોટિ પણ આ મુક્તની પ્રાર્થના કરે છે અને મૂર્તિનું સુખ માગે છે; એવા મોંઘા આ મુક્ત છે. લાખો-કરોડો જન્મ ધરો ને સત્સંગ કરો, પણ આ જોગ એક મિનિટનો

પણ તેથી અધિક છે; કેમ જે એક મિનિટમાં અનાદિ કરી મૂકે. જેમ ઉત્તમ પારસને જે વસ્તુ અડે તે અડતાં જ પારસ થઈ જાય એવા આ મુક્ત છે. જ્યારે માંડવીના રામકૃષ્ણભાઈને આ મુક્ત ઓળખાણા ત્યારે માગ્યું જે, 'મારે કાંઈ પણ બાકી રહે નહિ, ને કદાપિ બાકી રહે ને જન્મ ધરાવો તો તમારી નાતમાં જન્મ ધરાવજો; પણ બ્રાહ્મણની નાતમાં ધરાવશો નહિ એ મારી અરજ છે.''' ॥૭૯॥

## વાર્તા ૮૦

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-૧૪ને રોજ બપોરે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "મહિમામાં જ સુખ છે. માટે પંચવર્તમાને યુક્ત એવા ને શ્રીજીમહારાજના યથાર્થ નિશ્ચયવાળા સંત-હરિજનનો મહિમા સમજવો. આજ અમે જીવોના ઉપર દયા કરીને શ્રીજીમહારાજના સંકલ્પથી દર્શન આપીએ છીએ તે મહિમા ન કહીએ તો જીવના જાણ્યામાં શુ આવે? અને શી રીતે જીવ ભગવાનને અને મુક્તને વળગે? માટે જીવના ઉપર દયા કરીને મહિમાની વાતો કરીએ છીએ; પણ અમારી સારપ વધારવા સારુ અમારો મહિમા નથી કહેતા."

"અમે તો સદા મૂર્તિમાં સુખ ભોગવીએ છીએ ને મૂર્તિના સુખમાં જ કલ્પેકલ્પ વીતી જાય છે. માટે અમારે આ લોકની મોટપ કે પ્રસિદ્ધિ સારુ વાત નથી કરવી. અમારે તો સદા મૂર્તિનું સુખ છે, પણ દેહ નથી. આ તો શ્રીજીમહારાજની ઇચ્છાથી દેહ દેખાય છે ને શ્રીજીનો સંકલ્પ છે તેથી વાતો કરીએ છીએ; કેમ જે તમને સર્વેને અમારા જેવા કરવા છે. તે જ્યારે માયાનો પડદો તાણી લઈશું ત્યારે માયા ગોતી પણ જડશે નહિ, ને બ્રહ્મકોટિ ને અક્ષરકોટિ એ પણ ક્યાંય મહાપ્રભુજીના તેજની કિરણોમાં લીન થઈ જાશે; એક મહારાજની મૂર્તિ ને મુક્ત એ બે જ રહેશે. માટે કેડ બાંધીને ધ્યાન કરવા મંડી જવું."

"જેમ શેરડી કરનારને દાખડો કરવો પડે છે તેમ ધ્યાન કરવામાં દાખડો કરવાનો આગ્રહ હોય તેને મોંઘી વસ્તુ જે મહારાજની મૂર્તિ તે

મળે છે. પણ જીવના સ્વભાવ બાળકની પેઠે રમતિયાળ છે, તે મૂર્તિ ભૂલીને બીજે ડોળે ચઢી જાય છે. જેમ મહારાજના બાળકેશ ઉતરાવ્યા ત્યારે બ્રાહ્મણોને જમાડવામાં મહારાજને ભૂલી ગયા તેમ મહારાજની મૂર્તિને ભૂલીને બીજું સંભારવું તે ડોળે ચઢી ગયા એમ જાણવું.''

''આવા મહારાજ ને આવું એમનું સુખ છે ને આવા એમના મુક્ત છે એમ મોટા થકી જાણીને પણ કામ, ક્રોધ, લોભ, માન એ આદિકમાં જીવ દોડીને જતો રહે છે તે હલરવલર કહેવાય; પણ તેમાં દુઃખ, દોષ ને નાશવંતપણું જાણતો નથી. આવો એકાંતિક માર્ગ હાથ આવવો ઘણો કઠણ છે; તરત હાથ આવે એવો નથી, તે તમને મળ્યો છે. તે પૂર્વના ઘણા સુકૃત છે તો આવો મોટાનો જોગ મળ્યો છે, તેથી કૃતાર્થ થઈ ગયા છો. આ માર્ગ જેને હાથ નથી આવ્યો ને તે સત્સંગમાં છે તોપણ સુખિયા નથી. તે પોતાને મને કરીને સુખ માને છે, પણ લેશમાત્ર સુખ નથી. જ્યારે પરભાવને પામે ત્યારે આ સુખ મળે છે.''

''આવી શાંતિ જેમની વાતે કરીને થાય છે ત્યારે એમના અંતરમાં મહારાજનું સુખ છે એમ જાણવું. જેમ વરસાદમાંથી વાયુ ટાઢો આવે છે અને લૂકમાંથી ઊનો આવે છે તેમ જેના અંતરમાં મૂર્તિ ન હોય ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિક અનંત ગુણ હોય તોપણ તેની વાત લૂખી આવે; તે કોઈને શાંતિ કરે નહિ. જેમ મોગરા, જૂઈ, જાઈ, કસ્તુરી આદિકની સુગંધી આવે છે; તેમ જેના ભેળા મહારાજ હોય તેની વાતમાં શાંતિ, સુખ અને આનંદના ફુવારા આવે છે ને સુખિયા કરી મૂકે છે.'' ॥૮૦॥

## વાર્તા ૮૧

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-૦)) અમાસને રોજ સવારે સભામાં છેલ્લાં પ્રકરણનું ૪થું વચનામૃત વચાતું હતું. તેમાં ૧લા પ્રશ્નમાં બાધિતાનુવૃત્તિની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''બાધિતાનુવૃત્તિનો મર્મ જાણવો એ

ઘાંટી જબરી છે; કેમ જે ગોરધનભાઈની સ્થિતિ જેના જાણ્યામાં નહોતી આવી તે અવગુણ લેતા. ઉપશમવાળો જ્યાં સુધી ઉપશમમાં રહે ત્યાં સુધી મહારાજનું સુખ રહે ને જાગે ત્યારે આ લોકની ક્રિયા કરે. અને જેને ત્રણે અવસ્થામાં સદાય મૂર્તિ હોય એ સ્વરૂપનિષ્ઠાવાળા અનાદિમુક્ત કહેવાય. એમના જોગથી માયા, દેહ, વિષય, રાગ એ આદિક સર્વે કાકવિષ્ટા તુલ્ય સમજાય. અને કેવળ સમાધિવાળાને રવજીભાઈની પેઠે ધક્કો લાગે.''

''અનાદિમુક્તને જે સમાધિ થાય તે તો બીજા જીવના સમાસને માટે છે, પણ પોતાને માટે નથી. એમને તો જેમ કાચબો ચાલે છે તોય એમ છે ને સંકોચાઈને અંગ તાણી લે છે તોય એમ છે; તેમ અનાદિમુક્તને તો સદાય સરખું છે. સાધનિક એમ જાણે જે, 'સમાધિમાં ગયા તે બહુ સુખિયા થયા', પણ એ તો સદા મૂર્તિમાં જ છે. એવા મુક્ત કદાપિ મહાપ્રભુજીની મરજીથી બીજા જીવના સમાસને માટે સમાધિ કરતા હોય અને ક્યારેક ન કરતા હોય તેને કોઈક કહે જે, 'સમાધિનું સુખ જાતું રહ્યું' તો તેને બહુ પાપ લાગે; કેમ જે એ તો સ્વતંત્ર છે.''

''આ ગામમાં રત્નો ભક્ત હતા તે મુક્ત હતા અને દહીસરામાં કચરો ભક્ત હતા તે પણ મુક્ત હતા; તે બેય દેહ મૂકીને ધામમાં ગયા. તેમની વાત ઉડાડી જે બેય ભૂત થયા છે. ત્યારે અમે કહ્યું જે, 'એ બે જ્યારે ભૂત થયા ત્યારે ધામમાં એટલે મૂર્તિમાં કોણ જાશે?' માટે ખોટું બોલનારને બહુ પાપ લાગે. કદાપિ ધામમાં ગયા કેડે કોઈકને દર્શન આપે તો દિવ્યરૂપે દર્શન આપ્યાં એમ જાણવું; જ્યારે કોઈકને વળગીને ધૂણે ત્યારે ભૂત થયા એમ જાણવું. મોટા તો અલૌકિક ક્રિયાવાળા હોય કેમ જે એ તો સ્વતંત્ર છે. માટે ક્યારેક સ્વતંત્રપણે જાગૃતમાં દર્શન આપે ને ક્યારેક તો સ્વપ્નમાં દર્શન આપે અને ક્યારેક અંતર્વૃત્તિએ દર્શન આપે અને ક્યારેક ઉપશમમાં દર્શન આપે; તેને વિષે વાસના ઠરાવવી નહિ.''

આટલી વાર્તા કરીને સમાપ્તિ કરી. ॥૮૧॥

## વાર્તા ૮૨

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-0)) અમાસને રોજ બપોરે સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, “પ્રથમ પ્રકરણના ૧લા વચનામૃતમાં ધર્મકુળને આશ્રિત થવાનું કહ્યું તે ધર્મકુળ તે શું જાણવું?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “ધર્મકુળ એટલે ધર્મના પુત્ર શ્રીજીમહારાજ જાણવા અથવા જેને ધર્મ ને ભક્તિ બેય અતિશય દૃઢ હોય ને શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેતા હોય એવા અનાદિમુક્ત જાણવા. તેમને આશ્રિત જે થાય તે બ્રહ્મમય દેહને પામે એટલે ભગવાનરૂપ થાય. જેને મોટાનો જોગ થાય છે તેને ‘છતી દેહે જ પુરુષોત્તમને પામી રહ્યો છું’ એમ રહે છે; પણ ‘મરીને મહારાજ પાસે જવું છે’ એમ નથી રહેતું; તે અંતર્દૃષ્ટિવાળો છે. જેને મોટાનો જોગ નથી તેને એમ રહે છે જે, ‘મને રથ-વિમાન લઈને તેડવા આવે એવું હું દેખું’; તે બહારદૃષ્ટિવાળો છે. મોટાને જોગે સાધનવાળાને પણ આ દેહે જ મહારાજનું દર્શન થાય એટલે દેહાદિક સર્વે વીસરી જાય ને મહારાજને તથા મુક્તને દેખે.” ॥૮૨॥

## વાર્તા ૮૩

સંવત ૧૯૬૫ના ફાગણ વદ-0)) અમાસને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો શ્રી કાકરવાડીએ નાહવા ગયા, ત્યાં નાહીને સર્વેએ માનસી પૂજા કરી.

પછી બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, “આજ તો રોકડું કલ્યાણ છે તે દેહ છતાં જ કલ્યાણ. લાખ જન્મ તપ કરે તોપણ કલ્યાણ ન થાય તે આજ ચાર વર્તમાન પાળવામાં કલ્યાણ. આ તો બગાસું ખાતાં સાકરનો ગાંગડો મળ્યો છે. મહારાજનો અને મોટાનો મહિમા સમજાય ત્યારે શ્રદ્ધા વધે, ને દેહના ઘસારાને પણ ગણે નહિ અને માન-અપમાનને પણ ગણે નહિ અને ધ્યાન-સેવામાં તત્પર થઈ જાય. જેમ પરદેશમાં ઘણા રૂપિયા મળે તો દુઃખ વેઠે છે તેમ. આ સમય અને આ

જોગ સારો છે, તેમાં પૂરું કરી લેવું. આ જોગ ન હોય ત્યારે જેમ આજ કથા-વાર્તા-જોગ કરો છો એ લાભ ક્યાંથી રહે? માટે જોગ કરી લેવો.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''કોઈકને એમ થાય જે, 'મોટાના જોગનું શું કામ છે? આપણે શાસ્ત્રમાંથી મહિમા જાણીને ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ કરીશું.' તો એને કારણ મૂર્તિની પ્રાપ્તિ થાય કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''અંતઃકરણમાં મનુષ્યભાવે મૂર્તિ દેખે; પણ આત્મામાં કારણ મૂર્તિનો સાક્ષાત્કાર ન થાય. કારણ મૂર્તિના પધરાવનારા તો મુક્ત છે. જેમ પૃથ્વીમાં સો ગજ ઊંડો હીરો દાટેલો હોય તેને જે જાણતા હોય તે બતાવે, પણ બીજાને હાથ ન આવે; તેમ જેને મૂર્તિની લટક હોય તે જ મૂર્તિ બતાવે, પણ બીજાથી ન બતાવાય.''

''આ જીવને ધ્યાનમાં અંતરાય કરનારા દેહ, ઇંદ્રિયો, અંતઃકરણ, સ્વભાવ, પ્રકૃતિ ને સંગદોષ એ સર્વે છે; તેને ઘસારો દઈને આ કામ કરી લેવું. એ સંગદોષ કેવો છે? તો જેમ સમુદ્રમાં ગઢ ચણે તે વેળ આવે ત્યારે પાડી નાખે, તેમ સંગદોષ મૂર્તિમાંથી બહાર કાઢી નાખે એવો છે. માટે મોટા પાસેથી લટક શીખીને ધ્યાન કરે, તો અંતરાય કરનારા સર્વે દોષને મોટા નાશ કરે, અને તત્કાળ ધ્યાન સિદ્ધ કરાવીને કારણ મૂર્તિ પધરાવી દે એટલે વ્યતિરેક મૂર્તિનો સાક્ષાત્કાર કરાવી દે.''

''આ જોગ સારો છે. જેમ 'જળ જળ કમળ ન નીપજે, વન વન અગર ન હોય'; તેમ ઘેર ઘેર મુક્ત ન હોય; માટે ચેતી લેવું. આ જોગ ગયા પછી સાધનિકનો જોગ કરે તો જેમ 'રાંડીને ઘેર માંડી ગઈ, તે આવ બાઈ હું જેવી તું થા' એવું થાય; માટે આ જોગ કરી લેવો. જેમ ચિંતામણિ પાસેથી જે ચિંતવે તે મળે, તેમ મોટા છે તે મહાપ્રભુજીની મૂર્તિ આપી દે.''

''જેને મહારાજની ઉપાસના બરાબર ન હોય ને મહિમા પણ ન હોય ને તે ધ્યાન કરે તો મૂળપુરુષ દ્વારે દર્શન થાય છે. તે મૂળપુરુષની

મૂર્તિ લાસા કાગળ જેવી એટલે રેખાઓ વગરની છે અને મહારાજની મૂર્તિ અવયવવાળી એટલે રેખાઓવાળી છે. જેને અનાદિમુક્તનો જોગ કરીને ઠેઠ મહારાજની મૂર્તિ સુધી જ્ઞાન થાય તેને મહારાજ અને મોટા કોઈને વિષે બંધાવા દે નહિ, અને તેને કોઈ બીજો દર્શન દેવા આવી શકે જ નહિ. તેને તો મહારાજ ને મોટા જાળવે છે ને પોતે દર્શન આપે છે.''

''મોટા મુક્તનો હેતે સહિત ને મહિમાએ સહિત એક દિવસ જોગ કર્યો હોય તો સદાય કામમાં આવે. જેમ રાતઅંધો હોય તે બશેર ઘી ખાય તો બાર મહિના સુધી આંખમાં તેજ રહે છે; તેમ મોટાના જોગનો કેફ રહે છે. જે એમ જાણે જે, 'મહારાજ ને મુક્ત મારા ભેળા જ છે' તો એને મહારાજનું અને મોટાનું સુખ સદાય રહે છે; પણ જીવને નાસ્તિક ભાવ બહુ રહે છે. ને વળી નબળાનો જોગ થાય તેનો સંગદોષ લાગે. જો ખરેખરો થઈને મંડે અને 'હું જે જે ઘાટ-સંકલ્પ કરુ છું તે સર્વે મહારાજ અને મોટા જાણે છે' એવી મર્યાદા રાખીને ખરી આતુરતાથી મંડે તો મોટા મહાસુખિયો કરી મૂકે. જ્યાં મહારાજ અને મુક્ત વિરાજમાન હોય તે સ્થાનમાં ધ્યાન કરે તો મૂર્તિ સાક્ષાત્કાર દેખાય. અને મહારાજે અને મુક્તે જ્યાં વિચરીને ઘણી લીલા કરી હોય તે સ્થાનમાં પણ મૂર્તિનો સાક્ષાત્કાર થાય.''

''એક સમયે સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી અહીં પધાર્યા હતા. તેમણે કહ્યું જે, 'આ કચ્છ દેશમાં જ્યાં જ્યાં મહારાજ વિચર્યા છે, તે બધે ઠેકાણે મારે દર્શન કરવા જાવું છે.' ત્યારે અમે કહ્યું કે, 'સ્વામી! તમારું શરીર ખમે નહિ ને બધે પહોંચાય નહિ; માટે અહીં બેઠા દર્શન કરો.' એટલામાં તો જ્યાં જ્યાં મહારાજ વિચરેલા તે સર્વે ચૈતન્ય ભૂમિકાઓ સ્વામીએ ભાળી. પછી સ્વામી બોલ્યા જે, 'બધેય દર્શન થઈ ગયાં.' તે જ્યાં જ્યાં મહારાજ સાત વર્ષ સુધી વિચર્યા હતા તે સર્વે સ્થાન દિવ્ય તેજોમય જણાણાં.'' ॥૮૩॥

## વાર્તા ૮૪

સંવત ૧૯૬૫ના ચૈત્ર સુદ-૧ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "એક સમયને વિષે કાંકરિયાના ઊગમણા ગરનાળા ઉપર ચાર સદ્‌ગુરુઓ સાથે શ્રીજીમહારાજ રમત કરતા હતા. તે પોતાની હથેળીમાં બબ્બે સદ્‌ગુરુઓને રાખીને વારાફરતી ઉછાળે તે આકાશમાં જઈને પાછા આવીને હથેળીમાં પડે. એમ રમત કરતાં કરતાં શ્રી બ્રહ્માનંદ સ્વામીને મહારાજે ઉછાળ્યા તે ગંગામા રસોઈ કરતાં હતાં તે ચોકામાં જઈને પડ્યા; ત્યારે ગંગામાએ કહ્યું જે, 'અમને બેયને ઉપવાસ પાડ્યા.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'તમને સ્ત્રી-પુરુષનો ભેદ અને વિકાર છે કે નથી?' ત્યારે કહે જે, 'અમે તો મુક્ત છીએ.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'મુક્ત છો, પણ તમો તમારી મેળે એકબીજાને અડો તો ઉપવાસ કરવો પડે; પણ આ તો અમે તેમને ચોકામાં નાખ્યા માટે તમારે બાધ નહિ.'"

"એક સમયને વિષે સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ મને તથા લક્ષ્મીરામભાઈને પૂછ્યું જે, 'તમે બેય મુક્ત છો; તે અમોએ એક માસથી સાધુ કર્યા છે, તેમના ભેળા જેમ અમારાથી ચલાય તેમ તમારા ભેળા ચલાય કે નહિ?' ત્યારે અમોએ કહ્યું જે, 'આ લોકમાં સત્સંગનું ધોરણ છે, પણ શ્રીજીમહારાજ આગળ ગુનેગાર નહિ.'"

"મુક્ત તો એકલા હોતા જ નથી. અકેકા મુક્તમાં શ્રીજીમહારાજ તથા અનંત મુક્ત રહ્યા છે. તે ભક્તચિંતામણિના બાવનમા પ્રકરણમાં પરમહંસનાં નામ કહ્યાં છે, તેમાં 'એક એક નામમાં માનો મુનિનાં વૃંદ છે' એમ કહ્યું છે. તે શ્રી મુક્તાનંદ સ્વામીને વિષે શ્રી ગોપાળાનંદ સ્વામી તથા શ્રી બ્રહ્માનંદ સ્વામી તથા શ્રી નિત્યાનંદ સ્વામી આદિક અનંત મુક્ત રહ્યા છે, તેમ જ શ્રી ગોપાળાનંદ સ્વામીને વિષે પણ અનંત મુક્ત રહ્યા છે; તેમ જ એક એક મુક્તને વિષે અનંત અનંત મુક્ત રહ્યા છે. માટે 'એકેકા નામમાં મુનિનાં વૃંદ રહ્યાં છે' એમ

કહ્યું છે.''

''માટે તમો તો એકલા હો જ નહિ. તમારી મૂર્તિમાં શ્રીજીમહારાજ તથા અનંત મુક્ત રહ્યા છે તેથી તમે એકલા નથી; સર્વે ભેળા છે, તોપણ શ્રીજીમહારાજની આજ્ઞા છે જે બે સંતે ભેળા ચાલવું; માટે સંત ભેળા જ ચલાય અને પાર્ષદ ભેળું પણ ન ચલાય. કોઈકને ઘેર જવું હોય તો પાંચ સંત વિના ન જવાય ને મુક્તદશાને પામ્યા હોય ને શ્રીજીમહારાજની મૂર્તિ અખંડ દેખતા હોય, પણ સાધુને વેષે ન હોય તો ભેળું ન જવાય ને એકલા પણ ન ચલાય.'' ॥૮૪॥

## વાર્તા ૮૫

સંવત ૧૯૬૫ના ચૈત્ર સુદ-૨ને રોજ સવારે સભામાં કારિયાણીનું ૧૦મું વચનામૃત વંચાતું હતું. તેમાં દેહ છતા તથા દેહનો ત્યાગ કરીને બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપમાં જઈને તપ કરીને મહારાજને રાજી કરવા એમ આવ્યું.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''શ્વેતદ્વીપ અને બદરિકાશ્રમમાં છતી દેહે શી રીતે જવાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ સત્સંગમાં એ સર્વે ધામોના મુક્ત આવ્યા છે. તે બદરિકાશ્રમના મુક્તોનો જોગ કરે તે બદરિકાશ્રમમાં ગયા એમ જાણવું અને શ્વેતદ્વીપના મુક્તનો જોગ કરે તે શ્વેતદ્વીપમાં ગયા એમ જાણવું. માટે શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ, અક્ષરધામ જે કહો તે આ ઠેકાણે છે.''

''આ ઠેકાણે જે કરો તે થાય એવું છે. આ નૈમિષારણ્ય ક્ષેત્ર છે. આ ઠેકાણે જપ, તપ, ધ્યાન જે કરો તે સિદ્ધ થાય એવો સમય આવ્યો છે. એકરુચિવાળાં પાંચ-દશ મંડળ હોય તેમાંથી થોડાક મોટાને દર્શને અતિ હેતે કરીને આવતા હોય ત્યારે જે રહી ગયા હોય તેને સંભારે જે, 'રહી ગયેલા આવે તો સારું'; અને તે રહી ગયેલાને પણ ત્વરા થાય જે, 'આપણે તરત એમને પહોંચી મળીએ'; એમ ભેળું થવાની આતુરતા

થાય. તેમ જ મોટાને વિષે અતિશય હેતવાળા ને રુચિવાળા છે તેમને ભેળા લઈ જવાની અમારે આતુરતા રહે છે.”

“મહારાજનો ને અમારો સિદ્ધાંત એવો છે જે જેને વિશ્વાસ આવે તે સર્વેને ભેળા લઈ જવા છે. જેને અંત અવસ્થા વર્તે તેને તો આ ટાણે છતી દેહે અક્ષરધામના જેવું સુખ આવે; માટે મુક્તનો વિશ્વાસ રાખવો. ‘જે અક્ષરધામમાં મુક્ત છે તે જ આ પોતે છે, ને જેવું દેખે છે તેવું કહે છે’ એવો વિશ્વાસ આવે તેનું કાર્ય થઈ જ રહ્યું છે, અને એ સાચાં ઘરેણાં પહેરવા જેવું છે. જેને મોટાની વાતોમાં સંશય થાય ને પોતાને પહેલાંની જે વાત સમજાયેલી હોય તે મૂકે નહિ તો તે પિત્તળનાં ઘરેણાં પહેરવા જેવું છે.”

“આ ખાનગી જ્ઞાન-ગોષ્ટી કરીએ છીએ; માટે એમ જાણજો જે આ છેલ્લો જોગ મળ્યો છે. આ જોગમાં આવેલા કદાપિ જીવરૂપ હશે તો તે પણ અનાદિ થઈ જશે. આ જોગવાળાને કદાપિ ઇંદ્રિયોના ભાવ દેખાઈ આવે તોપણ મોક્ષ બગડે નહિ. જેમ મરેલો સર્પ દેખીને બીક લાગે, પણ તેનાથી ડસીને જીવ લેવાય નહિ તેમ. માટે અપૂર્ણપણું માનવું નહિ. અને મન જ્યારે મૂર્તિ મૂકીને બીજે ડોળે ચઢે ત્યારે તેને સમજાવવું જે, ‘આવા મોટા મળ્યા તેમનો મહિમા સમજીને તેમની અનુવૃત્તિમાં રહે તો આ ફેરે જ અક્ષરધામમાં લઈ જાય.’ આ શબ્દ પરભાવના છે. જે વસ્તુ ક્યાંય ન મળે તે વસ્તુ આપી દે એવો મોટાનો પ્રતાપ છે.”

“‘જુઓ જીવન મોહ નિદ્રામાંથી જાગી રે, વરી એને થાવું અખંડ સોહાગી રે.’ આજ તો નિજ મંદિરનું સુખ એટલે મૂર્તિનું સુખ આપે છે. માટે નિજ મંદિર તે અખંડ સોહાગ છે; માટે કરી લેવું. આ લોકમાં રહેવું નથી. માટે જેમ માયાને આધીન થઈને સુષુપ્તિમાં જાય છે તેમ અંતર્વૃત્તિ કરીને મહારાજની મૂર્તિમાં ઉપશમ કરવું. આ જોગ ને આ સુખ ખોળ્યું પણ જડશે નહિ; માટે ખરો લક્ષ્યાર્થ કરવો. અને એકબીજાને સંભારીને કહેવું જે, ‘કરી લો, આ જોગ ફેર નહિ મળે.’

આગળ તો મોટા મોટાનો જોગ કરવામાં સંતને અને સત્સંગીઓને બહુ ઉપાધિ થતી; તોપણ સમાગમ કરતા અને આજ તો સર્વે વાતે સાનુકૂળ છે.''

''આ ગામમાં રત્નો ભક્ત હતા તેમને ગામધણી તથા પટેલે ઉપાધિ કરીને કાઢી મૂક્યા, તે કેરે સદાબા પાસે જઈને રહ્યા. તે ગઢડે મહારાજનાં દર્શને ગયા ત્યારે મહારાજે કહ્યું જે, 'વૃષપુર ગામ મૂકશો નહિ.' પછી દર્શન કરીને કેરે આવતાં વૃષપુર સોંસરા ચાલ્યા. તેમને ગામધણી તથા પટેલે માર્યા ને આંખોમાં ધૂળ ભરી, ત્યારે રત્નો ભક્ત એમ બોલી ગયા જે, 'તમે મને દુઃખ દો છો, પણ તમને સર્પ ને કૂતરાં દુઃખ દેશે.' પછી રાત્રિએ ગામધણીને સર્પ ને કૂતરાં ફાડી ખાવા મંડ્યાં ને ગામધણી રાડો પાડવા મંડ્યો. તેથી ગામ બધું ભેગું થયું ને કહે જે, 'ક્યાં કૂતરાં ને સર્પ છે?' ત્યારે ગામધણી કહે જે, 'આ રહ્યાં બધાં, ને મને તોડી ખાય છે.'''

''પછી સવારે રત્ના ભક્ત પાસે કેરે જઈને સદાબાને બહુ કરગર્યો ને કહ્યું જે, 'રત્ના ભક્તને વૃષપુર મોકલો.' પછી સદાબા ખાસડું લઈને ફરી વળ્યાં ને કહ્યું જે, 'તેં મારા હરિભક્તને બહુ દુઃખ દીધું છે તે હવે નહિ આવે. તને કૂતરાં ને સર્પ ભલે ફાડી ખાતાં.' પછી સાત ખાસડાં ગળે વળગાડીને પગે લાગીને કહે જે, 'રત્ના ભક્તને નહિ મોકલો તો આજ રાત્રિએ મારું મોત છે.' પછી ગામના માણસોએ સદાબાને કહ્યું જે, 'મોકલો, હવે એને ગરજ બહુ થઈ છે.' પછી સદાબાએ હા પાડી એટલે ગાડામાં સામાન ભરીને તેડી ગયો. એટલું દુઃખ રત્ના ભક્તને પડ્યું તોપણ સત્સંગ મૂક્યો નહિ.''

''અને પહેલાં અહીં રહેતા ત્યારે પણ નાત પટેલિયા ભેળા થઈને કંઠી તોડી નાખતા ને પટેલોનું ખાધાખર્ચ જે થાય તે એને માથે નાખતા; તોપણ પટેલિયા જાય એટલે ફેર કંઠી બાંધતા ને ફેર આવીને તોડાવી નાખતા. એમ વારંવાર દુઃખ દેતા, તોપણ સત્સંગ મૂક્યો નહિ.

આખી કણબીની નાતમાં એ એકલા જ સત્સંગી હતા.''

''એક સમયે શ્રી બ્રહ્માનંદ સ્વામી ભુજથી કેરે જતા હતા. તેમને નારાયણપુરની વાડીમાં મૂળજી ભક્ત તથા ભાણજી ભક્તના બાપ ગોવો ભક્ત ક્યારા વાળતા હતા તેમણે દેખ્યા અને વિચાર કર્યો જે, 'આ સ્વામિનારાયણના સાધુ રાત્રિ પડવા આવી છે તે ક્યાં જશે?' એમ જાણીને જોઈ રહ્યા. તે સ્વામી કેરા તરફ ગયા, અને ગોવા ભક્તનો બાપ કોસ છોડીને ડહેલામાં બળદ બાંધીને ઘેર ગયા ને ગોવો ભક્ત કેરે ગયા અને ત્યાં સદાબાને ઘેર સ્વામી હતા તેમની વાતો સાંભળી.''

''પછી સર્વ સભા ઊઠી ગઈ, પણ ગોવો ભક્ત ઊઠ્યા નહિ; ત્યારે સ્વામીએ તેને પૂછ્યું જે, 'તમારે ક્યાં રહેવું?' ત્યારે તેણે કહ્યું જે, 'નારાયણપુરમાં.' પછી સ્વામીશ્રીએ કહ્યું જે, 'તમે કેમ બેસી રહ્યા છો? તમારે કાંઈ પૂછવું છે?' ત્યારે તે બોલ્યા જે, 'તમે અત્યાર સુધી વાતો કરી જે, 'સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે ને જીવનો આત્યંતિક મોક્ષ કરવા આવ્યા છે. તે આત્યંતિક મોક્ષ સ્વામિનારાયણ ભગવાન વિના બીજા કોઈ અવતારથી થાય નહિ એ ખરું, પણ અમને શી રીતે ખાત્રી થાય?'''

''ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ પૃથ્વી ઉપર જેટલી ગાયો અને જેટલી સ્ત્રીઓ ને જેટલાં બાળક છે એમને માર્યે જેટલું પાપ થાય એટલું પાપ સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી ન હોય તો અમને થાય. શ્રી સ્વામિનારાયણ ભગવાન અમારી પાસે તો છે, પણ તારા દેખ્યામાં ન આવે. જો તારે મનુષ્યદેહનો લાભ લેવો હોય અને આત્યંતિક કલ્યાણ જોઈતું હોય તો તું ગઢડે જા. ત્યાં અમે જે સમ ખાધા તે વાત તને કહે તો તું શ્રી સ્વામિનારાયણને ભગવાન માનજે.'''

''પછી તે વાડીએ આવીને બળદને નીરણ કરીને ઘેર ગયા ને વાળુ કરીને બધી વાડીઓએ ફરીને લોકોને કહ્યું જે, 'મારી સાથે ગઢડે આવો તો શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે ત્યાં દર્શને જાવું

છે.' પછી બીજા ચાર જણા તૈયાર થયા."

"પછી એ પાંચે જણા ગઢડે આવ્યા ત્યારે મહારાજે કહ્યું જે, 'ગોવા ભક્ત! તમે અમારા બ્રહ્માનંદ સ્વામીને આવા આકરા સમ ખવરાવ્યા? અમે સાક્ષાત્ ભગવાન છીએ અને આત્યંતિક મોક્ષ કરવા આવ્યા છીએ.' અને બીજા જોડે ચાર જણ હતા તેમાં ગંગદાસ નામે ભક્ત હતા તેમને શ્રીજીમહારાજે કહ્યું જે, 'તમે માર્ગમાં આવતાં સંકલ્પ કર્યા હતા જે ભગવાનના પગમાં સોળ ચિહ્ન હોય તો ભગવાન ખરા. તે જુઓ! અમારા પગમાં સોળ ચિહ્ન છે.' એમ કહીને બતાવ્યાં. પછી તે વર્તમાન ધારીને સત્સંગી થયા ને પાંચ દિવસ રહીને ઘેર આવ્યા. એ પાંચ ને રત્નો ભક્ત એ છ સત્સંગી આખી કણબીની નાતમાં હતા. હવે તો આખી નાત સત્સંગી થઈ છે."

"સદાબાને પણ એમના પતિએ ઘણું દુઃખ દીધું હતું. એક દિવસ તો ઓરડા વાસીને તરવાર તાણી, એટલામાં બધા ઓરડા ઊઘડી ગયા ને મહારાજે ફોજ દેખાડી, ને બાંધીને મારવા માંડ્યો ને કહ્યું જે, 'આ ફેરે તો છોડી મૂકીએ છીએ, પણ જો હવે એમને દુઃખ દઈશ તો જીવથી મારી નાખીશું.' એમ બીક બતાવી. ત્યારથી સદાબાને દુઃખ દેતો નહિ. એવાં કષ્ટ વેઠીને પણ આગળ સત્સંગ કર્યો છે અને આજ તો ત્યાગી-ગૃહીને સર્વ વાતે સાનુકૂળ છે. આવા સમયમાં જે શ્રીજીમહારાજની આજ્ઞા ન પાળે અને ધન-સ્ત્રી આદિમાં લેવાઈ જાય તે તો અતિશય અભાગિયા કહેવાય." ॥૮૫॥

## વાર્તા ૮૬

સંવત ૧૯૬૫ના ચૈત્ર સુદ-૩ને રોજ સવારે સભામાં પ્રથમ પ્રકરણનું ૨૦મું વચનામૃત વંચાતું હતું. તેમાં જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દૃષ્ટિ કરે છે, તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જવળ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે શ્રી પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે, ને નારદ-સનકાદિક જેવો એટલે મુક્ત

જેવો સુખિયો પણ થાય છે એમ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જેમ મંદિરમાં મૂર્તિ હોય તો મંદિર કહેવાય અને મૂર્તિ ન હોય તો મંદિર ન કહેવાય; તેમ જેને મૂર્તિ આત્માને વિષે સાક્ષાત્ દેખાય તે પૂરો સાધુ કહેવાય, અને જેને અંતરને વિષે મૂર્તિ દેખાય તે મધ્યમ સાધુ કહેવાય, અને જેને અખંડ સ્મૃતિ રહે તે કનિષ્ઠ સાધુ કહેવાય. અને આજ્ઞા તો એ ત્રણેય યથાર્થ પાળતા હોય. અને આજ્ઞા યથાર્થ પાળે, પણ અખંડ સ્મૃતિ ન રહે તે ચાલોચાલ કહેવાય. અને જે આજ્ઞામાં ફેર પાડે તે તો સ્વામિનારાયણનો કહેવાય જ નહિ. માટે સાધુનો વેશ લીધે સાધુ ન કહેવાય અને સત્સંગીનો વેશ લીધે સત્સંગી ન કહેવાય."

"જેમ રાજાને ઘેર ભિખારણનો ચાંલ્લો થયો હોય તો તે એમ જાણે જે, 'મારો પતિ રાજા છે' તેથી તેને ભિખારણનો ધંધો જે માગી ખાવું તે ગમે જ નહિ અને મલિન સ્વભાવ સર્વે મૂકી દે; તેમ જેને એવો નિશ્ચય હોય જે 'મારા પતિ શ્રીજીમહારાજ છે, ને મુક્ત પ્રગટ મળ્યા છે' એવો વિશ્વાસ અતિ દૃઢ હોય તે કામ, ક્રોધ, માન, સ્વાદ એ આદિક દોષ મૂકી દઈને શ્રીજીમહારાજમાં વૃત્તિ જોડી રાખે અને એક મૂર્તિ વિના બીજે ક્યાંય રાગ રાખે નહિ અને મહારાજ તથા તેમના મુક્તને વિષે દૃઢ પ્રીતિ રાખે ને કોઈ વિષયને વિષે તથા ઐશ્વર્યને વિષે પ્રીતિ ન રાખે તો તે સુખિયો થઈ જાય." ॥૮૬॥

## વાર્તા ૮૭

સંવત ૧૯૬૫ના ચૈત્ર સુદ-૩ને રોજ બપોરે સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "એકને તો મૂર્તિની સ્મૃતિ જ રહે છે ને એકને તો સાક્ષાત્કાર છે; એ બેયને વ્યતિરેક સ્વરૂપની પ્રાપ્તિ હશે કે કેમ?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એ તો વ્યતિરેક જ છે; કેમ જે જે મૂર્તિનો સાક્ષાત્કાર છે તે જ મૂર્તિની સ્મૃતિ છે; પણ જેમ બાળકનો

વિવાહ સંબંધ જ્યાં થયો હોય ત્યાં વૃત્તિ રહે છે, પણ પરણીને ઘેર આવે ત્યારે સુખ આવે; તેમ સ્મૃતિવાળાને સાક્ષાત્કારવાળા જેવું સુખ ન હોય એટલો ફેર છે.''

''ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં કરતાં જ્યારે દેહનું ભાન ભૂલી જવાય ત્યારે બ્રહ્માંડ ભુલાય ને શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આવે. જેમ આંખો મીંચે તો અંધારુ થાય ને ઉઘાડે તો અજવાળું થાય તેમ અંતર્વૃત્તિ કરે તો મૂર્તિ દેખે, ને બહારવૃત્તિ લાવે તો બ્રહ્માંડ દેખે.''

''અનાદિ સાથે હેત થયું તે છેડો હાથ આવ્યો. મોટા સાથે જોડાય તો મહારાજની અને જીવની વચ્ચે પડદા છે તે મોટા મુક્ત તોડી નાખે. મોટા મળ્યા પછી દેહના ભાવ જણાતા હોય તો તે મરેલા જાણવા, પણ પોતાના જીવને પાપી ન માનવો. શ્રીજીમહારાજનો આશ્રિત થાય ને મોટા સાથે જીવ જોડે ને નિયમ-ધર્મરૂપી બખ્તર પહેરે એટલે નિયમ-ધર્મ પાળે તો પંચવિષયમાંથી હેત ટળી જાય ને મોટા મુક્ત તે જીવને માયામાંથી મહારાજની મૂર્તિમાં ખેંચી લે. મહારાજ ને મુક્ત રાજી છે તો તરત ફેંસલો થઈ જશે, ને નક્કી મૂર્તિના સુખમાં પહોંચાડશે; એવો વિશ્વાસ રાખવો. શ્રીજીમહારાજનું સુખ છે તે તમારું જ છે, અણુ જેટલું પણ છેટું નથી.''

''આગળ જેનાં જેનાં કલ્યાણ થયાં છે તે આત્યંતિક નથી થયાં અને આજ તો અવતારી જે શ્રીજીમહારાજ ને તેમના મુક્ત તે કરોડો જીવોનાં આત્યંતિક કલ્યાણ કરે છે; માટે આગળ થઈ ગયેલા અવતારોથી આજના મુક્ત ઘણા મોટા છે. આ મુક્ત શ્રીજીમહારાજના અવતાર છે, તે અનંત જીવોનાં કલ્યાણ સારુ મનુષ્યરૂપે દેખાય છે. તેમનો યથાર્થ મહિમા સમજીને તેમને વિષે જોડાય તો આત્યંતિક મોક્ષ થાય. રાજાનો અને રાજાના દીવાનનો મહિમા સમજાય, પણ મહારાજનો અને મહારાજના મુક્તોનો મહિમા ન સમજાય.''

''જોગ-સમાગમ કરે તોપણ એક કાને સાંભળતો જાય અને

બીજે કાને ભૂલતો જાય. માયિક વાતને સો વર્ષ સુધી પણ ન ભૂલે ને આ વાત ને ગ્રહણ કરે જ નહિ. જો મહારાજની અને મોટાની વાતને પકડે તો કામ થઈ જાય, પણ જીવને બહુ પ્રકારના ડોડઃ અધિકારના ડોડ, મહંતાઈના ડોડ, વિદ્યાના ડોડ, આશ્રમના ડોડ, જગતમાં મોટા થવાના ડોડ. એ ડોડરૂપી દોષ જીવને જ્યાં સુધી હોય ત્યાં સુધી મહારાજનો અને મોટાનો મહિમા સમજાય નહિ. વ્યાવહારિક કામમાં પણ બરોબર તપાસ ન કરે તો બરોબર થાતું નથી, તો આ તો મોક્ષ સંબંધી કામ છે તે તો ક્યાંથી થાય? માટે ખરેખરું જાણપણું રાખવું. મહાપ્રભુજીનું સુખ અને મુક્તનું સુખ જેવું છે તેવું જાણે તો સુખિયો થઈ જાય.''

''આ સત્સંગમાં શ્રીજીમહારાજના સંત છે તે ફૂલવાડી છે, તેમાંથી સુગંધરૂપી ગુણ લેવા ને પોતાની ખોટ જોવી. સાધુ તથા સત્સંગી કહે તે મનાય તો બહુ સુખિયા થવાય. સાધુ થયા હોય ને ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ, શિક્ષાપત્રી, તેનું અનુસંધાન રાખે નહિ, તો તે સાધુ ન ક્હેવાય. જો મહારાજનું અને મોટાનું અંતર્યામીપણું જાણીને તેમની આજ્ઞામાં યથાર્થ વર્તે તો સાધુ કહેવાય. મહારાજે કહ્યું છે જે, 'જ્ઞાની મારો આત્મા, મેં જ્ઞાની કો પ્રાણ.' મહારાજને અને મુક્તને જુદાપણું નથી. મહારાજને સંભારે તો મુક્ત ભેળા આવી જાય ને અનાદિમુક્તને સંભારે તો મહારાજ ભેળા આવી જાય. જેમ રૂપિયામાં ઘી, ગોળ, લોટ આદિક જણસો આવી જાય તેમ મહારાજ ને સંત સદા સાથે જ છે. આવા મુક્ત આ સત્સંગમાં છે તે જ તમને મળ્યા છે.'' ॥૮૭॥

## વાર્તા ૮૮

સંવત ૧૯૬૫ના ચૈત્ર સુદ-૩ને રોજ રાત્રિએ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જો શ્રીજીમહારાજને અને મોટાને અંતર્યામી જાણે તો એકેય ક્રિયા સત્સંગથી વિરુદ્ધ થાય નહિ, ને આજ્ઞા પાળવામાં તથા જપ-તપ કરવામાં શ્રદ્ધા આવે, ને મહારાજને સજાતિ પણ ત્યારે જ

થવાય. પણ અંતર્યામીપણું જણાતું નથી તે નિશ્ચયમાં અને મહિમામાં ખામી છે. એ જ્ઞાનરૂપી યજ્ઞ થયો, તેનું પ્રમાણ થાય નહિ એવો દિવ્ય યજ્ઞ થયો છે. મોટા પુરુષની અને મહારાજની કૃપા થાય તો જન્માંતરે કસર ટળવાની હોય તે આ જન્મે જ ટળી જાય ને પૂરું થઈ જાય. જો મહારાજનાં વચનથી બહાર પડે એટલે નિષ્કામ, નિર્લોભ એ વર્તમાનમાં ફેર પાડે, તો મોટો વિમુખ કહેવાય; ને તેનો તો વિશ્વાસ થાય જ નહિ. ક્રિયા એટલે વર્તમાન એકેય પાળવું નહિ અને બેસવું મહારાજના ઘરમાં, તે તો બહુ કઠણ છે. માટે મહારાજનાં વચન પાળીને મહારાજને વશ કરવા. 'મેં વ્હાલો વશ કીધા, વ્હાલે મુજને વશ કીધી, સામાસામી પાન બીડી દીધી ને લીધી.''' એમ બોલ્યા.

પછી બોલ્યા જે, "જેમ કોઈક અવળી ક્રિયા કરે તેને કેદમાં પડવું પડે, તેમ આજ્ઞા લોપે તેને આગળ દુઃખ આવે; પણ જીવે આગળ જે જે વિષય ભોગવ્યા છે ને દીઠા છે તે ટળતા નથી. એ મલિન સ્વભાવ છે, તે જતા નથી. આ લોકમાં દ્રવ્ય ઝાઝું મળે તો ગાંડુ થઈ જવાય; તો શ્રીજીમહારાજનું દિવ્ય સુખ આવે તો કેટલો બધો આનંદ થવો જોઈએ! પણ જીવને મહારાજનું સુખ ઓળખાતું નથી અને સત્સંગમાં સેવા કરવા યોગ્ય ને ન કરવા યોગ્ય એવા સંત-હરિજનો તે પણ ઓળખાતા નથી. જો સમાગમ કરવા યોગ્ય અને સેવા કરવા યોગ્ય એવા સંત-હરિજનોને ઓળખીને તેમનો સમાગમ કરીને, અવતાર-અવતારીનો ભેદ સમજીને, અવતારી એવા જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમનો દૃઢ આશ્રય કરીને, તેમની મૂર્તિમાં જોડાઈ જાય તો સુખિયો થાય." ॥૮૮॥

## વાર્તા ૮૯

સંવત ૧૯૬૫ના ચૈત્ર સુદ-૪ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "જેમ બાળક તુચ્છ પદાર્થ સારુ રોયા કરે છે તેમ જીવ મહારાજનું સુખ મૂકીને સ્વાદ, માનાદિક પંચવિષયમાં પ્રીતિ રાખે છે; તેથી મૂર્તિનું સુખ મળતું નથી."

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ‘‘ખાવું-પીવું એ આદિક પંચવિષયના રાગ છે તે ખાવું-પીવું બંધ કરવાથી ટળતા હશે કે નહિ?’’

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘મનને જે રુચે તે ન આપવું ને જેવું-તેવું જે મળે તે જમવું ને ધ્યાનનો અભ્યાસ રાખવો તો આસક્તિ ટળી જાય. એવી રીતે નિયમે કરીને આસક્તિ ટળે છે; જેમ સુરા ખાચરની ટળી ગઈ તેમ.’’

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, ‘‘સુરા ખાચરની આસક્તિ કેવી રીતે ટળી?’’

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘સુરા ખાચરને સ્વાદ બહુ હતો. તે દશ-પંદર વાસણમાં જુદાં જુદાં પ્રકારનાં ભોજન જમતા અને સ્વાદુ ન થાય તો કજિયો કરતા. એક વખતે તેમનાં પત્ની શાંતિબાઈને શ્રીજીમહારાજે કહ્યું જે, ‘તમને કથામાં આવતાં મોડું કેમ થાય છે?’ ત્યારે તે બોલ્યાં જે, ‘તમારા ભક્તને જમતી વખતે ઝાઝાં વાનાં જોઈએ છે ને તેમાં મરચા-મીઠામાં ફેર પડે તો કજિયો કરે છે, તેથી મારાથી કથાના જોગમાં અવાતું નથી.’ ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ‘આજથી તમારે એક-બે વાનાં કરવાં ને તે પણ મરચા-મીઠા વિનાનાં મોળાં કરવાં. અમે સુરા ખાચરને નિયમ આપશું જે તમારે જમતી વખતે કાંઈ માગવું નહિ ને બોલવું નહિ.’ પછી સુરા ખાચરને મહારાજે નિયમ આપ્યો અને તે બાઈએ મહારાજે કહ્યું હતું તેવી રીતે કર્યું. પછી સુરા ખાચર જમવા બેઠા તે મીઠામોળું ને થોડું જોઈને જાણ્યું જે મારો ધણી આવી પહોંચ્યા; નહિ તો આવું કરે નહિ. એમ શ્રીજીમહારાજની મરજી જાણીને અમૃતની પેઠે જમી ગયા. તેવું છ મહિના જમ્યા. પછી શાંતિબાઈને મહારાજે પૂછ્યું જે, ‘કેમ! ભક્ત કાંઈ બોલે છે?’ ત્યારે તે કહે જે, ‘ના, મહારાજ! તમારા ભક્ત હવે જેવું મળે તેવું જમે છે ને કજિયો કરતા નથી.’ પછી શ્રીજીમહારાજે કહ્યું જે, ‘હવેથી દેવની એટલે અમારી બુદ્ધિએ સેવા

કરજો.' પછી સારાં સારાં ભોજન કરીને જમાડવા માંડ્યાં, પણ સુરા ખાચરને રાગ ટળી ગયા, ને સારા-નરસાની સ્મૃતિ ન રહી ને સારું-નરસું સરખું થઈ ગયું."

"એમ નિયમે કરીને આસક્તિ ટળે, પણ પોતાની મેળે ત્યાગ કરે તો આસક્તિ ન ટળે. નિયમ લેવા તે પણ મોટાની પાસે દીન થઈને હાથ જોડીને લેવા; તો મોટા સહાયમાં ભળીને પાર પાડે. કેટલાક લાજે કરીને તથા દંભે કરીને વ્રત-ઉપવાસ કરે ને છાનું ખાય; તેણે તો શ્રીજીમહારાજને તથા સત્સંગને છેતર્યા; માટે એને તો પાપ લાગે. જેમ દહાડિયા ધણીના દેખતાં બહુ કામ કરે અને ધણી ન હોય ત્યારે બેસી રહે; તેમ દેખાડવા સાધન કરે તે પ્રેમીનું લક્ષણ ન પાળ્યું કહેવાય. અને જેમ ધણીના દેખતાં કામ કરે તેમ જ ધણી ન દેખે તોપણ તેવી જ રીતે કામ કર્યા કરે; તેમ મહારાજને રાજી કર્યા સારુ ધ્યાન-ભજન આદિક સાધન કરે ને મહારાજની વાતોમાં હીંસોરા થાય તે પ્રેમી કહેવાય."

એટલી વાત કરીને પછી સમાપ્તિ કરી. પછી બાપાશ્રી પોતાને ઘેર જમવા પધાર્યા ને સંતોએ થાળ કર્યા ને શ્રી ઠાકોરજીને જમાડ્યા ને પછી પંક્તિ થઈને સંત જમી ઊઠ્યા કેડે ઓસરીમાં કથા વાંચવા બેઠા. તે વખતે બાપાશ્રી સભામાં પધાર્યા. ત્યારે સંતોએ 'જય સ્વામિનારાયણ' કહ્યા.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "સ્વામિનારાયણ આ સભામાં આ ઊભા, જેને જોઈએ તે લો. પણ આ જીવને મંદવાડ છે તે ભજિયાં-વડાં ભાવે છે. તે શું? તો મહારાજની મૂર્તિ વિના અન્ય પદાર્થમાં રુચિ તે જ મંદવાડ છે. તે આ ફેરે મહારાજ ને મોટા મળ્યા છે તે રહેવા દેશે નહિ. જેમ તરસી ગાયો હીંસોરા કરતી જળના તળાવ ઉપર આવે તે જળ પીને તૃપ્ત થાય છે તેમ તમે સમુદ્ર ઓળંગીને હીંસોરા કરતાં આવ્યા છો તે અમે જાણીએ છીએ; અને શ્રી પુરુષોત્તમનો રસ લઈને તમને આપીએ છીએ. આવા મોટાને વિષે સદા ચઢતો ભાવ રાખે છે તેને પ્રસન્ન થઈને

સુખ આપીએ છીએ.''

એટલામાં નારાયણપુરથી પ્રેમજીભાઈનો દીકરો ભીમજી આવીને દંડવત કરીને સર્વેને પગે લાગીને બોલ્યો જે, ''મારા બાપને માંદાઈ ઘણી છે માટે મને મોકલ્યો છે તે આ સંત સહિત દર્શન દેવા પધારો.''

પછી બાપાશ્રીએ કહ્યું જે, ''અમે સર્વે સાંજે ત્યાં આવશું.''

પછી તે ગયો અને બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો સાંજે નારાયણપુર ગયા અને મંદિરમાં ઉતારો કરીને પ્રેમજીભાઈને ઘેર ગયા.

ત્યાં બાપાશ્રી બોલ્યા જે, ''હવે ક્યાં સુધી આ મંદવાડ રાખી મૂકવો છે?'' પછી પ્રેમજીભાઈએ કહ્યું જે, ''એ તો તમારા હાથમાં છે.'' ત્યારે બાપાશ્રી તાવ પ્રત્યે બોલ્યા જે, ''હવે જાતો રહે.'' એટલે તરત તાવ ઊતરી ગયો ને ઊલટી બંધ થઈ ગઈ ને ખાવા માંડ્યું ને સુવાણ થઈ ગઈ.

પછી બીજે દિવસે સંત-હરિજન સર્વે દહીંસરે ગયા, તેમને વળાવીને બાપાશ્રી વૃષપુર પધાર્યા અને સંત-હરિજન રામપુર થઈને ભુજ ગયા. ને ત્યાંથી ગુજરાત તરફ આવ્યા. ॥૮૯॥

## વાર્તા ૯૦

સંવત ૧૯૬૭ની સાલમાં ફાગણ માસમાં અમદાવાદથી સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંત તથા પ્રાણશંકરભાઈ આદિ હરિજનો તથા મુળીના સંતો તથા ઝાલાવાડના હરિજનો સર્વે કચ્છ દેશમાં ગયા હતા. તે ભુજ થઈને ફાગણ સુદ-૧૩ને રોજ શ્રી વૃષપુર ગયા અને ત્યાં ફાગણ સુદ-૧૫મે બાપાશ્રીએ વચનામૃતની પારાયણ બેસારી હતી, તે સાત દિવસે પૂરી થઈ. પછી દેશાંતરના હરિજનો પોતપોતાને ગામ ગયા. અમે થોડાક સંત તથા હરિજનો ત્યાં રહ્યા હતા ત્યારે બાપાશ્રીએ વાતો કરી હતી તે નીચે લખી છે:

ફાગણ વદ-૭ને રોજ સવારે પ્રથમ પ્રકરણનું ૬૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં આત્મનિષ્ઠા અતિશય દૃઢ થાય ત્યારે કોઈ રીતે ધીરજ ડગે નહિ એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જેને આત્મનિષ્ઠા ન હોય તેને મહારાજ અથવા મુક્ત સમાધિ કરાવે ને તેને તેજનો સમૂહ દેખાય તો લાડકીબાઈની પેઠે બીક લાગે; જેમ વરસાદમાં કડાકા થાય ત્યારે બાળક બીએ તેમ. સ્વરૂપનિષ્ઠાવાળાને તો ધ્યાનમાર્ગમાં એ કાંઈ આડું આવતું નથી. એને તો વ્યતિરેક મૂર્તિ એક જ રહે છે. અને જે સમાધિમાર્ગમાં જાય છે તેને પ્રણવ અને નાદ આડા આવે છે. તે પર્વતભાઈ મયારામ ભટ્ટને કહેતા જે, 'તુર્યા અવસ્થા ને મહાકારણ દેહ તે શ્રીજીમહારાજના ધામથી ઓરાં છે. તમે તુર્યા અવસ્થા ને મહાકારણ દેહ તેની વાત પ્રત્યક્ષ મૂર્તિને મૂકીને શું કૂટ્યા કરો છો? તુર્યા અવસ્થા તો ધામમાં જાતાં માર્ગમાં આવે છે તે અમે ભાળી છે; એમાં કાંઈ માલ નથી.'"

"શ્રીજીમહારાજની મૂર્તિ વિના સર્વે કાચું છે અને પ્રણવ ને નાદ તે પણ મૂળપુરુષના અંગૂઠામાંથી નીકળે છે ને એ સર્વે મૂળપુરુષનું કાર્ય છે. માટે એને સંભારવા નહિ, કેમ જે એ તો સકામ છે. સ્વરૂપનિષ્ઠાવાળાને તો શ્રીજીમહારાજના તથા મુક્તના મુખનાં વચન યથાર્થ સમજાય તે પ્રણવ અને નાદ છે; અને તે નિષ્કામ છે. જે અંતર્વૃત્તિવાળા છે એ તો ત્રણે અવસ્થામાં મૂર્તિમાં જોડાઈ રહે છે. સમાધિમાર્ગ રસિક છે, પણ તેમાં વિઘ્ન છે. તે નવા આદરવાળાને સમાસ કરે, પણ એકાંતિકને સમાધિ કામની નથી."

"આ જીવનું ગજું થોડું ને મહારાજનો મહિમા અપાર તે શી રીતે જાણી શકે? મહારાજનો મહિમા જણાય તો સાધનનો ભાર રહે નહિ. અને મહિમા ન જણાય તો જપ, તપ, ત્યાગ, વૈરાગ્ય, આદિ સાધનનો ભાર જણાય. જેમ ભાતું બાંધીને ચાલ્યો તે ભારે મરે અને તેને ખાવાના સંકલ્પ કર્યા કરે, અને જે ખાઈ ગયો તેને ભાર પણ ન

રહે ને સંકલ્પ પણ ન થાય; તેમ જેને મહાપ્રભુજીનો મહિમા છે તે સ્વરૂપનિષ્ઠાવાળો છે. તે તો મહારાજની મૂર્તિના સુખરૂપી સમુદ્રમાં ઝીલ્યા કરે ને એને કોઈ વિઘ્ન આડું આવે નહિ. સાધનના ભારવાળાને તો કોઈનો અવગુણ પણ આવી જાય, તથા ભૂંડા દેશ-કાળ પણ લાગી જાય તે કલ્યાણના માર્ગમાં મોટું વિઘ્ન આવે ને સાધન કરેલાં હોય તે પણ જતાં રહે. માટે સાધન છે તે માગેલાં ઘરેણાં છે, તે કોઈક લઈ પણ જાય. માટે સાધનનો ભાર રાખવો નહિ.''

''મહારાજનો ને મુક્તનો મહિમા સમજીને નિષ્કપટ થઈને મોટા આગળ હાથ જોડીને હાજર ઊભા રહેવું; તો મોટા એના સર્વે દોષ ટાળીને પોતાના જેવો કરે. જે શ્રીજીમહારાજની આજ્ઞા લોપતો હોય તેના ઉપર શ્રીજીમહારાજ તથા તેના મુક્ત રાજી ન થાય, તેથી તેનું સારું પણ ન થાય. માટે પ્રસન્નતાનાં સાધન કરવાં, એટલે પોતાના મનનું ગમતું મૂકી દઈને મહાપ્રભુજીની ને મોટા મુક્તની અનુવૃત્તિમાં રહેવું. નવા સાધુ કાલે થયા હોય ને તે જો ધર્મવાળા હોય ને શ્રીજીમહારાજને વિષે પ્રીતિવાળા હોય તો તેના દાસાનુદાસ થઈને રહેવું. અને ભગવાન તથા સંતમાં આત્મબુદ્ધિ કરવી. જો ભગવાન ને મોટા સંત તથા તેમનાં કરેલાં શાસ્ત્રને વિષે આત્મબુદ્ધિ ન હોય ને તે સાધુ થયો હોય તોપણ તે માન, મોટપ તથા ખાધાપીધાને માટે સત્સંગમાં રહ્યો હોય, પણ તે ભક્ત નથી એમ જાણવું; અને જેને સત્સંગમાં આત્મબુદ્ધિ હોય તેને ભક્ત જાણવો.'' ॥૯૦॥

## વાર્તા ૯૧

સંવત ૧૯૬૭ના ફાગણ વદ-૮ને રોજ સવારે સભામાં પ્રથમ પ્રકરણનું ૨૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં દિવસે દિવસે ભગવાનનું અતિશય માહાત્મ્ય જણાય તેને અર્થે સાધુનો સંગ નિરંતર રાખવો એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ જોગ બહુ સારો છે, માટે કરી

લેવો. આ જોગ સદા ન રહે. ઓચિંતાનો દેહ પડી જાય કે ઓચિંતાનો જોગ મટી જાય; માટે ઝટ કરી લો. આ તો વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. જેમ વરસાદ વરસે ત્યારે સર્વત્ર જળ હોય ને પછી કાંઈ ન મળે; તેમ આ જોગ સદા ન હોય. આ જોગ ગયા કેડે આવો જોગ મળવો ઘણો દુર્લભ છે. બીજા મળે તો સંગદોષ પણ લાગી જાય, અને મોટા તો સંગદોષ પણ લાગવા દે નહિ અને મોક્ષ કરે. જેમ સમુદ્રને સુખે કરોડો મગર-મચ્છાદિક જળજંતુ સુખી રહે છે, તેમ આ પુરુષને જોગે કરોડો જીવ સુખી છે; એવા જોગમાં તમે આવી પહોંચ્યા છો. મોટાના સંકલ્પ તો કરોડો બ્રહ્માંડોને ધામમાં લઈ જાય એવા બળવાન છે. આવા કહેનારા આવ્યા છતાં દુખિયા રહે તે કોનો વાંક છે?''

''આજ સનાતન મહારાજ ને સનાતન મુક્ત મળ્યા છે; તેમની બરાબર બીજું કોઈ છે જ નહિ. એમની સેવા પણ સનાતન છે, તે કેવી? તો (એક શાકનું ફોડવું હાથમાં લઈને બોલ્યા જે) આ એક શાકનો પીતો છે તે આ મુક્તને અર્પણ કરે તો અર્પણ કરનારને અનંત કોટિ બ્રહ્માંડના જીવોનો આત્યંતિક મોક્ષ કરવાની સામર્થી મળે; એટલું ફળ તો આ પૈસાભારનું એક ફોડવું છે તેટલી સેવાનું થાય છે; તો મોટા મુક્તની સેવા ને પ્રસાદીનો મહિમા ને મહારાજના સુખની વાતો સાંભળવી તેના સુખનો તો પાર જ ક્યાંથી પમાય? એવી દિવ્ય સેવા મળી છે. તેને પામવાનો આ જીવને ખપ થતો નથી ને બીજાં રસ, રૂપ, સ્નેહ, માન, એમાં હેત અને ત્વરા બહુ રહે છે એવી જીવની ઊંધાઈ છે.''

''આ ટાણે માળા, માનસી પૂજા, ભક્તિ, નિયમ, ધર્મ, કથા, વાર્તા કરો છો તેનું ફળ મહારાજની મૂર્તિનું સુખ છે તે અમે સર્વને રાજી થઈને આપીશું.'' એ વર દીધો. ॥૯૧॥

## વાર્તા ૯૨

સંવત ૧૯૬૭ના ફાગણ વદ-૮ને રોજ બપોરે સભામાં સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''શ્રીજીમહારાજ અથવા મોટા મુક્ત મૂર્તિનું

સુખ જીવને આપી દે તો એમને શું કઠણ છે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જીવ વેપાર કરવા માંડે એવા છે. તે વેપાર એટલે કોઈકને જણાવે અથવા કોઈ નજરમાં જ ન આવે ને પોતાને સરસ માને; માટે નથી આપતા. જ્યાં સુધી પાત્ર થાય નહિ ત્યાં સુધી મહારાજ અંદરપડદે રહે છે. પાત્ર થયા વિના દર્શન આપે તો જીવને માન આવે અને પૂજ્યપણું વધે, માટે અંતે દેખાડીશું. ત્યારે કોઈકને સંશય થાય જે, 'પાત્ર થયા વિના મૂર્તિમાં કેમ લઈ જશો?' તો જેને અધૂરું હશે તેને દેહને અંતે પાત્ર કરીને પૂરું કરાવશું; પણ જન્મ નહિ ધરાવીએ. જેને મોટાનો જોગ થયો તેને તો દયા કરીને પૂરું કરાવશું. જીવ બિચારા કેટલાં સાધન કરશે! આજ તો મહારાજ ને મોટા કૃપાસાધ્ય છે તે ખપવાળાનું પૂરું કરે છે.''

આટલી વાર્તા કરીને સમાપ્તિ કરી.

તે જ દિવસે સાંજે સભામાં મધ્ય પ્રકરણનું ૫૬મું વચનામૃત વંચાતું હતું. તેમાં શ્રી ગોપાળાનંદ સ્વામી જેવા મોટાને ભૂંડા દેશ, કાળ આદિકનો જોગ થાય તો ભગવાનમાં પ્રીતિ છે તેનું કાંઈ ઠેકાણું રહે નહિ એમ આવ્યું.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''શ્રી ગોપાળનંદ સ્વામી તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છે તેમને ભૂંડા દેશકાળાદિક લાગે એમ કહ્યું તેનું શું કારણ હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એ તો સાધનિકને બીક લગાડવા માટે કહ્યું છે, પણ એ તો શ્રીજીમહારાજના જેવા જ સમર્થ છે ને માયાને નર્ક તુલ્ય જાણે છે. જેમ રાજા ભિખારીના વૈભવને ઈચ્છે નહિ, તેમ મુક્ત તો માયાને તુચ્છ જાણે છે; કેમ જે મહારાજના સુખ આગળ માયાનું સુખ તો કાકવિષ્ટા તુલ્ય છે એમ જાણીને તેના સામું જોતા જ નથી. જેમ રાજા ભિખારીનું ઘર જાણતા નથી જે એ ક્યાં હશે તેમ.'' ॥૯૨॥

## વાર્તા ૯૩

સંવત ૧૯૬૭ના ફાગણ વદ-૮ને રોજ રાત્રિએ સભામાં સ્વામી ઈશ્વરચરણ-દાસજીએ પૂછ્યું જે, "શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતોમાં ચાર પ્રકારના મુક્તના ભેદ કહ્યા છે તે કેવી રીતે સમજવા?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એ ભેદ સાધનદશાવાળા મુક્તની સ્થિતિના છે. જે શ્રીજીમહારાજની મૂર્તિને જ દેખે અને પોતાની પણ સ્મૃતિ ન રહે તે ઉત્તમ ભેદ છે; અને જે પોતાની સ્મૃતિએ સહિત મૂર્તિ દેખે તે બીજો ભેદ છે; અને જે મહારાજને, પોતાને ને અક્ષરધામને દેખે તે ત્રીજો ભેદ છે; અને મહારાજને, પોતાને, ધામને અને અનંત મુક્તને દેખે તે ચોથો ભેદ છે. એમ સાધનદશાવાળાની સ્થિતિ કહી છે. અને અક્ષરધામમાં કહ્યા છે તે જ્યાં મૂર્તિ ત્યાં અક્ષરધામ કહ્યું છે; માટે અહીંની ને અક્ષરધામની એકતા કહી છે."

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, "અમદાવાદના ૬ઠ્ઠા વચનામૃતમાં અક્ષરધામને વિષે મોહોલ, બાગ, બગીચા કહ્યા છે તે કેવી રીતે સમજવા?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ પૃથ્વીને વિષે જે જે ગામોમાં જેને જેને ઘેર શ્રીજીમહારાજ વિરાજ્યા તે સર્વે શ્રીજીમહારાજને સંબંધે કરીને અક્ષરધામ તુલ્ય દિવ્ય જાણવાં. માટે આ લોકને વિષે શ્રીજીમહારાજ જેને ઘેર વિરાજ્યા તે મોહોલ જાણવા. અને જેના ગોખમાં, ઝરૂખામાં, બાગમાં, બગીચામાં જ્યાં જ્યાં વિરાજ્યા તે સર્વે અક્ષરધામ તુલ્ય જાણવાં. એ સર્વે આ પૃથ્વીનાં વર્ણન કર્યાં છે, પણ અક્ષરધામમાં નથી. માટે શ્રીજીમહારાજના સંબંધે કરીને તે સ્થાનોને અક્ષરધામ સમજવાં." ॥૯૩॥

## વાર્તા ૯૪

સંવત ૧૯૬૭ના ફાગણ વદ-૯ને રોજ સવારે સભામાં સ્વામી ઈશ્વરચરણ-દાસજીએ પૂછ્યું જે, "મધ્ય પ્રકરણના ૬૪મા વચનામૃતમાં

ભગવાનની યોગમાયાએ કરીને પચાસ કોટિ યોજન પૃથ્વી તે પ્રલયને વિષે પરમાણુરૂપ થઈ જાય છે એમ કહ્યું છે. તે માયાનો શો અર્થ સમજવો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''માયા તે સમૃદ્ધિને જાણવી. શ્રીજીમહારાજ સર્વેના સ્વામી છે અને બીજું સર્વે છે તે શ્રીજીમહારાજની માયા એટલે સમૃદ્ધિ છે. અક્ષર છે તે મહારાજની માયા એટલે સમૃદ્ધિ છે, અને બ્રહ્મ છે તે અક્ષરની માયા એટલે સમૃદ્ધિ છે. અને મૂળપુરુષ છે તે બ્રહ્મની માયા એટલે સમૃદ્ધિ છે એમ જાણવું; પણ પ્રકૃતિરૂપ માયા છે તે આ ઠેકાણે ન જાણવી. એ પ્રકૃતિરૂપ માયા છે તે તો મૂળપુરુષની છે.''

''સ્વર્ગ અને નર્ક તે ઉપર એ સ્વર્ગ અને નીચે તે નર્ક એમ જાણવું, પણ યમપુરી ને ચોરાસી છે તે આ ઠેકાણે ન જાણવી. ઊંચા-નીચાનો અર્થ તે પણ શ્રેષ્ઠ-કનિષ્ઠ જાણવો, પણ તળે-ઉપર ન જાણવું. એમ કહેવાય છે કે અક્ષરધામ સર્વથી ઊંચુ છે તે એમ સમજવું જે અક્ષરધામ સર્વેથી શ્રેષ્ઠ છે; પણ ઊંચુ એટલે ઉપર છે ને અહીં નથી એમ ન જાણવું; કેમ જે અક્ષરધામ તો સર્વત્ર છે, અને શ્રીજીમહારાજ પણ સર્વત્ર છે. ઊંચા-નીચાનો અર્થ તે શ્રેષ્ઠ-કનિષ્ઠ છે અને 'પર'નો અર્થ પણ શ્રેષ્ઠ છે.''

''તેમ જ ઉત્તરોત્તર સુખમાં પણ ફેર છે ને તારતમ્યતા છે. મહારાજની મૂર્તિના સુખથી મુક્તનું સુખ ઓછું છે ને તેથી ધામનું સુખ ઓછું, તેથી મૂળઅક્ષરોની કોટિઓનું સુખ ઓછું, તેથી અક્ષરોના મુક્તનું સુખ ઓછું, તેથી બ્રહ્મની કોટિઓનું સુખ ઓછું, ને તેથી મૂળપુરુષરૂપ ઈશ્વરોનું સુખ ઓછું છે; એમ તારતમ્યતા છે.'' ॥૯૪॥

## વાર્તા ૯૫

સંવત ૧૯૬૭ના ફાગણ વદ-૯ને રોજ બપોરે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''તમને મળ્યા છે તે સનાતન સ્વરૂપ છે અને ધામ

પણ અનાદિ છે. એવું બીજું કોઈ ધામ નથી અને મહારાજ જેવા કોઈ પતિ નથી અને મુક્ત જેવા કોઈ ગુરુ નથી; માટે તેમને મૂકીને બીજે ક્યાંયે સારપ રાખવી નહિ. જેમ ચક્રવર્તી રાજાની રાણીને રાજા વિના બીજાને વરવાનો સંકલ્પ થાય નહિ, તેમ શ્રીજીમહારાજને મૂકીને બીજો સંકલ્પ કરવો નહિ.''

''શ્રીજીમહારાજ સર્વેના આધાર છે અને સર્વેના કારણ છે. ને ધામ જે તેજ, તે પણ શ્રીજીમહારાજની મૂર્તિને આધારે છે. જો ધામને આધારે મહારાજ રહ્યા છે એમ કહીએ તો મહારાજનું કારણ ધામ થાય; માટે એમ ન સમજવું. કારણ ને આધાર તો મહારાજ છે. અને અનાદિમુક્ત પણ મહારાજની મૂર્તિની અંદર છે, માટે અનાદિમુક્તના આધાર પણ મહારાજ છે; પણ ધામ આધાર નથી. કારણ વસ્તુને જ આધાર કહેવાય; પણ કાર્ય વસ્તુને આધાર ન કહેવાય. જેમ પૃથ્વીનું કારણ જળ છે તે જળ પૃથ્વીનું આધાર છે તેમ જ જે કારણ હોય તે જ આધાર હોય ને જે કાર્ય હોય તે કારણને આધારે હોય. જેમ સૂર્યનો પ્રકાશ સૂર્યની મૂર્તિને આધારે છે, અને અગ્નિની જ્વાળા અગ્નિની મૂર્તિને આધારે છે; તેમ શ્રીજીમહારાજ તે ધામના કારણ છે.''

''અને શ્રીજીમહારાજના પ્રકાશરૂપ અક્ષરધામને વિષે શ્રીજીમહારાજને સન્મુખ પરમ એકાંતિક મુક્ત રહ્યા છે, અને તે અક્ષરધામની કિરણ કિરણ પ્રત્યે કોટાનકોટિ મૂળઅક્ષરોની કોટિઓ તથા બ્રહ્મની કોટિઓ તથા મૂળપુરુષ ઈશ્વરોની કોટિઓ તથા સર્વે બ્રહ્માંડ રહ્યાં છે. અને શ્રીજીમહારાજ એ અક્ષરધામને વિષે સદા સાકાર મૂર્તિમાન રહ્યા છે. અનાદિમુક્ત જે શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા છે તે સર્વે સદા સાકાર મૂર્તિમાન છે. અને એ ધામમાં શ્રીજીમહારાજને સન્મુખ પરમ એકાંતિક મુક્ત રહ્યા છે તે સદા સાકાર મૂર્તિમાન છે; અને મૂળઅક્ષરો તથા તેમના મુક્તો, તથા વાસુદેવબ્રહ્મની કોટિઓ તથા તેમના મુક્તો, તથા મૂળપુરુષ ઈશ્વરોની કોટિઓ તથા તેમના મુક્તો, તે સર્વે સાકાર છે.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, “મૂળઅક્ષરોને તથા તેમના મુક્તોને, અને બ્રહ્મને તથા તેમના મુક્તોને અને મૂળપુરુષોને તથા તેમના મુક્તોને આત્યંતિક મોક્ષની ઈચ્છા થાય ત્યારે ત્યાંથી જ પાધરો મોક્ષ થતો હશે કે કેમ?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “જ્યારે એમને મોક્ષની ઈચ્છા થાય ત્યારે આ લોકને વિષે જે બ્રહ્માંડમાં જ્યાં શ્રીજીમહારાજ અથવા તેમના મુક્તો જીવોનો મોક્ષ કરવા પ્રગટ થયા હોય તે ઠેકાણે આવીને શ્રીજીનો અથવા મુક્તનો સમાગમ કરે ને શ્રીજીના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય ત્યારે મુક્ત થાય.” ॥૯૫॥

## વાર્તા ૯૬

સંવત ૧૯૬૭ના ફાગણ વદ-૧૦ને રોજ સવારે સભામાં કારિયાણીનું ૧લું વચનામૃત વંચાતું હતું. તેમાં ભગવાનનો ભક્ત લટ-ભ્રમર ન્યાયે ભગવાનને આકારે થઈ જાય છે એમ આવ્યું.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, “એ તો શ્રી પુરુષોત્તમને સજાતિ થયા ત્યારે સ્વામી-સેવકપણું કેમ રહે?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “જેમ બાપને વિષે પુત્રને બાપપણાનો ભાવ રહે છે અને જેમ રાજાને વિષે રાણીને સ્વામીપણાનો ભાવ રહે છે, તેમ સ્વામી-સેવકપણું રહે છે. મહારાજનું આપ્યું સુખ ભોગવે છે માટે મહારાજ દાતા છે ને મુક્ત ભોક્તા છે, તેથી સ્વામી-સેવકપણું રહે છે. તે મધ્ય પ્રકરણના ૬૭મા વચનામૃતમાં કહ્યું છે જે, ‘મેં જેવા ભગવાનને જાણ્યા તેવો તો ભગવાને મને કર્યો છે અને વળી મારા જેવા તો અનંત છે.’ માટે શ્રી પુરુષોત્તમરૂપ થાય છે, તોપણ શ્રી પુરુષોત્તમ સર્વેને પર ને પર ભાસે છે. એ પ્રતાપ ને સામર્થી જોઈને સ્વામી-સેવકપણું અતિશય દૃઢ થાય છે. જેમ અગ્નિમાં કાષ્ઠ નાખીએ તે બળી જાય છે ત્યારે અગ્નિરૂપ થઈ જાય છે, પણ કાષ્ઠથી મૂળ અગ્નિ જુદો છે; તેમ મુક્ત પુરુષોત્તમરૂપ થઈ જાય છે, તોપણ પુરુષોત્તમમાં ને

મુક્તમાં જુદાપણું રહે છે. જેમ જળમાં માછલાં રમે છે તેમ મહારાજની મૂર્તિમાં મુક્ત રમે છે ને નવાં નવાં સુખ લે છે, પણ પાર પામતા નથી.'' ॥૯૬॥

## વાર્તા ૯૭

સંવત ૧૯૬૭ના ફાગણ વદ-૧૦ને રોજ બપોરે સભામાં સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''જ્યારે જીવને વ્યતિરેક મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે ત્યારે જીવ ભગવાનની સમીપે જતો હશે કે મહારાજ જીવની સમીપે આવતા હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જ્યારે જીવને અનાદિમુક્તનો જોગ થાય છે અને જીવ પોતાના મનનું ગમતું મૂકીને અને કામ, ક્રોધ, લોભ, માન, અહંકાર, મોહ આદિક સર્વે દોષ ટાળીને મોટાને જીવ સોંપી દે અને આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ કરે અને અનુવૃત્તિમાં રહે ને ખરો ગરજવાન અને દીન થાય ત્યારે મોટા પ્રસન્ન થઈને એના પડદા ટાળી નાખે ને મૂર્તિ દેખાય. એવી રીતે અનાદિમુક્ત પમાડે છે, પણ મહારાજને કે જીવને આવવું-જવું પડતું નથી. જેમ કોઈકને ઘેર મહેમાન આવે તેને ઘરધણી જે જમે તે જમાડે, તેમ મોટા પાસે મહારાજની મૂર્તિ છે, તે જે આશરે થાય તેને આપે છે.''

''આજ અમૃતનું નોતરું આવ્યું છે. જેમ વરસાદ વરસે છે ત્યારે ઘણા પ્રકારના રસ, મેવા આદિક થાય છે; તેમ આજ મહારાજ ને મુક્ત પ્રગટ થયા છીએ, તે સર્વે જીવોને મુક્ત કરીને મહારાજની મૂર્તિનું સુખ જેવું છે એવું જ આપવું છે. અમારે પારકા-પોતાના કોઈ નથી. મોટાનો જોગ કરીને મહિમા જાણ્યો હોય તેને કદાપિ માયિક સંકલ્પ થાય તે વખતે જો આવા મોટાને સંભારે તો એના સંકલ્પનો નાશ કરે. વળી ગમે એવો વિષમ દેશકાળ હોય, પણ જો શ્રીજીમહારાજને અને મુક્તને સાથે રાખે તો એનો ભાર નહિ જે એ નડી શકે.''

''મહારાજનો મહિમા યથાર્થ જાણ્યો હોય તેને બહુ સુખ આવે.

જેમ ભોજન એક હોય ને પીરસનાર પણ એક હોય, પણ જમનારની રુચિ પ્રમાણે જમાય છે; તેમ મહારાજનું સુખ મુક્ત આપે છે, પણ જેટલો મહિમા ને જેટલો વિશ્વાસ ને જેટલી શ્રદ્ધા તે પ્રમાણે લેવાય છે. જેમ સાજો જમે તેટલું માંદાથી ન જમાય તેમ. આ સત્સંગમાં ઘાટ ન થાય એવા મુક્ત ઘણા હોય, પણ બીજાના ઘાટને ટાળી નાખે એવા મુક્તની સાથે દૃઢ પ્રીતિ ને આત્મબુદ્ધિ કરવી; ને એવા સમર્થનો જ જોગ કરવો.''

''આજ મહાપ્રભુજી તથા મુક્ત કૃપાસાધ્ય છે, તે જેમ રાજાને એક એરંડાકાકડી (પોપૈયો) આપે તેમાં રાજ્ય આપી દે; તેમ આપણે આજ્ઞા પાળીએ તે એરંડાકાકડી આપ્યા જેટલું છે તેમાં મૂર્તિનું સુખ આપી દે. મહારાજની મૂર્તિનો જેટલો મહિમા જાણે છે તે પ્રમાણે સુખ આવે છે તે ત્યાં સર્વે બતાવશું.'' એ વર દીધો. ॥૯૭॥

## વાર્તા ૯૮

સંવત ૧૯૬૭ના ફાગણ વદ-૧૧ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''સાધુએ ઝોળીનું અન્ન જમવું તે ઉપવાસી કહેવાય, અને પત્તરમાં બધું ભેળું કરીને તેમાં પાણી નાખીને જમે તે ગોળા જમ્યા જેવું કહેવાય, અને જુદું જુદું જમે તે સ્વાદિયો કહેવાય. નાના પ્રકારના રસ પ્રાપ્ત થાય તોપણ યોગ્ય હોય તેટલું જ જમવું. અને થાળ કરવો તે શ્રીજીમહારાજને રાજી કરવા સારુ કરવો, પણ પોતાની આસક્તિથી કરવો નહિ. જો રસમાં આસક્તિ હોય તો કોઈક સારાં ભોજન જમાડે તેનો ગુણ આવે, ને કોરા રોટલા આપે તેનો અવગુણ આવે; માટે આસક્તિ ન રાખવી. આ વાત જીવમાં પેઠી હોય તો જેવું તેવું મળે તેમાં આનંદ થાય ને સારા વિષય મળે તેમાં ઉદાસ થવાય.''

''ઘાટ ઊપજે તેને સમાવે તે સંત કહેવાય ને ન ઊપજે તે ભગવંત એટલે ભગવાન જેવા કહેવાય. જ્યારે-ત્યારે ચોખ્ખું થયા વિના છૂટકો નથી.''

''મહારાજને જેવા છે તેવા જાણ્યા હોય તો વાયુ તથા વરસાદ

બહુ આવે કે ન આવે તો એમ જાણે જે મહારાજની મરજી પ્રમાણે થાય છે અને તે કોઈ જગ્યાએ અધર્મમાં ઊભો રહે નહિ ને જે કામ કરે તે મહારાજને સાથે રાખીને કરે. મહારાજને ભેળા રાખ્યા વિના એકેય કામ પૂરું થાય નહિ; માટે મહારાજને ભેળા રાખવા.''

''ને માન-સન્માનની તથા કોઈ શબ્દની કિંમત કરવી નહિ જે આમ બોલ્યો કે આમ બોલ્યો. માન પાપરૂપ છે ને સન્માન સર્પ તુલ્ય છે. માને કરીને લોભનો, કામનો, પ્રકૃતિનો સેવક થઈ રહે છે અને એ સર્વે દોષને ગુરુ માને છે. માની હોય તેને પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કરવો પડે તો હા ન પાડે ને પોતાને જાણે (પોતાની ઈચ્છાએ) એકના લાખ ઉપવાસ કરે તેની ગણતરી નહિ. સભામાં પોતાની મેળે ઊભું થાવું હોય તો સો ફેરા ઊભો થાય, પણ કોઈક સંત કે હરિજન ઊભો કરે તો એક ફેરો પણ ઊભો ન થાય. બીજા કોઈકને પ્રાયશ્ચિત્ત કરાવતા હોય ત્યારે તેનો પક્ષ લે જે, 'નહિ કરે', તેને તો વિમુખ અને અધર્મી જાણવો. કોઈકના કહેવાથી ઊભો થાય કે પ્રાયશ્ચિત્ત કરે તો આખી સભા અને શ્રીજીમહારાજ રાજી થાય. જો મહારાજનું અંતર્યામીપણું જાણ્યું હોય તો તે કરવું કાંઈ કઠણ પડે નહિ, માટે બધું તપાસ કરવા જેવું છે.''

''સિદ્ધપુરના રણછોડલાલભાઈએ પોતાના રૂપિયા ખરચીને મંદિર કરાવ્યું હતું. તે વાત આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કોઈકે કહી જે, 'રણછોડલાલભાઈએ મંદિરનું ધાબું વાળીને બગાડ્યું ને ખર્ચ બહુ કર્યું.' તેથી મહારાજશ્રીએ તેમનું બહુ અપમાન કર્યું. ત્યારે રણછોડલાલભાઈ બોલ્યા જે, 'મહારાજ, કૃપાનાથ! ઠાકોરજીના રૂપિયા હતા તે પહોંચ્યા એવું કર્યું.' પછી કોઈક સંતે કહ્યું જે, 'રણછોડલાલભાઈએ પોતાના પદરના રૂપિયા ખરચીને મંદિર કર્યું છે.' ત્યારે મહારાજશ્રીએ કહ્યું જે, 'તમે તમારા રૂપિયાથી મંદિર કર્યું તે અમે જાણતા નહોતા ને મંદિરના રૂપિયાથી કર્યું છે એમ જાણીને વઢ્યા તે અમે તમારો અપરાધ કર્યો.' ત્યારે રણછોડલાલભાઈ બોલ્યા જે, 'મહારાજ! આમાં તે તમે શું કહ્યું છે? પણ ખાસડાં મારો તે ખંખેરીને

તમને પાછાં આપું ત્યારે હું રણછોડીઓ તમારો દાસ ખરો. એમ બોલ્યા, પણ અવગુણ લીધો નહિ.''

''મહારાજને સાથે રાખે તો એવા ભક્ત થવાય ને મહારાજને પડ્યા મૂકે તો ક્રોધના, માનના, કામના, લોભના ઘાટ થાય. જુઓને! શ્રી મુક્તાનંદ સ્વામી નાના સાધુને પણ કેવી રીતે માન દઈને બોલાવતા! એવું દાસપણું રાખવું. શ્રી સદાનંદ સ્વામીને બાવળીમાં ભાણદાસ નામના વૈરાગીએ માર્યા તે વૈરાગીની લાકડી ભાંગી ગઈ તેનો ખરખરો કર્યો, પણ પોતાને વાગ્યું તેનું કાંઈ ન કહ્યું; એવું નિર્માનીપણું રાખવું.''

''ભગવાનના ભક્ત સાથે તો હારીને જ રાજી થાવું, તો તેની ભક્તિ આપણને મળે; ને જીતીને રાજી થઈએ તો આપણી ભક્તિ તેને જાય; પણ એ માર્ગ થોડાને હાથ આવે. કેટલાક તો સામો માણસ નમે તો રાજી થાય જે, 'કેવો નમાવ્યો છે!' પણ લૂગડાં લઈ લીધાં તેની ખબર ન પડે. જે હાર્યો તે જ ખાટ્યો. આ સત્સંગમાં પોતાની ભૂલ ઓળખાય એ જ શ્રી સ્વામિનારાયણનો પ્રતાપ ને કૃપા છે. જે પોતાની ભૂલ જાણે તે તો ભૂલો પડેલો પાછો ઘેર આવ્યો કહેવાય. આ વાત પાત્ર થવાની છે, તે મોટા સાથે મન જોડે તો પોતાની ભૂલ ઓળખાય ને પાત્ર થવાય ને જીવમાં બળ આવે. પાત્ર થયા વિના મહારાજ રહે નહિ; જેમ મંદિર વિના દેવ રહે નહિ તેમ. માટે પાત્ર થાય તો મહારાજનું સુખ આવે.''

''અંતર્વૃત્તિ કરીને મહારાજની મૂર્તિમાં જોડાવું. અને ક્રિયારૂપ પણ થાવું નહિ. ક્રિયારૂપ થાય તો મહારાજ પડખે રહી જાય. જે જે કારખાનાં, ધર્માદો વગેરે કરવું તે શ્રીજીમહારાજને સાથે રાખીને તેમની પ્રસન્નતાને અર્થે કરવું; પણ માન, મોટપ કે વખાણ સારું ન કરવું. ક્રિયા કરતાં મહારાજની સ્મૃતિ ભૂલી જવાય તો ખોટ બહુ આવે. 'આ દેશમાં આ સાધુ ગયા તે સુધારો સારો કર્યો કે મંદિર સારું કર્યું, આવડત સારી છે' એમ વખાણે ત્યારે એમ જાણવું જે, 'એ બધું શ્રીજીમહારાજ વડે છે

ને સેવા-ભક્તિ સર્વે શ્રીજીમહારાજની છે, ને મંદિર તો ગૃહસ્થોએ કર્યું છે, અને આપણને તો ફક્ત પાસે રાખ્યા હતા'; એમ સમજીને મહારાજને ધણી રાખવા, પણ પોતે ધણી થાવું નહિ; તો સુખિયા થવાય. જો માન, સન્માન કે ક્રિયાના ધણી થાય તો દુખિયા થવાય.''

''મહારાજને જે વખતે ભૂલી જવાય તે વખતે તે વાંઝિયો કહેવાય. જેમ મા-બાપ મહેનત કરીને પૈસા ભેળા કરીને છોકરાને આપે ત્યારે તે છોકરો કહે જે, 'એ તો મેં કર્યું', તેમ કર્તા થાય તેનાથી દાસપણું રહે નહિ. રાજાના કારભારી રાજાને વિષે દાસત્વપણું ન રાખે તો એક ઘડી પણ રહેવા દે નહિ; તેમ શ્રી સ્વામિનારાયણના સંપ્રદાયમાં આવીને શ્રી સ્વામિનારાયણની મૂર્તિને સાથે ન રાખે તો તેને સુખ ન આવે. માયિક પદાર્થને રાખનાં પડીકા જેવાં જાણીને ઇંદ્રિયો-અતંકરણને પાછાં વાળીને મહારાજની મૂર્તિમાં જોડી દેવાં ને કહેનારા ઉપરી રાખવા. ઉપરી ન હોય તો જીવ શૂન્યકાર થઈ જાય ને કહેનારા હોય તો સુખી રહેવાય ને જ્ઞાન વધે. માટે દાસપણું રાખીને મંડ્યા રહેવું, તો સુખિયા રહેવાય. અમારે નારાયણપુરવાળા જાદવજીભાઈ હતા, તેમાં વ્યાવહારિક બુદ્ધિ ઘણી હતી ને મહારાજને સાથે રાખતા ને સુખિયા પણ ઘણા હતા.''

''જ્યાં સુધી ઇંદ્રિયોમાં નિશ્ચય હોય ત્યાં સુધી ઘાટ થાય ને જ્યારે જીવમાં મહારાજનો નિશ્ચય થાય ત્યારે ઘાટ ન થાય. માટે બાળ અવસ્થામાંથી એકદમ વૃદ્ધ થઈ જાવું ને મૂર્તિમાં જોડાઈ જાવું, ને એક મૂર્તિ ને મુક્ત તે જીવન માનવું. જેમ માછલાંને જળ જીવન મનાણું છે તો મોટા મોટા મગર ને મોટા મોટા હાથી તણાઈ જાય, પણ માછલું ઘણે ઊંચેથી ધારોડો પડતો હોય તેના સામું ચઢી જાય છે; તેમ મહારાજનું સુખ લેવામાં બળ આવે. મોટા તો ધક્કો મારે તો સર્વે આવરણ ટાળીને શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં લઈ જાય, માટે મહારાજની ને મોટાની સાથે રસબસ થઈ રહેવું. મોટા સાથે જીવ જોડ્યો હોય તેનો દેહ અપમૃત્યુએ કરી પડે તોપણ તેનું આત્યંતિક કલ્યાણ થાય. મોટાની દૃષ્ટિએ દેહ પડે તેનું પણ તેવું જ કલ્યાણ થાય; તેમાં ફેર પડે તો તેના

જોખમદાર અમે છીએ.''

પછી વાર્તાની સમાપ્તિ કરી 'શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય ને આ સભાની માયાનો ક્ષય' એમ વર આપ્યો.

બીજે દિવસે આચાર્ય મહારાજ ભેળા સર્વે સંત દહીંસરા, ખાખર, રામપરા આદિ ગામોમાં ફરવા ગયા અને વૈશાખ સુદ-૬ને રોજ ભુજ આવ્યા અને ત્યાં બીજે દિવસે શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી રાધાકૃષ્ણ દેવની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. પછી સર્વે ગુજરાત તરફ આવ્યા. ।।૯૮।।

## વાર્તા ૯૯

સંવત ૧૯૬૮ની સાલમાં અમદાવાદથી સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંત તથા હરિજનો મુળીએ જન્માષ્ટમી કરીને કચ્છમાં ગયા હતા. ભુજમાં ભાદરવા સુદ-૧૧ કરીને સુદ-૧૫ને રોજ શ્રી વૃષપુર ગયા.

ભાદરવા વદ-૧ને રોજ સવારે સભામાં સ્વામી ઈશ્વરચરણ-દાસજીએ પૂછ્યું જે, ''શિક્ષાપત્રીનો પહેલો શ્લોક જે 'वामेयस्य' તેમાં શ્રીજીમહારાજે 'હું શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું' એમ કહ્યું છે. એટલે એમાં તો શ્રીજીમહારાજ ભક્ત ઠર્યા. અને શ્લોક ૨૦૯મામાં કહ્યું છે જે, 'मद्रूप मिति मद्राणी' તેમાં તો મારી મૂર્તિઓની જેમ પૂજા કરો છો તેમ જ મારી વાણી જે શિક્ષાપત્રી તે પણ મારું સ્વરૂપ છે, તેની પૂજા કરવી'; એમ આજ્ઞા કરી છે. એમાં તો પોતાનું ભગવાનપણું સૂચવ્યું છે. માટે તે પરસ્પર વિરોધ આવે છે તે કૃપા કરીને યથાર્થ સમજાવો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શાસ્ત્રના શબ્દ દ્વિઅર્થી હોય, તેનો અનાદિમુક્તરાજ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામીએ સર્વેને ઠીક લાગે એવો સાર્વજનિક અર્થ કર્યો છે. તેમાં 'વામ' શબ્દની લક્ષણા કરીને ડાબું પડખું લીધું છે. અને શતાનંદ મુનિએ શિક્ષાપત્રીની 'અર્થદીપિકા ટીકા' કરી છે, તેમાં 'વામ' શબ્દની લક્ષણા કરીને વામ હસ્ત લીધો છે; જે વામ

કહેતાં ડાબા હસ્તને વિષે રાધા કહેતાં ભક્તજન જેણે કરીને સિદ્ધિ પામે એવી સિદ્ધિ રહી છે. શ્રીજીમહારાજ પોતાના ડાબા હસ્તમાં અભયપદ ધરી રહ્યા છે, કહેતાં ડાબા હાથે અભયદાન આપે છે; તેને ડાબે પડખે રાધા રહ્યાં છે એમ કહ્યું છે. અને વક્ષઃસ્થળમાં લક્ષ્મીજી રહ્યાં છે એમ કહ્યું છે તેનો અર્થ શોભાવાચક કર્યો છે. તે અનંત મુક્તકોટિ, અનંત અક્ષરકોટિ, અનંત બ્રહ્મની કોટિઓ અને અનંત ઈશ્વરોની કોટિઓ તે સર્વેને શોભા આપવાપણું શ્રીજીમહારાજને વિષે રહ્યું છે, એમ કહ્યું છે.''

''અને વૃંદાવનમાં વિહાર કરનારા કહ્યા છે, તે વૃંદ તે સંતનો સમૂહ કહ્યો છે તે સંતના વૃંદનું 'અવન' કહેતાં રક્ષણ કરવું તે નિમિત્ત છે વિચરણ જેમનું; એવું શ્રીકૃષ્ણવાચક મારું સ્વરૂપ; કહેતાં 'શ્રી' જે શોભા તેણે યુક્ત કહેતાં ભક્તના આધાર સતા ભક્તનાં દુઃખને નિવૃત કરનારા એવા જે અમે તે અમારા સ્વરૂપનું અમે ધ્યાન કરીએ છીએ; એમ શ્રીજીમહારાજે પોતાનું ધ્યાન કહ્યું છે. આવો અવાંતર અર્થ શતાનંદ મુનિએ ટીકામાં કર્યો છે તે વાસ્તવિક છે. માટે આવી રીતે અર્થ સમજવો.''

''અને ૧૦૭મા શ્લોકમાં 'हृदये जीववत् जीवे' એમ કહ્યું છે તેમાં જીવ જેમ હૃદયરૂપી એક દેશમાં રહ્યો થકો પોતાની સત્તાથી નખશિખા પર્યંત સમગ્ર દેહમાં વ્યાપી રહ્યો છે; તેમ શ્રીજીમહારાજ પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્ય સાકાર મૂર્તિમાન રહ્યા થકા પોતાની અંતર્યામી શક્તિએ કરીને સર્વ જીવને વિષે રહ્યા છે; પણ જીવ જેમ નિરાકાર છે તેમ શ્રીજીમહારાજ નિરાકાર નથી. શ્રીજીમહારાજ તો સદા સાકાર મૂર્તિમાન છે ને એ જ ભગવાન સ્વતંત્ર છે ને ઈશ કહેતાં જીવકોટિ, ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ, અક્ષરકોટિ અને મુક્તકોટિ તે સર્વેના નિયંતા છે, અને સર્વને કર્મ ફળના આપનારા છે.''

''અને ૧૦૮મા શ્લોકમાં 'स श्रीकृष्ण' કહેતાં અક્ષરધામમાં સાકાર દિવ્ય મૂર્તિમાન જે શ્રીકૃષ્ણ પરબ્રહ્મ ભગવાન શ્રી પુરુષોત્તમ તે

જ આપણા ઈષ્ટદેવ છે ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વ અવતારમાત્રના કારણ છે.''

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, ''૧૧૫મા શ્લોકમાં 'कृष्णस्तदवताराष्च ध्येयास्तत्प्रतिमाडपि च' એમ કહ્યું છે તેમાં શ્રીકૃષ્ણ તો શ્રીજીમહારાજ છે; પણ અવતાર, જીવ, નર, દેવ અને બ્રહ્મવેત્તા ભક્ત કોને જાણવા?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''છેલ્લા પ્રકરણના ૧૦મા વચનામૃતમાં મૂળ માયામાંથી ઉત્પન્ન થયા જે પ્રધાનપુરુષો અને તેમાંથી થયા જે મહત્તત્ત્વ, અહંકાર, વૈરાજ, અને તેમાંથી થયા જે બ્રહ્મા, વિષ્ણુ, શિવ, અને બ્રહ્માથી થયા જે પ્રજાપતિ, ઋષિ, દેવ, દૈત્ય, મનુષ્ય, ઝાડ, પહાડ, સ્થાવર, જંગમ તે સર્વે જીવ જાણવા. અને મૂળપુરુષોથી લઈને બ્રહ્મ તથા મૂળઅક્ષરો તે સર્વે દેવ જાણવા. અને શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર પોતાના આત્માને વિષે દેખતા હોય એવા એકાંતિકને બ્રહ્મવેત્તા ભક્ત જાણવા. અને શ્રીજીમહારાજના પરમ એકાંતિક મુક્તને નર જાણવા.''

''તે કોઈનું ધ્યાન શ્રીજીમહારાજના ભક્તોએ ન કરવું. અને જેમ શ્રીજીમહારાજે જીવોના મોક્ષ માટે શ્રી રામાનંદ સ્વામીરૂપે દર્શન આપ્યાં હતાં તેમ મુક્તરૂપે દર્શન આપે તે મુક્ત શ્રીજીમહારાજના અવતાર કહેવાય; તેનું ધ્યાન થાય. તે જો શ્રીજીમહારાજે પોતે દર્શન આપ્યાં ન હોય ત્યાં સુધી થાય ને જ્યારે સ્વયં મૂર્તિ શ્રીજીમહારાજ પોતે દર્શન આપે તો તે અવતારનું પણ ન થાય.'' ॥૯૯॥

## વાર્તા ૧૦૦

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૧ને રોજ બપોરે સભામાં મધ્ય પ્રકરણનું ૪૩મું વચનામૃત વંચાતું હતું. તેમાં ગુણાતીત ભક્ત હોય તે ઉત્થાને રહિત શૂન્યસમતા ધરી રહે ને સુષુપ્તિ જેવી અવસ્થા વર્તે એમ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ સુષુપ્તિ તે ઉપશમ કહેવાય તે ઉપશમથી પણ સાક્ષાત્કાર થાય તે શ્રેષ્ઠ છે, અને તેથી પણ ભગવાન જેવું સ્વતંત્રપણું આવે તે અતિ શ્રેષ્ઠ છે. તે તો જેવા શ્રીજીમહારાજ સ્વતંત્ર છે તેવા કહેવાય. એવા થાવાના ઉપાયમાં રહેવું, પણ દેહના સુખના ઉપાય ન ગોતવા. જે ટાણે જેવું મળે તેણે કરીને ખાડો પૂરવો, પણ સારાં સારાં ભોજન મળે તેટલાં ગ્રહણ કરવાં નહિ."

"જેને પરિપક્વ નિશ્ચય હોય તેને પદાર્થરૂપે સિદ્ધિઓ આવે છે, તેને ભોગવે તો તે સિદ્ધિઓમાં લોભાણો કહેવાય. જો પોતે ન ભોગવે ને બીજાને આપી દે તો સિદ્ધિઓમાં લોભાણો ન કહેવાય. જુઓને! અમારી પાસે કેટલાં પદાર્થ આવે છે! પણ અમે કોઈ દિવસ ગ્રહણ કરીએ છીએ?"

ત્યારે સંતોએ કહ્યું જે, "એના ધણીને દઈ દો છો. કદાપિ સેવક પરાણે મૂકી જાય તો અમને તથા સત્સંગીઓને વહેંચી આપો છો; પણ આપ તો કોઈ દિવસ જમતા નથી."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "તમને સર્વેને શીખવવા સારુ અમે જમતા નથી. જેટલું આવે તેટલું ભોગવવું નહિ. સૌ સંત-હરિજનો સમજજો; પણ 'લૂણકે ગઈ, લૂણકે ગઈ' એમ ન જાણશો. સાકર જમવા જડે તોપણ 'લૂણકે ગઈ' એમ કરે; તેવું ન કરવું."

પછી સાધુ મુક્તવલ્લભદાસજીએ પૂછ્યું જે, "'લૂણકે ગઈ' તે શું સમજવું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "ગધેડી લૂણ લેવા જતી હતી, તેના ઉપર સાકર ભરી, પણ તેણે તો લૂણ ભર્યું છે એમ જાણ્યું. તેમ આ સભામાં સમાગમ કરવા આવ્યા છો તે સમાગમ કરી લેવો; પણ આવ્યા તેવું જવું નહિ. બાળકિયા સ્વભાવ ન રાખવા, જે અહીંથી અહીં ને અહીંથી અહીં એમ ન કરવું એટલે અહીં બેસવું ને ફરવું, એમ કરીને દિવસ ન નિર્ગમવો. અને ત્રણે અવસ્થાનો જન્મ થવા દેવો નહિ.

અમારા જેવા વૃદ્ધ થઈ પડવું. ગૃહસ્થને તથા ત્યાગીને આ સભા ફેર નહિ જડે. પરદેશથી કામકાજ પડ્યાં મૂકીને દરિયો ઉલંઘીને આવ્યા છો તે આ જ્ઞાન લઈ જજો, પણ જઈ આવ્યા તેમ ન કરશો. ખાખરિયાથી તથા ગુજરાતથી આવ્યા છો તે આવ્યાનો લાભ લઈ જજો. અમને તાવ આવે છે તેથી તમને વાતોનું બરાબર સુખ અપાતું નથી, તોપણ તમારા હેત સારુ વાતોનું સુખ આપીએ છીએ; માટે આ સુખ લઈ જજો. આ મુક્તના પ્રસંગથી ભાગવત ધર્મ આવે ને પછી કારણ જે શ્રીજીમહારાજની મૂર્તિ તે આવે ત્યારે તે ભક્ત પડેય નહિ ને આખડેય નહિ; માટે મૂર્તિ સિદ્ધ કરવી.''

''આ દેહરૂપી બ્રહ્માંડમાં મદિરા એટલે વિષય અને પાતર્યું એટલે ઇંદ્રિયો છે તે કાઢી જોઈશે અને બીજું રૂડા ગુણનું પણ માન કાઢવું જોઈશે. તે માન તો જેમ 'આપકા જાયા આપકું ખાય' એવું છે. જેમ વીંછણને પોતાનાં બચ્ચાં ખાઈ જાય છે, તેમ પોતે સિદ્ધ કરેલાં જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક તેનું માન તે પોતાને ખાય છે. વળી નિર્માનીપણાનું પણ માન આવે છે તે પણ એમ જણાવે જે, 'હું નિર્માની છું' તો એ નિર્માનીપણાનું માન પણ પોતાને ખાય છે; માટે નિર્માનીપણાનું માન પણ ટાળવું.''

''બીજું, મોટા પુરુષને વિષે દોષ ન પરઠવો; ગુણ પરઠવો. જો મોટાને વિષે ગુણ પરઠે તો રાજ્ય તથા દીકરા આદિક જે ઇચ્છે તે મળે; ને નિષ્કામી, નિર્લોભી થવા ઇચ્છે તો તેવો થાય; અને ગમે તેવું વિઘ્ન આવનારું હોય તોપણ નાશ પામે; અને કાળ, કર્મ માયાથી રહિત થઈ જાય અને મોક્ષ પામે.''

''પાપી જીવ હોય તે પણ જો અંત વખતે સ્વામિનારાયણ નામનું ઉચ્ચારણ કરે તો તેનો મોક્ષ થાય એટલે બીજબળ થાય; અને બીજે જન્મે સત્સંગમાં આવીને પ્રતિમાને દિવ્ય જાણે ને સર્વોપરી ઉપાસના સમજે ને આત્યંતિક મોક્ષને પામે.'' ॥૧૦૦॥

## વાર્તા ૧૦૧

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૨ને રોજ સભામાં પ્રથમ પ્રકરણનું ૨૪મું વચનામૃત વંચાતું હતું. તેમાં જેટલો શ્રીજીમહારાજનો મહિમા જાણે તેના હૃદયમાં તેટલો પ્રકાશ થાય છે ને તેટલો નાદ સંભળાય છે એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જેમ અહીં લાય લાગે અથવા પાણીનું પૂર આવે તેનો નાદ સંભળાય છે, તેમ શ્રીજીમહારાજની મૂર્તિના તેજનો નાદ થાય છે. તે નાદ જેને મૂર્તિનો સાક્ષાત્કાર થયો હોય તે સાંભળે, પણ જેમ બહેરો નથી સાંભળતો તેમ માયારૂપી પડદા જેને હોય તેનાથી સંભળાય નહિ. તમે આ વખતે દર્શન કરો છો તે તમારાં મોટાં ભાગ્ય છે. ક્યાં તમે! ને ક્યાં અમે! આ તો કીડી-કુંજરનો મેળાપ છે. અમે તમને અંતર્યામીપણે ખેંચ્યા છે ત્યારે આ જોગમાં આવ્યા છો. આ જોગ એવો છે જે ઇંદ્રિયોની વૃત્તિ ઘસાઈને બુઠ્ઠી થઈ જાય છે; એવું ખરેખરું નૈમિષારણ્ય ક્ષેત્ર આ છે. આ ઠેકાણે જપ, તપ, માળા, માનસી પૂજા જે કરે તે થાય એવું છે. આ સભા નૈમિષારણ્ય ક્ષેત્ર છે. માટે અંતર્દૃષ્ટિ કરીને મૂર્તિમાં જોડાવું." ॥૧૦૧॥

## વાર્તા ૧૦૨

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૩ને રોજ સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "ભક્તચિંતામણિના પરચામાં 'ઝીણાભાઈને શ્વેતદ્વીપમાં દીઠા' એમ લખ્યું છે એનું શું કારણ હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "શ્વેત એવું જે તેજ તેનો દ્વીપ કહેતાં સમૂહ એટલે તેજનો સમૂહ જે અક્ષરધામ તેમાં દીઠા એમ કહ્યું છે; પણ પરોક્ષ શ્વેતદ્વીપ છે ત્યાં દીઠા એમ ન જાણવું. વેદ તે પણ આવા મુક્તનાં વચન જાણવાં. આ મુક્ત શ્રીજીમહારાજના વેદ છે; તેમના મુખમાંથી વચન નીકળે તે વેદ સમજવા. વૈરાજના મુખમાંથી નીકળ્યા છે તે વેદ તો અવરભાવના છે, એમાં મૂળપુરુષથી પરની ઉપાસના નથી કહી. આ

શ્રીજીમહારાજના મુક્તરૂપી વેદ છે, તે શ્રીજીમહારાજની ઉપાસના સમજાવે છે અને શ્રીજીમહારાજની પ્રાપ્તિ કરાવે છે; તેમ જ કર્મ ને જ્ઞાન તે પણ શ્રીજીમહારાજ સંબંધી કરાવે છે. આ તો પરભાવના વેદ છે. આ વાત અવશ્ય સમજવાની છે.''

''કેટલાક સાધુઓને મહારાજની ઉપાસના ન સમજાણી હોય તે સભામાં વાત કરે તોપણ વૈરાજ કે પ્રધાનપુરુષ કે પ્રકૃતિપુરુષથી બહાર નીકળતા નથી; એમાં ને એમાં ઘૂંચાઈ રહે છે. પરા, પશ્યંતિ, મધ્યમા ને વૈખરી એ ચાર વાણી તથા પરોક્ષ શાસ્ત્ર એ બધું ક્ષરમાં એટલે માયામાં છે; માટે એકાંતિકને તે કાંઈ જોઈએ જ નહિ. આપણા દેહના પ્રારબ્ધ તે પણ શ્રીજીમહારાજ પોતે જ છે. એક મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ; એવું કરી નાખવું. જો ઉપાસના પાકી હોય તો સારંગપુરના ૧૧મા વચનામૃતમાં કહ્યાં જે પાંચ સાધન તે સિદ્ધ થાય ને શ્રીજીમહારાજની પ્રસન્નતા થાય, ને શ્રીજીમહારાજ જેવો થાય.''

''આજ તો એ પાંચ સાધન પણ સિદ્ધ ન થયાં હોય ને ઉપશમ અવસ્થા પણ દૃઢ ન કરી શક્યો હોય તોપણ જો સ્થૂળ દેહે નિયમ પાળે તો તેનું કલ્યાણ અમારા હાથમાં છે.''

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, ''નિયમ કયા જાણવા?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શિક્ષાપત્રી, નિષ્કામશુદ્ધિ ને ધર્મામૃત એમાં કહ્યા પ્રમાણે વર્તવું એ નિયમ જાણવા ને તે પાળવા. પણ વાડ ઊઠીને ખેતરને ખાય તો તે ખેતરમાં શું પાકે? ભેળાઈ જાય. આજ્ઞા પાળવી ને અનુવૃત્તિમાં રહેવું, તો મોટા રાજી થાય. પણ જીવથી એટલુંય ન થાય ને મનનું ધાર્યું કરે. કેટલાક જપ, તપ કરે તેમાં તો આખી ઉમર નીકળી જાય તોપણ કલ્યાણ ન થાય ને લૂખો ને લૂખો રહે; પણ જો મોટા પુરુષ કહે તેમ કરે તો મોટા પ્રસન્ન થાય. મોટા કહે જે, 'આ કર' તો તે ન કરે ને 'આ ન કરીશ' કહે તો તે કરે, તો મોટા પ્રસન્ન થાય નહિ; માટે પ્રસન્નતાનાં સાધન કરવાં. અમારે તો આજ્ઞા પળાવીને ચોખ્ખું

ચણક કરાવવાનું તાન બહુ છે, માટે આજ્ઞા યથાર્થ પાળે તો જ સુખી થાય.''

''આ સંપ્રદાયમાં આવીને સ્ત્રી-દ્રવ્યમાં આસક્ત થાય ને લોકોનો માર ખાય તે પોતાનુંયે બગાડે અને બીજાનુંયે બગાડે. આ લોકમાં હરાયાં ઢોરાંને ટોકરો બાંધે છે તે ખણખણાટ થાય છે; માટે તેવું હરાયા ઢોર જેવું થાવું નહિ. કેટલાક દ્રવ્ય રાખે છે ને ચૈતન્ય માયામાં બગડે છે. આ સત્સંગમાં અષ્ટસિદ્ધિ ને નવનિધિ હાજર છે. ઓ કહે છે કે મને લ્યો, ને ઓ કહે છે કે મને લ્યો, તોપણ દ્રવ્યરૂપી પાપ રાખે છે, તેનું તો ધર્મામૃતમાં શ્રીજીએ લખ્યા પ્રમાણે પાપ લાગે છે. કોઈ સાધુ યાત્રાએ જાય તેને ખાત્રી કરીને ટિકિટ કરાવી આપવી, પણ જે ઘણા પાસેથી લેતો હોય એવી ખબર પડે તો ટિકિટ પણ કરાવી આપવી નહિ. સાધુએ તો પ્રગટની જ યાત્રા કરવી. ગોર યજમાનનું સરાવવા વાડીએ ગયો હતો, તે પોતાના છોકરાને છાનો રીંગણીમાં રીંગણા લેવા મૂકીને સરાવવા લાગ્યો. ત્યારે છોકરાનું માથું દેખાણું એટલે ગોરે સમસ્યા કરી જે, 'છૈયા! અરકે, અરકે, કેશ ફરકે, યજમાન બરકે; દો તોયરા દો મોયરા, દો ગોરી ગાયરા, દો તોરી માયરા' એમ સાધુએ કદી ન કરવું.''

''એ દ્રવ્ય તો કાળા નાગ જેવું છે, તે સોડ્યમાં લઈને સૂએ તો કરડ્યા વિના રહે જ નહિ. માટે મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું, જેથી મહારાજ રાજી થાય. મહારાજની આજ્ઞા લોપીને પાપ ભેળું કરે તે પાપમાં કાંઈ નહિ વળે; એ પાપ તો ફગાવી દેવું. અને ધોતિયાં કોઠારમાં દેવસેવામાં આપી દેવાં ને મૂર્તિ રાખવી. એ પાપને સંભારે તોપણ મુખ ગંધાય એવું છે, માટે હવે એને નહિ સંભારીએ.''

''શ્રીજીમહારાજની મૂર્તિ લ્યો. શ્રીજીમહારાજ તો આ દ્વિભુજવાળા બેઠા. ક્યાં અનાદિમુક્ત ને ક્યાં મહારાજ! તેમનું પ્રમાણ અવરભાવવાળા શું કરી શકે? માટે આ ખોખાને મૂકીને જુદા પડશો ત્યારે બધુંએ સમજાવશું ને દેખાડશું.''

પછી 'હરે!' એવો શબ્દ બોલીને પછી બોલ્યા જે, "કથા સાંભળતાં રે હરે હરે કહી બોલે."

પછી વળી સ્વામીએ કહ્યું જે, "મહારાજની મૂર્તિ સદા ભેળી દેખાય એવી કૃપા કરો."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મૂર્તિ તો આ રહી. મૂર્તિનો વાંક નથી, પણ મૂર્તિને લેનારાની ખોટ છે તેથી સમજાતી નથી ને દેખાતી નથી."

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, "એનો ઉપાય શો હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મોટાને વિષે ને મહારાજને વિષે આત્મબુદ્ધિ હોય તો સદાય આ સભા ભેળી રહે, પણ આત્મબુદ્ધિ આવવી તે ઘણી કઠણ છે. આ ટાણે દિવસ છે, પણ અમો રાત્રિ કહીએ તો તે મનાય કે નહિ? જો રાત્રિ મનાય તો આત્મબુદ્ધિ થઈ જાણવી. વિશ્વાસ હોય તોપણ આત્મબુદ્ધિ ન થાય. જો આત્મબુદ્ધિ થાય તો જેમ કહીએ તેમ કરે." ॥૧૦૨॥

## વાર્તા ૧૦૩

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૪ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "સાધુનાં ઘણાં નામ હોય. નારદ-સનકાદિક પણ સાધુ કહેવાય છે, પણ સનકાદિકને ક્રોધ થયો ને નારદજી પણ નાક, કાન કપાવી બેઠા. માટે આ સંત છે તે છેલ્લો મુદ્દો છે. મહારાજે કહ્યું છે કે, 'જે સંતો મોટા મોટા હોય તે આગળ બેસો'; તે સંત આ રહ્યા. મૂર્તિમાંહી તેજ ઝળક ઝળક કરે છે ત્યાં આ સભા બેઠી છે. આ જુઓને કેવાં સંતનાં વન કમળનાં જેવાં ફૂલી રહ્યાં છે! કેમ સંતો! વાત સાચી કે ખોટી?"

ત્યારે સંત બોલ્યા જે, "બાપા, આપ કહો છો તે સાચી વાત છે."

એવામાં હરિજનની સભામાંથી ઝળળળ ઝળળળ તેજ નીકળ્યું. તે દેખીને એક હરિજન આશ્ચર્ય પામ્યો.

પછી બાપાશ્રી બોલ્યા કે, ‘‘આ સભાનો મહિમા હરિજનોને છે તો ઓ જાણે જે હું સેવા કરું ને ઓ જાણે જે હું સેવા કરું. જેને મહિમા ન સમજાય તેને તો આ સભાનું સુખ ન આવે. આ સભાનો મહિમા સમજાય તેને તો આઠે પહોર આશ્ચર્ય થયા જ કરે. જેણે શ્રીજીમહારાજનો આશ્રય કર્યો હોય તેને માન્યામાં આવે છે.’’

‘‘બધા ગુણ શ્રીજીમહારાજના છે. કદાપિ શ્રીજીમહારાજ પોતાના ગુણ કોઈકને કિંચિત્ આપે તો તે પોતાના ન માનવા. ધણીના માનવા. ધૂળ ઘાલી તેણે શું થાય? આ ધૂળ નથી ઘાલી; આ તો શ્રીજીમહારાજની ચૂંદડી ઓઢી છે, તે ધન્યભાગ્ય છે. જેટલું રાજાનું એટલું રાણીનું રાજ્ય થઈ ગયું છે. જુઓ તો ખરા, ભીખ માગી ખાતા હતા તે મટી ગયું; એ મહારાજનો પ્રતાપ છે. આવો અવસર ફરી નહિ આવે.’’

‘‘માંડવીનો ભાટિયો પરણીને આવતો હતો, તે દરિયામાંથી તો ઊતર્યો, પણ ધામધૂમ કરવા રહ્યો એટલામાં નદી આવી તે તાણી ગઈ; માટે ધામધૂમ કરવા ન રહેવું. પુસ્તક, ચેલા, ધર્માદા, આદિક નવાં નવાં ચરિત્ર કરવાં તે સર્વે ધામધૂમ છે. તે ધામધૂમરૂપી કાર્યમાં રખડવું નહિ. તેને મૂકીને મૂર્તિમાં જોડાઈ રહેવું, પણ બેઠે બેઠે તરંગ કરવા નહિ. યાત્રા કરવા જાવું, સભાઓ જીતવી, સમૈયા કરવા તે સર્વે ધામધૂમ છે. તે ન કરવું.’’

‘‘આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજે શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજનો વરઘોડો ફેરવવા માંડ્યો ત્યારે સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ ના પાડી; તોપણ ફેરવ્યો તો વિઘ્ન આવ્યું જે માણેકચોક આગળ બંદૂકો ફૂટી ને ખૂન થયાં ને પાછા આવ્યા. માટે મોટા તો શ્રીજીમહારાજના સિદ્ધાંત પ્રમાણે બોલે તેમ જ થાય. પાછા આવ્યા ત્યારે વળી બીજાએ અવગુણ ઘાલ્યો જે, ‘સ્વામીએ ના પાડી તેમાં આ વિઘ્ન

આવ્યું; તેથી એમનો શાપ લાગ્યો' એમ અવગુણ ઘાલ્યો. મહિમાય સમજે ને વળી અવગુણ પણ લે એવા જીવના સ્વભાવ છે.''

''આ લોકમાં તનનાં, મનનાં ને જનનાં દુઃખ છે. અનેક પ્રકારના રોગ દેહમાં ભર્યા છે તે પીડા કરે એ તનનાં દુઃખ; લોક નિંદા કરે, ધૂળ નાખે, અપમાન કરે, એવાં દુઃખ દે તે જનનાં દુઃખ; અને ધ્યાનમાં, ભજનમાં, માળા ને માનસી પૂજામાં સંકલ્પ-વિકલ્પ થાય તે મનનાં દુઃખ છે. એવાં ઘણાં દુઃખ છે તે મોટા પુરુષનો જોગ કરે ને એમના જેવો નિષ્કંચન થાય તો સર્વે દુઃખ ટળી જાય છે.'' ॥૧૦૩॥

## વાર્તા ૧૦૪

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૫ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''આપણે ધ્યાન, ભજન, કથા, વાર્તા, ભક્તિ ઝાઝી કરતા હોઈએ ને બીજા સંત કે હરિભક્ત સૂતા હોય તે મોડા ઊઠે કે ધ્યાન-ભજન ઓછું કરે, કે ન કરે તો આપણે એમ જાણવું જે, 'એ પૂર્વે કરીને બેઠા છે ને મારે હજી કરવાનું છે', એમ પોતાને વિષે ન્યૂનપણું માનવું. પોતે તો સ્નેહે સહિત સાધન કરવાં ને બીજાનો દોષ આવવા દેવો નહિ; ગુણ જ લેવો. તેમ કરતાં જો કોઈને વિષે દોષ જેવું જણાય તો એમ વિચાર કરવો જે, 'તેની ખોટ તેને નડશે. શ્રીજીમહારાજ દંડ દેનારા છે' એમ સમજવું. જો આપણું માને એમ હોય તો તેને સાધારણ રીતે કહેવું ને કોઈ સત્સંગના ધોરણ બહાર વર્તે તેને તો ધમકાવીને કહેવું. જો ન માને તો બીજા પાસે કહેવરાવવું ને તેનું રૂડું થાય તેમ પ્રાયશ્ચિત્ત કરાવીને શુદ્ધ કરીને નોરે કરવો; છતાં ન માને તો સત્સંગ બહાર કરવાનું મોટેરાને કહેવું. પોતે તેનો સંગ તજી દેવો, પણ દૈહિક પ્રકૃતિ જોઈને દોષ લેવો નહિ.''

''અને પોતાને વિષે રૂડા ગુણ હોય તેનો ખખા રાખવો નહિ. દાસપણાનો, નિર્માનીપણાનો, નિર્ગુણપણાનો એ સર્વેનો ભાવ ટાળવો; એટલે એના સામી વૃત્તિ ન રાખવી. એક મૂર્તિમાં જ રાખવી તો મૂર્તિ

રહે. જો ધ્યાનમાં મૂર્તિનું સુખ લઈને પાછો બહાર આવે ને જાણે જે હું કેવું સારું ધ્યાન કરું છું! હું કેવો દાસ છું! કેવો નિર્માની છું! એમ જાણે તો જેમ ચાંપાં(ભેંસો) વગડે જઈને લીલું ખડ ચરીને પાછા ઘેર આવતા રહે એવું છે; માટે સંભારવું નહિ.''

''એ તો ગુણનો ભાવ છે તે જેમ દેહનો પડછાયો દેહથી જુદો પડતો નથી તેમ મૂર્તિ મૂકે તો એ સર્વે સાધન પડછાયા જેવાં છે તે ટળે નહિ. જેને મૂર્તિ સદાય રહે તેને તે સાધન સાંભરે નહિ. જેમ સૂર્યને પાછળ રાખીને કોઈક પડછાયો તગડવા જાય તો પડછાયો જાય નહિ, પણ જો સૂર્યને સામો રાખે તો પડછાયો આગળથી તૂટી જાય; તેમ મહારાજને સન્મુખ રાખે તો સાધનની મહત્તા ટળી જાય. ઠરાવવાળો દુઃખિયો અને અંત અવસ્થાવાળો સુખિયો; માટે જાણપણારૂપ દરવાજે ઊભા રહીને મહારાજને સંભારવા. જો એકલું સેવાભક્તિરૂપ થઈ જવાય તોપણ બંધન કરે.''

''અધિકારવાળો પણ દુઃખિયો. સાધુતાની, અધિકારની, ક્રિયા આવડે તેની, વાણીની, ચાપલ્યતાની, ભણતરની, દ્રવ્યની, એવી અનંત પ્રકારની મોટપો જીવે માની છે તે સર્વે દુઃખદાયી ને બંધનકારી છે. જ્યાં સુધી માયાનો ગુણ હોય ત્યાં સુધી દુઃખિયો. જ્યારે માયા છે જ નહિ એવું સમજાય ત્યારે તે સુખિયો. સાધન સર્વે ઉપકારી છે, પણ મૂર્તિ સન્મુખ થયા વિના સુખ નથી એમ જાણે ત્યારે દોષ ટળે. માટે જેને મહારાજનું સુખ વહેલું લેવું હોય તેણે કામ, ક્રોધ, ઐશ્વર્ય, પ્રસિદ્ધિ, યશ, કીર્તિ તેમને ભાગિયા રહેવા દેવાં નહિ; તો મહારાજનું સુખ આવે. જો એ કદી ભાગિયાં થવા આવે તો મોટાની પ્રાર્થના કરવી; એટલે મોટા એ પાપને નાશ કરી નાખે.''

''લાખ વર્ષ જોગ કરો ને કામ ન થાય તે કામ દર્શનમાત્રમાં કરી દે. અને લાખો-કરોડો જન્મનાં કર્મ તે પણ દર્શનમાત્રમાં નાશ કરી નાખે, એવો મોટાનો પ્રતાપ છે.'' ॥૧૦૪॥

## વાર્તા ૧૦૫

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૬ને રોજ સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "જીવને અંતર્ગત ઈશ્વર એટલે મૂળપુરુષ જે શ્રીકૃષ્ણ તે રહ્યા છે અને તેની અંતર્ગત શ્વેતદ્વીપપતિ વાસુદેવબ્રહ્મ રહ્યા છે. ને તેની અંતર્ગત અક્ષર રહ્યા છે. અને તે અક્ષરથી પર ને તેના કારણ અને પોતાના તેજ વડે કરીને તેમના આધાર ને અંતર્યામી ને કારણ ને નિયંતા એવા શ્રી પુરુષોત્તમ ભગવાન તે શ્રીજીમહારાજ છે; તેમની સાક્ષાત્કાર પ્રાપ્તિ જીવને શી રીતે થાય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જ્યારે પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામેલા મુક્તનો જોગ થાય ત્યારે તે મુક્તને પ્રતાપે કરીને શ્રી પુરુષોત્તમની દૃઢ ઉપાસના થાય, ત્યારે તેને પડદા રહેતા નથી; અને પુરુષ તથા બ્રહ્મ તથા અક્ષર તે કોઈનો ભાર કે મહત્તા કે સારપ રહેતી નથી. એક શ્રી પુરુષોત્તમ જે શ્રીજીમહારાજ તેમની જ સારપ ને મહત્તા રહે છે. એ તો છતી દેહે જ શ્રી પુરુષોત્તમ પાસે પહોંચી ચૂક્યો છે."

"આજ મોટા પુરુષોએ એવી રચના બાંધી દીધી છે તે સર્વે ટૂંકામાં લાવી દીધું છે. આજ તો પરબાર્યો સીધો રસ્તો મળ્યો છે; ક્યાંય ફરવા જવું પડે તેમ નથી. બધું જ્ઞાન કહેવા જઈએ તો પાર આવે નહિ. આ ત્રણ શબ્દ 'પુરુષ, બ્રહ્મ ને અક્ષર' એ જુદા કાઢી નાખીએ એટલે તરત શ્રી પુરુષોત્તમની સમીપે પહોંચીએ."

"માટે પોતાને શ્રી પુરુષોત્તમના તેજરૂપ માનીને, એ તેજમાં મૂર્તિ જોવી એટલે શ્રી પુરુષોત્તમના તેજમાં પોતાના આત્માને લીન કરીને એ તેજમાં મૂર્તિ ધારવી; અથવા અનાદિમુક્તરૂપ માનીને મૂર્તિમાં રહીને મૂર્તિ જોવી, પણ મૂર્તિમાન મૂળઅક્ષરરૂપ માનવું નહિ; કેમ કે જે વસ્તુરૂપ થઈએ તે વસ્તુની પ્રાપ્તિ થાય. તે પ્રથમ પ્રકરણના ૫૧માં વચનામૃતમાં કહ્યું છે જે શ્રી પુરુષોત્તમ આકારે દૃષ્ટિ થાય ત્યારે અક્ષરાદિક કોઈ છે જ નહિ; એક શ્રી પુરુષોત્તમ જ છે એમ થાય. જેમ હીરે કરીને હીરો વીંધાય

છે તેમ શ્રી પુરુષોત્તમનું દર્શન ને નિશ્ચય તે શ્રી પુરુષોત્તમ વડે જ થાય છે. અને જ્યારે શ્રી પુરુષોત્તમનું દર્શન ને નિશ્ચય થાય છે ત્યારે એનાં ઇંદ્રિયો-અંતઃકરણ પુરુષોત્તમરૂપ થઈ જાય છે.''

''માટે પોતાને શ્રી પુરુષોત્તમરૂપ માનવું અથવા શ્રી પુરુષોત્તમના મુક્તરૂપ અથવા તેજરૂપ માનવું. જેમ ચંદ્ર વડે ચંદ્રનું દર્શન થાય અને સૂર્ય વડે સૂર્યનું દર્શન થાય, પણ ચંદ્ર વડે સૂર્ય જોવાય નહિ, તેમ શ્રી પુરુષોત્તમ વડે જ શ્રી પુરુષોત્તમનું દર્શન થાય; પણ મૂળઅક્ષરરૂપ થવાથી શ્રી પુરુષોત્તમનું દર્શન થાય નહિ. માટે તે અક્ષરરૂપ થવાથી શ્રી પુરુષોત્તમ પમાય નહિ; માટે પોતાને પુરુષોત્તમરૂપ માનવું.'' ॥૧૦૫॥

## વાર્તા ૧૦૬

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૭ને રોજ સવારે સભામાં છેલ્લા પ્રકરણનું ૬ઠ્ઠું વચનામૃત વંચાતું હતું. તેમાં ભક્તિનું માન આવવા દેવું નહિ એમ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ભક્તિ કરતાં જો ઈર્ષ્યા આવે તો ભક્તિ નિષ્ફળ થઈ જાય. જેમ ઝાડ વાવીને પાણી પાય, પણ જો કવા આવે તો ફળ ન આવે તેમ થાય. જો જીવને હુંપણું ટળી જાય તો સર્વે દોષ નાશ થઈ જાય, ને આત્મા શુદ્ધ થાય ત્યારે મૂર્તિ દેખાય. માટે મૂર્તિરૂપી અમૃત મૂકીને વિષ ન ખાવું. મૂર્તિ વિના બીજું સર્વે વિષ જેવું છે.''

'અમૃતરસ મેલી રે વિષ હું શીદ ચાખું' એ સાખી બોલ્યા, અને બોલ્યા જે, ''વસ્તુ તો બહુ જ મોટી મળી છે, પણ જીવને મેળવતાં આવડતું નથી; પણ સુખ તો એમાં જ છે. જીવ જ્યારે સંસારમાંથી ઉદાસ થાય છે અને સાધુ થવાનો વિચાર કરે છે ત્યારે આવો ઠરાવ કરે છે જે, 'ઝોળી માગી ખાશું, સાધુની સેવા કરીશું, ધ્યાન-ભજન કરીશું અને સાધુનો સમાગમ કરીશું.' જો એવો ને એવો ઠરાવ દેહપર્યંત રહે તો કાંઈ વાંધો જ ન રહે. એવો ઠરાવ રાખવો; પણ પૂજા, પ્રતિષ્ઠા, પદાર્થ,

એ આદિકનો ઠરાવ ન કરવો.''

''કથા કરવા ગયા ને સો-બસો ધોતિયાં લાવ્યા અથવા ધર્માદો ઘણો લાવ્યા કે કોઈક હરિજન પાસે સેવા કરાવી તે સર્વે એમ જાણવું જે આ બધું શ્રીજીમહારાજને આપે છે; પણ આપણને કોઈ ન આપે; કેમ જે મહાપ્રભુજીને આગળ રાખીએ તો આપણને આપે, પણ મહાપ્રભુજીને મૂકી દઈએ તો આપણને કોઈ ઊભા રહેવા દે નહિ. પૂજા, પ્રતિષ્ઠા સર્વે મહાપ્રભુજીની થાય છે, પણ આપણને કોઈ પૂજતું નથી એવો ઠરાવ રાખવો. 'માન મૂકે માન મળે, માન રાખે માન જાય.''' એ સાખી બોલ્યા. ॥૧૦૬॥

## વાર્તા ૧૦૭

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૭ને રોજ બપોરે સભામાં માલણિયાદના ચતુરભાઈએ પૂછ્યું જે, ''બ્રહ્મરૂપ ક્યારે થવાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''પરિપક્વ ઉપાસના થાય, અને શ્રીજીમહારાજની આજ્ઞામાં વર્તતા હોય એ સર્વને દિવ્ય જાણે, અને મહારાજ વિના બીજા કોઈ કાળ-કર્માદિક તથા દેવ-અદેવને કર્તા ન જાણે.''

તે ઉપર વાત કરી જે, ''અમારી નવી વાડીના પડામાં એક પીરનો ઓટો હતો. ત્યાં બધા લોકો પગે લાગવા ને દીવા કરવા આવે તેથી જમીન ખુંદાઈ જાય. પછી એક દિવસ રાત્રિએ બધા હરિજનોને લઈને ગયા તે ઓટો ખોદીને નાખી દીધો ને ફરતાં લીંબડાનાં ઝાડ હતાં તે કાપીને લાકડાં રાતોરાત મંદિરમાં લાવીને નાખી દીધાં.''

''માટે મહાપ્રભુજી વિના બીજાને કર્તા જાણે તો તે મહારાજનો દ્રોહી છે; તે કેવી રીતે? તો જ્યારે કાળનું વિષમપણું હોય ત્યારે બીજે જતું રહેવાય, તે કાળનું કર્તાપણું જાણ્યું કહેવાય. પરિપક્વ નિશ્ચયવાળાને વિષમ કાળમાં ભાગી છૂટવાનું કહ્યું નથી. જેને જીવવાની આસક્તિ હોય તેને એ વચન કહેલું છે, એમ જાણવું. અને 'કર્મમાં હોય

તો થાય' એમ જાણે તેણે કર્મનું કર્તાપણું જાણ્યું કહેવાય. અને 'માયા વિના દેહનો વ્યવહાર કેમ નભે?' એમ સમજે, તથા 'માયાએ કરીને જગત થાય છે' એમ સમજે તેણે માયાને કર્તા જાણી કહેવાય. અને જગત સ્વાભાવિક થયા જ કરે છે એમ સમજે તથા સ્વભાવ ન મુકાય તેણે સ્વભાવને કર્તા જાણ્યો કહેવાય. માટે શ્રીજીમહારાજ વિના કોઈને કર્તા જાણે નહિ, અને વાચ્યાર્થ ને લક્ષ્યાર્થ જ્ઞાન હોય અને અન્વય-વ્યતિરેકપણું જાણે ત્યારે બ્રહ્મરૂપ થવાય.''

પછી હળવદના ત્રિભોવનભાઈએ પૂછ્યું જે, ''તેમનાં લક્ષણ કેવી રીતે જાણવાં?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મૂર્તિના તેજરૂપ થઈને મૂર્તિ ધારે તથા મૂર્તિમાં રહે એ ઉપાસના પરિપક્વ જાણવી. કોઈકને ધ્યાન, ભજન, આદિક ક્રિયા કદાપિ ઓછી હોય, પણ મોટાં પાંચ વર્તમાન પાળે તે સર્વને દિવ્ય જાણવા.''

''અને શ્રીજીમહારાજ સત્સંગ વિના બીજે અન્વય એટલે પોતાના તેજ દ્વારે રહ્યા છે. તે જીવથી લઈને મૂળઅક્ષર પર્યંત પોતાના તેજ દ્વારે અંતર્યામીપણે રહ્યા છે. અને સત્સંગમાં વ્યતિરેક એટલે મૂર્તિમાન રહ્યા છે એમ જાણવું. તેમાં ચાલોચાલ સત્સંગીમાં તો અંદરપડદે રહ્યા છે તોપણ અન્વય ન કહેવાય; અને એકાંતિકમાં તો સાક્ષાત્કાર રહ્યા છે. સત્સંગમાં તો વ્યતિરેક જ છે.''

''જે શ્રીજીમહારાજને સર્વેથી પર જાણે અને બધી આજ્ઞા પાળે, પણ મૂર્તિની અખંડ સ્મૃતિ ન રાખે તે ચાલોચાલ સત્સંગી જાણવો. અને જે શ્રીજીમહારાજને સર્વોપરી જાણીને ને બીજે બધેથી લૂખો થઈને અખંડ મૂર્તિની સ્મૃતિ રાખે તે એકાંતિક કહેવાય. જે સર્વોપરી ન જાણે ને આજ્ઞા બધી પાળે તોપણ તે પ્રાકૃત ગુણબુદ્ધિવાળો કહેવાય, તેમાં તો અન્વય રહ્યા છે. અને જે શ્રીજીમહારાજની બાંધેલી ધર્મમર્યાદારૂપ આજ્ઞા ન પાળે અને તેણે ભેખ લીધો હોય અથવા ગૃહસ્થાશ્રમમાં રહ્યો હોય પણ તે તો

સ્વામિનારાયણનો છે જ નહિ. માટે એ તો સાધુય ન કહેવાય ને સત્સંગીય ન કહેવાય; અને તેમાં તો બીજા અવતારો દ્વારે અન્વય રહ્યા છે. જે સિદ્ધદશાવાળા અનાદિમુક્ત છે તેમાં તો સદાય ભેળા જ છે, પણ જુદા પડતા નથી.''

''આપણે તો કારણ મૂર્તિનું જ કામ છે ને કરવાનું પણ એ જ છે. નિયમ-ધર્મ પાળીને પવિત્ર થાય ત્યારે આ સભા મૂર્તિ પધરાવે છે. મહારાજે કહ્યું છે કે, 'અમે ધારીએ છીએ તેમ થાય છે.' આજ તો આ સભામાં પણ મૂર્તિ મળે છે; જેને જોઈએ તે આવો. મહારાજ આજ કૃપાસાધ્ય છે. આમ સમજે તો બધુંય સમજાણું અને તેને જ અન્વય-વ્યતિરેકપણું જાણ્યું કહેવાય.''

''ઇંદ્રિયોમાં જે જ્ઞાન તે વાચ્યાર્થ જ્ઞાન કહેવાય અને જીવમાં જ્ઞાન હોય તે લક્ષ્યાર્થ જ્ઞાન જાણવું. ત્યાં દૃષ્ટાંત જે, એક બ્રાહ્મણ સત્સંગીનો વેષ બનાવીને કોઈક સત્સંગીને ઘેર આવ્યો. તેને સત્સંગી જાણીને સારાં ભોજન તેને વાસ્તે કરાવ્યાં. એટલામાં તે બ્રાહ્મણને છીંક આવી તે 'જય અંબા' બોલી ગયો. તેને દંભી જાણીને ખાટી છાશ ને ખોરી જારની ઘેંસ કરીને ખૂબ મીઠું નાખીને પીરસી, તે બ્રાહ્મણને ખારી ઝેર લાગી ત્યારે બોલ્યો, 'આ તો ખારું ઝેર જેવું છે.' પછી હરિજન બોલ્યા જે, 'એ તો અંબાનો પ્રતાપ છે.' એમ ઉપરથી દંભ બતાવે ને માંહી કાંઈ ન હોય તે કહેવામાત્ર છે. માટે તે વાચ્યાર્થ જાણવું અને જે સાચું હોય તે લક્ષ્યાર્થ જાણવું. આ કહ્યાં તે લક્ષણ પોતામાં હોય તો બ્રહ્મરૂપ થવાય.'' ॥૧૦૭॥

## વાર્તા ૧૦૮

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૮ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''શ્રીજીમહારાજના ભેળા આવેલા મુક્તો પોતાનો સિદ્ધાંત પાછો લઈ ગયા; કેમ કે જીવો પાત્ર નહિ, તેથી પ્રવર્તાવી શક્યા નહિ. તે સંસ્કારી જીવો આજ ફેર આવ્યા છે તે મુક્તની વાતો સત્ય માને છે.

આ સમયે વખત, જોગ, સ્થાન બહુ સારાં મળ્યાં છે. આ શ્રીજીમહારાજ જેવા ભગવાન ને આવા મુક્ત તે અનંત કોટિ બ્રહ્માંડમાં ક્યાંયે નથી એવા મળ્યા છે, પણ તે ભોગવાતું નથી. જેમ ગાંડાને ધન મળ્યું હોય તે ભોગવી શકે નહિ તેમ. મોટાનો મહિમા જાણ્યા વિના સુખ ન આવે ને વિશ્વાસ પણ ન આવે.''

પછી શેદલાના પ્રાણજીવનભાઈએ કહ્યું જે, ''જેમ આ લૌકિક પદાર્થ સર્વે દેખાય છે તેમ જ મહારાજ દેખાય તો જીવ મહારાજને મૂકે નહિ.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, '''આ જગ્યાએ દ્રવ્યનો ભંડાર દાટ્યો છે' એમ કોઈક કહે તો જેને વિશ્વાસ હોય તે ખોદે તો દ્રવ્ય નીકળે.''

પછી માલણિયાદના અમીચંદભાઈએ પૂછ્યું જે, ''ખોદવાની શ્રદ્ધા ન હોય તો કેમ કરે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રદ્ધા તો મહારાજ ને મોટા આપે, પણ વિશ્વાસ નથી. સુખનો ઢગલો પડ્યો છે, પણ જીવ તપાસ કરતો નથી એટલે અંતરમાં જોતો નથી જે આ વાતોમાંથી મેં કેટલી ગ્રહણ કરી. જ્યારે વાત થાય ત્યારે એમ જાણે જે આ તો બીજાને માટે થાય છે, પણ પોતાને માથે તાણી લેતો નથી. જો પોતાને માથે તાણી લે તો દોષમાત્ર નાશ થઈ જાય ને મૂર્તિનું સુખ આવે. બીજાનો લાખો રૂપિયાનો સરવાળો કરે ને પોતાના ઘરમાં રામપાત્ર હોય; તેમ બીજાને માથે નાખી દે, પણ પોતાને માથે ન લે તેને એવું થાય. ઘેલાઈમાં ચાલ્યું જાય છે. જેમ પાંચ જણ વાંકમાં આવ્યા હોય તેનો ફેંસલો થાય ત્યારે એક જણાને સંભળાવે જે, 'તમને કેદ મળશે'; ત્યારે પાંચે જણા જાણે જે, 'આપણે સર્વેને આવી'. તેમ એકને વાત કરતા હોઈએ તે સર્વેએ માથે લેવી, પણ બીજાને માથે નાખીને નીકળી જાવું નહિ.''

''ગૃહસ્થ હોય તેમણે તો શ્રીજીમહારાજ સુખેથી સાંભરે ને કથા, વાર્તા, ધ્યાન, ભજન, માળા, માનસી પૂજા વગેરે નિયમ બરાબર

સચવાય, અને પોતાના જીવાત્માનું પરલોક સંબંધી સુખ થવાનું સાધન સુખે થાય એવી રીતે દેહનિર્વાહ જેટલો જ વ્યવહાર કરવો; પણ વ્યવહારરૂપ થઈ જવાય એવો વેગે સહિત વ્યવહાર ન કરવો. શ્રીજીમહારાજની ને મોટાની આજ્ઞા પ્રમાણે કરવો.''

''બીજું, પોતાના મોક્ષના લાભ માટે ગમે તેવી પ્રકૃતિ હોય તેને મોટાના જોગમાં રહીને ટાળવી. મહારાજની અને મોટાની આજ્ઞામાં લેશમાત્ર ફેર પડવા દેવો નહિ. એમ જાણવું જે, 'હું જે જે ક્રિયાઓ તથા સંકલ્પ કરીશ તેને મહારાજ ને મોટા દેખે છે. તેથી મહારાજની ને મોટાની મરજી તથા આજ્ઞા વિરુદ્ધ વર્તીશ, તો તે કુરાજી થશે ને મારું બગડી જશે.' નિરંતર એવી તપાસ રાખીને મહારાજ ને મોટા જેમ પ્રસન્ન થાય તેમ વર્તવાનો આગ્રહ રાખવો.''

''અને મોટાના આપેલા નિયમ ખબડદાર થઈને પાળવા. જો તેમાં ફેર પડે તો મોટાનું વચન પાછું જાય ને મોક્ષનો ઝાંપો વસાઈ જાય. માટે આજ્ઞા પૂરી પાળવી અને તેમાં ભૂલ પડે તો મોટાને સંભારીને તેનું પ્રાયશ્ચિત્ત કરી નાખવું. સારા-નરસા ઘાટ થાય તેને મહારાજ ને મોટા દેખે છે; એમ જાણીને પ્રાયશ્ચિત્ત કરશે તેનું પરમ કલ્યાણ થાશે. ઇંદ્રિયો જીતે તો અંતઃકરણ જીતાય છે. અને અંતઃકરણ જીતે તો ખાવા-પીવાનો ને બોલવા-ચાલવાનો ચસકો રહે નહિ. વાસનાવાળા ત્યાગી કરતાં ગૃહસ્થના ધર્મ સાચવે તે ગૃહસ્થ શ્રેષ્ઠ છે. વાસના તો બહુ ભૂંડી છે.''

''એક ગામમાં એક જણને છોકરાં જીવે નહિ. પછી પુરુષે ઠીકરામાં ખાવું એવી માતાની બાધા રાખી; તે પણ ઊભા ઊભા ખાવું. તેની સ્ત્રીએ છોકરાનું મળમૂત્ર બાર મહિના સુધી ભોંય પડવા દેવું નહિ ને બધું લૂગડામાં રાખવું ને બાર મહિને બધું માતા પાસે લઈ જવું ને પગે લગાડીને પછી લૂગડાં ધોવે ત્યારે બાધા છૂટે. પછી બાર મહિને લૂગડાનો મોટો ગાંસડો બાઈએ માથે ઉપાડ્યો ને પુરુષે છોકરાને તેડેલો ને માથે ઠીબડી; એવી રીતે ચાલ્યાં. તેને માર્ગમાં એક હરિજન મળ્યા

તેમણે પૂછ્યું જે, 'આ ગાંસડો ને ઠીબ ને આ બધું શું છે? ને ક્યાં જાઓ છો?' પછી તેણે બધી વાત કરી. આટલો બધો દીકરા સારુ દાખડો કર્યો. તે કેવો દીકરાનો મહિમા! અજ્ઞાની જીવને એવો મહિમા નાશવંત પદાર્થનો છે. આટલો દાખડો ભગવાનને ને સંતને અર્થે કરે તો કલ્યાણમાં કાંઈ વાંધો જ ન રહે.'' ॥૧૦૮॥

## વાર્તા ૧૦૯

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૯ને રોજ સભામાં પ્રથમ પ્રકરણનું ૭મું વચનામૃત વંચાતું હતું. તેમાં શ્રીજીમહારાજનું ગોલોક ધામ ને તેને વિષે બ્રહ્મજ્યોતિ છે, તે અક્ષરબ્રહ્મથી પર છે એમ આવ્યું; ત્યારે સંતોને માંહોમાંહી સંવાદ થયો. તેમાં કેટલાક અક્ષરબ્રહ્મને પર કહેવા લાગ્યા ને કેટલાક અક્ષરબ્રહ્મથી ગોલોકને પર કહેવા લાગ્યા.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''કોઈ વાતમાં વાદવિવાદ કરવો નહિ. વાદવિવાદમાં તમોગુણ આવે. કદાપિ કોઈકનું પ્રતિપાદન થાય તો તેનું માન આવે. માટે એ માર્ગે ચાલવું નહિ. વાતચીત કરતાં તથા પ્રશ્ન-ઉત્તર કરતાં રજ-તમનો ભાવ લાવવો નહિ, તો આ જોગમાં મોટો લાભ છે. ઊનું નહિ, ટાઢું નહિ, મંદમંદપણું, શીતળ ને શાંત એવું મહારાજનું સુખ છે, તે સુખ જેને રજ-તમ ન ભળે તેને આવે છે. માટે રજ-તમ આવવા દેવો નહિ; કેમ જે તેમાં માયા ભળે છે ને પરાભવ કરે છે. પ્રશ્ન-ઉત્તરમાં ધડાકો મારે તેના ઉપર મહારાજ ને મોટા રાજી ન થાય. વાદવિવાદ કરતાં તમોગુણ આવે તો શબ્દ સર્વે વ્યર્થ થઈ જાય, ને મહારાજને ભૂલી જવાય; એવી ખોટ આવે અને કોઈને સમાસ ન કરે. માટે સાધુ થાવું; એટલે મહારાજ તથા એમના મુક્ત જેવું થાવું, તો સાધુ થયા જાણવું.''

''આપણને સર્વોપરી શ્રી પુરુષોત્તમ ભગવાન મળ્યા છે, તે પુરુષોત્તમનો સંબંધ રાખે તો પુરુષોત્તમરૂપ થવાય અને અવગુણ આવે તો જીવનો નાશ થઈ જાય. ત્યાં દૃષ્ટાંત, જેમ અગ્નિમાં કાષ્ટ પડ્યું તે

અગ્નિરૂપ થયું, અને અગ્નિમાંથી નોખું પડે તો રાખ થઈ જાય; તેમ આ વાત સાધનિકની છે.''

''વચનામૃતમાં કેટલાક શબ્દ શ્રીજીમહારાજ પોતે ભગવાનરૂપે બોલ્યા છે અને કેટલાક શબ્દ અનાદિમુક્તરૂપે બોલ્યા છે, અને કેટલાક શબ્દ સાધનિકરૂપે બોલ્યા છે. બે પ્રકારની સમજણવાળાને અર્થે શ્રીજીમહારાજે વચનામૃત દ્વિઅર્થી કર્યાં છે. તે નરનારાયણ અને શ્રી પુરુષોત્તમને ભેળા કહ્યા, એમ દ્વિઅર્થી જાણવા.''

''વચલું કારખાનું એકવાર જાણીને પછી ખોટું કરી નાખવું અને પોતે શ્રીજીમહારાજના તેજરૂપ થઈને અથવા અનાદિમુક્તરૂપ થઈને મૂર્તિમાં જોડાઈ જાવું. તમારો વિવાદ ચાલતો હતો, તેમાં ઈશ્વર બાવાનું કહેવું સત્ય હતું. તેમાં શ્રીજીમહારાજે મૂર્તિમાન અક્ષરબ્રહ્મથી પોતાના તેજની કિરણોરૂપ ગોલોક અને તેમાં બ્રહ્મજ્યોતિ છે તેને પર કહ્યું છે. તેમાં શ્રીજીમહારાજ પોતાના પરમ એકાંતિક મુક્તોએ સહિત રહ્યા છે અને જે અનાદિમુક્ત છે તે તો મૂર્તિમાં રહ્યા છે તે સત્ય વાત છે.''

એમ વાત કરીને પછી બોલ્યા જે, ''અમે એક હરિભક્તને પૂછ્યું જે, 'તમે દેહ મૂકીને ક્યાં રહેશો?' ત્યારે તેમણે કહ્યું જે, 'અક્ષરધામમાં, તમે હશો ત્યાં રહીશું.' ત્યારે અમે કહ્યું જે, 'અમારાં ઠેકાણાં કેવાં! અમે તો જ્યાં મહારાજ મોકલે ત્યાં હોઈએ.' પછી એ હરિભક્ત બોલ્યા નહિ. ત્યારે અમે કહ્યું જે, 'તમને સ્વામી ઈશ્વરચરણદાસજીના જેવું કહેતાં ન આવડ્યું.' અમે એમને પૂછ્યું હતું જે, 'તમે દેહ ત્યાગ કરશો ત્યારે ક્યાં રહેશો?' ત્યારે તેમણે કહ્યું જે, 'જ્યાં તમે હશો ત્યાં રહીશું.' પછી અમે કહ્યું જે, 'અમને તો જ્યાં મહારાજ મોકલે ત્યાં જઈએ.' ત્યારે તે કહે જે, 'તમે તો સદાય મહારાજની મૂર્તિમાં છો, ને મૂર્તિમાં રહ્યા થકા જ્યાં દેખાવું હોય ત્યાં દેખાઓ છો; પણ તમારે મહારાજને મૂકીને ક્યાંયે જવું પડે નહિ.' એમ જવાબ આપ્યો. પછી તે હરિજને કહ્યું જે, 'અમને એવું ક્યાંથી આવડે?'

માટે અધ્યાત્મ વાર્તા મોટાના સમાગમ વિના પોતાની બુદ્ધિએ સમજાય તેમ નથી.'' ॥૧૦૯॥

## વાર્તા ૧૧૦

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૧૦ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત હરિજનો શ્રી કાકરવાડીએ નાહવા ગયા હતા. ત્યાં નાહીને બાવળ નીચે બેસી માનસી પૂજા કરી.

પછી બાપાશ્રી બોલ્યા જે, ''સંતો! આજ તો પ્રશ્ન પૂછો તો વાત કરીએ.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''પ્રથમ પ્રકરણના ૭૦મા વચનામૃતમાં ચોથા પ્રશ્નમાં ચોરનું દૃષ્ટાંત દીધું છે. તેમાં ગામ તે શું જાણવું? ચોર કોને જાણવા? સાધુ કોને જાણવા? પગ તે શું જાણવું? કાંટો કયો જાણવો? અને પગ સૂણ્યો તે શું જાણવું? રાજા કોને જાણવા? અને ખજીનો શો જાણવો? ધન તે શું જાણવું? માબાપ કોને જાણવા? સગાં કોને જાણવાં? લશ્કર તે શું જાણવું? અને શૂળી તે કઈ જાણવી?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ગામ એટલે જગત જાણવું. ચોર તે જીવ જાણવો. સાધુ તે સત્પુરુષ જાણવા. પગ તે અંતઃકરણ જાણવું અને કાંટો તે જ્ઞાન જાણવું. અંતઃકરણ જ્ઞાને કરીને પૂર્ણ થાય તે પગ સૂણ્યો જાણવો. રાજા તે ભગવાન જાણવા અને ખજીનો તે શાસ્ત્ર જાણવાં. ધન તે વિષય જાણવાં ને માબાપ તે પ્રકૃતિપુરુષ જાણવાં. સગાં તે ઇંદ્રિયો જાણવી અને લશ્કર તે કાળ જાણવો. શૂળી તે યમપુરી જાણવી.''

''જો જીવ ભગવાનની બાંધેલી શાસ્ત્રમર્યાદા મૂકીને વિષય ભોગવે તો કાળ આવીને યમપુરીમાં લઈ જાય ને ત્યાં મહાદુઃખ ભોગવવાં પડે. શ્રીજીમહારાજે શાસ્ત્રમાં જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે વર્તતા હોય એવા સાધુનો સંગ કરે ત્યારે તે સત્પુરુષ તેને આત્મા-પરમાત્માનું જ્ઞાન કહે. તે જ્ઞાને કરીને અંતઃકરણ પૂર્ણ થાય તે પગ સૂણ્યો

કહેવાય. તે અંતઃકરણ વિષય સંબંધી સંકલ્પ કરે નહિ એટલે સાધુ તેની સહાય કરે અને જન્મ-મરણ તથા યમયાતનાનાં દુઃખ ટાળીને શ્રીજીમહારાજ ધામમાં લઈ જાય એમ સમજવું.'' ॥૧૧૦॥

## વાર્તા ૧૧૧

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૧૦ને રોજ રાત્રિએ વાંટાવદરના ભૂરાભાઈએ પૂછ્યું જે, ''મધ્ય પ્રકરણના ૫૩મા વચનામૃતમાં જીવ કાળો છે કે ગોરો છે, કે લાંબો છે કે ટૂંકો છે, એમ કહ્યું તે કેવી રીતે સમજવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જ્યાં સુધી મૂળમાયાના કાર્યમાં જીવને રાગ હોય ત્યાં સુધી તે કાળો કહેવાય. અને માયિક રાગ ટળી જાય અને માયિક પદાર્થમાં દેશકાળે કરીને પણ ક્યાંયે મોહ ન પામે; પણ ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ અને અક્ષરકોટિના ઐશ્વર્યમાં રાગ હોય તે ગોરો કહેવાય. અને એમના ઐશ્વર્યમાં ક્યાંય રાગ ને સારપ ન રહે ને શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રકાશ જે મહાતેજરૂપ અક્ષરધામ તે જેવો થાય તે લાંબો કહેવાય. અને મૂર્તિમાન થઈને મૂર્તિને સન્મુખ રહે અથવા મૂર્તિમાં લીન રહે તે લાંબો મટીને ટૂંકો થયો કહેવાય. તેવા મુક્ત મૂર્તિમાન થકા જ લીન રહે છે.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''છેલ્લા પ્રકરણના ૨૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'અમને વન, પર્વત અને જંગલમાં જ રહેવું ગમે છે; પણ મોટાં મોટાં શહેર-પાટણ ગમતાં નથી.' તે વન-પર્વતાદિક શું સમજવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''પર્વતને ઠેકાણે મહારાજની મૂર્તિ જાણવી. વનને ઠેકાણે મુક્તનો સમૂહ જાણવો અને જંગલને ઠેકાણે અક્ષરધામ જાણવું; તેમાં અમારા મુક્તોને રહેવું ગમે છે, પણ પાટણને ઠેકાણે અક્ષરકોટિ અને શહેરને ઠેકાણે બ્રહ્મકોટિ તેમાં રહેવું ગમતું નથી; તો પ્રકૃતિપુરુષના લોકમાં તો રહેવું ગમે જ કેમ? એમ મહારાજે કહ્યું

છે.''

પછી પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, ''શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે દ્વારિકા આદિક તીર્થની યાત્રા કરવાનું કહ્યું છે તે દ્વારિકાનો શો અર્થ હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મોક્ષનું દ્વાર ઉઘાડે કહેતાં મોક્ષ કરે એવા સંત જ્યાં હોય તેમનો સમાગમ કરવો, એ દ્વારિકાની યાત્રા કહેવાય.'' ॥૧૧૧॥

## વાર્તા ૧૧૨

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૧૧ને રોજ સાંજે સભામાં સ્વામી ઈશ્વરચરણ-દાસજીએ પૂછ્યું જે, ''વરતાલના બીજા વચનામૃતમાં ભગવાન કાળા છે કે પીળા છે કે લાંબા છે કે ટૂંકા છે કે સાકાર છે કે નિરાકાર છે એમ કહ્યું છે તે કાળા, પીળા આદિક કેવી રીતે સમજવા?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''પ્રકૃતિના પતિ મૂળપુરુષ જેવા જાણે તે કાળા જાણ્યા કહેવાય; કેમ જે એમને માયાનો સંબંધ છે, માટે એટલો જ મહિમા જાણે તો કાળા જાણ્યા કહેવાય. અને બ્રહ્મ તથા મૂળઅક્ષર જેવા જાણે તે પીળા જાણ્યા કહેવાય; કેમ જે એમને માયાનો સંબંધ તો નથી, પણ શ્રીજીમહારાજ આગળ પરાધીન છે તેથી. અને શ્રીજીમહારાજને દિવ્ય મૂર્તિમાન જાણે તે સાકાર જાણ્યા કહેવાય અને આકારે રહિત જાણે તે નિરાકાર જાણ્યા કહેવાય. અને સર્વદેશી જાણે તે લાંબા જાણ્યા કહેવાય અને એકદેશી જાણે તે ટૂંકા જાણ્યા કહેવાય. એવી રીતે શાસ્ત્રો શ્રીજીમહારાજને જાણી શક્યાં નથી.'' ॥૧૧૨॥

## વાર્તા ૧૧૩

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૧૨ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''મોટા મુક્તની દૃષ્ટિ આગળ પામર જીવ દેહ મેલે તે અવિનાશી મહાપ્રભુજીનું સુખ પામે છે, તો જેને મહિમા સમજાણો

છે ને હેત છે તે તો જ્યાં દેહ મૂકે ત્યાં મહારાજ ને મોટા સાથે જ છે, ને તે તો દેહ છતાં જ સુખ પામેલા છે; માટે સંશય કરવો નહિ.''

''મોટાની દયા તો સર્વ સત્સંગ ઉપર અપાર છે, પણ જે મોટાની સાથે ભાવથી જોડાય તેના ઉપર વિશેષ દયા છે. જીવના ગુના સામું મોટા જોતા નથી. જે મન, કર્મ, વચને મોટાના થઈ રહ્યા છે તેનો છેલ્લો જન્મ થઈ રહ્યો છે. જો લાંબી અવધિએ મોક્ષ થાય, તો મોટા મળ્યા તેનું ફળ શું? માટે મોટા મળ્યા તેને જન્મ ધરવો પડતો નથી. જેમ જેમ અમે ઘણાક જીવને મહારાજ પાસે લઈ જઈએ તેમ તેમ મહારાજનો રાજીપો ઘણો થાય છે. જેમ તમે ઘણા ગામનો ધર્માદો મંદિરમાં લાવો તો મોટેરા ઘણા રાજી થાય તેમ. તથા જેમ માસ્તર નિશાળ ભણાવે તેને એમ રહે જે હું ઘણાને ભણાવું તો ઉપરી રાજી થાય ને ઈનામ મળે તેમ.''

એટલી વાર્તા કરીને કથાની સમાપ્તિ કરી. ॥૧૧૩॥

## વાર્તા ૧૧૪

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૧૨ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો શ્રી કાકરવાડીએ નાહવા ગયા ત્યાં નાહીને માનસી પૂજા કરી.

પછી બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''આ વર્તમાન કાળમાં લાખો-કરોડો જીવને મહારાજની મૂર્તિના સુખમાં લઈ જઈએ છીએ, પણ જીવને એવો મહિમા સમજાતો નથી. જો ખરા ભાવથી જોગ કરે તો મહિમા સમજાય ને તેને કાંઈ કરવું બાકી રહે નહિ. શ્રીજીમહારાજની મૂર્તિ અંતરમાં રાખે તો મોટાના આશીર્વાદ મળે છે. આ સમય એવો છે જે છતી દેહે શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેવાય; પણ જીવમાં અજ્ઞાન રહ્યું છે તેથી મહિમા સમજાતો નથી. જ્યાં ધારીએ ત્યાં મહારાજ ને મોટા પ્રત્યક્ષ છે; કેમ જે એ તો સ્વતંત્ર છે અને સાધનિકને પણ તેજમાં બેઠેલા છે, એમ પોતે દેખે છે. જ્યાં અનાદિમુક્ત હોય તે

સ્થાન તો બહુ જ ભારે છે એટલે અક્ષરધામ તુલ્ય છે. મહારાજને અર્થે થાળ કરીને મૂર્તિને જમાડે છે તો મહાપ્રભુજી પ્રત્યક્ષ જમે છે, તેમ જ મુક્ત પણ જમે છે.''

''આ લોકને વિષે કોઈક મોટો યજ્ઞ કરે તેમાં જે આવે તે ભૂખ્યો જાય નહિ, તેમ મોટાના જોગમાં જે આવે તે સુખિયા થયા વિના રહે જ નહિ. અનાદિકાળનાં પાપ સમગ્ર પ્રલય થઈ જાય. ને અનંતકાળનાં સુકૃત ઉદય થયાં હોય, ને છેલ્લી પ્રાપ્તિ થવાની હોય, તેને આવા મોટા ઓળખાય છે. મહિમાએ સહિત મુક્તની રજને માથે ચઢાવે તો તેનું આત્યંતિક કલ્યાણ થાય છે. જે પૃથ્વી ઉપર મોટા ચરણ મૂકે તે પૃથ્વી તીર્થરૂપ થાય છે અને તે પૃથ્વીની રજ જેના ઉપર પડે તેનો પણ મોક્ષ થાય છે. જે નદી-સરોવરમાં મોટા મુક્ત નહાય કે પગ બોળે તો તે જળમાં રહેલાં સર્વે જીવનો મોક્ષ થાય છે. અને તે જળના દેવ જે વરુણ તે પણ દર્શન કરવા આવે છે અને તે વરુણનું પણ કલ્યાણ થાય છે. મોટા મુક્ત નહાતા હોય તે પાણી મહિમાએ સહિત માથે ચઢાવે તેનાં પંચ મહાપાપ બળીને મોક્ષ થાય છે; પણ તે પાણીનો મહિમા જાણ્યા વિના માથે ચઢાવે તો તેવો ન થાય.''

તે ઉપર લક્ષ્મીરામભાઈની વાત કરી જે, ''આપણી લખઈવાડીમાં સદ્‌ગુરુ સ્વામીશ્રી નિર્ગુણદાસજી નહાતા હતા તે પાણી થાળામાં જતું હતું. તેને લક્ષ્મીરામભાઈ ખોબે ખોબે લઈને માથે ચઢાવતા હતા. તે જોઈને સ્વામીશ્રી બોલ્યા જે, 'આ શું કરો છો?' ત્યારે લક્ષ્મીરામભાઈ બોલ્યા જે, 'બાપજી, હું નિર્ધન, રોગી ને ગરીબ બ્રાહ્મણ; તે કાશી, દ્વારિકા, ગયાજી, જગન્નાથ, ગંગા, ગોદાવરી, સરસ્વતી, યમુના આદિ તીર્થ કરવા શી રીતે જાઉં? મારે ઘેર બેઠાં સર્વે તીર્થ આજ થઈ રહ્યાં.' આવો મહિમા જાણીને મોટાનું નાહેલું જળ માથે ચઢાવે તો પંચ મહાપાપાદિક સર્વે બળી જાય ને આત્યંતિક મોક્ષ થાય.''

''જે ઝાડ તળે મોટા બેઠા હોય ને ફળ, ફૂલ, પત્ર, પુષ્પ જે

ઉપયોગમાં આવે તે ઝાડનું પણ કલ્યાણ થાય છે. જુઓને! આ બાવળ જાતે અસુર કહેવાય, પણ મોટાં ભાગ્યવાળો છે; કેમ કે આપણે એની તળે બેસીને બ્રહ્મયજ્ઞ કરીએ છીએ, તેથી એનો પણ મોક્ષ થઈ ગયો છે.''

''મોટાનો પ્રતાપ તો એવો છે જે એક સમયને વિષે અનાદિ મહામુક્તરાજ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ ધોળકેથી સદ્‌ગુરુ શ્રી નિર્મળાનંદ સ્વામીને તથા સ્વામી વ્રજવલ્લભદાસજીને ઉમરેઠમાં અનાદિ મહામુક્તરાજ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી પાસેથી ગીતાભાષ્યનું પુસ્તક લેવા સારુ મોકલ્યા હતા. ત્યાં નવસારી ગણદેવીના હરિભક્ત ભાદરવા આંબાની કેરીઓ લાવ્યા હતા તે સ્વામીશ્રી તથા બીજા સર્વે સંત જમ્યા, તે ગોટલા ધોળકાની વાડીમાં વાવવા સારુ લેવા માંડ્યા, ત્યારે સ્વામીશ્રીના સંતોએ કહ્યું જે, 'સ્વામીશ્રીના જમેલા ગોટલા ઊગશે નહિ; માટે લેશો નહિ.' પછી તે ગોટલા સ્વામીએ જુદા રાખ્યા ને લાવીને ધોળકાની વાડીમાં વાવ્યા, તો સ્વામીશ્રીના જમેલા હતા તે ન ઊગ્યા અને બીજા સંતોના જમેલા હતા તે ઊગ્યા. આમ મોટાના ઉપયોગમાં આવે તેનો પણ મોક્ષ થાય.''

વાર્તાની સમાપ્તિ કરીને સર્વે મંદિરમાં આવ્યા. ॥૧૧૪॥

## વાર્તા ૧૧૫

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૧૩ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો શ્રી કાકરવાડીએ નાહવા ગયા. ત્યાં નાહીને બાવળ નીચે બેસી માનસી પૂજા કરી.

પછી બાપાશ્રીએ વાત કરી જે, ''કપડવંજમાં ગણેશભાઈએ દેહ મૂક્યો તે વખતે અનાદિ મહામુક્તરાજ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી મંડળે સહિત અહીં મંદિરમાં હતા. તે સવારમાં સાધુએ એક કલાક સુધી કથા વાંચી, ત્યાં સુધી તે ધ્યાનમાં બેઠા હતા. અને પછી ધ્યાનમાંથી જાગીને એક કલાક વાતો કરી. પછી બોલ્યા જે, 'કપડવંજમાં

ગણેશભાઈએ અમારી પાસે વર માગ્યો હતો જે અંત વખતે દર્શન આપીને તેડી જજો. તેમણે આ ટાણે દેહ મૂક્યો ને તેમને મહારાજના સુખમાં મૂકી દીધા.' એવો મોટાનો પ્રતાપ છે.''

એટલી વાત કરીને પછી પરસ્પર દંડવત કરીને મળ્યા અને સર્વે મંદિરમાં આવ્યા ને ગોડી બોલ્યા. પછી આરતી કરી અને સંતો 'સખી ગોકુળ ગામના ચોકમાં રે' એ કીર્તન ગાવા લાગ્યા.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''પંચાળામાં ઝીણાભાઈના દરબારમાં શ્રીજીમહારાજે સંતોને રાસ રમાડ્યા હતા. તે સમયે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું હતું જે, તમે આજ નવી કાવ્ય કરો ને સંતોને ઝીલાવો.' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ આ કીર્તન પહેલું ઝીલાવ્યું હતું. તે વખતે શ્રીજીમહારાજની એવી ઇચ્છા હતી કે આજ કળિયુગ કાઢીને સતયુગ બેસારી દેવો છે એવડી રાત્રિ કરવી છે. અને સાત ફેર સંતોના કરાવ્યા હતા. પછી સંતો ગાતાં ગાતાં થાકી ગયા પછી બ્રહ્માનંદ સ્વામીએ એક સંતને કહ્યું જે, 'મહારાજ તો બંધ રખાવશે નહિ ને સંત સર્વે થાકી ગયા છે અને આવતી કાલે ફૂલડોલ છે તેથી ગાવું પડશે; માટે તમે આપણા ઉતારામાં જઈને 'ચોર, ચોર' એમ બૂમ પાડો એટલે સર્વે વિખાઈ જાય.' પછી તે સંતે બૂમ પાડી તેથી સર્વે સંત વેરાઈ ગયા.''

''પછી શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું જે, 'તમે રંગમાં ભંગ કર્યો; કેમ જે અમારે આજ કળિયુગ ઉત્થાપીને સતયુગ સ્થાપવો હતો. તે અર્ધો કળિયુગ ગયો ને અર્ધો કળિયુગ રહી ગયો. એટલે બે લાખ ને સાડા તેર હજાર વર્ષ ગયાં એવડી રાત્રિ કરી. અને આ સંતોના સાત ફેર કર્યા હતા, તેમાં સૌથી પહેલો અક્ષરધામમાં અમારા સમીપમાં રહેલા પરમ એકાંતિક મુક્તનો હતો. અને બીજો મૂળઅક્ષરકોટિનો હતો. ત્રીજો વાસુદેવબ્રહ્મકોટિનો હતો, ચોથો ગોલોકનો હતો, પાંચમો પ્રધાનપુરુષનો હતો. છઠ્ઠો વૈકુંઠ લોકનો હતો, અને સાતમો આ મર્ત્ય લોકનો હતો. એમ અનુક્રમે સાત ફેર કર્યા હતા.' એમ શ્રીજીમહારાજે વાત કરી હતી.'' ॥૧૧૫॥

## વાર્તા ૧૧૬

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૧૪ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "શ્રીજીને તથા મુક્તને તો સર્વે પદાર્થમાંથી નિષ્કંચન કરીને જીવોને મૂર્તિમાં જોડી દેવા છે. જીવ જ્યારે સત્સંગી થાય ત્યારે તો પ્રથમ એ જીવમાં ખદ્યોત જેટલો પ્રકાશ હોય છે. પછી વધતાં વધતાં મહાતેજ જેવો થાય છે ને પુરુષોત્તમરૂપ પણ થાય છે. જેમ સરપટાને અગ્નિનો જોગ થાય તો અગ્નિરૂપ થઈ જાય છે; તેમ પુરુષોત્તમરૂપ થયેલા મુક્તોના જોગે કરીને જીવ પુરુષોત્તમરૂપ થાય છે. માટે મોટા અનાદિનો જોગ કરવો; પણ આધુનિકનો કરવો નહિ. આધુનિકના જોગથી અધૂરું રહે છે."

"સત્સંગમાં સત્સંગ ઓળખવો; તે થોડા પુણ્યવાળાને ઓળખાતો નથી. મોટાના સંકલ્પો કરોડો રૂપે થાય છે; જેમ શ્રી ગોપાળાનંદ સ્વામીના હજારો સંકલ્પ જીવના રૂડા માટે ફરતા અને શ્રી સચ્ચિદાનંદ સ્વામીનો સંકલ્પ ગઢડામાં શ્રીજીમહારાજ પાસે આવ્યો હતો તેમ."

"શ્રીજીમહારાજ જીવોને તેડવા જાય તેમના ભેળા મોટા પણ જાય. સદ્ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી અમદાવાદમાં હતા ને અહીં અણદા ભક્તને મહારાજ ભેળા તેડવા આવ્યા હતા. પછી જ્યારે કચ્છમાં સ્વામીશ્રી આવ્યા ત્યારે કહ્યું જે, 'અણદા ભક્તને અમે મહારાજ સાથે તેડવા આવ્યા હતા ત્યારે પ્રકાશ જોઈને તમારા ભત્રીજા ગોવિંદ ભક્તને બીક લાગી હતી; તેમને તમે ધીરજ આપી હતી.' મોટા હજારો ગાઉ છેટે રહેતા હોય ને હરિજનને વચન આપે જે, 'આપણે જુદા નથી, ભેળા જ છીએ' તો તેને આવરણ ટળી જાય."

એમ વાત કરીને બોલ્યા જે, "મોટાનો સમાગમ કરવા જઈએ ને મોટાને સેવા, સમાગમ, ભક્તિએ કરીને રાજી કરીએ અથવા મોટા રાજી થાય ને રૂડા આશીર્વાદ આપે તેનું ફળ અહીં પ્રત્યક્ષ જીવના

જોયામાં આવે નહિ, તેથી કૃતાર્થપણું મનાય નહિ. જેમ સુદામાજી શ્રીકૃષ્ણ ભગવાન પાસે ગયા, તેમની સેવા અંગીકાર કરીને તેમનું દારિદ્ર કાપીને કંચનના મહેલ કર્યા હતા, પણ સુદામાને ખબર પડી નહોતી તેથી માર્ગમાં જતાં શ્રીકૃષ્ણને વિષે ગુણ-અવગુણના ઘાટ થતા. પણ જ્યારે કંચનના મહેલ દેખ્યા ત્યારે મહિમા જાણ્યામાં આવ્યો. તેમ મોટાના આશીર્વાદનું ફળ જ્યારે ધામમાં જાય ને દેખે ત્યારે મહિમા સમજાય.'' ॥૧૧૬॥

## વાર્તા ૧૧૭

સંવત ૧૯૬૮ના ભાદરવા વદ-૦)) અમાસને રોજ સભામાં સરસપુરના પ્રાણશંકરભાઈએ પૂછ્યું જે, ''પોતાનું પૂરું થયું કેમ જણાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજની કથા, વાર્તા, ધ્યાન, ભજન આદિક જે સાધન કરે તે પોતાને અર્થે ને બીજા સર્વેને અર્થે કરે; અને શ્રીજીમહારાજ તથા મુક્તને આગળ રાખે ને દાસપણું મૂકે નહિ એવાં લક્ષણ હોય ત્યારે પૂરું થયું જાણવું. જો બીજાને જાળવવા જાય ને પોતાનું તપાસે નહિ તો પૂરું થાય નહિ.''

તે ઉપર સોરઠના હરિભક્તની વાત કરી જે, ''બીજાને વાર્તા કરીને ધામમાં મોકલ્યા ને પોતાને ચાર જન્મ ધરવા પડ્યા ત્યારે પૂરું થયું. ક્યાં મહારાજ ને મુક્ત! ને ક્યાં જીવ! આ તો થોડાકમાં ઘણી પ્રાપ્તિ થઈ છે. બીજે ધોડા કરાય એટલો મહારાજનો મહિમા ઓછો છે. મહાપ્રભુજીને અંતર્યામી જાણીએ તો કોઈ ઘાટ-સંકલ્પ થાય નહિ ને મૂર્તિને વિષે જ આનંદ આનંદ રહે. મહારાજની મૂર્તિમાં જ સુખ છે, બીજે બધે તો રોગી (એકલી) વાની ઊડે છે.''

''પરોક્ષ શાસ્ત્રમાં અવતારાદિકનો મહિમા કહ્યો હોય, પણ તેમને આજના મુક્તનાં દર્શન નથી. આ સમયે તો મૂળ સ્વરૂપ જે શ્રીજીમહારાજ તે પ્રાપ્ત થયા, અનાદિમુક્ત પ્રાપ્ત થયા અને નિર્ગુણ

એવું જે તેજરૂપ ધામ તે પ્રાપ્ત થયું. આ વખતમાં તો એવા મોટા પધાર્યા છે તે જો એમને મન સોંપી દે ને મન, કર્મ, વચને અનુવૃત્તિમાં રહે તો તેનાં સર્વ કામ સંપૂર્ણ થઈ રહ્યાં છે અને સર્વે સુખ પ્રાપ્ત થઈ રહ્યાં છે. અવતારાદિક તથા તેમના પાર્ષદ પોતાના મોક્ષને અર્થે સત્સંગમાં આવ્યા હોય તે આવા અનાદિમુક્તનો વિશ્વાસ લાવીને જોગ કરે ને મહારાજના સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે મોક્ષને પામે. જો વિશ્વાસ ન લાવે ને પ્રથમનું પરિપક્વ થયેલું હોય તે તેમને તેમ જ રહે તો ફેર સત્સંગમાં આવે ને જ્યારે આવું જ્ઞાન થાય ત્યારે આત્યંતિક મોક્ષને પામે.''

''માટે મોટાનો વિશ્વાસ લાવીને જો તેમની સાથે પોતાના જીવને જડી દે તો મોટા તેને મૂર્તિના સુખે સુખિયો કરે. જેમ કમળનો કંદ કાદવમાં ચોંટ્યો હોય ત્યારે તેને જળ પોષણ કરે છે ને સૂર્ય ખિલાવે છે, પણ જ્યારે કાદવમાંથી કમળનો કંદ જૂદો પડી જાય છે ત્યારે તેનું તે જળ કમળને સડવી નાખે છે અને તેના તે સૂર્ય તે કમળને સૂકવી નાખે છે. તેવી રીતે મોટા મુક્તને વિષે જે જીવ મન-કર્મ-વચને જોડાય તેનું મોટા પોષણ કરે છે અને મોટાને વિષે ન જોડાય તેનું મોટા પોષણ કરતા નથી; માટે કમળની પેઠે મોટાને વિષે ચોંટી જવું.'' ॥૧૧૭॥

## વાર્તા ૧૧૮

સંવત ૧૯૬૮ના આસો સુદ-૧ને રોજ સવારે સભામાં અમદાવાદના શેઠ બળદેવભાઈએ પૂછ્યું જે, '''अंते या मति सा गति' એ શ્રુતિનો શો અર્થ સમજવો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ભગવાનના ભક્તને સદા અંત અવસ્થા જેવું સમજવું; કેમ જે દેહનો નિરધાર નથી. આ ક્ષણ આ ઘડીમાં જરૂર મરવું છે. જેમ ખળામાં દાણાનો ઢગલો પડ્યો હોય ને ચારેકોરથી વરસાદ ચઢીને ઘૂઘવતો આવે તે દાણા ઢાંકવાની ઉતાવળ થાય; તેમ અંત અવસ્થા સદા સમજાય ત્યારે પૂરું કરવાની આતુરતા થાય.''

''સાધનિકને મોટાએ વચન આપ્યું હોય ને તેને કદાપિ માયાના

ગુણ અંતરાય કરતા હોય તોપણ તેને કેફ રહે. જેમ બાપે દીકરાને કહ્યું હોય જે, 'આ ઠેકાણે દ્રવ્ય દાટેલું છે' તો તેનો કેફ છોકરાને રહે છે જે, 'મારું દ્રવ્ય દાટેલું છે'; તેમ જેને મોટા મુક્ત મળ્યા હોય તેને કેફ રહે જે, 'મારું કામ કરશે જ', તો એને સર્વે કામ પૂરાં થઈ જ રહ્યાં છે."

"જેને મોટા મળ્યા નથી તેને કામ, ક્રોધ, માન, સ્વાદ એ આદિકનો ભાર ઘણો જ રહે તેથી તેનું અંતે અધૂરું રહે. માટે કલ્યાણકારી સંતને એટલે મુક્તને જાણવા. અને કામ, ક્રોધ આદિકના અંકુર ઊઠવા દેવા નહિ; તેને ટાળવાનો આદર રાખવો તો મોટા સહાય કરીને ટાળી નાખે. માટે મોટાને વિષે જોડાવું." ॥૧૧૮॥

## વાર્તા ૧૧૯

સંવત ૧૯૬૮ના આસો સુદ-૧ને રોજ સાંજે સભામાં પુરાણી ધર્મકિશોરદાસજીએ પૂછ્યું જે, "મહારાજનું ને મુક્તનું સુખ કેવી રીતે આવે અને તે સુખ ભિન્ન ભિન્ન કેવી રીતે દેખાય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જ્યારે મુક્તને સજાતિ થાય છે ત્યારે બધું માલમ પડે છે, પણ સજાતિ થયા વિના માલમ ન પડે. જેમ આ સભામાં અજાણ્યો માણસ આવે તેને બધા સરખા જણાય અને જે સદાય ભેળા રહેતા હોય તેમને સર્વેનાં રૂપ, ગુણ, નામ તથા મોટપ તે જુદી જુદી જેમ હોય તેમ જણાય; તેમ અક્ષરધામમાં શ્રીજીમહારાજ પાસે રહેતા હોય તેના જાણ્યામાં આવે છે. માટે સજાતિ થાય ત્યારે બધું માલમ પડે છે અને મહારાજનું ને મુક્તનું સુખ પણ વિભાગે સહિત જાણે છે ને લઈ શકે છે; તેમજ શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા સંકલ્પની મૂર્તિઓ કરીને અનંત જીવોને અક્ષરધામમાં તેડી જાય છે."

એમ વાત કરીને બોલ્યા જે, "શ્રીજીમહારાજની મૂર્તિમાં સુખ તો અપાર છે તે જ્યારે ખરેખરી એ સુખમાં ગતિ પહોંચે ત્યારે એને જાણપણું રહે, પણ એ સુખમાં ગતિ પહોંચી ન હોય ત્યાં સુધી ઓરું રહેવાય છે. એ સુખમાં જેની ગતિ પહોંચી છે તે તો એ સુખમાંથી પાર

પામતા જ નથી. જ્યાં સુધી એ માર્ગમાં સિદ્ધતા થઈ નથી ત્યાં સુધી શ્રીજીમહારાજનો ને તેમના મુક્તનો મહિમા બરોબર સમજાતો નથી.'' ॥૧૧૯॥

## વાર્તા ૧૨૦

સંવત ૧૯૬૮ના આસો સુદ બીજને રોજ સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''મહિમા સમજવાનો શો ઉપાય છે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રદ્ધા સહિત શ્રીજીમહારાજનાં વચન પાળવા માંડે તે જેમ જેમ પાળતો જાય એટલે વચનમાં વર્તતો જાય તેમ તેમ અંતરમાં સિદ્ધતા થાતી જાય ને બ્રહ્મભાવને પામતો જાય ને સાક્ષાત્ શ્રીજીમહારાજના સુખનો અનુભવ થાય ત્યારે મહિમા જણાય. શ્રીજીમહારાજ ને મુક્ત સાક્ષાત્ બિરાજે છે એવું જણાતું નથી ત્યાં સુધી મહિમા સમજાય નહિ ને સુખમાં પણ ફેર રહે. એ તો જ્યારે અનાદિમુક્તનો જોગ કરીને મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યારે યથાર્થ મહિમા સમજાય.''

''મહારાજનું સુખ તો બહુ જ જબરું છે, તે તો જો મોટાનો વિશ્વાસ રાખીને મંડે તો એ સુખની પ્રાપ્તિ થાય. મોટા તો દષ્ટિસેવને પણ સુખિયા કરે છે. મોટાની દષ્ટિથી સુખિયું થવાય છે. એકલાં સાધનથી કેટલું થાય? સાધન ભેળી મોટાની કૃપા જોઈએ. આજ તો શ્રીજીમહારાજે ચીંથરામાં રત્ન વીંટીને રાખી મૂક્યાં છે તે મનુષ્યની પેઠે ખાવું-પીવું સર્વે વ્યવહાર મનુષ્યના જેવો હોય તે કેમ ઓળખાય? આજ આ મોટા પુરુષ પૃથ્વી ઉપર બિરાજે છે તેમને સમાગમે કરીને એકાંતિક માર્ગ ઓળખાય છે. એવા મોટા પુરુષ પૃથ્વીમાંથી ચાલી નીકળે ત્યારે બહુ જ પસ્તાવો થાય. માટે સમાગમ કરી લેવો.''

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, ''અનાદિમુક્ત આ વાતો કરે છે તે આ એક જ છે કે સત્સંગમાં બીજે ઠેકાણે પણ હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ એક જ છે તે તમને મળ્યા છે.

આવા બીજા સત્સંગમાં નથી.''

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''તમે કોઈને વાતો કરો છો ને કોઈને પ્રસાદી આપો છો; કોઈ આવતા હોય તેના સામા જાઓ છો ને કોઈને વળાવવા જાઓ છો અને કોઈને કોઈ વસ્તુ જોઈતી હોય તે લાવી આપો છો એમ સેવા કરો છો તેનું શું કારણ હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એવી સેવાએ કરીને શ્રીજીમહારાજ રાજી થાય છે ને ઈનામ આપે છે એટલા માટે કરીએ છીએ; અને બીજું સાધનિકને શીખવવા માટે કરીએ છીએ.''

પછી આસો સુદ-૩ને રોજ સર્વે સંત ભુજ આવ્યા ને ત્યાંથી ગુજરાત તરફ આવ્યા. ॥૧૨૦॥

## વાર્તા ૧૨૧

સંવત ૧૯૬૯ની સાલમાં અશ્લાલીનાં કંકુબાએ અમદાવાદમાં સત્સંગિભૂષણની પારાયણ કરાવી હતી ત્યારે બાપાશ્રી ભુજમાં ફૂલદોલોત્સવ કરીને ત્રીસ-ચાલીસ હરિજનોએ સહિત અમદાવાદ પધાર્યા હતા. તે કથાની સમાપ્તિ ચૈત્ર સુદ-૯ને રોજ હતી. પછી બાપાશ્રી રનોડા, ધોળકા થઈને જેતલપુર, અશ્લાલી, ગામડી થઈને બારેજડી, બળદેવભાઈની મિલમાં થઈને સરસપુર થઈ કડી થઈ દેવપરે ચૈત્ર વદ-૩ને રોજ પધાર્યા. ત્યાં ચૈત્ર વદ-૧ને રોજ પારાયણ બેસારી હતી, તેની સમાપ્તિ ચૈત્ર વદ-૭ને રોજ થઈ. તે દિવસે મૂર્તિઓની પ્રતિષ્ઠા કરીને બીજે દિવસે ચાલ્યા તે વિરમગામ, મુળી થઈને કચ્છમાં પધાર્યા. ત્યાં સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સાધુ મુક્તવલ્લભદાસજી તથા આશાભાઈ એ ત્રણે બાપાશ્રીની સાથે ગયા હતા. તે અખાત્રીજને રોજ ભુજ ગયા. ત્યાં થોડાક દિવસ રહીને વૈશાખ સુદ-૧૧ને રોજ વૃષપુર પધાર્યા.

વૈશાખ સુદ-૧૨ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''એક સમયને વિષે પર્વતભાઈ તથા મયારામ ભટ્ટ આદિ ઘણા સત્સંગીઓ ગઢડે શ્રીજીમહારાજનાં દર્શન કરવા ગયા હતા. ત્યાં

પર્વતભાઈએ શ્રીજીમહારાજની પ્રાર્થના કરી જે, 'હે મહારાજ! અમારે ત્યાં અગત્રાઈમાં મોટામાં મોટા સંતનું મંડળ છ મહિના રહેવા મોકલવા કૃપા કરશોજી.' એમ કહીને ઘેર ગયા."

"પછી શ્રીજીમહારાજે અનાદિમુક્ત સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીને મંડળધારી કરીને એમની સાથે સંતદાસજી, વ્યાપકાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, રામદાસભાઈ, આત્માનંદ સ્વામી આદિ ત્રીસ સદ્‌ગુરુઓને જવાની આજ્ઞા કરી. ત્યારે રામદાસભાઈ બોલ્યા જે, 'હે મહારાજ! ગોપાળાનંદ સ્વામી વિના બીજા મોટા સંતને મંડળધારી કરો તો ઠીક, કેમ જે એ તો બાર મહિનાથી સાધુ થયા છે.' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'આ તો અમારી મૂર્તિમાં રહેનારા અનાદિ મહામુક્ત છે અને સૌથી મોટા છે માટે તેમને મોકલજો એમ પર્વતભાઈ કહી ગયા છે તેથી એમને મંડળધારી કર્યા છે. તો તમે સૌ એમની આજ્ઞામાં રહેજો, પણ જૂનાપણાનું અભિમાન રાખશો નહિ.' એમ કહીને પછી સંતદાસજીને કહ્યું જે, 'તમે ગોપાળાનંદ સ્વામી પાસે છ મહિના રહેજો; પણ બીજે ક્યાંય જશો નહિ. એવી રીતે અગત્રાઈ જવાની સર્વેને આજ્ઞા કરી."

"પછી તે સર્વે ગયા. ત્યાં શ્રીજીમહારાજના મહિમાની ને સુખની વાતો ગોપાળાનંદ સ્વામી તથા પર્વતભાઈ બન્ને વારાફરતી કરતા હતા. તે સાંભળીને સર્વે સંત તથા હરિજનો તથા ફરતાં ગામોના હરિજનો બહુ જ આનંદ પામતા હતા."

"એવામાં પર્વતભાઈના દીકરા મેઘજીભાઈને અડસઠ તીર્થ કરવા જાવાની ઇચ્છા થઈ તેથી પર્વતભાઈને કહ્યું જે, 'મારે અડસઠ તીર્થ કરવા જાવું છે.' ત્યારે પર્વતભાઈએ કહ્યું જે, 'અડસઠ તીર્થ તો દર્શન કરવા તથા માથે રજ ચઢાવવા આપણા ફળિયામાં નિત્ય આવે છે.' ત્યારે મેઘજીભાઈએ કહ્યું જે, 'એમ તીર્થ રજ લેવા આવતાં હોય તો લોકો હજારો રૂપિયા ખરચીને તીર્થ કરવા શા સારુ જાય? એ તો તમારે ખરચી

આપવી પડે એટલા સારુ સમજાવો છો, પણ મારે તો અવશ્ય જાવું છે.' પછી તેને પર્વતભાઈએ ભાતું-ખરચી આપ્યાં ને તે તીર્થ કરવા નીકળ્યા.''

''પછી પર્વતભાઈએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે, 'છોકરો તો તીર્થ કરવા ગયો.' ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, 'તમારા ચરણમાં તીર્થ છે તે બતાવ્યાં હોત તો ન જાત. હું એને પાછો વાળી લાવું.' એમ કહીને સ્વામી ચાલ્યા તે વાટમાં મેઘજીની આગળ થઈ ગયા. મેઘજીને પૃથ્વીથી ગજ ઊંચા સ્વામી ચાલતા દેખાયા ને એમના ચરણમાં શ્વેત તેજોમય અડસઠ તીર્થ દેખાયાં તેમાં કેટલાંક તો ચરણનો સ્પર્શ કરે અને કેટલાંક તો માથે રજ ચઢાવે ને કેટલાંક તો દંડવત કરે ને કેટલાંક તો પ્રાર્થના કરે. એવી રીતે જોઈને મેઘજી બોલ્યા જે, 'સ્વામી આ તમારાં ચરણ તળે શ્વેત તેજોમય મૂર્તિઓ છે તે કોણ હશે?' ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, 'કેટલી છે? ગણી જો.' પછી તેણે ગણી તો અડસઠ થઈ. ત્યારે કહ્યું જે, 'અડસઠ છે.' ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, 'એ અડસઠ તીર્થ છે.' પછી મેઘજીએ કહ્યું જે, 'હું તીર્થે જતો હતો તે હવે નહિ જાઉં.' એમ કહીને પાછા વળ્યા ને સ્વામીશ્રી પણ પાછા વળ્યા.''

''રસ્તામાં આવતાં સ્વામીશ્રીએ વાત કરી જે, 'તમારા પિતાશ્રીનાં ચરણમાં પણ તીર્થ સદાય રહે છે.' ત્યારે મેઘજીએ કહ્યું જે, 'મારા દેખ્યામાં કોઈ દિવસ આવ્યાં નથી.' પછી સ્વામીશ્રીએ કહ્યું જે, 'તમે કહેશો તો બતાવશે.' એમ કહીને સ્વામીશ્રી ઉતારે ગયા ને મેઘજીભાઈએ ઘેર આવીને પર્વતભાઈને વાત કરી જે, 'સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ એમનાં ચરણમાં તીર્થ બતાવ્યાં અને તમારાં ચરણમાં તીર્થ છે એમ કહ્યું છે માટે મને બતાવો.' પછી પર્વતભાઈએ પોતાનાં ચરણમાં બતાવ્યાં.''

''શ્રી ગોપાળાનંદ સ્વામી આદિ સંતો તથા પર્વતભાઈ આદિ ઘણા હરિજનો સાંજ વખતે દરરોજ કૂવે નાહવા જતા ત્યાં નાહીને એક વૃક્ષ તળે બેસીને માનસી પૂજા કરીને પછી શ્રીજીમહારાજના મહિમાની

ઘણીક વાર્તાઓ નિત્ય કરતા. એક વાર વાર્તા સાંભળીને વૃક્ષને ઘણો જ આનંદ થયો તેથી ખડખડ હસવા માંડ્યું.''

''ત્યારે સભામાં બેઠેલા હરિજનો બોલ્યા જે, 'વાયુ વિના આ ઝાડ કેમ ખખડતું હશે?' ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, 'એ ઝાડ હસે છે.' ત્યારે હરિજનો બોલ્યા જે, 'ઝાડને હસવાનો ધર્મ નથી.' પછી પર્વતભાઈ બોલ્યા જે, 'પૂછી જુઓ.' પણ કોઈ પૂછતા ન હવા. ત્યારે શ્રી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે, 'સત્પુરુષ જે બોલે તે સત્ય હોય, માટે વિશ્વાસ લાવીને પૂછો.'''

''પછી હરિજનોએ પૂછ્યું ત્યારે ઝાડ બોલ્યું જે, 'આ સભા શ્રી પુરુષોત્તમ ભગવાનની છે તે મારે છાંયે બેઠી છે તેથી મારે સેવા થઈ, ને વળી શ્રીજીમહારાજના મહિમાની વાતો સાંભળીને જ્ઞાન થયું, ને મોટા મોટા અવતારાદિકને તથા બ્રહ્મકોટિને તથા અક્ષરકોટિને પણ દુર્લભ એવા આ મુક્તોનાં મારે દર્શન થયાં; માટે મારો છેલ્લો જન્મ થઈ ગયો. હવે મારે ફેર જન્મ ધરવો નહિ પડે અને શ્રીજીમહારાજની મૂર્તિમાં તમારા ભેળે આવીને હું બેસીશ ને તમારા જેવું સુખ ભોગવીશ. તેનો આનંદ આવવાથી હું હસું છું.' એવો મહિમા મોટાનો છે.''

''એ છ મહિના સુધી શ્રી ગોપાળાનંદ સ્વામીએ તથા પર્વતભાઈએ અગત્રાઈના સીમાડામાં કાળને પેસવા દીધો નહિ. ત્યારે કાળે શ્રીજીમહારાજ આગળ પ્રાર્થના કરી જે, 'હું અગત્રાઈના સીમાડામાં જાઉં છું ત્યારે મને શ્રી ગોપાળાનંદ સ્વામી તથા પર્વતભાઈ બાળે છે તેથી મારાથી જવાતું નથી; માટે હું કેમ કરું?' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'તું ન જઈશ. તારું કામ હશે તે એ કરશે. એમની મરજી થાય ત્યારે જજે, નહિ તો બળી મરીશ.' એ છ મહિના સુધી ગામમાં તથા સીમાડામાં જે જીવ મરે તે સર્વેને શ્રીજીમહારાજ પાસે લઈ જતા હવા.''

''પછી શ્રીજીમહારાજે શ્રી ગોપાળાનંદ સ્વામીને કાગળ લખ્યો જે, 'છ મહિના પૂરા થયા; માટે બીજાં ગામોમાં ફરવા જજો.' પછી શ્રી

ગોપાળાનંદ સ્વામી મંડળે સહિત ત્યાંથી નીકળ્યા તે ગામડાંમા ફરતાં ફરતાં આવતા હતા ત્યાં મારગમાં ચાલતાં એક કૂવો આવ્યો ત્યારે નાહવા ઊતર્યા. ત્યાં પ્રથમથી જ આઠ બ્રાહ્મણો ઊતરેલા હતા તેમણે સાધુ દેખીને સાધુની તથા શ્રીજીમહારાજની નિંદા કરવા માંડી. એટલામાં તે આઠેને કોગળિયું આવ્યું. પછી તો સ્તુતિ કરવા માંડી જે, 'શ્રી સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન જગતના કર્તા-હર્તા છે ને તમે સર્વે સંત મુક્ત છો ને સ્વતંત્ર છો ને અમારા જેવા પામર જીવોનો ઉદ્ધાર કરવા પ્રગટ થયા છો. માટે અમારા નીચ કૃત્ય સામું ન જોતાં તમારા બિરદ સામું જોઈને તમારે પ્રતાપે કરીને અમારી રક્ષા કરો.' ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, 'અમે નાશવંત એવો જે દેહ તેની રક્ષા તો નહિ કરીએ, પણ તમારા જીવની રક્ષા કરશું.' એમ બોલીને સર્વે સંતોના દેખતાં એ સર્વેને વિમાનમાં બેસારીને ધામમાં મોકલી દીધા.''

''પછી સર્વે સંત શ્રીજીમહારાજ પાસે ગઢડે આવ્યા અને સંતોએ શ્રીજીમહારાજને કહ્યું જે, 'શ્રી ગોપાળાનંદ સ્વામીએ આઠ બ્રાહ્મણ આપણી નિંદા કરતા હતા તેમને અક્ષરધામમાં મોકલ્યા તે ઠીક ન કર્યું.' પછી શ્રીજીમહારાજે કહ્યું જે, 'આ ટાણે સો-બસો મેમાન આવે તેમની ખાવા-પીવાની સરભરા કરવાની સત્સંગીઓને ભલામણ કરવી પડે તેમાં કોઈ સત્સંગી આપણા કહ્યા વિના જ સર્વે મહેમાનને ઘેર લઈ જઈને ખાવા-પીવાની ખબર રાખે તો આપણે રાજી થઈએ કે નહિ?' ત્યારે સંતોએ કહ્યું જે, 'તો તો રાજી બહુ થઈએ.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'અમારે કોઈક મુક્તને આજ્ઞા કરવી પડત તે વગર આજ્ઞાએ ગોપાળાનંદ સ્વામીએ મોક્ષ કર્યો તે તો બહુ જ સારું કર્યું.' એમ શ્રીજીમહારાજ બોલ્યા.'' ॥૧૨૧॥

## વાર્તા ૧૨૨

સંવત ૧૯૬૯ના વૈશાખ સુદ-૧૩ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જેટલી ગતિ મહારાજની છે તેટલી તેમના મુક્તની છે,

જેટલું મહારાજ જાણે તેટલું મુક્ત જાણે, અને જેમ મહારાજ જાણતાં થકા અજાણતા છે તેમ જ મુક્ત પણ જાણતાં થકા અજાણતા છે. એવા જે નિર્ગુણ મુક્ત છે તેમના ગુણને તો મહારાજ પોતે ગાય છે. તે મહારાજે પ્રથમ પ્રકરણના ૩૭મા વચનામૃતમાં કહ્યું છે જે, 'એનાં દર્શનને તો અમે પણ ઇચ્છીએ છીએ.' માટે મોટા સંગાથે મન બાંધીને આત્મબુદ્ધિ કરીને વળગ્યા તો જેમ ગરુડની પાંખમાં મચ્છરિયું પેઠું તે ઠેઠ પૂગે; તેમ તે પણ ઠેઠ શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં પહોંચે."

"મહારાજની મૂર્તિમાં મુક્ત સળંગ રસબસ રહ્યા છે તેમાંથી જેટલો લાભ લેવો હોય તેટલો મળે. જેમ પાસસમણિ, ચિંતામણિ, કલ્પતરુ તે પાસેથી જેટલું ચિંતવીએ તેટલું માયિક સુખ મળે; તેમ શ્રીજીમહારાજ પાસેથી તથા તેમના મુક્ત પાસેથી જેટલું ચિંતવીએ તેટલું દિવ્ય સુખ મળે. જેમ મહારાજ દિવ્ય છે તેમ મુક્ત દિવ્ય છે, પણ જોનારાની દૃષ્ટિમાં મનુષ્યભાવ જણાય છે. જ્યાં સુધી મહારાજના સુખનો અનુભવ થયો નથી ત્યાં સુધી તે સુખિયો થતો નથી. આ ટાણે તો ખરેખરો લાભ છે. તેમાં જે બનાવો તે બને તેમ છે, એ બહુ ભારે લાભ છે."

"સતરૂપ મહારાજ ને સતરૂપ સંત ને તેમણે કહેલો એવો સતરૂપ ધર્મ, એ ત્રણેનું જેમાં વર્ણન હોય એવું સતરૂપ શાસ્ત્ર એ ચારેનો સંગ કરે તો પૂરો સત્સંગી કહેવાય." ॥૧૨૨॥

## વાર્તા ૧૨૩

સંવત ૧૯૬૯ના વૈશાખ સુદ-૧૪ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો શ્રી કાકરવાડીએ નાહવા ગયા. પછી સંતોએ તથા હરિજનોએ ચંદન ઉતારીને બાપાશ્રીને બધે શરીરે ચર્ચ્યું.

પછી બાપાશ્રી બોલ્યા જે, "આજ અમે નૃસિંહ વેષ બનાવ્યો હે; તે સર્વેના કામ, ક્રોધ, લોભાદિક શત્રુમાત્રનો નાશ કરી નાખ્યો."

પછી 'પ્રહ્લાદ કી અતિ પીડા પિછાની નૃસિંહ વેષ બનાવ્યો રે'

એ કીર્તનની ટૂંક બોલ્યા અને કહ્યું જે, "અમે આજ આ સભાના શત્રુમાત્ર મારી નાખ્યા." એ વર આપ્યો.

પછી વાત કરી જે, "મોક્ષાર્થીને તો અષ્ટ સિદ્ધિઓ ને નવ નિધિઓ હાજર થાય છે ને વાંસે ફરે છે, પણ તેને ગ્રહણ કરવી નહિ. હરિજનો કેટલી મહેનતે પૈસા પેદા કરે છે. માટે રસોઈ આપે તોપણ અકેકો લાડુ લેવો ને બીજા રોટલા જમવા, પણ મળે તેટલું ગ્રહણ કરવું નહિ; તો જ મંદવાડ એટલે રાગ જશે ને મૂર્તિ આવશે, પણ રાગરૂપી મંદવાડ ટાળ્યા વિના મૂર્તિ આવે નહિ. માટે રાગ ટાળવા ને સારી વસ્તુનો ત્યાગ કરવો. અમને તો ગુવારનું શાક ને તેમાં છાશ નાખેલી ને બાજરાનો રોટલો અને સાંજે મઠની ખીચડી એ જ ગમે છે, પણ ભારે વસ્તુ ગમતી જ નથી. તમારે પણ એમ કરવું; પણ લાવો વસ્ત્ર, લાવો ગાદી-તકિયા, એમ ન ઈચ્છવું."

"આપણે કોને વર્યા છીએ? શ્રી પુરુષોત્તમનારાયણને વર્યા છીએ. અબળાએ અબળાને પરણવું નહિ. 'અબળા અબળાને શું પરણું સાહેલી રે.'"

"મોટા પુરુષો આગળ ગોળા જમતા ને ગૃહસ્થ પણ કોદરા, બાવટો, બંટી જમતા; માટે બધું ખોટું કરી નાખવું. અમારે તો રોટલી ચોપડાય નહિ, ખીચડીમાં ઘી હોય નહિ, ગળ્યું-ચીકણું કાંઈ ગમે જ નહિ, તેના સાક્ષી તમે જ છો. માટે આ લોકના વૈભવ ત્યાગ કરવા. આ પાપરૂપ દેહમાં ઘાલીએ તો તેમાં શું વળ્યું? તાવ આવે છે, તોપણ જમવાનું મુકાવી દે છે. જો મંદવાડનું મુકાવ્યું મુકાય છે, તો શ્રીજીમહારાજનો મહિમા જાણ્યો હોય તો કેમ ન મુકાય? માટે સર્વે આસક્તિ ટાળીને એક મહારાજની મૂર્તિમાં જોડાવું. આ ભેગા થયા તેનો લાભ તો જ લીધો કહેવાય."

"દાક્તરી ઔષધ ખાવું નહિ ને અજાણમાં ખવાઈ ગયું હોય તો એક ઉપવાસ કરવો. કોઈકને દેહની સાધ્ય ન હોય ને તેને કોઈકે

ખવરાવ્યું હોય તે જ્યારે જાણ્યામાં આવે ત્યારે એક ઉપવાસ કરવો. આજ શ્રીજીમહારાજ પ્રગટ વૈદ મળ્યા છે. માટે એમની ઈચ્છા પ્રમાણ જેમ થતું હોય તેમ થવા દેવું, પણ ઔષધથી મટાડવાનો સંકલ્પ કરવો નહિ.''

પછી સર્વે મંદિરમાં આવ્યા. ॥૧૨૩॥

## વાર્તા ૧૨૪

સંવત ૧૯૬૯ના વૈશાખ સુદ-૧૫ને રોજ સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''કારણ મૂર્તિનું ધ્યાન શી રીતે કરવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મૂર્તિના તેજમાં પોતાના આત્માને લીન કરીને એ તેજરૂપ પોતાને માનીને એ તેજમાં મૂર્તિ ધારવી. તે મૂર્તિ ધારતાં ધારતાં દેહને ભૂલી જવાય ને ઉપશમ થઈ જાય તે ખરું ધ્યાન કહેવાય.''

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, ''પુરુષોત્તમના પ્રકાશરૂપ થઈને એકરસપણાને પામી ગયા પછી જાણપણું રહેતું હશે કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ દેહરૂપી આવરણમાં રહ્યા થકા પણ જ્ઞાને કરીને આટલું ઓળખાય છે તો જ્યારે આવરણ ટળીને દિવ્ય દૃષ્ટિ થાશે ત્યારે ઓળખાય તેમાં શું કહેવું? ત્યારે તો જાણપણું બહુ રહેશે. 'જેમ હું મૂર્તિમાં રહ્યો છું ને સુખ લઉં છું તેમ જ સર્વે મુક્ત મૂર્તિમાં રહ્યા છે ને સુખ લે છે' એવું જાણપણું રહે છે. જે અનાદિમુક્ત છે તે તો મૂર્તિમાં રહીને મૂર્તિને જુએ છે. જેમ ફાનસમાં દીવો હોય તે દીવો ફાનસને દેખે, તેમ અનાદિમુક્ત મૂર્તિમાં રહીને મૂર્તિને દેખે છે ને મૂર્તિનું સુખ ભોગવે છે. અને જે મુક્ત જેટલું સુખ લે છે તે સર્વેને જાણે છે જે આ મુક્ત આટલું સુખ લે છે; એમ સર્વેને જાણે છે.''

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, ''ચરણની સેવા કરવી એમ કહે છે તે કેવી રીતે સમજવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "ચરણની સેવા એટલે મૂર્તિની સેવા જાણવી. ચરણની સેવા કહેવી તે નમ્ર વાણી છે. જે દાસ હોય તે એવી રીતે નમ્રતાપૂર્વક બોલે. એમ દાસને બોલવાની રીતિ છે એમ જાણવું. માટે ચરણસેવા એટલે સમગ્ર મૂર્તિની સેવા જાણવી." ॥૧૨૪॥

## વાર્તા ૧૨૫

સંવત ૧૯૬૯ના વૈશાખ સુદ-૧૫ને રોજ સાંજે સભામાં સરસપુરના જેઠાભાઈએ પૂછ્યું જે, "આજ ભગવાન ક્યાં હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ બેઠા મૂર્તિમાન!"

પછી કહ્યું જે, "મૂર્તિ તો બેઠી રહી છે."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "હાલવા ખપે તે જ બેઠા છે ને તે જ પ્રત્યક્ષ છે. જે અક્ષરધામમાં છે એ જ છે. આ સભામાં પ્રત્યક્ષ શ્રીજીમહારાજ અને મુક્ત છે; તેમાં ખોટું કહેતા હોઈએ તો સમ છે. મૃત્યુ આડી એક ઘડી રહી હોય ને જો 'આ પ્રતિમા તે જ સાક્ષાત્ ભગવાન છે; પણ ધાતુ-પાષાણ નથી ને આ સભા દિવ્ય છે' એવું સમજાય તો શ્રીજીમહારાજ હડેડાટ તેડી જાય છે. માટે પ્રતિમાને વિષે ને સાધુને વિષે દિવ્યભાવ લાવવો; તો મોક્ષ કરે. પણ એકલાં જ સાધને કરીને મોક્ષ ઇચ્છે તે થવો કઠણ છે. જેમ એક કણબીને ગાડું ખૂંત્યું તે બધાયને કાઢી મૂકીને ગાડું કાઢવા ગયો તે કાંઈ નીકળે? તેમ આવા મુક્તને વિષે કોઈક કાંઈક દોષ પરઠે તો તે એકલો રહ્યો તે એકલો શું કરે? માટે સર્વેને દિવ્ય જાણવા તો મોક્ષ થાય." ॥૧૨૫॥

## વાર્તા ૧૨૬

સંવત ૧૯૬૯ના વૈશાખ વદ-૧ને રોજ સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "વરતાલના ૧૧મા વચનામૃતમાં ભગવાન તથા ભક્ત તથા બ્રાહ્મણ અને કોઈક ગરીબ મનુષ્ય એમના દ્રોહથી અમે બીએ છીએ, એમ મહારાજે કહ્યું છે; તે ગરીબ કોને

જાણવો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''સદ્ગુરુ શ્રી હરિનારાયણદાસજી સ્વામીના જેવા સ્વભાવ હોય તથા ઢુવાવાળા દરબાર રવાજીભાઈના જેવા સ્વભાવ હોય તેવાને ગરીબ જાણવા. જેમાં એવાં લક્ષણ ન હોય અને કદાપિ સાધુને વેષે હોય તોપણ ગરીબ ન જાણવા ને સાધુ પણ ન જાણવા; તેમજ સેવા પણ સાધુને ઓળખીને કરવી. કેટલાક શિષ્યો ગુરુને સારું સારું ખાવાનું ઠેલીઠેલીને પેટમાં ભરે, પણ તે ગુરુ તો કોઈના કામમાં પણ ન આવે એવા હોય; માટે ગુરુને પણ ઓળખવા. ગૃહસ્થોએ પણ ઓળખીને જ પાત્ર હોય તેની સેવા કરવી. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા શ્રી રઘુવીરજી મહારાજના જેવાં લક્ષણે યુક્ત આચાર્ય હોય તો તેમની સેવા કરવી.''

એટલી વાર્તા કરીને પછી સમાપ્તિ કરી.

પછી બીજે દિવસે એટલે વૈશાખ વદ બીજને રોજ બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને ગુજરાત તરફ જવાની રજા આપી જે, ''તમારે ધર્માદાનો વખત ભરાઈ આવ્યો છે; માટે આજ તમે ગુજરાત તરફ જાઓ.''

પછી તે ચાલ્યા, ત્યારે બાપાશ્રી મળીને માથે હાથ મૂકીને બોલ્યા જે, ''અમે તમારા ઉપર બહુ રાજી છીએ. તમે અમારી સેવા બહુ કરી અને અમે તમારા ભેળા જ સદાય છીએ.''

પછી સ્વામી આદિ ચાલ્યા તે ભુજ થઈને ગુજરાત તરફ આવ્યા. ॥૧૨૬॥

## વાર્તા ૧૨૭

સંવત ૧૯૭૦ના મહા વદમાં અમદાવાદ, મુળી વગેરેના સંત તથા હરિજનો કચ્છમાં ગયા. તે ભુજ થઈને ફાગણ સુદ બીજને રોજ શ્રી વૃષપુર ગયા હતા.

ફાગણ સુદ-૩ને રોજ સવારે સભામાં પ્રથમ પ્રકરણનું ૧૮મું વચનામૃત વંચાતું હતું. તેમાં ઇંદ્રિયોના આહાર શુદ્ધ કરવાની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "પવિત્ર ન હોય તેનું અન્ન-જળ ખાવા-પીવાથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને એનો વાયરો આવે તોય ભ્રષ્ટ થઈ જવાય. કદાપિ મરવા ટાણે પણ જો પાસે ઊભો હોય તો અશુદ્ધ ઔષધ ખવરાવી દે અથવા વ્યાવહારિક વાતો કરીને માયિક પદાર્થની સ્મૃતિ કરાવે. માટે જેમ આપણા પગમાં કાંટો વાગ્યો હોય તેને કાઢવો તે આપણા હાથમાં છે, તેમ કુસંગનો ત્યાગ કરવો તે પણ આપણા હાથમાં છે. તમારે કચ્છમાં આવવું હોય ને વિચાર કર્યા કરો તો ન અવાય, પણ જો ટિકિટ લઈને રેલે બેસો તો તરત આવી પહોંચાય."

"મહારાજનો ને મોટાનો સિદ્ધાંત તો મોટાને મન સોંપે ત્યારે જ જણાય એવો છે. કદાપિ કોઈકને ન સમજાય તોપણ મન સોપ્યું હોય તેને વાંધો રહે નહિ. મહારાજને અને મોટાને સાથે રાખે ને એમની મર્યાદા રાખે અને અંતર્યામી જાણે તો સર્વે ક્રિયામાં મહારાજ ટેક રખાવે." ॥૧૨૭॥

## વાર્તા ૧૨૮

સંવત ૧૯૭૦ના ફાગણ સુદ-૩ને રોજ બપોરે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "તમોને છેલ્લો મુદ્દો હાથ આવ્યો છે, કેમ જે બધી સભાઓ ભેદીને છેલ્લા શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત મળ્યા છે. આવો ભાવ આ મુક્તને વિષે રહે તો સુખી થવાય ને રાગમાત્ર ટળી જાય. આ તો છેલ્લા મુક્ત છે, તે મહારાજના સુખમાં વળગાડે છે. તમે કોઈક ઠેકાણે ધૂણીપાણી કરેલાં છે (સેવા કરેલી છે) તેથી તમને આ જોગ મળ્યો છે. મોટાના ભેળા પૂર્વે જે રહેલા હોય તે જ મોટાને ઓળખે છે. 'દરદીની વાતો દરદીડા જાણે, બેદરદીને શું

ભણીએ?' તમારે તો અનાદિ ને મહારાજ ઢૂંકડા આવ્યા છે, માટે માયાનાં કાર્ય એટલે શ્રીજીમહારાજની સત્તાનાં કાર્ય જે અક્ષરકોટિ આદિ તેમાં લેવાવું નહિ. જે એ અક્ષરાદિકમાં તથા એનાં કાર્યમાં હેત રાખે તેને મહારાજનો મહિમા સમજાણો જ નથી. તમને તો પ્રત્યક્ષ વાદળી છૂટી પડી છે ને કાળ, કર્મ, માયા ને સ્વભાવ તે સર્વેને કાઢી નાખ્યાં છે.''

''વેપાર કરવા આવે તે લાખો-કરોડો રૂપિયા કમાઈને જાય ને કોઈક ઠાલા પણ જાય. જો આવા મુક્તને ઓળખે નહિ તો ઠાલા ગયા જેવું છે, અને જો આવા મોટાનો અભાવ આવે તો લાખો-કરોડોની ખોટ જાય; એટલે કલ્યાણના માર્ગમાંથી પડી જાય. યોગમાર્ગવાળા પોતે ધણી થઈ પડે છે ને છેલ્લું પગથિયું માને છે, પણ એ તો પહેલું પગથિયું છે ને અધવચ રહે છે. તમને જે મુદ્દો મળ્યો છે તે ખરેખરો છેલ્લો અવધિ છે; માટે જે કરવાનું છે તે કરી જ લેવું, પણ વર્ણનું કે આશ્રમનું માન આવવા દેવું નહિ. સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત હતા, પણ કોઈકે જ ઓળખ્યા હશે. જે એવા હોય તે ઓળખે, અને એમની કૃપાથી ને સેવાથી ને અનુવૃત્તિમાં રહેવાથી મુમુક્ષુ પણ ઓળખે. આ મુક્ત તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રહીને બોલે છે; માટે શ્રીજીમહારાજ બોલે છે એમ જાણજો. આ ખાનગી એટલે એકરુચિવાળાની સભામાં સુખ વિશેષ આવે. તમારે તો જીતનો ડંકો વાગી ગયો છે; માટે તરુણ અવસ્થાનો ભાવ આવવા દેવો નહિ. આ લોકમાંથી પૃથક્ થઈ જાવું.''

એટલી વાર્તા કરીને પછી ખારેકો તથા ટોપરાની પ્રસાદી વહેંચવા માંડી ને બોલ્યા જે, ''આ પ્રસાદી તો અક્ષરધામની છે ને દિવ્ય છે.''

પછી કેરીની પ્રસાદી વહેંચવા માંડી ને બોલ્યા જે, ''આ કેરી ન જાણશો. આ તો મૂર્તિ અપાય છે ને આમાં હેત-રુચિવાળાનો સરખો ભાગ છે; પણ આજ્ઞા, નિયમ, ધર્મમાં ખબરદાર રહેવું જોઈશે. જેમ

બાળકનું પ્રારબ્ધ એનાં માવતર છે, તેમ તમારું પ્રારબ્ધ શ્રીજીમહારાજ ને મુક્ત છે, તે રક્ષા કરીશું ને જ્યાં પહોંચવાનું છે ત્યાં અમે પહોંચાડશું.''

''જ્યાં મોટા મુક્ત રહેતા હોય તે નૈમિષારણ્ય ક્ષેત્ર કહેવાય ત્યાં ધ્યાન-ધારણા જે જે કરે તે થોડું કરે તોપણ ખરેખરી શાંતિ થઈ જાય. તીર્થને પણ પવિત્ર કરે એવા સંત એટલે મુક્ત તમારે ઘેર છે. ગંગાનું પાપ સંત ટાળે છે. સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી અમારે કૂવે નાહતા હતા તે પાણી લક્ષ્મીરામભાઈ માથે ચઢાવીને બોલ્યા જે, 'આ પાણી સર્વે તીર્થ કરતાં અધિક છે ને જે માથે ચઢાવે તેના પંચ મહાપાપ બળી જાય ને મોક્ષ થાય એવું છે.'''

વાર્તાની સમાપ્તિ કરી. ॥૧૨૮॥

## વાર્તા ૧૨૯

સંવત ૧૯૭૦ના ફાગણ સુદ-૫ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''સત્સંગમાં કોઈ વાતની ખામી નથી; તોપણ કોઈક સંતને એમ રહે જે, 'મારે ધાબળી નહિ, પત્તર નહિ'; ને ગૃહસ્થને એમ રહે જે, 'મને કોઈ બોલાવે નહિ'. એમ ન સમજે જે, 'આ બ્રહ્મસભામાં બેસવા મળે છે તે ક્યાંથી મળે?' મોટા સદ્‌ગુરુને તથા નાના સાધુને ખાવા-પીવાનું સરખું ને વસ્ત્ર સરખાં, તોપણ દુઃખ માને તે મનનું દુઃખ કહેવાય. મહાપ્રભુજી અક્ષરધામનું જેટલું સુખ છે એટલું બધુંય આપણા સારુ લાવ્યા છે અને પામરને પણ એ સુખ સરખું આપ્યું છે; માટે દુઃખિયા થાવું નહિ. આ તો રાજાના કુંવરને પોતાના વૈભવની ખબર નથી.''

''દેહ ભેળા ભળવું નહિ ને પરભાવનું સુખ લેવું. દેહ તો બહુરૂપી છે, તે એક દિવસ સાજો ને એક દિવસ માંદો. જો આપણે એના સામી દૃષ્ટિ રાખીએ તો ભગવાન ભુલાવે એવો છે; માટે દેહનો અનાદર રાખવો.''

"બીજા કોઈનાં સ્વભાવ-પ્રકૃતિ ઠીક ન હોય તો તેનો અવગુણ લેવો નહિ, પણ જો પંચ વર્તમાનમાં ફેર હોય તો તેને નાક વિનાનો જાણીને તેનો ત્યાગ કરવો. મહારાજની પ્રાર્થના કરવી જે, 'કુસંગનો જોગ થાવા દેશો નહિ, ને કોઈ મોટા એકાંતિકનો દ્રોહ થાય તે થકી રક્ષા કરજો.'"

"પુરુષપ્રયત્ન કરવો ને મૂર્તિ ઉપાર તાન રાખવું. પરચા-ચમત્કારની તથા ઐશ્વર્યની ઇચ્છા ન રાખવી. એ સર્વે સકામ છે. મૂર્તિથી ઓરું જે જે સુખ છે તે ગુંદાના ઠળિયા જેવું છે. તેમાં ચોંટીને વખત ગુમાવે ને પછી માખોની પેઠે હાથ ઘસવા પડે, નવ મહિનાની કેદ માથે આવે (ગર્ભવાસમાં રહેવું પડે) ને બહુ ખોટ આવે. જ્યારે જીવમાંથી રાગમાત્ર ટળી જાય ત્યારે સુખિયું થવાય."

"અમારે તો સર્વેને મુક્ત કરવા છે. આ સભા અક્ષરધામથી પણ પરની છે એટલે મૂર્તિમાં રહેનારા અનાદિમુક્તની આ સભા છે અને મહારાજ પણ મધ્યે વિરાજમાન છે. જે અનાદિની સાથે જોડાણા તેને અનાદિની હારે જાણવા. આવા મોટા મુક્ત સત્સંગમાં છે એવું સમજાય તો સત્સંગ સર્વે દિવ્ય થઈ જાય અને અનાદિના જેવી ગતિ થાય. ભુજનો રાજા આવે તો તેનો મહિમા જાણે, પણ મુક્તનો મહિમા ન સમજાય. અત્યારે અમારી પાસે બેઠા છો તે વખતે તમારા ઘાટ ટળી ગયા છે; તેમ સદા સંભારો તો ઘાટ-સંકલ્પ ટળી જાય. મોટાને દર્શને કરીને શાંતિ થાય. આટલું સુખ તો બહાર બેઠાં આવે છે, તો જ્યારે જીવમાં સાક્ષાત્કાર થાય ત્યારે તો સુખનો પાર જ ન રહે. આ તો બહુ લાભની વાત થાય છે."

"આવા મોટાના ભેળા રહેતા થકા પણ કેટલાક દુઃખિયા થઈ જાય છે. તે વિશ્વાસમાં, મહિમામાં ને નિશ્ચયમાં કસર છે તેથી દુઃખિયા થાય છે. જેટલી બીજે પ્રતીતિ આવે તેટલો મહારાજનો ને મોટાનો વિશ્વાસ ઓછો છે. આ સભામાં ને આ સ્થાનમાં બેઠેલા કેટલાએ ગયા

તે હજુ આવ્યા નથી. તે સંગદોષે ગયા; માટે સ્વભાવ કરતાં પણ સંગદોષ વધારે નડે એવો છે. બ્રહ્મચારી, સાધુ, ગૃહસ્થ એ આશ્રમ સર્વે ખોટા છે ને મૂકવાના છે. આ લોકનું ડહાપણ તો બ્રહ્મરાક્ષસના વળગાડ જેવું છે.''

''મહારાજની ને મોટાની સાથે તમારે હેત છે તો અંત વખતે મહારાજનું સુખ જેવું છે તેવું તમને બતાવી દેશું. ખરેખરી દિશ હાથ આવી છે ને દોરનારા ખરા મળ્યા છે; માટે કોઈ વિઘ્ન આવવા દેશું નહિ. આ સભા માંહેના કોઈને જુદા રહેવા દેશું નહિ.''

એ વર આપીને પછી બોલ્યા જે, ''આ સત્સંગ ઘર મનાય તો નાસ્તિક ભાવ ટળી જાય, ને આ સત્સંગને વિષે દોષદૃષ્ટિ થાય કે નબળો ઘાટ થઈ જાય તો વજ્રલેપ થાય ને સત્સંગથી બહાર જવું પડે.''

''જ્યાં સુધી જીવને ભગવાનનો કે મુક્તનો સંબંધ ન હોય ત્યાં સુધી જીવ કહેવાય. જ્યારે ભગવાનનો કે મુક્તનો સંબંધ થાય ત્યારે સૂક્ષ્મ બ્રહ્મસ્વરૂપ એટલે શ્રીજીમહારાજના તેજરૂપ થયો.''

''મોટા બેરિસ્ટરને તથા રાજાને પણ આ સભામાં બેસતાં ન આવડે, તો જ્ઞાન તો આવડે જ ક્યાંથી? એવું જ્ઞાન આજના સત્સંગીઓમાં છે.''

''પિંડનું આવરણ આઠ આવરણથી મોટું છે. તે ભેદાણું એટલે બધાંય આવરણ ઠેઠ મૂળઅક્ષરકોટિ સુધીનાં ભેદાઈ ગયાં જાણવાં. મહારાજનો ને મોટાનો મહિમા જાણવાથી તે ભેદાય છે.''

''ભગવાનનું આવું સુખ મૂકીને કેટલાક અજ્ઞાની જીવ સાધુ થયા હોય, બ્રહ્મચારી થયા હોય, સત્સંગી થયા હોય, તોપણ આ નાશવંત કલેવરને માટે આજ્ઞા વિરુદ્ધ ઔષધ કરાવે છે. મોટા મોટા તો ઔષધ કરતા જ નહિ. શ્રી પરમાનંદ સ્વામીને ગરમીનો મંદવાડ હતો. તેમને સંત ચંદન ઘસીને ચોપડવા આવ્યા ત્યારે ના પાડી જે, 'પાપરૂપ દેહને રાખીને શું કરવો છે? મહારાજના સુખમાં જવું છે, પણ આ પાપરૂપ

દેહમાં રહેવું નથી. આ દેહ તો નર્કના કુંડ જેવો છે તેમાં શા પાપે રહેવું પડે?' એમ બોલ્યા. તાવ આવે, માથું દુઃખે અથવા ગમે તેવો રોગ થાય તોપણ કોઈને જણાવા દે નહિ. મુળીના સંતદાસજીને તાવ આવતો ત્યારે તે એવા ઊંડા ઊતરી જાતા તે જાણે કાંઈ દુઃખ જ નથી. મહારાજના સુખમાં ઊંડા ઊતરી જાય એટલે બધી ઇંદ્રિયો સંકોચાઈ જાય. આ સત્સંગમાં એવા પાકા સંત પડ્યા છે. તે લાગે ગરીબડા જેવા! એવા સંત હોય તેમની મંદિરમાં જે મોટેરા થઈને બેઠા હોય તેમણે ખબર રાખવી જોઈએ, પણ દુઃખવવા નહિ. જો દુઃખવે તો બહુ પાપ લાગે." ॥૧૨૯॥

## વાર્તા ૧૩૦

સંવત ૧૯૭૦ના ફાગણ સુદ-૬ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "સ્વામિનારાયણનું સુખ જે લે તેના કામનું છે; બીજાના કામનું નથી. જેમ બાપના ઘરમાં લાખો રૂપિયા હોય, પણ બાળકને ખબર ન પડે; તેમ જેને શ્રીજીમહારાજનું સુખ સમજાણું હોય તે તો એ સુખમાં જે કોઈ જતો હોય તેને અહીં રાખવાનો સંકલ્પ ન કરે. માટે ભગવાનના ભક્ત ધામમાં ગયા હોય તેમને સંભારીએ ત્યારે 'ભગવાન ભજવામાં કામ આવતા' એવા ભાવથી સંભારવા; પણ વ્યાવહારિક કામમાં ઉપયોગી હતા એવા ભાવથી ન સંભારવા."

"આવું સર્વોપરી સુખ પામવા સારુ મોટા મોટા સંત હતા તે જડ માયાનો ને ચૈતન્ય માયાનો ત્યાગ કરીને વનમાં રહેતા ને સાગનાં પાંદડાં પહેરતા અને ગોળા જમતા. આજ તો પત્તરમાં પાણી નાખતાં 'રખે વધારે પડી જાય નહિ' એવા ઘાટ કરે છે; તે બહુ મોટી ખોટ કહેવાય."

"આ લોકનું કોઈ જતું રહે તો ધડાપીટ થઈ પડે, પણ જો શ્રીજીમહારાજનો મહિમા વિચારે તો કાંઈ દુઃખ જ થાય નહિ અને લૌકિક ઘાટ પણ થાય નહિ. માટે ઘાટ બંધ કરવાનો ઉપાય કરવો ને સદા બ્રહ્મયજ્ઞ કરવો. જો ઘાટ થાય તો ધર્મામૃત પ્રમાણે દંડ દેવો અને ગૃહસ્થને પણ સંકલ્પ થઈ જાય તો ધર્મશાસ્ત્ર પ્રમાણે દંડ દેવો, પણ હારી

બેસવું નહિ; કેમ કે દંડ દીધા વિના સુખી થવાય નહિ. માટે મહારાજને વિષે હેત કરવું ને એક મહારાજને અને સંતને રાખવા.'' ॥૧૩૦॥

## વાર્તા ૧૩૧

સંવત ૧૯૭૦ના ફાગણ સુદ-૬ને રોજ બપોરે સભામાં સ્વામી ઈશ્વરચરણ-દાસજીએ પૂછ્યું જે, ''મહારાજને અને મોટાને રાખવાનો શો ઉપાય હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જેણે મહારાજને અને મોટાને રાખવા હોય તેણે અંતઃકરણ શુદ્ધ રાખવું. જેવા માંહી તેવા બહાર રહેવું, પણ કોઈ પ્રકારનું કપટ કે યુક્તિ રાખવાં નહિ. જ્યાં સુધી અંતઃકરણ શુદ્ધ નહિ રાખે ત્યાં સુધી મોટા સુખની પ્રાપ્તિ નહિ થાય ને મહારાજના ને મુક્તના ભેગું નહિ રહેવાય. મહારાજે પણ જેતલપુરના ૪થા વચનામૃતમાં એમ જ કહ્યું છે.''

''જ્યારે મહારાજના ધામમાં રહેવાય નહિ ત્યારે મહારાજ અને મોટા પણ એના અંતરને વિષેથી ઊઠી જાય એટલે એ મડદું કહેવાય અને તેને જે અડે તે અભડાય; માટે તપાસ રાખવો. ગુરુએ જડ-ચૈતન્ય માયામાં હેતવાળા શિષ્યનો ત્યાગ કરવો, ને શિષ્યે એવા ગુરુનો ત્યાગ કરવો. એક મૂર્તિના સુખનો જ ખપ કરવો. વિષયના સુખની ઇચ્છા રાખે તો સુખના સમુદ્રમાંથી ઊઠીને નર્કમાં જવું પડે.''

''મહારાજે ને મોટાએ તેમાંથી તમને ઉગાર્યા છે. આજ મહારાજ ને મોટા કૃપાસાધ્ય છે ને ગરીબનિવાજ છે, પણ હીરા-મોતીમાં કોઈ ભાગ રાખતા નથી અને લસણ-ડુંગળીમાં એટલે પ્રકૃતિના કાર્યમાં ખેંચાય છે. હીરા-મોતીમાં ભાગ રાખે તેમાં એક નંગ મળે તો કરોડોપતિ થઈ જાય; માટે ખરેખરું મોટાને વિષે મન જોડવું.''

'''ચમક દેખી લોહા ચળે' એવી રીતે શ્રીજીમહારાજ આ મુક્તમાં રહ્યા છે, તેથી મુમુક્ષુ આ મુક્તમાં ખેંચાય છે. જેને વચન ઉપર વિશ્વાસ છે તે પોતાનું કામ કરીને ચાલ્યા જાય છે. મુળીના સંતદાસજીને

વિશ્વાસ હતો તો જ્યારે તેમને તાવ આવ્યો હતો ને તડકે બેઠા હતા, ત્યારે અમે કહ્યું જે, 'કેમ છે?' ત્યારે તે બોલ્યા જે, 'તાવ આવ્યો છે; હવે તો મૂર્તિમાં પહોંચાડી દો.' પછી દિવ્યભાવ આવ્યો ને મહારાજ અને મુક્ત તેજમાં દેખાણા ને હજારો પ્રદક્ષિણાઓ કરીને મહારાજને અને મુક્તને મળ્યા ને સુખિયા થઈ ગયા."

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, "મોટા રાજી થાય ત્યારે આવરદા પૂરી કરાવે કે નહિ?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મોટા બહુ રાજી થાય તો આવરદા પડી રહે ને મૂર્તિમાં લઈ જાય, અને કોઈકને રાખવા હોય તો આવરદા ન હોય તોપણ રાખે. મોટાને વિષે જીવ જોડે તો દેહ છતાં જ કૃતાર્થપણું મનાઈ જાય છે. કરોડ જન્મ સુધી ને કોટિ કલ્પ સુધી સાધન કરીએ તે હાડકાં સુકાઈ જાય, પણ ધામ મળતું નથી; એ તો મુક્તદ્વારે જ મળે છે. મોટા તો ચહાય તે કરવા સમર્થ છે. જીવના ઘાટ-સંકલ્પને મોટા જાણે છે." ॥૧૩૧॥

## વાર્તા ૧૩૨

સંવત ૧૯૭૦ના ફાગણ સુદ-૭ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "જેમ માસ્તર છોકરાંને ભણાવે છે તેને એમ રહે જે હું ઘણાને ભણાવું તો ઠીક; તેમ અનાદિમુક્તને એમ રહે જે ઘણા જીવ સુખિયા થાય તો ઠીક. સત્ય આત્મા, સત્ય મૂર્તિ ને સત્ય સંત તથા એ ત્રણના સંબંધને પામેલાં સત્શાસ્ત્ર એ ચારનો સંગ કરે તે સત્સંગી થયો. તેને પણ સુખભોક્તામાં અનાદિમુક્ત પહોંચાડે ત્યારે પહોંચાય. સત્સંગમાં જે મુદ્દો છે તે આપણને મળ્યો છે. મહારાજની મૂર્તિ રાખે તો સુખિયા થવાય. આવી જબરી વાતમાં હર્ષ થતો નથી ને માયિક વાતમાં હર્ષ થાય છે એ મોટું અજ્ઞાન છે."

"રામપરામાં એક હરિજન ગુણબુદ્ધિવાળા હતા, તે ભવૈયા જોવા ગયા. તેમને લઘુ કરવાનું બહુ થયું પણ માર્ગ (જગા) જતો રહે એટલા

સારુ ઊઠ્યા નહિ ને લઘુ ચોરણામાં થઈ ગયું; એવું તાન માયિકમાં છે. શ્રીપુરુષોત્તમ ભગવાનની કથા-વાર્તામાં એવું તાન થાતું નથી એ મોટું અજ્ઞાન છે. કથા-વાર્તામાં તો જેને જેટલી સ્થિતિ થાય છે તેને તેટલો હર્ષ થાય છે. અનાદિની પંક્તિમાં ભળ્યા વિના સુખ થાય નહિ અને મોટા સાથે મન બાંધે તો બધું પૂરું થઈ જાય. વાત તો અતિ જબરી છે, તે જો સમજાય તો દીવાના થઈ જવાય.''

'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા' એમ મર્મમાં વાત કરીને પછી બોલ્યા જે, ''શાસ્ત્રમાં હોય તેનાથી નવા શબ્દ આવે, તે શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા એવા અનાદિમુક્ત બોલે છે, ને તેમાં મહારાજની મૂર્તિ આવે છે; તેથી આનંદ થાય છે. આજ તમને જે વસ્તુ મળી છે તે તો બહુ જ ભારે છે. તેને ખાઓ, ખાઓ કહીએ છીએ પણ કોઈ ખાય નહિ ને મોટા મુક્ત કોળિયા વાળીને દે તોપણ ઠીક ન લાગે. સત્સંગમાં ને લોકમાં પ્રમાણ કરે એવો ખરો સમાગમ કરવો. દાસપણે રહે ને નવાં નવાં સુખની ઈચ્છા કરે તો પડદા તૂટી જાય ને સુખ સમજાતું જાય ને મહારાજની મૂર્તિમાં ગયા કેડે પણ નવું નવું સુખ મળતું જાય, પણ સુખની હદ આવે નહિ. અનાદિમુક્તને પણ એ સુખનો પાર આવતો નથી તો બીજાને તો પાર આવે જ ક્યાંથી?''

''આ સભામાં એનું એ જ સુખ છે, પણ જીવ શૂન્યકાર થઈ ગયો છે, તે જ્યાં ત્યાં બંધાઈને વળગી પડે છે ને ભટકી પડે છે. આધુનિકને મુક્ત જાણીને તેમાં વળગે છે, પણ ખરી વસ્તુને બાઝતો નથી એટલે મુક્તને વિષે પ્રીતિ કરતો નથી. સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી અનાદિમુક્ત હતા ને શ્રીજીમહારાજની મરજીથી આવેલા હતા, તેમણે આ મુક્ત ઓળખાવ્યા છે. જેનાં ભાગ્યમાં ખામી હશે તે આ મુક્તને ઓળખતા નથી ને જ્યાં ત્યાં ઝાવાં નાખે છે; તે સુખિયા ક્યાંથી થશે? મુક્ત ઓળખીને તે મુક્ત પાસેથી સુખ ભોગવવાની ત્વરા રાખે તો સુખિયા થઈ જાય. શ્રીજીમહારાજ અને અનાદિમુક્તને સાથે રાખે તો છેલ્લી અવધિ આવે. ઘણા જન્મ ગોથાં ખાધાં; આ વખતે નીકળવાનો

દરવાજો ખરેખરો આવ્યો છે. આવા સમયમાં શૂન્યકાર થઈને ઊભો રહે એમાં શું સુખિયું થવાય? જ્યાં સુધી ઇંદ્રિયોને લાડ લડાવે ત્યાં સુધી સુખિયું થવાય નહિ અને મહારાજને તથા મોટાને વિષે ખરી આસક્તિથી જોડાય તો જન્માંતરે પૂરું થવાનું હોય તે આ જન્મે જ પૂરું થઈ જાય. ઉપાસનામાં ફેર હોય ને મોટાને જાણ્યા ન હોય તો જ્યાં ને ત્યાં ગબડી પડે; માટે ખરેખરો નિશ્ચય રાખવો.''

''સર્વદેશીમાં સુખ છે, માટે એકદેશી ન થાવું ને એકદેશી થયા હોય તેનો સંગ ન કરવો. એકદેશીથી સત્સંગમાં ન રહેવાય ને તેની સાથે જીવ જોડે તેને પણ સત્સંગ બહાર કરે; માટે યુક્તિવાળા માણસો સત્સંગમાં હોય તેમને પણ ઓળખવા. જો ન ઓળખે તો જીવનો નાશ થઈ જાય ને મોક્ષમાં ઘણો જ વાંધો આવે; કેમ જે જેને સત્સંગનો અવગુણ આવ્યો હોય તે બીજાને પણ સત્સંગના અવગુણ ઘાલે; તેથી જીવનો નાશ થઈ જાય.''

''જેને મહારાજના ભક્તમાં કેવળ દોષ દેખાય તે કનિષ્ઠ છે, ને જેને ગુણ ને દોષ બેય દેખાય તે મધ્યમ છે, અને જે એકલા ગુણ દેખે તે ઉત્તમ છે. જેને પોતામાં કેવળ દોષ હોય તે બીજામાં કેવળ દોષ દેખે, પોતામાં ગુણ ને દોષ બેય હોય તો બીજામાં ગુણ ને દોષ બેય દેખે, અને જેમાં કેવળ ગુણ હોય તે બીજામાં કેવળ ગુણ દેખે. સર્વના ગુણ જોવા અને એમ સમજવું જે, 'કેરી કાચી હોય ત્યારે તૂરી હોય ને મોટી થાય ત્યારે ખાટી હોય અને પાકે ત્યારે મીઠી થાય; પણ કેરી ખરી. તેમ જ જેમાં દોષ હોય તે કાચા છે તે ધીરે ધીરે ટળશે ત્યારે પાકા થશે' એમ સમજવું.''

''અને સત્સંગરૂપી સમુદ્રમાં રહેવું. મોક્ષરૂપી મોતીની પ્રાપ્તિ તો જ થાય, પણ સત્સંગથી વિમુખ થયા હોય તેની પાસે મોક્ષ ન મળે. જો સર્વદેશી થઈને સત્સંગમાં મુક્તને ખોળે તો મળે ને મોક્ષ થાય.'' ॥૧૩૨॥

## વાર્તા ૧૩૩

સંવત ૧૯૭૦ના ફાગણ સુદ-૮ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "જેને કારણ મૂર્તિનું ધ્યાન હોય તેનાથી સંતની સેવા થાય છે; કેમ જે તેણે તો આ સંતને મહારાજના દીકરા જાણ્યા છે, તેથી સંત રાજી થાય એવી સેવા કરે છે. જેને કાર્યમાં તાન હોય તેને તો આ લોકમાં આબરૂ વધારવાનું તથા છતું થવાનું તાન હોય ને સૌ વખાણે તે સારુ તપ કરે, વૈરાગ્ય રાખે, ધર્મ પાળે, સેવા કરે, બીજા પાસે કરાવે; પણ તેને કારણ હાથ આવે નહિ ને આ સંતનો મહિમા પણ સમજાય નહિ. જો આવી બ્રહ્મસભામાં બેસીને વિશ્વાસ રાખે ને જ્ઞાન સાંભળે તો કારણ અને કાર્ય બેય ઓળખાય ને સાચા-ખોટા વેપારની ખબર પડે."

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "અનાદિમુક્તના ગુણ મુમુક્ષુમાં કેમ સમજે તો આવે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અનાદિમુક્તને વિષે દેવની બુદ્ધિ રાખે ને તેમની અનુવૃત્તિમાં વર્તે અને પંચ વર્તમાન યથાર્થ પાળે તો અનાદિમુક્તના ગુણ એમાં આવે." ॥૧૩૩॥

## વાર્તા ૧૩૪

સંવત ૧૯૭૦ના ફાગણ સુદ-૮ને રોજ બપોરે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "પંચ વર્તમાનમાં ફેર પડવા દેવો નહિ, અને જેને ફેર હોય તેના ભેળા રહેવું નહિ ને તેને ભેળો રાખવો નહિ. કોઈક કદાપિ ચમત્કાર જણાવે તો તેમાં તણાવું નહિ. એક મૂર્તિમાં જ તાન રાખવું ને કોઈ વ્યવહાર સંબંધી વિક્ષેપમાં ભળવું નહિ. મુમુક્ષુને તો આ દેહે શ્રીજીના અનાદિમુક્તનો જોગ કરીને મૂર્તિ સિદ્ધ કરવાની છે ને છેલ્લો જન્મ કરવાનો છે."

પછી નડિયાદવાળા ઝવેરીલાલભાઈએ પૂછ્યું જે, "વરતાલમાં ભાણેજને ગાદીએ બેસાડવાનું કર્યું હતું તેમાં સદ્‌ગુરુ સ્વામી

બળરામદાસજી સામા પડ્યા હતા, એવો વ્યવહાર આવી પડે ત્યારે કેમ કરવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એ તો વ્યવહાર ન કહેવાય, એ તો ધર્મની બાબત છે; માટે એમાં તો ભળવું. એ તો શ્રીજીમહારાજનો પક્ષ રાખ્યો કહેવાય. જેમ મહાપ્રભુજીની આજ્ઞા લોપીને ધર્મકુળ વિના બીજાને ગાદીએ બેસાડવાનો વિચાર કર્યો હતો, તેમ જ કદાપિ વાડ ઊઠીને ખેતરને ખાય તેમ થતું હોય અથવા કોઈ આચાર્ય ભવિષ્યમાં એવા નીકળે જે દેવની મિલકતના ધણી થાવા ઇચ્છે, તો તેમાં પણ માથા સાટે દેવનો પક્ષ રાખવો; એ વ્યવહારમાં ભળ્યા ન કહેવાય. એ તો શ્રીજીમહારાજની પ્રસન્નતાનું સાધન છે. દેવની માલિકી કરાવવાને સારુ ધર્માદાનો પૈસો સરકારમાં વાપરવો પડે તો વાપરવો; તેમાં શ્રીજીમહારાજ કચવાય નહિ, પણ ઊલટા રાજી થાય.''

પછી કણભાવાળા આશાભાઈએ પૂછ્યું જે, ''તેમાંથી જેમ સ્વામી બળરામદાસજીને દુઃખ આવ્યું જે મંદિરમાંથી કાઢી મૂક્યા એવું થાય તો શું કરવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''અન્યાય થતો હોય ને દેવનો પક્ષ રાખતાં થકા કાંઈ દુઃખ આવે તો ત્યાં હાજી, હાજી ન કરવું. એક મંદિરમાં રહીને ભગવાન ભજવા; પણ શિખરબંધ મંદિર ન કરવું.'' ॥૧૩૪॥

## વાર્તા ૧૩૫

સંવત ૧૯૭૦ના ફાગણ સુદ-૮ને રોજ સાંજે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરીઃ ''આચાર્ય, સાધુ, બ્રહ્મચારી એ તો કાર્ય છે અને મહારાજ ને મુક્ત કારણ છે. તેમને ઓળખીને તેમનો મન, કર્મ, વચને જોગ કરીને પોતાનું પૂરું કરી લેવું. જેવી કારણમાં એટલે મહારાજ અને મુક્તમાં સુખ અને શાંતિ છે તેવી કાર્યમાં નથી; તોપણ કેટલાક કાર્યની જ વાતો કરે, પણ કારણને સંભારે નહિ. કાર્યની વાતોએ કરીને કારણ

જે મૂર્તિ તેમાં પહોંચાય નહિ. મહારાજનું સુખ તો મુક્ત આપે ત્યારે જ પમાય. શાસ્ત્રથી પણ મૂર્તિ પમાય નહિ, માટે સત્સંગમાં સત્સંગ ઓળખવો. જેમ ગૌમુખીમાંથી ગંગા નીકળે છે તેમ આ અનાદિમુક્તના મુખમાંથી શ્રીજીમહારાજના મહિમાની સુખરૂપ ગંગા નીકળે છે; પણ કેટલાક શ્રદ્ધા ને વિશ્વાસ વિનાના સમાગમ કરવા આવે છે, તે લૂખા ને લૂખા ચાલ્યા જાય છે ને મનુષ્યભાવ પરઠીને અનાદર કરે છે. શાસ્ત્રનો વિશ્વાસ આવે છે, પણ શાસ્ત્રનો અભિપ્રાય તો મોટા મુક્તથી જાણવામાં આવે છે. મોટાની સેવાથી પોતાની ભૂલ ઓળખાય છે. ને મોટા મુક્તના રાજીપાથી ભૂલ ટળી જાય છે, માટે શુદ્ધ ભાવે મોટાને સેવવા ને ગુરુભાવ ને દેવભાવ રાખવો તો મોટાના ગુણ તેમાં આવે."

પછી ગોધાવીના માસ્તર જગન્નાથે કહ્યું જે, "મોટાના આશીર્વાદ હોય તો એ વાત સમજાય."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આશીર્વાદ તો ઠેઠ અક્ષરધામમાંથી ચાલ્યા આવે છે, પણ આ લોકમાં તો ગાયનો વાઘ કરી મૂકે, તે બે શબ્દ કોઈકને એવા મારે જે મોટાનો અવગુણ ઘાલીને નોખા પડાવી દે. પછી તો કામ, ક્રોધાદિક ચોર તેને ઉપાડી જાય. અમારો વેપાર તો જીવને કાર્યમાંથી એટલે સત્સંગમાંથી દેહ મુકાવીને કારણ જે મૂર્તિ તેમાં પહોંચાડવા એ જ છે. મૂર્તિથી બહાર જેટલું સુખ મનાય છે તે અજ્ઞાન છે. તેને ટાળીને સર્વે ક્રિયા મૂર્તિમાં રહીને કરવી, પણ મહારાજને મૂકીને કોઈ ક્રિયા કરવી નહિ."

"આ મંદિરમાં પાણો ચઢાવતાં ચાર જણથી ન ચઢ્યો ત્યારે ચારે જણને કોરે ખસેડીને હુંપણું લાવીને સાધુ હરિપ્રિયદાસે ચઢાવ્યો. તેને સ્વામી અક્ષરજીવનદાસજીએ કહ્યું જે, 'શ્રીજીમહારાજને વિસારીને હુંપણું લાવીને પાણો ચઢાવ્યો તે ઠીક ન કર્યું.' સર્વે ક્રિયા શ્રીજીમહારાજને સાથે રાખીને એમની ને મોટા મુક્તની પ્રસન્નતાને અર્થે કરવી; પણ વખાણ માટે કે માન માટે ન કરવી."

"કચરો ને કંચન સમ જાણવાં ત્યારે સાધુ કહેવાય. સાકર ને મીઠું સમ થઈ ગયાં હોય તેણે પણ નિષ્કામશુદ્ધિ ને ધર્મામૃતમાં ફેર પાડવો નહિ; તો જ મૂર્તિનું સુખ આવે ને તે જ પૂરો સાધુ કહેવાય. આજ્ઞામાં વર્તે ને વર્તાવે ને ઠરાવ સર્વે મેલાવે, એવાનો સંગ સદા રાખવો; પણ જીવને એ ઘણું કઠણ પડે છે. મોટાનો સમાગમ કરે, પણ શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તે નહિ, તે મોટાને ખોટ દે છે. જૂનાગઢમાં નેવું લોટિયા (લોટ પીને રહેનારા) હતા, તેમણે આજ્ઞા લોપીને સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને ખોટ દીધી. આજ પણ કેટલાક સત્સંગ બહાર પડીને સત્સંગના નોર બહાર વર્તીને સ્વામીશ્રીને વગોવે છે. તમો સમાગમ કરવા આવો છો તે કોઈ મહાપ્રભુજીની આજ્ઞા લોપીને અમને ખોટ આપશો નહિ."

"આપણા મોટેરા ગોળા જમતા ને ક્યારેક અન્ન મળતું નહિ ત્યારે ઉપવાસ કરતા અને અતિ ક્ષુધા લાગી હોય ત્યારે તળાવમાંથી મૃત્તિકાની કપોટીઓ ખાતા. તમારે પણ તેમના ભેળા બેસવું છે, માટે કોઈ ચાળે ચઢી જાવું નહિ. ત્યાગી થવા નીકળ્યા તો દેહના સુખને ઇચ્છવું નહિ, અને સ્વભાવમાં ને સિદ્ધિઓમાં બંધાવું નહિ. સ્વભાવ, સિદ્ધિઓ, જડ માયા, ચૈતન્ય માયા, માન, ક્રોધ એ આદિકમાં બંધાઈ રહે તો મૂર્તિ સુધી પહોંચી શકાય નહિ. જેમ ઘોડાને પછાડી બાંધી હોય તે તૂટે નહિ ત્યાં સુધી એ ક્યાંય જઈ શકે નહિ, તેમ એ પછાડીઓ નહિ તોડો તો મૂર્તિ સુધી પહોંચાશે નહિ." ॥૧૩૫॥

## વાર્તા ૧૩૬

સંવત ૧૯૭૦ના ફાગણ સુદ-૯ને રોજ સવારે સભામાં સ્વામી નારાયણસેવકદાસજીએ કહ્યું જે, "કાલે આપે પછાડીઓની વાત કરી હતી તે પછાડીઓ પોતાની મેળે તૂટે નહિ; માટે એને તોડનારા જોઈએ."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "તોડનાર ને છોડનાર તૈયાર છે,

પણ વિશ્વાસ નથી; તેથી છોડનારાનાં વચન મનાતાંય નથી ને પોતાના ઠરાવ મુકાતાય નથી; છતાં મૂર્તિની માગણી કરે છે. માટે સર્વ એષણાનો ત્યાગ કરીને મૂર્તિમાં પહોંચવાનો વેગ રાખવો. પણ જીવને પંચવિષયમાં માલ મનાણો છે તે છોડાતો નથી. તે છે તો નર્ક જેવા, પણ મોહે કરીને માલ મનાય છે.''

પછી સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ કહ્યું જે, ''એ પંચવિષય થકી રક્ષા કરજો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ધોકા લઈને ઊભા રહેવાય તો એ વિષયરૂપી લૂંટારાનો શો ભાર છે? પણ વાણિયાની પેઠે ફોસી થઈને બેઠા હોય તો લૂંટી જાય. એક વાણિયો રાત્રિએ માર્ગમાં જતો હતો, તેને આકડાનો છોડ હાલતો જોઈને બીક લાગી ને વિચાર કરવા મંડ્યો જે, 'જો હશે કોળી નાળી, તો તેલ, ટકા ને કુલ્લી તારી; અને જો હશે ઠુંઠાળો, તો હું છું મરદ મૂછાળો' એમ થાય છે; પણ જો સ્વભાવને દબાવી વર્તે તો બહુ સુખિયા થઈ જાય. સ્વભાવ જીત્યા વિના મહાપ્રભુજીના સુખની ઈચ્છા રાખવી તે તો વલખાં છે, પણ જીવના સ્વભાવ એવા છે જે પંચવિષયની સહાયમાં રહે છે; પણ તેની સાથે વૈર કરતા નથી અને પોતાને અનેક જન્મ લેવા પડે તેનો વિચાર કરતા નથી. સ્વભાવનો ને શિષ્યનો પક્ષ રાખે છે ને મૂર્તિની માગણી કરે છે. માટે બાંધણાં સર્વે તોડીને મૂર્તિ માગવી, તો આપનારા તૈયાર છીએ.''

''અમારી કાકરવાડીમાં બાવળિયો હતો તેને પાડવા માંડ્યો, પણ એક મૂળ વળગી રહ્યું હતું તેથી પડ્યો નહિ. જ્યારે એ મૂળ કપાણું ત્યારે એની મેળે પડી ગયો. એમ જ્યારે પંચવિષયરૂપી મૂળને કાપી નાખે ને સર્વે એષણાઓનો ત્યાગ કરે ત્યારે એની મેળે મૂર્તિના સુખમાં રહેવાય. આવા જોગમાં જ્યારે વાસના ટળી નહિ, ત્યારે બીજે ક્યાં ટળશે? આ સભા જેવી બીજે સભા નથી, માટે તુચ્છ એવા સ્વભાવનો ત્યાગ કરવો. સ્વભાવનો શો ભાર છે જે એ આપણને દબાવી જાય? આ જીવ બધા

નિયમ લે છે, પણ ધ્યાન કરવાનું નિયમ કોઈ લેતા નથી. આજ તો આ મોટાના જોગથી લાભ મળે છે તેનું માપ થાય એવું નથી.''

પછી વળી સ્વામી નારાયણસેવકદાસજીએ કહ્યું જે, ''કૃપા કરીને આપના સર્વ આશ્રિતોની પછાડીઓ છોડી નાખો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મોટા તો છોડવા તૈયાર છે, પણ મોટા આગળ નિષ્કપટ થાય તો છોડે; પણ ઠરાવ છોડાતા નથી, તેથી તુચ્છ પદાર્થને અર્થે મહારાજની આજ્ઞા લોપીને હેરાન થવાય છે. વાતો મૂર્તિની કરાય ને બાંધણાં તો તોડવાં નથી. મોટા મુક્તો તપ કરીને શ્રીજીમહારાજને રાજી કરવાની રીત બતાવી ગયા છે; માટે તેમ કરવું. અંતઃકરણ તો પાડા જેવાં છે, તેને પંચવિષયરૂપી રાતબ ખવરાવીને વકરાવે છે, ને પછી મૂર્તિનું સુખ લેવા ઇચ્છે છે તે ક્યાંથી મળે? શ્રીજીમહારાજે તો વર્તમાન ધરાવતી વખતે સર્વે પાપ લઈને ચિંતામણિરૂપી પોતાની મૂર્તિ સોંપી છે, તોપણ પાપરૂપ વાસના ભેળી કરે છે ને તુચ્છ પંચવિષય આગળ પાસે લાચાર થાય છે.''

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, ''અત્યારથી નિષ્કપટ થાય તો આગલું પાપ બળે કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ફેર પાછા એ રસ્તે ન ચાલે તો બળે, અને પાછા જો એ રસ્તે ચાલે તો બમણાં વળગે. જાણતાં છતાં આજ્ઞામાં ફેર પાડે તેનું તો પ્રાયશ્ચિત્ત કહ્યું નથી. માટે સૌની હારે ત્રોહ ત્રોહ કરવું નહિ. મહારાજને અને મોટાને તો સર્વેને સુખિયા કરવા છે; પણ જેમ વૈદ નીરોગી કરવા ઔષધ આપે છે, પણ જો કરી ન પાળે તો વિસ્ફોટક થઈ જાય; તેમ જન્મ-મરણરૂપી રોગ ટાળવા સત્સંગમાં આવ્યા છે તે જો આજ્ઞારૂપી કરી ન પાળે તો જન્મ-મરણરૂપી રોગ ટળે નહિ. માટે મોટા જેમ કહે તેમ કરવું. જ્યારે-ત્યારે બાંધણાં તોડ્યા વિના છૂટકો નથી ને નહિ તૂટે ત્યાં સુધી જન્મ-મરણ ટળવાનું નથી. આવા જોગમાં સ્વભાવ ટળતા નથી તે મહિમામાં, શ્રદ્ધામાં ને નિશ્ચયમાં ખામી છે.

મોટાનાં વચનમાં વિશ્વાસ હોય તો શ્રીજીમહારાજનું વચન જરાય લોપાય નહિ. મોટાનો સિદ્ધાંત તો મૂર્તિમાં રસબસ થઈ રહેવું એ જ છે. આજ તમને સુખ મળ્યું છે તે કોઈને મળ્યું નથી ને મળશે પણ નહિ.''

''મહારાજ ને મુક્ત પ્રત્યક્ષ હોય ત્યારે ઓળખવા બહુ કઠણ છે. વેદાંતાનંદ બ્રહ્મચારી ભુજમાં હતા, તેમણે શ્રીજીમહારાજની પ્રસાદી લીધી નહોતી. તેમને સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ કહ્યું જે, 'તમે શ્રીજીમહારાજની પ્રસાદી જમ્યા નહોતા ને આજ થાળની પ્રસાદી કેમ જમો છો?' પછી બહુ જ પસ્તાવો કર્યો જે, 'મેં મહારાજને વિષે મનુષ્યભાવ પરઠ્યો તે બહુ ખોટ આવી.''' ॥૧૩૬॥

## વાર્તા ૧૩૭

સંવત ૧૯૭૦ના ફાગણ સુદ-૧૦ને રોજ સવારે સભામાં લોયાનું ૧૦મું વચનામૃત વંચાતું હતું. તેમાં ૮મા પ્રશ્નમાં શ્રી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે ધ્યાન કરતાં સંકલ્પ-વિકલ્પ રૂપે કરીને માયા કેમ દુઃખ આપે છે એ વાત આવી.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''સંકલ્પ તે શું ને વિકલ્પ તે શું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''પદાર્થનો ઘાટ થાય તે સંકલ્પ કહેવાય અને તે સંકલ્પ વારંવાર થાય તે વિકલ્પ કહેવાય; એટલે જે સંકલ્પ થયો હોય તે વિવિધ પ્રકારે થાય તે વિકલ્પ કહેવાય. તે મોટા સાથે જીવ જોડે તો સર્વે ટળી જાય ને કાંઈ બાકી રહેવા દે નહિ ને પૂરું કરી દે ને ઠેઠ મૂર્તિમાં મૂકી દે; એવો મોટાનો પ્રતાપ છે.''

તે જ દિવસે બપોરે સભામાં સર્વે સંતોએ કહ્યું જે, ''દેહે કરીને તો વર્તમાન યથાર્થ પાળીએ, પણ અંતઃકરણમાં ઘાટ થાય તે ટાળવા અમારા હાથમાં નથી.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''દેહે કરીને આજ્ઞામાં જરાએ ફેર

પડવા દે નહિ તો તેના અંતરના દોષમાત્ર ટાળીને તેને બળિયો કરી દઈએ. આ તો આજ્ઞાએ પાળવી નથી ને બધું મોટા પાસે કરાવવું છે તે કેમ બને? પાત્ર તો પોતે જ થવું જોઈએ."

પછી સ્વામી નારાયણસેવકદાસજીએ કહ્યું જે, "પાત્ર તો કંસારા કૂટીકૂટીને કરે છે, માટે પાત્ર કરનારા પણ જોઈએ."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "પાત્ર કરનાર તો તૈયાર છે, પણ તેમનું માનવું નથી તો શી રીતે પાત્ર થવાય?"

પછી વળી સ્વામીએ કહ્યું જે, "અમને તો વહાણમાં બેસારી દો."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "વહાણમાં બેસાર્યા કેડે પણ તેમાંથી પડતું મેલે તેને કેમ કરીએ? મહારાજ ને મુક્ત તો સર્વેને જોઈ રહ્યા છે, પણ જીવ ભાળતા નથી તેથી આજ્ઞા લોપી નાખે છે એટલે મહારાજ ને મોટા તેને મૂર્તિનું સુખ આપતા નથી. માટે આજ્ઞા પાળવી ને માન, મદ, મત્સરાદિક સર્વે દોષ ટાળવા; તો મૂર્તિનું સુખ આવે."

પછી વળી સ્વામીએ કહ્યું જે, "માનાદિક દોષ તો રહ્યા છે ખરા."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એ દોષ ઓળખાણા ને તેની સાથે વૈર બંધાણું તો હવે એ દોષ રહેશે નહિ. મહારાજ ને મોટા સહાય કરીને નાશ કરશે. માટે વોળાવો સારો લેવો, પણ ચોરટાને વોળાવો લેવો નહિ."

પછી સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ પૂછ્યું જે, "કેવા હોય તેને ચોરટા જાણવા?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "ધર્મામૃત તથા નિષ્કામશુદ્ધિમાં કહેલી આજ્ઞા લોપતા હોય ને 'અમે મુક્ત છીએ' એમ કહેતા હોય તે ચોરટા જાણવા. તેની સાથે જીવ જોડે તો તેના ભેળા દુઃખ પામે; માટે

મુક્ત ઓળખીને જીવ જોડવો.''

''આજ અક્ષરધામનું સુખ ભોગવો છો. આવી સભામાં પણ દોષના જોનારાને દોષ સૂઝે ને પોતે તો ધૂળ બલા જેવા હોય ને કાંઈ પણ માલ હોય નહિ, અને મહારાજના અનાદિમુક્તમાં દોષ પરઠે છે, તે તો દોષરૂપી ભાર માથે ભરે છે. તેનો તો જીવ પણ નાશ પામશે તેની તેને ખબર નથી. આવી શ્રીજીમહારાજના મહિમાની વાતો થાય છે, પણ જે સમજતા નથી તે એમ કહે જે, 'આ તો ખૂણિયું જ્ઞાન કરે છે.''' વાર્તાની સમાપ્તિ કરીને સંત-હરિજન સર્વે સાંજના નારાયણપુર ગયા ને ત્યાંથી ભુજ થઈને ગુજરાત તરફ આવ્યા. ॥૧૩૭॥

## વાર્તા ૧૩૮

સંવત ૧૯૭૧ના માગસર માસમાં અમદાવાદમાં સ્વામી ઈશ્વરચરણદાસજી ઉપર બાપાશ્રીનો કાગળ આવ્યો જે, ''અમારાં માતુશ્રીને કાળી તળાવડી ઉપર શ્રીજીમહારાજે દર્શન આપીને વર આપ્યો હતો તે ઠેકાણે છત્રી કરીને ચરણારવિંદ પધરાવવાનો વિચાર છે. તેમાં તમારો શો અભિપ્રાય છે તે લખી મોકલજો.''

તે કાગળ વાંચીને સ્વામી વૃંદાવનદાસજી વાડીએ હતા ત્યાં જઈને તેમને સંભળાવ્યો ને પછી બાપાશ્રીને કાગળ લખ્યો જે, ''આપનો કાગળ વાંચી બહુ આનંદ થયો છે ને આપનો જે વિચાર છે તે અનંત જીવના ઉદ્ધારને અર્થે છે. આપ જે કરતા હશો તે સારું જ કરતા હશો અને આપની જે જે ક્રિયા છે તે સર્વે કલ્યાણકારી છે.''

ફરી બાપાશ્રીનો પત્ર આવ્યો જે, ''છત્રીનું કામ ચાલતું કર્યું છે. અને ફાગણ માસમાં સત્સંગિજીવનની પારાયણ બેસાડવાનો વિચાર કર્યો છે અને ચારસો મણ ઘી, તથા છસો મણ ગોળ તથા ઘઉં, દાળ, ચોખા વગેરે સામાન મંગાવ્યો છે. હવે તમે મુળીએ વસંત કરીને અહીં આવજો અને સર્વેને અહીં આવવાનું કહેતા આવજો.''

પછી સર્વે સંત વસંતે મુળી ગયા ને સર્વેને આ વાત કરી, અને

ફાગણ માસ બેસતાં વૃષપુર ગયા. પછી સર્વ ઠેકાણે કંકોત્રીઓ લખાવી મોકલી જે, "સંવત ૧૯૭૧ના ફાગણ વદ-૧૧ને રોજ સત્સંગિજીવનની પારાયણ બેસશે ને તેની સમાપ્તિ ચૈત્ર સુદ-૩ને રોજ થશે, ને તે દિવસે છત્રીએ ચરણારવિંદ પધરાવાશે."

તે યજ્ઞમાં અમદાવાદથી બસો સંત તથા ભુજ, મુળી, ગઢડા, જૂનાગઢ, વરતાલ વગેરેના સંત-બ્રહ્મચારી મળી ચારસો હતા. અને હરિજનો દેશાંતરના ત્રીસ હજાર હતા ને મહા મોટો યજ્ઞ કર્યો હતો. છત્રી કરી છે તે ઠેકાણે પત્થરની ધાર શ્રીજીમહારાજની પ્રસાદીની હતી તેમાં ઘણાં ભૂત રહેતાં; ત્યાં કોઈથી જવાતું નહિ. તે ભૂતોને છત્રીના ખાતમુહૂર્ત વખતે અધમણ સાકરની પ્રસાદી વહેંચીને તેમનો મોક્ષ કર્યો.

ચૈત્ર સુદ-૩ને રોજ કથાની સમાપ્તિ કરી. પછી છત્રીએ ચરણારવિંદ પધરાવવા સર્વે આવ્યા ને ચરણારવિંદ પધરાવતી વખતે સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કહ્યું જે, "આ વખતે સર્વેને વર આપો."

પછી બાપાશ્રી બોલ્યા જે, "આ યજ્ઞમાં આવેલા સંત-હરિજનાદિક સર્વે મનુષ્યો તથા ઉપયોગમાં આવેલાં સર્વે પશુઓ તથા આકાશમાં વિમાને બેસીને દર્શન કરવા આવેલા અધિકારી દેવો તે સર્વેનો છેલ્લો જન્મ કરી શ્રીજીમહારાજની મૂર્તિમાં લઈ જઈશું. આ છત્રી તથા આ સ્થાનનાં જે દેવ તથા મનુષ્યો દર્શન કરશે અને ઉપર થઈને પક્ષી ઊડીને જશે તે સર્વેનો અમે આત્યંતિક મોક્ષ કરીશું, અને શ્રીજીમહારાજની મૂર્તિમાં લઈ જઈશું." એવો વર દીધો.

પછી બીજે દિવસે સૌ સંત-હરિજનોને સૌ-સૌના દેશમાં જવાની આજ્ઞા કરી તેથી સૌ પોતપોતાને ગામ ગયા. સ્વામી ઈશ્વરચરણદાસજી પોતાના સાધુ મુક્તજીવનદાસજી માંદા હતા તેથી ત્યાં રહ્યા.

અને બીજે દિવસે એટલે ચૈત્ર સુદ-૫ને રોજ સવારે સભામાં બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, "તમને રોકવા હતા

તેથી આ સાધુને રાખ્યા છે; નહિ તો કંકોત્રીઓ લખ્યા પછી સિનોગરામાં મિસ્ત્રી દેવજીભાઈની પારાયણ સાંભળવા ગયા ને આ સાધુ ત્યાં માંદા પડ્યા હતા, ત્યાં ને ત્યાં દેહ મૂકવાના હતા. જો દેહ મૂક્યો હોત તો તમને સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંતો અહીં રહેવા દેત નહિ; અમદાવાદ લઈ જાત, પણ આ સાધુને માંદા જોઈને કોઈ બોલ્યા નહિ.'' એમ વાત કરી.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, ''દેવથળના ડાહ્યાભાઈ આપની પારાયણમાં આવ્યા હતા તે નાડી જોઈને એમ કહેતા હતા જે, 'આ સાધુને કફ સૂકાઈ ગયો છે, તોપણ દેહ રહ્યો છે તેનું કારણ કાંઈ સમજાતું નથી.'''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''તમને રોકવા સારુ જ અમે એમને રાખ્યા છે.''

પછી લુણાવાડાના મહાસુખરામે પૂછ્યું જે, ''સાધનદશાવાળા તો પોતાના કલ્યાણને અર્થે યજ્ઞ કરે, પણ આપ તો મહારાજના સંકલ્પથી અહીં દેખાઓ છો અને જીવોનું કલ્યાણ કરવા આવ્યા છો એમ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ મને તથા પ્રાંતિજના કેશવલાલભાઈને કહ્યું હતું; તો આપને આવા મોટા યજ્ઞ કરવાનું શું કારણ હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''અમે બીજા જીવોનાં કલ્યાણને અર્થે કરીએ છીએ તે જે દર્શને આવે અથવા યજ્ઞનું અન્ન જમે અથવા જે જે મનુષ્ય, પશુ આદિક સેવાના ઉપયોગમાં આવે તે સર્વેનો મોક્ષ કરવા સારુ કરીએ છીએ; પણ બીજું કાંઈ કારણ નથી. સાધનદશાવાળા પોતાના કલ્યાણને અર્થે કરે અને સિદ્ધ મુક્ત જે જે કરે તે બીજાના કલ્યાણને અર્થે કરે છે. અહીં આ યજ્ઞમાં જે જે સંત-હરિજનો આવ્યા તે સર્વેનું કલ્યાણ થશે, અને એ સુખડીની પ્રસાદી લઈ ગયા તેને જે જમશે તે સર્વેને આ દેહે જ શ્રીજીમહારાજના સુખમાં લઈ જઈશું. મોટા મુક્ત તો જમીને કલ્યાણ કરે ને જમાડીને પણ કલ્યાણ કરે ને દૃષ્ટિ વડે પણ

કલ્યાણ કરે ને સંકલ્પે કરીને પણ કલ્યાણ કરે. મોટા મુક્તનાં દર્શન જેને થયાં ન હોય તે જો તેમને ભાવે કરીને સંભારે તો તેનું પણ કલ્યાણ કરે.''

પછી વાર્તાની સમાપ્તિ કરીને માવજીને કહ્યું જે, ''આપણા ઘરમાં જેટલું ઘી તાવ્યું હોય એટલું બધું અહીં લઈ આવ અને ખીચડી લઈ આવ.'' પછી તે લાવ્યા. અને સંતોને કહ્યું જે, ''ખીચડી કરો.'' પછી સંતોએ ખીચડી કરી અને પોતે સુખડી લાવ્યા; તે સુખડી, ખીચડી અને બધું ઘી તેનો થાળ કરીને સર્વેને પ્રસાદી જમાડી. ।।૧૩૮।।

## વાર્તા ૧૩૯

સંવત ૧૯૭૧ના ચૈત્ર સુદ-૬ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જ્યાં સુધી મૂર્તિમાં રસબસ થઈને મૂર્તિમાં જોડાયો નથી ત્યાં સુધી બીજે હેત થઈ જાય છે ને ખોટા ઘાટ પણ થઈ જાય છે; માટે બીતા રહેવું જે, 'મહારાજ વિના જો ખોટો ઘાટ થાશે તો જન્મ ધરવો પડશે.' મૂર્તિનું ધ્યાન કરતા હોય તેમાંથી વાસના બહાર લાવે છે, માટે પુરુષોત્તમરૂપ થઈને ધ્યાન કરવાનો આગ્રહ રાખે તો વાસના કુંઠિત થાય. જ્યારે મૂર્તિ આત્માને વિષે દેખે ત્યારે વાસના મૂળમાંથી બળી જાય.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે, ''તમે આવા મોટા મળ્યા ને હવે અધૂરું રહેવા દેશો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''સાચા થઈને મંડે તેનું પૂરું કરી દેશું અને જે પ્રમાદી થઈને બેસી રહેશે તેનું તો અધૂરું રહેશે ખરું. માટે જે કરવાનું છે તે કરી લેવું, પણ જીવને ધ્યાન કરવું સારું ન લાગે. અમારે અહીં ભોજો ભક્ત હતા, તેમને સત્સંગ થયો ત્યારથી એકાદશીને દિવસે જળ પણ પીતા નહિ અને ઘરનું માણસ મહાપાપી હતું; પણ સંગદોષ અડવા દીધો નહિ. તે મૂર્તિ અખંડ દેખતા. તેમને અમે કહ્યું જે, 'ભોજા ભક્ત! તમે તો વિદેહમુક્ત છો.' ત્યારે તેમણે કહ્યું જે, 'વિદેહી તો

બિચારા ક્યાંય રઝળતા હશે! ને હું તો મહારાજની મૂર્તિમાં રહ્યો છું.' એવા મોટા મુક્ત આજ આ સત્સંગમાં, ત્યાગીમાં ને ગૃહસ્થમાં ઘણાક છે. આ સંતનું માહાત્મ્ય તો મન-વાણીથી પમાય એવું નથી. આજ સાચી વસ્તુના આપનારા મળ્યા છે, તેના ઘરાક થાવું ને ત્રણે અવસ્થામાં મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી."

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, "જાગૃતમાં તો સ્મૃતિ રખાય, પણ સ્વપ્નમાં ને સુષુપ્તિમાં કેમ રખાય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મૂર્તિનો વેગ લાગીને તે વેગ જીવમાં પેસે તો ત્રણે અવસ્થામાં મૂર્તિ ભુલાય નહિ."

એમ કહીને બોલ્યા જે, "જીવને વાર્તા કરીકરીને થાકી જઈએ ને જ્યારે વાત કરતાં રહી જઈએ એટલે પૂછે જે, 'કેમ કરીએ તો સર્વે ખોટ ટળે? અને કેમ કરીએ તો મૂર્તિનું સુખ આવે?' પણ આ બધી વાતો થઈ તે ખોટ ટાળવાની ને મૂર્તિનું સુખ આવવાની જ થઈ છે. પોતાને તો જરાય કારસો આવવા દેવો નથી અને ખોટ ટાળીને સુખિયા થાવું છે, એવા જીવના સ્વભાવ છે. જો ધ્યાનનો આગ્રહ થાય તો મૂર્તિ મળે, પણ ધ્યાનમાંથી તો ભાગીને પાછા આવતા રહે છે."

પછી માસ્તર કેશવલાલે કહ્યું: "જો ધ્યાનમાં મૂર્તિ દેખાય તો કાંઈ બહાર ન આવે."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "કાર્યમાંથી પ્રીતિ ટાળીને ધ્યાન કરે તો સુખ આવે ને પાછું ન અવાય. માટે માયાના પદાર્થમાંથી તથા મૂળપુરુષના ને બ્રહ્મકોટિના ને અક્ષરકોટિના એ સર્વેનાં સુખમાંથી ને ઐશ્વર્યમાંથી લૂખા થાવું. એમાં કાંઈ પણ માલ માનવો નહિ ને શ્રી પુરુષોત્તમરૂપ થઈને તેમની મૂર્તિમાં જોડાઈ જવું; તો સુખિયા થવાય. માયિક સુખ તો રાખનાં પડીકાં જેવાં છે. તેમાં માલ મનાણો છે તો તેને અર્થે મહાદુઃખ સહન કરીને પણ માયા ભેળી કરે છે, તો જ્યારે સાચા સુખમાં માલ મનાય તો તેને અર્થે શું ન થાય? જો ખરો થઈને ધ્યાન

કરવાં મંડે તો જ્યાં જ્યાં વૃત્તિ જાય ત્યાં ત્યાં મહારાજની મૂર્તિ ભાસે. જે જે શ્રીજીમહારાજને શરણે આવ્યા છે તેને આ વાર્તા જીવનદોરીરૂપ છે; પણ જે આજ્ઞા લોપીને વર્તે અને કહે જે, 'કૃપા કરો', તે તો ગાંડો છે.''

પછી કણભાના છોટાભાઈએ પૂછ્યું જે, ''સંકલ્પ બહુ થાય છે તેનું કેમ કરવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મલિન આહાર ને અશુદ્ધ સંગનો સંસ્કાર બંધાયેલો છે. માટે જો આહાર શુદ્ધ કરે અને મહારાજની અને મોટાની આજ્ઞા પાળનારાનો સંગ કરે તો ભૂંડા સંસ્કારનો નાશ થઈને શુભ સંસ્કાર બંધાય એટલે માયિક ઘાટ થાય નહિ. માટે દેશ-કાળાદિક શુભ સેવવા ને આજ્ઞા પ્રમાણે દેહનિર્વાહ કરવો ને બીજા ઠરાવ બધા પડ્યા મૂકીને ધ્યાન-ભજન કરવું; તો મહારાજ ને મોટા સહાયમાં ભળીને મૂર્તિ સિદ્ધ કરાવે ત્યારે તે સાધુ કહેવાય. જે નબળાનો જોગ રાખે ને મલિન આહાર રાખે તેણે તો ત્યાગીનો વેષ લીધો કહેવાય, પણ તે સાધુ ન કહેવાય. તેની તો મહારાજ ને મોટા સહાય કરતા નથી; એટલે માયા પરાભવ પમાડે છે. કલ્યાણને અર્થે સાધુ થયા હોય અને ધર્મ-નિયમ લોપાઈ જાય તોપણ એમ જાણે જે, 'આપણે સાધુ છીએ'; પણ સાધુનો માર્ગ કયો છે તે તો જાણતા નથી. સાધુએ તો બાળકની પેઠે માન રહિત વર્તવું.'' ||૧૩૯||

## વાર્તા ૧૪૦

સંવત ૧૯૭૧ના ચૈત્ર સુદ-૬ને રોજ બપોરે સભામાં સાધુ મુક્તવલ્લભદાસજીએ પૂછ્યું જે, ''મહારાજની અને મોટાની પ્રાપ્તિ થઈ છે તોપણ માયાના ગુણ કેમ વ્યાપે છે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જેને મહારાજની અને મોટાની પ્રાપ્તિ થઈ છે તેને જે માયાના ગુણ વ્યાપે છે, તે તો મહારાજે અને મોટાએ તેના સમાસને અર્થે રાખ્યા છે જે એને દીનપણું રહે, ને મોટાના

જોગની ત્વરા રહે, ને નિર્માનીપણું રહે એટલે મોટાનો જોગ ને સેવા કરે; તેણે કરીને મહારાજની ને મોટાની પ્રસન્નતા થાય ને કૃપાએ કરીને મહિમા સમજાવે, ને મહારાજનું અને મુક્તનું સાધર્મ્યપણું પામે; એટલા માટે એ રાખ્યા છે. આજ તો મહારાજ ને મોટા સહાયમાં છે તેણે કરીને ભગવાનને માર્ગે ચલાય છે. શ્રીજીમહારાજની અને મોટા મુક્તની સન્મુખ થાય તો ઘાટ-સંકલ્પ થાય નહિ." ॥૧૪૦॥

## વાર્તા ૧૪૧

સંવત ૧૯૭૧ના ચૈત્ર સુદ-૬ને રોજ સાંજે સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "મહારાજને અને મોટાને સન્મુખ થયા ક્યારે કહેવાય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "શ્રીજીમહારાજની આજ્ઞા યથાર્થ પાળે અને મૂર્તિ વિના બીજા સર્વમાંથી લૂખા થઈને મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખે તો સન્મુખ થયા કહેવાય."

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, "મોટા મુક્તનાં દર્શન, સ્પર્શ આદિનું ફળ કેટલું થતું હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "શાસ્ત્રમાં તો ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ લખ્યું છે; પણ આજનું તો માપ થાય તેવું નથી. આજ તો સત્સંગમાં ઘણાં ધામોના ધામી ને તેમના મુક્ત તે સર્વે પોતાના કલ્યાણને અર્થે આવ્યા છે."

"જામનગરમાં સ્વરૂપાનંદ સ્વામી તળાવ ઉપર વડ તળે બેઠા હતા તેમની સાથે પોણો સો સાધુ હતા. તે જોઈને એક બ્રાહ્મણ બોલ્યો જે, 'સાધુ તો આગળ નારદ, શુક, સનકાદિક તથા નવ યોગેશ્વરો થઈ ગયા અને ભગવાન પણ આગળ મચ્છ, કૂર્મ, વારાહ, નૃસિંહ, વામન, રામ, કૃષ્ણ તે થઈ ગયા. આજ તો એવા ભગવાન કે સાધુ ન હોય.' ત્યારે સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા જે, 'તેં જે સાધુ ને ભગવાન થઈ ગયા એમ કહ્યું તે બધા આ બેઠા. તારે દર્શન કરવાં હોય તો કર. એ બધાય

એમના કલ્યાણને માટે અમારા શિષ્ય થઈને અમારી પાસેથી સર્વોપરી એવા સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના સ્વરૂપનું જ્ઞાન ને મહિમા શીખે છે. તેમને સર્વેને અમે સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ને મહિમા સમજાવીને સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિના સુખમાં લઈ જઈશું. ભગવાન તો સ્વામિનારાયણ એક જ છે અને તેં કહ્યા એ તો સર્વે ભક્ત છે.' એમ બોલ્યા. એવો આ સત્સંગનો મહિમા છે."

"આ ભગવાન ને આ મુક્તનાં દર્શન-સ્પર્શાદિકના ફળનું માપ થાય નહિ. એ તો અપાર ને અવિનાશી છે. તેમનાં દર્શનાદિકે કરીને તો આત્યંતિક મોક્ષ થાય છે. જે મહારાજને ને મોટાને ઓળખે નહિ, પણ દર્શનાદિક થાય તો તેનાં સર્વે પાપ બળે ને મોક્ષને માર્ગે ચાલે; તેથી તેનું જન્માંતરે કલ્યાણ થાય." ॥૧૪૧॥

## વાર્તા ૧૪૨

સંવત ૧૯૭૧ના ચૈત્ર સુદ-૭ને રોજ સવારે સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "ઘણાં ધામોના મુક્ત સત્સંગમાં આવ્યા હોય તે કેમ ઓળખાય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જે ધામમાંથી એ આવ્યા હોય, તે ધામોની ને તે ધામોના ધામીની મોટપ એમને રહી ગઈ હોય તેથી તેમનું વર્ણન કરે; ને મહારાજનીએ મોટપ કહે, પણ કેવળ મહારાજની મોટપ ન કહે. અને જે શ્રીજીમહારાજના મુક્ત હોય તે તો શ્રીજીમહારાજ વિના બીજા કોઈની મોટપ કે સારપ રહેવા દે નહિ, એ ઉપરથી તેમને ઓળખવા. આજ સત્સંગમાં જડ અને ચૈતન્ય માયામાં જે લોભાશે નહિ તેના ધણી મહારાજ અને અમે છીએ તેથી અમારા જેવા તેમને સુખિયા કરીશું. અને જે એ બેમાં લોભાશે તેના ધણી મહારાજ અને મોટા નહિ થાય; કેમ કે તે તો બળેલા કોયલા જેવા છે. માટે એ બે વાતની સાવધાની તમારે સૌને જેવી છે તેવી સદાય રાખજો, તો તમે અમારા

છો તે અમારા જેવા કરીશું.'' એ વર દીધો.

પછી કથાની સમાપ્તિ કરીને સંતો માંદા સાધુને નવરાવવા સારુ ગયા અને બાપાશ્રી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી તથા વરતાલથી બ્રહ્મચારી આવ્યા હતા તે સર્વે ઓસરીમાં બેઠા હતા. સાધુ મુક્તજીવનદાસજી ખાડે જતા હતા ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કહ્યું કે, ''આ સાધુને ક્યારે લઈ જશો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તમને ખપતા નથી?'' ત્યારે તેમણે કહ્યું જે, ''સાજા કરો તો ખપે.'' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એમને માટે ગઈ કાલે લાકડાં તૈયાર કરી રાખ્યાં છે અને આજ લઈ જવા છે.''

એટલામાં તે માંદા સાધુ ખાડેથી આવ્યા અને કૂવા ઉપર જઈને દાતણ કર્યું એટલે સાધુ મુક્તવલ્લભદાસજી આદિક નવરાવવા લાગ્યા, એટલામાં તો એ માંદા સાધુ નમી પડ્યા.

ત્યારે બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, ''સાધુની પાસે જાઓ, અમે લઈ જઈએ છીએ.''

પછી બાપાશ્રી આદિક સર્વે તે સાધુ પાસે આવ્યા ને વસ્ત્ર પહેરાવીને ઓરડીમાં લઈ જઈને સુવાર્યા કે તરત જ તે દેહ મૂકી ગયા. પછી તેમને દેન દઈ આવ્યા ને શ્રી ઠાકોરજીને થાળ કરીને જમાડ્યા. ॥૧૪૨॥

## વાર્તા ૧૪૩

સંવત ૧૯૭૧ના ચૈત્ર સુદ-૯ને રોજ સવારે સભામાં છેલ્લા પ્રકરણનું ૯મું વચનામૃત વંચાતું હતું. તેમાં અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને નિરંતર ભગવાનની સેવામાં રહેવું એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજે પોતાના એકાંતિક ભક્તોની સ્થિતિ કહી, એવી સ્થિતિ કરવાનો ખટકો રાખવો. સર્વે ક્રિયામાં શ્રીજીમહારાજની મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી, તો ક્રિયા કરતાં કરતાં મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય.''

"ભુજમાં શ્રી અચ્યુતદાસજી સ્વામી હતા તે વાડીમાં કોટ કરતા હતા, તે પત્થર આઘો-પાછો મુકાઈ ગયો ત્યાં ગોવિંદાનંદ બ્રહ્મચારી નાહવા આવ્યા હતા તે બોલ્યા જે, 'સ્વામી! પત્થર બરાબર સરખો બેઠો નથી.' પછી સ્વામી બોલ્યા જે, 'પહાણો તો બરાબર કરીશું, પણ તમે ઠાકોરજીને વાઘા અવળા પહેરાવ્યા છે તે સવળા પહેરાવો.' પછી બ્રહ્મચારીએ નાહીને મંદિરમાં જઈને જોયું તો વાઘા અવળા જ પહેરાવેલા હતા; તે સવળા કર્યા. પછી જ્યારે બીજે દિવસે વાડીએ નાહવા આવ્યા ત્યારે સ્વામીને પૂછ્યું જે, 'વાઘા અવળા છે એવી તમને શી રીતે ખબર પડી? તમે તો મંગળાનાં દર્શન કરીને અહીં આવ્યા હતા.' ત્યારે સ્વામી કહે જે, 'અમારે આવરણ નથી. અહીં રહ્યા થકા દેખીએ છીએ.' એવા સ્વામી સમર્થ હતા."

"એક દિવસે ભુજના ભંડારમાં રોટલા કરતાં કરતાં સ્વામીને સમાધિ થઈ ને તાવડીમાં રોટલો નાખ્યો તે રોટલા ઉપર હાથ રહી ગયો તે રોટલો બળી ગયો અને હાથ દાઝવા લાગ્યો. એવામાં અમે મંદિરમાં જઈને સ્વામી રઘુવીરચરણદાસજીને કહ્યું જે, 'સ્વામીને સમાધિ થઈ ગઈ છે ને હાથ બળે છે, માટે ઝટ જઈને હાથ ઉપાડી લો.' પછી તેમણે જઈને હાથ લઈ લીધો ને પોતે રોટલા કરવા બેઠા. જ્યારે હરે થયા ત્યારે સ્વામી જાગ્યા ને જમીને સભામાં બેઠા."

"વચનામૃત વાંચી રહ્યા પછી અમે સ્વામીને પૂછ્યું જે, 'સમાધિમાં સિદ્ધિઓ દેખાય તે કેવી હશે?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'મને સમાધિ થઈ હતી, તે આગળ મહારાજ ને વાંસે હું. એમને એમ ચાલ્યો તે દેવલોકમાં થઈને વૈકુંઠમાં થઈને આગળ ચાલ્યો ત્યાં સિદ્ધિઓ ભારે ભારે ફળ, મેવા આદિક સામગ્રીઓ લઈને પડખે આવીને પ્રાર્થના કરવા લાગી જે, 'અમારી સેવા અંગીકાર કરો', પણ મેં મહારાજને મૂકીને એ પાપ સામું જ જોયું નહિ. પછી થાકીને તેમણે મારે માથે તહોમત નાખ્યું જે, 'ફટ છે તને જે પુરુષોત્તમ ભગવાનને મૂકીને અમારે વિષે લોભાઈ ગયો.' પછી મેં મહારાજના સામું જોઈ રહીને તેમને કહ્યું

જે, 'ફટ તો તમને ને તમારા ધણીને! હું તો મારા ભગવાનને મૂકીને તમારા સામું જોઉં તેવો જ નથી. તમે તો નર્કરૂપ છો. તે નર્કમાં હું શું લોભાઉં?' એમ કહીને મહારાજની સાથે સાથે ચાલ્યો તે ઠેઠ ધામમાં ગયા. જ્યારે અહીં થાળ કર્યા ત્યારે મહારાજ દેહમાં લાવ્યા.'"

"એમ વાત કરે છે એટલામાં રામપરેથી હરિજનો દર્શને આવ્યા. તેઓ સર્વેને પગે લાગવા મંડ્યા, તેમાં પરબત નામનો એક છોકરો સ્વામીને પગે લાગ્યો. તેના બરડા ઉપર હાથ મૂકીને સ્વામી બોલ્યા જે, 'આવો! બ્રહ્માનંદ સ્વામીના પોઠિયા!' ત્યારે અમે સર્વેએ પૂછ્યું જે, 'બ્રહ્માનંદ સ્વામી તો છેલ્લી અવસ્થામાં ઘોડે બેસતા, પણ પોઠિયે બેસતા નહિ ને તમે પોઠિયા કહ્યા તેનું શું કારણ છે?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'બ્રહ્માનંદ સ્વામી સાઠ સાધુ લઈને ઝાલાવાડમાં ફરતા હતા. તેમને માર્ગમાં ચાલતાં એક વખત તાવ આવ્યો. તે વખતે એક વણઝારો પોઠ લઈને જતો હતો. તેને સ્વામીના સાધુએ કહ્યું જે, 'અમારા ગુરુને તાવ આવ્યો છે ને અમારે ગામમાં જાવું છે, માટે એક પોઠિયા ઉપર બેસાડો તો અમે ગામમાં પહોંચીએ.' પછી વણઝારે એક પોઠિયો લાવીને કહ્યું જે, 'આના ઉપર બેસાડો.' પછી તેના ઉપર સ્વામીને બેસાર્યા. તે ગામની ભાગોળે ઊતરીને સ્વામીએ તેના માથે હાથ મૂક્યો ને બોલ્યા જે, 'તારાં કર્મ બળી ગયાં. હવે એક જન્મ ધર, અમે તને તેડવા આવશું.' તે જ વખતે પોઠિયો મરી ગયો. તે આ છોકરો છે ને તેને અંત વખતે શ્રી બ્રહ્માનંદ સ્વામી તેડવા આવશે.' પછી પરબત ભક્તે ઓગણપચાસની સાલમાં દેહ મેલ્યો તેને મહારાજ તથા બ્રહ્માનંદ સ્વામી દર્શન આપીને તેડી ગયા." ॥૧૪૩॥

## વાર્તા ૧૪૪

સંવત ૧૯૭૧ના ચૈત્ર સુદ-૯ને રોજ બપોરે સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "સ્વામી અચ્યુતદાસજીના જેવી સ્થિતિ થવાનો શો ઉપાય હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખે તો એવી સ્થિતિ થાય, અથવા અતિશય મોટા સંતની પ્રસન્નતા મેળવે તો એવી સ્થિતિ થાય. એક સમયે સંતદાસજી તથા સ્વરૂપાનંદ સ્વામી ફરતાં ફરતાં ગામ ધ્રુફી અચ્યુતદાસજીને ઘેર ગયા. તે બે દિવસથી ભૂખ્યા હતા ને અચ્યુતદાસજીના પિતા ઘેર નહોતા, તેથી અચ્યુતદાસજીએ સીધું, પાણી, બળતણ વગેરે સામાન તેમને લાવી આપ્યો. તેમણે થાળ કરીને ઠાકોરજીને જમાડ્યા અને પ્રસાદી જમ્યા. પછી તેમના ઉપર રાજી થયા ને કહ્યું જે, ‘છોકરા માગ, જે માગે તે આપીએ.’ ત્યારે અચ્યુતદાસજીએ માગ્યું જે, ‘જે તમને વહાલું હોય તે મને આપો.’ ત્યારે તે બે મુક્ત બોલ્યા જે, ‘તારી પણ અમારા જેવી સ્થિતિ થશે.’ તે જ વખતે અચ્યુતદાસજીની નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ.”

“એક વખતે એમનાં મા-બાપે ગઢડે શ્રીજીમહારાજને દર્શને જતાં એમને સાથે લીધા. પંદરેક ગાઉ ગયા ત્યારે વિચાર થયો જે આ છોકરો ચાલી શકશે નહિ માટે તેને પાછો વાળીએ. પછી ઘસિયો આપીને કહ્યું જે, ‘તારાથી ચાલી શકાશે નહિ, માટે આ ટીમણ મારગમાં ખાજે ને પાછો ઘેર જા.’ પછી તે ઘેર આવ્યા, પણ સાથે જવાની આતુરતા ન બતાવી; કેમ જે મહારાજને સદા અખંડ દેખતા. એવી સ્થિતિ મોટાની કૃપાએ થાય.”

પછી સ્વામીએ કહ્યું જે, “સંવત ૧૯૨૯ની સાલમાં અચ્યુતદાસજી સ્વામી અમદાવાદ આવ્યા હતા તે સભામંડપને ત્રીજે માળ ઊતર્યા હતા. ત્યાં સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ એમને પૂછ્યું જે, ‘તમે કેટલાં વર્ષે સમૈયે આવ્યા?’ ત્યારે તેમણે કહ્યું જે, ‘તેર વર્ષ થયાં.’ ત્યારે સ્વામી બોલ્યા જે, ‘ઘણે વર્ષે આવ્યા.’ ત્યારે સ્વામી અચ્યુતદાસજી બોલ્યા જે, ‘સ્વામી, તમારા જેવા મોટાના પ્રતાપે કરીને નાનપણથી મારે આવરણ ટળી ગયાં છે. બધાં મંદિરોમાં સભાઓ થાય છે ને વાતોચીતો થાય છે તે સર્વે હું દેખું છું ને સાંભળું છું; તેથી આવતો નથી.’ એમ પોતાની સ્થિતિ કહી હતી.”

પછી બાપાશ્રી બોલ્યા જે, ''મોટાની કૃપાએ એવું થવાય.''

પછી વાર્તાની સમાપ્તિ કરીને 'શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય અને આ સભાની માયાનો ક્ષય' એમ બોલ્યા. ॥૧૪૪॥

## વાર્તા ૧૪૫

સંવત ૧૯૭૧ના ચૈત્ર સુદ-૧૦ને રોજ સભામાં મધ્ય પ્રકરણનું ૩૮મું વચનામૃત વંચાતું હતું. તેમાં એકાંતિકનો ભગવાનને વિષે પ્રવેશ થાય છે એમ આવ્યું.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''એકાંતિકનું શું લક્ષણ હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એક ચાલોચાલ ને બીજા એકાંતિક એ બે પ્રકારના ભક્ત અવરભાવમાં એટલે સાધનદશામાં હોય છે. તેમાં જે માળામાં, માનસી પૂજામાં, ધ્યાન-ભજનમાં, શ્રીજીમહારાજની આજ્ઞા પાળવામાં, કથા-વાર્તામાં એ સર્વે ક્રિયામાં નિત્ય નિત્ય નવી નવી શ્રદ્ધા લાવીને કરતો જાય તે ચાલોચાલ કહેવાય. અને આ પ્રમાણે સર્વે સાધન ન કરે ને કેવળ મહારાજની નાની-મોટી સર્વે આજ્ઞા પાળે તે ગુણબુદ્ધિવાળો પ્રાકૃત ભક્ત કહેવાય. અને જે આજ્ઞામાં ફેર પાડે તે તો સ્વામિનારાયણનો કહેવાય જ નહિ. અને સર્વે સાધનના અંતને પામીને, દેહને ખોખાવત્ કરીને, માયિક ભાવમાત્રને ટાળીને, બ્રહ્મકોટિના ને અક્ષરકોટિના રાગને ટાળીને, એક શ્રીજીમહારાજની અખંડ સ્મૃતિ રાખે તે એકાંતિક કહેવાય. જેમ મંદિર પૂરું થાય પછી મૂર્તિ પધરાવાય છે, તેમ એકાંતિક મંદિરને ઠેકાણે થયો, એટલે મૂર્તિને રહેવાનું શુદ્ધ પાત્ર થયો, અને તેમાં મૂર્તિ રહે છે. પણ આત્માને વિષે દેખે નહિ ત્યાં સુધી એકાંતિક કહેવાય.''

''આત્માને વિષે મૂર્તિનો સાક્ષાત્કાર થાય તે પરમ એકાંતિક કહેવાય, અને મૂર્તિમાં રહે તે અનાદિ કહેવાય. આ બે પ્રકારના ભેદ પરભાવના એટલે સિદ્ધ મુક્તના છે. તેમાં જે અનાદિ છે તે તો મૂર્તિમાં

રસબસ રહીને નવીન નવીન સુખ ભોગવે છે.''

''એ સુખ તમને મળ્યું છે, માટે ખાખ બનીને બેસી રહેવું નહિ. એક છોકરો રાખમાં આળોટીને એની માને કહે જે, 'ચલ બે રંડી, હમ ખાખ બને હે.' એમ ત્યાગી થઈને કાંઈ કરવું જ નહિ એમ ન રાખવું. શ્રીજીમહારાજની આજ્ઞા યથાર્થ પાળવી. આજ્ઞા નથી પાળતા તેને વ્રત કરવાં પડે છે; પણ જો આજ્ઞા યથાર્થ પાળે તો વ્રતનું સ્વપ્ન પણ ન આવે એટલે વ્રત કરવાં જ પડે નહિ. જો આજ્ઞા પાળે તો મૂર્તિમાં જોડાવાય.''

''જેનો જોગ કરીએ તેના જેવા થાવું ને બધાને વિષે દિવ્યભાવ રાખવો, તથા જે મુક્ત કરે તેને વિષે આત્મબુદ્ધિ, પ્રીતિ અને વિશ્વાસ રાખવો. આ સભામાં ખપવાળાને બહુ સુખ આવે છે. જે આ વાતોના યારી ન થાય તેને 'આ સભામાંથી ક્યારે ચાલી નીકળું' એમ થાય અને આ વાતોનું સુખ ન આવે. આપણે વનમાં બેઠા છીએ એમ જાણે તો બહુ સુખિયા થવાય અને અમદાવાદ આદિક સ્થળના છીએ એમ જાણે તો સુખિયા ન થવાય. એકેય ખૂંટી સરખી પણ પોતાની નથી એમ જાણે તો સુખિયા થવાય.'' ॥૧૪૫॥

## વાર્તા ૧૪૬

સંવત ૧૯૭૧ના ચૈત્ર સુદ-૧૧ને રોજ સવારે સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''શ્રીજીમહારાજની મૂર્તિ અકળિત છે ને સુખ પણ કળાય એવું નથી; એ તો અપાર છે. તે અનાદિમુક્ત અનાદિ કાળથી મૂર્તિમાં સળંગ રહીને નવીન નવીન સુખ લે છે. એમને મૂર્તિનો કે સુખનો પાર આવતો નથી. મુક્તને અનંત લોચન છે. તે સર્વત્ર દેખે ને ભોગવે તથા રોમ રોમ પ્રત્યે જોવાપણું ને ગ્રહણ કરવાપણું છે; એવું સુખ છે. માટે મૂર્તિ વિના સર્વે ખોટું કરવું.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''આપ કૃપા કરીને ખોટું કરાવો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મૂર્તિ અમારે આપવાની છે અને

પુરુષપ્રયત્ન તમારે કરવાનો છે.''

પછી વળી સ્વામીએ કહ્યું જે, ''પુરુષપ્રયત્ન પણ આપ કૃપા કરીને કરાવો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તે પણ વખત આવે પૂરું કરીશું ને મૂર્તિ પધરાવી દેશું અને મૂર્તિમાં લઈ જાશું. અમે તો સદાય આવી વાતો કરીએ છીએ. અમારે અહીં સદાય મોટા મોટા નંદ આવતા. કોઈ વખત વીસ વીસ, કોઈ વખત ત્રીસ, ચાલીસ, એમ આવતા. તેમની સેવા કરતા ને વાતો કરતા; જેમ આજ તમને વાતો કરીએ છીએ તેમ અનાદિનું કરીએ છીએ. સાધુને કાંઈ દુઃખ થતું હોય તે પણ અમે માથે લઈને સુખિયા કરીએ છીએ. કેટલાકને સાધુ થવું હોય ને તેને ઉપાધિ બહુ હોય તો અમે સંતાડી સંતાડીને ખાવા આપીને સંસારમાંથી કાઢતા. આજ પણ કાઢીએ છીએ, અને સૌને મહારાજ આપીએ છીએ. એ જ સદાય કરીએ છીએ, પણ નવું કરતા નથી. કોઈક નવું કહે તો તે કહેનાર જાણે! અમારે તેનું કાંઈ નથી.''

''અમે તો અનાદિથી આમ જ કથા-વાર્તા કરીએ-કરાવીએ છીએ ને સંતો ભેગા થાય છે. લોકનાથાનંદ સ્વામી, ભોમાનંદ સ્વામી, બદરીનાથાનંદ સ્વામી આદિક મોટા મોટા નંદો અહીં આવતા. સ્વામી નિર્ગુણદાસજી પણ પચીસ-પચીસ ત્રીસ-ત્રીસ સાધુઓ લઈને આવતા ને મહિનો મહિનો બબ્બે મહિના અહીં રહેતા ને વચનામૃત વંચાતાં તથા મહારાજનો મહિમા કહેતા ને સેવા કરતા; એ જ કરીએ-કરાવીએ છીએ.''

''વચનામૃતમાં શ્રીજીમહારાજનો એકલો રસ ભર્યો છે. સંવત ૧૯૫૭માં કાશીરામભાઈ દેહ મૂકી ગયા પછી રણછોડલાલભાઈએ મોરબી તેડાવ્યા હતા, ત્યાં આપણે ગયા હતા. ત્યાંથી પાછું કચ્છમાં આવવું હતું ત્યારે ગોવિંદભાઈએ તથા કાળુભાઈએ કહ્યું જે, 'આગબોટ ભાંગી ગઈ છે તે સજ કરવામાં છ દિવસ લાગશે.' તેથી આપણે ગઢડા,

જૂનાગઢ તરફ ગયા ને પાછા વળતાં રાજકોટમાં ઊતર્યા હતા. ત્યાં માળિયા ઠાકોર સાહેબ મોડજી દરબાર તથા નડિયાદવાળા ઝવેરીલાલભાઈના નાના ભાઈ હરિલાલભાઈ જે સરકારી મોટા અમલદાર હતા અને બ્રહ્મજ્ઞાની હતા ને ઘણું બોલતા હતા તે પણ વચનામૃતની વાતો કરી તેથી બંધાઈ રહ્યા. વચનામૃતની બરાબર યાદી હોય તેને આ બ્રહ્માંડમાં કોઈ જીતી શકે નહિ એમ છે.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, ''તમારે કેટલા દિવસ રહેવાનો વિચાર છે?''

સ્વામીએ કહ્યું કે, ''પાંચેક દિવસ રહેવાય, તેથી વધારે તો ન રહેવાય; કેમ જે ધર્માદો ઉઘરાવવાનો વખત થઈ ગયો છે.''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''પંદર દિવસ રહેવું હોય તો રહો ને થોડું રહેવું હોય તો કાલે જ સવારે ચાલો.''

ત્યારે સ્વામીએ કહ્યું જે, ''પંદર દિવસ કહ્યા તે સમજાણું નહિ.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તમે કાલે નહિ ચાલો તો તમને કોઈક સાધુ પંદર દિવસ રોકશે.''

પછી સ્વામી બોલ્યા જે, ''પંદર દિવસ રહીએ તો ધર્માદો હાથ ન આવે.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તો તો કાલે જ નીકળો.''

તેથી સંત સર્વે બારશને દિવસે સવારે નીકળ્યા તે ભુજ ગયા ને ત્યાં રાત રહ્યા. તે રાત્રે સાધુ પુરુષોત્તમપ્રિયદાસજીને તાવ બહુ આવ્યો તેથી તેરશને દિવસે તેમણે કાંઈ ખાધું નહિ. પછી ગાડીઓ ભાડે કરીને સાંજના ચાલ્યા તે સવારે ખારીરોલ આવ્યા ને તેમને કાંઈ ભાન રહ્યું નહિ, એવા માંદા થઈ ગયા. જ્યારે વહાણમાં બેઠા અને દરિયામાં તોફાન બહુ થયું ત્યારે પાટડીનું મંદિર કરવા કાનજીભાઈ તથા હરજી તથા હીરજી એ ત્રણે ભેળા આવતા હતા તે બીન્યા ને કહ્યું જે, ''બૂડશે

કે શું?''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''વૃષપુરથી નીકળતી વખતે બાપાશ્રીએ મને કહ્યું હતું જે, 'તમે કયે રસ્તે જશો?' ત્યારે મેં કહ્યું જે, 'ખારીરોલ તરફ જવા વિચાર છે.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'ઠીક ખારીરોલ જાઓ; પછી જાણશો.' પછી મેં કહ્યું જે, 'કેમ વહાણ તો નહિ બૂડે?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'બૂડશે તો નહિ, પણ બૂડ્યા જેવું થશે' એમ બોલ્યા હતા. માટે બૂડશે તો નહિ.''

પછી એમને હિંમત આવી ને નવલખીએ ઊતર્યા. ત્યાં માસ્તર કૃપાશંકરભાઈ ખાટલો લાવ્યા તેમાં સુવાડીને માંદા સાધુને બંગલામાં લઈ ગયા. પછી રાત રહીને સવારમાં રેલે બેસીને મોરબી સ્ટેશને આવ્યા. ત્યાં સર્વે હરિભક્તો આવ્યા ને ગોવિંદભાઈએ ઠાકોર સાહેબનો બંગલો ઉઘાડ્યો ને તેમાં ઊતર્યા. પછી નાહી-ધોઈને પૂજા કરતા હતા તે વખતે સાધુ પુરુષોત્તમપ્રિયદાસજીને ખાટલામાં સુવાર્યા હતા, તેમને શરીરનું ભાન આવ્યું ને બાપાશ્રીનાં દર્શન થયાં. પછી બેઠા થઈને સર્વને પગે લાગ્યા ને સ્વામીને કહ્યું જે, ''આ બાપાશ્રી ઊભા છે તેમને પગે લાગો.''

ત્યારે સ્વામીએ કહ્યું જે, ''બાપાશ્રી શું કહે છે?''

ત્યારે તે બોલ્યા જે, ''એમ કહે છે જે, 'દરિયામાં તમને ટાઢ વાય, ભૂખ લાગે, તરસ લાગે ને તમે કાંઈક માગો તે ક્યાંથી લાવી આપે? એટલા સારુ દેહની વિસ્મૃતિ કરાવી હતી.' એમ કહે છે.''

પછી બોલ્યા કે, ''બાપાશ્રી અદૃશ્ય થઈ ગયા. આપણે ક્યાં છીએ?''

સ્વામીએ કહ્યું જે, ''મોરબી આવ્યા છીએ.''

પછી ત્યાં રસોઈ કરીને ઠાકોરજીને જમાડ્યા. પછી ત્યાંથી રેલે બેઠા તે દેવપરે આવ્યા. ત્યાં ચૈત્ર વદ-૧૧ને રોજ બપોરે તે સાધુએ દેહ મૂક્યો. બાપાશ્રી તે વખતે ચમત્કાર જણાવીને તે સાધુને તેડી ગયા, ત્યારે

સૌને ખબર પડી જે બાપાશ્રી કહેતા હતા જે, 'કોઈક સાધુ તમને પંદર દિવસ રોકશે' તે આ સાધુએ બરાબર પંદર દિવસે દેહ મેલ્યો. ॥૧૪૬॥

## વાર્તા ૧૪૭

સંવત ૧૯૭૨ના માગશર માસમાં ગામ અશ્લાલીનાં કંકુબાએ જેતલપુરમાં તુળસીક્યારો કે જ્યાં શ્રીજીમહારાજ દાતણ કરતા તે ઠેકાણે છત્રી કરાવી. તે પોષ માસમાં પૂરી થઈ ત્યારે તેમણે બાપાશ્રીને તેડાવવાનો કાગળ લખાવ્યો જે, "વસંતે છત્રીએ ચરણારવિંદ પધરાવવાં છે ને પારાયણ કરાવવી છે માટે પધારશો."

તે વખતે સ્વામી ઈશ્વરચરણદાસજીને પુરાણી નંદકિશોરદાસજીએ કહ્યું જે, "બાપાશ્રી વસંતે પધારશે તો છપૈયામાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ જન્મસ્થાનમાં પધરાવવાની છે ત્યાં સુધી બાપાશ્રી આ દેશમાં સંઘે સહીત રહેશે નહી; માટે ચૈત્રના સમૈયામાં પધારે તો ઠીક."

તેથી સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કાગળ લખ્યો જે, "આપ વસંત ઉપર આવવાનું બંધ રાખશો ને અમો તેડવા આવશું ત્યારે પધારશો; કેમ જે છપૈયામાં અખાત્રીજે ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવવાની છે અને ઉપરદળના ઠક્કર મોતીભાઈ જીવણભાઈ પારાયણ કરાવશે. માટે ચૈત્રના સમૈયા ઉપર પધારવાનું રાખશો."

તે કાગળ મહા સુદ-૧ને રોજ શ્રી વૃષપુર સવારમાં બાપાશ્રીને પહોંચ્યો. જેતલપુર આવવા માટે રામપરેથી દેવરાજભાઈ આદિ તથા દહીંસરેથી ખીમજીભાઈ આદિ હરિજનો તૈયાર થઈને બાપાશ્રીને ત્યાં આવ્યા હતા, પણ નીકળવા ટાણે કાગળ વાંચીને બંધ રાખ્યું ને કહ્યું જે, "સૌ સૌને ઘેર જાઓ; હમણાં જવાનું બંધ રહેશે." તેથી હરિજનો સૌ સૌને ઘેર ગયા.

સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો મુળીએ વસંત કરીને કચ્છમાં ગયા. તે અંજાર, ભુજ થઈને શ્રી

વૃષપુર ગયા ને ત્યાં બાપાશ્રીને મળ્યા, ને વાત કરી જે, "આપને તેડવા આવ્યા છીએ."

પછી બાપાશ્રીએ કહ્યું જે, "રામપરાની પારાયણ સાંભળીને સંઘ સૂંઢાડશું."

પછી બીજે દિવસે એટલે મહા વદ-૬ને રોજ રામપરે ગયા ને વદ-૭ને રોજ પારાયણ બેઠી. તે સવારે વચનામૃત વંચાતાં હતાં અને સાંજે ભક્તચિંતામણિ વંચાતી હતી.

મહા વદ-૭ને રોજ સવારે વચનામૃતની કથા વંચાતી હતી, તેમાં શ્રીજીમહારાજની લીલા સંભારવાનું આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ મહારાજની લીલા સંભારવાનું કહ્યું તેમાં કેટલાકનાં મન બીજા અવતારોમાં તથા બીજાં સ્થાનોમાં જતાં રહે છે, પણ પ્રગટ મહારાજની ને પ્રગટ અવતાર એટલે મુક્તોની લીલા સંભારવાનું કહ્યું છે; માટે શ્રીજીમહારાજે ને તેમના મુક્તોએ જે જે સ્થાનોમાં જે જે લીલા કરી હોય તે સંભારવી."

"મહારાજ આજ મધ્યસ્થ બિરાજે છે ને ફરતાં મુક્ત બેઠા છે. આ મહારાજ મધ્યસ્થ બેઠા; તે જે જાણતા હશે તેને આનંદનો પાર નથી. પ્રગટ શ્રીજીનાં ચરિત્ર-લીલા તે અજાણે સાંભળે તેનાં જન્મ-મરણ ટળે. અને પ્રત્યક્ષ છે એમ જાણીને અને તેમનો મહિમા જાણીને સાંભળે તેનું તેજોમય તન થાય એવી આ સભા છે. આ સત્સંગમાં અવતારાદિકને તથા બ્રહ્મકોટિને તથા અક્ષરકોટિને પણ આવ્યા વિના છૂટકો નથી; એ સર્વે આવ્યા છે. આ સત્સંગમાં જેને જેને જન્મ આવ્યા તેનો મોક્ષ થઈ જાય છે. રાજાને સંગે ભિખારણ પણ રાણી કહેવાય, તેમ આ સત્સંગમાં ને આ જોગમાં જે આવે તે સર્વેને મુક્ત જાણવા. તે સર્વેનું આત્યંતિક કલ્યાણ થાય છે. નારાયણ અને પુરુષોત્તમ એ બે શબ્દ ભુલાવે છે. ઈંદ્ર-બ્રહ્માથી લઈને અક્ષરકોટિ સુધી સર્વે નારાયણ અને પુરુષોત્તમ કહેવાય છે. માટે આપણા સ્વામી જે શ્રી પુરુષોત્તમ તે તો સર્વેથી પર છે."

"બહારવૃત્તિએ કરીને કાર્ય જોવાય છે અને અંતર્વૃત્તિએ કરીને કારણ જોવાય છે. બહારવૃત્તિ કારણને આવરી લે છે. શ્રીજીમહારાજ અક્ષરધામમાં રહ્યા થકા લીલા કરે છે તે બહારદૃષ્ટિવાળાને મનુષ્યના જેવી દેખાય છે, પણ અંતર્દૃષ્ટિવાળાને મનુષ્યભાવ ટળીને દિવ્ય દેખાય છે."

"ભક્તચિંતામણિમાં જેના સેવક આત્મારામ કહ્યા છે તે અનુભવી તથા અનાદિને જાણવા. જે અનાદિ છે તે પ્રત્યક્ષ દેખાય ત્યારે તેમને આદિ કહેવાય, અને પરોક્ષ એટલે અક્ષરધામમાં છે તે અનાદિ કહેવાય, માટે તે આદિ અનાદિ કહેવાય છે."

"જીવ મનનું ધાર્યું મૂકે ને સ્વભાવ મૂકીને આવા અનાદિનાં વચનમાં વર્તે તો જાડી બુદ્ધિ નાશ પામીને કુશાગ્ર બુદ્ધિ આવે; પણ પોતે ધણી ન થાય તો. જેમ અલૈયા ખાચર ધણી થયા તો પોશાક લઈ લીધો એટલે શ્રીજીમહારાજે પોતાની આપેલી સામર્થી લઈ લીધી; તેમ કોઈકને સામર્થી આવે તે પોતાની માને તો શ્રીજીમહારાજ ને મોટા લઈ લે. જેમ અહીં જે આજ્ઞા લોપે તેનાં કંઠી, પૂજા, ભગવાં વસ્ત્ર તે લઈ લે છે તેમ. માટે ધણી થાવું નહિ. જે ધણી થાય તથા આજ્ઞા લોપે તેને દેખીએ તો તે સારો ન લાગે; કેમ જે એમાંથી મહારાજ સભા લઈને ઊઠી ગયા તેથી ભૌતિક દેહ પણ નકારું લાગે છે. માટે હૃદયમાં શ્રીજીમહારાજને અને મુક્તને અવશ્ય પધરાવવા એ કરવાનું છે." ॥૧૪૭॥

## વાર્તા ૧૪૮

સંવત ૧૯૭૨ના મહા વદ-૮ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "જો શ્રીજીમહારાજને અંતરમાં પધરાવે, તો સૂક્ષ્મ ઘાટ થવા પામે નહિ. ધણી માંહી ન હોય તો લૂખો લાગે ને તેની કિંમત પણ કાંઈ નહિ; માટે અખંડ સ્મૃતિ રાખીને મૂર્તિને જોઈ રહેવું. લૂંટનાર ઘણા છે; માટે શ્રીજીમહારાજ અને તેમના મુક્તને મુકરદમ રાખવા. ધ્યાન-ભજનમાં, માનસી પૂજામાં શ્રીજીમહારાજને અને એમના મુક્તને

સંભારવા. અંતઃકરણ શુદ્ધ થાય તો બ્રહ્મરૂપ થવાય ને શ્રીજીમહારાજ સાક્ષાત્કાર બિરાજમાન થાય. જેમ કાચની પૃથ્વીમાં સૂર્ય દેખાય, તેમ અંતઃકરણ ચોખ્ખું થાય તો શ્રીજીમહારાજ સાક્ષાત્ બિરાજે; બોલાવવા પડે જ નહિ– જેમ કાચમાં સૂર્ય દેખાઈ આવે તેમ. માટે અંતઃકરણ શુદ્ધ કરવું, પણ નબળા ઘાટ ઘડવા નહિ. ઇંદ્રિયો તો પાડા જેવી છે, માટે તેમને વશ કરવી. શ્રીજીમહારાજના સંત શ્રી ગોપાળાનંદ સ્વામી તથા શ્રી બ્રહ્માનંદ સ્વામી, તેમના જેવા થાવું.''

''કોઈ પોતાને ઘેર રાજાને બોલાવે, પણ જો તેનું ઘર ગોબરું હોય તો રાજા ન આવે; તો આ તો શ્રી પુરુષોત્તમ ભગવાનને પોતાને ઘેર બોલાવવા છે તે કેમ આવે? માટે ચોખ્ખા થઈએ તો આવે. શ્રીજીમહારાજને પ્રદક્ષિણા, દંડવત, માનસી પૂજા આદિ કરીએ તો મુક્ત સર્વે ભેળા આવી જાય. જેમ ચિંતામણિ મનોરથ સત્ય કરે છે, તેમ શ્રીજીમહારાજ ને મુક્ત સર્વે મનોરથ સત્ય કરે છે; પણ જો સાચો ભાવ હોય તો. શ્રીજીમહારાજે પૂછ્યું કે, 'સંતો! ખાલી છો કે ભર્યા છો?' તે કોઈને આવડ્યું નહિ, ત્યારે શ્રી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ! કેટલાક ખાલી હશે ને કેટલાક ભર્યા હશે.' પછી શ્રીજીમહારાજે કહ્યું જે, 'ખાલીના કોઈ ધણી નથી.' મોટા મળ્યા હોય તે મોટાને બાઝી પડે તો તે ખાલી હોય તોપણ તેનું સારું થાય.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''શ્રીજીમહારાજે મૂળા ઉછાળ્યા તેને લેવા મોટા મરજાદી ઊઠ્યા એમ કહ્યું છે તે મરજાદી કોને જાણવા?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મરજાદી એટલે મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત જાણવા. શ્રીજીમહારાજ પોતાના સેવકોને સુખિયા કરવા માટે એવી અનંત લીલા કરીને સુખિયા કરે છે તેમાં થાકતા નથી. આ લોકમાં પણ મહારાજ તથા મુક્ત પોતાના આશ્રિતની રક્ષા કરે છે.'' ॥૧૪૮॥

## વાર્તા ૧૪૯

સંવત ૧૯૭૨ના મહા વદ-૧૦ને રોજ સવારે સભામાં કર્તા, અકર્તા ને અન્યથા-કર્તાપણાનો પ્રસંગ નીકળ્યો હતો.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એક સમયે મોટા મુક્તોને એમ વિચાર થયો જે આપણે સત્સંગ કરાવીને જીવનો મોક્ષ કરીએ છીએ. ત્યારે શ્રીજીમહારાજે એ સંતોની સભાની ઉપર બીજી દિવ્ય તેજોમય સભા બતાવી. તે જોઈ સર્વે બોલ્યા જે, 'આ શું?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'આ તો અક્ષરધામની સભા છે.' એમ અન્યથાકર્તા છે."

પછી વાત કરી જે, "આ જીવને મોહરૂપી નિંદ્રા તે આંધળો ઘોડો છે અને આ ગોત્રનો અવગુણ લેવાય છે તે મોહે કરીને લેવાય છે. આ સભા દિવ્ય છે તેમાંથી પણ મોહે કરીને અવગુણ શોધી કાઢે. માટે ભગવાનના સંતનો સમાગમ કરીને દોષમાત્ર ટાળીને પવિત્ર થાવું; તો આ સભાનો અવગુણ ન આવે."

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "પવિત્ર થવાનો શો ઉપાય હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જ્ઞાનઇંદ્રિયોને જ્ઞાનમાર્ગે ચલાવે ને કર્મઇંદ્રિયોને કર્મમાર્ગે ચલાવે, એમ સર્વે ઇંદ્રિયે કરીને ભગવાન સંબંધી ક્રિયા કરે તો પવિત્ર થઈ જવાય. બીજું, આ બ્રહ્મસભામાં નહાય તો પવિત્ર થાય. આ બ્રહ્મઅગ્નિ છે. આ સભામાં ઝીલે એટલે જ્ઞાન ગ્રહણ કરે તો તે મૂર્તિથી ઓરો રહે નહિ."

"પતિવ્રતાપણું જે ભગવાનને વિષે નિષ્ઠા, તે પાકી રાખવી. દેહ પડવાનો હોય તો ભલે પડે, પણ ઔષધની તથા કોઈ દેવની આસ્થા ન રાખવી. બીજા દેવની આસ્થા રાખે તો વ્યભિચારિણીના જેવી ભક્તિ કહેવાય. 'પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો'. એક બાઈએ સાંબેલું પડતું મૂક્યું, પણ પતિનું વચન મૂક્યું નહિ. એવી પતિવ્રતાના જેવી ભક્તિ કરવી, પણ રખડેલ ન થાવું. રખડેલની ખબર કોઈ રાખે નહિ.

જ્યારે પ્રત્યક્ષ શ્રીજીમહારાજ પોતે મળ્યા ત્યારે દેવ-અદેવ પાસે જવું નહિ; કેમ કે વૈદ-દાક્તર પણ ચાલ્યા જાય છે. ઔષધ કર્યા વિનાના કેટલાય ડોસા અહીં પડ્યા છે અને વૈદ ને દાક્તર તો બિચારા પચીસ વર્ષમાં મરી જાય છે. ઔષધથી તો ઊલટો દેહ સડી જાય છે, માટે ઔષધની પ્રતીતિ ન રાખવી. અને જંત્ર-મંત્રની તથા દેવ-અદેવની પ્રતીતિ ન રાખવી. કીમિયાવાળાની પણ પ્રતીતિ ન રાખવી. કીમિયાવાળા બહુ ભૂંડા છે તે નજર બાંધીને સોનું બતાવે ને પછી કાંઈ ન હોય, માટે તેનો વિશ્વાસ ન રાખવો. જેણે સ્વામિનારાયણ ઓળખ્યા હોય તેને તો એ કોઈની પ્રતીતિ આવે જ નહિ.''

''આજ શ્રીજીમહારાજે ને મોટાએ ધર્મધુરંધર કલ્યાણનો માર્ગ બાંધ્યો છે, તેમાં જે જે નિયમ કહ્યા છે તેમાં જે ન વર્તે ને વર્તમાન લોપે તે સર્વે નર્કના અધિકારી છે, તે કોઈ દિવસ નીકળવાના નહિ; માટે તેનો પ્રસંગ ન રાખવો. આજ આ જ્ઞાનયજ્ઞ ને યોગયજ્ઞ થાય છે તેમાં આત્યંતિક કલ્યાણ થાય છે.''

''સતયુગમાં લાખ વર્ષ ધ્યાન કરે ત્યારે ભગવાનનું દર્શન માત્ર જ થતું. ત્રેતાયુગમાં દશ હજાર વર્ષ સુધી યજ્ઞ કરે ત્યારે દર્શન થાય અને દ્વાપર યુગમાં એક હજાર વર્ષ સુધી પરિચર્યા કરે ત્યારે દર્શન થાય. આ કળિમાં સો વર્ષ સુધી કીર્તન કરે ત્યારે દર્શન થાય. અને આજ વર્તમાન કાળે તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ કરીને જોડી દઈએ છીએ. આજનો એવો પ્રતાપ છે. આજ તો સંત-હરિજનોનાં દર્શન કરે તો પગલે પગલે બ્રહ્મયજ્ઞ થાય ને વળી આત્યંતિક કલ્યાણ કરે. આ યોગયજ્ઞ ને બ્રહ્મયજ્ઞ છે. આમાં આવેલાને ફેર જન્મ ધરવો પડશે નહિ. ઠેઠ મૂર્તિમાં મૂકી દઈશું. આવો પ્રત્યક્ષ મૂર્તિનો પ્રતાપ છે.''

''યુધિષ્ઠિરને શાસ્ત્રમાં વિશ્વાસ હતો તો કલ્યાણ થયું નહિ. શાસ્ત્ર તો માયિક ગુણવાળા ઋષિઓનાં કરેલાં છે; માટે તેની પ્રતીતિ ન રાખવી. અને શ્રીજીમહારાજનાં કરેલાં શાસ્ત્ર તો દિવ્ય છે તેમાં

પ્રતીતિ રાખવી. વાતચીત કરવી કે પ્રાયશ્ચિત્ત દેવું તે નિર્ગુણ થઈને કહેવું-દેવું, પણ ત્રણ ગુણમાં રહીને કહેવું-દેવું નહિ. જે સત્ય વચન બોલાય તે મહારાજ બોલાવે છે, ને અસત્ય વચન બોલાય તે માયા બોલાવે છે; એમ જાણવું.'' ॥૧૪૯॥

## વાર્તા ૧૫૦

સંવત ૧૯૭૨ના મહા વદ-૧૦ને રોજ બપોરે સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''પૂર્વના ઋષિ કરતાં આજના સંત-હરિજનોનાં વચન અધિક માનવાં. જેમાં શ્રીજીમહારાજ કે સંત નાહ્યા હોય તેમાં નહાય કે પાણી પીએ કે તેના ઉપર પક્ષી ઊડીને જાય તેનું પણ કલ્યાણ કરે, એવો આજનો મહિમા છે.''

''શ્રીજીમહારાજને અને મોટાને અંતર્યામી ન જાણે ને અખંડ સ્મૃતિ ન રાખે તે નાસ્તિકપણું છે. એક તો વિદ્યાએ કરીને મોટાઈ હોય ને એક તો વયે કરીને મોટાઈ હોય, પણ મૂર્તિમાં જોડાય તે મોટપ ખરી. ભુજમાં બાળમુકુંદદાસજીને કોઈ આગળ બેસારતા નહિ, પણ એ તો મૂર્તિ સાથે રમૂજ કરતા. માટે મહાપ્રભુજીની વાત અટપટી છે. બાધિતાનુવૃત્તિ હોય ત્યાં સુધી પોતાની અને મહારાજની મોટાઈની ખબર પડે નહિ, જેમ બળદેવજીને પડી નહિ તેમ. આજ તમને શ્રીજીમહારાજે એવું બળ આપ્યું છે. આ વખત બગાડી નાખે એટલે પોતાનું પૂરું ન કરે તેને જન્મ ધરવો પડે ને તે નીચ કહેવાય.''

''ભગવાનના ભક્તનો દેહ પ્રફુલ્લિત હોય ને વાણી પણ પ્રફુલ્લિત હોય ને એનાં દર્શન જે કરે તે પણ કૃતાર્થ થઈ જાય. તે ભક્ત જો આ સત્સંગથી બહાર નીકળે તો શબ જેવો થઈ જાય તે કોઈ અડે પણ નહિ. માટે શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ થઈ રહેવું ને એક મૂર્તિની ને મૂર્તિના સુખની ઇચ્છા રાખવી. ઐશ્વર્યની કે કાંઈ જોવાની કે નિરાવરણ થાવાની કે અંતર્યામીપણાની ઇચ્છા રહે તો તે જગતની કોરનો લોચો કહેવાય. તેમ જ મૂર્તિ વિના નકરું મૂર્તિનું તેજ જે

અક્ષરધામ તે દેખાય તે પણ લોચો છે. એક મૂર્તિ ને મુક્ત બે જ સર્વત્ર દેખાય એ અંતર્વૃત્તિ કહેવાય અને તે લોચાથી રહિત કહેવાય. માટે મૂર્તિમાં રસબસ થઈ રહેવું.''

''તે ક્યારે રહેવાય? તો મહિમા યથાર્થ જાણ્યો હોય તો રહેવાય. આ લોકમાં પૈસાનો મહિમા જાણ્યો છે તો ચાર-ચાર મહિના સુધી સમુદ્રમાં રહે છે ને વહાણમાં સ્ત્રી-છોકરાં સારુ દુઃખ વેઠે છે. તેમ શ્રીજીનો ને સંતનો મહિમા જાણ્યો હોય તો સેવા કરવામાં શ્રદ્ધા બહુ રહે.''

''શ્રીજીમહારાજની ને એમના મુક્તની સેવા કરવી તથા એમને જમાડવા. તે સેવાનું ફળ જે અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ તે મળે છે. વ્યવહારમાં દેહ ઘસી નાખે તે તો સૂકા લાકડાને પાણી પાય તો સડી જાય તેવું છે. અને આ તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ કરી દે છે. જેમ લીલા ઝાડને પાણી પાય તો સુકાવા આવેલું હોય તોપણ એક કલાકમાં લીલું થઈ જાય; તેમ સેવાનું પણ એવું ફળ થાય. સેવા ગ્રહણ કરનારને પણ એવો ખટકો રહે જે, 'આ સેવા કરનારને ઝટ ધામમાં લઈ જઈએ.' સત્સંગની સેવા કરે તેથી પણ શ્રીજીમહારાજની ને અનાદિમુક્તની સેવા મળે તે શ્રેષ્ઠ છે; કેમ જે તે મૂર્તિમાં જોડી દે અને સર્વોપરી એવા જે સ્વામિનારાયણ તેમને જીવમાં પધરાવી દે; માટે એવાની સેવા કરવી.''

''સર્વ ઠેકાણે શ્રીજીમહારાજનું કર્તાપણું સમજવું; પણ માયા, કર્મ, સ્વભાવ, કાળ, બ્રહ્મ, અક્ષર એ કોઈનું કર્તાપણું ન સમજવું. જો વિપરીત દેશ, કાળ, સંગાદિક તથા રાજાનો ઉપદ્રવ થાય અથવા કોઈક મરે ત્યારે કાળે કર્યું એમ જાણે તો તેણે ભગવાનને કાળ જેવા જાણ્યા. અને માયાએ કરીને કે કર્મે કરીને કે સ્વાભાવિક થાય છે એમ જાણે તેણે માયા જેવા, કર્મ જેવા ને સ્વભાવ જેવા ભગવાનને જાણ્યા. વરસાદ, વાયરો, ટાઢ, તડકો વધુ-ઓછો થાય ત્યારે ગાળો દે તેણે ભગવાનને

કર્તા ન જાણ્યા. આપણે તો સર્વ ઠેકાણે શ્રીજીમહારાજનું કર્તાપણું સમજવું, પણ બીજા અક્ષરાદિક કોઈનું કર્તાપણું ન સમજવું. અને ભૂંડા દેશ, કાળ, સંગ, ક્રિયાથી છેટે રહેવું, અને શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું. જે શ્રીજીમહારાજનાં વચન પ્રમાણે વર્તે તે પોતાનું ને પોતાના સંગીનું સારું કરે એવો થાય.''

એમ વાત કરીને બોલ્યા જે, ''આ કલેવર પડે તો લાકડાના ભારા ઉપાડવા મટી જાય ને ચક્રવર્તી રાજ્ય જે શ્રીજીની મૂર્તિનું સુખ તે મળે; માટે ધામમાં જાવામાં પણ અતિ આનંદ માનવો. દાતરડાં ને બંધિયા સંભારવાં; એટલે એમ જાણવું જે આ સત્સંગમાં જો ચાળે ચઢી જવાશે તો પાછું હતું તેવું દુઃખ આવશે.''

''અક્ષરધામથી ઓરા અક્ષરાદિક સર્વે રોકનાર છે. માટે શ્રીજીમહારાજને અને મોટા મુક્તને સાથે રખવાળ રાખવા, પણ લૂંટણિયાને ભેગા ન રાખવા. તે લૂંટણિયા ઘણા છે. પંડિત થઈને લૂંટે, શિષ્ય થઈને લૂંટે, બુદ્ધિવાળો થઈને લૂંટે અને છેલ્લી વારે શ્રીજીમહારાજની પ્રસાદી પણ લૂંટે; કેમ જે જે પ્રસાદિયો હોય તે જેના પક્ષમાં રહ્યો હોય તે પક્ષમાં અન્યાય થતો હોય તોયે તેની તેને હા એ હા કરવી પડે તેનો દોષ લાગે ને મોક્ષના માર્ગથી પડી જાય. માટે બીજી ઈચ્છાઓ મૂકીને એક મૂર્તિ જ રાખવી.'' ॥૧૫૦॥

## વાર્તા ૧૫૧

સંવત ૧૯૭૨ના મહા વદ-૧૧ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''આજ શ્રીજીમહારાજ ને સંત એટલે મુક્ત પૃથ્વી માથે વિચરે છે તે કોઈને મળ્યા નથી. દ્વિભુજવાળા પરમેશ્વર છે.''

''એક એક સંતમાં અનેક મુનિનાં વૃંદ રહ્યા છે; કેમ જે શ્રીજીમહારાજ સહિત અનંત મુક્ત અકેકા સંતમાં ઓતપ્રોત રહ્યા છે. માટે એકને જમાડે તો અનંત જમે છે. શ્રીજીમહારાજ કહી ગયા છે ને કહે છે; કાંઈ કલ્પિત નથી. ભગવાનનો ભક્ત હોય તેને વિષે

શ્રીજીમહારાજ અનંત મુક્તે સહિત રહ્યા છે, પણ તેની ખબર નથી તેથી દીકરો ન હોય તો શોક કરે જે, 'મારે દીકરો નથી'; પણ પોતાના આત્માને વિષે અનંત મુક્ત ને મહારાજ રહ્યા છે એમ સમજીને સ્ત્રી, પુત્ર, ધનાદિક માયિક પદાર્થની ઈચ્છા ન રાખવી, ને એકલા છીએ એમ ન જાણવું. 'શ્રીજીમહારાજ તથા અનંત મુક્ત મારા આત્માને વિષે વિરાજમાન છે' એમ જાણીને સદા આનંદમાં રહેવું."

"પ્રથમ એક એક સંત વિચરવાની આજ્ઞા હતી તે સંતના ભેળા શ્રીજીમહારાજ ને અનંત મુક્ત હતા તેથી આજ્ઞા લોપાતી નહિ. પછી જોડ વિના ન ચાલવું એવી આજ્ઞા શ્રીજીમહારાજે કરી, તોપણ જેના ભેળા શ્રીજીમહારાજ ને મુક્ત ન હોય તેવા બે ભેળા હોય તોપણ શ્રીજીમહારાજની આજ્ઞા લોપી નાખે. માટે એકમાં અનેક રહે એવા થાવું અને અનેક મુક્ત સાથે રાખવા. ગૃહસ્થ હોય તેમણે પણ અનંત મુક્ત તથા મહારાજ રાખવા, પણ આ લોકના વૈભવની ઈચ્છા ન રાખવી."

"એક હરિજન વ્યવહારે દુર્બળ હતા ને સુખે મહારાજનું ભજન કરતા. તેને વ્યવહારે દુઃખી જોઈને કોઈકે મહારાજને કહ્યું જે, 'હે મહારાજ! આ હરિજન બહુ સારા છે, પણ વ્યવહારે દુઃખી છે તે દયા કરો તો વ્યવહાર સારો થાય.' પછી મહારાજે કહ્યું જે, 'સારું થશે.' તેથી તેને બહુ દ્રવ્ય થયું. પછી તો ભગવાન ભજાય નહિ ને ખાવાની પણ નવરાઈ આવે નહિ. એકવાર તે હરિજન મહારાજનાં દર્શન કરવા આવ્યા. તેમને મહારાજે કહ્યું જે, 'કેવા સુખિયા છો?' પછી તે હરિભક્ત કહે જે, 'મહારાજ! સર્પના કંડિયામાં દેડકાને પૂર્યો છે તે ક્યાંથી સુખિયો હશે?' ત્યાર કેડે મહારાજે તેનો વ્યવહાર હતો તેવો દુર્બળ કર્યો ત્યારે શરીરે પુષ્ટ થયો ને સુખે મહારાજને ભજવા મંડ્યો. માટે સારો વ્યવહાર હરિભક્તોએ દુઃખદાયી જાણવો."

"પ્રવૃત્તિ તો ભગવાન ભુલાવે એવી છે માટે તેને ટાળીને ભગવાન ભજવા. તે ટાળવાની યુક્તિ શ્રીજીમહારાજે મધ્ય પ્રકરણના

૨૨મા વચનામૃતમાં શીખવાડી છે. જેને મૂર્તિમાં જોડાવું હોય તેણે કાર્યમાં તાન રાખવું નહિ એમ મહારાજે કાર્યની ન્યૂનતા બતાવી છે. માટે મુક્ત થાવું હોય તેણે સર્વ વિસારીને મૂર્તિમાં જોડાવું. તૃણની ઝૂંપડી ને ફાટેલ ગોદડીવાળા સંતની સભામાં કથા-વાર્તા થાતી હોય ત્યારે વૃત્તિ બીજી રીતની થઈ જાય અને ઉદ્‌ઘોષમાં વૃત્તિઓ ડોળાઈ જાય.''

''જેમ બોટાદવાળા શિવલાલભાઈએ રઘુવીરજી મહારાજની પધરામણી ભાવનગરમાં કરાવીને રાજા પાસે સન્માન કરાવ્યું, તે પ્રવૃત્તિમાં પોતાના આત્માને ને મહારાજને દેખતા તે બંધ થઈ ગયું. પછી સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને વાત કરી જે, 'હવે મહારાજ ને આત્મા દેખાતા નથી.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'તમે પ્રવૃત્તિમાં ભળી ગયા તેથી નથી દેખાતા; તો હવે આપણા ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી પાસે જઈને પ્રાર્થના કરો.' પછી તેમણે સ્વામીની પ્રાર્થના કરી, ત્યારે સ્વામીશ્રીએ કૃપા કરીને કહ્યું જે, 'ધ્યાન કરો. બે મહિને દેખાશે.' પછી બે મહિને આત્મા ને મહારાજ દેખાયા. એમ પ્રવૃત્તિ પણ મૂર્તિમાં જોડાવામાં વિક્ષેપકર્તા છે. શ્રીજીનાં ને મુક્તનાં ચરિત્ર તે સાધનિકને શીખવવા માટે છે.''

''આ ભણતર મોટું છે; ષટ્‌શાસ્ત્ર ને અઢાર પુરાણ ભણવે કરીને કાંઈ વળે તેમ નથી. આ જોગમાં સર્વદેશી જ્ઞાન આવે ને ધ્યાન કરવાની લટક આવે. માટે આ જોગ કરી લેવો તો સર્વે કામ સિદ્ધ થાય, એટલે મૂર્તિની પ્રાપ્તિ છતી દેહે થાય. માટે આવા મુક્તને વિષે દિવ્યભાવ રાખીને તેમની સેવા કરવી, પણ ગુણમાં રહીને ન કરવી. પ્રસાદીનું વસ્ત્ર હોય તેને વળ દઈને ગળે બાંધે તો નુકસાન કરે ને પ્રસાદીનો પત્થર હોય તોપણ વાગે અને જો મહિમાએ સહિત દર્શન કરે તો દિવ્ય કરે. માટે દિવ્યભાવ લાવીને સેવા કરવી.''

''ચિંતામણિ તો મળી છે, પણ દરજીના સેબામાં જાય છે. મહારાજ તેડવા આવે ત્યારે અહીં રહેવાનો સંકલ્પ થાય તે દરજીના સેબા

(ટેભા) જેવું છે. જ્યારે શ્રીજીમહારાજ તેડવા આવે ત્યારે પૂરું થયું જાણવું. જેમ ઝાડેથી ફળ તૂટ્યું તે પાછું ઝાડે વળગે નહિ, તેમ શ્રીજી કે મોટા દેહ મુકાવે તો ફેર બીજો દેહ ન ધરાવે; એ તો પોતા પાસે જ લઈ જાય. માટે શ્રીજીમહારાજ તેડવા આવે ત્યારે પોતાનું અધૂરું ન માનવું.''

''બે દેશ છે તે સર્વે એક મંડળ રાખવું, પણ જુદાઈ ન રાખવી. જે ધામમાં રહેતા હોઈએ તે ધામના મોટેરાની આજ્ઞામાં તત્પર રહેવું, પણ બેપરવાઈ ન રાખવી ને મનનું ધાર્યું ન કરવું. મહારાજને સાથે રાખવાથી એક મંડળ રહે ને મહારાજને છેટે મૂકે તો મંડળ જુદાં થઈ જાય. માટે મહારાજને સાથે રાખવા.'' ||૧૫૧||

## વાર્તા ૧૫૨

સંવત ૧૯૭૨ના મહા વદ-૧૩ને રોજ સવારે સભામાં સારંગપુરનું ૬ઠ્ઠું વચનામૃત વંચાતુ હતું. તેમાં વેદની ઉત્પત્તિની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''વેદ વૈરાજમાંથી થયા છે ને તેમાં એક બ્રહ્માંડની વાત છે, પણ ઝાઝી નથી. માટે સૌ-સૌનાં સ્થાનમાં એમને મૂકી દઈને શ્રીજીમહારાજના સમીપમાં આપણે જાવું. એ કોઈનું આપણે કામ નથી. એમને બાઝી રહીએ તો તે આવરણ કરે; માટે તે કોઈને વીંટાઈ રહેવું નહિ. હનુમાન આદિ કોઈ દેવને પણ વીંટાવું નહિ. એક મૂર્તિ ને મુક્ત તેમને બાઝવું. શ્રીજીના ભક્તની તો મોટા મોટા અક્ષરકોટિ પણ પ્રાર્થના કરે છે. પ્રગટનો એવો પ્રતાપ છે. શ્રીજીના ભક્ત તો રાજાની રાણીઓને ઠેકાણે છે. જેમ ગૃહસ્થની પંક્તિમાં સાધુથી બેસાય નહિ અને સાધુની પંક્તિમાં ગૃહસ્થથી બેસાય નહિ; તેમ શ્રીજીના એકાંતિક ભક્તમાં અને મૂળઅક્ષરાદિક અવતારોમાં ભેદ છે; માટે મહારાજ અને મુક્ત વિના બીજે વૃત્તિ ન રાખવી.''

''આવા સંત ને હરિજન કોઈ બ્રહ્માંડમાં નથી; માટે સુરત રાખવી. મહાપ્રભુજી વિના ને તેમના મુક્ત વિના બીજાને રખવાળા

લઈએ તો તે સર્વે લૂંટનારા છે અને શ્રીજી અથવા મુક્ત સાથે હોય તો અક્ષરકોટિ સુધી કોઈ લૂંટી શકે નહિ. જેમ સોળે થયા હોય તેને ચીંથરાનો દોરો અડી જાય તો બોળે થઈ જાય; તેમ ઘાટ, સંકલ્પ, ઊંઘ, માયા, કાળ, અન્ય દેવ તે આ સભામાંથી ઉઠાડીને લઈ જાય એવા છે. જેમ અયોધ્યાના વાંદરા જે વસ્તુ હાથ આવે તે લઈ જાય તેમ. આજ સંવત ૧૮૩૭થી મોક્ષનો માર્ગ શ્રીજીમહારાજે ચલાવ્યો છે; માટે બીજે ભટકાવું નહિ. ને હરકોઈ ક્રિયામાં શ્રીજીને ને મુક્તને ધણી રાખવા, પણ પોતે ધણી થાવું નહિ.''

એમ વાત કરીને પછી બોલ્યા જે, ''આપણાં ધામોમાં જે જે મૂર્તિઓ પધરાવી છે તે શ્રીજીમહારાજ છે એમ જાણીને દર્શન કરવાં; કેમ જે શ્રીજીમહારાજ સંકલ્પે કરીને એવે એવે રૂપે દેખાય છે, પણ પરોક્ષ અવતારો છે તે આપણાં મંદિરોમાં નથી.''

''એક ગરાસિયે એક સત્સંગીને રામ રામ કહ્યા ત્યારે તે સત્સંગી બોલ્યા જે, 'એકવીશ લાખ વર્ષના ઘરડા પટેલિયાને શું સંભારે છે? સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ, સર્વોપરી, સર્વકર્તા, સર્વનિયંતા તે આજ દયા કરીને જીવોનાં કલ્યાણ કરવા સારુ પ્રગટ થયા છે, એમને જય શ્રી સ્વામિનારાયણ કહેને; તો તે તારું કલ્યાણ કરે. તખ્ત ઉપર રાજા બેઠા હોય તેમને અરજ કરવી મૂકીને એકવીશ લાખ વર્ષના પટેલિયાને રામ રામ કરતો આવે છે તે શું સારું કરશે?' એમ બોલ્યા.''

''માટે પોતાના ઈષ્ટદેવના જય સ્વામિનારાયણ કહેવા. પણ કોઈની મહોબતમાં લેવાઈને પરોક્ષના નારાયણ કહેવા નહિ. જય સ્વામિનારાયણ કહેવા અને શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજે હેત કરવું જ નહિ.''

''મોટાના જોગની વાત બહુ જબરી છે. આજ જોગે કરીને નાનાં નાનાં છોકરાં પણ જય સ્વામિનારાયણ જય સ્વામિનારાયણ કરે છે. આવો જોગ મૂકીને કોઈ પોતાની મેળે સાધન કરે તો મૂર્તિની એકતા ન

થાય. જોગ પણ અંતર્વૃત્તિ રાખીને કરવો; પણ ઉપરથી ન કરવો. વાણિયાની પેઠે આવી ફસ્યા એમ થાય તો જોગ કાંઈ કામમાં ન આવે.''

''જડ-ચૈતન્ય એ બે માયાનો ત્યાગ કરવો; કેમ જે એ વિના પણ પત્તર સરખાં ભરાય છે ને લૂગડાં તથા રહેવાનું સરખું મળે છે. માટે એ બે વાતના હરામ ખાઈને તેનો ત્યાગ રાખવો. એ બે વાતમાં ફેર પડે તો કલ્યાણની કલમ નીકળી જાય. ગૃહસ્થને પણ પંચવિષય ત્યાગ કરવાના છે. ત્યાગીએ જડ-ચૈતન્ય એ બેનો ત્યાગ દૃઢપણે રાખવો. સંત-હરિજનોએ સુખિયા થવાનો ઉપાય કરવો.''

''તમે સંત છો તે ગાયો છો, માટે ગોવાળ વિના ક્યાંયનું ક્યાંય ચાલ્યું જવાય; એમ ગોવાળનો ખપ પડે છે. આ તમારા સુખને માટે કહીએ છીએ. કોઈ કોઈ જગ્યાએ મહિમા થોડો છે, તેથી લૂખાપણું રહે છે. માટે પહેલું જ્ઞાન, પછી મહિમા એ બેય જોઈએ; પછી સાધન જોઈએ. એકલા વૈરાગ્યાદિક સાધને કરીને સુખિયા ને નિર્વાસનિક થવાય નહિ. જેમ રાજાનો મહિમા જાણે છે તો આજ્ઞા પળે છે, તેમ શ્રીજીનો અને મોટાનો મહિમા જાણે તો આજ્ઞા પળે અને લૂખાપણું ટળે. માટે મહિમા સમજવો; મહિમા વિના લૂખાપણું જાય નહિ.'' ॥૧૫૨॥

## વાર્તા ૧૫૩

સંવત ૧૯૭૨ના મહા વદ-૧૪ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''સંત છે તે શ્રીજીનું પાકું ગોત્ર છે. તેમને શ્રીજી કહે છે કે, 'તમે જીવકોટિથી લઈને મૂળઅક્ષરકોટિ પર્યંતનાં સુખ ખોટાં જાણો.' કીટ એટલે જીવકોટિ, ને બ્રહ્મા એટલે મૂળઅક્ષરકોટિ જાણવી; તેમાં બંધાવું નહિ એમ કહે છે. પંચ વર્તમાન પાળવાનાં કહ્યાં છે તેમાં બરાબર વર્તવું અને ગૃહસ્થોએ સ્ત્રી, પુત્રાદિકને બંધનકારી માનીને તેમાં હેત ન કરવું. એક સુતારનો છોકરો મરી ગયો તેના હાથમાં કુહાડો આપીને કહ્યું કે, 'ઘસ', એમ કહીને વળી ફેર કહ્યું જે, 'સારો ઘસ્યો', એવું હેત થઈ જાય છે; માટે જ્ઞાન જોઈએ.''

"પારકી અને પોતાની સ્ત્રી, તે પણ તરવારની પેઠે નાશ કરે એવી છે; માટે તેથી બીતા રહેવું. કેટલેક ઠેકાણે બાપ થકી દીકરીને બાળક થાય છે; માટે એકાંતમાં મા, બેન, દીકરી તથા પરસ્ત્રી ભેળું રહેવું નહિ. કળિનું રૂપ એવું છે જે કળિમાં કામનું જોર છે. સતયુગમાં સંકલ્પનાં ફળ થતાં, ત્રેતામાં દૃષ્ટિનાં ફળ થતાં, દ્વાપરમાં સ્પર્શનાં ફળ થતાં અને કળિમાં વીર્યનાં ફળ થાય છે; માટે મા, બેન, ને દીકરીથી પણ છેટે રહેવું. આજ્ઞા ન પાળે તો પૈસા ખૂએ, નાતજાતમાં ફજેતી થાય, લાજ વંજાવે ને મોક્ષથી પડે. સ્ત્રીની દૃષ્ટિમાં ઝેર રહ્યું છે તે ચઢીને જીવ લે એવી છે. ગૃહસ્થના આશ્રમમાં રહીને પણ નિર્વાસનિક રહેવું."

"સ્ત્રી-પુરુષનો ભેદ મૂળમાયા સુધી છે; મૂળમાયા ઉપર સ્ત્રી-પુરુષોનો ભેદ નથી; સર્વે પુરુષાકાર છે ને દિવ્ય છે, તે બ્રહ્મકોટિમાં ને અક્ષરકોટિમાં અને મહારાજના ધામમાં આ ત્રણ ઠેકાણે દિવ્ય પુરુષાકાર છે."

એમ કહીને વળી કહ્યું જે, "આજ્ઞારૂપી લીટો લોપે તેનું રૂડું ન થાય. આજ્ઞા આત્મસત્તારૂપનું કામ કરે છે. ઇંદ્રિયોના ગણ જીવને ક્યાંય લઈ જઈ ફગાવી દે. જેણે જેણે આજ્ઞા લોપી છે તે મોટા હતા તોપણ ધર્મથી પડ્યા છે. રણછોડ મિસ્ત્રીએ સત્સંગમાં ઘણી સેવા કરી હતી, પણ આજ્ઞા લોપી તો વટલાઈને ભ્રષ્ટ થઈ ગયા અને મોટા સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીનું કહ્યું પણ ન માન્યું. એને સિદ્ધિઓ આકાશમાંથી આવીને ઉપાડી ગઈ. કેવાં કેવાં કીર્તન બોલતા ને ગર્જના કરતા! પણ ક્યાંય તુર્કસ્તાનમાં જતા રહ્યા."

"ત્યાગી તથા ગૃહસ્થ લોભથી કસાઈના જેવું કર્મ કરે છે. લોભથી લાંચ લેવાય, કોઈકને મારે, જૂઠું બોલે, અન્યાય કરે; માટે ભેંસનું ગાય તળે અને ગાયનું ભેંસ તળે એમ ન કરવું. તેમ કરવાથી ધાવી શકાય નહિ ને લાતો ખાઈ ખાઈને ડાચું ભાંગી જાય અને યમના માર ખાવા પડે. માટે તેમ ન વર્તવું; ચોખ્ખું વર્તવું. શાસ્ત્રનું ને સંતનું

વચન પાળે તો સુખી થાય. મોડજી દરબારે સ્વામી હરિકૃષ્ણદાસજીનું વચન માન્યું તો સુખી રહ્યા. જો ન માન્યું હોત ને સરકારના સામા થયા હોત તો કલેવરનો નાશ થાત.''

''સૂકા કાષ્ટમાં ઘણ (જીવડાં) પડે છે તેને પણ ભગવાન ખાવા-પીવા આપે છે ને પશુ-પક્ષી પણ ખાઈને આરામ કરે છે. તે સર્વેના દિવસ નીકળે છે; માટે દ્રવ્ય કાંઈ કામમાં આવતું નથી. જો લાંચ લે, તો આગળનું રળેલું હોય તેને પણ તાણી જાય, માટે ગૃહસ્થોએ લાંચ ન લેવી. કન્યા-વિક્રયનું પાપ પણ અતિશય છે અને લાંચનું પણ પાપ છે; માટે તે માર્ગે ચાલવું નહિ.''

''અને કોઈનો વાદ પણ લેવો નહિ. ડોશીની પેઠે પોતે ઊગરવું; તો જગ તર્યો. શાસ્ત્રમાં ને ધર્મમાં કોઈનો વાદ ન લેવો ને ઇંદ્રિયોના આહાર શુદ્ધ કરવા. બ્રહ્મચર્યવ્રતમાં કુશળ ન હોય તેની રસોઈ ન લેવી તે શુદ્ધ આહાર કહેવાય. અને અજાણમાં લેવાઈ જવાય તેનો બાધ નહિ, પણ મહોબત રાખીને ન લેવી. મહોબત રાખીને લે તો એક ઉપવાસે શુદ્ધિ થાય, અજાણમાં લેવાઈ ગયું હોય તેની ખબર કોઈ દિવસ પડે તો સો માળા ફેરવે શુદ્ધિ થાય. આ ધનબાઈ ડોશી ખાવા-પીવા આપે છે ને કથા સંભળાવે છે માટે તેનાં ધન્ય ભાગ્ય છે, અને જે હેતે કરીને સાંભળે તેનાં પણ ધન્ય ભાગ્ય!'' ॥૧૫૩॥

## વાર્તા ૧૫૪

સંવત ૧૯૭૨ના મહા વદ-૦)) અમાસને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત જે, ''આ સભાના સંકલ્પ ચાલે છે ને ભક્તને તેડીને અક્ષરધામમાં લઈ જાય એવી સામર્થી છે; પણ શ્રીજીમહારાજે રોકી રાખી છે. દાસપણું રહે એટલા માટે તમને જાણવા દેતા નથી. આવા સંતને વિષે દિવ્યભાવ રાખીને દાસાનુદાસ થઈ રહે તો શ્રીજીમહારાજની હજૂરમાં રહેવાય. 'દાસ તમારા દાસનો મને રાખો નાથ હજૂર એ વર માગું છું' એમ દાસનો દાસ થાય તેને મહારાજ

હજૂરમાં રાખે છે. માટે સર્વેના દાસ થાવું, પણ મોટા થાવું નહિ.''

''વળી પોતાપણું લાવવું નહિ, અવગુણ લેવો નહિ ને જેમ ભૂંડા ભૂંડાઈ ન મૂકે તેમ આપણે ભલાઈ ન મૂકવી. શ્રીજીમહારાજે વચનામૃતમાં અડધોઅડધ એ વાત લખી છે જે કોઈ મોટાનો અવગુણ ન લેવો, ને અડધમાં જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ધર્મ, માહાત્મ્ય આદિકની વાત લખી છે. માટે દ્રોહથી બીતા રહેવું, પણ પોતાનું ડહાપણ કે બુદ્ધિનો ડોડ ન રાખવો. આ સભામાં અવગુણ લે તે તો ખોખા જેવો થઈ જાય છે; જેમ હિમ પડે તો બીજ બળી જાય છે ને ફોતરાં રહે છે તેમ. આ સત્સંગમાં સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજી જેવા સત્પુરુષનો અવગુણ લઈને કેટલાએ જતા રહ્યા.''

''ખારેક આદિના ઝાડમાં પાણી છાંટીએ તો ફળ આવે છે, પણ તે વિના આવતાં નથી; તેમ મૂર્તિ રાખી હોય તો સુખ આવે, પણ એકલે સાધને સુખ ન આવે. શ્રીજીમહારાજે માંચી ઉપર કુલ્લું મૂકી દીધું તેમાંથી ઘી નીકળ્યા જ કરતું; તેમ મુક્ત અનાદિ કાળથી મૂર્તિમાં રહ્યા છે તેમને પણ મૂર્તિનો કે સુખનો પાર નથી આવતો. જેમ બાળક ધાઈમાંથી ધાવીને સુખિયું રહે છે, તેમ મહારાજના સુખમાં મુક્ત સુખિયા રહે છે.''

''જેમ મહારાજ ને મુક્ત દિવ્ય છે તેમ જ તેમની સેવા પણ દિવ્ય છે. માટે સત્સંગીઓએ ધર્માદો પૂરો આપવો, પણ દેવના લાભને અર્થે સરકારમાં જતો હોય તો 'સરકારમાં જાય છે કે પહાણા ખડકે છે કે કૂવા કરે છે' એમ ન જાણવું; એ તો શ્રીજીમહારાજને જ અર્પણ થાય છે. શ્રીજીમહારાજ જડ વસ્તુને બદલે દિવ્ય સુખ આપે છે, માટે એમાં શંકાઓ કરવી નહિ.'' ॥૧૫૪॥

## વાર્તા ૧૫૫

સંવત ૧૯૭૨ના ફાગણ સુદ-૧ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જેમ હીરેથી હીરો વીંધાય છે અને અગ્નિને પ્રસંગે કાષ્ટ અગ્નિરૂપ થાય છે; તેમ જીવ મહારાજને ભજી ભજીને દિવ્ય થઈ જાય

છે. શ્રીજીમહારાજના મહિમાનો પાર નથી, માટે સંત શ્રીજીમહારાજનો ને મુક્તનો મહિમા કહે તે સાચો માનવો. કોઈ પોતે શ્રીજીમહારાજ થાય તેની વાત ન સાંભળવી; પણ દાસપણું રાખીને સ્વામી-સેવકને ભાવે શ્રીજીમહારાજનો મહિમા ઘણો કહે તે માનવો. શ્રીજીમહારાજનો મહિમા તો અનાદિમુક્તો મૂર્તિમાં રહ્યા છે તેમનાથી પણ પૂરો કહેવાય તેમ નથી. માટે શાસ્ત્રની સાખ ન લેવી; કેમ જે મુક્ત તો દેખીને કહે છે.''

''મૂર્તિ વિના તેજ નથી; માટે શ્રીજીમહારાજ નિરાકાર નથી. બ્રહ્મજ્ઞાનીનો માર્ગ ખોટો છે ને તે નર્કમાં પડે છે. મહારાજ ને મુક્ત અહીં દર્શન આપીને પોતાનો આશરો કરાવે છે ને મહિમા સમજાવે છે ત્યારે જીવનું કલ્યાણ થાય છે, પણ પ્રકાશ આવીને કોઈને ઉપદેશ કરતો નથી. માટે તેજથી કલ્યાણ ન થાય. મહારાજ ને મુક્ત સદા દિવ્ય ને સાકાર છે તે કલ્યાણ કરે છે.''

''જેમ ક્ષય રોગ વાસના ટાળે છે તેમ જેને માણસાઈએ સાધુને એટલે મુક્તને રાખતાં આવડે એટલે મુક્તની સાથે આત્મબુદ્ધિ કરે તો સાધુ એટલે મુક્ત રાજીપેથી તેની સાથે રહે અને તેની વાસના ટાળીને મોક્ષ કરે; માટે સાધુને એટલે મુક્તને રાખવા. આ પરભાવનો અર્થ છે. અમે છપનામાં (૧૯૫૬) છપૈયે ગયા હતા ત્યારે ભગવાનપ્રસાદજીએ એક ચાકર રાખ્યો તેને હવેલીમાં સુવાર્યો તે બીન્યો ને કહ્યું જે, 'મોકું મેરે ઘર પુગાઓ, ઓ પડે તો દટાઈ મરું'. પછી તેને બહાર ચોકમાં સુવાર્યો ત્યારે ઊંઘ આવી. માટે જ્યારે સાધુ ભેળું એટલે મુક્ત ભેળું રહેવાય ત્યારે વાસના બળે ને મૂર્તિના સુખે સુખિયા થવાય.''

''જે જીવના હાથમાં રામપાત્ર હોય તેને બીજાના વૈભવ જોઈને એના જેવું થવાનો સંકલ્પ થાય, પણ મોટા ભક્તને જોઈને તેમના જેવું થવાનો સંકલ્પ ન થાય અને 'તેમના જેવું આપણે થાવું પરવડે નહિ' એમ કહે. ત્યાગી થયા હોય તે પણ બીજાનાં પદાર્થ જોઈને પોતે ભેળાં કરવાની ઈચ્છા કરે, પણ કોઈક ધ્યાન-ભજન ઝાઝું કરતા હોય તેનો

વાદ ન લે. એવા જીવના અવળા સ્વભાવ છે; તે ઊતરી જાય, પણ ચઢતો રંગ ન રાખે.'' ।।૧૫૫।।

## વાર્તા ૧૫૬

સંવત ૧૯૭૨ના ફાગણ સુદ બીજને રોજ સવારે સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''મુક્તના સમૂહમાં રહે ને મુક્તને વિષે જોડાય તેને આ લોકમાં કાળ, કર્મ, માયા, સ્વભાવ, કામાદિક શત્રુરૂપી સિંહ-સર્પાદિકની બીક ન રહે. માયામાં રહીને પણ મુક્તમાં જોડાય તો ઉપર કહ્યા જે શત્રુ તેની બીક ન રહે. જેમ ગૃહસ્થ પોતાનાં છોકરાં સારુ રળે છે ને પછી પોતાનાં છોકરાંને આપે છે તેમ શ્રીજીમહારાજે દેહભાવ દેખાડીને તપ કર્યું, સેવા કરી, વન-જંગલમાં ફર્યા, એવી રીતે વર્તીને આપણને શીખવ્યું છે.''

''જે આંધળો હોય તે શ્રીજીમહારાજને ને મુક્તને જતા રહ્યા એમ જાણે. શ્રીજી ને મુક્ત તો આ સભામાં બેઠા છે એવો વિશ્વાસ રાખીને આ સભામાં બેસે તેનું પૂરું થાય. બાળકિયા સ્વભાવથી સુખ ન આવે. જાણપણારૂપ દરવાજે રહીને અંતર્વૃત્તિ કરે તો સુખ આવે, પણ એ આકારે વૃત્તિ થાતી નથી ને સાધનને આકારે વૃત્તિ રહે છે. માટે સાધન કરતાં કરતાં મહારાજમાં ને મુક્તમાં વૃત્તિ રાખવી.''

''સાધુને તેમ જ ગૃહસ્થને માળા, માનસી પૂજા, કથા, વાર્તા, ધ્યાન, ભજન તે ન થાય તો ખોટ કહેવાય. માળામાં, માનસી પૂજામાં, ધ્યાનમાં બરાબર શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર થાય છે કે કાંઈ ફેર રહે છે તેનો તપાસ કરે તો પતિવ્રતા કહેવાય. શ્રીજીમહારાજના કહેવાયા તો હોઈએ, પણ માળા, માનસી પૂજાનું નિયમ ન હોય તો જેમ રાજાનો ચાકર સલામ ભરવા ન જાય તો દંડ પડે તેમ થાય; માટે મૂર્તિનું મંથન કરવું, પણ માયારૂપી સમુદ્રનું મંથન કરવું નહિ.''

''સુખ તો મૂર્તિમાં જ છે, પણ બીજે નથી. બીજે ખોટી થાવું તેમાં નુકસાની છે. કથા કરે, વાર્તા કરે, જોગ કરે ને બીજાને

અક્ષરધામમાં મોકલે ને પોતાનું અધૂરું રહે. આ સત્સંગમાં લક્ષાવધિ માણસોને કથા-વાર્તા કરીને અક્ષરધામમાં પહોંચાડે ને પોતે રહી જાય તે તો કેવું છે કે બીજાને ખૂબ પીરસે, પણ પોતે જમે નહિ ને ભૂખ્યો રહી જાય. નારાયણપુરના ધનજીભાઈએ બીજાને રેલમાં બેસાર્યા ને પોતે રહી ગયા. એમ આ સત્સંગમાં મોટા કહેવાતા હોય ને વાતો કરતા હોય, પણ પાછી વૃત્તિ ન રાખે તો ખોટ રહી જાય. પાકશાળા હાથ હોય, પણ પોતે જમ્યા વિના રહી જાય એવું થાય.''

''આ પુરુષોત્તમ ભગવાન ને મુક્ત તો જુદા પડતા જ નથી; માટે એમને વળગી રહેવું અને ધર્માદો લેવા જવો, પણ શ્રીજીમાં વૃત્તિ રાખવી. હજારો માણસની સભા જેની આગળ બેસતી હોય, પણ જો તેને વિચાર ન હોય તો પોતે રહી જાય. અંતર્વૃત્તિ ન હોય તો રહી જવાય; માટે જમવું ને જમાડવું. અનાદિ મહામુક્તરાજ શ્રી ગોપાળાનંદ સ્વામીને શ્રીજીમહારાજને વિષે પ્રીતિ હતી તો મહારાજને આફૂડા સંભારવા પડ્યા. તેમ મહારાજને વિષે એમના જેવી આપણે પ્રીતિ કરીએ તો શ્રીજીમહારાજ આપણને પણ તેમની પેઠે જ સંભારે. અમે આજ તમને સુખ આપવાને અર્થે સખાભાવે વર્તીએ છીએ તેથી તમને બોલવા, ચાલવા, પૂછવાનું સુખ આવે છે.''

''માયિક પદાર્થ ત્યાગી-ગૃહી સર્વેને આડું આવે એવું છે, પણ જો શ્રીજીમહારાજને આત્માને વિષે પધરાવી દે તો કાંઈ આડું આવે નહિ. પ્રસાદીનું પદાર્થ પણ પ્રીતિ હોય તો આડું આવે; માટે એનો પણ ખપ ન પડે તેમ કરવું. ચરણારવિંદ જો દશ-વીસ હોય તો નગરશેઠિયો થઈ પડે, પણ ચરણારવિંદ કાંઈ કામ ન આવે. પ્રસાદીએ કરીને તો શ્રીજીમહારાજની સ્મૃતિ રહે એટલું જ કામ કરે. એ તો સ્થાવર તીર્થ જેવું છે. એનાં દર્શન તો લાખો ફેરા કરીએ, પણ સમજવાનું એ છે જે મૂર્તિ વિના એ કાંઈ કામ આવે નહિ.''

''જો ગૃહસ્થને રૂપિયા હોય ને તે વડે સત્સંગની સેવા કરે તો

સારું થાય ને વ્યવહારમાં વાપરે તો બંધનકારી છે. કેરામાં એક કણબી પચીસ હજાર કોરી રળી લાવ્યો, એને સ્વામી અક્ષરજીવનદાસજીએ કહ્યું જે, 'કાંઈક પૈસા સંબંધી મદદ કરો તો મંદિર કરીએ.' તેણે કહ્યું જે, 'બાપાશ્રી કહે તો એ જે કહે તે આપું.' પછી સ્વામીએ આવીને અમને કહ્યું એટલે અમે તથા સ્વામી ત્યાં ગયા ને કહ્યું જે, 'આ ભગવાનના મંદિરમાં મદદ કરો.' તેણે કહ્યું જે, 'આ રળીને લાવ્યો છું એમાંથી તો એક જંઈ પણ તોડવો નથી, પણ હવે પરદેશમાં રળવા જાઉં તેમાંથી કાંઈ આવશે તો મદદ કરીશ'; એવી યુક્તિથી ના પાડી ને પછી પરદેશ કમાવા ગયો. ત્યાં સામસામાં બે વહાણ ભટકાણાં તેની વચ્ચે આવ્યો ને મરી ગયો. એમ મોટાનું વચન મનાણું નહિ અને વાંસેથી બધું ધૂળધાણી થઈ ગયું. માટે જોગ મળતાં તરત સત્સંગમાં સેવા કરી લેવી.''

''આત્માને વિષે મૂર્તિ ને સભા બેસારવી; તો સુખિયા થવાય. પ્રેમજીભાઈને કારખાનામાં ખોટ ગઈ તે રોવા મંડ્યા ત્યારે અમે કહ્યું જે, 'ખોટ ગઈ, પણ કાંઈ ભગવાન ગયા નથી માટે ભગવાનને સંભારો; એ તો જે દુઃખદાયક હતું તે ગયું છે.' આમ સમજી ગૃહસ્થે માયિક પદાર્થમાં અને ત્યાગીએ પ્રસાદીના પદાર્થમાં હેત ન રાખવું.'' ॥૧૫૬॥

## વાર્તા ૧૫૭

સંવત ૧૯૭૨ના ફાગણ સુદ-૩ને રોજ સભામાં મધ્ય પ્રકરણનું ૬૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં નિયમ, નિશ્ચય ને પક્ષની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ભગવાનના ભક્તનો પક્ષ ઘવાઈ પડીએ એટલો અથવા જરૂર પડે તો છેવટે મરણ થાય ત્યાં સુધી પણ રાખવો. ગુંદાળી ગામના કાઠીએ મરણ સુધી પક્ષ રાખ્યો તો મોક્ષ થયો. પક્ષ, નિયમ ને નિશ્ચય એ ત્રણે સરખા છે. માટે ભગવાનના ભક્તને દુઃખ પડે તો રક્ષા કરવી અને ભગવાનના ભક્તને પાપી દુઃખ દે તો

એના ઉપર દાઝ કરવી ને સત્સંગીને પોતાના ગોત્રી જાણીને પક્ષ રાખવો. પક્ષ રાખતાં થકા મરણ થાય એવો પક્ષ રાખે તો નિયમ ને નિશ્ચયથી પણ પક્ષ વધી જાય એવો છે. આપણે એક બાપના દીકરા છીએ, માટે બધા સત્સંગનો પક્ષ રાખવો. તેમાંયે જે શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાયેલા હોય તેમનો પક્ષ શિર સાટે રાખે તો આત્યંતિક મોક્ષ થાય.''

''શબને શણગારવું નહિ; એટલે વર્તમાનમાં ફેર હોય તો મા, બાપ, દીકરા, દીકરી તે કોઈનો પક્ષ રાખવો નહિ. એક હરિભક્તે દીકરાનો પક્ષ રાખ્યો તો કેદ ભોગવવી પડી. માટે વર્તમાન ન હોય તેને ભેળો રાખવો નહિ ને એનો સંગ પણ ન રાખવો. ભક્તનો પક્ષ રાખવાથી બહુ જ કામ થાય છે. માટે વાણિયાની પેઠે જાગું છું, જાગું છું એમ ન કરવું. મોટેરાઓએ તો ધર્મ પાળવો ને પળાવવો ને ધર્મવાળાનો પક્ષ રાખવો. પક્ષ રાખવામાં શ્રીજી બહુ રાજી છે.''

''ભગવાનના ભક્ત સાથે કોઈ પ્રકારની આંટી ન રાખવી. વંટોળિયાને છોકરાં ધૂળ ઉડાડે ને ખાસડે મારે ત્યારે આંટી મેલી દે છે, તેમ આપણે આંટી ન મેલીએ તો શ્રીજીમહારાજ ખાસડે મારે; માટે કોઈ પ્રકારની આંટી રાખવી નહિ. શ્રીજી કે એમના ભક્ત મુકાવે તો તરત આંટી મૂકી દેવી, પણ દક્ષને બકરાનું મોઢું થયું ત્યારે આંટી મૂકી એમ ન કરવું.''

''જો નિર્ગુણ થઈને શ્રીજીમહારાજને પધરાવી દે તો દોષ રવાના થઈ જાય. એ બધા માયાના ગુણ છે. તે માયાથી નોખા થાવું; તો ભક્ત ખરા. જ્યાં સુધી પ્રકૃતિની છાયામાં રહેશે ત્યાં સુધી રાગ ટળવાના નથી. મૂર્તિ પધરાવી દે તો માયા નાશ પામે. જેમ વૃક્ષની છાયામાં તાપ ટળી જાય છે તેમ મૂર્તિને જોગે માયા નાશ પામી જાય છે ને શીતળ ને શાંત એવું મૂર્તિનું સુખ મળે છે. શ્રીજીમહારાજને અને મોટા મુક્તને સાથે રાખે તો જેમ બાપ પોતાના દીકરાને પોતાનો ખજીનો આપે છે, તેમ

શ્રીજી ને મુક્ત તે પોતાના સુખરૂપી ખજીનો ભક્તને આપે છે.''

વાર્તાની સમાપ્તિ કરી.

પછી વચનામૃત વાંચવા માંડ્યું, તે મધ્ય પ્રકરણનું ૬૨મું વચનામૃત આવ્યું. તેમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે તથા શ્રી રઘુવીરજી મહારાજે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યા એ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે ને શ્રી રઘુવીરજી મહારાજે પ્રશ્ન પૂછ્યા તે એવું મોટા સદ્‌ગુરુઓએ એમને શીખવાડ્યું હતું. આજના આચાર્યોને સંતો કેવો ઉપદેશ આપે છે તે કહો.''

ત્યારે સંતોએ કહ્યું જે, ''આજના એવી રુચિવાળા નથી, માટે શી રીતે શીખવાડાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજે આદિ આચાર્ય જે બે ગાદીએ બેસાર્યા હતા તે તો પોતાના ધામમાંથી પોતાની સાથે લાવેલા હતા, તેમણે શ્રીજીમહારાજની પેઠે જ સર્વે સત્સંગને સુખિયો કર્યો. હવે તો એવાં સુખ આવે તેમ નથી.'' ॥૧૫૭॥

## વાર્તા ૧૫૮

સંવત ૧૯૭૨ના ફાગણ સુદ-૫ને રોજ સવારે સભામાં સાધુ દેવજીવનદાસજીએ પૂછ્યું જે, ''થોડી બુદ્ધિવાળાને કોઈના દોષ નહિ સૂઝતા હોય તેનું શું કારણ હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''થોડી બુદ્ધિવાળાને મૂઢપણું છે ને મોટાને વિષે વિશ્વાસ ને હેત હોય તેથી કોઈના દોષ સૂઝે નહિ અને એને સંતનું વચન અકેકું લાખો હીરાનું થઈ પડે ને દોષ તો દેખવામાં આવે જ નહિ. આ રામપરના ધનબાઈના ભાઈ દેવશી ભક્ત ભોળા હતા તે બીજા હરિભક્તોને શ્રીજીમહારાજની વાતો કરતા, તે જોઈને કુસંગીઓ મશ્કરીમાં હસે; ત્યારે તે ભક્ત બોલે જે, 'જુઓ! આ ભક્ત

વાતોમાં કેવું સમજે છે ને એને કેવો મહિમા છે! તે વાતો સાંભળીને રાજી થાય છે.' એવા વિશ્વાસુ હતા તે એમને કુસંગીના દોષ દેખવામાં આવ્યા નહિ."

"વ્યાવહારિક બુદ્ધિ કાંઈ કામમાં આવતી નથી. દીવાનજીને હાથમાં વચનામૃત આપીએ તો તે શું સમજે? વ્યાવહારિક બુદ્ધિમાં રાગદ્વેષ ગરે ને પ્રશ્ન-ઉત્તરમાં પણ વિક્ષેપ થઈ જાય ને ભગવાન ભુલાય; માટે વ્યાવહારિક બુદ્ધિ મોક્ષના ઉપયોગમાં આવતી નથી. બાળક અવળું ચાલે ત્યારે એને ધીરે રહીને સમજાવવું. વાતમાં રાગદ્વેષ થાય તો વાત, કથા, દર્શન તે ગમે નહિ; માટે વાત કરનારે સમુદ્ર જેવા થઈ રહેવું. ગુણ નહિ આવવા દેવાનો ખટકો રાખવો અને વાંચનાર વાંચતાં કોઈ અક્ષર ભૂલી જાય તો તેને બતાવવું ને શાંતિ રાખીને સમજાવવું. સમજનારે પણ શાંતિ રાખીને સમજવું, પણ ધમાધમ કરવી નહિ ને રાગદ્વેષ ન રાખવો."

"શ્રીજીમહારાજનાં વચનની સાહેદી લેવી, પણ જાડી બુદ્ધિએ કરીને જેમ તેમ ન બોલવું. વચનામૃતમાં ન હોય ને તેથી બીજું કહેતા હોય તો તે ન માનવું ને વચનામૃતમાં હોય તેને તો સત્ય માનવું, પણ તેમાં બીજા કોઈ ગ્રંથની સાખ ન ગોતવી. વચનામૃતમાં જે વાત હોય તે સમજાય નહિ તો તે જાડી બુદ્ધિ કહેવાય, માટે વચનામૃત પ્રમાણે કહેતા હોય તેની વાત ખોટી ન માનવી. મોટાની વાતોની સાખ પણ વચનામૃતને મળતી આવતી હોય તેટલી જ લેવી અને વચનામૃતને મળતી ન આવે તો ન લેવી. વચનામૃતને મુખ્ય માનવાં ને વચનામૃતમાંથી જે શબ્દ બતાવે તે માનવા, પણ વચનામૃતમાં કોઈની સાખ ન લેવી."

"સંતને વિષે બરોબરિયાપણું ન કરવું, પણ મહિમા સમજવો. બંદરાના નારણજીએ સ્વામી અક્ષરજીવનદાસજીને જારના છોડમાત્રને હાથ દેવરાવ્યા તે એમ જાણીને કે એ ખડને ને દાણાને જે જમશે તે

ઢોરનો ને માણસનો મોક્ષ થશે. એવો મહિમા આપણે સમજવો. આ સંત તો શ્રીજીમહારાજની સભા છે ને એમને શ્રીજીમહારાજ બોલાવે છે. તેમનાં વચનને માન તથા બુદ્ધિનો ડોડ મૂકીને તથા વૈરાગ્યનો ડોડ મૂકીને માનવાં.''

''નારણજીના દીકરા રવાજીને ઘેર અમે ગયા ત્યારે એની સ્ત્રીને કહે જે, 'અનાદિમુક્ત આવ્યા છે માટે ઘરમાંથી નીકળીને એમનાં દર્શન કરો; નહિ તો યમ લઈ જશે, કોઈ ધણી નહિ થાય.' ત્યારે અમે કહ્યું જે, 'તમે છેટે જાઓ તો આવે.' ત્યારે તે કહે જે, 'એને કલ્યાણની ગરજ હોય તો ઓઝલ છોડીને દર્શન કરે, હું તો દર્શન મૂકીને છેટે નહિ જાઉં.' એવો એમનો પ્રેમ. અને બબ્બે દાણા પુંખના સંતોને જમાડીને રાજી થયા જે, 'મારી રસોઈ મુક્ત જમ્યા' એવો એમનો વિશ્વાસ. માટે વિશ્વાસ રાખીને મોટાની વાત સાંભળવી. મોટાને વિષે હેત ન હોય તો મોટાના શબ્દ ડુંગર જેવડા થઈ પડે ને એકેય શબ્દ મનાય નહિ. મોટાને વિષે હેત અને વિશ્વાસ રાખીએ તો વાત મનાય ને સમજાય ને તેથી બહુ કામ થાય. વચનામૃત નિત્ય નિત્ય વાંચીએ છીએ તોપણ નવું નવું સમજાતું જાય છે.''

''આ સભામાં શ્રીજીમહારાજ પ્રત્યક્ષ છે અને શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી બ્રહ્માનંદ સ્વામી, શ્રી મુક્તાનંદ સ્વામી જેવા પૂછનારા છે ને મહારાજ ઉત્તર કરે છે ને પોતાના મુક્ત પાસે કરાવે છે. આ સભામાં એ સર્વે બેઠા છે ને ચંદન, પૂજા, આરતી ઉતારે છે ને હાર પહેરાવે છે; એવી આ સભા છે. એવી જાણે તો વાતમાં તર્ક ન થાય અને એવું દેખાતું ન હોય તો જાણવું જે મને માયારૂપી પડળ વળગ્યાં છે. જો આડા-અવળા બુદ્ધિને ડહાપણે હાલીએ તો મહારાજ ને મોટા હસે છે, માટે સભામાં આડા-અવળા ન થાવું.''

''કોણ પાર પામ્યો છે તે મહિમાની બંધી કરવી? કોઈ પાર પામે એમ નથી. શ્રીજીના ને મુક્તના મહિમાનો પાર પામવો તે રમત વાત

નથી. સાત સમુદ્રની શાહી કરે, પૃથ્વીનો કાગળ કરે ને વૃક્ષમાત્રની કલમો કરે ને કલ્પની આયુષ્ય કરે ને લખે, તોપણ પાર આવે તેમ નથી. મોટા મોટા ઈશ્વરકોટિ ને બ્રહ્મકોટી ને તેથી પર મૂળઅક્ષરકોટિ તે જેને જાણી શકતા નથી, અને સદા સમીપે રહેનારા એવા પરમ એકાંતિક સિદ્ધ મુક્ત તે પણ પૂરો મહિમા જાણી શકતા નથી, તેમ જ મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છે તે પણ જેના મહિમાનો પાર પામી શકતા નથી; તો આપણી શી બુદ્ધિ જે પાર પામીએ? શ્રીજીમહારાજે પોતે પણ કહ્યું છે જે, 'અમારા મહિમાનો અમે પાર પામતા નથી, તો બીજો કોણ પાર પામે?' માટે કોઈ કહેશે જે, 'શ્રીજીમહારાજ તો આવા જ છે', તે તો એણે એના ઘરનું ઘાલ્યું. તે ઘરનું ઘાલવાથી પૂરું ન થાય.''

''આ સંપ્રદાય શ્રીજીમહારાજે તથા મોટા મોટા સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી, શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી બ્રહ્માનંદ સ્વામી, શ્રી નિત્યાનંદ સ્વામી એવા મોટાએ પૃથ્વી ઉપર આવીને અનંત જીવોના કલ્યાણને અર્થે ચલાવ્યો છે. આજ મોટા અધિકારીઓએ તે કાયમ રાખવો અને સાધુ, સત્સંગીને તથા ગરીબ-ગરબાને સુખી કરવા. કોઈને વિક્ષેપ ન થાય ને ત્યાગી તથા ગૃહસ્થો ભગવાન ભજે એવું કરી દેવું; તો શ્રીજીમહારાજ બહુ રાજી થાય. માટે મોટેરાઓએ ધર્મમાં વર્તીને ને વર્તાવીને આ સંપ્રદાયની રીતિ ચલાવવી. શ્રીજીમહારાજનાં વચનમાં વર્તો ને વર્તાવો તો શ્રીજીમહારાજ અતિશે રાજી થાય. આ સત્સંગમાં ગરીબ સાધુ ને ગરીબ સત્સંગી ઉપર રહેમની નજર રાખવી ને સુખિયા રાખવા; તો મહારાજ ને મોટા તથા સર્વે સત્સંગ આશીર્વાદ આપે. દેહ મૂકીને અક્ષરધામમાં ગયા કેડે પણ બધા સત્સંગનો આશીર્વાદ મળે જે, 'નિયમમાં રહેતા ને રખાવતા તેથી અહીં સર્વેને સુખિયા કર્યા ને પોતે સુખિયા રહ્યા'; એમ આશીર્વાદ મળે. આશીર્વાદે દિવ્યભાવ આવે છે.''

''મોટાની સારપે સૌને સારપ છે. મોટા મોટા સંત બ્રહ્માનંદ સ્વામી આદિ સભામાં બેસતા ને આજ પણ એવા ને એવા જ છે. અક્ષરધામની સભાના છે ને મૂર્તિની સભાના કહેનારા આવ્યા છે. એમનું

ન માનીએ તો આપણે કઈ જગ્યામાં રહેવું? મોક્ષનો દરવાજો બંધ કરવો નહિ. આથી પછી બીજા કિયા કહેનારા આવશે? આજ અભયદાન આપે છે તે માયામાંથી મુક્ત કરીને તથા સર્વે આવરણ ટાળીને મહારાજની મૂર્તિમાં બેસારી દે છે; માટે દાસપણું રાખવું. આ સભા મળે તેમ નથી; માટે એનાં વચન સત્ય માનવાં ને પૂરું કરી લેવું.''

''અક્ષરજીવનદાસજી સ્વામી સુખી રહેતા અને રાખતા. લીલાપુરના સ્ટેશને શેદલાવાળા પુરાણી પ્રાણજીવન આવીને 'કાનજીભાઈ માંદા છે' એમ કહીને અમને શેદલે લઈ ગયા, ત્યારે વલુ પટેલે કહ્યું જે, 'અમે રસોઈ તૈયાર કરાવી છે તે તમે સંકલ્પે કરીને જમી ગયા ને દાસને પ્રસાદી રહી' એમ બોલ્યા ને રજા આપી. તેના ઉપર અમે રાજી થયા. વળતાં કચ્છમાં આવતાં અમારે જાવું હતું, પણ જાદવજીભાઈ માંદા હતા તેથી અમે કચ્છમાં આવ્યા ને સ્વામી લીલાપુર ગયા. દાસ ઉપર એવા રાજી થયા, માટે દાસપણામાં સુખ છે. 'દાસ તમારા દાસનો મને રાખો નાથ હજૂર' એમ પ્રેમાનંદ સ્વામીએ પણ માગ્યું છે. માટે દાસપણું રાખવું અને સત્સંગની ખબર રાખવી, તો મહારાજ રાજી થઈને અક્ષરધામમાં લઈ જાશે. પોતાની સામર્થી પ્રમાણે આ સંપ્રદાય સુધારવો તેમાં શ્રીજીમહારાજનો રાજીપો બહુ છે. માટે સાધુ થાવું ને રજ-તમ ન લાવવો ને જાણપણું રાખવું.'' ।।૧૫૮।।

## વાર્તા ૧૫૯

સંવત ૧૯૭૨ના ફાગણ સુદ-૫ને રોજ સાંજે સભામાં અબડાશાના જીવા પટેલ આદિ હરિભક્તો આવ્યા હતા.

તે વખતે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''છાણીના જાતિએ હરિજને મોઢ બ્રાહ્મણ આગળ બે-ચાર શ્લોક બોલ્યા ને તેનો ઉત્તર કરવાનું કહ્યું તે મોઢ બ્રાહ્મણથી થયો નહિ તેથી તેણે હરિજનનાં વખાણ કર્યાં. તે હરિજન નાત-જાતને ત્યાગીને ભગવાન ભજે છે. તેમ જ અબડાશાના હરિભક્તો પણ મોક્ષનો દરવાજો આ ઠેકાણે જાણીને

એંશી ગામની દશ-પંદર હજાર ઘરની નાત ત્યાગીને શ્રીજીમહારાજને શરણે થયા છે. એમના ઉપર શ્રીજીમહારાજનો બહુ જ રાજીપો છે. જેણે નાત-જાત, મા-બાપ, દીકરા, ભાઈ, સંબંધી સર્વેનો ત્યાગ કર્યો તેણે લોયાના ૩જા વચનામૃતમાં કહ્યા પ્રમાણે 'માહાત્મ્ય જાણે તેનાથી અમારે અર્થે શું ન થાય?' તેવું એમણે કર્યું છે. દસ-વીસ પેઢીની ભૂલ ઓળખીને શ્રીજીને શરણે થયા એમને ધન્ય છે. આવા મુમુક્ષુને શ્રીજીમહારાજ અને અમે અક્ષરધામમાં લઈ જઈશું."

"એ શ્રીજીનો ને મોટાનો પ્રતાપ છે. તે શ્રી પુરુષોત્તમ ભગવાન પ્રગટ્યા ને મોક્ષનો બરાબર દરવાજો આપ્યો ત્યારે સર્વેમાંથી તૂટીને આ જોગમાં આવ્યા; બીજા અવતારોના જોગમાં ન આવ્યા. ને આ મોટા અવસરમાં આવીને શ્રીજીમહારાજના ને સંતના થયા. તેમને તથા છાણીના હરિજનને તથા સુંદરિયાણાવાળા વનાશા તથા પુંજાશાને ધન્ય છે. તેમણે કારસો વેઠીને સત્સંગ રાખ્યો છે માટે તેમનાથી સાધનભક્તિ ઓછી થાય તોપણ શ્રીજીમહારાજ એમના ઉપર બહુ જ રાજી છે. જેવો અભયપુત્રને ધન્ય, તેવો જ એમને ધન્ય છે."

"ધન્ય છે જીવા પટેલને જે એમણે પોતાના દીકરાને કાઢી મૂક્યો ને સત્સંગ રાખ્યો. આપણો તો સત્સંગમાં જ જન્મ છે માટે આપણા કરતાં એમને ઘણો જ ધન્ય છે. વળી પોતાની સ્ત્રીને પણ કાઢી મૂકીને કહ્યું કે, 'જો સત્સંગી થાઓ તો રહો, ને સત્સંગ ન રાખો તો સત્સંગ મૂકીને જાઓ.' જો આવાનો લક્ષ લઈએ તો આપણે બહુ જ કામ આવે. કેટલાક સત્સંગી તો સાધુ જો લગારેક મરડે તો સત્સંગ મૂકીને બહાર જાય એવા હોય ને ઉપરથી તો અટાટોપ રાખે. તે અટાટોપ શું? તો ઉપરઉપરથી સ્વામિનારાયણનો વેષ રાખે. ત્યારે જાણવું જે એને શ્રીજીમહારાજનો નિશ્ચય નથી. જે ઉપાસક હોય તે તો સત્સંગની પ્રથાથી ઊલટી રીતે વર્તે નહિ. અબડાશાવાળાને શ્રીજીમહારાજનો નિશ્ચય પરિપક્વ છે."

વાર્તાની સમાપ્તિ કરી.

પછી ભક્તચિંતામણિ વંચાતી હતી. તેમાં ૭૨મા પ્રકરણમાં કુશળકુંવરભાઈની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એ કુશળકુંવરબાઈએ શ્રીજીમહારાજને રાજ્ય સોંપવાનું કર્યું, પણ મહારાજ રહ્યા નહિ ને તે બાઈ મહારાજની મૂર્તિ ધારીને બેસી રહ્યાં અને પંદર દિવસે દેહ પડી ગયો ત્યારે મહારાજ ધામમાં લઈ ગયા. તમે ને તમારા સ્વામી એવા છો, એટલે શ્રીજીમહારાજ ને સંત એવા છે જે જીવને મૂકે નહિ; લઈ જ જાય. આ સંતનો એવો મહિમા સમજવો."

"અને શુદ્ધ સત્ત્વગુણમાં રહેવું ને સર્વે ક્રિયા શુદ્ધ સત્ત્વમાં રહીને કરવી. તે શુદ્ધ સત્ત્વ તે શું? તો આત્માને વિષે મૂર્તિ પધરાવવી ને સદા સાથે રાખીને કથા, વાર્તા, આદિ ક્રિયા કરવી, પરંતુ મૂર્તિને ભૂલીને કોઈ ક્રિયા કરવી નહિ તે શુદ્ધ સત્ત્વ કહેવાય. તેમાં રજ, તમ તથા માયાનો સત્ત્વગુણ તે ન ભળે, પણ જો શ્રીજીમહારાજને સાથે ન રાખે તો વાતચીત અથવા જે જે ક્રિયા કરે તેમાં રજ, તમ તથા મલિન સત્ત્વગુણ એટલે માયાનો સત્ત્વગુણ તે ભળી જાય."

"અમારે અહીં લોકનાથાનંદ સ્વામી તથા બદરિનાથાનંદ સ્વામી આવ્યા હતા. તેમના ભેળા લક્ષ્મણદાસજી નામે સાધુ હતા. તેમણે એક મહિનો વૃષપુરમાં રામાયણ વાંચી. તેમને અમે છેલ્લે દિવસે કહ્યું જે, 'સ્વામી, તમે દોરડું હાથમાં રાખીને સમુદ્રમાં હિલોળા દીધા કે દોરડું મૂકી દઈને દીધા?' ત્યારે તે બોલ્યા જે, 'એ શું કહ્યું? કાંઈ સમજાયું નહિ.' ત્યારે અમે કહ્યું જે, 'શ્રીજીમહારાજની મૂર્તિ સાથે રાખીને કથા કરી હતી કે મૂર્તિ ભૂલીને કરી? અમે તમારી કથા એક મહિનો સાંભળી, પણ ક્યાંય મહારાજનું નામ તો આવ્યું નહિ.' માટે એવા લૂખા રહેવું નહિ."

"આજ કોઈ એમ કહે જે, 'અક્ષરધામમાંથી મુક્ત ઊતરી આવ્યા

છે ને ભુજમાં છે', તો આ સભામાં સાધુ કે સત્સંગી કોઈ ઊભો રહે નહિ; બધાય ત્યાં જાય. આ સભામાં શ્રીજીમહારાજ, ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી બધાય બેઠા છે, પણ તેમને વિષે મનુષ્યભાવ છે તેથી અહીં ન રહેવાય ને ભુજ જવાય. આ લોકને વિષે રાજા છે તે મનુષ્ય છે તોપણ તેને વિષે મનુષ્યભાવ નથી લાવતા ને જેમ કહે તેમ કરવું પડે છે, તો આ તો દિવ્ય મૂર્તિઓ છે. માટે તે અત્યારે ખરા બપોર કહે તોપણ જીવમાંથી હા પાડવી જોઈએ; કેમ કે એમને તો રાત્રિ-દિવસ છે જ નહિ. આપણે જેમ દિવસે સૂઈ ઊઠીને નહાતા નથી ને દાતણ, પૂજા કરતા નથી અને રાત્રિએ સૂઈએ તો સવારે ઊઠીને દાતણ, નાહવું, પૂજા, બધું કરવું પડે છે; તેમ મોટાને રાત્રિ-દિવસ નથી. માટે તે જે કહે તે સત્ય માનવું તો મનુષ્યભાવ ટળે ને દિવ્યભાવ આવે ને કલ્યાણ થાય.''

''તમે એવા છો, પણ તમને તમારી સામર્થીની ખબર પડતી નથી. જેમ પ્રલંબાસુર બળદેવજીને લઈ ચાલ્યો ત્યારે પોતાના બળની ખબર પડી નહિ, પણ જ્યારે આકાશવાણીએ કહ્યું ત્યારે ખબર પડી. તેમ તમારામાં અપાર સામર્થી છે, પણ તમને ખબર નથી. તમે એક જીવને અક્ષરધામમાં મૂકો તો બ્રહ્માંડ ઉગાર્યાનું ફળ થાય; તે કેવી રીતે? તો ઉદ્ભિજ્જ, જરાયુજ, સ્વેદજ અને અંડજ એ ચાર ખાણમાં એ જીવને ફરવું પડે છે તે ફરવાનું મટી જાય તેથી બ્રહ્માંડના જીવને ઉગાર્યા જેટલું ફળ એક જીવને ઉગારવાથી થાય છે. આ સભાને એવી જાણે તેને બહુ સુખ આવે, પણ તે વિના સુખ ન આવે. આ સભાનો મહિમા સમજીને વાતચીત કરવી ને સાંભળવી તો સમાસ ઘણો થાય.'' ॥૧૫૯॥

## વાર્તા ૧૬૦

સંવત ૧૯૭૨ના ફાગણ સુદ-૬ને રોજ સવારે સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''વ્યાવહારિક કામમાં સાધુ અમંગળિક છે, માટે જેટલો વ્યાવહારિક કામમાં ભાગ રાખે તેટલું દુઃખ

આવે. પછી મહારાજને માથે નાખે જે શ્રીજીમહારાજની મરજી હશે તેથી તેમ થયું હશે, પણ એમાં શ્રીજીમહારાજ શું કરે? એ તો સ્વભાવ-પ્રકૃતિએ થાય છે, અને કેટલુંક તો ક્રિયમાણથી થાય છે; માટે મહારાજને માથે નાખવું નહિ. ભૂંડા દેશ-કાળ થાય છે તે પણ પુરુષને લઈને થાય છે. સત્સંગનો વ્યવહાર કરનારામાં જો શ્રીજીમહારાજ ન હોય તો એ શું સારું કરે? ક્રિયમાણના કર્તા તો પુરુષ છે; તે પુરુષ જો સારા હોય તો સારું ચલવે ને નબળા હોય તો બગાડે. અમે તો એવા હોય તેને જાણી લઈએ જે આથી સમાસ થાશે કે નહિ થાય.''

એમ વાત કરીને બોલ્યા જે, ''સાધુનો તો અહિંસા ને બ્રહ્મચર્ય એ જ ધર્મ છે; માટે કોઈ જીવ દુઃખાય એવું વચન પણ બોલવું નહિ. તમારા સંકલ્પથી જેમ જીવનાં કલ્યાણ થાય છે, તેમ જ ભૂંડું થવાનો સંકલ્પ કરો તો ભૂંડું પણ થાય; માટે ક્ષમા રાખવી. કોઈનું ભૂંડું થાય એવો સંકલ્પ કરવો નહિ.''

એમ વાત કરીને બોલ્યા જે, ''તમે શાસ્ત્ર ભણેલા છો તે એકધારી વાત કરો, અને અમે તો ટોકર ટોકર માગીને ભેળું કરીએ છીએ, પણ એમાં ભગવાનને સાથે રાખીને વાત કરીએ છીએ. પરોક્ષના શાસ્ત્રમાં તો પૂર્વે કોઈએ દોઢ, કોઈએ બે, કોઈએ અઢી એવા ઉગાર્યા છે; તે પણ મૂળમાયામાંથી ઉગાર્યા નથી. આજ તો આ વચનામૃતને ભણે ને સમજે તો અનંત જીવનો ઉદ્ધાર કરવાની તેમાં સામર્થી આવે. જ્યારે આ વચનામૃત ભણવા અને કથા કરવા પાટે બેસવું ત્યારે એમ જાણવું જે, 'હું પાટે બેઠો નથી, પણ શ્રીજીમહારાજ બેઠા છે ને તે બોલે છે ને મહારાજ ને અનાદિમુક્ત તે પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરે છે ને હું સાંભળું છું' એમ જાણવું. કોઈના સામું જોવું નહિ, ફક્ત શ્રીજીમહારાજ તથા તેમના મુક્તની સભા સામું જોઈ રહેવું, પણ પોતે કર્તા ન થાવું જે, 'હું કથા-વાર્તા કરું છું ને બીજાને સંભળાવું છું.' 'એ તો મહારાજ ને મુક્ત મારે મુખે બોલે છે, પણ હું નથી બોલતો' એમ જાણવું. કોઈક પૂજા કરે તો મહારાજની અને મુક્તની કરે છે, પણ મારી નથી કરતા

એમ માનવું.''

''આપણે વખત સારો આવ્યો છે; કેમ જે આ મહારાજ ને મુક્ત ખરેખરો શ્વાંત વરસાવે છે તેને જો અધરથી ઝીલે તો મૂર્તિના સુખે સુખી થવાય. આ સંતને વિષે રહીને શ્રીજીમહારાજ બોલે છે, જમે છે. માટે આ સંત ને ભગવાન તેમની અન્ન, જળ, દ્રવ્યે કરીને સેવા કરવી.''

''કોઈને એમ થાય જે, 'સત્સંગમાં તો ઘણાય રૂપિયા છે એમને શી ખોટ છે તે આપીએ? ગરીબને આપણે આપીએ તો ઠીક. આ તો દરિયામાં વરસાદ થયો તોય શું? અને ન થયો તોય શું? સૂકામાં વરસે તો અનાજ પાકે છે તેમ ગરીબને આપીએ તો દુ:ખી થતાં મટે.' એમ કોઈને થાય તો તેમને જણાવીએ છીએ કે સૂકામાં તો કેવળ અનાજ જ પાકે ને સમુદ્રમાં વરસવાથી તો સાચાં મોતી પાકે. એટલે સત્સંગમાં ધનથી કે અન્ન-જળાદિકથી સેવા કરે તો સાચાં મોતીરૂપી આત્યંતિક મોક્ષ થાય છે તેવો બીજે મોક્ષ નથી. માટે જે જે સેવા કરવી તે સત્સંગમાં જ કરવી ને તે દિવ્ય જાણીને કરવી. આ સંત કેવા છે? તો અકેકા સંતમાં શ્રીજીમહારાજ અને અનંત મુક્ત રહ્યા છે, તેથી એક સંતની સેવા કરે તો શ્રીજીમહારાજની ને અનંત મુક્તની સેવા જેટલું ફળ થાય છે, એવી આ સેવા છે.'' ॥૧૬૦॥

## વાર્તા ૧૬૧

સંવત ૧૯૭૨ના ફાગણ સુદ-૬ને રોજ સાંજે સભામાં ભક્તચિંતામણિ વંચાતી હતી. તેમાં સંતનાં લક્ષણ આવ્યાં.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આજ બનાવટિયા હીરા થાય છે તે સાચા હીરા જેવા જણાય છે; તેથી કેટલાક ઝવેરી પણ છેતરાઈ જાય છે. જો સાચો ઝવેરી હોય તો તેને ખબર પડે જે આ બનાવટિયો હીરો છે. તેમ આ સત્સંગમાં કેટલાક મુક્ત થઈ પડ્યા છે તેમને કેટલાક ખોટા માને છે તે ભેળા સાચા મુક્તને પણ ખોટા માને છે, તે જો સાચા ઝવેરી મળે તો હીરાને ઓળખાવે. જેમ સાચી મા મળે તો બાપને ઓળખાવે,

તેમ સાચા મુક્ત મળે તો શ્રીજીને ઓળખાવે. બીજા તો ક્યાંય ફગાવે. માટે સાચા મુક્ત ઓળખીને તેમનો જોગ કરવો, તો શ્રીજીમહારાજ મળે અને કલ્પેકલ્પ વીતી જાય તોપણ સુખનો પાર ન આવે, એવું નિર્ગુણ સુખ આપે.''

''આ જીવ ઝીણા છે તોપણ તેમને શ્રીજીમહારાજે ને મુક્તોએ કેવડું સુખ આપી દીધું છે! એવડી બધી દયા છે. રાજાના વૈભવ રાંકને સોંપી દે તો ગંડવા થઈ જાય, તેમ આ સુખ તમને આપ્યું છે. એ સુખ આ સભામાંથી મળે છે તે પાત્ર થઈને લેવું. શ્રીજીમહારાજે એવો રસ મેલ્યો છે તે મનુષ્યભાવમાં સેવા-સમાગમનું સુખ આપે છે. જો મનુષ્યભાવ ટળી જાય ને બીજી તાણ મૂકી દે તો દેહ છતાં સુખ આવે ને મૂર્તિ, સભા ને અક્ષરધામ તે અણુ જેટલું છેટે ન રહે; પણ બહારવૃત્તિવાળાને લાખો ગાઉનું છેટું છે. આ તો બ્રહ્મસભા છે ને સુખદાયી છે.''

''આ સભામાં શ્રીજીમહારાજ ને તેમના અનાદિમુક્ત વિરાજે છે તેનો ખરો અનુભવ થાય તો આથી બીજું સુખ નથી. જેમ દીવો ફાનસમાં હોય, પણ કાચના આવરણને ભેદીને અજવાળું કરે છે; તેમ જીવ પોતે દિવ્ય થાય તો આવરણ ન રહે ને મૂર્તિનું સુખ આવે. આ સભા પાસેથી જેટલું સુખ લઈએ તેટલું મળે એવું છે, પણ વિશ્વાસ નથી. શ્રીજીમહારાજ અને અનાદિમુક્ત આ સભામાં સાક્ષાત્ બિરાજે છે એવી આ સભા ભાસતી નથી, એ જ નાસ્તિક ભાવ છે. બ્રહ્મકોદાળ કરતાં પણ આ સભામાં છાના નાસ્તિક છે તેને જેમ કહીએ તેમ મનાતું નથી અને મુક્તનો ખપ પણ છે. આ સભાનો અક્ષરધામની સભા જેટલો મહિમા સમજાય તો દેહ મૂકીને છેટે જાવું નથી. માયાનો પડદો ટળે તો આ સભા દિવ્ય, તેજોમય ને ઝળઝળાટ તેજમાં મૂર્તિ ને મુક્ત દેખાય. ખરેખરા સિદ્ધ થાય તો આ સભાને દિવ્ય ભાળે. જ્યાં લગી માયિક દૃષ્ટિ છે ત્યાં સુધી માયિક લાગે છે. સાધુ તેડવા આવે તો ભુજના કે અમદાવાદના આવ્યા એમ દેખે, પણ દિવ્ય ન દેખે. પરંતુ આનંદઘન

આ સભા છે તે તેડી જાય છે, અને મોટા મોટા અનાદિમુક્ત સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી આદિ અનંત મુક્ત દેહ મૂકીને ગયા છે, તે પણ આ સભામાં બેઠા છે; છતાં નાસ્તિક ભાવ છે, તેથી મર્યાદા રહેતી નથી.''

''મોટા મોટા અદૃશ્ય થઈ ગયા તેમના જેવો નવા સાધુનો મહિમા જાણે તો મોક્ષ થઈ ગયો જાણવો. જેમ શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ કોઠારમાં હતી ત્યારે તે મૂર્તિ પાસે કોઈ કાંઈ માગતા નહોતા અને હોમ-હવન કરીને પધરાવ્યા પછી તે મૂર્તિ પાસે મોક્ષ માગીએ છીએ, તો એક દિવસમાં એટલો ફેર પડ્યો; તેમ સંત કર્યા છે તેમને એવા દિવ્ય કલ્યાણકારી જાણવા.''

''જ્યારે કથા થાતી હોય ત્યારે મુક્ત એમ જાણે જે પ્રત્યક્ષ શ્રીજીમહારાજ બોલે છે, ને સાધનિક એમ જાણે જે લખ્યું છે તે વંચાય છે. બત્રીસ લક્ષણે યુક્ત સંત થાય તેને આ કથા પ્રત્યક્ષ મહારાજ બોલે છે એમ જણાય, અને આ પ્રત્યક્ષ ભગવાન ને મુક્ત દિવ્ય ભાસે. માયિક અક્ષર બત્રીસ છે, તેમાં કેટલુંયે બોલાય છે ને વંચાય છે. તે માયિકમાં એટલું અપારપણું છે તો આ સભા ને મહારાજમાં શું ન હોય? એ તો અપાર છે; માટે નાસ્તિકભાવ ટાળવો. જીવ ઝીણો અને મહારાજ ને મુક્ત મોટા; તેનો પાર ક્યાંથી પમાય?''

''આ સભાને શ્રીજીમહારાજે મોકલી છે ને મહારાજ પણ ભેળા બિરાજે છે ને સુખ આપે છે તે જે મુક્ત છે તે દેખે છે. આવું બીજે સુખ નથી. આ સભાનું ને મૂર્તિનું સુખ માયિક ભાવ ટળે તો જણાય ને ત્રણે અવસ્થામાં સુખિયા થઈ જવાય. આજ ત્રણે અવસ્થામાં મૂર્તિનો સાક્ષાત્કાર કરાવી દે એવા તમને મળ્યા છે, તે અનુભવે મળ્યા હોય તો પૂરા મળ્યા કહેવાય. જીવાત્માને વિષે સાક્ષાત્કાર થાય તે અનુભવ કહેવાય. આ વાત એકાંતિક ભક્ત આગળ કરવી. જ્યારે કુસંગીને વાત કરવી ત્યારે રામ-કૃષ્ણ નામે મહારાજ થયા હતા, અને આજ

સ્વામિનારાયણ નામે થયા છે એમ કહેવું.''

''નિશ્ચયની વાત અટપટી છે. જેને નિશ્ચય ન થયો હોય તે કહે જે, 'જાઓ, તમારો છેલ્લો જન્મ'; એમ કહે તો ખરા, પણ તેમાં કાંઈ વળે નહિ. જેણે શ્રીજીમહારાજની મૂર્તિ રાખી હોય ને મહારાજના ગુણ આવ્યા હોય, તે તો સંકલ્પમાત્રમાં કલ્યાણ કરે. જેમાં શ્રીજીમહારાજના જેવા ગુણ હોય તેને કલ્યાણની કૂંચી આપે છે, ને તેને જ કલ્યાણની સોંપણી કરે છે. અને જે એવા ગુણે યુક્ત ન થયા હોય ને કહે જે, 'કલ્યાણ કરીશ', પણ તેનાથી કાંઈ ન થાય ને પોતાનું ધર્મ, જ્ઞાનાદિક સુકૃત હોય તે પણ જાતું રહે. શ્રીજીમહારાજે પોતાના જે લાડીલા ને ખાનગી હજૂરી છે તેને કલ્યાણની કૂંચી સોંપી છે. જેમ રાજાનો દેશ લેવા બીજો રાજા આવે ત્યારે પોતાને ચઢવું પડે, તેમ આ જીવને લેવા શ્રીજીમહારાજ ને એમના મુક્ત આવ્યા છે. આજ ન્યાલકરણ પધાર્યા છે, જે લેવું હોય તે લ્યો. ખોટ બધી આ સભાના જોગથી નીકળે છે ને જાત-કુજાત જોતા નથી, સર્વેને ન્યાલ કરે છે.'' ॥૧૬૧॥

## વાર્તા ૧૬૨

સંવત ૧૯૭૨ના ફાગણ સુદ-૭ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જેમ રાજાનો દ્રોહ કરે તો કેદમાં નાખે, તેમ ભગવાનના ભક્તનો દ્રોહ કરે તો બહુ માર કરે; બીજા જીવનો દ્રોહ એવો માર ન કરે. શ્રીજીમહારાજે ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો નહિ એમ કહ્યું છે, માટે ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તો જીવ નાશ પામે. સાધુનો ને સત્સંગીનો દ્રોહ થાય તો ભગવાનનો પણ થાય; કેમ જે દ્રોહ કરવા માંડે તો ઠેકાણું ન રહે. જેને ગુણ લેવાનો અભ્યાસ હોય તેને સર્વેનો ગુણ આવે ને સર્વે દિવ્ય જણાય; તેથી બધાયનાં દર્શન વિવેકે સહિત કરે. માટે અવગુણને માર્ગે તો ચાલવું જ નહિ. કલ્યાણને ઇચ્છે તેને આ વાત અવશ્ય સમજવાની છે. જેને પોતાના દોષ ઓળખાય ને પસ્તાવો કરે ને માફી માગે તેને ધન્ય છે. એક સંતે અમારી

પાસે આવીને કહ્યું કે, 'આપ મારા ઉપર રાજી થાઓ અને જાણે-અજાણે ભૂલો થઈ હોય તે સર્વે માફ કરો.' એવાને શું બાકી રહે? તે સાધુ નિર્માની હતા માટે એવું માગ્યું.''

પછી મધ્ય પ્રકરણના બાવનમાં વચનામૃતમાં ત્યાગીએ દાઢી-મૂછ ન રાખવાં ને ભગવાં વસ્ત્ર રાખવાં એ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મહારાજે વસ્ત્ર રાખવાનું કહ્યું તે જાડું-મોટું જે સહેજે મળે તે રાખવું, પણ જગન્નાથી કે મલમલ ન રાખવું. ધન-સ્ત્રીનો ત્યાગ રાખવો ને એકવાર પ્રસાદી જમવી, તે સાધુનો ધર્મ છે. ઢગલામાંથી ઉથલાવીને મનગમતાં લેવાય તો રાગ ભળ્યો એમ જાણવું. ઝીણું લૂગડું ન પહેરવું; અંગ ન દેખાય તેવું પહેરવું. નાનું-મોટું જોઈતું હોય તો તે લેવું તે તો ઠીક, પણ ઝીણું ન લેવું. જેમ નાનું છોકરું ચોરી કરવા શીખે તે રાજાનો ખજીનો પણ ફાડે, એમ જીવને છૂટો મૂકીએ તો ચટણો થઈ જાય. માટે ચટણો થવા દેવો નહિ એ સાધુનો ધર્મ છે. ગૃહસ્થને ઘરેણાં, વસ્ત્ર, વાહન, સ્ત્રી, છોકરાં, એ બધું હોય, પણ તેમાં હેત ન રાખવું તો કલ્યાણ થાય.''

''આજ મહારાજ ને મુક્ત કથા-વાર્તારૂપી અભયપદ આપે છે. આજ્ઞા પાળે નહિ ને વાસના ટાળે નહિ તેને નવ મહિનાની કેદ મળે ને નીચે જઠરાગ્નિ બળે ને હેરાન થાવું પડે. એ મોટું લાંછન છે, તે સર્વેએ પોતપોતાનું તપાસવું.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''દેહ મૂકીને ધામમાં અથવા મૂર્તિમાં ગયા કેડે જે સ્થળમાં સાધન કર્યું હોય તે સાંભરતું હશે કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ધામમાં અથવા મૂર્તિમાં ગયા કેડે 'હું અનાદિનો અહીં જ છું' એમ જણાય છે; પણ બીજું કાંઈ સાંભરતું નથી.''

પછી વાત કરી જે, ''માળા ને માનસી પૂજામાં, કથા-વાર્તામાં,

ધ્યાન-ભજનમાં લગની લગાડવી તે ખાટલો શોભાડવો. ચક્રવર્તી રાજ્ય મળે ત્યારે લાકડાના ભારા ઉપાડવાની ઈચ્છા ન રાખવી; એટલે મહારાજ તેડવા આવે ત્યારે અહીં રહેવાનો સંકલ્પ ન રાખવો. અણદા ભક્તને તેડવા શ્રીજીમહારાજ ને મુક્ત આવ્યા ત્યારે તે બોલ્યા જે, 'મહારાજ ને મુક્ત આવ્યા છે તે મુક્ત વડે બધું બ્રહ્માંડ ભરાઈ ગયું છે, તે માર્ગ નથી તો મહારાજ પાસે કઈ જગ્યાએ થઈને જવું?' એમ બોલ્યા."

"બહારવૃત્તિવાળાને ધ્યાન કરતાં સિદ્ધિઓ દેખાય છે અને સમાધિમાં પણ સિદ્ધિઓ દેખાય છે ને દેહ મૂકીને પણ સિદ્ધિઓ મૂર્તિમાન દેખાય છે, તેમ અંતર્વૃત્તિવાળાને અહીં દેહ છતાં માન, મોટપ, યશ, પ્રસિદ્ધિ આદિક સિદ્ધિઓ આવે છે. માટે લક્ષાવધિ માણસો માને અને માન, સન્માન, પૂજા, પ્રતિષ્ઠા જે થાય, તે સર્વે મહાપ્રભુજીને થાય છે, એમ માનવું; પણ મને થાય છે એમ ન માનવું. શ્રીજીમહારાજ વડે મોટપ છે, પણ કોઈ જાણે જે હું મોટો છું તો એનું તો થઈ જ રહ્યું. એમાં રૂડા ગુણ પણ ન આવે."

"એક સમયે શ્રીજીમહારાજ સભા કરીને વિરાજમાન હતા ત્યારે કોઈને એમ થયું જે, 'આ પૂજા આદિ આપણને થાય છે માટે આપણે પણ કાંઈક છીએ ખરા.' પછી શ્રીજીમહારાજે એમના મસ્તક ઉપર બીજી દિવ્ય તેજોમય સભા કરીને પૂજા કરી. તે જોઈને તે સંતે કહ્યું જે, 'આ અમારા મસ્તક ઉપર તેજોમય સભા છે તે કોણ છે?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'તમે અમને મૂકી દઈને નોખા પડ્યા, ત્યારે અમે અક્ષરધામની સભા કરી.' માટે માન-સન્માન આદિના ધણી શ્રીજીને અને મોટાને કરવા, પણ પોતાને માથે લઈને ધણી થાવું નહિ."

"અને આ સભાથી બીજે સ્થળે કલ્યાણ માનવું નહિ, તેમ જ આથી બીજી સભા અક્ષરધામમાં જુદી છે એમ પણ ન માનવું. જ્યારે ઉપશમ થાય ત્યારે માયાના ગુણ બધાયે જાય ને ઠરાવ જાય, ને

મૂળઅક્ષર પર્યંત કોઈ રોકે નહિ. આગળ તો સાઠ હજાર વર્ષના તપવાળાને ને રાફડા થઈ જનારાઓને પણ માયાના ગુણ ગયા નહોતા; માટે ધણીના થઈ રહેવું. સત્કાર થાય છે તે ધણીને થાય છે અને અપકાર થાય છે તે દેહને થાય છે એમ જાણે તો તે કરોડો જીવને સુખિયા કરે એવો થાય. મહાપ્રભુજી બોલતા જાય છે તોય વિશ્વાસ ન આવે ત્યારે હવે તો છડી ઝાલવી પડે કે નહિ?''

''શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'જેવા અમને જાણે તેવો થાય.' માટે સમજવાનું બહુ છે, પણ પોતાને સમજાય નહિ ને બીજાનું મનાય નહિ, તે ઘાંટી જબરી છે; માટે આગળનું સમજેલું મૂકી દઈને મોટા કહે તેમ માનવું. તર્ક મૂકી દેવા ને જ્ઞાનમાર્ગમાં કોઈ આઘા લઈ જાય તો આઘા ચાલવું, પણ અઠે દ્વારિકા માનીને બેસી રહેવું નહિ; તત્કાળ સમજીને ચાલ્યા જવું. આ વસ્તુનો પાર પમાય તેવો નથી; અપાર વસ્તુ છે. માટે બીજું મૂકી દઈને મોટા પુરુષ શ્રીજીમહારાજનો મહિમા કહે તે સાચો માનવો. આ તો મૂળઅક્ષરથી પર એકાંતિક મુક્ત ને તેથી પર પરમ એકાંતિક મુક્ત અને તેથી પર અનાદિમુક્ત મૂર્તિમાં રહ્યા છે તે મળ્યા છે ને તેમના ભેળું મૂર્તિમાં રહેવું છે; તેમાં શંકા થાશે તો અધૂરું રહેશે ને નવ મહિનાની કેદ મળશે.''

''મૂળઅક્ષરકોટિ તથા તેથી નીચે બ્રહ્મકોટિ તથા તેથી નીચે કૃષ્ણાદિક બીજા અવતારો તે સર્વે અન્વય સ્વરૂપમાંથી થયા છે અને વ્યતિરેક સ્વરૂપ તો મુક્તને મળ્યા છે, પણ મૂળઅક્ષરાદિકને કોઈને મળ્યા નથી; એમાં તો અન્વય એટલે શ્રીજીમહારાજના તેજરૂપી ઐશ્વર્ય રહ્યું છે. સત્સંગમાં ચાલોચાલ ભક્તોમાં અંદર પડદે રહ્યા છે અને એકાંતિકમાં વ્યતિરેક એટલે મૂર્તિમાન રહ્યા છે, અને પરમ એકાંતિકને સન્મુખ રહ્યા છે, ને અનાદિ તો મૂર્તિમાં જ રહ્યા છે; એ તો બહુ સુખિયા છે ને એમની વાત જુદી છે. તે ભગવાન અહીં સાક્ષાત્ વિરાજે છે.'' ॥૧૬૨॥

## વાર્તા ૧૬૩

સંવત ૧૯૭૨ના ફાગણ સુદ-૮ને રોજ સભામાં છેલ્લા પ્રકરણનું ૧૨મું વચનામૃત વંચાતું હતું. તેમાં માનની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “માન જબરી ચીજ છે. માનવાળો લાખો રૂપિયાની સેવા કરે ને ભગવાનને ભગવાન જાણે, અને સંતને કલ્યાણકારી જાણે; તોપણ માનને આગળ ને આગળ રાખે. તે માનવાળો જીવે નહિ એટલે મોક્ષના માર્ગથી પડી જાય. પણ માન મૂકીને ભગવાન અને સંતને રાજી કરે તો સુખના સમુદ્રમાં ઝીલે. શ્રીજીમહારાજને અને સભાને ભેળી રાખીને કોઈકને વર્તમાન ધરાવે તો તે વર્તમાન ધારનારનું આત્યંતિક કલ્યાણ થાય, પણ પોતે એકલો લૂખો થઈને ધરાવે તો ધારનારનું બીજબળ થાય. અન્ન-જળાદિક અંગીકાર કરવામાં પણ શ્રીજીને તથા મુક્તને ભેળા રાખે તો તે અન્ન-જળાદિક દિવ્ય થઈ જાય ને અર્પણ કરનારને મહારાજનું સુખ મળે; પણ પોતાપણું લાવીને અંગીકાર કરે તો અર્પણ કરનારનું બીજબળ થાય.”

“શ્રીજીનો નિશ્ચય રાખીને આજ્ઞામાં નહિ રહે તો તેને ને અમારે લેવા-દેવા નથી. અને આજ્ઞામાં રહીને પુરુષોત્તમરૂપ થઈને શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાશે તે સુખિયા થશે; માટે સત્સંગ થયા પછી ચઢતો ને ચઢતો રંગ રાખવો. ત્યાગીએ ગોપાળાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામી જેવા થાવું ને ગૃહસ્થોએ પર્વતભાઈ આદિ જેવા થાવું. ત્યાગી તથા ગૃહસ્થ તે સાધુ કે હરિભક્ત કહેવાયા એમ જાણીને બેસી રહે તો લૂખા રહે. કોઈકનો અવગુણ આવે તો સત્સંગમાં મડદા જેવો રહે એ મોટો દોષ છે. માટે પંચ વર્તમાને યુક્ત એવા સંતનો કે હરિજનનો દ્રોહ થઈ જાય, તો તેની આગળ દંડવત, વિનય, પ્રાર્થના હાથ જોડીને કરે તો પ્રાયશ્ચિત્ત થઈ જાય ને દ્રોહ ટળી જાય; પણ માન હોય તો એમ ન થાય. શ્રીજીમહારાજને અંતર્યામી જાણે તોપણ તે માન વસ્તુ ભેળી રાખે તો તે બહુ નુકસાન કરનાર છે.”

"કોઈ કહે જે, 'સર્પ જેવો છે કે રાક્ષસ જેવો છે' તો ખમાય નહિ, પણ પોતાની મેળે સર્પ જેવો કે રાક્ષસ જેવો થાય. જો કોઈ માનનું ખંડન કરે તો ક્રોધ આવી જાય તે સર્પનો દેહ જાણવો; કેમ કે તે વખતે ગુરુની કે સભાની કે ઈષ્ટદેવની માઝા રહે નહિ. ક્રોધ પહેલો ઉત્પન્ન કરનારને દસગણું પાપ લાગે છે; કેમ કે બીજામાં નહોતો તે તેણે ઉપજાવ્યો. માન, ઈર્ષ્યા ને ક્રોધ, તે મોક્ષનો માર્ગ ને વ્યવહાર એ બેય બગાડે એવાં છે; તોપણ તેને જીવ મૂકતા નથી. એ તો કાંઈ કામનાં નથી; ઊલટું ભૂંડું કરે એવાં છે, માટે તેને રાખવાં નહિ."

"દુર્વાસાને ક્રોધ હતો તે મહાઘોર કહેવાણા, પણ સાધુ ન કહેવાણા. ક્રોધવાળાથી સાધુ-હરિજન બીએ તેથી ગુનામાં આવી જવાય. શ્રીજીમહારાજનાં વચન ખોટાં નથી. ક્રોધ આવે તે ટાણે જ તેને સમાવી દે તો મહારાજ રાજી થાય, પણ પછી વિચાર થાય તેમાં રાજી ન થાય; માટે ક્રોધ આવ્યો કે તરત જ મૂંઝાવીને બેસારી દેવો. શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'લાખ રૂપિયાનો બગાડ કરે તોપણ અમને ક્રોધ નથી આવતો.' આપણે પણ મહારાજના છીએ માટે ક્રોધ ન રાખવો. ને શુદ્ધ સત્ત્વગુણી થઈને ટાઢા શીતળ જેવા થઈ રહેવું; અને વાદ-વિવાદમાં પણ ક્રોધ ન કરવો."

"દાસપણું રાખે તો નિયંતા ન થવાય; કેમ કે તે હાજી હાજી કરે. માટે દાસત્ત્વભક્તિ બહુ વિશેષ છે. આ લોકમાં માન, મોટપ, યશ, કીર્તિ તેમાં કાંઈ માલ નથી. માનાદિક કાંઈ ન હોય તેના ઉપર શ્રીજીમહારાજને અને મુક્તને હેત વધતું જાય છે. માયાના સત્ત્વગુણવાળાને કોઈ ગોદો મારે તો તરત ક્રોધ નીકળી આવે, પણ નિર્ગુણ થાય તેને ક્રોધ ન આવે. માટે શીળવંતા સાધુ થાવું. ત્રણ દેહના ભાવ ટાળીને ખરા સાધુ થાવું, જે શબ્દની કિંમત કરે તે દુઃખિયો, ને ન કરે તે સુખિયો. ચામડાની નોટમાં કિંમત નાખી છે તો થાય છે. માટે સાધુએ કોઈ માન કરે, અપમાન કરે, તોપણ તેની કિંમત ન કરવી."

"જો નબળા ઘાટ થઈ જાય તો પ્રાયશ્ચિત્ત કરી નાખવું, પણ તેને સંભારવા નહિ. સંભારવાથી તે દોષની મૂર્તિ બંધાઈ જાય છે; માટે વિસારી દેવા. ને જાણપણારૂપી દરવાજે ઊભા રહેવું, તો આ સભામાં મનુષ્યભાવ ન આવે. સદા દિવ્યભાવ રહે, પણ અભાવ ન આવે એ જાણપણારૂપી દરવાજો જાણવો અને મહારાજ વિના બીજો ઘાટ ન થવા દેવો તે પણ જાણપણારૂપી દરવાજો જાણવો."

"શ્વાન હાડકું ચાવે તે પોતાના મોઢામાંથી લોહી નીકળે તે જોઈને સુખિયો થાય; તેમ કામ, ક્રોધ, માનરૂપી હાડકાં ન ચાવવાં. માનાદિક દોષરૂપી કિલ્લો છે, તેને શ્રીજીમહારાજનાં વચનરૂપી તોપના ગોળા ખૂબ મારીએ તો એ દોષરૂપી કિલ્લા તૂટી પડે. હારવું-જીતવું તે કેસ જીત્યા એમ કહે છે; તે કેશ એ તો વાળ કહેવાય, તે વાળમાં શું કિંમત છે તે જીત્યા એમ કહેતા હશે? જીવ તો ભૂખ, દુઃખ ને માર ભોગવે, પણ સાધુ ન થાય; સાધુ થાવું કઠણ છે. શ્રીજીમહારાજે કહ્યું છે કે, 'એવો સાધુ તો હું છું.'"

"ભગવાનમાં હેત હોય તોપણ જ્ઞાન ન હોય તો ભગવાન વિના બીજો ઘાટ થાય, અને હેતના ભેળું જ્ઞાન હોય તો બીજો ઘાટ ન થવા દે; માટે હેત ને જ્ઞાન બેય જુદાં છે. પ્રેમલક્ષણા ભક્તિ આવે તોપણ તે ભક્તિ ને જ્ઞાન જુદાં છે. જ્યારે અનુભવજ્ઞાન થાય ત્યારે એ જ્ઞાનમાં ધર્મ, ભક્તિ આદિ સર્વે આવી જાય. તેથી અનુભવજ્ઞાન સદા રહે છે." ॥૧૬૩॥

## વાર્તા ૧૬૪

સંવત ૧૯૭૨ના ફાગણ સુદ-૯ને રોજ સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "સત્સંગમાં કોઈકને વિષે દેહસ્વભાવ દેખાય તોપણ 'એને ધન્ય છે; કેમ જે આવા જોગમાં રહીને ભગવાન ભજે છે' એમ જાણવું; પણ અવગુણ લેવો નહિ. પણ પંચ વર્તમાનમાં ફેર પડે તો તેનો અવગુણ આવે ખરો, કેમ જે વર્તમાનમાં ફેર પડે તે નાસ્તિક છે. માટે

એણે મહારાજની મર્યાદા લોપી; તેને તો મહારાજનો આશ્રિત ન જાણવો.''

''અને આ સમૈયો છે તેમાંયે દિવ્યભાવ લાવવો; પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એવો ભાવ આ સભાને વિષે ન લાવવો. આ સભાને વિષે દિવ્યભાવ આવે તો પ્રેમલક્ષણા ભક્તિ આવે, ને અનુભવજ્ઞાન થાય, ને આત્યંતિક મોક્ષ થાય તેવી શ્રીજીમહારાજે સહી નાખી છે. આ જોગ મહિમાએ સહિત થયો હોય તો પરભાવને પમાડે. જેમ ઝૂઝારી લડાઈમાં જાય તે કપાઈ પડે તોપણ ખબર રહે નહિ; એમ આ સભામાં દિવ્યભાવ આવે તો છતી દેહે ધામમાં બેઠા છીએ એવું થઈ જાય, પણ જાવાનું બાકી રહે નહિ. અહીં પ્રત્યક્ષ મહારાજ મધ્યસ્થ વિરાજે છે. ઉપાસનાવાળાને આ સભા નાશ થાતી નથી. અહીં કાશી, વૃંદાવન, જગન્નાથ તે સર્વે છે.''

''આ સભા અનાદિ ને સનાતન છે, માટે આપણે તો આ જગન્નાથ; આ પ્રસાદીનો દોષ નહિ એમ જાણવું, પણ પરોક્ષ જગન્નાથમાં જઈને કેટલાક રાંધેલા ભાતની પ્રસાદી ખાઈ આવે છે તે આપણાથી ન ખવાય; ખાઈએ તો વટલાઈ ભ્રષ્ટ થવાય. આપણે તો આ સંતની પ્રસાદી તે જગન્નાથ જાણવું. બીજું, આ બ્રહ્મસભાનો દોષ ન લેવો ને ગુણ જ લેવા તે ગુણરૂપી બીજી પ્રસાદી જાણવી. અને આ બ્રહ્મરૂપ ને દિવ્ય ને સનાતન સભા પાસેથી જ્ઞાન લેવું તે ત્રીજી પ્રસાદી છે. સૂર્ય, શિવ, શેષાદિક તે આ સંતની પ્રસાદી લેવા આવતા અને શ્રીજીમહારાજ પણ સંતનાં પત્તરમાંથી પ્રસાદી લેતા. આ સભા નાશ નથી થાતી, પણ જે પરોક્ષમાં પ્રમાણ કરી ગયા છે તે તો નાશ પામનાર છે. આ જોગ મળ્યો છે તોપણ કેટલાક કાશી, વૃંદાવન ને દ્વારિકા જાય છે તે પતિવ્રતા ન કહેવાય. કદાપિ કોઈક હરિભક્તને રોજગાર માટે આપત્કાળે જગન્નાથ જાવું પડે તોપણ પ્રસાદી ન લેવી; જો લે તો અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાય; અને સાધુ-બ્રહ્મચારીએ તો જાવું જ નહિ.''

“શ્રી સચ્ચિદાનંદ સ્વામીને દ્વારિકામાં ગુગળીએ કહ્યું હતું જે, ‘પ્રગટ સ્વામિનારાયણ ભગવાનને મૂકીને અહીં શા પાપે આવ્યો છું?’ તે ભક્તચિંતામણિના ૯૨મા પ્રકરણમાં ૫૮મી ચોપાઈમાં કહ્યું છે કે, ‘વળી કહેવાય છે પ્રભુ આપે, તેને મૂકીને આવ્યો શે પાપે.’ માટે બીજે ગયા જેવું નથી.”

“અમે નગરઠક્ષામાં ગયા હતા, ત્યાં એક હરિભક્તે વૈરાગીને રસોઈ આપી ને વસ્ત્ર આપ્યાં. તેને આપણા સાધુએ કહ્યું જે, ‘તમને વૈરાગી જે ધર્મ વિનાના છે તેને જમાડે શું મળે તેમ છે?’ ત્યારે તેણે શિક્ષાપત્રી બતાવી કહ્યું જે, ‘અભ્યાગતને આપવું’ એમ લખ્યું છે. તે આ અર્થને જાણતા નહોતા, પણ આ અર્થ સમજવો. બધું પ્રત્યક્ષમાં ઘટાવવું, પણ પરોક્ષમાં જાવું નહિ. શ્રીજીમહારાજ જેને પ્રત્યક્ષ મળ્યા તેને વૈભવ ઘણા મળ્યા છે, માટે અયોગ્ય ક્રિયા ન કરવી. રાજાનો કુંવર પોતાનું અધૂરું માને તેમ શ્રીજીના આશ્રિત બીજે માથાં ભટકાવા જાય તે બહુ જ અજ્ઞાન છે. આપણે તો શ્રીજીની સભામાં જ બેઠા છીએ, પણ મરીને જાવું નથી. આવો મોટો લાભ મળ્યો તેને મૂકીને પરોક્ષમાં જાવું નહિ.”

“માનવાળાને આ બ્રહ્મઅગ્નિમાં કરોડો વાર નહાવું પડે અને આસુરી જીવ બ્રહ્મને વિષે અનંતવાર લીન થાય; તે બ્રહ્મરૂપ એવા સત્સંગીના ગર્ભમાં આવે, તે બ્રહ્મમાં નવ નવ મહિના અનંતવાર લીન થઈને જન્મે, ને આ બ્રહ્મસભામાં આવીને જોગ કરે, ને અવગુણ ન લે તો દૈવી થાય. તેમ જ માનીને પણ અનંતવાર મરવું અને અવતરવું પડે. એવું દુઃખ જીવ ખમે, પણ માન મૂકે નહિ. જો માન જાય તો મરવા પડે ને છેવટ જીવ નાશ થાય તો થવા દે, પણ માન મૂકે નહિ. એ બહુ જ અજ્ઞાન છે. આ સભામાં માન મૂકીને વ્યવહાર કરે તો અનાદિમુક્ત થઈ જાય. અને માન આવે ને અવગુણ લે કે દ્રોહ કરે તો ભગવાન ભજતો હોય ને કર્થા-વાર્તા કરતો હોય, ને તે સાધુ કે સત્સંગી હોય, તોપણ બહુ જ મોટી ખોટ આવે; માટે સમજી-વિચારીને સત્સંગમાં માન

રાખવું નહિ. માનવાળો ભગવાનને ને ભગવાનના ભક્તને જીતીને રાજી થાય એટલે તેનાં સાધન સર્વે બળી જાય.''

એટલી વાત કરીને પછી વચનામૃત વંચાવવા માંડ્યા. તેમાં છેલ્લા પ્રકરણના ૧૪મા વચનામૃતમાં કાયસ્થની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ વાત જ્યારે આવે ત્યારે ભુજના માધવજીભાઈ તેને બહુ ફટકાર કરતા જે, 'તું અમારી જાતિમાં આવ્યો તે અમારી જાતિની લાજ વંજાવી.' શ્રીજીમહારાજને કર્તા ન જાણે તેને એવી પાપરૂપ વાસના રહે. સકામ રસ્તામાં વાસનાઓ રહે છે. રાજા પાસેથી બાવે ચાર દરવાજાનું છાણ માગ્યું. એવું માગતાં આવડે, પણ મોક્ષ માગતાં ન આવડે. લોઢવાની લખુ ચારણે ઢોરાં ને ચેલા કુશળ રહે એવું મહારાજ પાસે માગ્યું; એમ જ્ઞાન વિના સર્વે કાચું છે.''

''શ્રીજીમહારાજને દર્શને કોઈ ગરાસિયા આવ્યા, તે મનુષ્યચરિત્ર જોઈને પાછા ગયા. ફરીવાર તે ગરાસિયા પાછા ત્યાં કોઈ કાઠીને ઘેર આવ્યા તેમને કાઠીએ જમાડ્યા તેથી પવિત્ર થયા. ત્યારે સંકલ્પ થયો જે, 'કદાપિ ભગવાન હોય તો આપણને ખોટ જાય, માટે આપણે ફેર ચાલો ને આપણે જે સંકલ્પ કરીએ તે સત્ય કરે તો ભગવાન ખરા.' પછી સંકલ્પ કરીને આવ્યા જે, 'કામળાનો શણગાર પહેરીને જો હાથમાં પાનું લઈને વાંચતા હોય, એવાં દર્શન થાય તો એ ભગવાન ખરા'; એમ ધારીને ફરીથી આવ્યા. તે વખતે શ્રીજીમહારાજે બ્રહ્મચારી પાસે 'અમને શીળો ધાયો છે' એમ કહી સર્વે પોશાક કામળાનો મંગાવીને ધારણ કરેલો, અને પાનું હાથમાં લઈને બેઠેલા, એવાં તેમને દર્શન દીધાં. પછી નિશ્ચય કર્યો, પણ શ્રીજીમહારાજે કહ્યું જે, 'હજી તમને અમારો બરાબર નિશ્ચય થયો નથી માટે બીજો પરચો માગો.' ત્યારે તે ચાર જણ બોલ્યા જે, 'ગઈ કાલે અમે ક્યાં હતા તે કહો.' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ગઈ કાલે તમે તમારા સંબંધીને ઘેર અખાજ ખાધું, તેના તમે ચારે સાક્ષી છો.' પછી તે ચારે જણા સત્સંગી થઈને

ઘેર ગયા. ભગવાન ઓળખવા એ વાત કાંઈ સુગમ નથી, એ તો ભગવાન દયા કરે ત્યારે જ ઓળખાય.'' ॥૧૬૪॥

## વાર્તા ૧૬૫

સંવત ૧૯૭૨ના ફાગણ સુદ-૧૦ને રોજ કથાની સમાપ્તિ કરી અને ધનબાએ સર્વે સંતોને બારસ સુધી રોક્યા અને આથમણા સુખપરના લક્ષ્મણ ભક્ત તથા કચરો ભક્ત તે પોતાને ગામ ગયા. તેમણે તે દિવસે રાત્રિએ ગામ રોહે જઈને ત્યાંના દીવાન કુંવરજીભાઈને બાપાશ્રી તથા સર્વે સંતોના જય શ્રી સ્વામિનારાયણ કહ્યા.

ત્યારે તેમણે પૂછ્યું જે, ''ક્યાં સુધી ત્યાં રહેવાના છે?'' ત્યારે કહ્યું જે, ''આજ કથાની સમાપ્તિ થઈ તે હવે કાલનો દિવસ રહીને બારસનાં પારણાં કરીને રામપુરથી જવાના છે.''

પછી દીવાનજીએ રાત્રિએ રાજા પાસે રજા માગી ને પાછલી રાત્રે ચાલ્યા તે સવારે વેકરાના મંદિરમાં આવીને સૌ પૂજા કરતા હતા ત્યાં બેઠા ને બાપાશ્રીને પ્રશ્નો પૂછ્યા, તે સાંજે આરતી થઈ ત્યાં સુધી વાતો ચાલી. આરતી થઈ રહ્યા કેડે બેઠા તે બાર વાગ્યા સુધી બાપાશ્રીએ વાતો કરી ને પછી સૂતા.

સવારે નાહી, ધોઈ, પૂજા કરીને પછી પારણાં કરીને સૌ ચાલ્યા તે કુંવરજીભાઈ રોહે ગયા અને ભુજના સાધુ ભુજ ગયા. સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ અમદાવાદ, તથા મુળીના સંત તથા પરદેશી હરિજનો તે સર્વે બાપાશ્રીની સાથે વૃષપુર ગયા. ત્યાં ઠરાવ કર્યો જે ફૂલડોલને બીજે દિવસે છપૈયે જવા નીકળવું. નીકળવાને દિવસે સ્વામી ઈશ્વરચરણદાસજી પાસે પાટડી કાગળ લખાવ્યો જે, ''અમે ફાગણ વદ-૧૨ને રોજ તમારે ત્યાં આવીને મૂર્તિ પધરાવશું.''

પછી વૃષપુરથી ભુજ આવીને સર્વેને ખબર આપી જે જેને આવવું હોય તે આવજો. પછી ભુજથી રેલે બેઠા, તે તૂણા થઈ, નગર થઈ, મુળી આવ્યા ને ત્યાંથી ફાગણ વદ-૧૦ને રોજ લીલાપુર ગયા ને

ત્યાંથી બીજે દિવસે શેદલે(શેડલા) ગયા અને ફાગણ વદ-૧૨ને રોજ સવારે પાટડી જઈને મૂર્તિ પધરાવી ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “આ મંદિરમાંથી હવે બીક ગઈ, માટે કોઈ બીશો નહિ.”

પછી સંત-હરિજનોની પંક્તિ જમવા બેઠી ત્યાં પહેલી પંક્તિમાં જ લાડુ ઘણા વરી ગયા ને થોડા જ રહ્યા તેથી ખૂટવાની બીકે કાળીદાસભાઈ બાપાશ્રીને કહેવા લાગ્યા જે, “આ ગામમાં લોટ પણ તૈયાર નહિ મળે અને લાડુ તો થઈ રહેવા આવ્યા અને લાજ જશે.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “તમે ફિકર રાખશો નહિ; લાડુ વધી પડશે. સ્વામિનારાયણ ભગવાન ખૂટવા નહિ દે.” પછી સૌ જમ્યા અને લાડુ તો ઘણા વધ્યા.

બીજે દિવસે અમદાવાદ આવ્યા ને ત્યાંથી જેતલપુર ગયા. ત્યાં અશ્લાલીનાં કંકુબાએ સત્સંગિજીવનના દ્વિતીય પ્રકરણની પારાયણ સાત દિવસની કરાવી. છેલ્લે દિવસે કથાની સમાપ્તિ કરીને છત્રીએ ચરણારવિંદ પધરાવ્યાં. ત્યાં બાપાશ્રીએ વર આપ્યો જે, ‘આ છત્રીએ જે દર્શન કરશે તે સર્વેને અમે અક્ષરધામમાં લઈ જઈશું અને ઉપરથી ઊડીને પક્ષી જશે તેનો પણ મોક્ષ થશે.’ જેતલપુરથી પાછા અમદાવાદ આવ્યા.

અમદાવાદમાં નર્મદાબાએ સત્સંગિજીવનના ત્રીજા પ્રકરણની પારાયણ બેસાડી તેની સમાપ્તિ રામનવમીને દિવસે થઈ. ચૈત્ર સુદ-૧૩ને રોજ ત્યાંથી રનોડે ગયા ને ત્યાંથી ધોળકે ગયા ને ત્યાંથી અશ્લાલી, ગામડી, બારેજડી થઈ સરસપુર આવ્યા. ત્યાં તો કચ્છથી ચૈત્ર સુદ-૭ને રોજ અમદાવાદમાં નવસો માણસનો સંઘ આવેલો હતો, તે સર્વેને લઈ ત્યાંથી છપૈયા તરફ ચાલ્યા ને જયપુર ઊતર્યા, ને ત્યાંથી છપૈયે ગયા. ત્યાં ઉપરદળના ઠક્કર મોતીભાઈ જીવણભાઈએ ચૈત્ર વદ-૪ને રોજ સત્સંગિજીવનની પારાયણ બેસાડી હતી. ત્યાં કોલેરાનો રોગ હતો તેથી વ્યાર ગામના હરિભક્તે દેહ મેલ્યો, તેને બાપાશ્રીએ દર્શન

આપી અક્ષરધામમાં મૂકી દીધો.

પછી સર્વે સંતોએ તથા ઘણાક દેશાંતરના હરિજનો આવ્યા હતા તેમણે બાપાશ્રીને પ્રાર્થના કરી જે, "આ ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવીએ ત્યાં સુધી આ રોગ બંધ રહે એવી કૃપા કરો."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "હવે કોઈ નહિ મરે." તે પછી રોગ બંધ થઈ ગયો હતો. એક દિવસે સંધ્યા આરતી વખતે બાપાશ્રીએ ખીમજીભાઈને કહ્યું જે, "નહાવું છે માટે ચાલો."

પછી ખીમજીભાઈ દોરી-લોટો લઈને ચાલ્યા તે માંહીલે કૂવે જઈને લોટો ભરી આપ્યો, તે લઈને બાપાશ્રી બહિર્ભૂમિ જઈ આવ્યા ને હાથ ધોયા. પછી લોટો ઊટકીને નવરાવવા માંડ્યા, એટલામાં આરતીનો ડંકો થયો. ત્યાં તો આકાશમાં તેજોમય અનંત વિમાન ને તેમાં તેજોમય મૂર્તિઓ એવું દેખવામાં આવ્યું.

ત્યારે ખીમજીભાઈ બોલ્યા જે, "બાપા આ શું હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "ઘનશ્યામ મહારાજની આરતી થાય છે, તેમને દર્શને આ બધા મુક્ત આવ્યા છે."

ત્યારે ખીમજીભાઈ કહે જે, "આમ નિત્ય આવતા હશે ને આવાં દર્શન થતાં હશે?"

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "આવે તો નિત્ય, પણ આજ મહારાજની ને મોટાની ઈચ્છાથી દર્શન થયાં. આ દર્શન ભૂલી ન જતા."

પછી નાહીને મંદિરમાં આવ્યા. બીજે દિવસે નારાયણસરની ઊગમણી બાજુએ અગ્નિ ખૂણામાં નાહીને પૂજા કરવા બેઠા, ત્યારે પણ આકાશમાં અનંત વિમાને સહિત અનંત મુક્ત તેવી જ રીતે તેજોમય દેખાયા; ત્યારે ત્યાં ભેળા ગયેલા સંત તથા હરિજનોએ પૂછ્યું જે, "આ શું હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આપણે ભગવાનની પૂજા કરીએ

છીએ, તે ભગવાનનાં દર્શન કરવા મુક્ત આવ્યા છે.''

પછી તે અદૃશ્ય થઈ ગયા, ને સર્વે મંદિરમાં આવ્યા. બીજે દિવસે ગૌઘાટ નાહી આવ્યા અને ચૈત્ર વદ-૧૦ને રોજ શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવીને જયજયકાર વર્તાવી દીધો.

ચૈત્ર વદ-૧૧ને રોજ સવારમાં સર્વે છપૈયાથી રેલે બેસીને અયોધ્યા આવ્યા ને ત્યાંથી આગ્રા, જયપુર, ખારચી, સિદ્ધપુર થઈને ભંકોડે ઊતર્યા ને દેવપરે ગયા. ત્યાંથી મણિપુરા, જોશીપુરા, વિરમગામ થઈને મુળી ગયા. જે પચાસ માણસોને કોલેરા થયેલો હતો તેમને સદ્‌ગુરુ શ્રી હરિનારાયણદાસજી સ્વામીએ ત્યાં બાર મણ દહીં ને આઠ મણ ખાંડ પીવરાવીને બધાયને ઠંડા કર્યા. તેમને ઊલટીઓ ને ફેરા બંધ થઈ ગયા ને સાજા થઈ ગયા. વળી વાંટાવદરના શેઠ ભૂરાભાઈ ગોવિંદશાની પાસે બે ગાડાં તડબૂચ મંગાવીને અને કાંપમાંથી દાડમ આઠ મણ મંગાવીને સર્વેને જમાડ્યા.

પછી બાપાશ્રીએ કહ્યું જે, ''સ્વામી! ખર્ચ બહુ કર્યું.''

ત્યારે સ્વામી બોલ્યા જે, ''અમે બધા જમીએ છીએ તેમ તમે પણ અમારા ભેગા છો તે તમે દુઃખી થાઓ તે અમારાથી કેમ દેખ્યું જાય? અમે તમારા સંઘના ગોર છીએ અને આ સંઘ યજમાન છે. યજમાન દુઃખી, તો અમે પણ દુઃખી, માટે સર્વ તમારું છે.'' એમ બોલ્યા.

એવી સેવા કરી તેમ જ બાપાશ્રી આદિક સંઘે પણ સ્વામીની બહુ સેવા કરી ને રાજી બહુ થયા ને બોલ્યા જે, ''તમે કર્યું એવું તો કોઈ મંદિરમાં કોઈ પણ કરી શકે નહિ. એવું કર્યું જે બધાયને સાચવ્યા. અમદાવાદમાં છત્રી કરવા સારુ કાનજીભાઈ મેસાણેથી જુદા પડીને ત્યાં ગયા. તેમને કોલેરા થયો ને ત્યાં દેહ પડી ગયો, પણ એમને એકને પણ કોઈ સાચવી શક્યા નહિ; તેમ કોઈ પાસે પણ ગયા નહિ. જો છત્રી કરવા તે ન ગયા હોત ને અમારા ભેળા રહ્યા હોત તો એમને પણ આ

પચાસના ભેળા રાખત, પણ મરવા દેત નહિ.'' એમ બોલ્યા.

પછી ત્યાંથી ચાલ્યા તે મોરબી ગયા, ત્યાં સુધી સ્વામીએ દહીં ભેળું મોકલ્યું હતું. મોરબીથી ગોવિંદભાઈ તથા કાળુભા તથા લધુભાઈ આદિ સર્વે નવલખી સુધી ભેળા જઈને આગબોટમાં તથા વહાણમાં સર્વે સંઘને બેસારીને પાછા વળ્યા, અને બાપાશ્રી આદિ સર્વે સંઘ તથા સ્વામી ઈશ્વરચરણદાસજી તથા મુક્તવલ્લભદાસજી તથા આશાભાઈ આદિ સર્વે ભેળા ગયા. તે ખારીરોલ ઊતરીને અંજાર થઈ રેલે બેસી ભુજ ગયા. ભુજમાં રસોઈ આપીને પછી સંઘ વેરાણો, તે સૌ પોતપોતાને ગામ ગયા અને સ્વામી ઈશ્વરચરણદાસજી તથા મુક્તવલ્લભદાસજી તથા આશાભાઈ આદિ ગુજરાત તરફ આવ્યા.

અને ખીમજીભાઈ દહીંસરે ગયા. ત્યાં તેમના પિતાશ્રી મુક્તરાજ કેસરાભાઈએ તેમને કહ્યું જે, ''દીકરા, તમે છપૈયે જઈ આવ્યા તે કિયે કિયે સ્થળે દર્શન કર્યાં તે સર્વે વાત કરો.''

પછી ખીમજીભાઈએ વિસ્તારીને વાત કરી તેમાં જે જે વાત ભૂલે તે કેસરાભાઈ સંભારી આપે.

ત્યારે ખીમજીભાઈ બોલ્યા જે, ''બાપા, તમે ભેળા તો હતા નહિ ને વાત ક્યાંથી જાણો છો?''

પછી કેસરાભાઈ બોલ્યા જે, ''છપ્પનની સાલમાં બાપાશ્રી અને તમે છપૈયે ગયા ત્યારે મારે ભેળું આવવું હતું ત્યારે બાપાશ્રીએ મને કહ્યું જે, 'તમારો દેહ ખમશે નહિ માટે તમે અહીં રહો.' તેથી હું ઉદાસ થઈ ગયો. પછી બાપાશ્રીએ કહ્યું જે, 'તમે અહીં બેઠે અમે જ્યાં જ્યાં જઈશું ને દર્શન કરીશું ને લીલા કરીશું તે સર્વે દેખશો.' ત્યારથી મારે આવરણ ટળી ગયાં છે, માટે હું દેખું છું; એવો બાપાશ્રીનો પ્રતાપ છે.'' ॥૧૬૫॥

## વાર્તા ૧૬૬

સંવત ૧૯૭૩ના વૈશાખ માસમાં અમદાવાદથી સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા સ્વામી

ઈશ્વરચરણદાસજી આદિ સંત તથા મુળીથી સ્વામી ભગવત્સ્વરૂપદાસજી તથા પુરાણી ધર્મકિશોરદાસજી આદિ સંત તથા હરિજનો કચ્છમાં ગયા હતા. તે ભુજ થઈને વૈશાખ સુદ-૧૦ને રોજ શ્રી વૃષપુર પહોંચ્યા.

વૈશાખ સુદ-૧૧ને રોજ સવારે સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, “આ જીવને પાંચ ભૂત વળગ્યાં છે, તેનો વિશ્વાસ ન રાખવો. ભુજમાં સુંદરજીભાઈ હતા તેમણે પ્રવૃત્તિ ઘણી રાખી હતી. તેથી શ્રીજીમહારાજે પંદર દિવસ સુષુપ્તિ અવસ્થામાં રાખ્યા ને પ્રવૃત્તિ ટાળીને શુદ્ધ કરીને દિવ્ય દર્શન કરાવીને લઈ ગયા.”

“અમદાવાદ, ભુજ, વડતાલ આદિના સાધુ-સત્સંગી જે પંચ વર્તમાને યુક્ત હોય તે સર્વે એક મંડળ છે. તેને જુદા જાણે તો ધામમાં ન જવાય, અને તેમનો દ્રોહ કરે તેને શ્રીજીમહારાજ તેડવા ન આવે. માટે સત્સંગ સર્વે એક જાણવો; પણ જુદો ન જાણવો. સર્વેના ધણી એક શ્રીજીમહારાજ છે. માટે એક જાણે તો શ્રીજીમહારાજનો રાજીપો થાય છે.”

“ત્યાગીએ જડ-ચૈતન્ય માયાનો ત્યાગ રાખવો, અને જો એ માયા ગરી આવે તો તેથી ગૃહસ્થમાં રહેવું સારું; માટે વેષ લીધો તે ભજવે નહિ તો દુઃખ થાય. વૈભવ તો મોટા રાજાથી પણ અધિક મળ્યા છે; કેમ જે શ્રીજીમહારાજે ખાવા-પીવાનું, ઓઢવા-પહેરવાનું, રહેવાનું ઘણું આપ્યું છે, પણ એક જડ ને ચૈતન્ય માયાનો જ ત્યાગ રાખવાનું કહ્યું છે. માટે તેનો તો પ્રસંગ જ થાવા દેવો નહિ. બોકડવટ કર્યું તો વેષ ભજવવો, ને જો વેષ ન ભજવાય તો બોકડવટ કરવું નહોતું એટલે સંસાર મૂકીને સાધુ થાવું નહોતું. સાંખ્યયોગી રહીને ઘરનું ખાઈને મોટાનો જોગ કરવો તે ઠીક, પણ ત્યાગી થઈને ધનનો પ્રસંગ રાખવો તે તો બહુ જ ભૂંડું કહેવાય. તેમાં તો સ્ત્રી પણ ભેળી આવી ગઈ, માટે ધનનો પ્રસંગ રાખે તેના ધણી મહારાજ ને અમે નહિ થઈએ. માયા તો જ્યાંથી ત્યાંથી ગરી આવે એવી છે, માટે સાવધાન રહેવું.”

“મોટા મોટા સંત છે તે તો પરભાવમાં એટલે મહારાજની મૂર્તિમાં રહીને અને અવરભાવમાં એટલે આ સ્થળમાં રહીને મૂર્તિનું સુખ ત્રણે અવસ્થામાં ભોગવે છે; માટે મૂર્તિનું સુખ લેવું, પણ બીજું સંભારવું નહિ. આ જડ-ચૈતન્ય માયાના નિષેધની વાત કરીએ છીએ તેમાં કોઈને દુઃખ તો નથી લાગતું ને? આ તો આપણા બાપની કહેલી વાત કરીએ છીએ, માટે દુઃખ લગાડશો નહિ. આ લોકમાં ગૃહસ્થમાં કોઈના બાપે મરતી વખતે કહ્યું હોય જે, ‘મારી કેડે આમ કરજે’ તો તે પ્રમાણે જ તેના દીકરાને કરવું પડે છે. તો આ તો શ્રીજીમહારાજનાં વચન છે તે પાળવાં જ જોઈએ અને તો જ મહારાજ ને મુક્ત રાજી થઈને સુખિયા કરે; પણ વચન ન પાળે તો સુખિયા કરે નહિ. આ જોગમાં રહીને એવા અવળા સ્વભાવ રાખવા નહિ ને પાત્ર તો પોતાને જ થાવું જોઈએ. આજ્ઞા, નિયમ યથાર્થ પાળે તે પુરુષપ્રયત્ન કહેવાય; તે પુરુષપ્રયત્ન પણ પોતે જ કરવો, તો મહારાજ ને મોટા પછી કૃપા કરે.” ॥૧૬૬॥

## વાર્તા ૧૬૭

સંવત ૧૯૭૩ના વૈશાખ સુદ-૧૧ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત હરિજનો શ્રી કાકરવાડીએ નાહવા ગયા. ત્યાં નાહીને આંબા તળે બેસીને માનસી પૂજા કરી.

પછી બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, “પ્રત્યક્ષ મહારાજ ને મુક્ત મળ્યા; માટે અખંડ શ્રીજીમહારાજની મૂર્તિ અંતર્વૃત્તિએ ધારવી, તે ધારતાં ધારતાં તેજમાં મૂર્તિ દેખાય ત્યારે જે કરવાનું છે તે કર્યું કહેવાય. સત્સંગીને કથા-વાર્તા કરવી તે તો ચારો છે, પણ અખંડ મૂર્તિમાં રહેવું તે જ કરવાનું છે; એ તો નક્કી કરવું જોઈશે. જ્યારે મહિમાની વાતો કરીએ ત્યારે સૌને સારી લાગે અને ધ્યાન કરવાની વાતો કરીએ છીએ ત્યારે સૌ અટકી પડે છે; તે જેમ ઘવરાવવા લીધા હોય ને શું? તેમ થઈ જાય છે, પણ એ તો જરૂરાજરૂર કરવું જોઈશે.

મૂર્તિની વાત કરીએ ત્યારે જાણે વજ્ર કમાડ દીધાં. જેમ છોકરો કુપાત્ર હોય તેને પોતાનો બાપ કહી કહીને થાકી જાય, પણ કહ્યું કરે નહિ. તેમ કહી કહીને થાકી ગયા તોપણ ધ્યાન કરતા નથી. જ્યારે ગોદો મેલે ત્યારે બે ડગલાં ચાલે ને વળી પાછો ઊભો થઈ રહે, તે પંથ કેમ કપાય? તેમ જ્યારે વાતો કરીએ ત્યારે જીવમાં શેડ્ય આવે ને થોડીકવાર ધ્યાન કરે ને પાછું મૂકી દે.''

''જીવ શૂન્યકાર થઈ ગયો છે, તે માર્ગે જ ચાલતો નથી ને કોઠારું, ભંડારું, મહંતાઈ વગેરેમાં સારું લાગે જે આપણા તડના ભંડારી કે મહંત થયા; પણ ધ્યાન કરવાની તો વાતેય નહિ ને તે કરવુંયે નહિ, પણ તે કર્યા વિના છૂટકો નથી. આ જોગમાં રહીને ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ નહિ કરે તો મહારાજના ને મોટાના ગુનેગાર થાશે. જો ધ્યાનનો આગ્રહ કરે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિ દેખાય ને સાક્ષાત્કાર થઈ જાય; અગર છ મહિનાની માંહે પણ મૂર્તિ સિદ્ધ થઈ જાય. આ દેહે શું ન થાય? જે કરે તે થાય. બે મહિના ઠાકોરજીને ન જમાડીએ તો દેહ રહે નહિ, તે દેહ રાખવાનું જેટલું જતન છે તેટલું જો મૂર્તિનું જતન કરે તો મૂર્તિ સાક્ષાત્ થાય.''

પછી પુરાણી ધર્મકિશોરદાસજીએ કહ્યું જે, ''કૃપા કરો તો થાય.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મોટાની કૃપા તો એવી છે જે મૃત્યુ આડી અર્ધી ઘડી રહી હોય તેટલામાં મૂર્તિ આપી દે ને પૂરું કરી દે. તો આજ મહારાજ ને મોટા સભામાં વિરાજે છે, તે આગ્રહ કરો તો સાક્ષાત્કાર કરાવી દે તે છ મહિના પણ પૂરા થવા દે નહિ, એની આ સભા સાક્ષી છે.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''ઝુમખરામને સોટી મારીને તરત મૂર્તિ શ્રીજીમહારાજે આપી દીધી, તેમ કરો તો મૂર્તિ દેખાય.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જેમ ઝોળી માગીને જમવા કરતાં

પોતે રળીને જમવું તે ઠીક, તેમ પોતે કાંઈક દાખડો કરીને સિદ્ધ કર્યું હોય તો તે દાખડો જોઈને મોટા બહુ રાજી થાય, ને બહુ સુખ આવે. માટે જે સુખ દેહ મૂકીને પામવું છે તે છતી દેહે ભોગવવું એ કરવાનું છે, તે જરૂર કરવું જોઈશે. મહારાજની ને મોટાની કૃપા છે, તો આજ સાક્ષાત્ મહારાજ ને મુક્ત મળ્યા છે. આ વખતે મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય એવું છે. આવી આવી વાત પછી કોણ કરશે? આ ટાણે મૂર્તિનો સાક્ષાત્કાર નહિ કરો તો પછી કોણ કરાવશે? માટે આ કરો, આ કરો, બીજું સર્વે પડ્યું મૂકો. પગલાં-પદાર્થ કાંઈ કામનાં નથી. મૂર્તિ રાખો તો બધુંય આવ્યું, પણ કાર્યમાં તાન છે તેટલું કારણમાં તાન થાતું નથી તે બહુ ખોટ છે. આ લાભ આ ટાણે મળ્યો છે તે લેવો ને જરૂર મૂર્તિ સિદ્ધ કરવી.''

એટલી વાત કરીને સર્વેને મળ્યા ને પછી સૌ મંદિરમાં આવ્યા. ॥૧૬૭॥

## વાર્તા ૧૬૮

સંવત ૧૯૭૩ના વૈશાખ સુદ-૧૨ને રોજ સવારે સભામાં પ્રથમ પ્રકરણનું ૩૩મું વચનામૃત વંચાતું હતું. તેમાં મૂઢપણું, પ્રીતિ ને સમજણ એ ત્રણ પ્રકારના આશ્રયની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મૂઢપણું, પ્રીતિ ને સમજણ તેમાં મૂઢપણું ક્યારે કહેવાય? તો જ્યારે પોતાના વ્યવહારની ખબર પણ રહે નહિ ત્યારે મૂઢપણું ખરું કહેવાય.''

એમ કહીને પછી અમદાવાદના સોમા ભક્તને કહ્યું જે, ''તમારે મૂઢપણું છે?''

ત્યારે તે કહે જે, ''હા, બાપા.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તમને પગાર કેટલો મળે છે તેની ખબર છે કે નહિ?''

ત્યારે તે કહે જે, “એ તો ખબર છે.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “પોતાના વ્યવહારની ને દેહની બીજા ખબર રાખે અને કુંડાળના કલા ભક્તની પેઠે ઊગમણા-આથમણાની ખબર પણ રહે નહિ ત્યારે ખરું મૂઢપણું જાણવું. મહારાજમાં ને મુક્તમાં પ્રીતિ થાય ને બીજે ક્યાંય પ્રીતિ ન રહે તે પ્રીતિનું લક્ષણ છે. તે પ્રીતિનો તો કાંઈક પત્તો લાગે ખરો, પણ મૂઢપણાનો પત્તો લાગે તેમ નથી. એ તો જ્યારે ભોજા ભક્ત જેવું થાય જે કોઈક મરી જાય તેની પણ ખબર રહે નહિ. અને પાટડીના નાગજીભાઈ કાકરવાડીએ નાહવા ગયા હતા, તે ક્યાંય બીજે રસ્તે ચઢી ગયા, તે ઝીણાભાઈને કૂવે જઈને બળદેશ્વર મહાદેવ આગળ પૂછ્યું જે, ‘કાકરવાડીએ ક્યાં થઈને જવાશે?’ પછી હરિજનો ત્યાં પહોંચાડી ગયા. તે જેને ઊગમણા-આથમણાની ખબર નહિ એવા છે. એવું થાય ત્યારે મૂઢપણું કહેવાય. અમારે અહીં કલ્યાણ ભક્ત હતા, તે અમદાવાદથી આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પધાર્યા તેમને કહે જે, ‘આ સ્વામિનારાયણ છે’, પણ એવી ખબર નહિ જે આચાર્ય મહારાજ છે; આ મૂઢપણું કહેવાય. તેથી તો પ્રીતિનું અંગ કરવું તે સુગમ છે.”

પછી વાત કરી જે, “આજ આ મુક્ત સખાભાવે વર્તે છે તો તમે બોલવા-ચાલવામાં, બેસવા-ઊઠવામાં, પ્રશ્ન-ઉત્તરમાં સુખ લો છો, એવું સુખ જો સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીના જેવી આકરી પ્રકૃતિ રાખી હોય તો ના આવે અને પ્રશ્ન પૂછવો પણ કઠણ થઈ પડે. આજ તો તમને સુખ આપવા સારુ સખાભાવે વર્તીએ છીએ. આ સભા બેઠી છે તે સ્થળ પણ પવિત્ર છે, તે જ્યારે અમે અદૃશ્ય થઈશું તે પછી પણ આ સ્થાનમાં દર્શન કરશે તેને આ સભા સાંભરી આવશે, ને ઘાટ-સંકલ્પ ટળી જાશે, ને ધ્યાન કરશે તેને મૂર્તિનું સુખ આવશે; ને કામ, ક્રોધ, માન આદિ સર્વે અદૃશ્ય થઈ જશે, અને જ્યાં જુએ ત્યાં મૂર્તિ દેખાશે, એવો આ સ્થાનનો મહિમા છે; માટે આવા મોટાને પ્રસન્ન કરવા, અને અમારો સિદ્ધાંત શો છે તે

જાણીને તે પ્રમાણે વર્તવું.''

''મોટા મોટા વનમાં રહેતા તે કૂતરું ભસે તે પણ સંભળાય નહિ એટલા તો છેટે રહેતા, અને વૃક્ષને છાંયે પણ બેસતા નહિ, અને માખ-મચ્છર કરડે તે પણ સંભાળતા નહિ અને ભિક્ષા માગવા જાય તે ક્યારેક અન્ન મળે ને ક્યારેક ન મળે ને વસ્ત્ર પણ મળે નહિ એવી રીતે રહેતા; તેવો ખટકો રાખવો.''

''આ વચનામૃત છે તે ચિંતામણિ ને કલ્પતરુ જેવાં છે તે જે વાતનો પ્રસંગ નીકળે છે તે જ વાત તેમાં આવે છે. આપણે પંચવિષયના અભાવની વાત કરતા હતા તે જ વાત આવી છે. શ્રીજીમહારાજનો રાજીપો જે પંચવિષયનો અભાવ કરે ને પુરુષપ્રયત્ન કરે તે ઉપર જ થાય છે અને પછી કૃપા કરે છે. માટે પંચવિષયનો અભાવ કર્યા વિના છૂટકો નથી; તે સો જન્મે કે હજાર જન્મે કે લાખ જન્મે પણ એનો અભાવ કર્યા વિના છૂટકો નથી. જો નહિ ટાળો તો ઓચિંતાની કેદ આવી પડશે ને નવ મહિના સુધી પાચ, પરુ, વિષ્ટા, મળ, મૂત્રમાં ઊંધે માથે રહેવું પડશે ને બારી કે વાયરો કાંઈ મળે નહિ એવું દુઃખ આવી પડશે. આજ ભગવાં લૂગડાં મૂકી દઈને ધોળાં પહેરવાં પડે તો આબરૂ આડી આવે, ને મરીને જન્મ ધરવો પડે તેમાં આબરૂ આડી ન આવે, તે સમજણ કેવી ઊંધી કહેવાય?''

''મોટાનો જોગ કરીને જો આજ્ઞા ન પાળે ને માયાના કાર્યમાં લેવાય તો મોટાને ખતરાવ્યા કહેવાય; કેમ કે બીજા સૌ અવગુણ લે જે, 'મોટાનો જોગ કરે છે, પણ એમ વર્તતા નથી'; એમ બીજા પાસે અવગુણ લેવરાવે તેનું પાપ લાગે. માટે બે વાનાંનો તો પ્રસંગ જ થવા દેવો નહિ. નિષ્કામશુદ્ધિ ને ધર્મામૃત પ્રમાણે વર્તવું, પણ તેમાં લેશમાત્ર ફેર પડવા દેવો નહિ. શ્રીજીમહારાજે ધાતુપાત્ર પણ રાખવાની ના પાડી છે, અને પોતાને નવરાવવા પણ કાષ્ઠના પાત્ર જે કઠારી, કટોરા તે આપ્યાં છે ને સાધુને જમવા કાષ્ઠપાત્ર આપ્યાં છે, તેમાં ફેર ન પાડવો

ને માયાના પેચમાં ક્યાંય આવવું નહિ. ચોખ્ખા ચણક કુંદન જેવા થઈ રહેવું તો જ મહારાજ ને અમે રાજી થઈને સાથે ને સાથે રહીશું. માયા સન્મુખ તો થાવું જ નહિ; એને તો પૂંઠ દેવી, પણ તેના સામું જોવું નહિ.''

''શ્રીજીની પ્રસાદી પણ ચરણરજની કે પત્થર-કાષ્ઠની લેવી, પણ ખાવા-પીવાની પ્રસાદીની ઈચ્છા રાખવી નહિ. ખાવાની પ્રસાદીની ઈચ્છા રહે તે માયાનો મોહ છે; તેથી ચરણરજ પ્રસાદી શ્રેષ્ઠ છે, માટે તે પ્રસાદી લેવી. ખાવાની પ્રસાદી મહિમાએ સહિત તો લેવી, પણ રસાસક્તિએ કરીને ન લેવી. જેમ પ્રકૃતિપુરુષના કાર્યમાંથી ને તેના વૈભવમાંથી લૂખા થાવું, તેમ જ બ્રહ્મકોટિનાં ને અક્ષરકોટિનાં ઐશ્વર્યમાંથી ને એમનાં સુખમાંથી પણ લૂખા થાવું અને છેવટ શ્રીજીમહારાજનું તેજ જે અક્ષરધામ તેમાં પણ સુખ ન માનવું; એક શ્રીજીમહારાજની મૂર્તિમાં જ સુખ માનવું ને હેત કરવું તો શ્રીજી ને મોટા રાજી થઈને કૃપા કરે અને પોતાના તુલ્યપણાને પમાડે.'' ||૧૬૮||

## વાર્તા ૧૬૯

સંવત ૧૯૭૩ના વૈશાખ સુદ-૧૩ને રોજ સવારે સભામાં છેલ્લા પ્રકરણનું ૩૫મું વચનામૃત વંચાતું હતું. તેમાં સંતના દ્રોહનું પાપ ભગવાનનો દ્રોહ કર્યા સરખું અને સંતની સેવાનું ફળ ભગવાનની સેવા કર્યા સરખું થાય છે એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''બીજા અવતારાદિકના તથા તેમના ભક્તના દ્રોહથી ભૂંડું થોડું થાય, ને તેમની ભક્તિથી મોક્ષ પણ અલ્પ થાય. અને આજના ભક્તના અપરાધથી ભૂંડું બહુ થાય, ને પ્રસન્નતાથી કલ્યાણ પણ મોટું થાય; કેમ જે બીજા અવતાર તો કેટલાક માયામાંથી આવ્યા છે ને કેટલાક માયાથી પર જે ઈશ્વરકોટિ તેમાંથી આવ્યા છે, અને કેટલાક બ્રહ્મકોટિમાંથી આવ્યા છે. અને આ તો બ્રહ્મકોટિથી પર અક્ષરકોટિ અને તેથી પણ પરના જે પરમ એકાંતિક ને અનાદિ તે

આવ્યા છે. અને શ્રીજીમહારાજ તો તેથી પણ પરના આવ્યા છે. બીજા અવતારોનાં ઐશ્વર્ય તો શ્રીજીમહારાજ લઈ લે છે ને પોતે તો સ્વતંત્ર છે. જેમ આકડાનું ફળ ને આંબાનું ફળ તે સરખાં નથી, તેમ મહાપ્રભુજી અને બીજા મૂળ અક્ષરાદિક તે સરખા નથી.''

''જો આ મહારાજનો મહિમા સમજાય તો કામ, ક્રોધ, લોભ, માન, એ સર્વે દોષ જતા રહે ને દેહ ખોખું થઈ જાય. જેમ સદાનંદ સ્વામીએ કહ્યું જે, 'ગુરુભાઈકી લકડી ભાગ ગઈ', અને શ્રી ગોપાળાનંદ સ્વામીને નાગડા વૈરાગીએ માર્યા ત્યારે તેમને પૂછ્યું જે, 'સ્વામી, તમને બહુ માર્યા', ત્યારે સ્વામી બોલ્યા જે, 'લાકડાને લાકડે માર્યા એમાં તે શું?' એવા સાધુ થાવું.''

''મહારાજની નાની-મોટી આજ્ઞા સર્વે યથાર્થ પાળીને ધ્યાન કરવું. તે આજ કરો કે લાખ-કરોડ જન્મે કરો, પણ તે કર્યા વિના મહારાજ કે મોટા પ્રસન્ન થાય નહિ. આ જોગ કરો છો, પણ જો ફણા અધર રાખી તો માયાનું ઝેર ઊતરશે નહિ ને કોઈના પ્રાણ લેશો. તે શું? તો કોઈક જાણે જે આ મોટાના જોગવાળા છે, એમ જાણીને સેવા કરે તે પ્રાણ લીધા કહેવાય; માટે એમ ન કરવું. અને સિદ્ધિઓ જે ઘી, સાકર, ફળ, ફૂલ, મેવા આવે તે સાધુને દઈ દેવાં; જેમ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી દઈ દેતા તેમ ગરીબ સાધુને દઈ દેવું. આ મહારાજ ને આ મહારાજના સંત કેવડા મોટા છે? તો દેહ મૂકતી વખતે આ સભા સાંભરે તો કાંઈ વાંધો રહે નહિ ને પૂરું થઈ જાય. જો મહારાજ ને મોટા કૃપા કરે તો ઝાડને પણ જ્ઞાન થાય ને મોક્ષ થાય છે. જો દ્વેષી જીવ પણ પ્રાર્થના કરે તો તેનું કલ્યાણ થાય છે, એવો મોટાનો પ્રતાપ છે.'' ॥૧૬૯॥

## વાર્તા ૧૭૦

સંવત ૧૯૭૩ના વૈશાખ સુદ-૧૪ને રોજ સવારે સભામાં વચનામૃતની કથા વંચાતી હતી. તેમાં વૈરાગ્યની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “પ્રકૃતિ પર્યંત સર્વે ખોટું છે તેને ખોટું કરે તે પણ વૈરાગ્ય છે અને પ્રકૃતિ પર અક્ષર પર્યંત જે સાચું છે તેને પણ ખોટું કરવું તે વૈરાગ્ય કહેવાય. તેમ જ જ્ઞાન પણ ઘણાં પ્રકારનાં છે, પણ અનુભવજ્ઞાન ખરું. મૂર્તિમાં રસબસ રહેવું તે અનુભવજ્ઞાન કહેવાય. ‘રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મિસરી પયમાંહી ભળી’ એમ મૂર્તિમાં જ રહેવું, પણ બહાર નીકળવું નહિ. મૂર્તિમાં રહે તેને મારું નહિ, તારું નહિ, સાધુ નહિ, ગૃહસ્થ નહિ; અને કાંઈ જોઈએ જ નહિ. ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક કોઈ સાધનની ખખા રહે નહિ, મૂર્તિ વિના બીજી કાંઈ સ્મૃતિ જ નહિ, કોઈ પ્રકારનો ઠરાવ જ નહિ. એક મૂર્તિ જ રહે.”

પછી લોયાનું ૫મું વચનામૃત વંચાતું હતું. તેમાં ઇંદ્રિયોને જીતવે કરીને અંતઃકરણ જીતાય છે એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “ઇંદ્રિયો તો જેમ પાડાને બાર વર્ષ ખવરાવીને ખૂબ તાજા કરીને વચ્ચે સૂએ તો સુખે સૂવા દે નહિ એવી છે. સત્સંગમાં બધી વસ્તુ છે, પણ ભોગવવી નહિ ને રસના ઇંદ્રિયને તો વિશેષે કરીને નિયમમાં રાખવી. જો ખાધાની બહુ આસક્તિ હોય તો ક્યાંયે વાડ તોડે એટલે નિયમ-ધર્મ મૂકી દે; માટે સૂકા હાડકા જેવા વિષયમાંથી લૂખા થાય તો વિઘ્ન નહિ. ધણીના દરબારમાં તો ઢગલા છે, પણ બધું ભોગવવાનું નથી. જો મૃત્યુ સામી નજર હોય તો વિષયથી લૂખા થાય. જો પાંચ-દસ દિવસમાં મરવાનું છે એમ કોઈક કહે તો કેવી ભીતિ લાગે? તેવી ભીતિ વિષયની લાગે તો વિષયના સંકલ્પ થાય નહિ. જો કે આહાર બધાય અશુદ્ધ છે, તોપણ રસમાં આસક્તિ તે અતિ અશુદ્ધ આહાર છે. લક્ષ્મીરામભાઈએ મુળીમાં રસના નિષેધની વાત કરી, પછી કોઈ સંત સારી રસોઈ કરે નહિ. પછી તેમણે કહ્યું જે, ‘ઠાકોરજીને વાસ્તે તો સારી રીતે રસોઈ કરવી, પણ પોતે તો પાણીમાં મેળાવીને રસ રહિત જમવું.’ આ વાત કહી એમ કરો તો ગઈ કાલે વાત કરી હતી તે વાતમાં પુષ્ટિ થાય.”

"જડ માયાથી તો નાગની પેઠે બીવું. જડ માયાને જો એક મિનિટ રાખે તેમાં જે પાપ થાય તેનું પણ માપ થાય તેમ નથી; તો જે ધર્મામૃત, સત્સંગિજીવનને વિસારીને પોતાનું ગમતું કરવા એ પાપ દેહ પર્યંત રાખે તો તો પાપનો પાર જ ન રહે; માટે પોતાનું કરીને દ્રવ્ય રાખવું-રખાવવું નહિ. કાળા નાગને સોડમાં ઘાલીને સૂએ તે જ્યાં જ્યાં અડે ત્યાં ત્યાં કરડે; માટે કાળા નાગની પેઠે દ્રવ્યથી બીવું. અમે ચાલી ચાલીને તીર્થે જાતા, પણ હવે તો હલાતું નથી."

"સંવત ૧૯૪૨ની સાલમાં છસો મનુષ્યનો સંઘ અહીંથી અમદાવાદ ગયો હતો, ત્યારે માર્ગમાં સાત પારાયણો વચનામૃતની કરીને પહોંચ્યા; તે જ્યાં ઊતરીએ ત્યાં ફાનસો કરીને કથા-વાર્તા કરતા. ગાડીમાં તો મહાદુઃખ છે; મુસલમાન તથા ડોશીઓ અડી જાય અને આગબોટ પણ એવી જ છે. મુળી ને અમદાવાદથી અહીં કચ્છમાં આવવું એમાં શું? હાથે ઝાલીને ઉપાડી લઈએ એટલું છેટું છે, માટે હાલીને આવવું એમાં લાભ ઘણો છે. એટલો લાભ રેલે બેસીને આવવામાં નથી ને સત્સંગના આશીર્વાદ પણ મળે નહિ. અમે થોડી વાત કરીએ તે ઝાઝી માનવી ને બીજો સાંખ્ય ભેળવવો."

પછી સાધુ મુક્તજીવનદાસજીએ પૂછ્યું જે, "કોઠારમાં ધોતિયાં નાખીને કાંઈ લેવાની ઈચ્છા ન હોય, પણ તેનું નામ યાદી રાખવા લખે જે ફલાણા સાધુનાં આટલાં ધોતિયાં આવ્યાં; તેમાં ધોતિયાં નાખનાર સાધુને બાધ હશે કે નહિ?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "કાંઈ લેવાની ઈચ્છા ન હોય ને યાદી રાખવા સારુ કોઠારી લખે તેનો બાધ નથી. સાધુ, પાળા, બ્રહ્મચારીને પોતાનું દ્રવ્ય રાખવા-રખાવવામાં સરખું પાપ છે અને પાર્ષદે શ્રી ઠાકોરજીના ધર્માદાનો પૈસો ઝાલવો તેમાં બાધ નથી."

એમ કહીને બોલ્યા જે, "સ્વામી, તમે આ લખો છો તે ક્યાંઈક બતાવશો તો અમને માર ખવરાવશો."

ત્યારે સ્વામીએ કહ્યું જે, ‘‘નહિ બતાવીએ.’’

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘બતાવજો, બતાવજો. મર માર દે; ફિકર નથી. ખબડદાર રહેજો ને જડ માયાને પાટું મારજો તો ધામમાં હડહડાટ હાલ્યા જાશું. એનો શો ભાર છે તે એ આપણી પાસે આવે? આમથી આવે તો આમ જાવું ને આમથી આવે તો આમ જાવું એટલે ગુરુએ શિષ્યનો અને શિષ્યે ગુરુનો ત્યાગ કરવો. આપણે જેને મેલ્યું તે ફેર આવવા કેમ દઈએ? એના ઉપર તો બહિર્ભૂમિ જવરાવ્યા છે તે સામું કેમ જોઈએ? માયા તો દેહને રાજી કરાવે છે, પણ કાંઈ જીવને રાજી કરાવતી નથી; માટે જડ-ચૈતન્ય માયાને પાસે આવવા દેવી નહિ. એને મૂકવામાં દુઃખ નહિ થાય, સુખ થશે; એના સ્વામિનારાયણ સાક્ષી છે. પણ જીવ બાળકિયા છે તે સર્પને તથા ઉઘાડી તરવારને ઝાલવા જાય છે, તે ઝાલવા ન દઈએ તો દુઃખિયા થાય ને ઝાલવા દઈએ તો મરી જાય.’’

‘‘ગુરુ-શિષ્યે એકબીજાનો ત્યાગ કરવો, પણ મહોબત રાખવી નહિ. જે જડ માયા રાખે તેનો ત્યાગ કરવો. આ લોકમાંથી જેમ ઘર-બાર, ખેતર, વાડી, સગાં-વહાલાં મૂકીને ભાગ્યા; તેમ જ જડ માયાના પ્રસંગવાળા શિષ્યને અથવા ગુરુને મૂકી દેવા, પણ ભેળું રહેવું નહિ. ભુજના રાજા દીપડો મારવા ગયા હતા ત્યાં ઘણાકને લઈ ગયા હતા. તે બોડ ખોદીને કાઢવાનો હતો તેથી બોડ ખોદતા જાય ને ઝાંખરાં દેતા જાય, પછી નીકળ્યો ત્યારે ગોળી મારી તેથી તે મરી ગયો. એમ ગુરુ-શિષ્યે ગોળી મારવી, પણ ભેળા પડી રહેવું નહિ.’’

પછી બોલ્યા જે, ‘‘હવે એ વાત નહિ કરીએ; કેમ જે કોઈકને ખોટું લાગે.’’

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે, ‘‘ખોટું નહિ લાગે, વાત કરો.’’

પછી બાપાશ્રી બોલ્યા જે, ‘‘ખાવા-પીવાનું સદ્‌ગુરુને અને નવા

સાધુને સરખું આપ્યું છે, અને સિદ્ધિઓના પણ ઢગલા ને ઢગલા બાપો કરે છે ને કરશે; સિદ્ધિઓ તો હાજર રહેશે.''

''જેમ સમુદ્રમાં સિંધુ આદિ નદીઓ આવે છે તે માર્ગ કરીને દસ-વીસ ગાઉમાં સમુદ્રનું પાણી મીઠું કરી દે છે; તેમ સમુદ્રને ઠેકાણે માયા છે ને નદીઓને ઠેકાણે સંત છે તે માયાને ભીંસ કરીને હઠાવી દઈને માર્ગ કરી દેવો. વળી, જેમ નદીઓ સમુદ્રને પાછો હઠાવી નવો કાંપ પાથરી તે સ્થળ રસાળ કરે છે અને તેમાંથી અનાજના ઢગલા ને ઢગલા પાકે છે તેથી લોકો જીવે છે; તેમ આપણે નદીની પેઠે માયામાં માર્ગ કરીને કેટલાક આસુરી જીવોને માયાથી રહિત કરવા.''

''માયા તો મારી દે એવી છે. તે રણછોડ મિસ્ત્રીને ક્યાંય લઈ ગઈ. એટલા સારુ આ માથું કૂટવું પડે છે. એ મિસ્ત્રીએ સમાગમ ને સેવા બહુ કરી હતી તોપણ લઈ ગઈ, માટે કુસંગ કરવો નહિ ને વેષ લીધો તે પૂરો ભજવવો. એકલા વેષમાં સુખ નથી.''

''જેમ સિંધુ નદી મોટા મોટા પહાડ ને ઝાડ તોડતી આવે છે, ને કાંપ પાથરે છે તેમાં બહુ જ અનાજ ને ફળ પાકે છે, તેમ આપણે પણ માયાને હઠાવી દોષમાત્ર ટાળીને ફળ પકવી લઈએ, એટલે ધ્યાને કરીને મહારાજની મૂર્તિ સિદ્ધ કરી લઈએ તો ઠીક.''

''મહારાજે તો પોતાના ભક્તનું દુઃખ પોતે માગી લીધું છે. એવડી બધી દયા છે. કોઈ હરિજન દરિદ્રી રહે છે તે તો મહારાજ એને પાકો કરે છે. એક હરિજન મહારાજને દર્શને આવે ત્યારે દંડવત કરતો કરતો આવે. પછી લાડુબા, જીવુબા આદિ બાઈઓએ કહ્યું જે, 'આને ગરીબ કેમ રાખ્યો છે?' ત્યારે મહારાજ કહે, 'અમે સમજીને રાખ્યો છે.' પછી બાઈઓ કહે જે, 'તમે ભૂલ્યા છો.' ત્યારે મહારાજ કહે, 'અમે નથી ભૂલ્યા.' પછી બાઈઓ કહે જે, 'ના મહારાજ, ભૂલ્યા છો.' ત્યારે મહારાજ કહે જે, 'તમે એને આપજો, અમારી આજ્ઞા છે.' પછી બાઈઓએ એને આપ્યું તેથી તે નગરશેઠ થયો. પછી તો ગામ રાખ્યાં

ને ચક્રવર્તી રાજ્ય ઇચ્છ્યું ને રાજા પણ થયો. પછી ઇંદ્ર, બ્રહ્મા, વૈરાજ, સંકર્ષણાદિક, મહત્તત્વ અને પ્રધાનપતિ થયો. છેવટે મૂળપુરુષ થઈને લક્ષ્મીજીને વરવા ઇચ્છ્યો, ત્યારે મહારાજે કહ્યું જે, 'આ તો લક્ષ્મીજીને વરવા ઇચ્છ્યો; હવે કેમ કરવું?' ત્યારે તે બાઈઓએ શાપ દીધો જે, 'હે પાપી! જા, તું અસુર થા.' પછી તે અસુર થયો. અને બાઈઓએ કહ્યું જે, 'હે મહારાજ! તમે ઠીક જ કરતા હશો.'''

"તૃષ્ણા એવી છે. 'તૃષ્ણા તું બડી ભઈ નકટી, સબ જીવનકી લાજ લેત' એવી છે જે ભક્તને અસુર થવું પડ્યું. અને માંડવીના વાંઝા રામજીએ વેપાર કર્યો હતો, તે બાર હજાર કોરી હતી તે બધી ખોટ ગઈ ત્યારે હવે બેઠા જોગ કરે છે. અને ભુજનો વેલજી સુતાર અમલદાર હતો, તેણે ઊંધુંચિત્તું કરીને દ્રવ્ય ભેળું કર્યું હતું, પણ મરતી વખતે સવળો વિચાર ઊપજ્યો, તેથી શ્રી ઠાકોરજીને સર્વસ્વ આપ્યું, તો મુક્તોએ તેને ધામમાં પહોંચાડ્યો. દ્રવ્ય હોય તો મહારાજને અર્થે વાપરવું, પણ સગાં-સંબંધીને આપી દેવું નહિ, તો મોક્ષ કરે." ॥૧૭૦॥

## વાર્તા ૧૭૧

સંવત ૧૯૭૩ના વૈશાખ સુદ-૧૫ને રોજ સવારે સભામાં વચનામૃતની કથા વંચાતી હતી. તેવામાં કુંભારિયેથી ગોવાભાઈનો પત્ર આવ્યો જે, "કુંભારિયે ક્યારે પધારશો તે લખી મોકલો તો સિગરામ મોકલીએ."

પછી સ્વામી ઈશ્વરચરણદાસજી પાસે બાપાશ્રીએ કાગળ લખાવ્યો જે, "અમે તથા સર્વે સંત-હરિજનો વદ-૭મે અહીંથી ચાલીશું, માટે તમે સિગરામ વદ-૬ને દિવસે મોકલશો અને કથા વાંચવાનું મંદિરની ઓસરીમાં રાખો તો ઠીક, કેમ જે ઇંદ્ર ઘેલો થયો છે તે વિઘ્ન કરશે."

પછી સારંગપુરનું ૧૭મું વચનામૃત વંચાવ્યું, તેમાં ગરુડ પણ આકાશનો પાર પામે નહિ એ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "ગરુડનું દૃષ્ટાંત તો મૂળઅક્ષર સુધી

પહોંચે ને તેથી પર એકાંતિક ને પરમ એકાંતિક ને અનાદિ એ ત્રણને ગરુડનું દૃષ્ટાંત લાગુ પડે નહિ. તેમાં એ પરમ એકાંતિક ને અનાદિ તો ભગવાનરૂપ છે, તે એકાંતિકને મૂર્તિમાં ખેંચી લે છે. આ છેલ્લા મુદ્દાની વાત છે, હવે ખોળવું બાકી નથી. અક્ષરથી પર એકાંતિક, તેથી પર પરમ એકાંતિક, તેથી પર અનાદિ અને તેથી પર શ્રીજીમહારાજ છે; આ છેલ્લો મુદ્દો હાથ આવ્યો.''

''જેમ સમુદ્ર વેળ લાવે ને ખેંચી જાય, તેમ મૂર્તિમાંથી અનુભવજ્ઞાન આવીને મૂર્તિમાં ખેંચી જાય છે, તે કૃપાસાધ્ય છે. 'ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિના' તે સમય આજ આવ્યો છે. એક સમયે એક ગામમાં પર્વતભાઈ ને ઝીણાભાઈ આદિ સત્સંગી બેઠા હતા ત્યારે પર્વતભાઈએ કહ્યું જે, 'મહારાજની ને મુક્તની ખુશબો આવે છે.' એટલામાં તો મહારાજ ને મુક્ત આવ્યા. અનુભવજ્ઞાનમાંથી ખુશબો આવે છે તે મૂર્તિમાં લઈ જાય છે ત્યારે એક પુરુષોત્તમ જ રહે છે; અક્ષરાદિક બીજું કાંઈ રહેતું નથી; એક કારણ મૂર્તિ રહી. 'સૌને વશ કરું રે સૌનો કારણ હું ભગવાન.' બ્રહ્મકોટિ, અક્ષરકોટિ એ સર્વેના પ્રકાશને મહારાજનો પ્રકાશ લીન કરી નાખે છે.''

પછી ભુજના લાલશંકરભાઈએ પૂછ્યું જે, ''મૂળઅક્ષર ને અક્ષર તે એક છે કે જુદા?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મૂળઅક્ષર કહો કે અક્ષર કહો તે એક જ છે ને એની કોટિઓ છે, અને અક્ષરધામની કિરણોમાં એમની અનંત કોટિઓ રહી છે. અક્ષરધામ તો એ કોટિઓનું આધાર, અંતર્યામી, પ્રેરક ને નિયંતા છે; અને તે અક્ષરધામ તે શ્રીજીમહારાજનું તેજ છે.''

''આ સભાનો મહિમા તો અતિશે મોટો છે. ઉદ્ધવજી વૃક્ષને નમ્યા હતા, તેથી આ બાગ તથા જે જે વૃક્ષ આ મુક્તનાં દર્શન કરે છે તેમનો મહિમા તો અતિશે અપાર છે. રામજીભાઈ આ બાગમાં ઝાડ છે

તેને બાથમાં ઘાલીને મળતા ને પ્રાર્થના કરતા જે, 'મારે ઉપરદળ જાવું પડશે ને તમારે આ મુક્તનો વિયોગ નહિ થાય; માટે મારા કરતાં તમારાં ભાગ્ય મોટાં છે.' વળી નાના છોકરાને પણ પગે લાગતા ને કહેતા જે, 'આ બધા મોટા થશે ત્યારે બ્રહ્મયજ્ઞ કરશે ને શ્રીજીમહારાજના સ્વરૂપનો નિર્ણય કરશે, તે સમયે મારાથી અવાશે નહિ તે સારુ આજથી દર્શન કરી લઉં છું. આ છોકરા નાના નથી, કેમ જે તમારાં દર્શન સદાય કરે છે અને હું તો છ મહિને કે બાર મહિને આવું ત્યારે મહિનો કે બે મહિના તમારાં દર્શન તથા જોગ મળે. અને આ છોકરાં તથા વૃક્ષો તે તો સદાય તમારાં દર્શન ને જોગ કરે છે, માટે બહુ મોટાં ભાગ્યશાળી છે, અને પુરુષોત્તમરૂપ થઈ ગયાં છે; કેમ કે તમારાં દર્શન સદાય કરે છે, એમાં શું બાકી રહે?' એવા મહિમાવાળા હતા."

"માટે કારણ જે પુરુષોત્તમ તેમને પકડે તો ઊંડા ઊતરી જવાય અને કાર્ય જે પરોક્ષ અક્ષરાદિક અવતારો તેમને પકડે એટલે સંભારે તો બહાર નીકળી જવાય. જ્યારે વચનામૃતમાં નારદ-સનકાદિક નામે કહ્યા હોય ત્યારે મુક્તને સમજવા, તો મૂર્તિથી ઓરું ન અવાય અને પરોક્ષ નારદ-સનકાદિક સમજાય તો બહાર નીકળી જવાય એટલે ઓરું આવી જવાય. શ્રીજીમહારાજે પોતાનો મહિમા પરોક્ષ નામે કહ્યો છે તે પામર અને વિષયી જીવને પણ લઈ જવા છે તે માટે કહ્યો છે. આપણે રામકૃષ્ણ ગોવિંદ કહીએ છીએ તે શ્રીજીમહારાજને જ કહીએ છીએ, પણ પરોક્ષ નામથી કહીએ છીએ; તેથી એમના ઉપાસકોને સારું લાગે છે, તે સારુ કહીએ છીએ."

"અક્ષરધામમાં બાગ-બગીચા કહ્યા છે તે આ લોકના કહ્યા છે, પણ દિવ્યભાવમાં નથી. માટે પરભાવ ને અવરભાવ એ બે શબ્દ મહારાજે મેલ્યા છે તે સમજવા જોઈએ. જે મૂર્તિ અક્ષરધામમાં છે તે જ મૂર્તિ મનુષ્યરૂપે ને પ્રતિમારૂપે દર્શન આપે છે, એમ સમજાય તો કામ નીકળી જાય. મંદિરમાં મૂર્તિ પધરાવ્યા પછી ભાવ સારો આવ્યો છે કે નથી આવ્યો એમ ભાવ જોવો નહિ; કેમ જે અક્ષરધામમાં મૂર્તિ છે તે

જ પ્રતિમા છે, પણ એક રોમનો ફેર નથી; જો ફેર જાણે તો દ્રોષ કર્યો કહેવાય. આજ ધણીય મોટા મળ્યા ને પ્રાપ્તિય મોટી મળી. માટે હવે તો કરવા મંડવું; જો ન કરે તો કૃતઘ્ની કહેવાય. આ દેહે કરીને શું ન થાય? જે કરે તે સર્વે થાય એવું છે. આ અમારી આજ્ઞા પાળશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં લઈ જાશું. અમે તો મૂર્તિમાંથી આવ્યા છીએ, તે તમને મૂર્તિમાં લઈ જાશું; અને જો આજ્ઞા નહિ પાળો તો તમારે અમારે લેણા-દેણા નથી.''

એમ વર ને શાપ આપીને વાર્તાની સમાપ્તિ કરી ને 'શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય ને આ સભાની માયાનો ક્ષય' એમ બોલ્યા. ॥૧૭૧॥

## વાર્તા ૧૭૨

સંવત ૧૯૭૩ના વૈશાખ વદ-૧ને રોજ સવારે સભામાં મધ્ય પ્રકરણનું ૫૧મું વચનામૃત વંચાતુ હતું. તેમાં જે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે વર્તે તે જ આત્મસત્તારૂપે વર્તે છે એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આજ્ઞા છે તે આત્મસત્તાનું કામ કરે છે, એટલે આજ્ઞા પાળનારો આત્મસત્તારૂપ એટલે મહારાજના તેજરૂપ થાય છે, ત્યારે તે પાત્ર થયો; પછી મોટા મુક્ત એમાં મૂર્તિ પધરાવી દે છે.''

એમ કહીને બોલ્યા જે, ''અમે તમને મૂકીને એકલા ગયા તે ઘેર નિસરણી ચઢતાં પગે મચકોડ આવ્યો, તેમ તમે જો મહારાજને ને અમને મૂકી દેશો તો એવું થાશે. માટે આજ્ઞામાં રહીને મહારાજને સંભારજો; પણ 'રાંડીને ઘેર માંડી ગઈ તે આવ બાઈ હું જેવી તું થા', એમ ન કરશો. જેને ઘાટ થતા હોય તેના આગળ પોતાના ઘાટ કહીએ ત્યારે તે બોલે જે, 'એ તો દેહના ભાવ છે તે ઘાટ તો થાય ખરા', એવી મોળી વાત કરે તે રાંડી પાસે સુવાસણી ગયા જેવું છે. અને બરોબરિયાનો જોગ કરીએ તે 'કૂતરાનું મુખ કૂતરે ચાટ્યું' એવું છે; કેમ

કે એવાના જોગથી વૃદ્ધિ ન પમાય. અને જે અવગુણિયા હોય તે ભેગા થઈને મોટા સત્પુરુષની નિંદા કરીને તે અવગુણરૂપી ઝેર પરસ્પર ચઢાવે તે 'સર્પને ઘેર પરોણો સાપ' એવું છે. માટે એ કુસંગ ઓળખીને તેથી છેટે રહેવું, પણ તેનો સંગ ન કરવો.''

''શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'સત્સંગમાં રાહુ-કેતુ જેવા પડ્યા છે, તેમનો સંગ ન કરવો.' જે મોટા હોય તેમને કોઈક પોતાના ઘાટ કહેવા આવે ત્યારે તેને ઘાટની નિવૃત્તિ થાય તેવી રીતે શુદ્ધ સત્ત્વગુણમાં રહીને શાંતિથી કહેવું, પણ ક્રોધે કરીને તેનો તિરસ્કાર ન કરવો. કોઈકને આજ્ઞાલોપ થઈ ગઈ હોય તેને પણ શાંતિથી કહેવું, પણ કોપ તો કરવો જ નહિ; કેમ કે કોપ તો પોતાનું ભૂંડું કરે એવો છે. સંગ કરનારે પણ તપાસીને સંગ કરવો ને જે સંકલ્પને ટાળી નાખે તેનો જોગ કરવો. અને પંચજ્ઞાનેન્દ્રિયો તથા ચાર અંતઃકરણ દ્વારે ભગવાનનો રસ લેવો, એટલે તે ઇંદ્રિયો દ્વારે શ્રીજીમહારાજને સંભારવા અને આજ્ઞા પાળવી.''

દ્રવ્યને તો વિષ્ટા તુલ્ય જાણવું, એટલે તેનો વિષ્ટાની પેઠે ત્યાગ કરવો. જો વિષ્ટાનો સંકલ્પ થાય તો દ્રવ્યનો સંકલ્પ થાય. જેટલું વિષ્ટામાં હેત હોય તેટલું દ્રવ્યમાં હેત રાખવું; એટલે જેમ વિષ્ટાનો સંગ્રહ થતો નથી તેમ દ્રવ્યનો સંગ્રહ કરવો નહિ. અરે! તેથી પણ ભૂંડું જાણીને તેનો ત્યાગ કરવો. એ વિના શું ચાલતું નથી?

''ત્યાગીને ખાવા, પીવા, લૂગડાં સર્વે ગૃહસ્થ આપે છે તો બીજું શું જોઈએ? ત્યાગી તો ગૃહસ્થ અન્ન-વસ્ત્ર આપે છે તેના પણ દેણદાર થયા. માટે એ દેણું વાળવાને માટે માળાઓ ફેરવવી અને પોતાનું પણ કરવું. માટે ખૂબ ખબડદાર રહેવું; નહિ તો હરિભક્તને ઘેર જન્મવું પડશે, ને નવ મહિનાની કેદ આવી પડશે. જે દ્રવ્યનો ને સ્ત્રીનો બેયનો ત્યાગ રાખશે તેનું અમે પૂરું કરીશું. માટે એ બેયની તો અંતરમાંથી ઊલટી કરી નાખવી; તો અમે શ્રીજીની મૂર્તિમાં લઈ જાશું ને સુખિયા કરીશું.''

"કારિયાણીના ૧૦મા વચનામૃતમાં શ્રીજીમહારાજે 'અમને સર્વકર્તા જાણવા અને પ્રેમે સહિત તપ કરવું' એ પોતાનો સિદ્ધાંત કહ્યો છે; માટે માયાનો ત્યાગ કર્યો છે તેને પેસવા દેવી નહિ. એટલે ચૈતન્ય માયા જે સ્ત્રી અને જડ માયા જે દ્રવ્ય તેનો સંકલ્પ થવા દેવો નહિ; તો રખાય કે રખાવાય જ કેમ? એ પ્રમાણે રહેવું, પણ એમાં ફેર પડવા દેવો નહિ."

એટલી વાત કરીને પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, "તમે વાડ કરજો એટલે સર્વેને વર્તમાન પળાવજો, અને તેને તેડવા અમે આવશું."

એમ કહીને બોલ્યા જે, "તમને કોઈ કહે જે, 'તમે ભાડાં ખરચીને શું કરો છો?' તો તેને આ લખેલું બતાવજો અને કહેજો જે, 'અમે આ કરીએ છીએ, ને તમેય આ કરો' એમ કહેજો." ॥૧૭૨॥

## વાર્તા ૧૭૩

સંવત ૧૯૭૩ના વૈશાખ વદ-૩ને રોજ સવારે સભામાં અમદાવાદનું ૭મું વચનામૃત વંચાતું હતું. તેમાં સર્વેને અંતર્યામી જેવા કરીશું, અને બ્રહ્માંડની ઉત્પત્ત્યાદિક કરે એવા સમર્થ કરીશું એ વાત આવી.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "એ કેવી રીતે સમજવું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મહારાજની મૂર્તિને વિષે શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી બ્રહ્માનંદ સ્વામી, પર્વતભાઈ આદિ અનંત મુક્ત રહ્યા છે; તે જે સુખ લે છે તે એક-બીજા જાણે છે જે, 'આ મુક્ત આટલું સુખ લે છે ને આ મુક્ત આટલું સુખ લે છે', એમ જાણવું તે અંતર્યામીપણું કહ્યું છે. અને આ લોકમાંથી જીવને વર્તમાન-નિયમ પળાવીને માયાથી પર કરીને સત્સંગમાં લાવીને ધામમાં કે મૂર્તિમાં લઈ જવા તે ઉત્પત્ત્યાદિક જાણવી."

પછી ભુજના ભોગીલાલભાઈએ પૂછ્યું જે, "લોયાના ૧૩મા વચનામૃતમાં તુચ્છ જેવો જીવ હોય એ જો ભગવાનના ચરણારવિંદમાં નિર્વિકલ્પ સ્થિતિએ કરીને રહ્યો હોય, તેને દેશ, કાળ, સંગાદિકે કરીને પરાભવ ન થાય; ને બ્રહ્માદિક એવી રીતે રહ્યા હોય તો તેને પણ પરાભવ ન થાય એમ કહ્યું છે. તે જે ભગવાનના ચરણારવિંદમાં રહ્યો હોય તેને તુચ્છ જેવો કહ્યો છે તે કેમ સમજવું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ લોકની દૃષ્ટિએ મનુષ્યભાવે તુચ્છ કહ્યો છે, પણ ભક્તપણાની દૃષ્ટિએ જોઈએ તો બ્રહ્માદિકથી પણ ઘણો મોટો છે. અને બ્રહ્મા જેવા કહ્યા છે તે ઐશ્વર્યની દૃષ્ટિએ કહ્યા છે, પણ ઐશ્વર્યાર્થીઓ તો કેટલાક માયાની અંદરના છે ને તે માયારૂપી કેદખાનામાં પડ્યા છે, અને કેટલાક માયાથી પરના છે તે ઐશ્વર્યરૂપી કેદખાનામાં પડ્યા છે. અને આ જીવ તો મહારાજના મુક્તને વિષે હેત કરીને માયામાંથી અને ઐશ્વર્યમાંથી છૂટી ગયા; માટે ઘણા મોટા છે."

"મહારાજની ઉપાસના તો આ સત્સંગમાં છે; પણ બીજે ગોલોક, વૈકુંઠ, બ્રહ્મકોટિ કે અક્ષરકોટિમાં ક્યાંયે નથી. એ સર્વે આજ મનુષ્યરૂપે થઈને પોતાના કલ્યાણને અર્થે આ સત્સંગમાં આવ્યા છે. તેમાં કેટલાક તો મુક્તને જોગે કરીને અક્ષરધામમાં જતા રહ્યા, અને કેટલાક મુક્તનો જોગ કરે છે, તે મહારાજનો મહિમા સમજીને અક્ષરધામમાં જાય છે અને કેટલાક આવે છે તે મુક્તનો જોગ કરીને જશે. માટે બીજી સભાઓના મુક્તોથી તથા તેમના સ્વામીઓથી પણ આ સત્સંગમાં શ્રીજીમહારાજના મુક્ત વિશેષ છે."

આટલી વાર્તા કરીને પછી સર્વેને હાર પહેરાવ્યા, ને પછી પુષ્પની પાંખડીઓ સંતો ઉપર નાખીને બોલ્યા જે, "આ વિનગુણ એટલે દિવ્ય હાર છે, તેની પાંખડીઓ પડી છે તે વીણી લ્યો."

પછી સંતે પુષ્પોની પાંખડીઓ વીણી લીધી.

પછી બોલ્યા જે, "ધણી અહીં મળ્યા છે ને કસર ટાળવા જ્યાં

ત્યાં જાય તે સમજણમાં ખામી છે, માટે જે છે તે અહીં છે. જેતલપુરમાં સંતદાસજીએ સર્વે સંતોને કહ્યું હતું જે, 'જે છે તે અહીં છે ને બધા અહીંનું ભજન કરે છે'. માટે બીજે કોઈ જગ્યાએ એટલે કોઈ ધામમાં કે તેના ધામીમાં વૃત્તિ કરવી નહિ. 'મેરે તો તુમ એક આધારા', એમ એક શ્રીજીમહારાજનો જ આધાર હારલની લકડીની પેઠે રાખવો. બીજા મોટા મોટા મૂળઅક્ષર પર્યંત સર્વે શ્રીજીના સકામ ભક્ત છે તે કોઈનો આધાર કે ભાર ન રાખવો. શ્રીજીમહારાજ પાસેથી પણ માયિક સુખ કે ઐશ્વર્ય કાંઈ ઈચ્છવું નહિ, અને જો ઈચ્છે તો કીડીસખી (એ નામે સાધુ)ની પેઠે માર ને ભાઠાં પડે. માટે એક મૂર્તિ જ ઈચ્છવી તો નિષ્કામ ભક્ત કહેવાય, ને મુક્તની પંક્તિમાં ભળાય."

"જુઓને! કેવા મહારાજ મળ્યા ને કેવા મુક્ત મળ્યા! આવું કોઈ નથી. મૂળઅક્ષરકોટિને પણ આ મુક્તનાં દર્શન નથી, તે તમને મળ્યા છે. માટે મૂળપુરુષરૂપ ઈશ્વરકોટિનો તથા બ્રહ્મકોટિનો તથા અક્ષરકોટિનો ને એમનાં કાર્યનો એ સર્વેનો નિષેધ કરી નાખવો. જેમ મહારાજ ને મુક્ત મોટા મળ્યા છે તેમ જ આ લોકમાં સાધનદશાવાળાને કળિયુગ પણ મોટો મળ્યો છે, તે રૂપ ફેરવી નાખે છે ને મોટા મોટાને પણ કલ્યાણના માર્ગમાંથી પાડે છે. એ તો જે મહારાજનાં સ્વરૂપમાં જોડાય તેને બાધ ન કરે, પણ બીજાને તો કરે ખરો."

એમ વાતો કરતા હતા એટલામાં માવજીભાઈ જમવા બોલાવવા આવ્યા.

પછી ઊઠતી વખતે બોલ્યા જે, "અખાડો ચલાવો, આ ઝાડવાં સાંભળશે તે અક્ષરધામમાં ચાલશે."

એમ કહીને જમવા પધાર્યા ને સંતોએ કથા ચાલતી રાખી. પછી બાપાશ્રી જમીને આવ્યા, ત્યારે સંતોએ 'જય સ્વામિનારાયણ' કહ્યા ત્યારે મૂર્તિ સામે હાથ કરીને બોલ્યા જે, "આ સ્વામિનારાયણ ઊભા, જેને લેવા હોય તે લ્યો." ॥૧૭૩॥

## વાર્તા ૧૭૪

સંવત ૧૯૭૩ના વૈશાખ વદ-૪ને રોજ સવારે સભામાં સારંગપુરનું બીજું વચનામૃત વંચાતું હતું. તેમાં પરમેશ્વર તથા મોટા સંત તે યોગ્ય અથવા અયોગ્ય વચન કહે તે તત્કાળ સ્નેહે સહિત માનવું એમ આવ્યું.

ત્યારે મોડાસરના માસ્તર લલ્ભુભાઈએ પૂછ્યું જે, "સંતનું અયોગ્ય વચન કયું જાણવું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "ગુરુ હોય તે પોતાના શિષ્યને ગુણમાં આવીને શિખામણ દે તે અયોગ્ય વચન કહેવાય, અને શુદ્ધ સત્ત્વગુણમાં એટલે નિર્ગુણ થઈને બોલે, વઢે તે યોગ્ય કહેવાય. શિષ્ય હોય તે ગુરુનું અયોગ્ય વચન માને તો તેને શ્રીજીમહારાજનું વચન પળે અને વચનના માર્યા જુદા ન પડે તો તે શૂળીનું દુઃખ સહન કર્યું કહેવાય. જે શિષ્ય હોય તેણે ગુરુ આગળ યુક્તિ ન કરવી ને ખટપટીયા ન થાવું અને અગડમ્ બગડમ્ ન કરવું. જેવા માંહી તેવા બહાર રહેવું, પણ લેશમાત્ર કપટ ન રાખવું; તો ગુરુ તથા મહારાજ રાજી થાય અને મોક્ષ થાય. માટે ચોખ્ખા થઈને ધામમાં જાવું. અગડમ્ બગડમ્ કામ નહિ આવે, ધામ નહિ મળે ને મળશે ધક્કા, એવું થાશે. આવા ગુરુ ને આવા મહારાજ મળ્યા, ત્યારે શીદ ચોખ્ખા ન થાવું? એ તો થાવું જ. ગોબરા ગુરુનો ત્યાગ કરવો, પણ ગુરુ-શિષ્યે એક-બીજાની મહોબત ન રાખવી. જે ગુરુ સેવા કરાવે ને મોક્ષ પણ કરે એવા ભેળા રહેવું. એક સડેલ સરખી ચીજ ન મુકાય તો મોટાને ને મહારાજને શું રાજી કર્યા? તેને તો સાધુનો માર્ગ જ હાથ નથી આવ્યો. માટે સડેલ ગુરુનો ને સડેલ શિષ્યનો તાગ કરવો."

"વહેલા ઊઠી, નાહી-ધોઈને પૂજા કરીને હરિભક્તને કથા-વાર્તા કરવી તે સેવા કહી છે. આ જ્ઞાન જેને થયું હોય તેને કદાપિ વાસના રહી જાય ને ઈંદ્ર કે બ્રહ્માના લોકમાં જાવું પડે તો ત્યાં પણ આ જ્ઞાન

રહે છે. ને પછી પસ્તાવો કરીને એ લોકને મૂકીને અહીં આવીને મોક્ષને માર્ગે ચાલે છે ને પછી કલ્યાણ થાય છે, એવું આ જ્ઞાનનું માહાત્મ્ય છે.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જેઃ ''આવો જોગ મળ્યો, તોપણ આળસ ને પ્રમાદ કેમ રહેતાં હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''પ્રથમ તો નિશ્ચયમાં કસર છે, ને બીજી મહિમામાં કસર છે ને ત્રીજી શ્રદ્ધા ઓછી છે, તેથી આળસ ને પ્રમાદ રહે છે. જો મહારાજને ને અનાદિમુક્તને સાથે ને સાથે રાખે તો સત્સંગ દિવ્ય જણાવે ને નિશ્ચય ને મહિમા તે યથાર્થ દૃઢ કરાવે; એટલે આળસ, પ્રમાદ આદિ સર્વે દોષથી રહિત થવાય.''

એમ કહીને પછી બોલ્યા જે, ''સાંભળજો! અલીખાં પઠાણે જેતલપુરમાં છ મહિના શ્રીજીમહારાજની વાતો સાંભળી અને બધી કહી સંભળાવી અને સંતોથી કહેવાણી નહિ એવો શ્રોતા હતો. માટે એવા શ્રોતા થાવું.''

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, ''શ્રીજીમહારાજને માહાત્મ્ય જ્ઞાને સહિત જેવા છે તેવા જાણતો હોય ને મુક્તને પણ જેવા છે તેવા જાણતો હોય, પણ આત્માને વિષે સાક્ષાત્ દેખાતા ન હોય, તે ભક્તનાં ઇંદ્રિયો-અંતઃકરણ પુરુષોત્તમરૂપ થયાં કહેવાય કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''અનાદિમુક્ત થકી જ્ઞાન પામ્યો તે જ્ઞાન દિવ્ય છે, માટે તે મૂર્તિને દેખે નહિ તોપણ તે પુરુષોત્તમરૂપ થયો છે; કેમ જે અહીં મનુષ્યરૂપે શ્રીજીમહારાજ કે અનાદિમુક્ત વિરાજતા હોય તેમને વિષે એને દિવ્ય બુદ્ધિ થઈ ગઈ છે, માટે તે પુરુષોત્તમરૂપ થઈ ગયો છે– પણ જો આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ ન થાય તો.''

એમ કહીને બોલ્યા જે, ''તમને બધાયને મૂર્તિમાં મૂક્યા છે ને દેહમાં ક્રિયા મહારાજ કરે છે, માટે જેવો જોગ તમને મળ્યો છે તેવો કોઈને મળ્યો નથી. પણ 'ગાંડાને ગાદી' જેવું ન થવા દેવું. આ સુખ મોટું મળ્યું, પ્રાપ્તિ મોટી મળી, ધણી મોટા મળ્યા, તોપણ વલખાં કરે

ને અકળાય જે, ‘મારે કાંઈ નથી’. પણ શું નથી? બધુંય આ સભામાં છે, પણ તેનો મહિમા નહિ એટલે પરભાવમાં જોવા ઈચ્છે; પણ બધું અવરભાવમાં છે એમ ન સમજાય. તેથી અક્ષરધામની વાટ જુએ, ને સભાની ને મૂર્તિની વાટ જુએ જે, ‘અક્ષરધામમાં જ્યારે જઈશું ત્યારે દેખશું.’ એ અજ્ઞાન છે ને એટલી નિષ્ઠામાં કસર છે. સુખમાત્ર બધું આ સભામાં છે, પણ મફતનું અપૂર્ણપણું રાખે છે. શ્રીજીમહારાજ અને અનાદિ તથા પરમ એકાંતિક મુક્ત આ સભામાં દર્શન આપે છે, અને વળી સમર્થ થકા જરણા કરે છે જે, કોઈ અલ્પ જીવ માન-અપમાન કરે તેને સહન કરે છે; પણ જીવને નાસ્તિકપણું છે તેથી દિવ્ય જાણતા નથી. સત્સંગમાં બધું છે; તે વળી ક્યાંઈક નહિ, પણ અહીં જ છે, ખોળવા જશો નહિ. આવા પુરુષ ને આવા સંત કહેનારા ક્યાંથી હોય? આ મુક્ત તો શ્રીજીમહારાજના પડછંદા છે.”

“શ્રીજીમહારાજને આત્માને વિષે પધરાવ્યા એટલે બધા દેવતા ઠેઠ અક્ષર સુધીના ઊઠી ગયા, ને એક મહારાજ દેવતા થયા, અને બધું કર્તાપણું મહારાજ દ્વારે જીવને રહ્યું તે વ્યતિરેકપણે રહ્યું, પણ અન્વયપણે નહિ. અન્વયપણે તો અક્ષરકોટિથી લઈને જીવકોટિ સુધી જ. આ તો વ્યતિરેકપણે એટલે મૂર્તિમાન આત્માને વિષે રહીને સર્વે ક્રિયા કરે છે. જેમ લોકમાં ગરબા કરે છે તેમાં કાણાં કરે છે ને માંહે દીવો મૂકે છે, તેનું અજવાળુ કાણાંમાં દેખાય છે; તેમ આત્મામાં શ્રીજીમહારાજ રહીને સર્વે ઇંદ્રિયોમાં ક્રિયા કરે છે. નેત્રે જુએ છે, પગે ચાલે છે, શ્રોત્રે સાંભળે છે, એમ સર્વે ક્રિયા મહારાજ કરે છે.”

“આવા મોટાનો વાયરો અડીને જેના ઉપર આવે તેનો મોક્ષ કરે છે. જેમ પુષ્પાદિકની ખુશબો આવે છે તેમ મહારાજનો ને મોટાનો સ્પર્શ થાય તેને તેમનું સુખ આવે છે. એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ છે, કેમ કે મહારાજ ને મુક્ત એના આત્મામાં વિરાજે છે; માટે અકેકામાં અનેક અનેક થયા.”

"સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી અહીં ભુજના સભામંડપની લખણી કરવા આવ્યા હતા. તેમની સાથે અમો ગામ જતા હતા, તે રસ્તામાં જતાં એક વળાકામાં સંતો આગળ જતા રહ્યા અને અમે તથા સ્વામી રહી ગયા એટલે સ્વામીએ સંતોને લાકડી ઊંચી કરીને ઊભા રાખ્યા ને બોલ્યા જે, 'અનંત સાધુ આપણા ભેળા છે એવા આપણે બે છીએ, તોપણ આ લોકનું રાખવું પડે છે; નહિ તો આપણા ભેળા કરોડો કરોડો મુક્ત છે, એટલા કહીએ તોયે થોડા કહેવાય, તોપણ સાધુને ઊભા રાખવા પડ્યા; કારણ કે શ્રીજીમહારાજે ધર્મપ્રબંધ બાંધ્યો છે તે મોટા મુક્ત પાળે તો જ સાધનિક પાળે.' એમ બોલ્યા."

પછી વળી સ્વામીએ કહ્યું જે, "આવા ને આવા સદા અમારા ભેળા રહેજો."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આવા ને આવા સદાય ભેળા રહીશું, પણ તમે ભેળા રાખજો, એટલે અમને સદાય પાસે જાણજો. અને આજ્ઞા નાની-મોટી લોપાતી હોય તો એમ જાણીએ જે, 'આ આવ્યા', તો આવીને ઊભા રહીશું. આજ્ઞા પાળે તો અમે વગર બોલાવે આવીએ. માટે આજ્ઞા પાળવી, પણ એમ ન જાણવું જે એ હતા ત્યારે હતા ને હવે નથી. જો એમ જાણે તો આજ્ઞા લોપાય. માટે સદા સાથે છે એમ જ જાણવું." ॥૧૭૪॥

## વાર્તા ૧૭૫

સંવત ૧૯૭૩ના વૈશાખ વદ-પને રોજ સવારે સભામાં મધ્ય પ્રકરણનું ૫૦મું વચનામૃત વંચાતું હતું. તેમાં નદી, સતી ને પતંગ તથા શૂરાના દૃષ્ટાંતની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ ત્રણે સાધનદશાની સ્થિતિના ભેદ છે, પણ સિદ્ધદશામાં તો જેને અહીં પરમ એકાંતિક મળ્યા હોય તેને પોતાના જેવી સ્થિતિ કરાવે તે તેજમાં મૂર્તિમાન થઈને મૂર્તિનું સુખ ભોગવે છે, અને અહીં જેને અનાદિ મળ્યા હોય તે મૂર્તિમાન થઈને

મૂર્તિમાં રહીને સુખ લે છે. આવું સુખ પામવા સારુ આગળ સંતો ગોળા ખાઈને તથા ભૂખ, દુઃખ, ટાઢ, તડકો, વરસાદની ધારાઓ સહન કરીને સમાગમ કરતા. આજ તમને જ્યારે ઢગલા ને ઢગલા મળે છે ત્યારે એવો ખપ નથી. આજ તો આ ગામથી બીજે ગામ જવું હોય ત્યારે હરિભક્તો પૂછે જે, 'સ્વામી! કેટલાં ગાડાં લાવીએ?' તે હરિભક્તોને તો ઠીક જે સેવા થાય, પણ બેસનારને ખોટ આવે."

"સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી તથા અક્ષરજીવનદાસજી સ્વામી તે તો બેસતા નહિ. સંવત ૧૯૬૨ની સાલમાં અમે ને સ્વામી અક્ષરજીવનદાસજી આદિ સૌ અમદાવાદ જતા હતા. તે મુળીથી કાળિયાણા ગયા ને ત્યાંથી આરતી ટાણે ચાલ્યા તે વિરમગામ ગયા. ત્યાં મંદિરમાં દર્શન કરીને રાત્રિના દસ વાગે ચાલ્યા તે સાજી રાત ચાલ્યા, અને સવારે સાબરમતી આવીને નાહીને પૂજા કરી અને અગિયાર વાગે અમદાવાદના મંદિરમાં આવ્યા."

"સ્વામી અક્ષરજીવનદાસજી બહુ સમર્થ હતા. તેમને મંદવાડ હતો ત્યારે એક જણે કહ્યું જે, 'તમે પ્રાયશ્ચિત્ત અધૂરાં બતાવ્યાં છે તે પાપ તમારે ભોગવવું પડે છે', એમ માયિકભાવ પરઠ્યો."

"મુળીમાં સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજી મુક્ત હતા તેમને વિષે દોષ કલ્પેલો કાગળ અમારી પાસે આવ્યો હતો તે અમે ફાડી નાખ્યો. એમ અજ્ઞાની જીવ મોટાને વિષે દોષ ન હોય, પણ મોટાનું ખોટું દેખાડવા અવગુણ લે."

"સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીનો મહિમા જાણીને નદી સ્પર્શ કરવા આવી હતી ત્યારે કેટલાક કહે જે, 'એમને મૂઆ પછી પણ સુખ ન આવ્યું.' પણ વર્ષાઋતુ નહોતી ને એકદમ પૂર આવીને સ્પર્શ કરીને પાછું તુરત જતું રહ્યું તોયે ખબર ન પડી. એ માયિકભાવના પરઠનારા નર્ક-ચોરાસીમાં ભમે. માટે મહારાજને ને મોટાને દિવ્ય જાણવા, પણ દેહધારી ન જાણવા ને એમને વિષે માયિક ભાવ પરઠવો

નહિ.''

પછી સ્વામીએ પૂછ્યું જે, ''દુષ્ટ વાસના કઈ જાણવી?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજી ઇચ્છા રહે તે દુષ્ટ વાસના જાણવી.''

પછી ભુજના ઘેલાભાઈએ પૂછ્યું જે, ''કોઈક ભક્ત દેહ મૂકે તેને જે સંતને વિષે અથવા હરિજનને વિષે હેત હોય તે અંત સમયે દેખાય છે, તે એ પોતે દેખાતા હશે કે કેમ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જેને વિષે હેત હોય તે રૂપે શ્રીજીમહારાજ દર્શન આપે, પણ સાધનદશાવાળા દર્શન આપી શકતા નથી. અને જે સિદ્ધ મુક્ત છે તે તો પોતે દર્શન આપીને તેડી જાય છે; પણ જે પરિપક્વ જ્ઞાની ન થયો હોય તેને સાધનદશાવાળારૂપે મહારાજ દર્શન આપે ને તેને જન્મ ધરવાનો બાકી રહે છે. અને જે પરિપક્વ જ્ઞાની થાય તેને તો મહારાજ ને મુક્ત પોતે દર્શન આપીને તેડી જાય છે, ને મૂર્તિના સુખે સુખિયો કરે છે.'' ॥૧૭૫॥

## વાર્તા ૧૭૬

સંવત ૧૯૭૩ના વૈશાખ વદ-૭ને રોજ સવારે બાપાશ્રીને તાવ આવ્યો હતો તે પડખાભર સૂતા હતા. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''એ રોગ મને આપો ને આપ વાતો કરો.''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''એ તો સકામ થવાય, માટે ન અપાય. અમે તો સ્વતંત્ર છીએ ને દિવ્ય મૂર્તિ છીએ, ને અમારી ઇચ્છાથી ક્યારેક માંદા દેખાઈએ, ક્યારેક સાજા દેખાઈએ, ક્યારેક અદૃશ્ય થઈએ, ને ક્યારેક પ્રગટ થઈએ એવા સમર્થ છીએ. જેમ રાજા હોય તે તમારા જેવાં લૂગડાં પહેરીને તમારા ભેળો બેઠો હોય તેને કોઈ ઓળખી શકે નહિ, તેમ આ મુક્ત તમારા ભેળા મનુષ્યરૂપે થઈને બેઠા છે, તે ઓળખી શકાય નહિ. અમારે દર્શને, સ્પર્શે ને સંકલ્પે કરીને અનંત

જીવનો ઉદ્ધાર થાય છે.''

એમ કહીને પછી વાત કરવા માંડી જે, ''ભગવાનના ભક્તે ત્રિવિધ તાપમાં અંતર ડોલવા દેવું નહિ. તે કિયા? તો અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ. તેમાં અધ્યાત્મ એ જે દેહમાં ઘાસણી (સંગ્રહણી) રોગ થાય તે અધ્યાત્મ; અને રાજાનો ઉપદ્રવ જે પકડો ઝાલો, બાંધો, મારો, કેદ કરો, એવું રાજા સંબંધી દુઃખ આવી પડે તે અધિભૂત; અને સો વર્ષ લગી લાગટ કાળ પડે એવું દુઃખ આવે તે અધિદૈવ. એવા દુઃખમાં રાજી રાજી રહે; પણ ભગવાનની મૂર્તિ મૂકે નહિ.''

''આવો પ્રશ્ન એક સમયે સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીના શિષ્ય પુરાણી શ્રીકૃષ્ણદાસજી અહીં આવ્યા હતા તેમને ખોજાએ પૂછ્યો હતો તેનો અમે આવો ઉત્તર કરી આપ્યો હતો. કેમ ઈશ્વર બાવા! તમને સાંભરે છે કે નહિ?''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, ''હા. ઓગણપચાસ (૧૯૪૯)ની સાલમાં અમે અહીં આવ્યા હતા, ત્યારે ભારાપરના ખોજા આવ્યા હતા, તેમણે પૂછ્યું હતું અને આપે ઉત્તર કર્યો હતો.''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''અમારું તો એવું છે, તમારા સંસ્કૃતમાં અમે કાંઈ ન જાણીએ.''

પછી સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ પૂછ્યું જે, ''આપણાં મંદિરોમાં મૂર્તિઓ પધરાવી છે તેને કેટલાક એમ કહે છે જે, 'સત્પુરુષના લાવ્યા ભગવાન આવે છે.' તો તો ભગવાન કરતાં સત્પુરુષ વધે, માટે તે કેમ સમજવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજ સત્પુરુષને વશ થઈને પોતે સાક્ષાત્ વિરાજમાન થાય છે, પણ મુક્ત તો સેવક છે ને મૂર્તિઓ તો સ્વામી છે. જે મુક્ત હોય તે મૂર્તિઓને પોતાના સ્વામી માને છે, અને જે આધુનિક સાધનદશાવાળા છે તે તો મૂર્તિથી સત્પુરુષને વિશેષ જાણે છે, પણ તેની સમજણ ખોટી છે.''

પછી પુરાણી ધર્મકિશોરદાસજીએ પૂછ્યું જે, "મૂર્તિ પધરાવનાર એમ જાણે જે હું મૂર્તિથી વિશેષ છું, તેનું શું થાય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જેને વિષે માયિક ત્રણ ગુણ હોય તે મૂર્તિથી પોતાને વિશેષ માને ને બીજા આગળ એમ બોલે, પણ તે નાસ્તિક છે; અને તેનું તથા તેની વાત સાંભળીને તેવી રીતે સમજનારનું કલ્યાણ થાય નહિ."

તે જ દિવસે સાંજે કુંભારિયેથી સિઘરામ તથા ગાડાં તેડવા આવ્યાં. ॥૧૭૬॥

## વાર્તા ૧૭૭

સંવત ૧૯૭૩ના વૈશાખ વદ-૮ને રોજ બાપાશ્રી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી તથા કથા વાંચનાર પુરાણી ધર્મકિશોરદાસજી તથા પુરાણી કેશવપ્રિયદાસજી એ બે તથા સ્વામી ભગવત્સ્વરૂપદાસજી તથા પુરાણી હરિપ્રસાદદાસજી તથા સ્વામી કૃષ્ણસેવાદાસજી તથા સ્વામી શ્વેતવૈકુંઠદાસજી તથા સાધુ મુક્તવલ્લભદાસજી આદિ સર્વે કુંભારિયે ગયા.

ત્યાં કથાની ગોમટી બહાર વાડામાં જોઈને બાપાશ્રીએ ભુજના સંત તથા કુંભારિયાના હરિજનોને કહ્યું જે, "ઇંદ્ર અતિશે ઘેલો થયો છે, માટે માંડવામાં ગોમટી કરી છે તે મંદિરમાં લાવો." એમ બે-ત્રણ વાર બોલ્યા, પણ સંત હરિજનોએ મંદિરમાં સાંકડ પડે એમ જાણીને ત્યાં જ કથા કરવાનું રાખ્યું.

પછી બાપાશ્રીએ આસને પધારીને સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, "કહી કહીને થાકી ગયા, પણ સાધુએ કે હરિભક્તોએ માન્યું નહિ. સાધુ ઝાલ્યું મૂકતા નથી. અમે નહિ હોઈએ ત્યારે કોઈનું નહિ માને ને એમનાં પોત ઉઘાડાં થશે ને કેટલાયને દુઃખિયા કરશે અને પોતે દુઃખી થશે."

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''બાપા, ઇંદ્રને ના પાડો જે આવે નહિ.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ સાધુ ને સત્સંગી માનતા નથી ને ઇંદ્ર કેમ માને?''

ત્યારે સ્વામીએ કહ્યું જે, ''બાપા, આ સંત-હરિજનો તો આપનાં છોકરાં છે તે છોકરાં તો કદાપિ ન માને, પણ ઇંદ્ર તો બિચારો ચાકર છે તે ચાકરને તો જેમ આજ્ઞા કરો તેમ કરવું પડે.''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''ત્યારે હવે તો ઇંદ્રને જ કહેશું; નહિ તો અમારી લાજ જાય જે આવા મોટા કહેવાય છે ને વરસાદે વિઘ્ન કર્યું તે ટાળી શક્યા નહિ.''

પછી કથા બેઠી તે જ દિવસે વરસાદ આવ્યો ને ગોમટી ઉપર ટાટપટીઓ બાંધી તોપણ ઘણો આવવા માંડ્યો.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને પ્રાર્થના કરી જે, ''બાપા! ઇંદ્રને હવે કાંઈક કહો.''

પછી બાપાશ્રીએ ઇંદ્રને કહ્યું જે, ''આ ગામની અંદર ન વરસીશ ને આ ગામના ફરતો બીજે બધે વરસજે.''

પછી વરસાદ ગામ ફરતો થાય ને બીજે બધે થાય ને નદીએ પૂર આવ્યું, પણ ગામમાં ન આવ્યો.

પછી બારશને દિવસે સાંજની કથામાં વરસાદ બહુ ચઢી આવ્યો, ત્યારે જયરામભાઈએ કહ્યું જે, ''બાપાશ્રીનું આસન નેવાં તળે છે તે ટાટપટી તળે લાવો.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''બાપાશ્રીનું આસન નેવાં તળેથી ટાટપટી તળે લાવશો તો વરસાદ વરસશે; માટે ત્યાં ને ત્યાં રહેવા દો.''

તોપણ હરિભક્તો આસન ઉપાડવા ગયા, પણ બાપાશ્રીએ

આસન ઉપાડવા દીધું નહિ. પછી વરસાદ રહી ગયો અને ફરતાં ગામડાંમાં વરસાદ બહુ થયો ને તળાવોમાં છ છ મહિનાનાં પાણી થયાં ને નદીઓમાં પૂર પણ ઘણાં આવ્યાં. વાગડ દેશમાં તો રાજાનું ખડ હતું તેમાં વીજળી પડી તે ચાર લાખ મણ ખડ બળી ગયું. એવું દેશાંતરમાં વરસાદનું તોફાન ઘણું થયું, પણ કુંભારિયામાં ન વરસ્યો. તે કથામાં બાપાશ્રીએ જે વાતો કરી તે લખી છે. ॥૧૭૭॥

## વાર્તા ૧૭૮

સંવત ૧૯૭૩ના વૈશાખ વદ-૧૦ને રોજ સભામાં પ્રથમ પ્રકરણનું ૫૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં એક પુરુષોત્તમ રહે છે એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "ગાડું મહારાજે વીંખી નાખ્યું ને એક પોતે જ રહ્યા. બીજું અક્ષરાદિક સર્વે નથી એમ કહ્યું તે જેમ ગાડામાં ખીલા હોય તે કાઢી નાખીએ તો ગાડું વીંખાઈ જાય, તેમ મહારાજે પૃથ્વીથી લઈને મૂળઅક્ષર સુધી બધું ખોટું કરી નાખ્યું ને એક પોતે જ રહ્યા. માટે એક મહારાજને રાખવા ને મૂર્તિમાં વળગી પડવું, પણ મૂર્તિ મૂકવી નહિ; તે એક ક્ષણવાર પણ ન મૂકવી. સાધુ થયા કે સત્સંગી થયા એટલે થઈ ગયું, એમ માનીને બેસી રહેવું નહિ ને હિલોળે ચઢી જાવું નહિ એટલે કાર્યમાં ખોટી થાવું નહિ."

"મહારાજની માનસી પૂજા દિવસમાં પાંચ વાર કરવી, તે અડધો કલાક કે એક કલાક કરવી. માનસી પૂજા કરી રહીએ ને બે કલાક થાય પછી વળી માનસી પૂજા કરવી. એમ ને એમ માનસી પૂજા કરે તો મૂર્તિમાંથી નવરું થવાય નહિ."

"સુંથ પાસે રામપુરમાં સુખરામ નામે બ્રાહ્મણ હતા. અમે એકાવનની સાલમાં અમદાવાદ ગયા હતા, ત્યાં એ આવ્યા હતા. તેમણે વાત કરી હતી જે, 'હું આથી પહેલો અહીં આવ્યો હતો, ત્યારે સોનાનો દાગીનો વેચવા લાવ્યો હતો તે સોંઘો માગ્યો તેથી ન આપ્યો તે લઈને

પાછો ઝાડીમાં જતો હતો ત્યાં માર્ગમાં માનસી પૂજા કરવા બેઠો ત્યારે ચોર આવીને દાગીનો છોડવા લાગ્યો તે વખતે મહારાજને માનસી પૂજામાં હું જમાડતો હતો તેથી જમાડવા પડ્યા મૂકીને કેમ ચોરની સાથે બોલાય? કે સાન પણ કેમ થાય? એમ જાણીને ચોરને દાગીનો લઈ જવા દીધો. જ્યારે હું માનસી પૂજા કરી રહ્યો ત્યારે ચોર તો જતો રહેલો. પછી મેં સંકલ્પ કર્યો જે, 'મૂઆ! હું મહારાજને જમાડતો હતો ને તું છોડી ગયો તો તને ઢીંચણમાં પત્થર વાગો ને ભાઠાં પડો ને તું મરી જા.' પેલા ચોરને દોડતાં દોડતાં વચમાં વોકળો આવ્યો, તેમાં પડી ગયો ને વાગ્યું. તે આગળ એક ગામમાં ધર્મશાળામાં પડ્યો હતો, ત્યાં લોટ માગીને ગયો ત્યારે મેં તેને ઓળખ્યો. પછી તે બીન્યો ને દાગીનો મને પાછો આપી દીધો, તે લઈને હું ગયો અને ચોર મરી ગયો. તે મારે મહારાજની માનસી પૂજા થઈ ને દાગીનો પણ આવ્યો.'"

"એવી માનસી પૂજા કરવી. કોઈકને ટોપલો, કોદાળી કે પાવડો દેખાડવો હોય એટલામાં પણ સાન કરે કે હાથ હલાવે; પણ માનસી પૂજા પૂરી કરે નહિ ને સાધુ કે સત્સંગી કહેવાતા હોય! માટે બહુ વિચાર કરવો ને મૂર્તિમાં સદાય રહેવું."

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કહ્યું જે, "સંવત ૧૯૫૫ના વૈશાખ-જેઠમાં હું લુણાવાડા ગયો હતો. ત્યાં આપનો પત્ર આવ્યો જે, 'અમને રામજીભાઈ માંદા છે તેના કાગળો બહુ આવે છે જે, મને દર્શન દેવા પધારો, તેથી અમારે ઉપરદળ આવવાનું થશે; માટે તમે ત્યાં આવજો.' એવો કાગળ જેઠ સુદ-૧૧ને રોજ આવ્યો ત્યારે મેં ધાર્યું જે બે-ચાર દિવસ સુખરામભાઈનાં દર્શન કરીને પછી જઈએ."

"પછી અમે રામપુર ગયા, ત્યારે સુખદેવ ભક્તે કહ્યું જે, 'અહીં દસ દિવસ રહો.' ત્યારે મેં કહ્યું જે, 'બાપાશ્રી અમદાવાદ તરફ પધારવાના છે એવો કાગળ આવ્યો છે, માટે અમારે બે-ચાર દિવસ રહીને જવું છે.' પછી તે બોલ્યા જે, 'બાપાશ્રી વૃષપુરથી જ્યારે નીકળશે

ત્યારે તમને રજા આપીશું.' ત્યારે મેં કહ્યું જે, 'તમને શી રીતે ખબર પડશે?' ત્યારે તે બોલ્યા જે, 'મારે આવરણ નથી, માટે જે દિવસે નીકળશે તે દિવસે તમને રજા આપીશ.' જ્યારે અમને દસ દિવસ થયા, ત્યારે સાંજ વખતે સુખદેવ ભક્તે કહ્યું જે, 'આજ વૃષપુરથી બાપાશ્રી ભુજ આવ્યા, માટે તમે ભાતું કરો ને સવારમાં વહેલા નીકળો.' ત્યાંથી અમે સવારમાં નીકળ્યા તે જે દિવસે આપ ઉપરદળ પધાર્યા તે જ દિવસે બે કલાક પહેલાં અમે ઉપરદળ આવ્યા ને પછી આપ પધાર્યા ને આપનાં દર્શન કર્યાં. એવા સુખદેવ ભક્ત સમર્થ હતા.''

પછી બાપાશ્રીએ કહ્યું જે, ''સત્સંગમાં એવાં ચીંથરે વીટેલાં રત્ન પડ્યાં છે.'' ॥૧૭૮॥

## વાર્તા ૧૭૯

સંવત ૧૯૭૩ના વૈશાખ વદ-૧૧ને રોજ સભામાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ કહ્યું જે, ''કૃપા કરો તો સુખદેવ ભક્તના જેવી માનસી પૂજા અમારે થાય.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''માનસી પૂજા ને ધ્યાન કરવા માંડો તો કૃપા થાય, સૂતે સૂતે કૃપા માગો તે ક્યાંથી થાય? જીવ લગાર કામમાંથી નવરો થાય તો સૂઈ રહે કે ગપ્પાં દે, પણ ભગવાન સંભારે નહિ, એવો રમતિયાળ છે; માટે એવા બાળકિયા સ્વભાવ રાખવા નહિ. બાળકમાંથી વૃદ્ધાવસ્થા લાવવી, પણ યુવાન અવસ્થા આવવા દેવી નહિ. મોટાનો જોગ કરીએ ને દેહાભિમાન રહી જાય તો જોગ કર્યો તે ન કર્યા જેવો છે. જીવ પાત્ર થાય તો પછી કૃપા થાય, માટે પાત્ર તો સર્વને થાવું પડશે; પછી કૃપા થશે. મનનું ધાર્યું મૂકી દઈને જેમ મોટા કહે તેમ કરો તો પાત્ર થવાય. જો ધ્યાન કરો તો છ મહિના પૂરા થવા દઈએ નહિ ને મૂર્તિનું સુખ આપી દઈએ; માટે પાત્ર થાવું.''

''અને જડ-ચૈતન્ય માયાનો તો સંકલ્પ પણ ન કરવો. જો એ બેનો સંકલ્પ થાય તો પાપ લાગે અને પ્રસંગ થાય તો ઘણું પાપ લાગે.

આ મુખે મહારાજ બોલે છે, બીજા કોઈ બોલતા નથી, માટે સાચું માનજો ને એ બેયનો સંગ થવા દેશો નહિ, તો તમે અમારા છો. અને અમે તો છીએ કે નથી, પણ જો તમે આજ્ઞા પાળશો તો તમારા ભેળા સદાય રહીને તમારી રક્ષા કરીશું ને અમારા ભેળા રાખીશું; અને નહિ વર્તો તો તમારે ને અમારે લેવા દેવા નથી. ભાડાં ખરચીને, દરિયો ઉલંઘીને, દુઃખ વેઠીને આવો છો તેનું ફળ એ છે જે આજ્ઞા પાળવી, ધ્યાન-ભજન કરવું, આ લોકમાંથી નિર્વાસનિક થાવું, ને અખંડ મહારાજની મૂર્તિને સંભારવી; એ કરવા ભેગા થયા છીએ તે કરવું. કોઈ કહે જે, 'તમે વારંવાર કચ્છમાં શું કરવા જાઓ છો?' તો તેને કહેવું જે, 'ભાઈ, અમે તો આ કરવા જઈએ છીએ અને તમારે પણ કરવું હોય તો તમે પણ આમ વર્તો' એમ કહેવું." ॥૧૭૯॥

## વાર્તા ૧૮૦

સંવત ૧૯૭૩ના વૈશાખ વદ-૧૨ને રોજ રાત્રિએ મંદિરના દરવાજાના મેડા ઉપર બાપાશ્રી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી સૂતા હતા.

ત્યારે બાપાશ્રી રાત્રિના બે વાગ્યે સ્વામી ઈશ્વરચરણદાસજીને પૂછવા લાગ્યા જે, "તમને માનકુવાવાળા ગાંગજી પટેલ ભુજમાં ભેળા થયા હતા કે નહિ?"

ત્યારે સ્વામીએ કહ્યું જે, "હા, થયા હતા."

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "તમને 'માનકુવે આવો' એમ કહ્યું હતું?"

ત્યારે સ્વામીએ કહ્યું જે, "'માનકુવે આવો' એમ તો કહ્યું ન હતું, પણ ભુજની વાડીમાં ભેગા થયા હતા ત્યારે એમ કહ્યું હતું જે, 'છોકરો જાદવજી માંદો છે તે અમારાથી કુંભારિયે નહિ અવાય.' ત્યારે મેં પૂછ્યું હતું જે, 'છોકરો કેવો માંદો છે?' ત્યારે તેમણે કહ્યું જે, 'માંદાઈ તો છે, પણ હાલમાં ઠીક છે, દેહ પડે તેમ નથી' એમ કહ્યું હતું, પણ

'દર્શન દેવા કેમ ન આવ્યા કે આવો' એમ કાંઈ બોલ્યા નહોતા."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ ટાણે એ છોકરાને અમે ધામમાં મૂકી આવ્યા. તે છોકરાને તમે પરદેશી સાધુ મોટા મોટા આવ્યા હતા, તે તમારાં દર્શન એના બાપે મંદવાડમાં કરાવ્યાં નહિ. માંદાને તો અવશ્ય સંતનાં દર્શન કરાવવાં જોઈએ. તે છોકરો સારો ભગવદી હતો ને એ થોડીકવારમાં દેહ મૂકી ગયો, પણ એના બાપે તમારાં દર્શન કરાવ્યાં નહિ."

એમ વાત કરીને સૂઈ રહ્યા.

પછી બીજે દિવસે ભારાસરના માવજી તથા ગાંગજી પટેલ તથા તેજો ભક્ત તથા કેસરો ભક્ત આદિ હરિભક્તો આવ્યા, તેમણે વાત કરી જે, "જાદવો ધામમાં ગયો."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ બાવાને અમે રાત્રિના બે વાગે વાત કરી હતી જે, 'અમે એને ધામમાં મૂકી આવ્યા.' કેમ બાવા! તમને કહ્યું હતું કે નહિ?"

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, "હા, કહ્યું હતું."

પછી બાપાશ્રી બોલ્યા જે, "વળી એટલું એંધાણ આપીએ છીએ જે એ છોકરા પાસે કોઈ હતું નહિ ને ખાટલામાં દેહ મૂકી ગયો." ॥૧૮૦॥

## વાર્તા ૧૮૧

સંવત ૧૯૭૩ના વૈશાખ વદ-૦)) અમાસને રોજ મંદિરના દરવાજાના એ જ મેડા ઉપર સિનોગરાના મિસ્ત્રી ડાહ્યાભાઈને બાપાશ્રીએ કહ્યું જે, "ડાહ્યાભાઈ! તૈયાર છો કે નહિ? ધામમાં તેડી જવા છે."

ત્યારે ડાહ્યાભાઈ બોલ્યા જે, "બાપા, મારે ત્રણ વર્ષ રહેવાની ઇચ્છા છે તે રાખો તો બહુ સારું."

પછી બાપાશ્રી બોલ્યા જે, “ત્રણ વર્ષે પરવારી રહેજો, પછી કહેશો તો નહિ રાખીએ. આજથી ત્રણ વર્ષે તમને તેડી જાશું. જો પરવાર્યા હોત તો તો હમણાં જ તેડી જાત, પણ તમે પરવાર્યા નથી એટલે માયામાંથી આસક્તિ તોડી નથી, તેથી તમને ત્રણ વર્ષની અવધિએ રાખીએ છીએ, પણ જો ત્રણ વર્ષે વાસના નહિ ટાળો તો અમે તમને પછી રહેવા દઈશું નહિ.”

ત્યારે તે બોલ્યા જે, “ત્રણ વર્ષે પરવારીશ, પછી ભલે તેડી જાજો.”

એમ આયુષ્ય વિના ત્રણ વર્ષ રાખીને બાપાશ્રી એમને તેડી ગયા. ॥૧૮૧॥

## વાર્તા ૧૮૨

સંવત ૧૯૭૩ના જેઠ સુદ-૧ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, “શ્રીજીમહારાજ ને આ સંત મળ્યા છે તે દિવ્ય છે. તેમને જે દિવ્ય જાણે તે પણ દિવ્ય થઈ જાય. તે શ્રીજીમહારાજે કહ્યું છે જે, ‘જેવા અમને ને અમારા મુક્તને જાણશો તેવા કરીશું અને અંતર્યામી જેવા કરીશું.’ તે અંતર્યામી એટલે અનાદિમુક્ત સુખ લેતા હોય તેને જાણી શકે અને પરમ એકાંતિકના સુખને જાણે ને એ સર્વેને ઓળખે અને એ જે સુખ ભોગવતા હોય તે સર્વે દેખે અને તેથી ઓરા જે અક્ષરકોટિ ને બ્રહ્મકોટિ ને ઈશ્વરકોટિ ને જીવકોટિ તેમના અંતરનું જાણે, પણ ઉત્પત્ત્યાદિક કરે કે એમને કર્મફળ આપે એવા નથી કરવા, પણ ઉપર કહ્યા એવા અંતર્યામી કરવા છે; એમ જાણવું.”

ત્યારે સંતોએ કહ્યું જે, “મૂર્તિ થોડીકવાર બતાવો તો એમ ને એમ ધારી રહીએ.”

પછી બાપાશ્રી બોલ્યા જે, “એ તો નાસ્તિકપણું છે. જે છે તે અહીં છે. આ મૂર્તિઓ દિવ્ય જાણે ને સંતને દિવ્ય જાણે તો બધું અહીં છે. માટે આમને દિવ્ય જાણવા, પણ બીજું જોવા ઇચ્છવું નહિ. આ

સભા વિના બીજું જોવા ઈચ્છે તો તેને પ્રથમ પ્રકરણના ૯મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કેવી મોજ આપી છે જે, એનાં દર્શન કરવાં નહિ ને એના મુખની વાત પણ ન સાંભળવી. આ મૂર્તિ ને આ સંત તેમને દિવ્ય જાણવાં ને આ મૂર્તિનું ધ્યાન કરવું; તો મૂર્તિ તેજોમય ઝળળળ ઝળળળ તેજમાં દેખાય. એવું સુખ છતી દેહે આવે. પણ જીવ શૂન્યકાર થઈ ગયો છે તેથી દુખિયો રહે છે, તે આવા જોગમાં દુખિયો રહે ત્યારે બીજું ઠેકાણું સુખિયા થાવાનું ક્યાં મળશે?''

''આ સભા અક્ષરધામની છે અને તેથી પર મૂર્તિમાં રહેનારા અનાદિમુક્તની છે અને શ્રીજીમહારાજ વિરાજમાન છે. એવી આ સભાને જાણે તે દિવ્ય થઈ જાય. જો ખોટું કહેતા હઈશું તો એનો જોખો એટલે ગુનો અમને છે, પણ જે સાચું માનશે એને બહુ લાભ મળશે. માનો તોય ભલે અને ન માનો તોય ભલે. અમારે તો જેમ છે તેમ કહેવું છે, માટે આ વાત ભલા થઈને માનજો, તો અમ ભેગા હાલશો. અમે તો જીવને શ્રીજીમહારાજ પાસે લઈ જવા આવ્યા છીએ, માટે અમારો દાખડો સુફળ કરજો. આવા કહેનારા નહિ આવે ને આવા કહેનારા ક્યાંયે છે પણ નહિ. સ્વામિનારાયણની સાખે કહીએ છીએ. ખોટું કહેતા નથી, જેવું છે તેવું દેખીને કહીએ છીએ.''

''બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, તથા અક્ષરકોટિને રહેવાની અસંખ્ય કરોડ ભૂમિકાઓ કહી છે. અને શ્રીજીને રહેવાનું અક્ષરધામ જે પોતાનો પ્રકાશ, અને અનાદિમુક્ત તથા શ્રીજીમહારાજ તે સર્વે અહીં છે; માટે બીજે લેવા ન જાવું.''

''શ્રીજીમહારાજે બદરિકાશ્રમમાં ને શ્વેતદ્વીપમાં જાવું પડશે એમ કહ્યું છે તે બધું અહીં છે. તે જે તપ કરાવે તેના ભેળા રહીને તપ કરે તે બદરિકાશ્રમ જાણવું, અને જે અંતર્વૃત્તિ કરાવીને ધ્યાન કરાવે તેના ભેળા રહીને ધ્યાન કરે તે શ્વેતદ્વીપ જાણવું, અને જે મૂળઅક્ષરનો મહિમા વર્ણન કરે ને ભેળો મહારાજનો મહિમા પણ કહે અને અક્ષરનો ભાર રહે તે

અક્ષરકોટિના જાણવા, અને તે અક્ષરોથી પર જે અક્ષરધામ તેમાં પરમ એકાંતિક મુક્ત રહ્યા છે તેમનો જોગ અહીં કરે તો તે શ્રીજીમહારાજની મૂર્તિ સન્મુખ રહેવાની વાત કરે ને મૂર્તિના સમીપમાં લઈ જાય, અને અનાદિમુક્ત મળે તો મૂર્તિમાં રહેવાનું કહે ને મૂર્તિમાં રાખે. આ બધી સભાઓ આ સત્સંગમાં છે, માટે બધાં ધામ આ સત્સંગમાં જાણવાં. ને તે તે લક્ષણે કરીને તે સર્વેને જાણીને પછી અનાદિમુક્તનો જોગ કરવો, પણ પરોક્ષનું આપણે કામ નથી.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''વાસુદેવબ્રહ્મના મુક્તોને જુદી સભા હશે કે નહિ હોય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''વાસુદેવના નિષ્કામ મુક્ત નરનારાયણ છે, અને વાસુદેવ તથા નરનારાયણ તે બેય જીવનો મોક્ષ કરે છે. તેમાં વાસુદેવબ્રહ્મ પોતાના ધામમાં રહ્યા થકા શ્વેતદ્વીપમાં દર્શન આપીને ત્યાંના મુક્તોને બ્રહ્મપુરમાં પોતાના સમીપે લઈ જાય છે. અને નરનારાયણ છે તે પણ બ્રહ્મપુરમાં રહ્યા થકા બદરિકાશ્રમમાં દર્શન આપીને ત્યાંના મુક્તોને બ્રહ્મપુરમાં પોતાના સ્વામી જે વાસુદેવબ્રહ્મ તેમની સમીપે લઈ જાય છે, પણ પોતાના શિષ્ય નથી કરતા.''

''અને મહાકાળ છે તેમને વાસુદેવબ્રહ્મે મહાપ્રલય કરવાનું કામ સોંપ્યું છે, તે વાસુદેવબ્રહ્મની સમીપે રહ્યા થકા તે કામ કરે છે; તેમને પણ પોતાના શિષ્ય જુદા નથી. અને મૂળપુરુષને સૃષ્ટિ કરવાનું કામ સોંપ્યું છે, તે સૃષ્ટિ સમયને વિષે માયા સાથે જોડાય છે ત્યારે ગોલોક ધામ રચે છે ને ત્યાં રહે છે. તેમને પોતાના પાર્ષદો જુદા છે. જ્યારે મહાપ્રલય થાય છે ત્યારે તે મૂળપુરુષો બ્રહ્મપુરમાં, વાસુદેવબ્રહ્મના તેજમાં પોતાના પાર્ષદોએ સહિત રહે છે. તે પાર્ષદો પોતાના સ્વામી જે મૂળપુરુષ તેને દેખે, પણ મહાકાળ, નરનારાયણ ને વાસુદેવ તેમને દેખે નહિ.''

''મૂળઅક્ષરોના મુક્તોને માથે કાંઈ પણ ક્રિયા નથી, ને એમને પોતાના શિષ્ય પણ નથી. એ તો અક્ષર જે પોતાના સ્વામી તેનું સુખ

લે છે, અને એ મુક્ત નિષ્કામ છે. અને ઉત્પત્ત્યાદિક ક્રિયા કરવી તથા કર્મફળ આપવાં તે શ્રીજીમહારાજે પોતાના તેજ દ્વારે મૂળઅક્ષરોને પ્રેરણા કરી છે, તે સર્વે ક્રિયા મૂળઅક્ષરોએ વાસુદેવબ્રહ્મને સોંપી છે. પણ અક્ષરોના ને શ્રીજીમહારાજના મુક્તોને માથે કાંઈ ક્રિયા નથી; ફક્ત મોક્ષ કરવાની ક્રિયા છે. તે અક્ષરો તથા તેમના મુક્તો અક્ષર પાસે લઈ જાય છે, અને શ્રીજીમહારાજ ને તેમના મુક્તો શ્રીજીમહારાજ પાસે લઈ જાય છે."

"માટે આજ બ્રહ્મકોટિ ને અક્ષરકોટિ એ બેયને મૂકીને શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેવાનો વખત આવ્યો છે. તે જો ચૌદ લોકના સુખથી લૂખા થવાય તો મૂર્તિનું સુખ મળે." ॥૧૮૨॥

## વાર્તા ૧૮૩

સંવત ૧૯૭૩ના જેઠ સુદ બીજને રોજ સવારે સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "ગઈ કાલે આપે કહ્યું હતું કે ચૌદ લોકના સુખથી લૂખા થવું તે ચૌદ લોક કિયા જાણવા?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "સાત પાતાળ ને સાત સ્વર્ગ તે ચૌદ લોક કહેવાય છે, પણ તેમાંથી લૂખા થવે કરીને કાંઈ કલ્યાણ થાય તેમ નથી; કેમ જે તેના ઉપર તો ઘણા લોક રહ્યા, માટે દસ ઇંદ્રિયો ને ચાર અંતઃકરણ તેમાંથી પ્રીતિ ટાળવી તો ચૌદ લોક જીતાણા. માટે એ ચૌદ લોક જાણવા. એ ચૌદ ઇંદ્રિયોમાંથી વાસના ટાળવી તો આગળ કાંઈ આડું નહિ આવે; માટે ચૌદ ઇંદ્રિયોને જીતવી."

એમ કહીને પછી બોલ્યા જે, "જીવ બિચારા સાધન શું કરશે? આજ તો એક એરંડાકાકડી રાજાને ભેટ મૂકે તો રાજ્ય આપી દે એવી કૃપા છે. સાધન ક્યાં સુધી પૂગે એવાં છે! શ્રીજીમહારાજે અમદાવાદના ૭મા વચનામૃતમાં કહ્યું છે જે, 'ગરુડ ઊડી શક્યો નહિ, પછી અમે એકલા જ ઊડ્યા.' એમાં સમજવાનું એ છે જે ગરુડની ગતિ ગોલોકથી આગળ ન ચાલી, તેમ સાધનની ગતિ ગોલોકથી આગળ નથી.

ગોલોકથી આગળ તો કૃપાએ ચલાય છે. ગોલોક સુધી સાધન ચાલે; ત્યાંથી સાધન તૂટ્યાં. પછી તો શ્રીજીમહારાજ અથવા મુક્ત કૃપા કરીને મૂર્તિનો સાક્ષાત્કાર કરાવે ત્યારે પરમ એકાંતિક થાય. પછી શ્રીજીમહારાજની મૂર્તિમાંથી અનુભવજ્ઞાન છૂટે છે, તે મૂર્તિમાં લઈ જાય છે. જેમ સમુદ્રમાંથી વેળ આવે તે વેળ પાછી વળે ત્યારે જીવજંતુને પાછાં લઈ જાય છે, તેમ અનુભવજ્ઞાન મૂર્તિમાં લઈ જાય છે ત્યારે તે મુક્ત અનાદિ કહેવાય છે. તે અનુભવજ્ઞાન તે અનાદિમુક્ત જાણવા.''

''આજ તો કૃપાસાધ્ય મહારાજ ને કૃપાસાધ્ય મુક્ત છે. આવા મહારાજ ને આવા મુક્ત કૃપા કરીને પધાર્યા છે, ને કૃપા કરીને મહિમાની વાત કરે છે, તેમાં કોઈને એમ થાય જે, 'આ તો પોતાનો મહિમા કહે છે'; પણ અમે તો ધણીનો ને ધણીના લાડીલા મુક્તનો મહિમા કૃપા કરીને કહીએ છીએ. તે જે માનશે તેને અમે જ્યાંથી આવ્યા છીએ ને જ્યાં રહીએ છીએ ત્યાં લઈ જઈને રાખીશું ને જેટલું છે તે સર્વે સુખ આપીશું. જેને વિશ્વાસ નહિ હોય ને 'આગળ થઈ ગયા તેવા આજ નથી', એમ સમજતા હશે, તેને ખોટ બહુ જ આવશે. અમારે તો સર્વેને લઈ જવા છે ને સર્વેને સમજાવી દેવા છે; પછી માનો કે ન માનો, પણ જેમ છે તેમ કહેવું છે. માટે અમારો દાખડો ભલા થઈને સુફળ કરજો, એટલે વાતો સાચી માનજો તો અમે તમામ પૂરું કરી દઈશું.''

''ને નહિ માનો તો અમારે ફેર દાખડો કરવો પડશે ને તમારે પણ ફેર જન્મ ધરવો પડશે ને નવ મહિનાની કેદ મળશે. તે દિવસે પણ આ વાત સમજશો તો જ પૂરું થશે, ને તે દિવસે પણ નહિ માનો તો વળી અધૂરું રહેશે. અમે તો છીએ કે નથી, માટે આ અવસર મળ્યો છે તેનો લાભ લઈ લ્યો. જો શ્રીજીમહારાજને જેવા છે તેવા સમજો ને આજ્ઞા પાળો તો અમે સહાય કરીને મૂર્તિના સુખમાં મૂકી દઈશું, અને જો મહિમા નહિ સમજો ને આજ્ઞા નહિ પાળો તો પછી પસ્તાવો ઘણો જ થશે. આવા કહેનારા સદાય ન હોય; માટે આજ કરી લ્યો.''

"અહીં મહારાજ ને મુક્ત બેઠા તો હોય, પણ તેમનો મહિમા ન સમજાય ને બીજે ખોળે જે, 'અક્ષરધામમાં મહારાજ ને મુક્ત રહ્યા છે, પણ અહીં નથી.' મહારાજ ને મુક્ત અહીં જ છે, પણ જીવને નાસ્તિકપણું ટળતું નથી એટલે માયાનાં પડળ ફરી વળ્યાં છે તેથી દેખાતું નથી ને સમજાતું નથી; તેને ખોટનો પાર નહિ રહે, બહુ જ ખોટ આવશે. માટે આ સંતનો મહિમા જાણીને તેમનો વિશ્વાસ લાવીને આ વાત સાચી માને તો આસ્તિકપણું આવે ને આ સભા દિવ્ય જણાય અને એ જીવ પોતે દિવ્ય થઈ જાય અને મહાસુખિયો થઈ જાય."

ઇત્યાદિક ઘણીક વાતો કરી.

જેઠ સુદ-૩ને રોજ પારાયણની સમાપ્તિ કરીને કુંભારિયાના તળાવ ઉપર પ્રસાદીને ઠેકાણે મિસ્ત્રી ગોવાભાઈ જીવણભાઈએ છત્રી કરાવીને તેમાં ચરણારવિંદ પધરાવ્યાં તથા હનુમાનજી પધરાવ્યા, તે વખતે બાપાશ્રીએ વર આપ્યો જે, "આ છત્રીનાં ને હનુમાનજીનાં જે દર્શન કરશે તેને તેડવા અમે આવીશું ને મૂર્તિમાં રાખીશું."

પછી કુંભારિયેથી ચાલ્યા તે વખતે ઘણા સંતો ને હરિજનો બાપાશ્રીને વળાવવા આવ્યા, તેમને સર્વેને મળીને બોલ્યા જે, "સૌ મહારાજને સંભારજો, અને સેવાભક્તિ ઓછી કરીને મૂર્તિમાં જોડાજો; એમાં અમારો ઘણો રાજીપો છે. શ્રીજીમહારાજે મધ્ય પ્રકરણના ૨૨મા વચનામૃતમાં કહ્યું છે જે, 'કાંકરિયાની ચોરાસીની પ્રવૃત્તિ વિસારવા માટે અમે ચાલી નીકળ્યા.' તે પોતાના ભક્તને શીખવ્યું છે જે બધી ઉપાધિ ટાળીને અમારી મૂર્તિમાં જોડાવું; માટે મૂર્તિમાં જોડાવું ને મહારાજની આજ્ઞા પાળવી. એ કરશો તો અમે તમને સર્વેને તેડી જાશું ને સુખિયા કરીશું. અમે તો છીએ કે નથી, માટે મહારાજની મૂર્તિમાં જોડાજો ને આજ્ઞા પાળજો."

એવી રીતે સર્વેને શિક્ષાનાં વચન કહીને બાપાશ્રી વૃષપુર પધાર્યા. અને અમદાવાદ, મુળી, ભુજ વગેરેના સંતો તથા સૌ હરિજનો

પોતપોતાને સ્થાને ગયા, અને સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંતો મિસ્ત્રી ડાહ્યાભાઈના આગ્રહથી સિનોગ્રે ગયા ને ત્યાંથી જેઠ સુદ-૧૪ને રોજ શ્રી વૃષપુર ગયા.॥૧૮૩॥

## વાર્તા ૧૮૪

સંવત ૧૯૭૩ના જેઠ સુદ-૧૫ને રોજ સવારે સભામાં મધ્ય પ્રકરણનું ૧૯મું વચનામૃત વંચાતું હતું. તેમાં બ્રહ્મજ્ઞાનીને અન્ય દેવની ઉપાસના થઈ જાય એમ આવ્યું.

ત્યારે સાધુ પુરુષોત્તમચરણદાસજીએ પૂછ્યું જે, "બ્રહ્મજ્ઞાનીને અન્ય દેવની ઉપાસના શી રીતે થાતી હશે? કેમ જે એ તો કોઈ દેવને માનતા નથી."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "પહેલો તો ઉપાસક હોય ને તે જો શુષ્ક વેદાંતશાસ્ત્રનું શ્રવણ કરે તો તેને સર્વ દેવને વિષે સમભાવ આવી જાય ને બધાય અવતારો એક જ છે એમ સમજે, એટલે જેને ભજીશું તે બધાય એક જ છે, એમ જાણીને અન્ય દેવની ઉપાસના પણ કરે અને ઉપાસનામાંથી ઊતરી પણ જાય."

એમ કહીને પછી વાત કરી જે, "આ જોગ સર્વોપરી છે, તે જો ખબડદાર થઈને મંડે તો આ ને આ જન્મે પૂરું થઈ જાય ને અનાદિની સ્થિતિમાં રહેવાય ને કાંઈ પણ બાકી રહે નહિ."

પછી સંતોએ પૂછ્યું જે, "આ વચનામૃતમાં 'અમે ગોલોકમાં ગયા' એમ શ્રીજીમહારાજે કહ્યું તે ગોલોક કિયું જાણવું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામને આ ઠેકાણે ગોલોક કહ્યું છે."

એમ કહીને બોલ્યા જે, "તમો સર્વે અવતાર છો, પણ તમને બાધિતાનુવૃત્તિ રાખી છે તેથી તમારા સ્વરૂપની ને તમારા મહિમાની તમને ખબર નથી. અક્ષરધામમાં બેઠા છો, પણ તમારું અંતર્યામીપણું

મહારાજે બંધ કર્યું છે. સર્વે સભાનું તથા મૂર્તિનું તથા મૂર્તિના સુખનું સર્વનું જાણપણું તમને છે, ને ત્યાંથી આવેલા છો તોપણ રોકી રાખ્યું છે, તે અમારું સુખ તમને અહીં મળે તે સારુ રોકી રાખ્યું છે.''

એમ કહીને પછી બોલ્યા જે, ''ગોલોકમાં એટલે અક્ષરધામમાં કીર્તન ગાય છે એમ કહ્યું છે તે કણસલાં દેખાડ્યાં છે, પણ ત્યાં કીર્તન ગવાતાં નથી. એ તો જીવને ઉપાસના-ભક્તિને રસ્તે ચઢાવવાને માટે કહ્યું છે. અને શ્રીજીમહારાજ તો સર્વે ઠેકાણે છે, માટે ગોલોક એટલે અક્ષરધામ જાણવું અને કીર્તન પણ અહીં ગવાય છે. અહીં ને ત્યાં એક જ છે; જુદું નથી, પણ સાધનિકને હેત થાય એટલા માટે કહ્યું છે. અને પરભાવમાં તો એક સુખ જ લેવાય છે.''

પછી બોલ્યા જે, ''તમો લખો છો તેમાં આફૂડું બરાબર લખાઈ જશે.'' એમ વર આપ્યો. ॥૧૮૪॥

## વાર્તા ૧૮૫

સંવત ૧૯૭૩ના જેઠ સુદ-૧૫ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો છત્રીએ નાહવા ગયા. ત્યાં નાહીને માનસી પૂજા કરી.

પછી બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''આ મહારાજનો ને મોટા મુક્તનો જોગ મળ્યો છે, તેમનો વિશ્વાસ રાખીને તથા પોતાના ડહાપણનો તથા વિદ્યાદિકનો ડોડ મૂકીને જોગ કરે ને મહિમા જાણે તો આજ એવો લાભ મળે જે, જેવા અમે સુખિયા છીએ તેવો સુખિયો થાય. આ શબ્દ નીકળે છે તે સ્વામિનારાયણની મૂર્તિમાંથી નાદ નીકળે છે. આ મહિમા સમજાય તો કાંઈ બાકી રહે જ નહિ. આવા કહેનારા ને વાત કરનારા ને પૂરું કરનારા બીજે ક્યાંય સત્સંગમાં પણ નથી. તે જુઓ, હોય તો જોઈ જોજો, ક્યાંયે નહિ જડે.''

''મુળીના પુરાણી સ્વામી ત્યાગવલ્લભદાસજીને કોઠારી વલ્લભજીભાઈએ પૂછ્યું જે, 'તમે બાપાશ્રી સાથે હેત કર્યું છે તે સમજીને

કર્યું છે કે સૌનું દેખાદેખી કર્યું છે?' ત્યારે તેમણે કહ્યું જે, 'મેં તો પ્રતાપ જાણીને હેત બાંધ્યું છે; કેમ કે હું બાપાશ્રી પાસે ગયો ત્યારે મારા તમામ ઘાટમાત્ર બંધ થઈ ગયા. તેથી મેં તેમની મોટપ જાણી લીધી જે આ જેવા તો આ એક જ છે; કેમ જે બીજે ઘણે ઠેકાણે તપાસ કર્યો તો કોઈથી મારા ઘાટ-સંકલ્પ ટળ્યા નહિ, ને ત્યાં ગયો કે તરત જ ટળી ગયા અને ધ્યાન વખતે પણ કાંઈ વિક્ષેપ આવતો નથી, ને મૂર્તિનું સુખ આવે છે.'''

ત્યારે સંતોએ કહ્યું જે, ''બાપા! અમે પણ બધે જોઈને પછી આપની પાસેની આવ્યા છીએ ને આપના જોગથી સુખ આવે છે, એવું બીજેથી આવ્યું નહિ.''

પછી પુરાણી ધર્મકિશોરદાસજીએ વાત કરી જે, ''બાસઠ (૧૯૬૨)ની સાલમાં વલ્લભજીભાઈએ મને કહ્યું હતું કે, 'જ્યારે હું સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી પાસે ગયો હતો ત્યારે જેવું સુખ અને શાંતિ આવતી એવું જ સુખ અને શાંતિ મને અહીં આવે છે.'''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''આમ ને આમ હેત ને એકતા રાખજો ને આત્મબુદ્ધિ રાખજો તો શ્રીજીમહારાજની મૂર્તિમાં નિમગ્ન કરીશું ને સુખિયા કરીશું. કોઈ આઘાપાછા થાશો નહિ એટલે અણવિશ્વાસ લાવશો નહિ. આ તો સ્વામિનારાયણની સાખે કહીએ છીએ.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''અમને કેવા કર્યા છે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તમને અનાદિમુક્ત કરી મેલ્યા છે, ને બીજા જીવોનો ઉદ્ધાર કરો એવા કર્યા છે એમાં અમે ખોટું કહેતા હોઈએ તો તેનો જોખો એટલે ગુનો અમને છે. આ ફેરે તો પાત્ર-કુપાત્ર જેને જેને આ જોગ થયો છે તે સર્વેને લઈ જવા છે. આ ચૌદ ઇંદ્રિયરૂપી ચૌદ લોકમાંથી જુદા થાવું તે તમારે કરવાનું છે ને પછી કલ્યાણ કરવું તે અમે કરીશું.''

પછી વળી સ્વામીએ કહ્યું જે, "શ્રીજીમહારાજ વિના બીજેથી પ્રીતિ પણ તોડાવો ને મૂર્તિનું સુખ પણ આપો એવી અમારી પ્રાર્થના છે."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આજ તો કૃપાસાધ્ય છે માટે બધું પૂરું કરીશું. અમે તો જીવને નિર્વાસનિક કરીને દેહ છતાં મૂર્તિનું દર્શન પોતાના આત્માને વિષે કરાવીએ છીએ, અને દેહ મુકાવીને મૂર્તિમાં લઈ જઈએ છીએ, એવો દૃઢ વિશ્વાસ રાખશો તો જેવા મહારાજ ને અનાદિમુક્ત છે તેવા અંતર્યામી ને સુખિયા કરીશું. આ ટાણે જે જે બેઠા છે તે સર્વેને એવા જ કર્યા છે, પણ તમારી સામર્થી અમે ઢાંકી રાખી છે ને તે પણ તમારા સુખને માટે છે."

"સાધને કાંઈ થાતું નથી. જેમ દહાડી કરી કરીને રૂપિયા ભેળા કરીને રાજા સાથે લઢીને રાજ્ય લેવું હોય તો કોઈ દિવસ ન મળે, પણ એક ચીભડું ભેટ મૂકીએ તો રાજા રાજ્ય આપી દે; તેમ સાધને કરીને કલ્યાણ લેવું તે દહાડી કર્યા જેવું છે ને આશરે આવીને દેહ, મન ને જીવ તે સોંપી દે તો કલ્યાણ થાય. તેમાં કાંઈ વાર લાગે નહિ. એવા આજ મહારાજ ને મુક્ત કૃપાસાધ્ય છે." એમ વાત કરી ને પછી વશરામ ભક્ત બાજરાનો પોંક લાવ્યા હતા તે સંત-હરિજનોને વહેંચી આપ્યો ને બોલ્યા જે, "આ પોંકનો અકેકો દાણો જમશે તેનું આત્યંતિક કલ્યાણ થાશે."

એમ વાત કરીને પછી છત્રીએથી ચાલ્યા તે માર્ગમાં આવતાં અશ્લાલીના રાવસાહેબ બાલુભાઈને કહ્યું જે, "તમે આ છત્રીએ આવ્યા હતા કે નહિ?"

ત્યારે તે બોલ્યા જે, "ના બાપા, હું નથી આવ્યો."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અમે ઈકોતેરની સાલમાં છત્રી કરાવીને યજ્ઞ કર્યો હતો, ત્યારે આખો સત્સંગ તેડાવ્યો હતો અને ચારસો-પાંચસો સંત આવ્યા હતા અને હરિજનો તો ઘણાક આવ્યા હતા,

ત્યારે તમે ક્યાં ગયા હતા? જૂનાગઢ, વરતાલ, ગઢડા, ધોલેરા, ત્યાં સુધીના તો આવ્યા હતા. ને અમદાવાદ, મુળી, ભુજના સંતો તો પાંચ-દસ દિવસ આગળથી આવ્યા હતા. અને કરાંચી, મુંબઈ, કલકત્તા, કટક, ઝરીઆ, હૈદ્રાબાદ, બિલાસપુર, ખડકપુર, મનહરપુર એ કારખાનામાંથી પણ ઘણા હરિભક્તો આવ્યા હતા અને તમે કેમ રહી ગયા?''

ત્યારે તે બોલ્યા જે, ''તે દિવસે મને આપશ્રીની ઓળખાણ નહોતી.''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''આ કાળી તળાવડી ઉપર છત્રી કરાવીને ચરણારવિંદ પધરાવ્યાં તે અમારું જન્મસ્થાન કર્યું છે.''

ત્યારે બાલુભાઈએ પૂછ્યું જે, ''આપ તો ગામમાં જન્મ્યા હશો અને તળાવ ઉપર જન્મસ્થાન કેમ કહો છો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''અમારાં માતુશ્રી દેવબાઈ નામે હતાં, તે તળાવમાં નાહીને તળાવમાંથી બહાર નીકળ્યાં અને જ્યાં છત્રી છે ત્યાં આવ્યાં. તે ઠેકાણે ડુંગરી હતી, તેના ઉપર શ્રીજીમહારાજે દર્શન આપ્યાં ને કહ્યું જે, 'બાઈ, તમારા ઉપર અમે પ્રસન્ન થયા છીએ તે જે માગો તે આપીએ.' ત્યારે અમારાં માતુશ્રી મહારાજને બહુ રૂપાળા જોઈને એમ બોલ્યાં જે, 'મહારાજ! તમ જેવા પુત્ર મને આપો.' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'અમારા જેવા તો અમે એક જ છીએ અને અમારા અનાદિમુક્ત પણ અમારા જેવા કહેવાય. તે અનાદિમુક્ત તમારે ત્યાં પ્રગટ થશે અને અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરશે અને અબ પ્રગટ થશે માટે અબજી એવું નામ ધારજ્યો.' એમ કહીને શ્રીજીમહારાજ અદૃશ્ય થયા.''

''પછી અમારાં માતુશ્રી ઘેર ચાલ્યાં, ત્યારે એમને વિશ્વાસ લાવવાને માટે માર્ગમાં ચાલતાં બે બાજુએ મુક્તની પંક્તિ દેખાઈ. તે સર્વે મુક્ત એમ બોલ્યા જે, 'બાઈ, તમારે પુત્ર થાશે, પુત્ર થાશે.' આ

વાત અમારાં માતુશ્રીએ ઘેર આવીને અમારા પિતાશ્રીને સર્વે કહી. જ્યાં શ્રીજીમહારાજે વર આપ્યો તે જ ઠેકાણે અમારું જન્મસ્થાન છે, ત્યાં અમે છત્રી કરાવીને ચરણારવિંદ પધરાવ્યાં છે. જે વખતે ચરણારવિંદ પધરાવ્યાં તે વખતે આ બાવે (સ્વામી ઈશ્વરચરણદાસજીએ) અમને કહ્યું જે, 'વર આપો', ત્યારે અમે વર આપ્યો જે, 'આ છત્રીનાં દર્શન જે કરશે તેનું અમે આત્યંતિક કલ્યાણ કરીશું ને મહારાજના સુખમાં લઈ જઈશું.'"

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "આપ પ્રગટ થયા તે કઈ તિથિ અને કયું વરસ તે કહો?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "સંવત ૧૯૦૧ના કાર્તિક સુદ-૧૧ને રોજ પ્રગટ થયા હતા." ॥૧૮૫॥

## વાર્તા ૧૮૬

સંવત ૧૯૭૩ના જેઠ વદ-૧ને રોજ સવારે સભામાં મધ્ય પ્રકરણનું ૪૧મું વચનામૃત વંચાતું. તેમાં માન વિના તો ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગે નહિ એમ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "માન, કામ, ક્રોધ, ઈર્ષ્યા, આદિ શત્રુ છે તેની વહારે ચઢે તો માર ખાય ને શત્રુનું બળ વધે. કોઈકને પ્રાયશ્ચિત્ત કરવાનું હોય ને મોટેરા કરાવે તોપણ માનવાળાને પ્રાયશ્ચિત્ત કરનાર માન આપે તો તેનો પક્ષ રાખે જે, 'નહિ કરે'. એવો અધર્મનો પક્ષ માને કરીને રહે છે. માટે શત્રુમાત્રનો નાશ કરીને ભગવાનની મૂર્તિમાં જોડાવું."

"અમે કુંભારિયે ગયા હતા ત્યાં જયરામભાઈ મિસ્ત્રીને ઘેર એક બાવો હતો. તેણે અમને પૂછ્યું જે, 'સંત કેને કહીએ?' ત્યારે અમે કહ્યું જે, 'તું ઉત્તર કર.' પછી એ બાવે કહ્યું જે, 'મનકું છૂટા મૂકે, સો સંત કહીએ.' પછી અમે જયરામભાઈને કહ્યું જે, 'જુઓ! તમારા બાવાનો માલ નીકળે છે.' પછી જયરામભાઈએ બાવાને કહ્યું જે, 'ચૂપ.' પછી બાવો બોલતો રહી ગયો; એવું આ લોકમાં ચાલે છે."

"સિનોગરામાં કલો મિસ્ત્રી બ્રહ્મજ્ઞાની હતો, તેના છોકરાની સ્ત્રીને બાવો લઈને ભાગી ગયો તોપણ એવા બાવાને ઘરમાં રાખે છે; કેમકે અમે ફેર સિનોગરે ગયા હતા, ત્યારે પણ બીજો બાવો એને ઘેર બેઠો હતો. એ લોકો ગુરુનો મહિમા એવો વધારે જે, ગુરુ કામી હોય તો શ્રીકૃષ્ણ જેવા જાણવા, અને ક્રોધી હોય તો નૃસિંહજી જેવા જાણવા, અને લોભી હોય તો વામનજી જેવા જાણવા; અને 'સ્વામિનારાયણ કા સાધુ તો કચ્ચા હે તે સ્ત્રી-દ્રવ્યથી દૂર ભાગતા હે', એમ બોલે. એ મિસ્ત્રી લોકો આપણા સાધુનો મહિમા તો બહુ જાણે, પણ આપણો આશરો કરે નહિ અને સાચી વસ્તુમાં હેત અને વિશ્વાસ ન આવે. અને હરજીભાઈની ને ગોવાભાઈની મા હતાં, તે બાવાને આપવામાં બે-ચાર હજાર કોરી બાર મહિને વાપરતાં. તે હરજીભાઈ તથા ગોવાભાઈ કહેતા કે, 'શું કરીએ! બધું કલરમાં (ખારભૂમિમાં) જાય છે, પણ જો ન આપીએ તો લોકોમાં ડોશી અમારી ફજેતી કરે.' અને કુંભારિયામાં વાલજીભાઈ મિસ્ત્રીના ભાઈ જગમાલ હતા, તેને અમે ને સાધુએ કહ્યું જે, 'શ્રીજીમહારાજ રાધિકા-લક્ષ્મીના પતિ છે', ત્યારે તેણે ના પાડી. ત્યારે વાલજીભાઈએ કહ્યું જે, 'હું યમને રજા આપીશ જે જગમાલને યમપુરીમાં લઈ જાઓ એટલે તને યમપુરીમાં લઈ જશે; કેમ કે સ્વામિનારાયણને તું ભગવાન કહેતો નથી.'"

"કેટલાક સત્સંગીઓ વ્યવહારમાં ને સત્સંગમાં બહુ મોટા હોય ને શ્રીજીમહારાજે દ્રવ્ય પણ ઘણું આપ્યું હોય તોપણ એ મોટપ સત્સંગમાં ને પરોક્ષમાં બેય ઠેકાણે લોકલાજે વાપરે છે. તેમ આપણે ન કરવું. શ્રીજીમહારાજના આશ્રિતને તો આ સત્સંગમાં જ વાપરવું; એટલે મહારાજ ને મુક્ત રાજી થાય તો મોટી મોજ મળે ને સુખિયા થવાય."

"વિરમગામમાં મોરાર ઠક્કર છે, તેમની પાસે રૂપિયા એકવીસ હજાર હતા. તે સત્સંગમાં જ વાપરે છે, પણ બીજે કોઈ ઠેકાણે એક પાઈ પણ વાપરતા નથી. અને એમ કહે છે જે, 'મારો પૈસો છે તે સ્વામિનારાયણનો ને એમના સાધુનો છે; પણ બીજા કોઈનો એમાં ભાગ

નથી.' પોતાની દીકરીઓ તથા જમાઈઓ આવે તેમને પણ દાળ, ભાત, રોટલી ખવરાવે અને કહે જે, 'મારી પાસે જે છે તે સ્વામિનારાયણનું ને સાધુનું છે. તેથી હું મારે હાથે સત્સંગમાં વાપરીને ધામમાં જઈશ, માટે એમાં તમે કાંઈ આશા રાખશો નહિ.' જ્યારે છપનો કાળ પડ્યો ત્યારે અમદાવાદના મંદિરમાં આવીને કહ્યું જે, 'મારી પાસે એકવીસ હજાર રૂપિયા છે તે તમારા છે. માટે બસો-ચારસો જેટલા સંત હોય તે વિરમગામ પધારો ને ત્યાં જમો, ને ભગવાન ભજો ને ભજાવો.' એમને એવો મહિમા હતો તો સત્સંગ વિના બીજે ક્યાંયે પોતાની મોટપ જણાવી નહિ; માટે એવા સત્સંગી થાવું.''

''જ્યારથી વર્તમાન ધરાવ્યાં ત્યારથી તન, મન, ધન, અનેક જન્મનાં કર્મ, એ બધું શ્રી સ્વામિનારાયણને અર્પણ કર્યું, માટે ત્યારથી સ્વામિનારાયણ ધણી થયા; તો તે ધણીનું નામ લઈને પછી બીજાને કેમ અપાય? તોપણ કેટલાક માને કરીને પરોક્ષમાં વાપરે છે. માન એવું છે કે તેણે કરીને મોટાની મોટપ પણ સહન થાતી નથી.''

''આપણે સંવત ૧૯૭૨ની સાલમાં ચૈત્ર માસમાં છપૈયે જતા હતા ત્યારે અમદાવાદમાં કેટલાકે અવિદ્યા કરી, ત્યારે ગાંગજી પટેલે કહ્યું જે, 'આપણે પાછા કચ્છમાં ચાલો; છપૈયે જવું નથી.' તેથી આપણે ધનજી પટેલ સિદ્ધપુર ગયા હતા તેમને તાર કરીને પાછા બોલાવ્યા, તે અમદાવાદ આવ્યા. પછી બધાએ મળીને વિચાર કર્યો જે આપણે પાછા જાવું. ત્યારે અમે કહ્યું જે, 'શ્રીજીમહારાજ જીવોનાં કલ્યાણ કરવા પધાર્યા હતા, તેમનું અસુરો અપમાન કરતા, તોપણ કલ્યાણ કરવાં પડ્યાં મૂકીને પાછા ગયા નહિ', એમ આપણે છપૈયે જવા આવ્યા છીએ તે છપૈયે જઈશું; પણ કોઈના રોક્યા રોકાશું નહિ.' પછી છપૈયે ગયા અને ત્યાં આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ પધાર્યા હતા અને ત્યાં પારાયણ બેસારીને ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવીને જય જયકાર થયો.'' ॥૧૮૬॥

## વાર્તા ૧૮૭

સંવત ૧૯૭૩ના જેઠ વદ-૧ને રોજ રાત્રિએ નવ વાગ્યા વખતે વરસાદ બહુ ચઢીને ઘૂઘવતો આવ્યો.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘આએશ (ગામધણી) બાજરી ભરવા આવ્યો નહિ ને હવે પલળી જાશે.’’ એમ કહીને છોકરાઓને કહ્યું જે, ‘‘ખળામાં જઈને હઈયા (તુરત) બાજરી ઢાંકી વાળો ને ફરતી અટાર (રેતી)ની પાળ બાંધી વાળો તો પાણી નહિ પેસે.’’

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ‘‘બાપા, એટલી બધી મહેનત કરાવો છો ત્યારે વરસાદ બંધ કરોને!’’

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘ઘૂઘવતો આવે છે, પણ આથમણો જાશે.’’

એમ કહ્યું એટલે વરસાદ ગયો. તે વખતે વીજળીઓ બહુ થતી હતી. ત્યારે સંતોએ કહ્યું જે, ‘‘બાપા, આ વીજળીને અજવાળે તમારાં દર્શન થાય છે તે એને પુણ્ય થશે કે નહિ?’’

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘આ બિચારી પરતંત્ર વીજળી શું તમને દર્શન કરાવશે? તમમાં એટલોય પ્રકાશ નથી? તમમાં તો બહુ જ પ્રકાશ છે. તમે તો તેજમાં મૂર્તિ છે, તે મૂર્તિમાં રહ્યા થકા સુખ લ્યો છો ને કેટલાયનો મોક્ષ કરો છો. સાચું મનાય છે કે નહિ?’’

ત્યારે તે બોલ્યા જે, ‘‘હા બાપા, તમારા પ્રતાપે એવા થયા છીએ.’’

પછી બાપાશ્રી બોલ્યા જે, ‘‘તમારા પ્રતાપની ને તેજની ને સુખની ખબર તમને નથી પડતી; કેમ કે અમે રોકી રાખી છે, પણ તમારો પ્રકાશ તો અક્ષરકોટિથી પણ ઘણો વધુ છે. તમે કામ કરો તે અક્ષરકોટિથી પણ થાય નહિ એવો તમારો મહિમા છે. માટે તમે કાંઈ અધૂરું માનશો નહિ; પૂર્ણકામ માનજો. અને ‘આપણને જે મૂર્તિ મળી

છે તેથી બીજી તેજોમય મૂર્તિ ધામમાં છે તે દેખાશે ત્યારે પૂરું કલ્યાણ થાશે' એમ ન માનશો.''

પછી સંતો બોલ્યા જે, ''બીજી જોવાની ઇચ્છા નથી.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તો તો પૂરું થયું જ છે, ને તમારા સંકલ્પ તો જીવોને તેડવા મૂર્તિમાન થઈને જાય છે; એવી તમારી સામર્થી છે.''

ત્યારે વળી સંતોએ કહ્યું જે, ''શ્રીજીમહારાજ અમારે વિષે રહીને સદા બોલે, જમે, હાલે, ચાલે ને સર્વે ક્રિયા કરે એવી કૃપા કરજો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''બહુ સારું; મહારાજ જુદા નહિ રહે.''

જેઠ વદ બીજને રોજ બપોરના બાર ઉપર બે વાગે બાપાશ્રીએ સંતોને કહ્યું જે, ''સંતો! નાહવા ચાલો, નહિ તો વરસાદ આવશે ને પલાળશે.''

પણ સંતોએ ચાલતાં વાર લગાડી ને ત્રણ વાગે નાહવા ચાલ્યા. તે નાહી રહ્યા પછી ઓચિંતો વરસાદ આવ્યો ને પલાળ્યા.

પછી મંદિરમાં આવતાં માર્ગમાં બાપાશ્રી બોલ્યા જે, ''અમે કહેતા હતા જે નાહી આવો, પણ તમે ચાલ્યા નહિ. અમે કહ્યું જે ઝાલાવાડમાં વરસાદ થાય છે તે હમણાં અહીં આવશે. ગઈકાલે બંધ રાખ્યો હતો તે આજ છૂટી આપી છે; માટે તરત નાહી આવો, તોપણ તમે ચાલ્યા નહિ તો પલાળ્યા.''

એમ વાત કરતા કરતાં કરતાં મંદિરમાં પધાર્યા. ॥૧૮૭॥

## વાર્તા ૧૮૮

સંવત ૧૯૭૩ના જેઠ વદ-૩ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જે વર્તમાન લોપે તે જો ગૃહસ્થ હોય ને ઠાકોરજીની સેવા કરે તો તેમાં લોભાઈને તે સેવા ન લેવી. જ્યારે પ્રાયશ્ચિત્ત કરે ત્યાર પછી

સત્સંગમાં લેવો, પણ પૈસાના લોભથી પ્રાયશ્ચિત્ત કરાવ્યા વિના છોડી મૂકવો નહિ; પ્રાયશ્ચિત્ત તો કરાવવું જ. જો સાધુનો શિષ્ય હોય ને તે સેવા બહુ કરતો હોય, પણ તે ધર્મમાંથી પડે તો તેનો પક્ષ ગુરુએ રાખવો નહિ ને તેને પ્રાયશ્ચિત્ત કરાવવું, પણ સેવાને લોભે કરીને પક્ષ ન રાખવો. તેમ જ ગુરુ હોય ને ઘણા પદાર્થ આપતો હોય, પણ જો ધર્મથી પડે તો શિષ્યે તેનો ત્યાગ કરવો, પણ ઝાઝા પદાર્થના લોભે કરીને પક્ષ ન લેવો અને તેના ભેળાયે રહેવું નહિ. અને આચાર્યે પણ પ્રાયશ્ચિત્ત કરવું તો શ્રીજીમહારાજ ને મુક્ત રાજી થઈને પોતાને સુખે સુખિયા કરે. જો ગાફલાઈ અથવા મહોબત રાખીને કોઈને કાંઈ ન કહે અને ભેળા રહે તો તેનું કલ્યાણ થાવું કઠણ છે; માટે સર્વેને પ્રાયશ્ચિત્ત કરાવવું. જે પ્રાયશ્ચિત્ત ન કરે તેનો ત્યાગ કરવો. અને બ્રાહ્મણ સત્સંગી ન હોય તેના હાથની રસોઈ જમવી નહિ; કેમ જે એમાં ધર્મ ન હોય અને સ્વામિનારાયણની કંઠીયે ન હોય.''

''આપણી સંવત ૧૯૫૯ની સાલની પારાયણમાં એક બ્રાહ્મણ આવ્યો હતો તેણે કહ્યું જે, 'અમને કોઈ માનતા નથી', ત્યારે કેરાના હરિભક્તે કહ્યું જે, 'એ દારૂ પીએ છે માટે અમે નથી માનતા.' પછી તે ભૂંઠો પડ્યો. અને દેવપરામાં એક બ્રાહ્મણ તમાકુ સૂંઘતો હતો તે એવા બ્રાહ્મણ પાસે રસોઈ કરાવો છો તે અમને ગમતું નથી. અમારે અહીં ભુજમાં બ્રાહ્મણ અન્નકૂટ કરતા તે છીંકણી સૂંઘતા, તેથી હવે વૃષપુરના હરિભક્તો હાથે રસોઈ કરીને સર્વે સત્સંગને જમાડે છે. સાધુ ઘણા છે તે સારી રીતે રસોઈ કરે તો સેવાથી અંતઃકરણ પણ પવિત્ર થાય. કદાપિ સત્સંગી બ્રાહ્મણ હોય તોપણ તેના ભેળા કુસંગી બ્રાહ્મણ ભળે; માટે તેમની પાસે રસોઈ કરાવવી નહિ ને જમવીયે નહિ.'' ॥૧૮૮॥

## વાર્તા ૧૮૯

સંવત ૧૯૭૩ના જેઠ વદ-૪ને રોજ સવારે સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''આ સત્સંગમાં સાધુ ને સત્સંગી તે

પોતપોતાના નિયમ બધા પાળતા હોય, પણ શ્રીજીમહારાજનો મહિમા પૂરો સમજી શકે નહિ અને કોઈ મોટા પણ મળ્યા ન હોય તેને અંત વખતે પ્રાપ્તિ કેવી થાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તેને મહારાજ ને મોટા કૃપા કરીને જ્યાં મોટા મુક્તનો જોગ હોય ત્યાં રાખીને મહિમા સમજાવીને લઈ જાય. અને જે શાસ્ત્રમાંથી યથાર્થ મહિમા સમજ્યો હોય ને તેને મોટાનો જોગ ન મળ્યો હોય તોપણ તેને મહારાજ ને મોટા કૃપા કરીને જેવો મહિમા સમજ્યો હોય તેવી પ્રાપ્તિ અંત વખતે કરાવે; પણ જેને મોટાનો જોગ થયો હોય તે તો ઈયળ-ભ્રમર ન્યાયે બીજા અનંત જીવોને મુક્ત કરે. જોગ વિનાનાને અંત વખતે સુખની પ્રાપ્તિ થાય, અને જોગવાળાને છતી દેહે સુખની પ્રાપ્તિ થાય એટલો વિશેષ છે.''

પછી સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ પૂછ્યું જે, ''એક મહારાજની સમીપે રહે ને એક મહારાજની મૂર્તિમાં રહે તેને સુખમાં શો ફેર રહેતો હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મૂર્તિમાં રહેનારાને સુખ લેવાની ગતિ અધિક છે; કેમ જે તે સમગ્ર મૂર્તિમાં રહીને રોમરોમનાં સુખ એકકાળાવિચ્છિન્ન લે છે, અને પરમ એકાંતિકની એવી ગતિ નથી, માટે એટલું સુખ લઈ શકતા નથી. આ સમાગમ કરવા સમુદ્ર ઉલંઘીને આવો છો, ને દેહને દુઃખ પડે છે તે ગણતા નથી તેનું ફળ જે આ સમાગમે કરીને સંપૂર્ણ મહિમા સમજાય છે, ને સુખ લેવાની સામર્થી સંપૂર્ણ આવે છે; એવી સામર્થી જેને અનાદિનો જોગ ન હોય તેને આવતી નથી. મહારાજની મૂર્તિમાં સુખ બહુ છે.''

તે જ દિવસે બપોરે સભામાં સંતે કહ્યું જે, ''મહારાજની મૂર્તિનું દર્શન કરાવો તો તે મૂર્તિને બાઝી પડીએ.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''હમણાં તો મહારાજ પોઢ્યા છે, તે ચાર વાગે જાગશે ત્યારે દર્શન કરાવશું.''

પછી વળી કહ્યું જે, “સુખ દેખાડો.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “આ સર્વે સંત છે એ જ સુખ જાણવું. એ સુખ મોટા થવા જાય તેને મળતું નથી, તેના તો બાર વાગી જાય.”

એમ બોલતાં જ ઘડિયાળમાં બાર વાગ્યા, ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “જુઓ! ઘડિયાળે સાખ પૂરી, માટે દાસપણું રાખવું. તે જેમ સ્વામી કહે તેમ કરવું તે દાસપણું છે.”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજી પ્રત્યે બોલ્યા જે, “આ તમે લખો છો તે શ્રીજીમહારાજનો સિદ્ધાંત સજીવન કરવા સારુ લખો છો અને કોઈક સારુ લખો છો એટલે પાછળવાળાને કામ આવે તે માટે લખો છો તો ખૂબ ખબડદાર થઈને લખજો. અને તમે વચનામૃતની ટીકા લખી ગયા હતા તે લખી રહ્યા કે કાંઈ હજી બાકી છે?”

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “પૂરી થવા આવી છે, ફક્ત છેલ્લા પ્રકરણની બાકી છે.”

પછી બાપાશ્રી બોલ્યા જે, “ભલે, લખજો અને અમે સદાય ભેગા રહીને સહાય કરીશું ને પૂરું કરાવી દઈશું ને માંહે પૂરો સિદ્ધાંત આવ્યો છે.” ॥૧૮૯॥

## વાર્તા ૧૯૦

સંવત ૧૯૭૩ના જેઠ વદ-૫ને રોજ સવારે સભામાં સાધુ ભક્તિતનયદાસજીએ પૂછ્યું જે, “કેટલાક પ્રતિમાથી સંતને અધિક કહે છે તે કેમ સમજવું?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “શ્રીજીમહારાજનો સિદ્ધાંત એના જાણ્યામાં આવ્યો નથી; કેમ જે એને સિદ્ધ મુક્ત મળ્યા નથી; માટે તેની માયિક બુદ્ધિથી જેવું સમજાણું હશે તેવું કહેતા હશે, પણ પ્રતિમા તો સાક્ષાત્ શ્રીજીમહારાજ છે. જેને મોટા મુક્ત ન મળ્યા હોય તે પોતાની

આધુનિક બુદ્ધિએ શાસ્ત્ર સમજવા જાય તેને શાસ્ત્રનું રહસ્ય હાથ આવે નહિ ને પોતે ભગવાન થઈ પડે.''

એમ કહીને પછી બોલ્યા જે, ''સત્સંગમાં કેટલાક 'હું ભગવાન છું' એમ કહેતા હોય તે ન માનવું. ભગવાન તો એક શ્રીજીમહારાજ જ છે. વળી કેટલાક વીર સાધે છે તે થોડુંક તેજ ને માંહે વીરની મૂર્તિ લોકોને બતાવે છે. તેથી અજ્ઞાની બિચારા 'આ મહારાજ બતાવ્યા', એમ જાણીને કેટલાક વિશ્વાસ લાવીને ફસાય છે; માટે એવા કપટીનો વિશ્વાસ ન રાખવો.''

''વળી ગુજરાતમાંથી એક જણે અમને તથા સ્વામી અક્ષરજીવનદાસજીને કાગળ લખ્યો હતો જે, 'તમે મારું ભજન કરો, અને કદાપિ મારું ભજન ન કરો તો તમારા ભુજના મંદિરમાં જીવી ડોશી છે તે મારી ચેલી છે તેનું ભજન કરશો તોપણ તમારું કલ્યાણ થાશે.' એ ડોશી વીરવિદ્યાવાળી હતી તે થોડુંક તેજ ને વીરની મૂર્તિ બતાવતી તેથી લોક છેતરાતા. તેને અમે તથા સ્વામીએ સત્સંગ બહાર કરી હતી, તે ચોસઠની સાલમાં રામપરામાં ધનબાએ પારાયણ કરાવી ત્યારે પ્રાયશ્ચિત્ત કરાવીને સત્સંગમાં લીધી.''

એમ કહીને પછી બોલ્યા જે, ''આજ કેટલાક સત્સંગમાં સ્ત્રીઓની સભા કરીને બેસે છે અને સ્ત્રીઓ પગચંપી કરે છે એવો ભ્રષ્ટાચાર કરે છે. તેમને કારણ જે મહારાજ ને મુક્ત ઓળખાણા નથી. તેથી કામ, ક્રોધ, લોભ, માનાદિક દોષ ટળ્યા નથી ને પોતે મોટા બનીને સત્સંગનું ધોરણ ન જાણનારા એવા અજ્ઞાની લોકોને છેતરે છે; માટે એવા કપટીનો સંગ ન કરવો.''

''માનકુવામાં દમો બ્રાહ્મણ ભગવાન થઈ પડ્યો હતો, તેનો સંગ કેટલાક રાખતા તેમને અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું જે, 'એમનો સંગ છોડી દો'; પણ તે લોકોએ ન માન્યું. પછી મહારાજશ્રી બોલ્યા જે, 'આ માનનો કૂવો આપણું નહિ માને' એમ કહીને જમ્યા વિના ચાલી નીકળ્યા

ને ભારાસરમાં પધાર્યા. ત્યાં રસોઈનો સામાન મળે નહિ તેથી ત્યાં એક સુરદાસ અને ગરીબ ખોડા ભક્ત નામે હતા તેમણે કહ્યું જે, 'હે મહારાજ, આ ગામડા ગામમાં તો કાંઈ સામાન નથી માટે માનવકુવેથી સામાન લઈ આવું ને રસોઈ કરાવો.' ત્યારે મહારાજશ્રીએ કહ્યું જે, 'માનકુવાનું અનાજ તો અમે નહિ જમીએ.' પછી સામત્રામાં દેવજીનો દાદો રૂડો ભક્ત શ્રીજીમહારાજને મળેલા હતા, તેમણે લોટ, ગોળ, ઘી, ખીચડી લાવીને ભારાસરમાં મહારાજને ને સંતને જમાડ્યા. અને સુરદાસને ગરીબ જાણીને તેમની રસોઈ ન લીધી. માટે ઝેરની પરીક્ષા ન લેવી. 'મેરે તો તુમ એક આધારા' એક શ્રીજીમહારાજનો જ આશરો રાખવો.''

એટલી વાત કરીને પછી સમાપ્તિ કરી. ॥૧૯૦॥

## વાર્તા ૧૯૧

સંવત ૧૯૭૩ના જેઠ વદ-૫ને રોજ બપોરે સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જ્યાં મહારાજ ને મોટા મોટા સંત હોય ત્યાં આનંદ આનંદ હોય. અમે નવલખીએ રાત રહ્યા હતા ત્યાં કથા-વાર્તા કરી તે માસ્તરો આવીને બેઠા ને કથા વાર્તા સાંભળી. જ્યાં મહારાજ ને મોટા વિચરે તે ભૂમિ ચૈતન્ય કહેવાય. જે પૃથ્વી ઉપર મહારાજ ને મુક્ત વિચર્યા, જમ્યા, હર્યા, ફર્યા તે સર્વે ભૂમિ પ્રસાદીની ને પવિત્ર થઈ. જેમ એક લૂગડાને કે એક પત્થરને એક કોરે અડે તોપણ બધું પવિત્ર થાય, તેમ પૃથ્વી શ્રીજીમહારાજના સંબંધને પામી તે સાજી પ્રસાદીની થઈ ગઈ.''

ઇત્યાદિ ઘણીક વાતો કરીને પછી સર્વે સૂતા. પછી અઢી વાગે બાપાશ્રી બોલ્યા જે, ''સંતો! નાહવા ચાલો. આજ તો વાડીએ બેસીશું; કેમ કે વરસાદ આખા, પીપલાણા, પંચાળામાં વરસે છે તે આપણે અહીં આજ નહિ આવે.''

પછી બાપાશ્રી તથા સર્વે સંત ચાલ્યા તે વાડીએ જઈ નાહ્યા. તે

વખતે બાપાશ્રી બોલ્યા જે, ‘‘આ કૂવા સદ્‌ગુરુ સ્વામી નિર્ગુણદાસજીએ પ્રસાદીના કર્યા છે. અહીં સ્વામીશ્રી અમારા ભેગા ફરતા ને વાતો કરતા જે, ‘અમે ફલાણા ગામના ફલાણા હરિભક્તને તેડીને ધામમાં મૂકી આવ્યા.’ અને લુણાવાડામાં એક હરિભક્તે દેહ મૂક્યો ત્યારે સ્વામીએ કહ્યું જે, ‘લુણાવાડામાં સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી તથા અમે ફલાણા હરિભક્તને તેડી આવ્યા’; એવી ઘણીક વાતો કરતા. સ્વામીશ્રી તો બહુ સમર્થ હતા.’’

એમ કહીને પછી માનસી પૂજા કરવા બેઠા ને માનસી પૂજા કરીને પછી ત્યાંથી પાછા સર્વે મંદિરમાં આવ્યા. ॥૧૯૧॥

## વાર્તા ૧૯૨

સંવત ૧૯૭૩ના જેઠ વદ-૬ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ‘‘આ સભામાં શ્રીજીમહારાજ તથા અનાદિ, પરમ એકાંતિક તથા એકાંતિક એ સર્વે વિરાજે છે ને સાધનિકને બ્રહ્મચર્ય પળાવીને મુક્ત કરે છે. જેમ રાજા રૈયતની ખબર રાખે છે, તેમ તે સાજા સત્સંગની ખબર રાખે છે. એવો આ સંતને વિષે વિશ્વાસ હોય તો સુખ આવે; માટે આવા સંતમાં હેત કરવું. ‘હેત જોઈ હરિજનનાં વાલો પોતે થયા પ્રસન્ન’. માટે શ્રીજીમહારાજ હેત જોઈને બહુ પ્રસન્ન થાય છે. આ મોંઘી વસ્તુઓ બહુ ઠેકાણે ન હોય! ઘરોઘર ન હોય! ઠામ ઠેકાણે જ હોય. આ મોંઘી વસ્તુ તમને મળી છે. આ વખતે ચીંથરે વીંટ્યાં રત્ન છે, માટે મીન તથા ચકોરની પેઠે હેત કરીને પૂરું કરી લેવું. આ વખત ને આ દાવ જો ભૂલ્યા તો પૂરું થાય એમ નથી, માટે ચાલોચાલ સત્સંગ ન કરવો; તો સુખ આવે.’’

‘‘અમે અડતાલીસની સાલમાં સ્વામીશ્રીને દર્શને અમદાવાદ ગયા હતા. ત્યાં જાદવજીભાઈ, વશરામભાઈ, કેસરાભાઈ એ સર્વે આગલે દિવસે આહીરના ગામથી દરિયે આવીને તે પછી વહાણમાં બેસીને વવાણીએથી રેલે બેસીને અમદાવાદ પહોંચેલા, અને અમે બીજે

દિવસે અમદાવાદ પહોંચ્યા. ત્યારે સ્વામીએ તેમને કહ્યું જે, 'જુઓ! આ અમારા જીવનપ્રાણ આવ્યા.' એમ કહીને ઊઠીને મળ્યા ને બહુ રાજી થયા. એમ મોટા સુખિયા કરતા, તેમ તમને અમે સુખિયા કરીએ છીએ."

"અમારા ગામમાં પ્લેગ આવ્યો ત્યારે સૌ ઠાકોરજીને મૂકીને વગડે ભાગી ગયા. પછી અમે શ્રી ઠાકોરજીને વાડીએ લઈ ગયા ને મંદિર કરીને પધરાવ્યા તે સૌ હરિભક્તો ત્યાં આવીને દર્શન કરે અને દાક્તર આવે તે દર્શન કરીને કહે જે, 'તુમ અચ્છા કરતે હો, અહીં ભગવાન છે તે પ્લેગ નહિ આવે.' પછી જ્યારે હરિભક્તોએ જાણ્યું જે, હવે પ્લેગ ગયો છે માટે ગામમાં ચાલો; ત્યારે અમે કહ્યું જે, 'દસ દિવસ ખમીને પછી ગામમાં ચાલશું', પણ કાનજીભાઈ આદિકે ભડાભૂટ કરીને કહ્યું જે, 'અમારા ઠાકોરજી આપો, અમારે તો ગામમાં જાવું છે.' તેમને અમે કહ્યું જે, 'હજી પ્લેગ ગામમાં છે.' તોપણ તે ગામમાં ગયા. પછી તો કાનજીને ઘેરથી જ બે-ત્રણ મનુષ્ય મરી ગયાં, તેથી દાક્તરે કહ્યું જે, 'એનું ઘર લગાડી દો.'"

"પછી ગામધણી અને દાક્તર આપણી વાડીએ આવ્યા. તેમણે અમને કહ્યું જે, 'ખાવંદ! અમને તમે કહ્યું હોત તો અમે ગામમાં કોઈને પેસવા દેત નહિ.' પછી અમે કહ્યું જે, 'અમે તો કહ્યું હતું જે હવા સારી નથી ને પ્લેગ ગયો નથી.' ત્યારે એમણે કહ્યું જે, 'હા, ખાવંદ! તમે એવું તો કહ્યું હતું.' પછી તેમણે કહ્યું જે, 'કાનજીનું ઘર બાળવાનો ઠરાવ કરીને આવ્યા છીએ.' ત્યારે અમે બાળવાની ના પાડી ને કહ્યું જે, 'એને બદલે અમારું ઘર બાળો, પણ એનું બાળશો નહિ અને પ્લેગ હવે જતો રહેશે.' તેમણે અમારાં વચનના વિશ્વાસથી ઘર ન બાળ્યું, પણ કાનજીને છેટે રાખ્યો ને બધાય બહાર ગયા. પછી અમે જ્યારે કહ્યું ત્યારે ઠાકોરજીને લઈને ગાજતે-વાજતે ગામમાં પેઠા ને ગામ જમાડ્યું. ત્યારે ગામધણીએ કહ્યું જે, 'શોક છે ને જમાડો છો તેનું કેમ?' પછી અમે કહ્યું જે, 'અમારે શોક ન હોય.' તેથી તેને ગુણ બહુ આવ્યો તેથી આજ પણ આપણું વચન ઉલંઘતો નથી."

"અને ભોજો ભક્ત હતા તેમણે કહ્યું જે, 'વાડીમાં તો પ્લેગ નહિ આવે માટે તમે બોલાવીને મને ધામમાં મોકલો.' ત્યારે અમે કહ્યું જે, 'કાલે બોલાવશું.' પછી બીજે દિવસે પ્લેગ આવ્યો ને શીરો જમાડીને તેમને ધામમાં મોકલ્યા. ત્યારે લોકો કહે જે, 'તમે એમને અડ્યા તે તમને પાસ લાગશે.' ત્યારે અમે કહ્યું જે, 'અમને તો કાંઈ પાસ લાગતો નથી.'"

"અને અમે વાડીમાં સાત પારાયણો વચનામૃતની કરી ને ડોસા ડોસા દસ બેસતા, ત્યારે પણ કાનજીએ ભુજ જઈને કહ્યું જે, 'કથા-વાર્તા કરે છે.' તેથી સ્વામીએ કાગળ લખ્યો જે, 'તમે માણસો ભેળા કરશો નહિ.' ત્યારે અમે લખ્યું જે, 'અમે કથા-વાર્તા ન કરીએ ત્યારે શું કરીએ?' એમ મોટાઓને ઉપાધિઓ થતી આવે છે."

"અહીં ભુજમાં સૂરજબા હતાં તેમને સંતોએ ત્રણ દિવસ સુધી મંદિરમાં પેસવા દીધાં નહિ. જ્યારે શ્રીજીમહારાજે શ્રી અચ્યુતદાસજી સ્વામીને દર્શન આપીને કહ્યું જે, 'અમને થાળ ત્રણ દિવસથી ભાવતો નથી, કારણ કે તમે અમારા મુક્તને મંદિરમાં પેસવા દેતા નથી.' ત્યારે સૌને પશ્ચાત્તાપ થયો ને કોઠારી પાસે સૂરજબાને વિનંતી કરીને બોલાવરાવ્યા."

"તેમ જ આજ પણ આપણને કોઈક કહે તોપણ કામ કરી લેવું; પણ પોચા પોચા ન રહેવું. મહારાજની આજ્ઞા પાળવી ને અંગ ફેરવવું તે સૌ જાણે જે આમણે જોગ કર્યો તેથી આમનું અંગ ફરી ગયું છે. જેમ સમુદ્રમાં મીઠું પાણી આવે છે તે ખારા પાણીને ઠેલીને પાછું લઈ જાય છે, તેમ આપણે આજ્ઞામાં ફેર પડવા દેવો નહિ અને આસક્તિ ટાળીને મહારાજમાં જોડાવું. દેશ-પરદેશ ફરવું ને રમવું તે સર્વે મૂકી દેવું, અને ઊતરતા ભેગા ભળી જાવું નહિ. સત્સંગની લટક હાથ આવે ત્યારે જોગ કર્યો કહેવાય. આ સંતનાં દર્શન, સ્પર્શ, પ્રસાદથી કલ્યાણ થાય એવા દ્વિભુજવાળા આ પરમહંસ છે. આ સંત સાંભરે તો મૂર્તિ સાંભરે. માંદાને

શીરો, પૂરી, લાડુ તે ઝેર થઈ પડે ને બળહીન થઈ જાય, પણ સાજો થાય તો જમાય ને બળિયો થાય તે પાંચ મણનો પત્થર ઉપાડે; તેમ આ જીવને જીવના વૈદ મળે તો આ લોકમાંથી લૂખા કરીને મહારાજના સુખે સુખી થાય એવા બળિયા કરી દે. જે સ્વામિનારાયણના છે તે સર્વે આપણા છે. તે ઉપર દયા રાખીને તેમનો મોક્ષ કરવો એ આપણું કર્તવ્ય છે.''

''આ કુંવરજીભાઈ, ઘેલાભાઈ, ભોગીલાલભાઈ, ધનજીભાઈ તથા તમે સર્વે મૂર્તિમાં રહેવા ભેળા થયા છો, તે અમે રાખીશું. આપણે બીજા માટે ભેગા થયા નથી, એક મૂર્તિ સારુ જ ભેગા થયા છીએ, માટે તમને મૂર્તિમાં ભેળા રાખીશું.''

''શ્રીજીમહારાજ વિના બીજા કાળ-કર્માદિકને તથા અક્ષરાદિક કોઈને કર્તા જાણે તે મોટો દ્રોહી કહેવાય. દેવ, દેવલાં, વૈદ, ઔષધ, જંત્ર, મંત્ર એ આદિક સર્વેને કર્તા જાણે તે પણ મોટો દ્રોહી કહેવાય. ઔષધ એનું એ હોય, પણ એથી એકને મટે ને એકને ન મટે તેનું કારણ એ જે એમાં મહારાજ ન ભળે તો ન મટે, ને ભળે તો મટે. મહારાજને તથા અનાદિને તથા પરમ એકાંતિકને જેવા છે તેવા જાણીને પછી કોઈકના કહેવાથી મોટપ ટળી જાય તો તે પણ મોટો દ્રોહી કહેવાય. માટે મરીચ્યાદિકથી લઈને મૂળઅક્ષર સુધી કોઈને કર્તા ન જાણવા. જો કર્તા એમને જાણે તો મોટો દ્રોહી કહેવાય. અને પ્રકૃતિ સુધીનું ખોટું કરે એ તો સુરતના ખાડા ગણી આવ્યા જેવું છે; કેમ કે તેમાં તેણે શું કર્યું? એ તો ખોટું જ છે. શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'અમારા તેજરૂપ પોતાને માનવું તથા અનાદિમુક્તરૂપ માનવું.'''

''જેમ ચમક લોહને ખેંચે છે તેમ અનાદિમુક્ત મૂર્તિમાં ખેંચી લે છે; જેમ મૂળજીને તથા કૃષ્ણજીને મહારાજ ખેંચતા તેમ. મહારાજની મૂર્તિમાં અનાદિમુક્ત રહે છે તે એક થઈ જતા નથી, જુદા રહે છે ને દાસપણે રહે છે. જેની દૃષ્ટિ એટલે પહોંચી ન હોય તેને એમ જણાય જે

ભગવાન થઈ જવાય, પણ ભગવાન શી રીતે થઈ જવાય? કેમ જે ધણી પાસેથી સુખ લે છે, તે ધણીને કેમ ભૂલી જવાય? માટે સ્વામી-સેવકપણું તો રહે છે જ.''

પછી ઝીણાભાઈએ ભોગીલાલભાઈની ને કુંવરજીભાઈની પ્રશંસા કરી જે, ''તમે બરાબર ભક્ત છો; કેમ જે ટૂંકા થયા છો એટલે મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત થયા છો.'' ॥૧૯૨॥

## વાર્તા ૧૯૩

સંવત ૧૯૭૩ના જેઠ વદ-૭ને રોજ સભામાં મધ્ય પ્રકરણનું ૬૨મું વચનામૃત વંચાતું હતું, તેમાં દાસત્ત્વના અંગમાં ગોપાળાનંદ સ્વામીને તથા મુક્તાનંદ સ્વામીને વખાણ્યા.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''દાસત્વપણામાં સર્વેના ગુલામ થઈને રહેવાય છે. આ બે સ્વામીને દાસત્વપણું ઘણું હતું, એવું દાસપણું દૃઢ કરવું. કોઈકને કહેવું તે દાસપણે સત્ત્વગુણમાં રહીને દયા લાવીને ધીરે રહીને કહેવું, પણ રીસ લાવીને કે નિર્દયપણું લાવીને કહેવું નહિ, ને ફજેત કરવો નહિ અને પ્રાયશ્ચિત્ત દેવું તે દયા કરીને દેવું, પણ રીસ કરીને દેવું નહિ. અહીં મોટા માણસને પ્રાયશ્ચિત્ત આપવું હતું. તેણે મરવાનો આદર કર્યો હતો. તેને અમે પુરુષોત્તમ માસમાં છાનું પ્રાયશ્ચિત્ત આપીને બચાવ્યો, પછી તે ધામમાં ગયો. એવી રીતે દયા લાવીને વાતચીત કરી શિખામણ દેવી ને પ્રાયશ્ચિત્ત આપવું અને જો ન માને તો પછી જાહેર કરવું.''

''કાંકરિયા તળાવે શ્રીજીમહારાજ પધાર્યા હતા ને ભેળા સંત ઘણા હતા. તેમાં મોટા મોટા સંતને અજીર્ણ આવ્યું જે, 'આપણે ન હોઈએ તો આ સત્સંગમાં દિગ્વિજય કોણ કરે?' પછી શ્રીજીમહારાજે એ સભાની ઉપર બીજી સભા કરી. ત્યાં પૂજાઓ થાય, આરતીઓ થાય તેવું દેખીને મોટા મોટા સંતોએ શ્રીજીમહારાજને દંડવત કરીને પ્રાર્થના કરીને કહ્યું જે, 'હે મહારાજ! તમે અમારું અજીર્ણ ટાળ્યું.' એમ

દાસપણામાં શ્રીજીમહારાજનો રાજીપો ઘણો છે. અને કીડીસખીને રાજ્ય જોઈતું હતું, પણ માર ખાવો પડ્યો; માટે મૂર્તિના સુખ વિના બીજું કાંઈ ઈચ્છવું નહિ ને પવિત્રપણે રહેવું.''

પછી પોતાની બાજરીના ઢગલામાં સંતને લઈ જઈને ફેરવ્યા ને બોલ્યા જે, ''આ બાજરીને પાપી લોકો અડ્યા હતા તે તમને ફેરવ્યા એટલે પવિત્ર થઈ. આ તમને અમે શીખવીએ છીએ જે પવિત્રનો સંગ કરવો ને સંતની સેવા કરવી. એક ખોજાએ છપના કાળમાં સડક બંધાવી, તેનાં પાપ મનુષ્યને મારેલાં એવાં હતાં, પણ એ સડકમાં કણબી લોકો મજૂરી કરીને છપનો કાળ ઊતર્યા તે સર્વે સત્સંગી હતા, તેમની સેવાએ કરીને ખોજાનાં પાપ બળી ગયાં ને તેના ઉપર દયા કરીને અમે અંત વખતે પ્રસાદી આપીને મોક્ષ કર્યો. માટે સત્સંગીનું પોષણ કરવાથી પાપ બળીને કલ્યાણ થાય છે, એવો સત્સંગનો પ્રતાપ છે.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''જ્યારે ભગવાન પ્રગટ થાય ત્યારે તે દિવસે ઉપવાસ કરાય છે અને દેહોત્સવ કરે તે દિવસે ઉપવાસ નથી કરતા તેનું શું કારણ હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જ્યારે ભગવાન પ્રગટ થાય ત્યારે આનંદમાં ને આનંદમાં ભૂખની ખબર ન પડે, માટે ઉપવાસ કરાય છે. અને ભગવાન પ્રગટ થઈને આત્મા-પરમાત્માનું તથા અજર-અમરપણાનું તથા સર્વત્રપણાનું જ્ઞાન પોતાના ભક્તને આપે તેણે કરીને ભક્ત એમ જાણે જે, 'ભગવાન અદૃશ્ય થતા જ નથી; જેવા છે તેવા ને તેવા જ અણુ અણુ પ્રત્યે છે, પણ કોઈ ઠેકાણે નહિ હોય એમ નથી. ભગવાન તો છે, છે ને છે જ; પણ જ્યારે દર્શન આપ્યાં ત્યારે આપણને જાણ પડી, પણ પહેલાં નહોતા એમ નહિ. આપણા જાણવામાં નહોતા, પણ એ તો સદાય છે જ, અને અદૃશ્ય પણ થતા જ નથી.' એમ સમજે, માટે ભૂખ્યું રહેવાની જરૂર નથી.''

એમ ઉત્તર કરીને પછી વાત કરી જે, ''શ્રી ગોપાળાનંદ સ્વામીને

એક હરિજને પૂછ્યું જે, 'હું કપાસની સાંઠિયો ખોદું છું ત્યારે મહારાજ તેજોમય દેખાય છે તે શી રીતે ખોદું? મહારાજને વાગે તે સારુ ખોદતો નથી.' પછી સ્વામીશ્રીએ કહ્યું જે, 'મહારાજને નહિ વાગે, ખોદજો.' આપણે પણ એમ મૂર્તિ દેખાય એ કરવાનું છે. જેમ દિવસમાં રાત્રિ લીન થાય છે તેમ માયાને તેજમાં લીન કરીને મૂર્તિ જોવી. જો આગ્રહ કરે તો દેખાય, પણ આગ્રહ નથી કરતા એટલે મૂર્તિ નથી દેખાતી. મહારાજ મોંઘા બહુ છે તે તપે કરીને, સેવાએ કરીને, ભક્તિએ કરીને, કે કોટિ સાધને કરીને પણ મળે તેમ નથી, પણ આજ સોંઘા થયા છે. માટે ધ્યાન, માળા, પૂજા એ કર્યા કરવું; તો મૂર્તિ સિદ્ધ થઈ જાય. જો માયિક વસ્તુ લાવવી હોય તો મુંબઈ જઈને પણ લઈ આવે, પણ મહારાજ જેવી દિવ્ય વસ્તુને લેવાનો આગ્રહ કરતા નથી. એક સાધુએ મુંબઈથી મનગમતાં વસ્ત્ર મંગાવીને પહેર્યાં; એવી તાણ મૂર્તિમાં થાય તો શું બાકી રહે? અમે મૂર્તિમાં રહીને આ વાતો કરીએ છીએ, પણ જીવ જાણી શકે નહિ; એવા આ મુક્ત તમને મળ્યા છે. વળી ધક્કો મારીને પણ જીવને મહારાજની મૂર્તિમાં પહોંચાડી દઈએ. એવો આ મુક્તનો ધક્કો છે, તે કોઈને રહેવા દેવા નથી.''

પછી સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ કહ્યું જે, ''બાપા, મારી એક અરજ છે જે મને ભૌતિક દેહમાંથી જુદો પાડીને મૂર્તિમાં લઈ જાઓ. તમારા વિના બીજો મારે આધાર નથી ને હું દુઃખી થાઉં છું.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ બાવો (સ્વામી ઈશ્વરચરણ-દાસજી) તથા તમે બીજા જે જે શરણે આવેલા સદ્‌રુચિવાળા છો, તે સર્વેનું અમારે પૂરું કરવાનું છે. એમને કોઈને માથે ગુનો નથી, બધાયનું પૂરું અમે કરીશું.''

ત્યારે તેમણે કહ્યું જે, ''બાપા! મેં સાધન કાંઈ કર્યાં નથી ને થાય તેમ પણ નથી.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તમારે નચિંત રહેવું. તમને આ

માયિક દેહમાં રહીને શું માગતાં આવડે? મુક્તનું ને મહારાજનું સુખ ને મહિમા ને સામર્થી તેનો કોઈ પાર પામે તેમ નથી. માટે જે સુખ અમારે છે તે સુખ સર્વેને આપવું છે; તે દિવ્યભાવે યુક્ત થાશો ત્યારે સમજાશે. દિવ્ય સુખ તો માયિક દેહથી ને માયિક બુદ્ધિથી માગી લેવાય એવું નથી. એ તો અમે પોતે આપી દઈશું, એવો વિશ્વાસ રાખવો. અમે તમને મળ્યા છીએ તે એક મિનિટમાં સુખ આપી દઈએ એવા છીએ. અમે તો કર્તા થકા અકર્તા છીએ. 'કર્તા થકા અકર્તા રે યુગ યુગમાં નર દેહ ધરે' એવા મહારાજ ને મહારાજના મુક્ત છે. જેવા છીએ એવા ઓળખો તો દરિયામાં દોટ દેવાનું કહીએ તોપણ દો તથા તડકે રાખીએ, ભૂખે મારીએ તોપણ તેમ કરો. રાત કહીએ તો રાત કહો ને દિવસ કહીએ તો દિવસ કહો, એવા થઈ જાઓ, જો પૂરો મહિમા જાણો તો. તમે સર્વેએ આ મુક્તને ઓળખ્યા છે તે પૂર્વે તમે બધાંય સાધન કર્યાં હશે, ત્યારે જ તમને આવા મોટા ઓળખાણા છે. માટે તમારે એમ સમજવું જે સત્સંગમાં જે જે અંગ દૃઢ કરવાનાં કહ્યાં છે, તે સર્વે અંગ સંપૂર્ણ થઈ ગયાં છે; તો જ તમે આવા મોટાને ઓળખ્યા છે."

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "આ વચનામૃતમાં પહેલા પ્રશ્નમાં યોગ્ય-અયોગ્ય કર્મ કહ્યું તે કિયું જાણવું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આજ્ઞા પ્રમાણે વ્યવહાર કરે તે યોગ્ય કર્મ જાણવું. અને તેમાં આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ થઈ જાય તે અયોગ્ય કર્મ જાણવું. અને કોઈક ઉપર ક્રોધ થઈ આવે તે પણ અયોગ્ય કર્મ જાણવું; અને તેનું પ્રાયશ્ચિત્ત કરવું. તે પ્રાયશ્ચિત્ત જો તુરત આવીને મોટા પુરુષને નિવેદન કરે તો અર્ધું કરવું પડે, અને પૂછતાં વાર લગાડે તો પૂરું કરવું પડે, ને કોઈક કરાવે ને કરે તો બમણું કરવું પડે; માટે નિષ્કામવ્રતનો ઉપવાસ પડે તો તુરત કરવો, પણ કાંધાં કરવાં નહિ, એટલે વાર લગાડવી નહિ. જો એકાદશી આદિ વ્રતનો ઉપવાસ બીજે દિવસે આવતો હોય તો પ્રાયશ્ચિત્તનો ઉપવાસ તેરશને દિવસે કરવો, પણ એવી અડચણ ન આવતી હોય તો તે દિવસે જ કરી નાખવો.

નિયમ રાખવાં તે ઓછાં રાખવાં, પણ ઘણાં રાખીને પડ્યાં મૂકવાં નહિ. જો ઘણાં રાખીને પડ્યાં ન મૂકે તો તે શ્રેષ્ઠ છે, પણ ઘણાં રાખીને પડ્યાં મૂકવાં પડતાં હોય તો થોડાં રાખવાં તે ઠીક છે.''

એમ વાત કરીને પછી બોલ્યા જે, ''વચનામૃતમાં નારદ-સનકાદિક તથા રામ-કૃષ્ણાદિક અવતાર કહ્યા હોય તે મુક્તને કહ્યા હોય છે એમ જાણવું; કેમ કે બીજા પરોક્ષ રામ-કૃષ્ણાદિક અવતાર થાય છે તે તો અન્વય સ્વરૂપના અવતાર છે; તેમનાથી શ્રીજીમહારાજના જેવું આત્યંતિક કલ્યાણ થાય નહિ. અને તેમાંના કેટલાક તો માયામાંથી આવ્યા છે અને વ્યતિરેક મૂર્તિના અવતાર જે મુક્ત તે તો આત્યંતિક કલ્યાણ કરે છે; માટે તે અવતાર જાણવા. માયા તો મેસનો ઓરડો છે.''

પછી નાનોદરાના ઠક્કર કાળીદાસે પૂછ્યું જે, ''મારે તો આ ત્રણ અંગમાંથી એકેય સંપૂર્ણ થયું નથી ત્યારે કેમ થશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આવા મોટા ને મહારાજ મળ્યા છે, તેમનો મહિમા જણાય ને તેમની સાથે મન જોડો તો છતી દેહે મોક્ષ થઈ જાય. જેના ભેળા બેઠા છો તેના ભેળું જ રહેવું છે, માટે જ્યારે આવા મળ્યા ત્યારે જાણવું જે પૂરું થઈ જ રહ્યું છે ને કડેડાટ કરતા ધામમાં જાશું; ફિકર રાખવી નહિ. આ તમને મળ્યા છે તે કાંઈ અક્ષરકોટિ સુધીને પણ મળ્યા નથી ને મળવા પણ ઘણા દુર્લભ છે. આ વાતનો મુદ્દો હાથ આવે તો બહુ સુખ આવે ને ઊંઘ, આહાર, ભૂખ, દુઃખ, સર્વે ભૂલી જવાય; એવો મૂર્તિનો આનંદ છે. તે આનંદમાં આપણે રહ્યા છીએ એમ જાણવું.'' ॥૧૯૩॥

## વાર્તા ૧૯૪

સંવત ૧૯૭૩ના જેઠ વદ-૮ને રોજ સભામાં મધ્ય પ્રકરણનું ૧૬મું વચનામૃત વંચાતું હતું. તેમાં ધ્યાન કરતાં જે પદાર્થના ઘાટ થાય તેવા ભોગ જે લોકમાં હોય તે લોકમાં તેને પહોંચાડે છે એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જો આસક્તિપૂર્વક ઘાટ થતા હોય

તો તેને જેવા ભોગ વહાલા છે તે લોકમાં મૂકે છે. અને ઘાટ થાય ત્યારે દાઝ થાય તેને તો એ લોકમાં મૂકતા નથી. માટે ઇચ્છા વિનાના ઘાટ સહેજે થાય તેને તો એ લોકમાં જાવું પડે નહિ. તેને તો સત્સંગમાં જ જન્મ ધરાવે ને જોગ સારો આવે. તે જો ખબડદાર થઈને જોગ કરે ને જેમ મોટા કહે તેમ સાધન કરે, તો તો ઝટ નિર્વાસનિક થઈને ધામમાં જતો રહે; અને આળસ રાખે તો વારંવાર સત્સંગમાં જન્મ ધરે, તે જ્યારે નિર્વાસનિક થાય ત્યારે ધામમાં જાય. કારણ મૂર્તિ મહારાજ ને મુક્ત તેમનું દર્શન આત્માને વિષે થાય નહિ ત્યાં સુધી થોડોક વાંધો ખરો, પણ જેમ પોતાના દેહને વિષે કાંઈક પીડા થાય ને ભુલાય નહિ તેમ મહારાજને અને મોટાને સદાય અખંડ સંભારે તો તેને વાંધો નહિ; માટે મોટાને વિષે મન બાંધવું એટલે કાંઈ વાંધો નહિ.''

''આ તમને મળ્યા છીએ તે અંત સમયે અનાદિની પંક્તિમાં ભેળવી દેશું. કોઈ દુખિયા રહેશે નહિ; સૌને પોતપોતાની પંક્તિમાં ભેળવવાનું તાન છે. જેમ ગામોગામના હરિભક્તો તમને પોતપોતાના ગામોમાં લઈ જવાની તાણ કરે છે તેમ તમને અમારા ભેળા લઈ જવાની અમારે તાણ છે, માટે લઈ જાશું. તે અમે સાચા મળ્યા છીએ તે લઈ જાશું, પણ જેને આધુનિક મળ્યા છે તે આધુનિક તો પોતેય નહિ જાય ને એને વિષે હેતવાળા હશે તેનેય નહિ લઈ જાય. એ તો ભૂખ, દુઃખ ને માર ખાવાના છે, માટે એવાનો વિશ્વાસ ન રાખવો. મોટા સાથે હેત હોય તો તેમની સાથે જોડાઈ જવાય. જે મોટા મૂર્તિમાં જોડાયા છે, તેમને વિષે જે જોડાય તે પણ મૂર્તિમાં જોડાય ને સુખિયા થઈ જાય; માટે કારણ વસ્તુમાં બાઝવું. જેને આવા અનાદિ સાથે હેત થયું તેને વલખાં ન કરવાં જે કેમ થાશે? એ તો પૂરું જ થઈ રહ્યું છે.''

''મહારાજ વિના કાળ-કર્માદિકને કર્તા જાણવા નહિ. વાયુ કે વરસાદ ન થાય કે ઘણો થાય એના કર્તા મહારાજ છે, માટે મહારાજની મરજી પ્રમાણે થાય છે. 'મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય.' એક હરિજને મહારાજને વરતાલમાં કહ્યું જે, 'હું તરણું તોડી

આપું.' એમ કહી ઘાસનું તરણું તોડવા ગયો તો હાથ ઝલાઈ ગયા, તે આઘા કે પાછા થાય જ નહિ. આવા કર્તા મહારાજને જાણે તો મૂર્તિ ન દેખાય તોપણ તેને સર્વે પ્રાપ્તિ થઈ રહી છે, ને એ તો છતી દેહે જ મૂર્તિમાં છે; માટે સર્વ કર્તા મહારાજને જાણે તો એનું પ્રારબ્ધ શ્રીજીમહારાજ પોતે જ છે. તોપણ ભૂંડા દેશ-કાળમાં ન રહેવું; રૂડાં દેશ-કાળમાં રહેવું."

પછી ગોધાવીના માસ્તર જગન્નાથે પૂછ્યું જે, "સર્વે જીવ જે જે ક્રિયા કરે છે તે મહારાજની મરજી પ્રમાણે કરતા હશે કે કેમ?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એ તો જગતની ઉત્પત્ત્યાદિકના કર્તા જે મૂળપુરુષો તથા વાસુદેવબ્રહ્મ તથા અક્ષરો તેમને કહ્યું છે જે એ સર્વે અમારી મરજીથી ઉત્પત્ત્યાદિક કરે છે; અમારી મરજી ન હોય તો કાંઈ કરી શકે નહિ. બીજા જે કર્માધીન જીવો છે તે તો પોતપોતાનાં કર્મ તથા સ્વભાવ-પ્રકૃતિ પ્રમાણે ક્રિયા કરે છે, તેમને તો શાસ્ત્ર ને સત્પુરુષ કહે છે જે આ ક્રિયા કરજો ને આ ક્રિયા ન કરશો. તે શ્રીજીમહારાજે શિક્ષાપત્રી આદિકમાં આજ્ઞા કરી છે એ પ્રમાણે વર્તવું. અને મૂળઅક્ષરાદિક ઈશ્વરોને શાસ્ત્રમાં આજ્ઞા કરી નથી, એ તો શ્રીજીમહારાજની મરજી પ્રમાણે કરે છે; પણ એ કર્માધીન નથી. જે કર્માધીન જીવ છે તેમને તો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વર્તવું ને ન વર્તે તો દુઃખ ભોગવે."

એટલી વાત કરીને સંતોને કહ્યું જે, "તમે ક્યાં સુધી પૂગ્યા છો તેનો સરવાળો કરો."

ત્યારે સંતોએ કહ્યું જે, "શ્રી સ્વામિનારાયણના ચરણ સુધી પહોંચ્યા છીએ; જેમ કરવું હોય તેમ કરે."

પછી બાપાશ્રી બોલ્યા જે, "સત્પુરુષ વાક્યં ન ચલતિ ધર્મઃ."

પછી પુરાણી નંદકિશોરદાસજીને પૂછ્યું જે, "તમે કેમ સમજો છો? આ વાત ક્યાંથી આવે છે?"

ત્યારે તે બોલ્યા જે, “ઠેઠ મહારાજની મૂર્તિમાંથી થાય છે.”

પછી બાપાશ્રી બોલ્યા જે, “ભૂલી ન જાતા હો, પણ અમને એમ જણાય છે કે તમે નક્કી ભૂલી જશો; જરૂર ભૂલી જશો.”

એમ કહીને પછી વાત કરવા લાગ્યા જે, “ધ્યાન કરતાં કરતાં મૂર્તિ નખશિખા પર્યંત સમગ્ર ન દેખાય, એટલે ચરણ સામું જુએ તો મુખારવિંદ કે મસ્તક ન દેખાય ને મુખારવિંદ કે મસ્તક સામું જુએ તો ચરણ ન દેખાય, તે નેત્રની વૃત્તિએ જોવાય છે એમ જાણવું; અને સમગ્ર મૂર્તિ દેખાય ત્યારે તે જીવની વૃત્તિએ જોવાય છે એમ જાણવું. એવી રીતે ધ્યાન કરતાં કરતાં એક મૂર્તિ આકારે વૃત્તિ થઈ જાય, પણ દેહનું કે જગતનું ભાન રહે નહિ તે ઉપશમ કહેવાય. તે ઉપશમવાળાની ક્રિયા શ્રીજીમહારાજ અનુસંધાન પ્રમાણે કરાવે છે, પણ તેને ખબર રહેતી નથી.”

“ગોરધનભાઈ છોકરાને ટાંગો ઝાલીને ખણી જાતા તે કેમ ઝલાય તેની ખબર નહિ, અને સાકર છે કે મીઠું છે તેની ખબર નહિ, અને કોઈક વખતે ઘણું જમે ને ક્યારેક થોડું જમે ને ક્યારેક જમે પણ નહિ; બધું મહારાજના હાથમાં. એ તો શ્રીજીમહારાજ જાળવે જ. જેમ બાળકનું પ્રારબ્ધ માવતર છે તે બાળકને નાગ, વાઘ, અગ્નિ આદિથી જાળવે છે તેમ. આપણો હરજી નાનો હતો ત્યારે ગંજીમાંથી નાગને પૂંછડેથી ઝાલ્યો તે અમે મુકાવ્યો, તેમ ઉપશમદશાવાળાને મહારાજ જાળવે છે.”

“અયોધ્યાપ્રસાદજી મહારાજને ધ્યાન કરતાં લૂગડામાં વીંછી હતો તે સાત-આઠ ઠેકાણે કરડ્યો તોપણ ધ્યાનમાંથી ઊઠ્યા નહિ, ને ધ્યાન કરીને પછી વાત કરી જે, ‘આ લૂગડામાં શું છે? જુઓ!’ પછી પાળાએ જોયું તો વીંછી નીકળ્યો. તેવી સ્થિતિ ઉપશમ કરતાં પણ અધિક કહેવાય. વળી ગામડી ગામમાં પધાર્યા હતા ત્યારે દૂધપાકમાં સાકરને બદલે ભૂલથી મીઠું નાખ્યું હતું, તોપણ નિત્ય જમતા તેટલું જમી ગયા.”

"તે પણ ગોરધનભાઈથી અધિક સ્થિતિ કહેવાય; કેમ જે ગોરધનભાઈને તો ખબર નહોતી પડતી, ને મહારાજને તો આત્મનિષ્ઠા હતી. તે આત્મનિષ્ઠાને બળે કરીને વીંછીની પીડાને ખમ્યા ને મીઠું જમી ગયા, માટે તે વિશેષ કહેવાય. અને તેથી પણ ત્રણે અવસ્થામાં અખંડ મૂર્તિ દેખાય તે શ્રેષ્ઠ છે અને તે જીવસત્તાએ જોવાય છે. તે કરતાંયે શ્રીજીમહારાજનું તેજ જેને આત્મા કહે છે તે તેજને વિષે મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય તે શ્રેષ્ઠ છે, ને તે સિદ્ધ મુક્ત કહેવાય ને પરમ એકાંતિક કહેવાય. અને જે મૂર્તિમાં સળંગ વ્યાપીને મૂર્તિનું સુખ લે તે અનાદિ કહેવાય અને તે સૌથી શ્રેષ્ઠ છે."

"એક સમયને વિષે શ્રી રઘુવીરજી મહારાજ અમદાવાદ પધાર્યા હતા ત્યારે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કહ્યું જે, 'તમો તો આ મોટા શહેરના વ્યવહારમાં બહુ જ બંધાઈ ગયા.' પછી શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે, 'તમો ભગવતપ્રસાદજીને વરતાલનો વ્યવહાર સોંપી દો અને અમે કેશવપ્રસાદજીને સોંપી દઈએ. અને આપણે બન્ને ગઢડા, મુળી, જૂનાગઢ, ભુજ, જ્યાં કહો ત્યાં એક ઠેકાણે બેઠા બેઠા શ્રીજીમહારાજનું અખંડ ધ્યાન-ભજન કરીએ.' પછી શ્રી રઘુવીરજી મહારાજ તો કાંઈ બોલ્યા નહિ, ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે, 'જે દિવસના શ્રીજીમહારાજ પાસે આવ્યા છીએ ત્યારથી અમે તો ત્રણે અવસ્થામાં શ્રીજીમહારાજની મૂર્તિને અખંડ તેજના સમૂહમાં દેખીએ છીએ અને આ અમદાવાદનો સત્સંગનો વ્યવહાર તો અમને રંચમાત્ર પણ ગણતીમાં નથી; અમે તો સદાય મૂર્તિમાં જ નિમગ્ન રહીએ છીએ.' એવી સ્થિતિ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની હતી." ॥૧૯૪॥

## વાર્તા ૧૯૫

સંવત ૧૯૭૩ના જેઠ વદ-૧૦ને રોજ સભામાં મધ્ય પ્રકરણનું ૫૯મું વચનામૃત વંચાતું હતું. તેમાં ભવ-બ્રહ્માદિક દેવ થકી સાધુ અધિક છે એમ વાત આવી.

ત્યારે બાપાશ્રીએ સંતોને પૂછ્યું જે, “એ ભવ-બ્રહ્માદિક કિયા હશે?”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “આ ભવ તે મહાકાળને કહ્યો છે— જે દિવ્ય સંકર્ષણ છે તે, અને તે મૂળપુરુષનો ઉપરી છે. અને બ્રહ્મા તે મૂળઅક્ષર— જેને દિવ્ય અનિરુદ્ધ કહીએ છીએ તે; જે પંચાળાના બીજા તથા લોયાના સાતમા વચનામૃતમાં કહ્યા છે તે.”

પછી બાપાશ્રી બોલ્યા જે, “તમે એ મૂળઅક્ષરથી અધિક છો અને કેટલાકને તેડવા જાઓ છો; તે તમને સાચું મનાય છે?”

ત્યારે સ્વામી બોલ્યા જે, “તમે કહો છો ત્યારે સાચું હશે; અમને તો કાંઈ જણાતું નથી.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “સાચું છે, પણ તમારી પાસે કામ કરાવીએ છીએ, ને વળી જણાવા દેતા નથી; એમ તમે અકર્તા છો. અને નથી જણાવતા તેનું કારણ એ છે જે તમારા સમાસને માટે તમારી સામર્થી રોકી રાખી છે. તમે તેડવા જાઓ છો ત્યારે કોઈકને અહીં રાખો છો પણ ખરા; એમ કરો છો અને વળી તમે જાણતા નથી, પણ તમારી સામર્થી અક્ષરથી પર છે.”

પછી શાસ્ત્રી ધર્મસ્વરૂપદાસજીએ પૂછ્યું જે, “ઘાટ-સંકલ્પ થતા હોય તેનું શું સમજવું?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “એ તો તમને હોય જ નહિ, પણ ફડકાવવા રાખ્યા છે, તે મરેલા સર્પ જેવા છે ને પોતાને વિશેષ મનાય નહિ ને નિર્માની રહેવાય એટલા સારુ છે. ત્રણે અવસ્થામાં મૂર્તિ દેખે ને સર્વેના ભેળા ગોથાં ખાય ને તુચ્છ જીવ માન-અપમાન કરે તે સહન કરે એવા સંત છે. સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ; એ તો મહારાજ કે મહારાજના મુક્ત અને એકાંતિક સંત તે સહન કરે. તુચ્છ જેવા જીવ ‘ગોપાળિયું જ્ઞાન’ કહેતા, અને અત્યારે પણ ‘ગોપાળિયું જ્ઞાન દે છે’ એમ કહે છે; એવા જીવનું માન-અપમાન સહન કરવું એ

જ મોટાઈ છે. એવો મહારાજે માર્ગ ચલાવ્યો છે તે જીવનાં કલ્યાણરૂપી કાર્ય કરવા સમર્થ રાખ્યા છે. એટલે જીવનો મોક્ષ કરવો તે સંકલ્પમાત્રમાં કરે અને કોઈનું ભૂંડું કરવાનો સંકલ્પ કરે તો તે ન થાય.''

''જ્યારે ભદ્રમાં શ્રીજીમહારાજને તેલના ટાંકામાં નાખવાનું કર્યું હતું ત્યારે દેવાનંદ સ્વામી (સંન્યાસી)એ શહેર ઊંધું વાળવાનો સંકલ્પ કરવા માંડ્યો તે વખતે શ્રીજીમહારાજે કહ્યું જે, 'મારા આશ્રિતનો શાપ કોઈને ન લાગે; એક મોક્ષ સંબંધી સંકલ્પ સત્ય થાય.' આવું સમજીને વિશ્વાસ રાખે ને આત્મબુદ્ધિ કરે તો મોક્ષ થાય ને સુખિયો થાય. જે ધોકાપંથી થાય, તેને તો કાંઈ કહેતા નથી. ભુજમાં એક હરિભક્તનો છોકરો મરવા પડ્યો ત્યારે તેણે કહ્યું જે, 'મારો છોકરો રાખો.' ત્યારે અમે કહ્યું જે, 'અમે તો કલ્યાણ કરીએ છીએ, પણ બીજું કાંઈ કરતા નથી.' પછી છોકરો મરી ગયો અને તેનો ધીરે ધીરે શોક ટાળ્યો. એમ મોટા કલ્યાણ વિના બીજું માયિક સુખ આપે નહિ.'' ॥૧૯૫॥

## વાર્તા ૧૯૬

સંવત ૧૯૭૩ના જેઠ વદ-૧૧ને રોજ સવારે સભામાં વરતાલનું ૧લું વચનામૃત વંચાતું હતું. તેમાં શોભારામ શાસ્ત્રીએ પ્રશ્ન પૂછ્યો એ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ શોભારામ શાસ્ત્રીએ મહારાજને પૂછ્યું એવો વખત આ મુક્તને જોગે કરીને તમારે છે કે નહિ?''

ત્યારે સંત બોલ્યા જે, ''એવો જ વખત અમારે છે.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મહારાજના જેવો જ મુક્તનો જોગ કહેવાય; એવું ન જાણે તો નાસ્તિક ભાવ છે.''

પછી એમ આવ્યું જે નિશ્ચય હોય તો નાડી-પ્રાણ ન તણાય તોપણ નિર્વિકલ્પ સમાધિ જ છે.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જુઓ, નાડી-પ્રાણ ન તણાય તોપણ નિર્વિકલ્પ સમાધિ છે એમ જાણજો."

પછી નિશ્ચયનું રૂપ કર્યું જે, "મીંઢળ તોડીને રાજ્ય પડ્યાં મૂકીને ધનનો, સ્ત્રીનો ને સ્ત્રી હોય તો પતિનો ત્યાગ કરે અને કહીએ જે, 'આ ટાણે અહીં આવો', તો સર્વે કામ પડ્યાં મૂકીને આવે ને દેહ માંદો હોય તો તે દેહ પણ આડો ન આવે. જેમ મૂળજી બ્રહ્મચારીએ મહારાજને પાણી પાવા સારુ ઓટા ઉપરથી પડતું મૂક્યું, પણ દેહ આડો ન આવ્યો જે મને વાગશે; એમ વચન પળે તો નિશ્ચય છે એમ જાણવું, પણ તે કઠણ છે. અયોધ્યામાં સીતાની પાસે જઈને માથાં ભટકાડી આવે અને અહીં મોટા મુક્ત ને મહારાજ બેઠા હોય તેનો મહિમા ન જણાય. પરંતુ પ્રગટ ઉપર જ નિષ્ઠા થાય ને તેમના મુક્ત ઉપર જ નિષ્ઠા રહે, પણ બીજા પરોક્ષનો ભાર એક લેશમાત્ર ન આવે એવો નિશ્ચય હોય તે નિશ્ચય જાણવો."

એમ કહીને પછી વાત કરવા લાગ્યા જે, "આગળ કેટલાક ઋષિઓ શાસ્ત્ર કરી ગયા છે તે તમોગુણમાં લખી ગયા છે જે, 'શુદ્ર વેદ સાંભળી જાય તો તેના કાનમાં ઊનું સીસું રેડવું.' અને 'બ્રહ્મચારી અવકીર્ણી થયો તેણે કાણિયો ગધેડો મારીને તેનું ચામડું ઓઢીને ફરવું ને માગી ખાવું.' એવું પ્રાયશ્ચિત્ત લખ્યું છે, પણ તે યથાર્થ નથી."

પછી સભા સામું જોઈને બોલ્યા જે, "જાગો, ઊંઘ ગરી આવી તે સાંભળી જાશે ને તમને સાંભળવા નહિ દે. આ ભગવાન ને આ સંત બેઠા છે તેમાં પણ ગરી આવે એવી છે."

પછી સંતને કહ્યું જે, "તમે ભગવાનને ને સંતને બતાવો તો સંત સાચા."

પછી સંતોએ કહ્યું જે, "આ મહારાજ ને આ સંત."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "હા. આ પ્રતિમા તે સાક્ષાત્ મહારાજ ને આ સભા તે સંત તે અમારાથી ના પડાય નહિ, માટે તમે

બત્રીસ લક્ષણે યુક્ત સંત ખરા. બરાબર.'' એમ બોલ્યા.

પછી બોલ્યા જે, ''આઠ વાગ્યા હોય તો સમાપ્તિ કરો; તે પહેલાં સમાપ્તિ કરો તો મહારાજના ગુનેગાર થાઓ, માટે આઠ વાગ્યા પહેલાં સમાપ્તિ કરવી નહિ.''

એવી આજ્ઞા કરીને પછી સમાપ્તિ કરી. ॥૧૯૬॥

## વાર્તા ૧૯૭

સંવત ૧૯૭૩ના જેઠ વદ-૧૧ને રોજ બપોરે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''આ જોગ હવે ઝાઝા દિવસ નહિ રહે; કેમ જે અમને પંચોતેર વર્ષ પૂરાં થયાં.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''બાપા, આપ સંવત ૧૯૦૧ની સાલમાં પ્રગટ થયા છો, માટે બે વર્ષ બાકી છે.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''૭૩ વર્ષના અધિક માસ ચોવીસ ગણીને અમે બરાબર પોણોસો વર્ષ કહ્યાં છે.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''બાપા, અધિક માસ તો ન ગણાય.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''અમારે અહીં વેપારી પુરુષોત્તમ માસનું વ્યાજ ગણી લે છે, માટે એ માસ બધા લેખો તો પૂરાં પોણો સો થાય છે.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''વેપારી તો લોભિયા હોય તે વ્યાજ લે, પણ આપને એમ ગણીને પૂરાં કરવાં ન જોઈએ.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''બહુ સારું મહારાજ! એમ નહિ ગણીએ.''

પછી વાત કરી જે, ''તમે સર્વે આજ્ઞા યથાર્થ પાળજો. આજ્ઞા છે તે આત્મસત્તારૂપનું કામ કરે છે. માટે નાનાં-મોટાં વચન

શ્રીજીમહારાજનાં યથાર્થ પાળવાં, પણ તેમાં ફેર પડવા દેવો નહિ. જો ફેર પડવા દે તો તેને બીજો જન્મ ધરીને પણ પાળ્યા વિના છૂટકો નથી. જે જડ-ચૈતન્ય માયાનો ત્યાગ યથાર્થ નહિ કરે તે તો બળેલો કોયલો છે ને તે અમારો નથી ને એના ધણી અમે નહિ થઈએ. અમારે અહીં જે ધર્મમાં કુશળ ન હોય તેના કાગળો આવે તે અમે વાંચતા કે વંચાવતા નથી ને જવાબ પણ લખતા નથી, એવો અમારે ધર્મ પાળવા-પળાવવાનો આગ્રહ છે.''

એમ વાત કરીને બોલ્યા જે, ''જુઓને! આપણે રામપરામાં સંવત ૧૯૬૪ની સાલમાં કથા સાંભળવા ગયા હતા, ત્યારે એક હરિજન બહુ સારો હતો, પણ તેને નાનપણમાં બ્રહ્મચર્યવ્રતમાં ફેર પડ્યો હતો, તેનું તેણે પ્રાયશ્ચિત્ત માગ્યું. તેને પ્રાયશ્ચિત્ત કર્યા પહેલાં પાણી પણ ભરવા દીધું નહિ ને એની કાંઈ પણ સેવા દેહે કરીને અમે કરવા દીધી નહિ, એવી ચોખવટ અમે રાખીએ છીએ. તમે પણ જે અમારા જોગવાળા છો તે સર્વે એવી રીતે ધર્મ વિનાનો હોય તેની સેવા અંગીકાર કરશો નહિ. ને શિષ્ય હોય તો જુદો કરજો ને ગુરુ હોય તો પડતો મૂકજો, એ અમારી આજ્ઞા છે તે શિર ચઢાવજો તો અમે બહુ રાજી થઈશું ને તમને ઘણાક અધમ જીવોનો ઉદ્ધાર કરો એવા સમર્થ કરીશું ને જેવા અમે છીએ એવા જ કરીશું અને આપણ સર્વે મૂર્તિમાં ભેળા રહીને મૂર્તિનાં સુખ ભોગવશું.''

પછી સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ પૂછ્યું જે, ''અમને 'યથાર્થ આજ્ઞા પાળો તો શ્રીજીમહારાજના સુખમાં આવશો' એમ કહો છો તો અમે અધમ જીવને આજ્ઞા પળાવ્યા વિના એમ ને એમ શી રીતે મહારાજના સુખમાં લાવીશું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''અધમ નરકે જવાનો હોય તે સંકલ્પે કરીને એનાં પાપ બળી જાય તેથી નરકે જવાનું બંધ થાય ને આ સત્સંગમાં આવે તે કલ્યાણ જાણવું. પછી એક-બે જન્મે કલ્યાણ થાય

અને ખબડદાર થઈને મંડે તો એને એ દેહે કલ્યાણ થઈ જાય એમ ઉદ્ધાર કરો એવા કરવા છે.''

એમ કહીને બોલ્યા જે, ''જેને જોઈએ તે આવો મોક્ષ માગવા.''

પછી સંતોએ કહ્યું જે, ''આ અમે આવ્યા છીએ.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મોક્ષ થઈ ગયો છે અને જે નવા આવે છે તેનો પણ થઈ જાય છે.''

એમ કહીને જનોઈઓ પહેરાવીને સર્વે સંતોને વર આપ્યો જે, ''આ અચળ જનોઈઓ અક્ષરધામ સુધી.''

ને પછી ''સભાની માયાનો ક્ષય ને તમારી જય'' એમ બોલ્યા.

બીજે દિવસે એટલે વદ-૧૨ને રોજ સર્વે સંતોને આજ્ઞા કરી જે, ''આજ ગુજરાત તરફ જાઓ.''

એટલે સર્વે સંત ભુજ થઈને ગુજરાત તરફ આવ્યા. ॥૧૯૭॥

## વાર્તા ૧૯૮

સંવત ૧૯૭૪ના જેઠ માસમાં શ્રી વૃષપુરથી બાપાશ્રીના ત્રણ કાગળો સ્વામી ઈશ્વરચરણદાસજી ઉપર આવ્યા જે, ''તમે તરત આવો, તમારું જરૂરનું કામ છે.''

તેથી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો ગુજરાતથી કચ્છમાં ગયા ને અષાઢ સુદ-૧ને રોજ દિવસ આથમતી વખતે વૃષપુરના મંદિરમાં પહોંચ્યા.

ત્યાં કૂવા ઉપર બાપાશ્રી ઊભા હતા, તે મળ્યા અને કહ્યું જે, ''એક માસથી તમારી વાટ જોતા હતા, પણ તમે વાર ઘણી લગાડી. અમારે મંદવાડ ગ્રહણ કરવો હતો, તે આજ સુધી ખમ્યા.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''વિશોતપરામાં મંદિરની તકરાર છે તેથી રહેવું પડ્યું હતું, પણ આપનો ત્રીજો કાગળ આવ્યો તેથી તરત આવ્યો.''

પછી આરતી થઈ તે આરતી કરીને બેઠા ને બાપાશ્રીએ તાવ ગ્રહણ કર્યો તે ત્રણ દિવસ સુધી ઊલટી ને ફેરો રાખ્યો ને પછી ઊંડા ઊતરી ગયા, તે છ દિવસ સુધી બહાર આવ્યા નહિ.

પછી અષાઢ સુદ-૯ને રોજ નેત્ર ઉઘાડીને બોલ્યા જે, "ધનજીભાઈને નારાયણપુરથી તેડાવો."

પછી તેમને તેડવા માણસ મોકલ્યું, પણ તે ઘેર નહોતા તેથી દશમને દિવસે સવારમાં આવ્યા, ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કહ્યું જે, "ધનજીભાઈ આવ્યા."

પછી બાપાશ્રી નેત્ર ઉઘાડીને બોલ્યા જે, "અમારો ખાટલો ઘેર લ્યો."

પછી ઘેર લઈ ગયા. પછી ઘેર જઈને પોતાને જે કાંઈ પોતાનાં સગાં-વહાલાંને તથા ગરીબ સત્સંગીને દેવું હોય તે, તથા ભુજના ઠાકોરજીની સેવા, તથા પારાયણ કરાવવી તથા બેય દેશમાં રસોઈઓ દેવી, ઈત્યાદિક સર્વે મળી કોરી ૨૮૦૦૦નું વીલ કર્યું.

અને બારશને દિવસે સવારે સૌ સંત-હરિજનો પાસે રજા માગી જે, "અમે આજ બાર વાગે અંતર્ધાન થઈશું માટે સૌ સંતો થાળ કરીને જમાડો ને પારણાં કરો." અને હરિભક્તોને આજ્ઞા કરી જે, "મોટા મોટા હોય તે ઘેર રહેજો." અને પૂજારી રામજી ભક્તને કહ્યું જે, "તમે હાર ગૂંથી લાવો."

પછી અમદાવાદ-મુળીના સંત પચાસ તથા ભુજના બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા પુરાણી કેશવપ્રિયદાસજી તથા કચ્છ, ગુજરાત, ઝાલાવાડના હરિજનો હતા તે સર્વે ઉદાસ થઈ ગયા. સંતોએ ઠાકોરજીનો થાળ પણ કર્યો નહિ ને અગિયાર વાગી ગયા ત્યાં સુધી સૌએ પ્રાર્થના કરી જે, "અમારા ઉપર કૃપા કરીને હમણાં દર્શન આપો."

પછી બાપાશ્રી બહુ દયા લાવીને બોલ્યા જે, "'હેત જોઈ હરિજનનાં વહાલો પોતે થયા પ્રસન્ન.' જાઓ, શ્રીજીમહારાજે તમારી

પ્રાર્થના સાંભળીને અમને રાખ્યા. તમે રસોઈ કરો, અમે રહીશું.''

પછી હરિજનોને કહ્યું જે, ''જાઓ, સૌ પોતપોતાનું કામ કરો.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''આપનો ખાટલો મંદિરમાં લઈએ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ભલે, મંદિરમાં લ્યો.''

પછી મંદિરમાં લાવ્યા ને ઠાકરોજીનો થાળ કરીને બાપાશ્રીને જમાડ્યા ને સર્વે સંત-હરિજનો જમ્યા અને બાપાશ્રીએ મંદવાડ કાઢી મૂક્યો.

પછી તો બાપાશ્રીને સંત-હરિજનો નિત્યે માંચીએ બેસારીને છત્રીએ લઈ જતા ને કોઈક દિવસ વાડીએ લઈ જતા. તે મંદવાડ સાંભળીને ઝાલાવાડ, ગુજરાતના ઘણા સંતો તથા હરિજનો આવતા હવા.

ત્યારે બાપાશ્રીએ વાત કરી જે, ''સંત ને હરિજનો ઘણા આવ્યા છે, માટે આપણે પારાયણ કરવાની છે તે હમણાં જ કરીએ અને કંકોત્રીઓ લખીએ એટલે થોડા-ઘણા રહી ગયા હશે તે પણ આવશે.''

પછી કંકોત્રીઓ લખી મોકલી ને શ્રી નિર્ગુણાનંદજી બ્રહ્મચારીએ 'શ્રી પુરુષોત્તમ લીલામૃત સુખસાગર' નામનો ગ્રંથ કર્યો છે, તેની પારાયણ સાત દિવસની કરાવીને તેની સમાપ્તિ અષાઢ વદ ૦)) અમાસને રોજ કરી. તે દિવસે છત્રીએ રસોઈ કરાવી અને હરિભક્તોને માટે છત્રીની ઊગમણી બાજુએ તલાવડીમાં રસોઈ કરવાનું કહ્યું, પણ ત્યાં સંકડાશ પડે એટલા માટે હરિભક્તોએ છેટે ખેતરમાં આગલે દિવસે માંડવા બાંધી રાખ્યા હતા ને ચૂલા કરી નાખ્યા હતા તેમને સ્વામી ઈશ્વરચરણદાસજી તથા બ્રહ્મચારી નિર્ગુણાનંદજી પાસે કહેવરાવ્યું જે, 'વાયુ અતિશે આવશે ને માંડવા ઊડી જશે અને રસોઈમાં અટાર ઊડીને પડશે ને તમને સુખ નહિ આવવા દે; માટે છત્રીની ઓથે તલાવડીમાં રસોઈ કરો', પણ હરિભક્તોએ માન્યું નહિ.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “બાપા, તલાવડીમાં ઘણા માણસો હરતા-ફરતા હોય તે ઠેકાણે બહુ સંકડાશ પડે એવું છે. માટે પવનને ના પાડો જે વિઘ્ન કરે નહિ.”

પછી બાપાશ્રી બોલ્યા જે, “ઠીક ત્યારે, પવનને ના પાડશું.”

પછી રસોઈ કરી સંત-હરિજનો સૌ સૌને ચોકે જમ્યા અને બાપાશ્રી પણ સંતની પ્રાર્થનાથી થોડુંક જમ્યા. પછી સાંજના મંદિરમાં આવ્યા. બીજે દિવસે પરદેશથી આવેલા હરિભક્તોમાંથી કેટલાક સૌ સૌને ગામ ગયા અને થોડાક હરિજનો તથા બધાય સંત બાપાશ્રીની સેવામાં રહ્યા હતા. અને વચનામૃતની ટીકાની કથા સાંજ-સવાર હંમેશાં શ્રી વૃષપુરના મંદિરમાં થતી હતી. અને સાંજ વખતે માંચીએ બેસીને એક દિવસ વાડીએ ને એક દિવસ છત્રીએ જતા. એમ નિત્ય લીલા કરતા.

એક દિવસે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પ્રાર્થના કરી જે, “આપ અંતર્ધાન થવાના હતા તે દયા કરીને રહ્યા એ મોટો કાળ તો કાઢ્યો, પણ હવે એક બીજો કાળ રહ્યો છે તેને કૃપા કરીને કાઢી મૂકો.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “એ કાળને પણ લત હણીશું તે જતો રહેશે, અને વરસાદ આવશે ને ઘઉં-ચણા સાજા દેશમાં ઘણા થશે, અને પશુને ખાવાને ખડ પણ થશે, અને કપાસ પણ થશે.”

પછી બધું તે પ્રમાણે થયું હતું.

એક દિવસ બાપાશ્રી છત્રીએ પધાર્યા ત્યારે માંચી તૈયાર કરી, પણ બેઠા નહિ ને ચાલ્યા તે આગળ છત્રી આવે છે ત્યાં સુધી ચાલ્યા ને પછી માંચીએ બેઠા.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “બાપા, મંદિરમાંથી કેમ ન બેઠા?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “આ લાલુભાઈને તથા

મહાદેવભાઈને સંકલ્પ થયો હતો જે, બાપાશ્રી આ ગામ બહાર દહેરી છે ત્યાં સુધી ચાલે એવા સાજા થાય ત્યારે આપણે કરાંચી જાવું. તેથી ચાલ્યા અને હવે એમને રજા આપીશું.''

પછી છત્રીએ જઈને નાહીને માનસી પૂજા કરીને પછી સંત ચંદન ઘસી લાવ્યા હતા, તેણે કરીને સર્વેએ બાપાશ્રીની પૂજા કરી, પછી બાપાશ્રીએ સર્વેની પૂજા કરી. પછી મંદિરમાં આવ્યા અને લાલુભાઈ, મહાદેવભાઈ આદિ કરાંચીના હરિજનોને રજા આપી જે, ''તમારો સંકલ્પ પૂરો કર્યો માટે હવે તમો કરાંચી જાઓ.''

પછી તેમણે ઓરતો કર્યો જે, ''આવો સંકલ્પ આપણે કર્યો તે બહુ ખોટું કર્યું; કેમ જે આવો જોગ ને દર્શન મૂકીને જાવું પડશે.'' પછી આંખમાં હેતનાં આંસુ લાવ્યા ને બહુ દિલગીર થયા.

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''અમે કચ્છમાં જ રહીએ છીએ એમ ન જાણશો, કરાંચીમાં પણ છીએ. અમે તો શ્રીજીમહારાજ ભેળા સત્સંગમાં મૂર્તિમાન રહ્યા છીએ, માટે તમો જાઓ અને તમારા ભેળા સદાય છીએ.''

પછી હરિભક્તો ગયા.

શ્રાવણ સુદ-૧૧ને રોજ સવારે બાપાશ્રી છત્રીએ પધાર્યા અને ત્યાં વચનામૃતની ટીકાની કથા કરાવી. અને સાધુ મુક્તવલ્લભદાસજી ચંદન ઘસીને લાવ્યા હતા. તે બાપાશ્રીને ભાલે સંત-હરિજનોએ ચર્ચ્યું.

પછી બાપાશ્રી બોલ્યા જે, ''આ અક્ષરધામમાં દિવ્ય ચંદન ચર્ચ્યાં છે, પણ આ લોકનું ચંદન નથી એમ જાણજો. આ ચંદનનો છાંટો જેને અડશે તેને અક્ષરધામમાં લઈ જઈશું.''

એમ કહીને મળ્યા ને પછી સૌ સંત-હરિજનોએ સહિત મંદિરમાં પધાર્યા.

શ્રાવણ સુદ-૧૫ને રોજ બાપાશ્રી સૌ સંત-હરિજનોએ સહિત

છત્રીએ પધાર્યા ને ત્યાં વચનામૃતની કથા વંચાવી. અને સાધુ દેવજીવનદાસજી આદિ સંત ચંદન ઘસી લાવ્યા હતા, તેણે કરીને સૌ સંત-હરિજનોએ બાપાશ્રીની પૂજા કરીને હાર પહેરાવ્યા. પછી બાપાશ્રીએ સર્વેને ચંદન ચર્ચ્યું ને સર્વેને મળીને મંદિરમાં પધાર્યા.

શ્રાવણ વદ-૧૧ને રોજ સવારે બાપાશ્રી છત્રીએ પધાર્યા ને વચનામૃતની ટીકાની કથા કરાવીને પુસ્તકની પ્રશંસા કરી. પછી સંત-હરિજનોએ બાપાશ્રીને ચંદન ચર્ચીને હાર પહેરાવ્યા ને બાપાશ્રી પણ સર્વે સંત-હરિજનોને ચંદન ચર્ચીને મળ્યા ને પછી મંદિરમાં પધાર્યા.

શ્રાવણ વદ ০)) અમાસને રોજ બાપાશ્રી માંચીએ બિરાજીને સંત-હરિજનોએ સહિત કાકરવાડીએ પધાર્યા. ત્યાં સંતોએ સહિત નાહ્યા ને માનસી પૂજા કરી. પછી વચનામૃતની ટીકાની કથા વંચાવીને પરસ્પર ચંદન-પુષ્પના હારથી પૂજા કરીને સર્વેને મળીને પાછા મંદિરમાં પધાર્યા.

શ્યામવેદીની શ્રાવણીને દિવસે બાપાશ્રી સંત-હરિજનોએ સહિત છત્રીએ પધાર્યા ને ત્યાં વચનામૃતની રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહિત કથા વંચાવી ને પછી સર્વે સંતોને જનોઈઓ પહેરાવીને બોલ્યા જે, ‟આ અક્ષરધામની દિવ્ય જનોઈઓ છે.”

પછી સંતોએ બાપાશ્રીની ચંદન-પુષ્પના હારથી પૂજા કરી અને બાપાશ્રીએ પણ સર્વેની એવી રીતે પૂજા કરી. અને તાંસળાં ભરી ભરીને ચંદન છાંટ્યું અને બોલ્યા જે, ‟આ સર્વેને વર્તમાન. જેવો પર્વતભાઈએ યજ્ઞ કર્યો હતો એવો આ યજ્ઞ છે. આ યજ્ઞમાં જે જે આવ્યા છે તે સર્વેનો આત્યંતિક મોક્ષ થઈ ગયો.”

એમ હજારો હજાર સંત-હરિજનોને કૃપા કરીને વર આપ્યો ને પછી સૌ મંદિરમાં પધાર્યા.

ભાદરવા સુદ-પને રોજ વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાની કથાની સમાપ્તિ થઈ. તે વખતે બાપાશ્રીએ વચનામૃત સટીકની પૂજા કરીને સર્વે સંતોને ધોતિયાં ઓઢાડ્યાં. તે દિવસે રામપુરાના મેરાઈ ખીમજી ભક્ત

તથા પરમાર ડાહ્યા ભક્ત તથા વાલજીએ સમાપ્તિ નિમિત્તે રસોઈ આપી. પછી અમદાવાદ-મુળીના સંતોને તથા પરદેશના સર્વે હરિભક્તોને રજા આપી, તેથી સત્સંગીઓ સૌ સૌને ગામ ગયા અને સંત નારાયણપુર જવા નીકળ્યા. તેમને વળાવવા બાપાશ્રી ભાગોળ સુધી પધાર્યા હતા અને સ્વામી ઈશ્વરચરણદાસજીના સાધુ ઘનશ્યામદાસને તાવ આવ્યો હતો.

તેમને બાપાશ્રીએ કહ્યું જે, ''કેમ ધામમાં જાવું છે?''

ત્યારે તેમણે કહ્યું જે, ''હા, બાપા! મહારાજની મૂર્તિમાં મૂકી દો.''

પછી બાપાશ્રી ઘેર પધાર્યા ને સંત નારાયણપુર ગયા. ત્યાં બીજે દિવસે સાધુ ઘનશ્યામદાસે બપોરે જમીને પત્તર ધોઈને તથા તુંબડું કોરું કરીને ઝોળીમાં મેલ્યાં પછી દિશાએ જઈને નાહ્યા ને ઓસરીમાં આવીને બેઠા ને ધૂન કરવા લાગ્યા. બીજા ત્રીસ સંત જોડે હતા તે સર્વેએ ભેળી ધૂન પા કલાક સુધી કરી ને સાધુ ઘનશ્યામદાસજીએ દેહ મેલી દીધો અને સર્વે સંત ત્યાં પંદર દિવસ રહ્યા.

ત્યાં બાપાશ્રી પધાર્યા અને સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, ''આપણે મંદવાડમાં પારાયણ આદિકનો સંકલ્પ કર્યો હતો તે સર્વે કર્યું ને હવે રસોઈનું બાકી છે. તે રૂપિયા તમો લેવરાવતા જાઓ ને બેય દેશમાં રસોઈ દેજો.''

પછી તે રૂપિયા કલ્યાણ ભક્ત પાસે લેવરાવ્યા ને બેય દેશમાં રસોઈઓ દીધી. ॥૧૯૮॥

## વાર્તા ૧૯૯

સંવત ૧૯૭૫ના વૈશાખ સુદ-૩ને રોજ અમદાવાદ તથા મુળીના સંત તથા હરિજનો કચ્છમાં ગયા હતા, તે ભુજમાં દર્શન કરી વૈશાખ સુદ-૧૫ને રોજ વૃષપુર ગયા.

વૈશાખ વદ-૧ને રોજ સભામાં પ્રથમ પ્રકરણનું ૩૦મું વચનામૃત વંચાતું હતું. તેમાં ઘાટ-સંકલ્પ ટાળવાની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મોટા અનાદિમુક્તનો પ્રસંગ રાખે ને તેમને અંતર્યામી જાણીને સદા સમીપે રાખે તો ઘાટ-સંકલ્પ ટાળી નાખે. જો 'ગુરુ ગયા ગોકળ ને ચેલાને થઈ મોકળ' એમ જાણે તો સંકલ્પ ટળે નહિ; માટે મોટાને સદા સર્વત્ર ને અંતર્યામી જાણવા. આ ટાણે જો આચાર્ય બોલાવીને ધોળકા કે જેતલપુરની કે હરકોઈ ધામની મહંતાઈ આપે તો આવો સમાગમ મૂકીને ચાલી નીકળે, એવા જીવના સ્વભાવ છે; માટે તેમાં લોભાવું નહિ. અને માન, મોટપ, વિદ્યા, અધિકાર, એમાં મોટપ માનવી નહિ; એક મહારાજની મૂર્તિમાં જોડાવું ને તે સુખમાં મોટપ માનવી."

"આ લાભ ને આ જગ્યાની ખબર ન મળે. આ તો અક્ષરધામ છે, પણ વૃષપુરના મંદિરની ઓસરીમાં બેઠા છીએ એમ ન જાણવું. આ ઠેકાણે જે કરો તે થાય તેમ છે, તોપણ જેને નિશ્ચય ન હોય તે એમ કહે જે, 'આ સભામાં મુક્ત આવે જ નહિ'; તે નાસ્તિક છે અને તેને આ સભાનું સુખ ન આવે ને કલ્યાણ પણ થાય નહિ. જીવ એવા છે જે જીવને, માયાને, ઈશ્વરને, બ્રહ્મને, અક્ષરને એ સર્વેને અનાદિ કહે; પણ જે અનાદિમુક્ત હોય તેમને અનાદિ કહીએ તો ન કહેવા દે."

"કરમશી કોઠારી અને બીજા સાધુઓ હતા, તે ગુજરાતમાંથી નિર્ગુણાનંદજી બ્રહ્મચારીને કાગળમાં અનાદિમુક્ત લખ્યા હતા તે વાંચે અને હસે. પછી કરમશી ભક્તે તે કાગળ દોડીને સ્વામી મહાપુરુષદાસજીને બતાવ્યો. પછી સ્વામી મહાપુરુષદાસજીએ કહ્યું જે, 'બરાબર છે, એમાં શું ખોટું છે? એ એવી સ્થિતિના છે.' પછી તો અમારી પાસે આવીને કહ્યું જે, 'જુઓ.' ત્યારે અમે કહ્યું જે, 'એ બ્રહ્મચારીને તમે દીઠા છે, તે કોણ છે? એ બ્રહ્મચારી તો શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા છે. જ્યારે એને અનાદિ નહિ કહો ત્યારે તમે

મુંડાવા આ સત્સંગમાં આવીને બેઠા છો? જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ ને અક્ષર એ સર્વેને અનાદિ કહેવાય અને જે અનાદિ છે તેને ન કહેવાય, તેનું શું કારણ છે? તું આમાં શું લઈને આવ્યો છે? આ તમારી સમજણ કેવી રીતની છે?' પછી તે ચાલ્યો ગયો.''

એમ કહીને પછી વાત કરી જે, ''આજ અનાદિમુક્ત મનુષ્યરૂપે દર્શન આપે છે, માટે ખરેખરી શરદઋતુ આવી છે. આ ઋતુમાં જેવાં ફળ પકવવાં હોય તેવાં પાકે તેમ છે. આગળ ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, શુક સ્વામી ભેગા બેસીને સમાગમ કરતા; તેના વંશના આપણે છીએ, માટે આ સમાગમ કરી લેવો. આ રસનું પાન કરે તો રસ મળે, તે રસ મોટા અનાદિ તથા પરમ એકાંતિક ભોગવે છે ને સત્સંગમાં પ્રવર્તાવે છે તે સુખ લેવું જોઈએ. આ સભામાં અનાદિ તથા પરમ એકાંતિક તથા એકાંતિક છે અને શ્રીજીમહારાજ માંહે વિરાજે છે, માટે આ ને આ દેહે કરીને મૂર્તિના સુખના ભોક્તા થાવું ને મૂર્તિમાં જોડાવું. જે મૂર્તિથી ને આ સભાથી નોખા પડશે તેને સુખ નહિ આવે, માટે અનાદિનો વિશ્વાસ રાખવો. આ બોલીએ છીએ તે સાચું છે, પણ 'આ મુક્ત ક્યાંથી હોય?' એવો તર્ક ન કરવો; કરશો તો ખોટ આવશે. 'પંડિતથી ગાઉ પચાસ, જ્ઞાનીથી ગાઉ વીસ, પ્રેમીને આસપાસ, ને વિશ્વાસીને શીશ.' કલ્યાણસંગજીને વિશ્વાસ આવ્યો તો પૂરું થઈ ગયું.''

પછી પુરાણી ધર્મકિશોરદાસજીએ પૂછ્યું જે, ''વાસનાવાળા ત્યાગીને સાક્ષાત્ ભગવાન મળ્યા હોય તો તેને જન્મ ધરવો પડે કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જડભરતનું વિચારો.''

એમ કહીને પછી બોલ્યા જે, ''આ સાધુ શ્રીજીમહારાજના બાળક છે. તેમની સેવા કરે તો શ્રીજીમહારાજ ઘણા રાજી થાય અને તે સેવા કરનારની કસર એક જન્મે ટાળી નાખે.''

તે સમયે એક બ્રાહ્મણ હતો તેને પૂછ્યું જે, “આ સંત કેવડા મોટા છે?”

ત્યારે તેણે કહ્યું જે, “બહુ મોટા છે.”

પછી બાપાશ્રી બોલ્યા જે, “અક્ષરધામ સુધી મોટા છે. આવા કોઈ અવતાર તથા મૂળઅક્ષરાદિક કોઈ નથી. એવા આ સંત મોટા છે. જે મોટાં ભાગ્યવાળો હોય તે આ સંતને ઓળખે, જેવા-તેવાના ઓળખ્યામાં આવે તેમ નથી.”

“અમે મુળીમાં શ્રી નિર્ગુણદાસજી સ્વામીના આસને બેઠા હતા, ત્યાં કોઈક અધિકારીએ કહ્યું જે, ‘આપ સ્વામિનારાયણને ભગવાન કહો છો તે તો હિંદુસ્તાની બાવો હતા ને તેમણે ઘણાં સાધન કર્યાં હતાં ને યોગ સિદ્ધ કર્યો હતો તેથી મોટા પુરુષ તો ખરા, પણ ભગવાન કહો છો તે સમજાતું નથી.’ તેને સ્વામીએ કહ્યું જે, ‘તમારા હાથમાં એ વસ્તુ ન આવે અને આ નાના લોકો કામ કાઢી જાય છે.’ એમ કહીને દૃષ્ટાંત દીધું જે, ‘એક વેપારી રેલમાં હિંદુસ્તાનમાંથી ખાંડ ભરીને લાવતો હતો, તે વેરાતી વેરાતી અહીં સુધી આવી તે કીડીઓ પહોંચી તે બધી જમી ગઈ ને ખૂબ સુખી થઈ. તેમ કીડી જેવા જે જીવ હતા તે મુક્તના જોગથી ભગવાનને ઓળખીને મહાસુખિયા થઈ ગયા છે અને જે મોટાં મોટાં પશુ હતાં તેમનાથી ખાંડ ખવાણી નહિ; તેમ બહારવૃત્તિવાળા જીવને આ ભગવાન ને આ મુક્ત ઓળખાય નહિ ને એમનું સુખ ન આવે.’ પછી તેને સ્વામીનો ગુણ આવ્યો ને આશ્રિત થયો.” ॥૧૯૯॥

## વાર્તા ૨૦૦

સંવત ૧૯૭૫ના વૈશાખ વદ બીજને રોજ સભામાં મધ્ય પ્રકરણનું ૫૪મું વચનામૃત વંચાતું હતું. તેમાં ભગવાનના ભક્તને વિષે જેની આત્મબુદ્ધિ થાય છે, તેણે જ સર્વ સાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે એમ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “સંતને વિષે એટલે મુક્તને વિષે

આત્મબુદ્ધિ થાય તો જેમ કહે તેમ કરે ને દેહાભિમાન આડું આવે નહિ. જો દેહાભિમાન ટળી જાય તો મહારાજને વિષે ને અનાદિમુક્તને વિષે આત્મબુદ્ધિ થાય.''

એવી રીતે ઘણીક વાત કરીને પછી સંત ચંદન ઘસી લાવ્યા હતા તેણે કરીને સર્વેએ બાપાશ્રીની પૂજા કરી અને હરિભક્ત પોંક લાવ્યા હતા તે સર્વેને વહેંચી આપ્યો.

પછી બોલ્યા જે, ''આ પ્રસાદી કોઈને મળે એવી નથી અને આ ચંદન ચર્ચ્યું તે સાંભરે તો તે અક્ષરધામમાં જાય; પણ જેને મહિમા ન હોય તે એમ જાણે જે આ નિત્ય ઊઠીને કપાળ ચોપડે છે તે છોકરાંની રમત જેવું કરે છે. એમ જાણે તેને આ સભાનો મહિમા સમજાણો નથી. માટે આ રમત ન જાણશો, આ તો અનંત જીવનો ઉદ્ધાર કરવા સારુ કરીએ છીએ. જેને જેને અમે ચંદન ચર્ચ્યાં તે સર્વે અક્ષરધામમાં જાવાના; ને આ અક્ષરધામમાં પૂજા થાય છે એમ જાણજો, પણ આ લોકમાં થાય છે એમ ન જાણશો. આ ચંદન દિવ્ય છે તે જેને અડે તેને દિવ્ય કરે, અને આ પ્રસાદી વહેંચાય છે તે આ લોકનું અનાજ કે આ લોકનાં ફળ, ફૂલ, મેવા નથી; આ તો દિવ્ય છે. એમાં માયાનો ગુણ નથી અને તેને જમનારા અક્ષરધામમાં જાશે એવો આ પ્રસાદીનો મહિમા છે.''

''આ સભાને દિવ્ય જાણે તેને અક્ષરધામનું સુખ છતી દેહે આવે ને સાક્ષાત્ મહારાજની મૂર્તિમાં જોડી દે, એવા આ મુક્ત છે. આપણે એ કરવા બેઠા છીએ, પણ બીજો ધંધો કરવા બેઠા નથી. અમે ધોળાં પહેરીને ને તમે ભગવાં પહેરીને બેઠા છીએ, તેણે કરીને આ જ્ઞાન થાય તેમ નથી. આ લોક, દેહ, લૂગડાં, સર્વે મેલવું પડશે ને અનુભવજ્ઞાન થશે ત્યારે આ સભા ઓળખાશે ને મૂર્તિ મળશે. તમે કાલે મૂર્તિની કોરેમોરે ખોજ કરતા હતા, તે ક્યાંથી હાથ આવે? એ તો જ્યારે અનુભવજ્ઞાન થાય ત્યારે હાથ આવે. અનુભવજ્ઞાનની વાત જુદી છે ને એના સાંભળનારા ને કહેનારા જુદા છે.''

"આ વાત બધાયને ન સમજાય. ઉપાસના સમજવી તથા મૂર્તિમાં જોડાઈ જવું તથા મોટાનો મહિમા સમજવો તે કાંઈ રમત વાત નથી. અહીંથી ને અહીંથી જ કાંઈક ખોટ દેખીને લઈ જાય ને પછી કહે જે, 'આમ હતું, આમ હતું', એટલે ભાભો તો ગંગામાં નાહી રહ્યા. આ લોકનું મહારાજને અને મોટાને બરાબર કરતા આવડતું નથી. તે બરાબર ન કરે તેનો અવગુણ લે જે, 'એ તો આમ કરે છે', ને ઘરમાં છોકરાં દિશાએ જાતાં હોય અને મૂતરતાં હોય તેનું કાંઈ નહિ, અને સાધુમાં ને મોટા મુક્તમાં દોષ કાઢે એવા જીવના સ્વભાવ છે. એવાનો જોગ થાય તો મહારાજના ને મુક્તના દોષ કાઢીને અવગુણ લેવરાવીને જીવનું ભૂંડું કરે. આ સભામાં પણ કોઈક એવા હશે તે મોટાની ને સાધુની ક્રિયામાં દોષ પરઠતા હશે તેને શું મળે? જે કાંઈક પૂર્વનું હશે તે પણ ખોઈને જવાના! ઉદ્ધવજીએ વૃક્ષ-વેલીનો અવતાર માગ્યો! એવો મહિમા શ્રીકૃષ્ણનો જાણ્યો."

"માંડવીના રામકૃષ્ણભાઈને જ્યારે આ વાત સમજાણી ત્યારે મુખમાં ખડ લઈને કણબીનો અવતાર માગ્યો અને એમ બોલ્યા જે, 'આ લક્ષ્મીરામભાઈ તમારો સમાગમ કરવા આવતા ત્યારે મને સંશય થતો જે આવા પંડિત થઈને કણબીનો જોગ શું કરતા હશે? પણ આજ તમારો મહિમા સમજાણો. અને તમે કાંઈ દેવને દર્શને આવ્યા નથી; અમારે માટે આવ્યા છો, એવા તમે મોટા છો. માટે મારું કલ્યાણ આ ફેરે જ કરો; અને જો જન્મ આપો તો તમારી કણબીની નાતમાં આપજો.' એમ માગ્યું."

"છપૈયામાં નારાયણસર તળાવ ઉપર શિવ રજમાં લોટ્યા ત્યારે પાર્વતીએ પૂછ્યું જે, 'અહીં કેમ લોટો છો?' ત્યારે શિવ બોલ્યા જે, "અહીં અક્ષરધામના પતિ રમ્યા છે ને આ નારાયણસરમાં નાહ્યા છે તે પ્રસાદી છે અને હું નિત્ય અહીં આવીને આ રજ માથે ચઢાવું છું ને આ સરોવરમાં નાહું છું.' ત્યારે પાર્વતીએ કહ્યું જે, 'કેટલાં વર્ષની વાત કહો છો?' ત્યારે શિવજીએ કહ્યું જે, 'હમણાંની જ વાત છે.' ત્યારે પાર્વતીએ

કહ્યું જે, 'એ ભગવાનનાં મને દર્શન કરાવો.' પછી શિવજીએ કહ્યું જે, 'એ તો વનમાં વિચરે છે.' ત્યારે પાર્વતીએ કહ્યું જે, 'વનમાં ચાલો.'''

''પછી વનમાં ગયાં ને દર્શન કરાવ્યાં. તે વખતે મહારાજને વનમાં અન્ન, જળ, ફળ કાંઈ મળ્યું નહોતું અને અષ્ટ સિદ્ધિઓ ને નવ નિધિઓ અને રાધિકા, લક્ષ્મી આદિક થાળ લઈને વાંસે ફરતાં ને પ્રાર્થના કરતાં જે, 'હે મહારાજ! આ અમારી સેવા દયા કરીને અંગીકાર કરો.' તોપણ મહારાજ સામું ન જોતા હવા. એવી રીતે શ્રીજીમહારાજનાં દર્શન શિવજીને અને પાર્વતીને થયાં, ત્યારે શિવજીએ કહ્યું જે, 'આ અક્ષરધામના પતિ પુરુષોત્તમ ભગવાન છે.' પછી પાર્વતીએ દર્શન કર્યાં. એવામાં એક કૂવો આવ્યો ત્યાં મહારાજ નાહ્યા ને વિષ્ણુને નવરાવ્યા. તે નવરાવતાં વિષ્ણુ પાણી પી ગયા અને શિવજીએ સાથવો અને મીઠું આપ્યાં તે વિષ્ણુને જમાડીને જમ્યા.''

''માટે જેવી નારાયણસરમાં પ્રસાદી હતી એવી જ આ રજ છે. જેવી શ્રીજીમહારાજની તેવી જ તેમના મુક્તની; પણ જેમ સાહુકારના છોકરા હોય તે દુકાનમાં તો ઘણાંય પકવાન્ન પડ્યાં હોય, પણ જમે નહિ; તેમ આ સભાનો મહિમા નહિ જાણે તેને એવું છે. ભગવાનની મૂર્તિમાં જોડાઈ રહેલા ધર્મ-નિયમે યુક્ત એવા આ સાધુનો છાંટો પડે તો કહે જે, 'મારા પત્તરમાં છાંટો પડ્યો', પણ 'મોટા અવતારોને પણ ન મળે એવી પ્રસાદી મને મળી' એમ ન થાય.'' ॥૨૦૦॥

## વાર્તા ૨૦૧

સંવત ૧૯૭૫ના વૈશાખ વદ-૩ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જેમ માયિક જ્ઞાને કરીને આ લોકનું બધુંય ઓળખાય છે, કાંઈ બાકી રહેતું નથી; તેમ અનુભવજ્ઞાન થાય ત્યારે ધામ, સભા, સુખ, મૂર્તિ, એ સર્વેનો સાક્ષાત્કાર થાય, પણ કોઈને કાંઈ શીખવવું પડતું નથી.''

પછી સ્વામી નારાયણસેવકદાસજીએ પૂછ્યું જે, ''આ સત્સંગમાં

ભેળ ઘણી થઈ ગઈ છે તે શ્રીજીમહારાજ કેમ જોઈ રહ્યા હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રી સ્વામિનારાયણ ભગવાન તત્કાળ કાંઈ કામ કરતા નથી, એ તો વાણિયા જેવા છે તે ખસતાં ખસતાં બધુંય લઈ લેશે; એક દિવસ બધુંય સારું કરશે. આંધળે ઘોડે ચઢે તે બધાંય કૂવામાં પડવાનાં. તે આંધળાઈ વિક્ષેપમાંથી જાગી છે. ગૃહી-ત્યાગીના ધર્મ પ્રવર્તાવવામાં આચાર્યજી મહારાજ કારણરૂપ છે, પણ શ્રીજીમહારાજ સારું કરશે; પોતાનો સત્સંગ ભેળાવા દેશે નહીં.''

એમ વાત કરીને પછી બોલ્યા જે, ''જેને કથા, વાર્તા તથા આ સભા વિના રહેવાય નહિ અને શ્રીજીમહારાજના એકાંતિક તે આવા છે અને પરમ એકાંતિક તે આવા છે અને અનાદિમુક્ત આવા છે ને આવા શ્રીજીમહારાજ છે ને આવું તેમનું ધામ છે એવો મહિમા જાણે તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ થઈ જાય ને તેની બુદ્ધિ થોડી હોય તોપણ તે કુશાગ્ર બુદ્ધિવાળો છે. અને જેને આ લોકનું ડહાપણ હોય, પણ શ્રીજીમહારાજનો ને એમના મુક્તનો મહિમા ન સમજાણો હોય ને તેની વ્યાવહારિક બુદ્ધિ ઘણી હોય તોપણ તે જાડી બુદ્ધિવાળો છે. તે સૌ સૌના મનમાં તપાસી જુઓ તો જણાઈ આવે. જેની કુશાગ્ર બુદ્ધિ થઈ હોય તેને આ સભા દિવ્ય ભાસે. આવા સાધુ ક્યાંય નથી! એવા આ સાધુ છે, પણ જાડી બુદ્ધિવાળાને મનુષ્ય જેવા જણાય. આ સભામાં મહારાજ ને મુક્ત વિરાજે છે, પણ જાડી બુદ્ધિવાળાને જાણ્યામાં ન આવે.''

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''આ સભાનું પૂરું થયું હશે કે કેમ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''પૂરું થઈ રહ્યું એમ કહીએ તો જીવને ચિંતા રહે નહિ ને ખાય, ખેલે ને ઝગઝગાટ ફેંટા બાંધે ને પોતાનું પૂરું માને ને કાંઈ સાધન કરે નહિ. કેટલાક સાધુ અહીં આવે ત્યારે અમે એમનાં લૂગડાંથી ઓળખી લઈએ જે આ ફલાણા ધામના છે. આ અમે

વઢતા નથી, હેતની વાત કહીએ છીએ; માટે સૌ ધ્યાનમાં લઈ તે પ્રમાણે રહેશો તો અમે તમારા કલ્યાણમાં વાંધો નહિ આવવા દઈએ. જે અમારાં વચન પ્રમાણે નહિ વર્તે તો તેનું તે જાણે, માટે આવો જોગ મળ્યો તો બીજો જન્મ ધરવો પડે નહિ એમ વર્તવું."

એટલી વાત કરીને પછી બોલ્યા જે, "પરમપદ તે પરમ એકાંતિકની પ્રાપ્તિ છે અને અનાદિની તો વાત જ જુદી છે. તેનું સ્વરૂપેય જુદું! એને પમાડનારાય જુદા! ને પામનારાય જુદા! ને એનું સુખ પણ જુદું! ને પ્રાપ્તિયે જુદી! તેની તો વાત જ જુદી છે. અનાદિ તો સદાય મૂર્તિમાં છે, છે ને છે જ." ॥૨૦૧॥

## વાર્તા ૨૦૨

સંવત ૧૯૭૫ના વૈશાખ વદ-૪ને રોજ સભામાં મધ્ય પ્રકરણનું પાંચમું વચનામૃત વંચાતું હતું, તેમાં ભગવાનના ભક્તનો પક્ષ રાખવો, પણ વિમુખનો પક્ષ ન રાખવો એમ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "શ્રીજીમહારાજનો આશ્રિત હોય, પણ તે શ્રીજીમહારાજના કહેલા ધર્મ ન પાળતો હોય તેને વિમુખ જાણવો. જે અધર્મીનો પક્ષ રાખે તે આ જન્મે અથવા બીજે જન્મે જરૂર વિમુખ થાય; માટે અધર્મી હોય તેનો પક્ષ ન રાખવો. અને તેનો પક્ષ ન રાખવે કરીને કોઈનો ચૂડો નહિ ભાગે; શ્રીજીમહારાજને મૂકશો તો ચૂડો ભાગશે એટલે કલ્યાણ નહિ થાય. જેને શ્રીજીમહારાજને વિષે ને મોટા મુક્તને વિષે દૃઢ આત્મબુદ્ધિ થઈ હોય ને દેહાભિમાન ટળી ગયું હોય તેનાથી ધર્મનો પક્ષ રહે."

"આ ટાણે દેવની મિલકત કરાવવા સારુ સ્વામી વૃંદાવનદાસજીએ તથા આ ઈશ્વર બાવે અમારી આજ્ઞાથી દેવનો પક્ષ રાખીને દુ:ખ માથે લીધું છે, પણ લેશમાત્ર દેહાભિમાન રાખ્યું નથી. 'હિંમતે મરદા તો મદદે ખુદા.' માટે હિંમતમાં રહેવું; તો મહારાજ સારું કરશે. અને અન્ન-વસ્ત્રાદિક નહિ આપે કે મંદિરમાં રહેવા નહિ દે, એમ

બીક રાખવી નહિ. અને દેવનો પક્ષ માથા સાટે રાખવો; તો શ્રીજીમહારાજ પ્રસન્ન થાશે, પણ પાર્ટી બાંધીને પાર્ટીનો પક્ષ રાખવો નહિ; ધર્મનો પક્ષ રાખવો. જો પાર્ટીનો પક્ષ રાખીને ધર્મનો ત્યાગ કરે તો તે શ્રીજીમહારાજનો ભક્ત હોય તોપણ આ જન્મે અથવા બીજા જન્મે જરૂર વિમુખ થાય; માટે તપાસ રાખવો."

"બાપાના ધામમાં જાવું છે તે છેટું થાય નહિ એમ વર્તવું. ગુરુ હોય તેણે શિષ્યને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ સિદ્ધ કરાવવાં. અમે સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીને શ્રીકૃષ્ણદાસજી, યોગેશ્વરદાસજી, મુક્તજીવનદાસજી તથા રામકૃષ્ણદાસજી, એ ચાર સાધુ આપ્યા હતા. તેમને સ્વામીએ કેવી સાધુતા દૃઢ કરાવી હતી! તેમ પોતાના શિષ્યને ધર્મ દૃઢ પળાવવો ને જ્ઞાન શીખવવું. ઠોઠ જેવા હોય છે તે પણ નિશાળે જાય છે તો ભણીને પંડિત થાય છે, એમ આપણી પાસે આવીને સાધુ થાય તેને ધર્મ, જ્ઞાન આદિક શુભ ગુણ ભણાવવા."

"અમે અમારા છોકરાને ચેષ્ટાનાં પદ પૂરાં થાય ત્યાં સુધી બેસવાની આજ્ઞા કરી છે તો ગમે તેવું કામ હોય તોપણ નિયમ ચૂકતા નથી ને કોસ હાંકીને વાડીમાંથી ખાવાનું પેદા કરે છે ને ભગવાન ભજે છે. અને કેટલાકના છોકરા કાનોમાં ફૂલ ઘાલતા તે આજ કોઈ માંડવી, કોઈ કરાંચી, કોઈ કલકત્તા ને કોઈ આફ્રિકા સેવે છે ને સંતનાં દર્શનનો કે કથા-વાર્તાનો પત્તોય નથી ને કુસંગી જેવા થઈ ગયા છે. માટે આશરે આવે તેને નિયમમાં રાખવા."

"સ્વામી શ્રી નિર્ગુણદાસજીના સાધુ રામકૃષ્ણદાસજી અમદાવાદના મંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરવા ગયા હતા, ત્યાં માનસી પૂજા કરવા બેઠા તે ઊંઘ આવી ગઈ. પછી મોડેથી જાગ્યા ત્યારે આસને આવ્યા, તેમને સ્વામી બહુ લઢ્યા. તેમ ગુરુની પાસે ચેલાનું આસન કરાવવું, પણ ગુરુ ક્યાંય ને ચેલા અર્ધો માઈલ છેટે હોય તે શું કરતા હશે? માટે આસન પાસે કરાવવું. જેમ ગાયનું વાછરડું ગાય પાસે

હોય તેમ પોતાના શિષ્યને પોતાની પાસે રાખવા. અને રાત્રિએ અગ્નિ જે દીવો તેની સાખ રાખવી, પણ દીવા વિના રહેવું નહિ. દીવો હોય તો કોઈ ચાળો ન કરે, પણ ગુરુ ક્યાંય હોય ને શિષ્ય ક્યાંય હોય. ગુરુ કથા કરતા હોય ને શિષ્ય ક્યાંય સૂતા હોય તેમની ખબર ન લે, તે શિષ્યમાં શું ગુણ આવે? કોઈ ખોટું ન લગાડશો.''

''અમે તો મહાપ્રભુજીની મરજી જોઈને બોલીએ છીએ, અમથા નથી બોલતા. જુઓને! જડભરતને ત્રણ જન્મ ધરવા પડ્યા. માટે તપાસ કરવો. એને તો વિજાતિ મૃગલું હતું, તેમાં કાંઈ પણ સ્વાર્થ નહોતો તોપણ બંધાઈ ગયા; તો ત્યાગીને તો ગોદડી, તુંબડી, આસન, પટારો, પુસ્તક, ગુરુ, ચેલા એવાં ઘણાં ઠેકાણાં બંધાવાનાં છે. એ તો અહીં બેઠા હોય ને અમદાવાદ કે મુળી જઈને પટારો જોઈ આવે ને શિષ્યને કાંઈક કહી આવે. આ સભામાં બેઠા હોય તોપણ ચોરી કરીને ક્યાંય જઈ આવે.''

''અમારે અહીં એક કણબી સવલો નામે હતો, તે લોકને કહે જે, 'અહીં ચોર છે' ને પછી પાનબાજરીમાં ને બધે કચરામાં ફરે ને પછી કહે જે, 'આ પાનમાં ચોર જાતો રહ્યો'; એમ લોકને છેતરે. તેમ કામ-ક્રોધાદિક શત્રુ છે તે જીવને માયારૂપી કચરામાં ફેરવે છે, પણ જીવ ઓળખતો નથી. ને 'આપણે સાધુ થયા છીએ તે આપણને કામાદિક શત્રુ શું કરનારા છે?' એમ જાણીને ગાફલાઈ રાખે, પણ એ તો ક્યાંય ઉપાડીને લઈ જાય એવા છે.''

''એક વાણિયાના ઘરમાં ચોર પેઠા ત્યારે તેની સ્ત્રીએ કહ્યું જે, 'ચોર પેઠા.' ત્યારે કહે જે, 'જાગું છું.' પછી કહે જે, 'પટારો તોડ્યો.' તો કહે જે, 'જાગું છું.' પછી કહે જે, 'લઈને ગયા.' તો કહે જે, 'જાગું છું', પણ ઊઠ્યો નહિ ને પછી કહે જે, 'દાટ વળી ગયો'; એમ થાય. માટે દાટ વળવા દેવો નહિ ને ખાન-પાનમાં ક્યાંય આસક્તિ રાખવી નહિ; એક મૂર્તિમાં જ આસક્ત થાવું. અને કામ વ્યાપે તે ટાણે યક્ષ-

રાક્ષસનો અવતાર આવ્યો જાણવો ને કોઈ વસ્તુમાં તથા ચેલામાં, આસનમાં, ખાવા-પીવામાં ક્રોધ આવે તે ટાણે સર્પનો દેહ આવ્યો જાણવો; માટે કામ-ક્રોધાદિક વિકારનો ત્યાગ કરીને સાધુ થાવું, પણ સ્વભાવને વશ થાવું નહિ ને સ્વભાવ હોય તો તે ટાળવા. સ્વામી અચ્યુતદાસજીને ચાર-પાંચ ગાઉ ચાલવું પડ્યું તોપણ શાંત રહ્યા તેવા થાવું.'' ॥૨૦૨॥

## વાર્તા ૨૦૩

સંવત ૧૯૭૫ના વૈશાખ વદ-૫ને રોજ સભામાં સારંગપુરનું ૧૪મું વચનામૃત વંચાતું હતું તેમાં એ ભક્તને ભગવાન ભાગવતી તનુ આપે છે એમ આવ્યું.

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''ભાગવતી તનુનો અર્થ કેવી રીતે સમજવો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એક પરભાવનું ભાગવતી તનુ છે ને એક અવરભાવનું ભાગવતી તનુ છે; તેમાં આ પરભાવનું કહ્યું છે. તે ભક્તનો ચૈતન્ય મૂર્તિમાન થાય છે તેને શ્રીજીમહારાજ પોતાનું ધામ જે મૂર્તિ તેમાં રાખે છે. માટે ભાગવતી તનુ એટલે ભગવાનની મૂર્તિ તેમાં રાખે છે. અને સર્વે સાધને સંપન્ન થઈને ઉપશમદશાને પામે ને ખાધા-પીધાની તથા દેહની ખબર જ રહે નહિ એવો થાય ને પછી આત્માને વિષે મૂર્તિનો સાક્ષાત્કાર થાય, પણ જે દેહે સાધન કર્યું છે તે દેહમાં રહ્યો હોય ત્યાં સુધી એ અવરભાવનું ભાગવતી તનુ કહેવાય.''

એમ ઉત્તર કરીને પછી વાત કરવા માંડી જે, ''જોગ તો બહુ સારો મળ્યો છે, પણ જીવ શૂન્યકાર થઈ ગયો છે. સ્વામિનારાયણ જેવા પતિ મળ્યા તેમને પડ્યા મૂકીને ક્યાંય ને ક્યાંય દોટ્યો દે છે, ત્યારે પછી એનો ધણી કોણ થશે? શ્રીજીમહારાજ તો થાશે નહિ. તેના ધણી યમરાજા થશે. આવા ભગવાન મળ્યા તેમની આજ્ઞા લોપીને ક્યાં જાવું? આજ્ઞા છે તે કોટ છે, તેને લોપવામાંથી દુઃખ થાય છે. જુઓને! આ

સત્સંગ કેવો ફૂલી રહ્યો છે! તેમાં કેટલાક પાપી છે, તે આજ્ઞા લોપીને ભડાભૂટ કરી મૂકે છે. ત્યાગી-ગૃહીને આજ્ઞા પાળવામાં સુખ છે. દેહ તો નક્કી પડી જાશે, માટે મૃત્યુ સામી નજર કરી રાખવી અને તેડવા તો આ સભા આવશે, પણ જીવ અજ્ઞાને કરીને જ્યાં ત્યાં પરોવાઈ પડ્યા છે, તે દુઃખિયા થાય છે.''

''લાભ ને પ્રાપ્તિ તો બહુ મળી છે, પણ ભોગવતાં આવડતું નથી. સ્વામિનારાયણને જેવા જાણીશું તેવા તો કરશે. ક્યાં મહારાજ! ને ક્યાં મુક્ત! ને ક્યાં જીવ! એવા મોટા મળ્યા છે તોપણ જીવ કાંઈ માલ ન હોય તેમાં પણ બંધાઈ રહે.''

''પટેલને છોકરે છ મહિના વિચારીને હેડમાં પગ ઘાલ્યો, પછી એના બાપ પાસેથી પાંચ-દસ હજાર રૂપિયા રાજાએ લઈ લીધા. તેમ જ ભક્તિમાર્ગ છે તે પણ હેડમાં પગ ઘાલ્યા જેવું છે. માટે મંદિરો કરવાં તથા મંદિરનો વ્યવહાર કરવો તેમાં મહારાજને સાથે રાખે તો સારું ને જો સાથે ન રાખે તો હેડમાં પગ પડ્યો તે બંધાઈ રહે તેવું છે. માટે શ્રીજીમહારાજને ભૂલીને તો ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ તે પણ ન કરવાં. સર્વે ક્રિયા મહારાજને ભેળા રાખીને કરવી. મહારાજ ભેળા હોય તો જેમ જીવરામની તથા વ્યાપકાનંદ સ્વામીની તથા અખંડાનંદ સ્વામીની સહાય કરી તેમ સહાય કરે. જેમ ધણી વિનાની પત્ની શોભે નહિ તેમ કથા, વાર્તા, માળા, માનસી પૂજા આદિ સાધનમાં શ્રીજીમહારાજને સાથે ન રાખે તો શોભે નહિ ને સુખ ન આવે; અને વાતચીતમાં પણ શ્રીજીમહારાજની મૂર્તિરૂપી બીજ લાવવું. આ સત્સંગમાં દોડાદોડ કરીએ છીએ તેમાં શ્રીજીમહારાજને રાખીએ તો સુખ આવે.''

''આજ અનાદિમુક્ત શ્રીજીમહારાજનો રસ પ્રવર્તાવે છે તેમાં ઊતરે તે સુખી થાય, અને આ સમાગમમાં લૂખા થાશે તેને તો રંડાપો આવી જાશે એટલે કાંઈ નહિ મળે. આ સભા ક્યાંથી મળે? તોપણ જીવને આ સભામાં હેત થાતું નથી ને બીજે ધોડા કરે છે. રોટલા તો

સ્વામિનારાયણ દે છે, ને ચેલામાં, પુસ્તકમાં ધોડા કરે.

"વળી કેટલાક તો આ સભાને ઓળખે પણ નહિ ને 'આ સાધુ આમ કરે છે, આ હરિભક્ત આમ કરે છે', એમ ટોચા મારે; પણ પોતાને ખબર નથી જે મારું કલ્યાણ આ સભા કરશે. તેમ પોતાનું તો વિચારે નહિ ને જાતો ક્યાંય ટોચો મારે! આ સભામાં દોષ પરઠે પછી એકલો રહે તેમાં શું રૂડા ગુણ આવે? માટે આજ્ઞા ને ઉપાસના દૃઢ કરવાં, અને આ પ્રતિમા ને સંત દિવ્ય સમજવા; તો શ્રીજીમહારાજ આ ફેરે જ મોક્ષ કરશે. આ લીંબડો છે તેને બરાબર જાણ્યો છે તેમ શ્રીજીમહારાજનો નિશ્ચય અડગ થાય તો તેને કદાપિ બીજી કાચપ રહી જાય તોપણ તેનું પૂરું થઈ જાશે. નાના-મોટા સર્વેને દિવ્ય સમજવા તો સુખ બહુ આવે."

પછી કહ્યું જે, "વાંચો."

પછી સ્વામી વૃંદાવનદાસજીએ કહ્યું જે, "કથા વાંચવા કરતાં તમારી વાતો બહુ સારી લાગે છે ને બહુ સુખ આવે છે."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ વાતો ને કથા એક જ છે. નિશ્ચય મહાપ્રભુજીનો એવો રાખવો જે રોગમાં, દુઃખમાં, ક્યાંય મહારાજ વિના વૈદ-ઔષધમાં પ્રતીતિ આવે નહિ. આ મૂર્તિ ને આ સંત સુખ કરે ને બધી પીડાનો નાશ કરે ને ભગવાનની મૂર્તિમાં ઊતરી જાય તો તાવની કે રોગની કાંઈ પીડા વર્તાય જ નહિ. આ લોક, ભોગ, પદાર્થ, દેહ, સર્વે નાશવંત છે; પણ જીવને તૃષ્ણા છે તે રહેવાય જ નહિ. પાંચ-પાંચ પેઢી સુધી ખાય એટલું હોય, પણ ભગવાન ભજે નહિ ને વ્યવહારને વળગી રહે."

"શ્રીજીમહારાજનો નિશ્ચય ન હોય ને તેણે જે સાધન કર્યાં હોય તે સાધન દિવ્ય થઈને મહારાજ પાસે જતાં રહે ને ભાઈ તો અહીં પડ્યા હોય. તે જ્યારે નિશ્ચય થાય ને મહારાજ પાસે જાય ત્યારે સાધનનું ફળ મળે."

"અને જો કોઈ મોટાનો દ્રોહ કરે તો જીવ નાશ થઈ જાય ને

સાધન તો મહારાજ પાસે જતાં રહ્યાં હોય તે ફેર ભેળાં થાય નહિ એટલે તેનો મોક્ષ થાય નહિ. માટે શ્રીજીમહારાજની ઉપાસનાવાળા તથા પંચ વર્તમાને યુક્ત જે સંત અથવા હરિભક્ત હોય તેનો દ્રોહ ન કરવો. એવાને દ્રોહે કરીને સાધન બળી જાય છે.''

''આ સત્સંગનો વ્યવહાર છે તેમાં પણ દેવને માટે સરકારમાં કામ ચાલે તો સત્સંગીઓ 'સરકારમાં પૈસો જાય છે' એમ જાણીને ન આપે તેને મોટી ખોટ આવે; માટે ધર્માદો આપવામાં સંશય કરવો નહિ; કેમ જે દેવની મિલકતને બથાવી પાડતા હોય તેને માટે સરકારમાં પણ જાવું પડે તેમાં શ્રીજીમહારાજનો બહુ રાજીપો છે.''

પછી બોલ્યા જે, ''તમારા આવ્યા પહેલાં અમે ભુજ ગયા હતા ત્યાં તાવ આવ્યો, ત્યારે અમે આ સભાને સંભારી જે અમારી સભા આવે તો સારું; એટલામાં તુરત તમે આવ્યા, એવી મહારાજની દયા છે. આ સભા બહુ દુર્લભ છે. આવી સભામાં રાત્રિ-દિવસ બેઠા હોઈએ, પણ મહિમા ન હોય તો લૂખાશ મટે જ નહિ.''

''અમારે કણબીમાં કોઈકનું બાજરિયું ખવાઈ ગયું હોય તો પ્રાયશ્ચિત્ત માગે અને મહેતા તથા સોની હોય તે સિંધની કમાઈ ખાય, પણ પ્રાયશ્ચિત્ત કોઈ પૂછે નહિ. જે ચોરી ન કરે તે અક્ષરધામમાં સૌથી આગળ બેસે ને જે ચોરી કરે તેનો સાંધો આવે નહિ. કરાંચીવાળા લાલુભાઈના જમાઈને મોટર હાંકતાં કોઈકનું ખૂન થઈ ગયું તેથી તેને સજા થતી હતી, તેને લાલુભાઈએ ઘણા રૂપિયા ખરચીને છોડાવ્યો. મોટા તો એવા દયાળુ હોય, પણ જીવ કૃતઘ્નીપણું મૂકે નહિ.''

એટલી વાત કરીને બોલ્યા જે, ''દુઃખમાં ભગવાન બહુ સાંભરે. સુખદાયી તો ભગવાન ને સંત છે, પણ બીજા કોઈ દેવ-દેવલાંથી સુખ કે દુઃખ આપી શકાય તેમ નથી. એક વખત તીડ આવ્યાં હતાં ત્યારે એક ડોશીએ કહ્યું જે, 'હે શિવજી! મારા ખેતરમાં ન ખાય ને મારા દિયરના ખેતરમાં ખાય.' પણ એનું જ ખેતર ખાધું. પછી તેણે પથરો

ઉપાડીને શિવજીના લિંગમાં માર્યો તેથી તે ભાંગી ગયું ને બોલી જે, ‘તારી પૂજા કરી કરીને મરી ગઈ તોપણ મારું ખેતર રાખ્યું નહિ.’ એવા પણ જીવ છે.’’

‘‘બીજું, કામાદિક શત્રુની વહારે ન ચઢવું ને તે શત્રુને વશ ન થાવું ને કોઈ તેનું ખોદે તો દુઃખ ન લગાડવું. આ જીવ મોહરૂપી આંધળે ઘોડેથી ઊતરીને એટલે મોહ મૂકી દઈને શ્રીજીમહારાજ પાસે મોજ લે તો સુખિયો થાય. મહિમામાં કસર હોય તો શ્રીજીમહારાજની સન્મુખ ચાલવામાં શ્રદ્ધા ન આવે; માટે પહેલો તો પરિપક્વ નિશ્ચય કરવો, પછી શ્રદ્ધા વધે, પછી પ્રેમલક્ષણા ભક્તિ આવે ને આત્યંતિક મોક્ષ થાય. ગૃહસ્થને રૂપિયાનો નિશ્ચય થયો છે તો પોતાની સ્ત્રી-છોકરાંને પડ્યાં મૂકીને પાંચ-દસ હજાર ગાઉ જઈને કમાઈ લાવે છે. તેમ જેને પરિપક્વ નિશ્ચય હોય તે ભગવાનને ને સંતને અર્થે ઘવાઈ પડે ને આડો જઈને મરે પણ ખરો.’’

પછી કહ્યું જે, ‘‘ત્યાગી તો અમંગળિક છે, તેણે ગૃહસ્થની પેઠે વ્યાવહારિક કામમાં મંગળિક થાવું નહિ એટલે વ્યવહારમાં ભળવું નહિ. અને વર્તમાન ન હોય તેને બોલાવવો-ચલાવવો નહિ ને તેની પાસે ઠાકોરજીની તથા પોતાની સેવા ન કરાવવી; અને જો એવાનો પ્રસંગ રાખે ને સેવા કરાવે તો એના જેવો ભ્રષ્ટ થઈ જાય. અને આત્મનિષ્ઠા દૃઢ કરવી, પણ દેહાભિમાન રાખવું નહિ ને સેવા કરવી. દેહાભિમાન રાખે તો સેવા ન થાય.’’ ॥૨૦૩॥

## વાર્તા ૨૦૪

સંવત ૧૯૭૫ના વૈશાખ વદ-૬ને રોજ સભામાં પ્રથમ પ્રકરણનું ૮મું વચનામૃત વંચાતું હતું. તેમાં કોઈને દીકરો દેવો કે ધન દેવું કે રાજ્ય દેવું કે કોઈ મૂઆને જીવતો કરવો તે અમને આવડતું નથી એમ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘તમને અમે કલ્યાણ કરવાનું આપ્યું

તે કલ્યાણ કરવામાં અમે તમારા ભેગા છીએ, પણ આ લોકની માયિક વસ્તુ આપવામાં અમે ભળતા નથી. માટે માયિક વસ્તુ માગે તો કહેવું જે, 'એ કામ અમારું નથી.' અહીં ધનબાઈ ડોશીએ અમને વાત કરી જે, 'હું જે જે વચન આપું છું તે સત્ય થાય છે. કોઈકને દીકરો કે દ્રવ્ય કે જે જે માગે તે આપું છું, પણ મારું વચન એકેય ખાલી ગયું નથી.' પછી અમે કહ્યું જે, 'એ તો બ્રહ્માનું કામ કરો છો, તેમાં શું કરો છો?' પછી તે સમજી ગયાં જે બાપાશ્રીની મરજી તો એક કલ્યાણ કરવું એવી છે. માટે અમારી દૃષ્ટિ તો જીવોનો ઉદ્ધાર કરી જન્મ-મરણથી રહિત કરવા, ને શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આપવું એ જ છે. અને તમારે પણ કલ્યાણ કરવું તેમાં અમે તમારા ભેગા છીએ, પણ જો માયિક વસ્તુ કોઈક માગે તો કહેવું જે, 'કલ્યાણ ખપતું હોય તો અમારી પાસે છે, બાકી માયિક વસ્તુ જે કાળી વસ્તુ તે અમારી ઝોળીમાં નથી; તમારું પ્રારબ્ધ હશે તેમ થશે.'"

પછી વાત કરી જે, "ભગવાનનો આશરો કર્યો હોય, પણ જો મહારાજને કે મુક્તને ઓળખ્યા ન હોય ત્યાં સુધી નિવૃત્તિ કર્મ ને પ્રવૃત્તિ કર્મ કરે તોપણ માયા તરાય નહિ, એટલે જન્મ-મરણ ટળે નહિ; તે સુષુપ્તિમાં લીન થયો જાણવો. મહારાજ ને મોટા મુક્ત સત્સંગમાં હોય તેમને ઓળખ્યા ન હોય તે આંધળો કહેવાય અને સ્વામિનારાયણ તો સર્વ કહેતા હોય, પણ આવા મુક્તને ને આ પ્રતિમાને દિવ્ય ન જાણે ત્યાં સુધી જન્મ-મરણ માથે રહે."

પછી બીજી વાત કરી જે, "શિક્ષાપત્રી, ધર્મામૃત ને નિષ્કામ-શુદ્ધિ તે વાંચવાં ને પાળવાં. તે ન વાંચે કે ન પાળે તો જીવ બાળકિયા થઈ જાય. ગૃહસ્થ હોય તે જો શિક્ષાપત્રી વાંચે તો દેવની કે રાજાની કોઈની આજ્ઞા લોપાય નહિ. અને ત્યાગી નિષ્કામશુદ્ધિ વાંચે તો નાગના જેટલી સ્ત્રીની બીક લાગે; પણ પચાસ પચાસ વર્ષ સત્સંગમાં થયાં હોય તોપણ નિષ્કામશુદ્ધિ કે ધર્મામૃત વાંચ્યું ન હોય તો પોતે શું પાળે? ભુજમાં જેઠ મહિનામાં ધર્મામૃત વંચાય છે ને મુળીમાં ભાદરવામાં વંચાય છે."

"એ ધર્મામૃતમાં જે પાપનું પ્રાયશ્ચિત્ત આવે તે કરવું ને ઝીણા જીવ -માખ, મગતરું, માંકડ, ચાંચડ, કીડી, મંકોડી- મરે તો સ્વામિનારાયણ નામનો મહામંત્ર જપવો; અને વીંછી, ભમરો, દેડકું, ચરકલું એવા જીવ મરે તો એક ઉપવાસ કરવો; અને તેથી મોટા જીવ મરે તો પાદકૃચ્છ વ્રત કરવું. જો નિષ્કામ, નિર્લોભમાં ચૂક પડે તો મહિનો, બે મહિના, ત્રણ મહિના, પંદર દિવસ, વીસ દિવસ ધારણા-પારણા અથવા ચાંદ્રાયણ વ્રત કરવું. એવી રીતે પાપનું પ્રાયશ્ચિત્ત કરે તો પછી માળા, માનસી પૂજા આદિક સાધન કરે તે ખજીને પડે ને મહારાજની મૂર્તિનું સુખ મળે. માટે પ્રાયશ્ચિત્ત કર્યા વિના ચલવવું નહિ, અને પ્રાયશ્ચિત્ત ન કરે એવા પાપી ભેળા ભળવું નહિ. જે અમારા હોય તેમણે એવા પાપમાં પાંતી ન લેવી. તે ધર્મવાળાએ બહુ વિચાર રાખવો."

"સૌ સરત રાખજો અને જેને ભગવાનના ધામમાં જાવું હોય તે બરાબર વર્તજો. ધર્મ-નિયમે યુક્ત એવા સાધુની સેવા કરવી અને એવા સાધુ-સત્સંગી સાથે હેત રાખવું; નહિ તો ક્યાંય રખડવું પડશે. આ તો સૌનું સારું થાય એટલા સારુ કહીએ છીએ. જે પાપીનો પક્ષ રાખે તેને દક્ષિણને દરવાજે એટલે યમપુરીમાં જાવું પડે. જે મહારાજની આજ્ઞા પાળતા ન હોય તે પાપી જાણવા ને તેમનો પક્ષ રાખવો નહિ."

"અમારે તો જેમ જેતલપુરમાં તથા અગત્રાઈમાં આશજીભાઈએ ને પર્વતભાઈએ કોઈને યમપુરીમાં જાવા દીધા નહિ, તેમ કોઈને યમપુરીમાં જવા દેવા નથી, પણ જીવ છેટા છેટા ભાગે છે. અમે તો આખા ગામમાં કોઈ માંદું-સાજું હોય તેને ઘરોઘર જઈને દર્શન ને પ્રસાદી આપીએ છીએ. ગયે વર્ષે રોગ હતો તે આખા ગામમાં પ્રસાદી લઈને અગિયાર વાગ્યા સુધી ફરતા. અમે નહિ હોઈએ તો પછી હાથ ઘસવા પડશે. જેમ પર્વતભાઈના સેવકોને કંકોત્રી આવી ત્યાં મૂર્તિ પધરાવવા ગયા, પણ સાત્ત્વિક યજ્ઞમાં રહ્યા નહિ ને પર્વતભાઈ દેહોત્સવ કરી ગયા તે વખતે મનુષ્ય, પશુ, પક્ષી, સર્વેને દર્શન આપીને વર આપ્યો જે,

'અમે આ સર્વેને તેડી જાશું'; એ વાત જાણીને જે મૂર્તિ પધરાવવા ગયા હતા તેમને પસ્તાવો થયો તેમ. અમે પણ સર્વેને તેડી જાશું, માટે તમે ત્યાગી-ગૃહી સર્વે એવો મહિમા સમજીને મોટાની અનુવૃત્તિમાં વર્તજો.''

''જેની સર્વે ઇંદ્રિયોને વિષે શ્રીજીમહારાજ રહ્યા હોય એવા ગુરુની આજ્ઞા તે શ્રીજીમહારાજની જાણવી. એવા ગુરુ કહે જે, 'આ કામ કરવા જાઓ', તો શરીરને કારસો આવે એવું વચન હોય તોપણ તે પ્રમાણે વર્તવું; પણ 'ફલાણાને કહે તો ઠીક' એવો ઘાટ ન કરવો. તે જેને મહિમા હોય તેનાથી વચન મનાય ને શત્રુ ભેળો મૂકે તોપણ જાય, અને જેને મહિમા ન હોય તેને સારો દેશ ન આવે તો નિરાશ થઈ જાય. જોગ-સમાગમ સારો હોય એવો દેશ ઇચ્છે તો તો સારું, પણ સારું ખાવાનું કે વસ્ત્રની ઇચ્છાથી સારો દેશ ઇચ્છે તે તો નહિ સારું. તમારે પદાર્થની ઇચ્છા નથી તો અહીં આવ્યા છો ને કથા-વાર્તા, દર્શન-સમાગમનું સુખ લ્યો છો. તે સુખ શ્રીજીમહારાજે મેળવ્યું છે માટે જોગ-સમાગમની ઇચ્છા રાખવી, પણ વસ્ત્રાદિક પદાર્થની ઇચ્છા ન રાખવી, ને સારું સારું ખાવાની ઇચ્છા રહે તો બાપો ચામડી કાઢે એવા છે. મન તો એવું છે કે જેટલું બ્રહ્માંડમાં હોય તેટલું બધુંય મને લાવો એમ ઇચ્છે, માટે મનનો વિશ્વાસ ન રાખવો.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, ''આ બ્રાહ્મણ બાલકૃષ્ણ તમારા ખાખરિયામાં મણિપરામાં ભાઈઓના મંદિરમાં સેવા કરે છે તેને અમારા બ્રહ્મચારી નિર્ગુણાનંદજીની મદદમાં ઠાકોરજીની સેવામાં ભુજમાં આપો.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''એને સાટે મહારાજ તથા આપ મારા ભેળા સદાય રહો તો આપું. કદાપિ એ અહીંથી જતો રહે તોપણ તમારે ભેળા રહેવું જોઈશે.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ બ્રાહ્મણ અહીંથી જતો રહેશે તોપણ અમે તમારા ભેળા રહીશું, અને જીવોનાં કલ્યાણ કરશો તેમાં

અમે તમારા ભેળા છીએ, પણ કોઈને ધન કે દીકરા દેવા તેમાં અમે ભેગા નહિ ભળીએ; માટે એવું કામ ન કરશો. અને કલ્યાણ તો પામર અને અધમ જીવનું પણ કરશો તેમાં અમે તમારા ભેળા છીએ.''

પછી બોલ્યા જે, ''એક ડોશી હતી. તેને ચાર દીકરા હતા અને તેની પાસે ચાર રોટલા હતા. ત્યારે ડોશી બોલી જે, 'તમે તમારા ભાગમાંથી અર્ધો-અર્ધો રોટલો મને આપો.' પછી એ છોકરાઓએ અર્ધો-અર્ધો આપ્યો, તેથી ડોશીને બે રોટલા થયા. તે અર્ધમાં ડોશી ને અર્ધમાં છોકરા થયા, એવું તમે માગ્યું.''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''જેણે મન અર્પ્યું હોય તે દેશ-કાળમાં ખબર પડે. દેશ-કાળમાં પડખે તરી જાય તેણે અમને મન અર્પ્યું નથી ને આત્મબુદ્ધિ કરી નથી ને મહિમા પણ જાણ્યો નથી.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''પ્રથમ પ્રકરણના ૫૧મા વચનામૃતમાં હીરે હીરો વીંધાય એમ કહ્યું છે તે વેંધનારો હીરો કિયો જાણવો ને વેંધવાનો હીરો કિયો જાણવો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજ તથા તેમના મુક્ત તે વેંધનાર હીરો જાણવો ને વેંધવાનો હીરો તે મુમુક્ષુ જીવ જાણવા. તે શ્રીજીમહારાજ અથવા મુક્ત મળે તે જીવને મુક્ત કરે તે હીરો વીંધ્યો કહેવાય. શ્રીજીમહારાજ પોતે મળે અથવા મુક્ત મળે તો શ્રીજીમહારાજનું સર્વોપરીપણું ને સદા દિવ્ય સાકારપણું સમજાવીને મુક્ત કરે; માટે જીવને મુક્ત કરવા તેમાં જેવા શ્રીજીમહારાજ છે તેવા જ તેમના મુક્ત સમર્થ છે; પણ મુક્ત સેવક છે ને મહારાજ સ્વામી છે, અને મુક્ત સુખના ભોક્તા છે ને મહારાજ સુખના દાતા છે; પણ જીવનાં કલ્યાણ કરવામાં તો મહારાજ ને મુક્ત બેય સરખા છે.''

''એવા ભગવાન કે મુક્ત મળે ત્યારે એમની અનુવૃત્તિમાં રહેવું, પણ મહારાજ કે મુક્ત બોલાવે-ચલાવે નહિ તથા અપમાન કરે ત્યારે 'આપણે ઘેર બેઠા ભગવાન ભજશું' એમ ન કરવું. એમ સમજે તેનાથી

ભગવાન ભજાય નહિ. ને ‘આ સાધુ આમ કરે છે, આ હરિભક્ત આમ કરે છે, માટે આપણે એમની શી ગરજ?’ એમ અવગુણ લેવાય. જીવા ખાચરની પેઠે ‘ભાવનગર જાઉં ને આ સાધુને ને આ સત્સંગીને આવું દુઃખ દઉં’, એવા ઘાટ થાય ને સત્સંગમાં હોય ને સત્સંગી કહેવાતા હોય, પણ કુસંગીનો પક્ષ લે, ને કોઈને ભૂત મૂકે, ને કોઈને ભેંસ દહોવા ન દે, ને કોઈને તાવ લાવે, ને નાક કપાવે એવાં કર્મ કરવા શીખે, ને પોતાનું કલ્યાણ બગાડે; માટે સત્સંગથી બેપરવાઈ ન થાવું.” ॥૨૦૪॥

## વાર્તા ૨૦૫

સંવત ૧૯૭૫ના વૈશાખ વદ-૭ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, “ચાર ખાણના જીવમાંથી એક જીવને છોડાવો તો એક બ્રહ્માંડ ઉગારો એવા તમે છો. તમને તમારા બળની ખબર ક્યાં છે? તમારી તો સંકલ્પની મૂર્તિઓ ચાલે છે. ક્યાંય બેઠા હો ને ક્યાંય જઈને જીવને અક્ષરધામમાં મૂકી આવો. બેઠા છો અવરભાવમાં ને છો પરભાવમાં, તે ચામડાના ચક્ષુથી ન દેખાય. દિવ્ય દેહ થશે ત્યારે અનંત લોચન થાશે, તે લોચનથી મૂર્તિ ને મુક્ત દેખાય ને કોઈક હરિભક્ત દેહત્યાગ કરે તેને દેખે જે ફલાણા હરિજન કે સાધુ અક્ષરધામમાં ગયા. તમે જેટલા સંકલ્પ કરો તેટલી મૂર્તિઓ થાય છે. તમને હાથીની કે ગરુડની ઉપમા દેવાય એવી નથી.”

એમ કહીને પછી વાત કરી જે, “બંદરામાં નારાયણજીની મા રાઈબાઈ હતાં તેને ઘાસણીનો રોગ થયો હતો તેથી તેને લોકો એમ કહે જે, ‘તારા સ્વામિનારાયણ ક્યાં ગયા? પડી પડી રીબે છે તોય તેડવા કેમ આવતા નથી?’ પછી તેને અંતકાળે શ્રીજીમહારાજ તેડવા આવ્યા, ત્યારે તેણે કહ્યું જે, ‘હવે કેમ આવ્યા? તોજે દાદેકી દાઢિયાં કુટે; જા નહિ આવું.’ પછી શ્રીજીમહારાજ બધા ગામમાં પરચો દઈને તેને તેડી ગયા. અને તે નારાયણજીના બાપને દીકરો નહોતો, એમને મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ‘મહારાજ પાસે દીકરો માગો.’ ત્યારે તેમણે કહ્યું જે,

'હું કડે ન મંગું.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'સ્વામી, તમે સકામ થયા, પણ એ ડોસો સકામ ન થયા.' પછી નારાયણજી દીકરા થયા અને તે નારાયણજીના દીકરા રવોજી છે તેનું ખેતર દેવામાં વોરા લઈ ગયા હતા. પછી ઉચક વિઘોટી કરીને તેમાં કપાસ વાવ્યો તે ઘણો થઈ પડ્યો. તેની પાંચ હજાર કોરી ઊપજી તે કોરી દઈને ખેતરાં પાછાં લીધાં ને કહે જે, 'મારા સ્વામિનારાયણ આવ્યા તે ભૂખને લત હણીને દરિયામાં નાખી દીધી.'"

"વળી એક દિવસ નારાયણજીનું શ્રાદ્ધ હતું તે રવાજીની માએ રાવળને પત્તર પૂરવા સારુ ખીર કરી હતી તે ડોશીને આડે-અવળે મોકલીને શિક્ષાપત્રીને જમાડીને રવોજી પોતે જમી ગયા. જ્યારે એની મા આવ્યાં ને કહ્યું જે, 'રાવળને પત્તર પૂરવા ખીર કરી હતી તે ક્યાં ગઈ?' ત્યારે રવોજી બોલ્યા જે, 'મેં મારા બાવાને પહોંચાડી! એ રાવળ શું પહોંચાડે? સ્વામિનારાયણ ભગવાન જમ્યા ને હું પ્રસાદી જમી ગયો ને મારા બાવાને પહોંચી ગઈ.' રવોજી એવા મહિમાવાળા છે."

પછી વાત કરી જે, "શેરડી તથા બાજરી વાવે એમાં ભૂંડિયાં ને સૂવર ખાઈ જતાં હોય તેને તગડે તે ભૂંડિયાં બહાર આવીને લોણો ફેરવે તો ગોળી વાગે; તેમ શ્રીજીમહારાજ વિના બીજાં કોઈ ધામની કે ઐશ્વર્યની કે કોઈ અવતારની ખબર રાખે તો તે લોણો ફેરવ્યો કહેવાય; માટે તેમને સંભારવા નહિ, કેમ જે તે તો કાર્ય છે. જેમ રાજાએ નોકરોને રાજ્યમાં મૂક્યા હોય તેમ શ્રીજીમહારાજે બ્રહ્માંડોમાં મૂક્યા છે, તેમનું આપણે કાંઈ કામ નથી. આપણે તો શ્રીજીમહારાજનું ને એમના મુક્તનું જ કામ છે એવો નિશ્ચય જોઈએ."

"તમારે કેટલુંક મોટપમાં ને પુસ્તકોમાં વીંટાઈ જવાય, પણ તે કાંઈ કામનું નથી. જો કોઈ ભણેલા ખોટું લગાડતા નહિ. બ્રાહ્મણ મુહૂર્ત જુએ છે તોપણ તે રાંડે છે અને બ્રાહ્મણીયે રાંડે છે, માટે એ બધું ખોટું છે. એક શ્રીજીમહારાજ ને મુક્ત સત્ય છે, તે વિના બીજું છે જ નહિ

એવો નિશ્ચય કરવો. તે બ્રહ્મા આવીને મુકાવે તોપણ મુકાય નહિ એવું આ સમાગમથી થાય છે.''

''માટે આ સમાગમ કરી લ્યો. વૃંદાવન જે મુક્તનો સમૂહ તેમની રક્ષા કરનારા તે તમને મળ્યા છે, માટે આ પ્રાપ્તિનો સરવાળો કરો. જેવડા મહારાજને ને મુક્તને જાણશો તેવડા થાશો. આ પ્રાપ્તિ કોઈને મળી નથી. આ તો સત્સંગ માંહીથી સત્સંગ મળ્યો. આ વખતે પૂરું થાય એવું મળ્યું છે. કેટલાક અવતારો થઈ ગયા, પણ કોઈનું પૂરું થયું નથી. માટે આ ફેરે પૂરું કરી લેવું, પણ ફરી મહારાજને કે મુક્તને આવવું પડે તેમ ન કરશો. ભવ-બ્રહ્માદિકને એટલે મહાકાળને ને અક્ષરને પણ આ જગ્યા મળતી નથી, તે તમને મળી છે. પુરુષોત્તમ પાસે બેસવા કોણ દે? આ લીલા સંભારી રાખજો. આ બધી સભા છે તે મુક્ત છે ને શ્રીજીમહારાજના અવતાર છે; માટે આ લીલા સંભારી રાખવી– જો આ સર્વે અવતાર સમજાય તો. પણ જો સાધુ કે સત્સંગી સમજાય તો તો ઠીક નહિ.''

''કેટલાક તો બહિર્ભૂમિ જઈને પાણી લેતાં પણ ન આવડે એવા હોય ને અનાદિમુક્તની ખોટ કાઢે ને પોતે પોતાને પૂર્ણકામ માને, પણ કંઠી બાંધીને સત્સંગી કે સાધુ થયા એટલે પૂર્ણકામ માનવું નહિ. પૂરું તો આ જોગ કર્યા વિના થાય તેમ નથી. લાંબા લાંબા રાગ કરીને રામાયણ ને ગીતા વાંચે અને આ શ્રીજીમહારાજના મુખનાં વચન તેનો ભાવ પૂછે નહિ; પણ શાસ્ત્રમાં શાસ્ત્ર આ વચનામૃત ને શિક્ષાપત્રી છે. શ્રીજીમહારાજનો મહિમા ને જ્ઞાન જાણવામાં વચનામૃત છે અને આજ્ઞા પાળવામાં શિક્ષાપત્રી ને ધર્મામૃત છે, તે વિના બીજાં પરોક્ષ શાસ્ત્રમાં તણાય તો તેનું માથું ફર્યું એમ જાણવું. અમે તો એવું ધારી બેઠા છીએ, માટે બીજાં પુસ્તક ઉપર તાન રાખવું નહિ. અને અથોગતિ ન કરવું એટલે ભણવામાં તાન રાખવું નહિ. અમારા સત્સંગી તો વચનામૃતમાં રાજી બહુ. એક પુરાણી બાર વર્ષ ભણ્યા, પણ વચનામૃત વાંચતાં ન આવડ્યું તેથી તેમને ઉઠાડવા પડ્યા. માટે એવું ન કરવું.

સ્વામિનારાયણને તો બરાબર રાખવા. આ વાતો અમે કરીએ છીએ તે કેટલાક ભગવાઓને નહિ ગમતી હોય, પણ આગળ તો ઘણી કામ આવશે.''

''સ્વામી શ્રી નિર્ગુણદાસજીએ રાજાભાઈ પગે બાંધીને ત્રણ નાળિયેર લઈ ગયા એ વાત લખી છે. તે અમને ભુજમાં એક સાધુ કૃષ્ણચરણદાસજીએ કહ્યું જે, 'તમારા સ્વામી આ બાળી ગયા તે કાઢી નાખો.' પછી અમે કહ્યું જે, 'શ્રીજીમહારાજ લીંબલીમાં સગરામ ભગતને ઘેર પધાર્યા અને બ્રહ્માએ ગોપીઓનાં ચરણની રજ માંગી, તેનું તમે કેમ કરશો?' માટે મોટા પુરુષ કરે તેમાં શંકા કરશો તો ઊડી જાશો. મોટાના કરેલામાં શંકા કરવી નહિ.''

તે જ દિવસે બાપાશ્રીની કરેલી વચનામૃતની ટીકાની સપ્તાહ પૂરી થઈ, ત્યારે બાપાશ્રીએ પુસ્તકની પૂજા કરી.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કહ્યું જે, ''આ આપની કરેલી ટીકા મેં લખી છે તો મને તથા પુરાણી ધર્મકિશોરદાસજીએ વાંચી તેમને તથા આ સંત-હરિજનોએ સાંભળી તે સર્વેને આશીર્વાદ આપો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તમને તથા વાંચનારને તથા સાંભળનાર સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, પુરાણી હરિપ્રસાદદાસજી, સાધુ મુક્તવલ્લભદાસજી, સ્વામી શ્વેતવૈકુંઠદાસજી, સ્વામી ભગવત્સ્વરૂપદાસજી, સાધુ દેવજીવનદાસજી, શાસ્ત્રી ધર્મસ્વરૂપદાસજી તથા અમારા બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા પુરાણી કેશવપ્રિયદાસજી આદિ સંત ત્રીસ તથા હરિજનો પચાસના આશરે છે, તે સર્વેને અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં લઈ જાશું. આ ફેરો કોઈનો ખાલી નહિ જાય.'' એવી રીતે આશીર્વાદ આપ્યો.

પછી મુળીના સંતોને કહ્યું જે, ''જેમ પુરાણી હરિપ્રસાદદાસજી સદ્‌ગુરુઓની મદદમાં ભળ્યા છે તેમ તમે સદ્‌ગુરુઓની મદદમાં ભળજો

તો શ્રીજીમહારાજ ને અમે રાજી થઈને અક્ષરધામમાં લઈ જાશું.'' ॥૨૦૫॥

## વાર્તા ૨૦૬

સંવત ૧૯૭૫ના વૈશાખ વદ-૮ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''એક ગુરુ હતા તેમણે શિષ્યોને કહ્યું જે, 'અમે દેહ મૂકશું ત્યારે નગારાં વાગશે.' પછી તે ગુરુ દેહ મૂકી ગયા, પણ નગારાં તો ન વાગ્યાં. પછી એમના શિષ્યોએ શ્રીજીમહારાજને કહ્યું જે, 'અમારા ગુરુએ કહ્યું હતું જે અમે દેહ મૂકશું ત્યારે આકાશમાં નગારાં વાગશે, પણ તે વાગ્યાં નહિ, તેનું શું કારણ હશે?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'તમારા ગુરુની પાસે ચરણારવિંદની જોડ્યો ૨૪ છે તેમાં સૌથી તળે છે તે લઈ આવો.' પછી સાધુ લાવ્યા, તેને મહારાજે ખંખેરી એટલે તેમાંથી રાતીચોળ જેવી ઈયળ પડી તે ઘડીક તરફડીને મરી ગઈ, પછી નગારાં વાગ્યાં. માટે સરત રાખજો, એમ ન થાય. કાગળના ચીંથરામાં હેત ન રાખવું.''

''ગોરધનભાઈના જેવું ઉપશમ કરવું એ આપણી સુષુપ્તિ છે. એવી મોટી સુષુપ્તિમાં રહેવું, પણ મહંતાઈ કે કોઠારું કે પટેલાઈ એમાં લોભાવું નહિ. અને જમવા બેસવું ત્યારે ખાટું, ખારું, મોળું, મીઠું એવો ભાવ આવવા દેવો નહિ; એમ કર્યા વિના ઉપશમ આવે નહિ ને રાગ ટળે નહિ. માટે મહાપ્રભુજીનું સુખ જેને લેવું હોય તેણે ખાધા-પીધાના, માન-મોટપના રાગ ટાળવા જોઈશે; તો મૂર્તિમાં ઉપશમ થાશે. મુળીમાં સ્વામી અક્ષરજીવનદાસજીએ સર્વે રાગ ટાળી નાંખ્યા તો દેહની વિસ્મૃતિ થઈ ગઈ છે ને સુષુપ્તિ (ઉપશમ)માં જતા રહ્યા છે ને મૂર્તિનું સુખ લે છે.''

''ગૃહસ્થે પણ વિચાર કરવો જે, 'મારાથી સંતની સેવા ન થઈ અને અનીતિ તથા અવગુણ સામું જોવાણું નહિ ને વખત આવી ગયો.' અને સંતને વિષે આત્મબુદ્ધિ કરવી ને અપમાન કરે તો સિદ્ધપુરના

રણછોડલાલભાઈની પેઠે ગુણ લેવો. રણછોડલાલભાઈનું અયોધ્યાપ્રસાદજી મહારાજે અપમાન કર્યું ત્યારે એમ બોલ્યા જે, 'આપ શ્રીજીમહારાજના મુક્ત છો ને મોટા મોટા ઈશ્વરોને તથા બ્રહ્મને તથા અક્ષરોને પણ આપનાં દર્શન દુર્લભ છે એવા મોટા છો તે આપ અપમાન કરો એવું મારું મોટું ભાગ્ય ક્યાંથી હોય!' એવું નિર્માનીપણું ને દાસપણું આવે તેને કલ્યાણમાં કાંઈ બાકી રહે નહિ. એનું તો છતી દેહે કલ્યાણ થઈ રહ્યું છે.''

પછી બોલ્યા જે, ''કથા વાંચો.''

પછી છેલ્લા પ્રકરણનું ૨૩મું વચનામૃત વાંચવા માંડ્યું. તેમાં ત્રણે ઋતુની માનસી પૂજાની વિક્તિ આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''પર્વતભાઈ સાંતી હાંકતાં હાંકતા માનસી પૂજા કરતા હતા, તે તાંસળું પડી ગયું; તેવી કરવી, પણ દોડાદોડ ન કરવી. શ્રીજીમહારાજના સ્વરૂપમાંથી કોઈક કાઢે ત્યારે નીકળાય એવી કરવી, પણ માનસી પૂજા કરતા હોય ને કોઈક પૂછે જે, 'કપચાંની ટોપલી ક્યાં છે?' ત્યારે સાન કરીને બતાવે એમ ન કરવું. જેટલી ઘડી માનસી પૂજા કે પૂજા કરવી ત્યાં સુધી મૂર્તિ વિના બીજું સંભારવું નહિ. મોટા આગળ માન મૂકે ને ગરજવાન થાય તો એવી સ્થિતિ થાય.''

'માન મૂકી મહંતને મળિયે, જેમ વાળે તેમ વળીએ' એ સાખી બોલ્યા.

પછી બોલ્યા જે, ''જેમ વૈશાખ-જેઠમાં કોયલનું ગળું ઊઘડે અને અષાઢ માસમાં બપૈયાનું ગળું ઊઘડે, તેમ આ અવસર તેવો મળ્યો છે. સંવત ૧૮૩૭ની સાલથી આ અવસર આવ્યો છે. આવા મહારાજ ને આવા મુક્ત તે ક્યાંય નથી; અહીં જ છે. માટે તેનો કેફ રાખવો ને અધૂરું ન માનવું. આવો મહિમા ન સમજાય તેને નિશ્ચય નથી. જેમ બાળક પાસે રૂપિયાનો ને હીરા-માણેકનો ઢગલો કરીએ તોપણ ભૂખ્યો હોય તો રુવે; કેમ જે રૂપિયામાં બધી વસ્તુ છે તેની ખબર નથી. જ્યારે

તેની ખબર પડે છે ત્યારે દરિયામાં દેહ ફગાવીને પણ કરકા સારુ રૂપિયા લઈ આવે છે. તેમ શ્રીજીમહારાજ પાસે બેઠા હોય, પણ નિશ્ચય ન હોય તો મહિમા ન સમજાય ને સુખ ન આવે. જો નિશ્ચય થાય તો ઠેઠ અક્ષર સુધી ખોટું થઈ જાય. અક્ષરથી પર અક્ષરધામ તેમાં પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ ને તેમના અનાદિમુક્ત રહ્યા છે, તેમની સભા આ બેઠી છે; માટે 'ધામમાં જાવું છે જાવું છે' એમ ન કરવું."

"અને મુમના અઠે દ્વારકા કરી આવ્યા તે વટલાઈ ગયા એમ ન કરવું. એટલે જે મુક્ત ન હોય તેને મુક્ત જાણીને વળગી ન રહેવું. નિશ્ચયની વાત અટપટી છે, ને તે કહેતાં બીક લાગે છે જે રખે મૂળગેથી જાય. મોટા મોટા સંતને નિશ્ચયમાંથી બ્રહ્મા જેવા આવીને ડોલાવે તોપણ તેમને ડગમગાટ થાય નહિ એવા છે. મહારાજને ને મોટાને ઓળખવા જોઈએ."

"આ લોકની સિદ્ધિઓ જે ખાવા-પીવાના પદાર્થ તેમાંથી રાગ ટળી જાય તો દેહની વિસ્મૃતિ થાય, ત્યારે કોઈ આવરણ કે કોઈ ધામ આડાં આવે નહિ."

"મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે, 'હે મહારાજ! મને ક્ષયરોગ થયો છે, તે મટાડો તો હું આપનો મહિમા કહીને આપની ઉપાસના પ્રવર્તાવું ને આપનો દિગ્વિજય કરું.' પછી મહારાજે એમનો ક્ષયરોગ મટાડ્યો ને કહ્યું જે, 'બેસો ખુરસીએ ને વાત કરો.' પછી મુક્તાનંદ સ્વામી ખુરસીએ બેસીને વાત કરવા લાગ્યા ત્યારે સંત ઊઠી ગયા ને કેટલાક સંત તુંબડાં ઘસવા લાગ્યા ને કેટલાક પુસ્તક શોધવા મંડ્યા ને કેટલાક પાઠ ભણવા મંડ્યા. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'મહારાજ! મારી વાતો તો કોઈ સાંભળતા નથી ને બધાય ઊઠી ગયા.' ત્યારે મહારાજે કહ્યું જે, 'બધાય ધામમાંથી આવેલા છે, તે તમારી વાતો સાંભળે તેવા નથી.' પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, 'મહારાજ હું એકલો જ સકામ થયો.' માટે સકામ થાવું નહિ." ॥૨૦૬॥

## વાર્તા ૨૦૭

સંવત ૧૯૭૫ના વૈશાખ વદ-૧૦ને રોજ સવારે સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "મહારાજે ડભાણમાં યજ્ઞ કર્યો ત્યારે મૂળજી બ્રહ્મચારી તથા મુક્તાનંદ સ્વામીએ ચાર દિવસ સુધી શ્રીજીમહારાજના થાળનું વહેલું-મોડું કર્યું. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, 'યજ્ઞ કોના સારુ કરો છો?' અમને તો ચાર દિવસથી ટાણે ટાણે જમાડતા નથી.' માટે કેવળ ક્રિયારૂપ ન થાવું. ને સર્વે ક્રિયામાં શ્રીજીમહારાજની સ્મૃતિ રાખવી, પણ મહારાજને ભૂલીને કાંઈ ક્રિયા કરવી નહિ."

પછી બોલ્યા જે, "કથા વાંચો."

પછી પ્રથમ પ્રકરણનું ૬૩મું વચનામૃત વાંચવા માંડ્યું તેમાં નિશ્ચયની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "શ્રીજીમહારાજને અંતર્યામી કહે, પણ જાણે નહિ અને 'મારું કલ્યાણ થાશે કે નહિ' એવા ઘાટ થાય તે નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો કહેવાય. અને પૂર્ણાનંદ સ્વામી જે ગજો ગઢવી તે માને કરીને ગયા અને ગૃહસ્થાશ્રમ કર્યો, તોપણ શ્રીજીમહારાજનો નિશ્ચય જો બરાબર હતો તો અંત સમયે બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી તેડવા આવ્યા તેમને કહ્યું જે, 'તમારો તેડ્યો નહિ આવું; મહારાજ આવશે ત્યારે આવીશ.' પછી તે પાછા ગયા ને શ્રીજીમહારાજ પધાર્યા ને કહ્યું જે 'ચાલો', ત્યારે પોતે બોલ્યા જે, 'ગામમાં પરચો આપીને તેડી જાઓ તો આવું.' પછી મહારાજ આખા ગામને દર્શન આપીને તેડી ગયા. તેમને પરિપક્વ નિશ્ચય હતો તો ત્યાગી મટીને ગૃહસ્થ થયા તોપણ 'મારું કલ્યાણ થાશે કે નહિ થાય?' એવો સંકલ્પ જ થયો નહિ; એનું નામ નિશ્ચય કહેવાય."

"અને ડુમાલી ગામમાં રામજી ઠક્કર હતા, તેમને સંવત ૧૯૪૬ના વૈશાખ માસમાં બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આદિ સાત મુક્ત તેડવા આવ્યા ત્યારે તેમણે કહ્યું જે,

‘મેં શિક્ષાપત્રીનું કિયું વચન લોપ્યું છે, તે શ્રીજીમહારાજ ન આવ્યા? તે કહો.’ ત્યારે મુક્ત બોલ્યા જે, ‘શિક્ષાપત્રીનું વચન તો લોપ્યું નથી.’ ત્યારે તે ભક્ત બોલ્યા જે, ‘તો તો તમારો તેડ્યો નહિ આવું.’ પછી મુક્ત બોલ્યા જે, ‘આજથી ચોથે દહાડે એકાદશીને દિવસ શ્રીજીમહારાજ તેડવા પધારશે.’ એમ કહીને અદૃશ્ય થઈ ગયા.’’

‘‘પછી એકાદશીને દિવસે મહારાજે દર્શન આપ્યાં ને કહ્યું જે, ‘ચાલો.’ ત્યારે તેમણે એમના મોટાભાઈ જે પ્રાગજીભાઈ, તેમને તથા તેમની માતુશ્રીને કહ્યું જે, ‘મહારાજ તેડવા પધાર્યા છે ને હું જાઉં છું.’ પછી એમની માતુશ્રીએ કહ્યું જે, ‘તારે સાટે મને લઈ જાય એમ મહારાજને કહે.’ ત્યારે તેમણે કહ્યું જે, ‘મારું બગાડીને તારું કેમ સુધારું? મને આ નર્કરૂપ દેહમાંથી છોડાવીને પોતાની મૂર્તિને સુખે સુખિયો કરવા પધાર્યા છે, તે સુખ મૂકીને નર્કમાં શું કરવા રહેવું પડે?’ પછી એમની માતુશ્રીએ કહ્યું જે, ‘મને મહારાજ ક્યારે લઈ જાશે તે તો પૂછી જો.’ પછી તેમણે મહારાજને પૂછ્યું, ત્યારે મહારાજ બોલ્યા જે, ‘આજથી બે વર્ષે તારી માતુશ્રીને લઈ જઈશું અને પાંચ વર્ષે તારા મોટા ભાઈને લઈ જઈશું.’ રામજી ભક્તે એ વાત પોતાના ભાઈ તથા માતુશ્રીને કહી દેહ મેલ્યો. એ પ્રમાણે એમની માને તથા એમના ભાઈને મહારાજ તેડી ગયા હતા. એમ પરિપક્વ નિશ્ચયવાળાને ડગમગાટ ન રહે.’’

પછી વાર્તાની સમાપ્તિ કરીને સંત સર્વે થાળ કરવા ગયા અને થોડીકવાર પછી બાપાશ્રી જમવા પધાર્યા ને સંતની જમવાની પંક્તિ થઈ હતી, એમને દંડવત કરીને દર્શન કરતા હવા. ॥૨૦૭॥

## વાર્તા ૨૦૮

સંવત ૧૯૭૫ના વૈશાખ વદ-૧૦ને રોજ બપોરે સભામાં વચનામૃતની કથા વંચાતી હતી, તે કથાની સમાપ્તિ કરી પોતે તથા સંત પોઢી જતા હવા. અને બે કલાક પછી વાડીએ સંત સહિત નાહવા પધાર્યા ને પોતે વાડીમાં બાજરી જોઈને કૂવા પાસે જાંબુડાના ઝાડ તળે

બેસતા હવા અને સંત કાકરવાડીએ નાહવા જતા હવા. તે સ્નાન કરીને બાપાશ્રી પાસે નવી વાડીએ આવ્યા ને પછી સંત-હરિજનોએ બાપાશ્રીની ચંદન-પુષ્પ વડે પૂજા કરી અને બાપાશ્રી નાનાં પ્રકારનાં ફળ-ફૂલની પ્રસાદી સંત-હરિજનને આપતા હવા.

પછી બોલ્યા જે, ''આ પ્રસાદી ને આ દર્શન અને આ જોગ બહુ દુર્લભ છે ને શ્રીજીમહારાજ ને મોટા તો જેવા ધામમાં છે તેવા ને તેવા જ દિવ્ય છે અને આ મનુષ્યભાવ તો પોતાના સંકલ્પે કરીને દેખાડે છે, માટે જે જોઈએ તે પ્રત્યક્ષ મહારાજ ને મોટા મળ્યા છે. આ પ્રાપ્તિ મોટી છે, અતિશય મોટી છે, અને કિયા સ્થાનમાં બેઠા છીએ ને કોનો જોગ થયો છે? તો અનાદિમુક્ત સાક્ષાત્ મળ્યા છે.''

એટલી વાત કરીને પછી જાંબુના ખોબા ભરી ભરીને સંત-હરિજનોને આપતા હવા, એવી રીતે જાંબુફળ જમાડીને મંદિરમાં આવતા હવા. પછી શ્રી ઠાકોરજીનાં દર્શન કરીને વચનામૃતની કથા વંચાવી. તે પ્રથમ પ્રકરણનું ૩૮મું વચનામૃત વંચાતું હતું, તેમાં જીવની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જીવ છે તે વસ્તુગતે ચોખ્ખો કંચન જેવો છે, પણ સંગદોષે કરીને અવરાઈ ગયો છે, પણ મૂળ ચોખ્ખો છે તો જ મૂર્તિમાં ચોંટાય છે.''

પછી કરાંચીવાળા લાલુભાઈએ પૂછ્યું જે, ''લોયાના ૭મા વચનામૃતમાં કહ્યું છે કે ઈંદ્રિયો, અંતઃકરણ ને અનુભવ ત્રણેય પહોંચે નહિ તેને તો જન્મ-મૃત્યુ થાય તે તો ઠીક, પણ ચૈતન્ય પ્રકૃતિને પામ્યો જે કૈવલ્યાર્થી તેને જન્મ-મૃત્યુ કેમ છે? કારણ કે ચૈતન્ય પ્રકૃતિ જે અક્ષરબ્રહ્મ તેમાં લીન થયો જે કૈવલ્યાર્થી તે તો નદી-સમુદ્રવત્ બ્રહ્મમાં ભળી ગયો તે કેમ સૃજાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''કૈવલ્યાર્થી જળમાં પાષાણવત્ તથા વૃક્ષે ખગવત્ લીન થાય છે, પણ સમુદ્રમાં નદીવત્ લીન થાતો નથી. તે

જ્યારે શ્રીજીમહારાજ કૃપા કરીને જીવોનો મોક્ષ કરવા પૃથ્વી ઉપર પધારે છે ત્યારે તે કૈવલ્યાર્થી ઉપર પણ દયા કરીને તેઓને પણ સૃષ્ટિ ભેળા સૃજે છે; કેમ જે વિષયમાં લુબ્ધ જીવો ઉપર દયા કરે છે, તો કોઈ પણ સાધને કરીને બ્રહ્મ સુધી પહોંચ્યો હોય તેના ઉપર દયા કરે એમાં શું? એ તો કરે જ. માટે શ્રીજીમહારાજ એને સૃષ્ટિમાં લાવીને પોતાની સાકારપણાની ઉપાસના કરાવીને મોક્ષ કરે છે.''

પછી બીજી વાત કરી જે, ''એક સમયે વડોદરામાં શ્રીજીમહારાજને ને ગોસાંઈજીવાળાને સંવાદ થયો. તેમાં શ્રીજીમહારાજના ભણેલા સૌ સાધુ અને ગોસાંઈજીના સૌ શાસ્ત્રીઓ તેમને સામસામો સંવાદ કરવો અને તેમાં જે હારે તેને મુસલમાન કરવા એવો ઠરાવ કર્યો. પછી નિત્ય સભા થાય ને પ્રશ્ન-ઉત્તર ને સંવાદ થાય તેમાં ગોસાંઈજીવાળાની જીત થાય અને મહારાજના સંત હારે; તોપણ સંત કહે જે, 'કાલે ગોસાંઈજીવાળાને જીતી લઈશું', પણ સંત તો નિત્ય હારતા જાય. અને મહારાજ શ્રી ગોપાળાનંદ સ્વામીને સંભારે ને કહે જે, 'અહો! અમારું રત્ન આવ્યું નહિ.'''

''એમ કરતાં એક દિવસ બાકી રહ્યો ત્યારે ગોપાળાનંદ સ્વામી આવ્યા. એમને જોઈને મહારાજ બહુ રાજી થયા ને કહ્યું જે, 'અમારું રત્ન આવ્યું ને હવે અમારી જીત થશે.' પછી બીજે દિવસે સભા થઈ અને શ્રી ગોપાળાનંદ સ્વામી સભામાં આવીને બેઠા, ત્યારે શાસ્ત્રીઓએ તથા બીજા સર્વેએ સ્વામીશ્રીને તેજોમય ને ચારેકોરે અનંત દેવો ને અનંત અવતારો સ્તુતિ કરતાં તથા અનંત નાનાં પ્રકારનાં ઐશ્વર્ય સહિત દેખ્યા. એટલે શાસ્ત્રીઓ તો સ્વામીશ્રીનું આવું આશ્ચર્યકારક ઐશ્વર્ય જોઈને દબાઈ ગયા ને કહેવા લાગ્યા જે, 'અમે હાર્યા ને તમે જીત્યા.' એમ કહીને વંદના કરવા લાગ્યા ને મહારાજની જીત થઈ. પછી શ્રીજીમહારાજ કહે જે, 'સંતો તો હારીને અમને મુસલમાન કરાવનારા હતા, પણ આ ગોપાળાનંદ સ્વામીએ આવીને અમારી જય કરાવી.' આમાં સમજવાનું એ છે જે હજારો સાધનિક સંત હોય તે એક

અનાદિમુક્તની તુલ્ય ન થાય એવી અનાદિમુક્તની અલૌકિક સામર્થી છે.'' ॥૨૦૮॥

## વાર્તા ૨૦૯

સંવત ૧૯૭૫ના વૈશાખ વદ-૧૧ને રોજ બાપાશ્રી સર્વે સંત, બ્રહ્મચારી, હરિજનોએ સહિત છત્રીએ પધાર્યા હતા. ત્યાં સ્વામી ઈશ્વરચરણદાસજી પાસે વચનામૃતની ટીકાની કથા કરાવી. પછી બાપાશ્રીએ પુસ્તકની પૂજા કરી અને પછી સૌ સંત, બ્રહ્મચારી, હરિજનોએ બાપાશ્રીની પૂજા કરી.

પછી બાપાશ્રી સર્વે સંત, બ્રહ્મચારી, હરિજનોને ચંદન ચર્ચીને બોલ્યા જે, ''આજ તો જેવો પર્વતભાઈએ યજ્ઞ કર્યો હતો જે, 'મારી નજરે જે પડે તે સર્વેને હું અંતકાળે આવીને અક્ષરધામમાં લઈ જઈશ', એવો આ યજ્ઞ છે. આ ટાણે જે જે અમારી નજરે પડ્યા તે સર્વેને અમે અક્ષરધામમાં લઈ જાશું.''

એમ વર આપીને પછી ત્રણ ફેર ફરતાં કરાવીને રાસક્રીડાનાં કીર્તન ગવરાવ્યાં. પછી કાળી તલાવડી સામા છત્રીના ઓટા ઉપર પગથિયાં પાસે ઊગમણા મુખારવિંદે વિરાજમાન થયા અને સંત, બ્રહ્મચારી, હરિજનોએ છત્રીની ચારે પાસે ફરતાં ઘણીવાર સુધી કીર્તન ગાયાં.

તે સમયે આકાશમાં વાદળ છાઈ રહ્યું, ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ મુક્તોએ વિમાને સહિત આકાશમાં આવીને આપણને છાંયો કર્યો છે. શ્રીજીમહારાજે પંચાળામાં રાસ રમાડ્યો હતો તે દિવસે અર્ધો કળિ કાઢી મૂક્યો હતો. અને સાત ફેર કર્યા હતા ને જેટલા સંત હતા તેટલાં રૂપ ધારીને તેમના ભેળા ફરતા, એવાં દર્શન દીધાં હતાં.''

એમ વાત કરીને પછી મંદિરમાં પધાર્યા ને નારાયણપુર, કેરા આદિના હરિભક્તો સૌ પોતપોતાને ગામ ગયા.

પછી તે જ દિવસે બપોરે સભા કરી તે વખતે પ્રથમ પ્રકરણનું ૬૯મું વચનામૃત વંચાતું હતું, તેમાં હિંસાની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘મૃગાસુર નામનો દૈત્ય બગીચો ખોદતો હતો, તેને રામચંદ્રજી મારવા ગયા હતા ત્યારથી હિંસા ચાલી છે, પણ હિંસા કરવી તે રાજાનો ધર્મ નથી.’’

પછી વાત કરી જે, ‘‘સદ્‌ગુરુશ્રી નિર્ગુણદાસજી સ્વામી માંદા હતા, ત્યારે અમે અમદાવાદ ગયા હતા. પછી સ્વામીશ્રી અમારા સામું જોઈને બહુ રાજી થયા ને કહ્યું જે, ‘તમે આવ્યા તેથી બહુ શાંતિ થઈ ને હવે અમારો મંદવાડ મટી જશે.’ એમ મોટાનો મહિમા મોટા જાણે.’’

‘‘અમે એકાવનની સાલમાં કચ્છથી ગુજરાત જતાં ગઢડે ગયા, ત્યારે ભુજથી ઉપરદળ રામજીભાઈને કાગળ લખ્યો હતો જે, ‘અમે અહીંથી નીકળ્યા છીએ, તે જૂનાગઢ, ગઢડા થઈને અમદાવાદ આવીશું.’ તે કાગળ વાંચી રામજીભાઈ રેલે બેસી નિંગાળે ઊતર્યા ને એકો ભાડે કર્યો ને એકાવાળાને પૂછ્યું જે, ‘કચ્છના કોઈ આવ્યા છે?’ ત્યારે તેણે કહ્યું જે, ‘ઘેરવાળાં કેડિયાં પહેર્યાં હતાં ને સૂંથણા પહેર્યા હતા ને સવારે ઘેલામાં નાહવા જતા હતા, એવા કોઈક આવ્યા છે ખરા.’ પછી રામજીભાઈ મંદિરમાં દર્શન કરવા ચઢ્યા, ત્યાં ઠાકોરજી પાસે અમે ઊભા હતા તે મળ્યા. પછી એકાવાળાને ભાડા સિવાય એક રૂપિયો ઈનામ આપ્યો, ત્યારે અમે કહ્યું જે, ‘એક રૂપિયો વધારે કેમ આપ્યો?’ ત્યારે રામજીભાઈએ કહ્યું જે, ‘માણસો દીકરાની વધામણી ખાય તેને દસ-વીસ રૂપિયા દે છે; તો આ તો આપની વધામણી ખાધી તેને તો હજાર રૂપિયા આપીએ તોપણ ઓછા છે. તમારી વધામણી ક્યાંથી હોય!’ એવા મહિમાવાળા હતા.’’

એમ કહીને પછી બોલ્યા જે, ‘‘આ દર્શન ક્યાંથી મળે? મોટા મોટા સદ્‌ગુરુની પાસે જાવું પણ કઠણ પડતું અને આ તો બાળક જેમ માવતરના ખોળામાં આળોટે તેમ ચરણમાં સૌ લોટો છો ને આવા

અનાદિમુક્ત સાથે ભાષણ કરો છો તે કેટલી મોટી પ્રાપ્તિ કહેવાય!"

ઇત્યાદિક વાતો કરીને પોઢી ગયા.

પછી સાંજના કાકરવાડીએ નાહવા પધાર્યા. ત્યાં નાહીને આંબા નીચે બેસીને માનસી પૂજા કરીને પછી સંત સહિત નવા ડહેલામાં જઈને બેઠા.

તે સમયે બાપાશ્રી કરુણાકટાક્ષે કરીને સંત-હરિજન સામું જોઈને બોલ્યા જે, "આ સભા દિવ્ય છે અને આ સભામાં આ મુક્તને વિષે દિવ્ય મૂર્તિ શ્રીજીમહારાજ પ્રત્યક્ષ વિરાજીને મંદમંદ જુએ છે, મંદમંદ હસે છે, મંદમંદ પ્રસાદી આપે છે— જો ઓળખાય તો. પણ જીવ ઓળખતો નથી ને માયાનો લહરકો લેવા જાય છે. જેમ એક બ્રાહ્મણ ચક્રવર્તી રાજા પાસે દાન લેવા ગયો, પછી રાજાએ તેની પરીક્ષા લેવા માટે સારાં સારાં ભોજન તથા પલંગ તથા સેવક તેની સેવામાં આપ્યાં અને કહ્યું જે, 'બપોરે બાર વાગે દાન લેવા આવજો, તો પાંચ હજાર સોનામહોરો આપશું.' પછી તે બ્રાહ્મણ સારી પેઠે ભોજન જમીને જરાક પલંગ ઉપર સૂતો ને સેવક પગચંપી કરવા લાગ્યા, તેથી ઊંઘ આવી ગઈ ને દાન લેવાનો વખત વીતી ગયો. પછી રાજા પાસે ગયો, ત્યારે રાજા કહે જે, 'વખત વીતી ગયો; હવે નહિ મળે.' તેમ આ જીવ માયાનો લહરકો લેવા જાય છે ને મહારાજને ને મોટાને ભૂલી જાય છે. તે માયાનો ત્યાગ કર્યો હોય તોપણ અંતરમાં તેનો રાગ રહી જાય છે, એવા જીવના સ્વભાવ છે; તે ભગવાન જેવડી વસ્તુને શી રીતે ઓળખી શકે?"

એમ વાત કરીને પછી સૌ સંતોને મળીને અતિ આનંદિત કરીને મંદિરમાં પધારતા હવા. અને આરતી થઈ રહ્યા પછી સંતોને સભામાં વાત કરવાની આજ્ઞા કરી અને કહ્યું જે, "કાલે તમારે ચાલવાનું છે, માટે હરિભક્તોને વાત કરજો."

પછી સંતોએ સભામાં વાત કરી ને સમાપ્તિ વખતે હરિભક્તોને

કહ્યું જે, "કાલે અમારે ચાલવું છે."

પછી બીજે દિવસે પારણાં કરીને સંત તથા હરિજન સર્વે ભુજ થઈને ઝાલાવાડ તથા ગુજરાત તરફ આવ્યા. ॥૨૦૯॥

## વાર્તા ૨૧૦

સંવત ૧૯૭૬ના શ્રાવણ માસમાં સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ બાપાશ્રીને મુળીએ તેડી લાવવા કચ્છમાં ગયા હતા. ત્યાંથી બાપાશ્રી પચાસ હરિજનોએ સહિત મુળી પધાર્યા અને ત્યાંથી ભુજના રાજાના હજૂરી ઘેલાભાઈ તથા ધનજીભાઈ આદિ પાંચ હરિજનોને શ્રીયુત્ મહારાજશ્રીને તેડવા અમદાવાદ મોકલ્યા અને કહેરાવ્યું જે, "તમે અહીં આવો. અમે તમારું સારી રીતે સમાધાન કરીશું." તોપણ તે આવ્યા નહિ. પછી બાપાશ્રી કચ્છમાં પધાર્યા. તેમને મૂકવા સારુ સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સાધુ મુક્તવલ્લભદાસજી તથા આશાભાઈ ગયા હતા.

ભાદરવા વદ-૧૦ને રોજ સભામાં પ્રથમ પ્રકરણનું ૨૧મું વચનામૃત વંચાતું હતું, તેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ કરીને ભગવાન પ્રસન્ન થાય છે એમ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચારેનું સ્વરૂપ સત્પુરુષના સમાગમે પમાય છે, પણ તે વિના શાસ્ત્રમાંથી પોતાની માયિક બુદ્ધિએ કરીને પમાતું નથી. શાસ્ત્ર તો દિશ બતાવે છે, પણ મોટા મળે ત્યારે વાસ્તવિક સમજાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તે મહારાજની તથા અનાદિમુક્તની શક્તિઓ છે, તે સત્પુરુષના સમાગમે કરીને જીવને વિષે આવે છે ત્યારે જીવને મુક્ત કરે છે. જેમ આંબા આદિ ઝાડમાંથી ફળ થાય છે તેમ મૂર્તિમાંથી ને મુક્તમાંથી એવાં અનંત ઐશ્વર્ય પ્રગટ થાય છે ને લીન થાય છે."

પછી કેટલાક સંતોને ઊંઘતા જોઈને બોલ્યા જે, "સ્વામિનારાયણ! સ્વામિનારાયણ! સભામાં ઝાંપડી આવી છે, તે

આવવા દેવી નહિ. એક સમયે મુક્તાનંદ સ્વામીને ઊંઘ આવી ત્યારે મહારાજ કહે, 'ઝાંપડી આવી, માટે સ્નાન કરી આવો.' પછી તે સ્નાન કરી આવ્યા. અને અક્ષરજીવનદાસજી સ્વામીને જ્યારે ઊંઘ આવતી ત્યારે લોઢાનો ખીલો ઘૂંટામાં મારતા, એવો ખટકો રાખવો."

"એક સમયે બદરિનાથાનંદ સ્વામી અહીં આવ્યા હતા, તેમના એક સાધુ ઊભા ઊભા ઊંઘતા હતા તે તાસડાના કાંઠા ઉપર પડ્યા ને તાસડો ઊભો થયો તે દીવાને ભટકાઈને સાધુ ઉપર પડ્યો તેથી દીવો ઓલાઈ ગયો ને સાધુને વાગ્યું; એવી ઊંઘ છે. તે જો આ કથા-વાર્તામાં ચિત્ત રાખે તો ઊંઘ ન આવે. રામપરાના હરિભક્ત ભવૈયા જોવામાં ચોયણામાં લઘુ કરી ગયા, એવું તાન માયામાં છે; તેવું હેત કથામાં કરવું. અને ગઢડામાં એક હરિભક્ત વાતો સાંભળવામાં એક વૃત્તિ રાખીને લઘુ કરવા ન ઊઠ્યા ને પેડું ફાટીને લઘુ નીકળ્યું, એવી આસક્તિએ સહિત વાતો સાંભળતા. ત્યારે કોઈ કહે જે, 'લઘુદ્વારે લઘુ નીકળે, પણ પેડું કેમ ફાટે?' તો એ તો શ્રીજીમહારાજે જણાવ્યું જે આમને આવું હેત વાતોમાં છે. માટે એવું હેત રાખવું અને ત્રિવિધિ તાપે પણ અંતર ડોલવા દેવું નહિ એમ વર્તવું."

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "સમાધિવાળાને સમાધિ દેહમાં થાતી હશે કે જીવ દેહથી બહાર નીકળતો હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અંતઃકરણમાં જીવ રહે છે ત્યાં જ સમાધિ થાય છે એટલે સ્થૂળ દેહમાંથી સૂક્ષ્મ દેહમાં જીવ જાય છે તે સૂક્ષ્મ દેહમાં રહીને સર્વેને જુએ છે; અને એ પાછો સ્થૂળ દેહમાં આવે છે તે વિષયની આસક્તિથી અવાય છે. અને જે કોઈકના સમાસને અર્થે સમાધિ કરતા હોય તે તો સ્વતંત્રપણે જાય, આવે, લઈ જાય, લાવે; એ તો સમર્થ કહેવાય. એ તો ઘણા જીવોને સમાસ કરવા માટે પોતે સ્વતંત્ર સમાધિ કરે, તેમાં બીજા જીવને સમાસ બહુ થાય."

"અમે એટલા સારુ સમાધિ કરતા, પણ અમે તો સદાય મૂર્તિમાં

ઝીલીએ છીએ, તે કેટલાકના જાણ્યામાં ન આવે. સમાધિ કરીએ ત્યારે ઘણા જીવને આશ્ચર્ય થાય જે સમાધિવાળા છે તે બહુ મોટા છે, પણ મૂર્તિમાં ઝીલીએ તેમાં આશ્ચર્ય ન થાય; કેમ જે એ કોઈના દેખ્યામાં ન આવે. માટે સમાધિ કરીને પ્રખ્યાતિ કરી અને હવે વાર્તા કરીને જ્ઞાન આપીને મોક્ષ કરીએ છીએ.''

''અમે જન્મ્યા નથી અને આ લોકમાં છીએ પણ નહિ; સદા મૂર્તિમાં જ છીએ. તે શ્રીજીમહારાજે મધ્ય પ્રકરણના ૧૩મા વચનામૃતમાં કહ્યું છે જે, 'માતાના ઉદરમાં મૂર્તિ દેખતા', તે મુક્તની સ્થિતિ કહી છે. આજ આવા મોટા પુરુષને મહારાજે મોકલ્યા છે, માટે આ દાવ હારવો નહિ. આ શબ્દ જીવમાં ઉતારતા આવો તો જીવ પાત્ર થતો આવે. આ વખતે શરદઋતુ છે. જો આ વાતોમાં આતુરતા હોય તો મહારાજની મૂર્તિરૂપી ફળની પ્રાપ્તિ થાય ને એક એક શબ્દ લાખ-કરોડ રૂપિયાનો થઈ પડે. જો આ શરદઋતુ જાણી હોય તો જેમ ફળ-પુષ્પની ઉત્પત્તિ થવાની ઋતુ આવે છે, તેમ આ મોક્ષની ઋતુ આવી છે. અમારા મુખમાંથી વચન આવે છે તે શ્વાંત છે, તેને ઝીલનાર હોય તો કાંઈનાં કાંઈ ફળ પાકી પડે. બીજા અવતારો હતા તે શરદઋતુ ન કહેવાય. આજ શરદઋતુ ખરી આવી છે, તે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું છે જે, 'શરદઋતુમાં આવે જો શ્યામ રંગભર રમીએ.' આ સંત અક્ષરધામનો દરવાજો છે. અમે શ્રીજીના મુખમાંથી લઈને સુખ પ્રવર્તાવીએ છીએ અને મૂર્તિમાંથી લઈને વાતો કરીએ છીએ ને મૂર્તિનો રસ પ્રવર્તાવીએ છીએ; એ શ્વાંત વરસાવીએ છીએ, તે કંઈકનાં કામ થઈ જાય છે.''

''સાધુ થઈને સંત થાવું. જે શ્રીજીમહારાજની મૂર્તિના સુખનો આહાર કરે તે સંત થયા, માટે સંત થાવું. અને મહારાજની મૂર્તિમાં ને આ મુક્તમાં વળગ્યા રહે તો સંત થવાય. જેમ વડવાનળ (અગ્નિ) સમુદ્રનું જળ મીઠું કરીને વરસાવીને ચાર ખાણના જીવોને સુખિયા કરે છે તેમ આ મુક્ત જીવોને સુખિયા કરે છે; માટે સમજીને મહિમા જાણીને સંગ કરવો તો કામ થઈ જાય.''

“સાધુને બે વાત જે જડ ને ચૈતન્ય માયા, તેને હરામ કરીને સાધુ થાવું. આગળ મોટા મોટા સંત ગોળા જમતા, વનમાં રહેતા, જીવડાં કરડે તેને ઉડાડતા નહિ, ને બે દિવસે, ત્રણ દિવસે, ચાર દિવસે ગોળો મળે તોપણ આનંદમાં રહેતા ને મૂર્તિના સુખે સુખી રહેતા. તે મોટેરા મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી કોઈ દિવસ છાશ કે ગળ્યું કે રહેવાનું કે લૂગડાં તે દેખતા નહિ તોપણ આનંદમાં રહેતા; માટે આપણે પણ એવા ઠરાવ રાખવા. અને આવાં મોટાં મંદિરો કર્યાં, પણ એક ખીંટી સરખીય પોતાની કોઈએ રાખી નથી; તેમ જ આપણે પણ એ મોટા રાખી ગયા તેમ રાખવું.”

“ગૃહસ્થને આવી હવેલીઓ ન હોય ને પત્તરમાં જે જમવાનું આવે છે તેવું જમવાનું પણ ગૃહસ્થને ન હોય, તોપણ ઊઠીને ભાગવા માંડે એ કેવા કહેવાય? દુઃખના દરિયામાં દોટ દે એવી ઊંધાઈ જીવને છે.”

“એક બ્રહ્મચારી મુળીમાં હતા તે ઘેર ગયા, તે વખતે સ્વામી હરિનારાયણદાસજીએ મને કહ્યું જે, ‘એને સમજાવો. બિચારો દુઃખિયો થશે.’ તે સમજાવ્યો, પણ રહ્યો નહિ ને એને ઘેર કોઈ હતું નહિ તોપણ ગયો; એવા જીવ ઊંધા છે.”

“માટે ‘શ્રી ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી એ જેવા હતા તેવો હું થાઉં’ એવા ઠરાવ કરવા, પણ ઊતરતા જેવાના ઠરાવ ન કરવા. અને ગૃહસ્થોએ પણ પર્વતભાઈ તથા દાદા ખાચર હતા, તેમના જેવા થવાના ઠરાવ કરવા, પણ આ લોકનાં સુખના ઠરાવ ન કરવા. ‘સર્વસ્વ ભગવાનને અને સંતને અર્પણ કરી દઉં’ એવા ઠરાવ કરવા.”

“સાધુએ ઠાકોરજીની તથા સંતની ચંદન, પુષ્પ ને ફળ, જળે કરીને સેવા કરવી; પણ સાધુ કથા-વાર્તા કરતા હોય તેને સાધુએ ધોતિયાં ઓઢાડવાં નહિ. એક ત્યાગીએ મુંબઈથી લૂગડાં મંગાવીને પહેર્યાં, તે

સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ એની ઘણી વલે કરી, પણ મોહ ન મુકાય. અમારે અહીં હીરો ભક્ત હતા, તેની પાસે સાધુએ જીરું મંગાવ્યું તે કેરા ગામમાં જઈને લાવી આપ્યું. એવો સ્વાદ રાખે તેને આ વાત શું સમજાય ને ક્યારે ભગવાનમાં પ્રીતિ થાય! ને ક્યારે સાધુ થવાય! ને ક્યારે મહારાજ મળે! ને ક્યારે મોક્ષ થાય! એ બધુંય વિચારવાનું છે. માટે એવું કામ ન કરવું. આગળ સંતો ગોળા જમતા તેમાં કોણ જીરું નાખતું હતું? માટે એવા રાગ ટાળીને મહારાજ ને મુક્ત સાથે જોડાવું તો મોક્ષ થાય.'' ॥૨૧૦॥

## વાર્તા ૨૧૧

સંવત ૧૯૭૬ના ભાદરવા સુદ-૧૧ને રોજ સવારે બાપાશ્રી તથા સર્વે સંત હરિજનો છત્રીએ દર્શન કરવા ગયા હતા. ત્યાં દર્શન કરીને બાપાશ્રી છત્રીના ઓટા ઉપર વિરાજ્યા.

તે વખતે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''ડાંગરવામાં શ્રીજીમહારાજ પધાર્યા હતા, ત્યાં જતનબાએ પોણો સો માણસની રસોઈ કરી, તે શ્રીજીમહારાજે ચાર સંતને જમાડી દીધી; અને જીવા ખાચરની હજાર મનુષ્યની રસોઈ એક સચ્ચિદાનંદ સ્વામી જમી ગયા, તે પરભાવનાને જમાડ્યા. એવા મોટા સંત મળે ને તેમને જમાડે તે મહારાજ ને મુક્ત જમી જાય; માટે હરકોઈ અભ્યાગત આવે એને અન્ન આપવું; કેમ જે તેમાં મોટા મુક્ત આવ્યા હોય તે જમે તો બહુ ફળ થાય. બુધેજમાં શ્રીજીમહારાજે ખોડાભાઈની મા પાસે રોટલો માગ્યો, પણ આપ્યો નહિ તે એને બહુ ખોટ આવી.''

''અને જેતલપુરમાં કોઠાના ઊગમણા દરવાજા પાસે વાવ છે ત્યાં એક વડ છે તે વડ તળે શ્રીજીમહારાજ વનમાંથી આવતાં બેઠા હતા, ત્યાં ગંગામા આવીને કહેવા લાગ્યાં જે, 'બાવા જમવા ચાલો.' ત્યારે મહારાજે ચરિત્ર કર્યું જે, 'અમે તો ચાલીને ક્યાંય જતા નથી.' ત્યારે ગંગામાએ કહ્યું જે, 'અહીં શી રીતે આવ્યા?' ત્યારે મહારાજ બોલ્યા જે,

'અમારા સેવક લાવ્યા', ત્યારે તેમણે કહ્યું જે, 'સેવક ક્યાં છે? તમે એકલા છો ને?' ત્યારે મહારાજ બોલ્યા જે, 'અમારા સેવકો અદૃશ્ય છે, તે તમે દેખી શકો નહિ.' ત્યારે ગંગામાએ જાણ્યું જે આ નાનું બાળક છે તે હઠ કરે છે, પણ ભૂખે મરશે; એમ જાણીને મહારાજને તેડીને લઈ ગયાં."

"પછી ઓસરીમાં ઉતારીને શોળે થઈને જમવાનું કાઢી લાવ્યાં ને કહ્યું જે, 'બાવા, જમો.' ત્યારે મહારાજ બોલ્યા જે, હું તો દિશાએ ગયો નથી ને દાતણે કર્યું નથી ને નાહ્યો પણ નથી.' ત્યારે ગંગામાએ કહ્યું જે, 'જાઓ, દિશાએ જઈને તળાવમાં નાહી આવો.' ત્યારે મહારાજે કહ્યું જે, 'જેને જમાડવા હોય તે લઈ જાય તો જઈએ, પણ તે વિના જવું પડતું નથી.' ત્યારે ગંગામા કહે જે, 'રોજ કોણ લઈ જાય છે?' પછી મહારાજ બોલ્યા જે, 'જેને જમાડવાની ગરજ હોય તે લઈ જાય.' પછી ગંગામાએ જાણ્યું જે આ તો ગાંડા છે તે એનાં મા-બાપે કાઢી મેલ્યા છે, પણ હવે ક્યાં જશે?"

"એમ જાણીને તેડીને એક કોરે દિશાએ બેસાર્યા અને હાથે પાણી લેવાનું કહ્યું ત્યારે કહ્યું જે, 'તમારે ગરજ હોય તો ધુઓ.' પછી ગંગામાએ ધોયા ને દાતણ પણ પોતાને હાથે કરાવ્યું ને પછી નવરાવીને વસ્ત્ર પણ પોતે પહેરાવ્યાં અને ઉપાડીને ઓસરીમાં લઈ જઈને બેસાર્યા ને કહ્યું જે, 'જમો' ત્યારે મહારાજે કહ્યું જે, 'અમારી સેવા કરવાની ગરજ હોય તો જમાડો.' પછી પોતાના હાથે કોળિયા લઈને જમાડ્યા, એવી સેવા કરી તો બહુ લાભ મળ્યો; કેમ જે સાક્ષાત્ ભગવાનની સેવા થઈ. અને જો એવાં ચરિત્ર જોઈને સેવા ન કરી હોત તો બહુ ખોટ જાત. અને મહારાજે પણ એવી સેવાથી બહુ પ્રસન્ન થઈને પોતાની મૂર્તિમાં તેમની વૃત્તિ ખેંચી લીધી, તેથી તેમને મહારાજ સાથે હેત થઈ ગયું. તે મહારાજ ક્યાંઈક આઘા-પાછા જાય ત્યારે શોધી કાઢીને પોતાને ઘેર લાવે, એમ પંદર દિવસ થયા."

“એવામાં રામાનંદ સ્વામી અમદાવાદમાં હીરાચંદ ચોકસીને ઘેર આવ્યા હતા, તેમણે ખબર મોકલી જે, ‘અમે અહીં આવ્યા છીએ ને બે દિવસ રહેવું છે માટે દર્શને આવવું હોય તો આવી જાજો.’ પછી ગંગામાએ જાણ્યું જે હું દર્શને જઈશ ત્યારે આ બ્રહ્મચારી ક્યાંઈક જતા રહેશે, એમ જાણી ઘરમાં પૂરી તાળું દઈને અમદાવાદ ગયાં. ત્યાં શ્રી રામાનંદ સ્વામીનાં દર્શન કરીને કહ્યું જે, ‘મારે ઘેર એક બ્રહ્મચારી આવ્યા છે, તેમને ઘરમાં પૂરીને આવી છું, તે જો હું રાત રહું તો મૂંઝાય, માટે મેં આપનાં દર્શન કર્યાં ને હવે રજા માગું છું.’ ત્યારે શ્રી રામાનંદ સ્વામીએ કહ્યું જે, ‘જાઓ, એ બ્રહ્મચારીની સેવા કરજો; બહુ મોટા છે.’’’

“પછી તે જેતલપુર આવ્યાં ને તાળું ઉઘાડીને ઘરમાં જુએ તો મહારાજ ન મળે. પછી ગામમાં ફરીને સર્વેને પૂછી જોયું જે, ‘બ્રહ્મચારી દેખ્યા?’ ત્યારે લોકોએ કહ્યું જે, ‘કોઈએ દેખ્યા નથી.’ પછી જ્યારે રામાનંદ સ્વામી ધામમાં ગયા ત્યારે ગઢડે ગયાં, ત્યારે મહારાજ ઊઠીને કોટે વળગી પડ્યા ને કહ્યું જે, ‘આ અમારી મા આવ્યાં. જેમ મા સેવા કરે તેમ અમારી સેવા જેતલપુરમાં એમણે કરી હતી, માટે આ અમારાં મા છે; એમને સર્વે ‘મા’ કહીને બોલાવજો.’ એટલો બધો લાભ ગંગામાને મળ્યો. પછી તે મહારાજની રસોઈ સદાય કરતાં ને મહારાજ ગામોગામ વિચરતા ત્યાં પણ ભેળાં જાય. તે માર્ગમાં અડવાણે પગે શોળે રહીને માથે સગડી મૂકીને માર્ગમાં રસોઈ થતી આવે એમ ચાલતાં, એવી સેવા કરી.”

“તેમને એક દિવસે શ્રીજીમહારાજે કહ્યું જે, ‘તમે અમને કેવા જાણો છો?’ ત્યારે તેમણે કહ્યું જે, ‘તમે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન છો ને શ્રી રામાનંદ સ્વામી પણ શ્રીકૃષ્ણ ભગવાન હતા; તેના તે તમો છો, પણ શ્રી રામાનંદ સ્વામી ને શ્રીકૃષ્ણ ને તમે જુદા નથી; એક જ છો.’ ત્યારે મહારાજ બોલ્યા જે, ‘મેર મૂંડી, માથે સગડી ઉપાડીને માથાની ટાલ તો બાળી મૂકી, તોપણ ઓળખ્યા નહિ. અમે તો શ્રીકૃષ્ણથી પર

મહાકાળ ને તેથી પર નરનારાયણ, એથી પર વાસુદેવ બ્રહ્મ, એથી પર મૂળઅક્ષરના મુક્ત, ને એથી પર મૂળઅક્ષર, અને તેથી પર તો શ્રી રામાનંદ સ્વામી અમારા મુક્ત હતા; અને અમે તો એવા અનંત મુક્તના સ્વામી છીએ, ને શ્રી પુરુષોત્તમનારાયણ છીએ. અમે એક જ ભગવાન છીએ, પણ અમારી કોઈ જોડ નથી ને અમારા જેવો કોઈ થાય તેમ નથી.' એમ કૃપા કરીને પોતાનું સ્વરૂપ સમજાવ્યું."

"માટે ભગવાન ને ભગવાનના મુક્તની સેવા જેવું કોઈ સાધન નથી. પણ ભગવાનની ને સંતની સેવા કરવી તેમાં વિવેક રાખવો. આપણા સંત હૈદરાબાદ ગયા હતા, તે હરિભક્તે રસોઈ કરાવીને જમાડ્યા ને ધોતિયાં ઓઢાડ્યાં, અને વૈરાગીને પણ મોતૈયા જમાડીને ધોતિયાં ઓઢાડ્યાં, એમ ન કરવું; વાપરવામાં પણ વિવેક રાખવો. આપણું તન, મન, ધન છે તેના ધણી સ્વામિનારાયણ છે, તે સત્સંગ વિના બીજે ન વપરાય. સત્સંગમાં પણ ધર્મ વિનાના ને ધર્મવાળા હોય તેમને ઓળખીને ધર્મવાળાની સેવા કરવી અને સમાગમ પણ ઓળખીને કરવો. કોઈ દ્રવ્યના ચારી હોય તેની તો કોઈ પ્રકારે સેવા કરવી નહિ, કેમ જે એ તો સ્વામિનારાયણનો છે જ નહિ; તેથી તેની કરેલી સેવા શ્રીજીમહારાજને પહોંચે નહિ; માટે સેવા કરવામાં પણ વિવેક રાખવો."

"ભગવાનની વાર્તા કરવામાં પણ જેવી સભા તેવી વાત કરવી, પણ જે સમજવા માટે પૂછે તેને તો બરાબર કહેવું. કદાપિ તેમાં કોઈક ન સમજે ને કચવાય તો ભલે, પણ બરાબર કહેવું; કેમ જે મહારાજનો મહિમા ઓછો કહીએ તો મહારાજના ગુનેગાર થઈએ અને બીજા સંત કચવાય તેથી મહારાજ કચવાય તો મહારાજનો અપરાધ થાય; માટે મહારાજને ઓછા ન કહેવા."

એટલી વાત કરીને પછી સર્વેને મળ્યા ને આશીર્વાદ આપીને મંદિરમાં પધાર્યા. પછી બીજે દિવસે સ્વામી આદિ ભુજ થઈને અમદાવાદ પધાર્યા. ॥૨૧૧॥

## વાર્તા ૨૧૨

સંવત ૧૯૭૮ની સાલમાં બાપાશ્રીએ કણબીની જ્ઞાતિના પટેલિયાઓને તેડાવીને કહ્યું જે, “અમે જીવોનાં કલ્યાણ કરવા સારુ આવ્યા છીએ, પણ તમારી નાત કે સગા કે સંબંધી નથી. અમે તો સ્વામિનારાયણ ભગવાનના મુક્તાવતાર છીએ. અમારે જીવોના મોક્ષ સારુ યજ્ઞ કરવો છે તેમાં જે જમે તેનો મોક્ષ કરવાનો સંકલ્પ છે, માટે મોક્ષ જોઈતો હોય તે આ યજ્ઞમાં જમવાની હા પાડો ને મોક્ષ ના જોઈતો હોય તે આ યજ્ઞમાં જમવાની ના પાડો, પણ વર્તમાન લોપનારને સત્સંગ બહાર કર્યો હોય તેને તથા તેનો પક્ષ રાખે તેને મૂકીને આવવું પડશે.”

ત્યારે સર્વેએ હા પાડી જે, “અમે જમવા આવીશું ને જે બતાવશો તે સેવા કરીશું.”

પછી ચૈત્ર વદ-૧૨ને રોજ સત્સંગિજીવનની પારાયણ બેસારવાનું નક્કી મુહૂર્ત કર્યું ને સ્વામી ઈશ્વરચરણદાસજી ઝરિયા તરફ ગયા હતા તેમના ઉપર રામનવમીને દિવસે બાપાશ્રીએ તાર કર્યો જે, ‘અમે યજ્ઞ કરીએ છીએ માટે તમે તરત આવો.’ અને એક બીજો તાર કુંભારિયાવાળા મિસ્ત્રી ગોવાભાઈએ અમરસી ઉપર કર્યો જે, ‘સ્વામી ઈશ્વરચરણદાસજીને બાપાશ્રી માગે છે માટે તરત મોકલો.’

પછી સ્વામી ઈશ્વરચરણદાસજી અમદાવાદ આવ્યા ને ત્યાંથી કચ્છમાં ગયા. ત્યાં બાપાશ્રીએ મોટો યજ્ઞ કર્યો ને સંત-બ્રહ્મચારી તથા દેશાંતરના હરિજનો હજારો હજાર આવ્યા હતા. અને ચૈત્ર વદ-૧૨ને રોજ સત્સંગિજીવનની પારાયણ બેસારીને વૈશાખ સુદ-૩ને રોજ સમાપ્તિ કરી ને છત્રીએ હનુમાનજી પધરાવ્યા.

તે વખતે સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કહ્યું જે, “વર આપો.”

ત્યારે બાપાશ્રીએ વર આપ્યો જે, “આ હનુમાનજી સારંગપુરના હનુમાનજીની પેઠે કામ કરશે અને જે આ ઠેકાણે દર્શન કરવા આવશે

તે સર્વેને અમે અક્ષરધામમાં તેડી જઈશું.''

વૈશાખ સુદ-૪ને રોજ ઘણાક સંત-હરિજનો પોતપોતાને સ્થાનકે ચાલ્યા. તે સર્વેને સુખડીની પ્રસાદી આપી બાપાશ્રી બોલ્યા જે, ''આ પ્રસાદી જે જમશે તેને અક્ષરધામમાં લઈ જઈશું. અમારી ક્રિયા તો સર્વે કલ્યાણકારી છે.''

એમ વાત કરીને સર્વેને આનંદ પમાડતા હવા. ॥૨૧૨॥

## વાર્તા ૨૧૩

સંવત ૧૯૭૮ના વૈશાખ સુદ-૫ને રોજ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી ગુણાતીતદાસજી તથા સ્વામી ભગવત્સ્વરૂપદાસજી તથા પુરાણી ધર્મકિશોરદાસજી, આદિ સંતોએ બાપાશ્રીને પૂછ્યું જે, ''મુળીનો શતવાર્ષિક પાટોત્સવ કરવો કે નહિ?''

ત્યારે બાપાશ્રીએ પાટોત્સવ કરવાની આજ્ઞા કરીને કહ્યું જે, ''અમે આવીશું.''

પછી તે સર્વે સંત મુળી તથા અમદાવાદ ગયા. તે વર્ષે વરસાદ નહિ હોવાથી યજ્ઞ કરવાનો વિચાર મુળીમાં જન્માષ્ટમીના સમૈયામાં બંધ રાખ્યો.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને પત્ર લખ્યો જે, ''આ દેશમાં વરસાદ નથી તેથી દુકાળમાં પૈસા ભેગા થાય તેમ લાગતું નથી. માટે જો આપ દયા કરીને વરસાદ કરો તો પાટોત્સવ કરવાની હિંમત આવે.''

પછી બાપાશ્રીએ લખી મોકલ્યું જે, ''તમે ખરડો કરવા નીકળશો ત્યાં જ તે દિવસે વરસાદ આવશે ને વર્ષ બહુ સારું પાકશે, માટે વિચાર કાયમ રાખજો.''

પછી ખરડા કરવા નીકળ્યા તે પહેલા વાંકાનેર ગયા, ત્યાં

માર્ગમાં જ વરસાદ થવા મંડ્યો તે બધા દેશમાં થયો ને હરિભક્તોએ રાજી થઈને ખરડા કર્યા.

પછી સંવત ૧૯૭૯ના પોષ માસમાં રાજકોટથી મનાઈ હુકમ આવ્યો જે પાટોત્સવ ન કરવો. પછી પાટોત્સવ ન કરવો એવો ઠરાવ કરવા સારુ વઢવાણ કાંપમાં સર્વે સત્સંગીએ આવવું એવા કાગળો મુળીથી મોટેરા સાધુ અને મોટેરા સત્સંગીઓએ લખાવ્યા.

તે જ દિવસે સ્વામી ઈશ્વરચરણદાસજી, મુક્તવલ્લભદાસજી, દેવજીવનદાસજી આદિ કચ્છમાં બાપાશ્રી પાસે ગયા. અને સવારમાં સભામાં બાપાશ્રીને પ્રાર્થના કરી જે, "પાટોત્સવ ન કરવો એવો મનાઈ હુકમ રાજકોટથી વુડ સાહેબનો આવી ગયો અને આજે વઢવાણ કાંપમાં સંત-હરિજનોની કમિટી ભરાઈ હશે તે પાટોત્સવ ન કરવો એવો ઠરાવ કરશે, માટે આપને પૂછવા આવ્યા છીએ જે પાટોત્સવ થશે કે નહિ થાય? જો મુંબઈ અપીલ કરીએ તો મહા સુદ-૫ નજીક આવી છે તેટલામાં આપણને હુકમ મળે નહિ ને પછી મળે તો કાંઈ કામ ન આવે."

પછી બાપાશ્રી બોલ્યા જે, "યજ્ઞ થશે; માટે પ્રયત્ન કરો. અને સારું કામ છે માટે મહારાજ ને મુક્ત પ્રેરણા કરશે."

પછી બળદેવભાઈ શેઠે મુળી ઠાકોરશ્રી મારફત પ્રયત્ન કરી યજ્ઞ થવા બંદોબસ્ત કર્યો. પછી સત્સંગ ભેળો કર્યો ને પાટોત્સવ કરવાની વાત કરી ત્યારે કેટલાક સંત અને જીવા પટેલ આદિ સત્સંગીઓએ કહ્યું જે, "લાખ રૂપિયાનું કામ છે, તેમાં ખૂટે તો કોણ પૂરું કરે?"

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, "લોકમાં વાત ફેલાઈ ગઈ છે ને ન થાય તો ઠીક ન દેખાય."

ત્યારે પટેલે કહ્યું જે, "માથે કોણ રાખે છે?"

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, "શ્રીજીમહારાજ પૂરું કરશે."

પછી પાટોત્સવ કરવાનું નક્કી કર્યું ને બાપાશ્રીને તેડવા પોષ વદ ૦)) અમાસને રોજ સ્વામી ઈશ્વરચરણદાસજી, મુક્તવલ્લભદાસજી અને આશાભાઈ ગયા. તે રાત્રિએ સ્ટીમર ચાલી નહિ ને મહા સુદ-૧ને રોજ સવારે સાડા અગિયાર વાગે ચાલી તે સાડા ચાર વાગે તુણા બંદરે ઊતર્યા. ત્યાં નાહી પૂજા કરી, આરતી કરીને પછી તુણે જઈ ગાડી કરી બાર વાગે રાત્રે અંજાર જઈ ઘોડાગાડી કરી મહા સુદ-૨ને રોજ સવારે પાંચ વાગે ભુજની વાડીએ પહોંચ્યા. ત્યાં નાહી પૂજા કરીને ભુજના મંદિરમાં ગયા. ત્યાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ તથા પુરાણી કેશવપ્રિયદાસજીએ તથા મહંત સ્વામી મહાપુરુષદાસજીએ કહ્યું જે, “બાપાશ્રી તો માંદા છે તે આવી શકશે નહિ; કેમ જે મોતીભાઈનો દીકરો મગનલાલ ઘણો માંદો છે, તેને દર્શન દેવા પધારવા ઘોડાગાડી મોકલી હતી, પણ આવી શક્યા નહિ એવા માંદા છે તે નભી શકશે નહિ. માટે બાપાશ્રીને તમે લઈ જવાનો આગ્રહ કરશો નહિ.”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “એ તો અમે ને બાપાશ્રી જાણીએ, પણ તમે સંતો આવશો કે કેમ? તે કહો.”

ત્યારે તેમણે કહ્યું જે, “અહીં તો સાધુ માંદા બહુ છે. તેથી અમારાથી તો આવી શકાશે નહિ.”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજી, મુક્તવલ્લભદાસજી અને આશાભાઈ ત્રણે ઘોડાગાડી ભાડે કરીને વૃષપુર દસ વાગે પહોંચ્યા ને ઝાંપેથી ઊતરીને ચાલ્યા ત્યાં બાપાશ્રી પોતાના ઘરના બારણામાં ઊભા હતા, તે મળ્યા ને બોલ્યા જે, “આવડલી વાર ક્યાં લગાડી વીરા!”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “રાત્રિએ આગબોટ ઊપડી નહિ ને પડવેને રોજ સાડા અગિયાર વાગે ઉપડી, તેથી રેલ ન મળી ને રાતોરાત ઘોડાગાડીથી આવ્યા તે આજ આવ્યા ને ટપાલ તો આગબોટમાં જ રહી. તેમાં આપણી કંકોત્રીઓ રહી છે, પણ બીજી હું સાથે લાવ્યો છું. તે લખીને બેય ઢોળમાં મોકલાવીએ, પણ આપને ચરણે

વા છે તેને શેકો છો, તેનું કેમ કરશો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''વાને તો રજા આપીશું, પણ યજ્ઞ થશે કે નહિ તે કહો?''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''બાપાશ્રી! એ તો આપ જાણો. જો થાય તેમ હોય તો પધારો ને ન થાય એમ હોય તો હું પણ અહીં આપની સેવામાં રહીશ.''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''યજ્ઞ અમારે કરવો છે. કોણ બંધ કરનાર છે? કોઈનો ભાર નથી જે બંધ કરી શકે.''

પછી બેય ઢોળમાં કંકોત્રીઓ પાંટિયા સાથે મોકલાવીને લખ્યું જે, ''અમો મુળી યજ્ઞ કરવા સારુ મહા સુદ-૩ને રોજ નીકળશું અને જેને આવવું હોય તે સુદ-૪ને રોજ નીકળજો. તમારે માટે નારાયણપુરના પટેલ ધનજીભાઈને રાખ્યા છે તે તમને સર્વેને મુળી લાવશે. અમે આગબોટ સ્પેશિયલ તમારે માટે કરશું.''

એવી રીતે કંકોત્રીઓ મોકલાવીને બોલ્યા જે, ''બાવા! તમે ઠાકોરજીને જમાડવા રસોઈ કરો; આપણે રાત્રિએ નીકળશું તે સવારે પરબારા સ્ટેશને જઈશું.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''રસોઈ તો નહિ કરીએ. અમારે અત્યારે જ જવું પડશે, કેમ જે ભુજ ઓફિસમાં ઘણા તાર કરવાના છે અને આપ મગનલાલને દર્શન આપીને સ્ટેશને પધારજો.''

પછી બાપાશ્રીએ ટીમણ જમાડ્યું ને બપોરે દોઢ વાગે નીકળ્યા તે સાડા ત્રણ વાગે તાર ઓફિસમાં પહોંચ્યા. ત્યાં એક હરિભક્ત પ્રથમથી આવેલ હતા, તેમને સ્વામીએ પૂછ્યું જે, ''તમે કેમ આવ્યા છો?''

ત્યારે તેમણે કહ્યું કે, ''સ્વામી મહાપુરુષદાસજીએ તાર કરવા

મોકલ્યો હતો તે આવ્યો છું.''

પછી કહ્યું જે, ''ક્યાં તાર કર્યો ને કેવી રીતે કર્યો?''

ત્યારે તે હરિભક્તે કહ્યું જે, ''કરાંચી કર્યો ને બાપાશ્રી કે સંત-હરિજન કોઈ મુળી જવાના નથી ને તમે પણ જશો નહિ એવો તાર કરાવ્યો છે.''

એવામાં મોતીભાઈ એક તાર લઈને આવ્યા તે તાર કરનાર સ્વામી ઈશ્વરચરણદાસજી અને પુરાણી કેશવપ્રિયદાસજી ઉપર તાર કરેલો જે, ''અહીં તો ખૂન થયું છે ને બહુ તોફાન થયું છે, માટે આવશો નહિ. કદાપિ બાપાશ્રી નીકળી ગયા હોય તો તાર કરીને નગરથી પણ પાછા વાળજો.'' માટે આનો જવાબ મંગાવીએ.

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''એ તાર ખોટો છે; કાંઈ જવાબ મંગાવવો નથી.''

પછી કરાંચી, મુંબઈ, મુળી, અમદાવાદ, કલકત્તા, ઝરિયા, કટક ઈત્યાદિ સ્થળોએ તાર કર્યો જે, ''અમે ને બાપાશ્રી મહા સુદ-૩ને રોજ મુળી જઈએ છીએ ને જેનાથી અવાય તે આવજો.''

પછી સ્વામી ભુજમાં ગયા. ત્યાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ ખીચડી કરી, તે શ્રી ઠાકોરજીને જમાડી. પછી આશાભાઈને ભુજથી ઘોડાગાડી કરીને સાડા છ વાગે પાછા વૃષપુર મોકલ્યા ને કહેવરાવ્યું કે, ''આશાભાઈની સાથે રાત્રિએ ત્રણ વાગે નીકળી ભુજમાં મોતીભાઈને ઘેર પધારી મગનલાલને દર્શન આપીને પછી સ્ટેશને પધારશો.''

પછી બાપાશ્રી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી તથા મુક્તવલ્લભદાસજી સર્વે સ્ટેશને ભેળા થયા. અને ભુજના સાધુ તથા ભુજના હરિજનો ઘણાક સ્ટેશને મળવા આવ્યા, તેમને બાપાશ્રીએ કહ્યું જે, ''તમે અમારા ભેળા મુળી આવતા નથી ને એમ જાણો છો જે યજ્ઞ નહિ થાય ને બાપાશ્રી પાછા આવશે ને ફજેતી થશે, પણ અમે યજ્ઞ કરવા જઈએ છીએ અને આ ટાણે જ અમારો યજ્ઞ શરૂ થઈ ગયો. અમે

જય જયકાર કરીને આવીશું, પણ એમ ને એમ પાછા નહિ આવીએ. માટે જેને આવવું હોય તે આવતી કાલે સુદ-૪ને રોજ ધનજીભાઈ જાદવજીભાઈની સાથે આવજો.''

પછી ગાડી ઊપડી તે તુણે આવ્યા. ત્યાં ટીમણ કરીને દોઢ વાગે આગબોટમાં બેઠા તે રાત્રિએ જામનગર પહોંચ્યા. ત્યાંથી સુદ-૪ને રોજ સવારે રેલમાં બેઠા ને રાજકોટ આવ્યા. ત્યાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને વિનંતી કરી જે, ''આ કામ તાબડતોબ થયું છે માટે વાસણ, બળતણ આજ જ સાંજે મુળી પહોંચશે અને પાગરણ કે ઓઢવાનું બિલકુલ છે જ નહિ, માટે ટાઢને રજા આપો તો સારું.''

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''ચાર દિવસ રજા આપીશું. એક લૂગડે જ ચાલે એટલી રહેશે, વધુ નહિ રહે.''

પછી રેલ ઊપડી તે રાજકોટ સીટીએ આવી. ત્યાં ખોટો તાર કરનાર જોવા આવ્યા જે બાપાશ્રી આવ્યા છે કે નહિ, પણ તેમના દેખવામાં બાપાશ્રી આવ્યા નહિ. પછી મુળી આવ્યા ને હજારો માણસો સ્ટેશને સામા આવેલા તેમણે વીંટાણા થકા સિગરામમાં બેસીને બાપાશ્રી મુળીના મંદિરમાં પધાર્યા ને શ્રી ઠાકોરજીનાં દર્શન કરીને સભામંડપમાં ઘડીક બેસીને પછી ઉતારે પધાર્યા.

રાત્રિએ સ્વામી ઈશ્વરચરણદાસજીને પાકશાળામાં મોકલ્યા જે, ''જોઈ આવો; કેટલો શીરો કર્યો છે? કેટલું સીધું છે?''

પછી તે ગયા ને જોઈ આવીને બાપાશ્રીને કહ્યું જે, ''આટલો શીરો થઈ ગયો છે ને આટલું સીધું છે.''

પછી ફેર મોકલ્યા જે, ''જાઓ બંધ રખાવી આવો.''

પછી તે ફેર જઈને બંધ કરાવી આવ્યા.

પછી સવારે સ્વામી ગુણાતીતદાસજીએ કહ્યું જે, ''તમે અમને શીરો કરવા દો; ખૂટે તો અમારી લાજ જાય.''

પછી બાપાશ્રી બોલ્યા જે, “લાજ તો અમારી જાય; કેમ કે અમારો યજ્ઞ છે ને અમે યજ્ઞ કરવા આવ્યા છીએ તેથી અમારે ખૂટવા દેવો નથી. લાજ રાખવી તે તમારા હાથમાં નથી; એ તો અમારા હાથમાં છે.”

પણ તેમના માનવામાં આવ્યું નહિ. પછી શેઠ બળદેવભાઈએ કહ્યું જે, “બાપા, કરવો હોય તો બીજો કરવા દો.”

પછી બાપાશ્રી બોલ્યા જે, “અમારે તો અડધો શીરો પણ વરવા દેવો નથી, ઘણો વધશે ને ગાડે ઘાલીને ગામોગામ વહેંચશે ને ભાડાં ખરચી ખરચીને થાકી જશે તોપણ ખૂટશે નહિ.”

પછી સવારે બાપાશ્રી પાકશાળામાં પધાર્યા ને સાકરની પ્રસાદી જેટલા હોજ હતા તે સર્વેમાં નાખીને બોલ્યા જે, “આ તો ગાડે ઘાલ્યો પણ નહિ ખૂટે.”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “બાપા, બંધ કરાવો.”

પછી પુરાણી ધર્મકિશોરદાસજીને બોલાવીને બાપાશ્રીએ કહ્યું જે, “શીરો કરવો બંધ કરાવો.”

પછી તેમણે બંધ કરાવ્યો ને પછી મંદિરમાં આવ્યા ને જે યજ્ઞમાં આવ્યા તે સર્વેને બે દિવસ જમાડ્યા. જેને લઈ જવો હોય તે સર્વેને લઈ જવાની છૂટ આપી તેથી લોકો ગાડીઓમાં તથા વાસણમાં લઈ ગયા તોયે એટલો વધ્યો કે ભાડે ગાડાં કરીને ગામોગામ પહોંચાડ્યો ને માણસો, ગાયો, કૂતરાં વગેરેને જમાડ્યો અને સુદ-પને રોજ ધનજીભાઈ કચ્છનો સંઘ લઈ આવી પહોંચ્યા હતા તેમને તો એક આખો હોજ સોંપી દીધો હતો તે રહ્યા તેટલા દિવસ બધો સંઘ જમ્યો હતો.

પછી મુળીથી બાપાશ્રી પાટડી, વિરમગામ થઈ મહા સુદ-૧૦ને રોજ મણિપરે પધાર્યા ને ત્યાં મૂર્તિની પ્રતિષ્ઠા કરી. ત્યાંથી જોશીપરા, કલ્યાણપરા, ધર્મપુર, વિશોતપરા, કડી થઈ અમદાવાદ, સરસપુર,

જેતલપુર, અશ્લાલી, રાયપુર, વહેલાલ, કણભા, કુજાડ, બાકરોલ, મોટેરા આદિ ગામોમાં ફરીને સુરત, વડોદરા, વરતાલ, નળકંઠો આદિમાં દર્શન આપ્યાં.

ત્યાં કેસરડીથી વનાળિયે આવતાં ઝાંપ ગામમાં થઈને જતાં વગડામાં એક તળાવ આવ્યું ત્યાં ફરતાં ગામોની ગાયો ચરતી હતી, તે બધી મોટર સામી આવીને પૂંછડાં ઊંચા કરીને ઊભી રહી. પછી રબારી આવ્યા ને બોલ્યા જે, “આમાં કોઈક કાનુડો છે; નહિ તો અમારી વાંભ ઉલંઘે નહિ; માટે માનો કે ન માનો, પણ આ મોટરમાં કાનુડો છે.”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને બતાવ્યા ને કહ્યું જે, “આ મોટા પુરુષ છે; તેમનાં દર્શન કરો.”

પછી તેમણે બાપાશ્રીનાં હાથ જોડીને દર્શન કર્યાં, ત્યારે બાપાશ્રીએ તે સર્વેને વર આપ્યો જે, “તમારું કલ્યાણ કરીશું ને આ ગાયોનું પણ કરીશું.”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, “આ ગાયો ખસશે નહિ, માટે તમારી કામળી અમને ઓઢાડો.”

પછી તેમણે કામળી ઓઢાડી એટલે ગાયો ચાલી ગઈ ને મોટર હાંકી તે વનાળિયા, ઉપરદળ થઈને વાંસવે પધાર્યા. ત્યાં મૂર્તિની પ્રતિષ્ઠા બાઈઓના મંદિરમાં કરી.

બીજે દિવસે અમદાવાદ આવ્યા, ત્યાં કરાંચીથી મુક્તરાજ લાલુભાઈ તથા સાંવલદાસભાઈ, સોમચંદભાઈ, ગોવિંદભાઈ, ગોવર્ધનભાઈ આદિ હરિજનો બાપાશ્રીને તેડવા આવ્યા હતા. તેથી સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી, સાધુ દેવજીવનદાસજી, સાધુ મુક્તવલ્લભદાસજી આદિ સંત તથા આશાભાઈ, દલસુખરામ, મોહનલાલ આદિ હરિજનોએ સહિત બાપાશ્રી કરાંચી પધાર્યા.

ત્યાં સ્ટેશને હજારો હજાર માણસ સામા આવ્યા હતા તેમની

સાથે મંદિરમાં ગયા. ત્યાં હરિજનોને ઘણું સુખ આપીને અતિ આનંદિત કર્યા અને ધામમાં તેડી જવાના વર આપ્યા અને સર્વેને ઘેર પધાર્યા. ત્યાં જે જે લોકો દર્શને આવે તે સર્વેના ઘાટ-સંકલ્પ બંધ થઈ જતા અને સુખિયા થતા ને શાંતિ પામતા તેથી સર્વે લોકો એમ પ્રાર્થના કરતા જે, "અમારા ઉપર કૃપા કરીને અમારા ઘાટ-સંકલ્પ ટાળી નાખ્યા ને અમને સુખિયા કર્યા તેમ અમને ગર્ભવાસ થકી પણ છોડાવજો અને અમારાં આત્યંતિક કલ્યાણ કરજો." વળી કેટલાકને ભૂત વળગેલાં તે પણ આવેલા, તે સર્વેને ભૂત થકી છોડાવ્યા. એમ સર્વેને સુખ આપતા થકા દસ દિવસ રહી ત્યાંથી ચાલ્યા તે સ્ટેશને આવ્યા, ને ઘણાક હરિજનો સ્ટેશન સુધી વળાવવા આવ્યા અને પચાસને આશરે તો હૈદ્રાબાદ સુધી ભેળા આવીને ત્યાંથી પાછા કરાંચી ગયા.

બાપાશ્રી તથા ગુજરાતના સંત-હરિજનો સર્વ ચાલ્યા તે ખારચી આવ્યા. ત્યાં ધર્મશાળામાં ખારચી પાસે દેવરાસણ ગામ છે ત્યાંની ચાર-પાંચ જાનો ઊતરી હતી અને બાપાશ્રી નાહી, પૂજા કરીને મંદિરમાં બેઠા હતા ત્યાં સર્વેએ આવીને પગે લાગીને પ્રાર્થના કરી જે, "તમે મોટા પુરુષ છો ને જીવોનો મોક્ષ કરવા આવ્યા છો તો અમારો મોક્ષ કરજો."

પછી બાપાશ્રીએ તે સર્વેને વર આપ્યો જે, "તમો સર્વેનું આ જન્મે જ આત્યંતિક કલ્યાણ કરીશું." એમ કહીને સર્વેને પ્રસાદી આપી ને ત્યાંથી અમદાવાદ આવ્યા અને શેઠ બળદેવભાઈની મિલમાં ઊતર્યા. એક માસ ત્યાં રહી ત્યાંથી ઝાલાવાડમાં પધાર્યા. ત્યાં ધ્રાંગધ્રા સ્ટેશને ગયા તે વખતે રાજ્યમાં કુંવરનો જન્મ થયો તેની વધામણી આવી; ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'એ રાજા થશે.' તે રાણીએ બાપાશ્રીને તથા સંતોને રોકીને રસોઈ દીધી ને ધોતિયાં ઓઢાડ્યાં. ત્યાંથી વાંટાવદર, ઘાંટીલા, માલણિયાદ આદિ ગામોમાં ફરીને હળવદ થઈ પાછા ધ્રાંગધ્રા સ્ટેશને આવ્યા. ત્યાં ઘણાક હરિજનો સ્ટેશન સુધી વળાવવા આવ્યા હતા.

તેમાં એક ચંચળ નામે બ્રાહ્મણ બાઈ હતી, તેણે પ્રાર્થના કરી

જે, “મને ધામમાં લઈ જાઓ. મારે આ દેહમાં ને આ લોકમાં રહેવું નથી.”

પછી તેને કહ્યું જે, “સવારે લઈ જઈશું.”

તેણે બીજે દિવસે સવારે હરિજનોને બોલાવી કહ્યું જે, “મને બાપાશ્રી તેડવા આવ્યા છે ને મહારાજના ધામમાં લઈ જાય છે, જુઓ! આ ઊભા!” એમ કહીને પછી દેહ મૂક્યો.

બાપાશ્રી ઝાલાવાડ, પાળિયાદ, ગઢડા, ભાવનગર આદિ ગામોમાં ફરીને પછી કચ્છમાં પધાર્યા. તેમની સાથે સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સાધુ મુક્તવલ્લભદાસજી અને આશાભાઈ કચ્છમાં ગયા, ને ભુજ જઈ રસોઈ આપીને ધોતિયાં ઓઢાડીને વૃષપુર પધાર્યા, અને સંઘના માણસો સર્વે પોતપોતાને ગામ ગયા.

પછી બાપાશ્રીએ ચૈત્ર વદ (બીજી) દશમે શિક્ષાપત્રીની પારાયણ બેસાડી હતી, તેની સમાપ્તિ ચૈત્ર વદ ૦)) અમાસને રોજ કરી. તે વખતે ઘણા દેશ-દેશાંતરના હરિજનો આવ્યા હતા, તે સર્વેને શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખવાનો વર આપ્યો. પછી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ ગુજરાત તરફ આવ્યા અને સૌ હરિજનો પણ અનાદિ મહામુક્તરાજના વચનથી પોતે શ્રીજીમહારાજની મૂર્તિમાં જાણે નિમગ્ન હોય એવા આનંદથી હર્ષાયમાન થતાં ને કિલ્લોલ કરતાં સૌ સૌને સ્થાનકે ગયા. ॥૨૧૩॥

## વાર્તા ૨૧૪

સંવત ૧૯૮૧ના ચૈત્ર સુદ-૯નો સમૈયો કરી અમદાવાદથી સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો તથા મુળીના સંતો સર્વે ભુજ થઈને વૈશાખ સુદ-૧૧ને રોજ શ્રી વૃષપુર ગયા.

વૈશાખ સુદ-૧૨ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, “મૂર્તિમાં જોડાઈ બેઠા હોય તે મૂર્તિમાંથી બહાર ન નીકળે, રસબસ

જોડાઈ રહ્યા હોય. ધ્યાનમાં જાય તે જળ-મીનવત્ રહે, જેમ જળમાં પડ્યો તે કોરો રહે નહિ તેમ. એનાં અવયવ શીતળ, ઇંદ્રિયો શીતળ, અંતઃકરણ શીતળ, અને ચિત્ત અખંડ ભગવાનના ચિંતવનમાં રહે. ધ્યાન કરતાં, માળા ફેરવતાં એ મૂર્તિની બહાર નીકળાય નહિ એ યોગીની નિદ્રા કહેવાય. મૂર્તિના ઘરાક થાવું. જે એના ઘરાક નથી થાતા તે તો મૂર્તિ વિના વાંઝિયા પડ્યા છે, માટે એક ભગવાન ને તેમના સંત રાખીએ તો શીતળ શાંત રહેવાય. એ મૂર્તિનું તેજ ઝળળળ ઝળળળ નીકળે છે. એ તેજમાં ઠરે પણ નહિ, બળે પણ નહિ, આનંદ આનંદ રહે; બીજું કાંઈ ભાસે જ નહિ.''

''મહારાજ કહે, 'મંદવાડ એવો ખરેખરો કરી દેવો કે આ લોક, ભોગ, સગાં, સંબંધી, નાત, જાતમાં ક્યાંય વૃત્તિ રહે નહિ.' એક મૂર્તિના સુખે જ સુખી થઈ જવાય. એ સાધનમાં સર્વેએ રહેવું. એ સાધન જબરું છે. એ સાધન કર્યા વિના પાર નહિ આવે; એ સાધન તે સર્વે સાધનનું ફળ છે. આજ વખત સારો છે. એ જોગ તમને મળ્યો છે. મોટાનો જોગ કરતાં કરતાં મૂર્તિ મળે છે અને આવો મોટો જોગ મળવો તે પણ મોટાં ભાગ્યવાળાને મળે છે; માટે આ જોગ કરવો. મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી અને અખંડ મહારાજના સ્વરૂપમાં જોડાઈ રહેવું એ બહુ જબરી વાત છે; માટે હળીમળીને એક થઈ રહેવું. અધિકાર ઉપર તાન હોય, જડ ઉપર તાન હોય તો મહારાજ ભૂલી જવાય. મહારાજ કે મહારાજના સંત મળે ત્યારે કલ્યાણ થાય. તે મળેલા કોને કહેવાય? તો કોઈ વખત જરા પણ મૂર્તિથી જુદા ન થાય તે મળેલા કહેવાય. આપણે પણ તેમ વર્તવું. મોટા સૂતા હોય ત્યારે આપણે સૂતા છે એમ જાણીએ, પણ એ તો મૂર્તિમાં કિલ્લોલ કરતા હોય.''

ચાલીસની સાલમાં મુળીમાં ભોજો ભક્ત હતો તે અખંડ મૂર્તિમાં જોડાઈ જાતો. તેને નિશ્ચયમાં ખામી હતી તે એકલો નીકળીને રખડી મૂઓ.

''સત્સંગમાં આજ શ્રીજીમહારાજ પ્રત્યક્ષ બિરાજે છે. તેમને

મળેલાનો જોગ અને સમાગમ કરવો અને કથા-વાર્તા કરવી. એવાના જોગથી જુદું ન પડવું. જડ માયામાં લેવાઈને એવાના પક્ષથી જુદું ન પડવું. આજ મોટા મુક્ત મૂર્તિમાં રમ્યા કરે છે. આ તમને મળ્યા છે તે કોઈને મળ્યા નથી. એ જોગ અને ટાણું મળ્યું છે. જોગ, ટાણું અને કહેનારા સારા છે. જેવા મહારાજને અને મુક્તને જાણશો તેવા થશો. મોટા મુક્તની વૃત્તિ તો શ્રીજીમહારાજ વિના બીજે છે જ નહિ, પણ અજ્ઞાની અને વિષયીને એવા મોટા પણ વિષયી ને અજ્ઞાની ભાસે છે.''

એમ કહીને પછી વાત કરી જે, ''રસનામાં વૃત્તિ તણાઈ જાય તો પાછી વાળવી ને મૂર્તિનો માર્ગ લેવો. મોટાની વાતો જોઈએ તો એ મૂર્તિની બહારની હોય જ નહિ. મોટા મુક્ત છે તેમના હાથની પ્રસાદીથી, દૃષ્ટિથી તથા તેમને ભટકાઈને આવેલા વાયુનો સ્પર્શ થવાથી પણ કલ્યાણ થાય.''

''પ્રતાપ તો જુઓ! જેવી ગોપાળાનંદ સ્વામીની સ્થિતિ, તેવી જ નિર્ગુણદાસજી સ્વામીની! અને તેવી જ તેમના આ ચેલા સ્વામી ઈશ્વરચરણદાસજીની! એવા મૂર્તિના સુખે સુખિયા થાવું.''

''આમાં તો ઘણું સુખ પડ્યું છે, પણ જીવ અધિકાર વગેરેમાં ગૂંચાઈ જાય છે. હવે તો સાધુ જડ ભેળું કરીને પટારા, પૈસા વગેરે કરે છે. એમાંથી નીકળીને આપણે શુદ્ધ થાવું છે; માટે સુરત રાખવી. એ સામી દૃષ્ટિ જ કરવી નહિ. નકરાં ચીંથરાં ભેગાં ન કરશો. બરાબર વર્તવું જોઈશે.''

''પરિપક્વ નિશ્ચયવાળાને સિદ્ધિઓ મળે છે, બીજાને મળતી નથી. તે પરિપક્વ નિશ્ચયવાળા કિયા? તો કોઠાર, ભંડાર, મહંતાઈ મળે તે નહિ. સ્વામી આવે ત્યારે સાકર ને ધોતિયાંનાં ગાડાં ભરાઈ જાય, તે પોતે સંતના મંડળને વહેંચી આપતા. અહીં સદ્‌ગુરુ શ્રી લોકનાથાનંદ સ્વામી આવ્યા હતા, તે કૂવે નાહવા ગયા હતા, ત્યાં તેમના શિષ્યે શકરિયાનો વેલો ઊંચક્યો તેને લોકનાથાનંદ સ્વામી વઢ્યા જે, 'એ કામ

તારે કરવું છે તે ઉપાડ્યો?' અને હવે તો પાંચ હજાર, દશ હજાર પટારામાં ભરે છે. આપણે તે ગરવા ન દેવું, ન દેવું, ન દેવું. આ જોગ નહિ આવે. માલપુઆ, બિરંજ, કેરીની રસોઈ દે છે તે સિદ્ધિઓ પરિપક્વ નિશ્ચયવાળાને આવે છે તેમાં લોભાવું નહિ.''

"બાળકિયા, રમતિયાળ સ્વભાવ ન રાખવા ને ન કરવા. મૂર્તિથી બહાર નીકળાય નહિ. મૂર્તિમાંથી બહાર નીકળાય તો માયિક વૈભવમાં લેવાઈ જવાય, માટે મૂર્તિમાં બેસી રહેવું. મંદિરના કાર્યમાં હાથ ઘાલવામાં સાધુતા ન રહે. ખરેખરા વાદીને નાગ ન કરડે; બીજાને કરડી ખાય. તે વાદી કોણ? તો જે મહારાજની આજ્ઞા પ્રમાણે ચાલે તે. મોટા મોટાને વગોઈ નાખ્યા. આ વાત પોતાના જાણીને કરીએ છીએ. અમે વ્યવહાર-પૈસા વગેરેમાં પડ્યા હોઈએ, પણ તેનાં દુઃખ જાણી લીધાં છે. કોઈ મોજા મેલતા હોય તો સહન કરીએ છીએ. અમારે તો આ સંત ને હરિજન વિના બીજી કોઈ વસ્તુ જ નથી; તે ત્રણે અવસ્થામાં મૂર્તિમાં રહેતા હશે તે જાણતા હશે. રામજીભાઈએ અમે સંત જમાડ્યા ત્યાં ઘણીકવાર સુધી દંડવત કર્યા, એવું હેત હતું; એવાં હેત અને વિશ્વાસ જોઈએ. ધૂળ માથે નાખે અને વળી ફેર નાખે એટલે એક વાર ભગવાં પહેરે અને ધોળાં પહેરીને ફરી બીજી વાર ભગવાં પહેરે. આ મારગથી પડે તે બાપડાનું બગડી જશે.'' ॥૨૧૪॥

## વાર્તા ૨૧૫

સંવત ૧૯૮૧ના વૈશાખ સુદ-૧૩ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "પહેલાં સંત ગોળા જમતા ને ડાંસ કરડે તો શરીર હલાવવું નહિ; આવાં આવાં કષ્ટ ભોગવીને સત્સંગ કરાવતા. અને આજ તો સંસાર ત્યાગ કરે ત્યારે સંકલ્પ કેવા કરે કે મૂર્તિ એક જ ધારશું; બીજું કાંઈ નહિ કરીએ, એવા ઠરાવ હોય. પછી તે ભૂલી જાય ને રજોગુણ-તમોગુણના ભાવ વધતા જાય. પહેલાં તો મોટા મોટા સંત હતા તે મૂર્તિમાં રસબસ જોડાઈ બેઠા હોય. એ મૂર્તિમાં તેજના ફુવારા છૂટે.

તે શીતળ ને શાંત ને સુખરૂપ ને આનંદરૂપ એવા મહારાજની મૂર્તિના સુખે સુખિયા હતા. આજ આપણે ઘરાક થાવું. આજ તો સાધન ઉપર તાન, તે સાધન તો ચાલી ચાલીને બહુ કરે તો અક્ષર સુધી જાય, તોય લૂખું ને લૂખું.''

પછી સંતોને કહ્યું જે, ''સત્સંગમાં દેખાઈ રહેજો જે અમારો સત્સંગ કર્યો, પણ રસિક માર્ગના કે ઝેરના દેખા દેજ્યો નહિ. આજ્ઞા યથાર્થ પાળજો. કોઈ ખસી જાય તો બળતરા થાય જે બાપડાનું બગડી જશે. આપણે વ્યાવહારિક કાર્ય કરતાં મહારાજની મૂર્તિથી નોખું પડવું જ નહિ; નોખું પડાય તો સત્સંગમાં તેની જય થાય નહિ. મૃત્યુ સામી નજર રાખવી. અમારા બ્રહ્મચારી શ્રી નિર્ગુણાનંદજી માંદા હતા, ત્યાં અમે ગયા અને કહ્યું જે, 'સ્વામી, હવે ઘેર ચાલો.' અક્ષરધામ તે ઘર અને મૂર્તિમાંહી રહેવાનું તે ઘર; પછી દેહ પડી ગયો. પોતે તો મૂર્તિમાં જોડાઈ બેઠા હોય અને કલેવરનું ગમે તેમ થતું હોય. દેહને દુઃખ-સુખ થાય તેમાં આપણે શું?''

પછી કહ્યું જે, ''મૂર્તિમાં જોડાઈ જાય ને તેમાં સ્થિર વૃત્તિ થાય તેમાં દાખડો નથી પડતો. અને જેમ જેમ તેવી સ્થિતિ થાય તેમ તેમ અનુભવજ્ઞાન આવતું જાય. સર્વે જ્ઞાનનો રસ તે સાક્ષાત્ પુરુષોત્તમનારાયણનું જ્ઞાન તે અનુભવજ્ઞાન છે. એ ગૃહસ્થને અને ત્યાગીને સર્વેને કરવાનું છે. આ કળિ ખરેખરો આવ્યો છે તેમાં આપણે સત્સંગ સ્થાપી દેવો અને સદાય આનંદ વર્તે અને અપારપણું રહે તેમ કરવું.''

''જીવને પ્રસન્નતાનાં સાધન કરવાનાં છે. પુરુષપ્રયત્ન તો જોઈએ જ. તે શું તો મહારાજનાં ને મોટાનાં વચનમાં ખરેખરો વિશ્વાસ જે રાત કહે તો રાત અને દિવસ કહે તો દિવસ, એમ સમજવું. શ્રી ગોપાળાનંદ સ્વામીએ એમના સંતોને અર્ધી રાત્રિએ પૂછ્યું જે, 'રાત્રિ છે કે દિવસ?' ત્યારે સંતોએ કહ્યું જે, 'આપ રાત્રિ કહો તો રાત્રિ અને દિવસ કહો તો

દિવસ.' માટે મોટા પાસે પોતાના મનનું ગમતું કરાવવું નહિ. આંખ મીંચો એટલે અંધારું અને ઉઘાડીએ એટલે અજવાળું; એટલી જ વાર છે.''

''પરોક્ષ શાસ્ત્ર વૈરાજમાંથી થયાં છે, તેનું આપણે કામ નથી. આપણે તો સ્વામિનારાયણ જોઈએ છીએ. તે અજ જે અનાદિ તે કોઈ દિવસ માયામાં આવતા જ નથી. તેવા અનાદિમુક્ત તે મૂર્તિમાં રહ્યા થકા ખંપાળી નાખીને મુમુક્ષુઓને ઘસડી લે છે. તે ખંપાળી નાખી એટલે કૃપાસાધ્ય કહેવાય.''

''એરંડાકાકડીની ભેટ કરવી તે મહારાજને ને મોટાને મન સોંપી દેવું તે કહેવાય. જેમ મોટા કહે તેમ કરવું તે મન સોંપ્યું કહેવાય; પણ બધું મહારાજ ને મોટા પાસે ન કરાવવું. મોટા જ્યાં જોઈએ ત્યાં હાજર જ છે, પણ તેટલો વિશ્વાસ નથી.''

''આ નૈમિષારણ્ય ક્ષેત્રમાં આવ્યા છો, તે દોષ રહેશે નહિ; ઘસાઈને નાશ પામી જશે. અહીં જે વાવશો તે ઊગશે; અપરાધ કરશો તોય ઊગશે અને સેવા કરશો તોય ઊગશે. જો તન કુરબાન કરી નાખશો તો મૂર્તિના સુખે સુખિયા થશો.''

''પરોક્ષના કાર્યમાં રજોગુણ ને તમોગુણ છે. પાંડવોનાં યુદ્ધ, હિરણ્યકશ્યપુનાં યુદ્ધ, એ તમોગુણ-રજોગુણ કહેવાય; પણ અહીં તો નૈમિષારણ્ય ક્ષેત્રમાં એવું એકેય નથી. આ તો દિવ્ય સભા છે તેમાં આવીને ભગવાનને ને મુક્તને જે મનુષ્ય જેવા જાણે તેને ભગવાનમાં ને મુક્તમાં દોષ જણાય છે. તે દોષ લઈને ભેગા કરે છે. તે માંસના પિંડા ખણે છે. જીવને મોહે કરીને દેહના રૂપમાં આનંદ મનાય છે, પણ હાડકાંની મેડી છે તેમાં શું આનંદ માનતો હશે?'' ॥૨૧૫॥

## વાર્તા ૨૧૬

સંવત ૧૯૮૧ના વૈશાખ સુદ-૧૪ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''નૃસિંહ ચૌદશ તે પરોક્ષવાળા માટે છે. આપણે તો

સર્વોપરી પુરુષોત્તમ જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તે એક જ રાખવા. શિક્ષાપત્રીમાં કહ્યું છે જે કિયા પુરુષોત્તમ? તો પરબ્રહ્મ જે શ્રી સ્વામિનારાયણ તે. એ ભગવાનની ઉપાસના રાખો તો બધું થાય. આ શ્રીજીમહારાજથી નીચે જેટલા જેટલા ભેદ છે તેને અક્ષર સાચવે છે તે અક્ષરની મોટાઈ છે.''

પછી બોલ્યા જે, ''હરે, વાંચો.''

પછી સંતે વાંચવા માંડ્યું તે પ્રથમ પ્રકરણનું ૯મું વચનામૃત વંચાતું હતું, તેમાં ધામને વિષે મૂર્તિઓ તથા ઐશ્વર્ય દેખાડે છે એમ આવ્યું.

પછી ભુજના સોની મોતીભાઈએ પૂછ્યું જે, ''મૂર્તિઓ અને ઐશ્વર્ય કિયાં જાણવાં?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મૂર્તિઓ તે અનાદિમુક્ત મૂર્તિમાં રહ્યા છે તે સમજવા અને મૂર્તિમાંથી સુખ આવે તે ઐશ્વર્ય જાણવાં.''

પછી ત્રીજે દિવસે એટલે વૈશાખ વદ-૧ને રોજ બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો નારાયણપુર પધાર્યા. ॥૨૧૬॥

## વાર્તા ૨૧૭

સંવત ૧૯૮૧ના વૈશાખ વદ બીજને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''મન છે તે આ સભા મેલીને ક્યાંય જતું રહે.''

એટલામાં ધનજીભાઈએ આવીને બાપાશ્રીને પ્રાર્થના કરી જે, ''જમવા પધારો.''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''ભલે ચાલો.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ રમૂજ કરી કે, ''ધનજીભાઈને ત્યાં આપ એકલા જમવા પધારશો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''અમે એકલા જમતા હશું? સર્વેને ભેળા જમાડીએ છીએ.''

પછી જમવા પધાર્યા અને જમીને પાછા મંદિરમાં પધાર્યા અને વચનામૃતની કથા વંચાતી હતી.

પછી વઢવાણવાળા માસ્તર કેશવલાલે પૂછ્યું જે, “ભગવાનની વાત કરતો હોય અને આજ્ઞા લોપતો હોય તેની વાત સાંભળવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય કે કેમ?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “હા, થાય ખરી. એ વાચ્યાર્થવાળો હલકારો તો બહુ કરે, પણ લૂખો હોય; અને લક્ષ્યાર્થવાળો મહારાજની મૂર્તિને લઈને વાતો કરે અને તેજોમય ઝળળળ ઝળળળ મહારાજની મૂર્તિ ધારીને વાતો કરે. અને તે તો મૂર્તિમાં રહીને ધીમે ધીમે બોલે, પણ ધડાકા ન મારે. એને એક નિશાન મહારાજ સામું હોય અને વાચ્યાર્થવાળો વાતો કરે તે આ લોકમાં ખૂબ મળતું આવે, પણ તેની વાતો ફળ વિનાનાં થોથાં જેવી હોય.”

પછી પુરાણી ધર્મકિશોરદાસજીએ પૂછ્યું જે, “પ્રત્યક્ષ ભગવાનનું સ્વરૂપ વિચરતું હોય તેનો નિશ્ચય સંપૂર્ણ હોય, પણ આત્મામાં દેખતો ન હોય અને એક તો દેખતો હોય; એ બેયને સરખી પ્રાપ્તિ થાય કે કાંઈ ફેર રહે?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “કાંઈ ફેર રહે ખરો; કેમ કે એ દેહાભિમાની કહેવાય, તે જોગ કરતાં કરતાં આત્મામાં દેખે. આ તો ખરેખરો ચઢી ચૂક્યો જે આત્માને વિષે મહારાજ પધરાવી દીધા અને ઓ તો દેહરૂપે દેખે છે.”

પછી શેઠ બળદેવભાઈએ કહ્યું જે, “મનુષ્યરૂપને દિવ્ય જાણતો હોય તો?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “દેહરૂપે વર્તે છે તેને ધક્કો લાગે છે. ઓલ્યાને ધક્કો ન લાગે. જો સાચો ભાવ હોય તો બધુંય પૂરું થઈ જાય.”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, “તેણે ઓના જેવો નક્કી વિશ્વાસ કરી રાખ્યો હોય તો કેમ?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "દેખતો તો ન હોય, પણ પરિપક્વ નિશ્ચય હોય તો તો બરાબર કહેવાય. જો નિશ્ચયરૂપી પાયો નક્કી કરી રાખ્યો ન હોય તો તેને સંગદોષ લાગે ખરો. પરિપક્વ નિશ્ચયવાળાને તો કાંઈ વાંધો નહિ. જીવના સ્વભાવ એવા છે જે મોટાને લાખો વાતો પૂછી હોય ને નિશ્ચય કર્યો હોય અને મોટાની દૃષ્ટિ પણ એવા ઉપર પડી હોય, પણ ચઢી બેસે ઝાડની ટોચે. 'હમ બી હૈ' એવું સંગદોષથી થાય."

"અમે ગોધલા પાળીપાળીને ખૂબ મજબૂત કરીએ અને પછી જો આડા સૂએ તો પેટ બળે. આપણે તો અધમ જેવા જીવને વિષે પણ અહિંસા ધર્મ રાખવો એટલે દયા રાખવી. તેવાને પણ ઉદ્ધારવા છે, માટે એવાનું સારું થાય એમ સૌ ઈચ્છજો. એવાનું બહુ અવળું કહે કહે કરવું નહિ. સંગદોષે કરીને કોઈક બાળક થઈ ગયું તો જે વસ્તુ તેને જોઈએ તે આપીને રાજી કરીને તેને રસ્તે ચઢાવવો; કોઈક માયિકે રાજી થાય. આ છોકરું છે તે રૂપિયા આપો તો રાજી ન થાય અને કોડીએથી રાજી થાય. જીવના સ્વભાવ એવા થાય છે તે બહુ કૂટો તો સમું ન થાય. એણે નનામા કાગળો લખ્યા, પણ અમે તો હસ્તામળ દેખીએ છીએ. આપણે શું? તે પોતાનું બગાડે છે. આપણે તો એક સ્વામિનારાયણ છે. એ લોકો ભૂંઠા પડે છે."

"પ્રકૃતિના કાર્યમાં માલ શું છે? આપણે એક શ્રીજીમહારાજને પકડીએ; તે આપણા ભેળા હોય તો હચ્યો. અમારે ઘેર એક વેપાર છે; બીજો વેપાર છેય નહિ ને કોઈ કરશોય નહિ. આપણે એક રુચિવાળાને તો હારીને જ રાજી થાવું. જો હારીને રાજી થઈએ તો મહારાજ ધણી થાય."

"અમે મુળીમાં યજ્ઞ કરવા ગયા હતા, તે યજ્ઞ બગાડવો અને અમને પાછા વાળી મૂકવા એવો ઠરાવ હતો, તોપણ અમે જઈને યજ્ઞ કર્યો. મુળીના વાસ્તે રાત્રિ-દિવસ વલખાં કર્યાં ને કાગળો વાંચી વાંચીને થાકી પડ્યા. દહાડો ઊગે ને કાગળ આવે, હવે તો બ્રહ્માનો દિવસ થઈ

ગયો તોપણ કાગળ લખતા નથી. એવા ધક્કા લાગે છે, તે મહારાજને મૂકીને પરા જાતા રહેવાય; માટે એવા ન થાવું. પર્વતભાઈ, દાદા ખાચર, માંચા ખાચર, સોમલા ખાચર, વસ્તા ખાચર આદિના ગુણ ગવાય છે તેવા ગુણ શીખવા. જેવા દાદા ખાચરના ગુણ ગવાય છે તેવા જ કોઈકના ભાવનગરિયા સ્વભાવ હોય તે પણ ગવાય.''

''દાદા ખાચરનું સારું દેખાશે તે ઠીક નહિ, એમ જાણીને જીવા ખાચર ઘોડીએ ચડીને મંદિર બંધ કરાવવા ભાવનગર ગયા. તે સચ્ચિદાનંદ સ્વામી પહોંચ્યા તે ઘોડીએથી હેઠે પાડી નાખ્યા, તેમને ખાટલે સુવારીને ઘેર લાવ્યા. તેમને જોવા મહારાજ પધાર્યા અને કહ્યું કે, 'તમે ઘોડે ચઢાઉં બરાબર છો ને કેમ પડી ગયા?' ત્યારે તે કહે જે, 'કોઈકે મારો ટાંટિયો ઝાલીને પછાડ્યો.' પછી મહારાજે સભામાં વઢવા માંડ્યું, ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા જે, 'કોઈ બીશો નહિ, એમને પાડનારો સાક્ષાત્કાર હું છું તે મને વઢે છે.' પછી મહારાજ બોલ્યા જે, 'ભાઈ, કોઈએ એવા ભાવનગરિયા સ્વભાવ ન રાખવા.' તેમ 'ચાલો આપણે જઈએ ને તેમનું ખોટું દેખાડીએ' એ ભાવનગરિયા સ્વભાવ કહેવાય.''

''ભત્રીજાનું સારું જોઈને કાકાથી દેખી ખમાયું નહિ, તેમ અમારે પણ કાકા-ભત્રીજાનું ચાલે છે. અમને ભત્રીજો માવજી એવો મળ્યો છે તે એવા સ્વભાવ વર્તાવે છે.''

''શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'મારે એકે ન રહ્યો આધાર, ક્યાં જઈ ઊભિયે' એમ એમને હતું. માટે મુક્તને તો એક શ્રીજીમહારાજ વિના બીજો આધાર નથી. શ્રીજીમહારાજ સંવત ૧૮૩૭થી પ્રગટ થયા ત્યારથી કરીને સંવત ૧૮૮૬ની સાલે અંતર્ધાન થયા તોપણ એવો ને એવો જોગ છે, કારણ કે શ્રીજીમહારાજનો અને તેમના અનાદિમુક્તનો જોગ એક સરખો છે. અત્યારે ધ્યાન, કથા, વાર્તા કરીને આનંદ થાય છે. આ જોગે કરીને

જન્મ ધરવા ન દઈએ. અધિકારમાં કાંઈ માલ નથી. ખરો અધિકાર તો સંતના ચરણમાં રહીએ તે જ છે.'' ॥૨૧૭॥

## વાર્તા ૨૧૮

સંવત ૧૯૮૧ના વૈશાખ વદ-૩ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''બે હરિભક્તો શ્રોતા અને વક્તા વગડામાં સમાગમ કરવા ગયા. ત્યાં બેયના દેહ પડી ગયા. તેમની ખબર તેમની સ્ત્રીઓને પડી. પછી તે ગઈ, પણ બંનેનાં હાડકાં ભેળાં હતાં. પછી શ્રોતાની સ્ત્રી કહે, 'આપણે ઓળખીશું કેમ?' પછી વક્તાની સ્ત્રીએ કહ્યું કે, 'તારો પતિ શ્રોતા હતો ને મારો પતિ વક્તા હતો. તે મારા પતિનાં હાડકાં ગળી ગયાં હશે, અને તારો પતિ શ્રોતા હતો તેનાં હાડકાંમાં સાર પડી ગયા હશે.' પછી ઓળખી કાઢ્યાં; તેમ મહારાજ અને મુક્તને ઓળખવા.''

''એક નિશાન જે શ્રીજીમહારાજની મૂર્તિ તે રાખવી. ત્યાગી ત્યાગ કરીને નીકળ્યો અને ત્યાગીનો ધર્મ ન પાળે તે સતી મટીને કૂત્તી કહાવે, એવું થયું. સ્વામી અક્ષરજીવનદાસજીને દેહ પડી જાય એવી ચૂંક આવી ત્યારે બીજા સાધુ કહે જે, 'ભુજ લઈ જઈએ.' ત્યારે સ્વામી કહે જે, 'ભુજ તમારા બાપનું છે?' માટે ત્યાગી થયા કેડે ઘર સંભારવાનો સંકલ્પ ન કરવો.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, ''ગંગાજીને તમે પવિત્ર કરો કે ગંગાજી તમને પવિત્ર કરે?''

ત્યારે સ્વામીએ કહ્યું જે, ''મહારાજ અને સંત ગંગાજીને પવિત્ર કરે.'' ॥૨૧૮॥

## વાર્તા ૨૧૯

સંવત ૧૯૮૧ના વૈશાખ વદ-૪ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે ''ધ્યાનની લટક એવી શીખવી જે, 'મહારાજની મૂર્તિમાં

હું છું અને બોલે છે, ચાલે છે તે તો મહારાજ કરે છે' એમ સમજવું, પણ તે કૃપા સિવાય થાય નહિ. મોટાની કૃપા વિના ધ્યાન કરે ને સિદ્ધિઓ દેખાય ને જો તેમાં લેવાઈ જાય તો કુટાઈ પડે. પરિપક્વ નિશ્ચયવાળો લેવાય નહિ. એ સિદ્ધિઓ પણ સ્વામિનારાયણના પ્રતાપે કરીને પરિપક્વ નિશ્ચયવાળાને મળે છે.''

પછી વાત કરી જે, ''એક સમયે હળવદવાળા અમરશી ભક્તના દીકરા મહાદેવ ભક્ત આ કચ્છ દેશમાં આવ્યા હતા. તેમને રામપરાના મંદિરમાં પેસવા પણ ન દીધા, ધક્કો દઈને કાઢ્યા અને બે દિવસ ખાવા ન મળ્યું, તે કેરે ગયા અને ત્રીજે ઉપવાસે એક ડોશી પાસે ગાજર માગ્યાં ને જમ્યા. પછી આપણી વાડીએ આવીને દંડવત કરવા માંડ્યા એટલે અમે કોસ હાંકવો પડ્યો મૂકીને તેમની પાસે ગયા ને ઓળખ્યા ને તેમને જમાડ્યા. પછી તે માંડવી ગયા. તે માંડવીથી પાછા આવ્યા તે આથમણી કોરે કૂવો છે ત્યાં મળ્યા ને ખૂબ વાતો કરી.''

''તે અમરશી ભક્તે શ્રીજીમહારાજ પાસે એવો લેખ લખાવ્યો હતો કે હળવદમાં જેટલા સંત હોય તે સર્વેને દર બારસે પોતાની રસોઈ આપવી. તે જેસીંગભાઈ હતા ત્યાં સુધી આપી હતી. અને તે જેસીંગભાઈ દર બારસે રસોઈ દેતા તેથી હળવદમાં તે બારસિયા કહેવાતા. અને મહાદેવભાઈ સાધુ થવા નીકળ્યા હતા તેમને શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે ના પાડી, છતાં સાધુ થયા ત્યારે મહારાજશ્રીએ શાપ દીધો કે ક્યાંય ટકશો નહિ. એ અયોધ્યાપ્રસાદજી મહારાજનો મહિમા શ્રીજીમહારાજના જેવો હતો. એમને દર્શને શાંતિ થાય એવા હતા. શ્રીજીમહારાજ રોઝે ઘોડે સત્સંગમાં ફરે છે અને મુક્તો ભેળા ફરે છે અને સત્સંગની રમત જુએ છે.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''જુએ છે ખરા, પણ કરતા તો કાંઈ નથી.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આપણે ભગવાનના ભક્તને કાંઈ

નથી ગયું. જે ખપે તે સત્સંગમાં છે. ખજીનો સાજો ભર્યો પડ્યો છે, પણ બાળકિયા સ્વભાવને લીધે ખબર પડતી નથી. જો મૂર્તિનો આનંદ અને ખુમારી હોય તો બીજું કાંઈ જોઈએ જ નહિ.'' ॥૨૧૯॥

## વાર્તા ૨૨૦

સંવત ૧૯૮૧ના વૈશાખ વદ-૫ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''અનુભવજ્ઞાન સાક્ષાત્કાર થાય ત્યારે વિઘ્ન ન થાય. બ્રહ્મા-નારદને આવી પ્રાપ્તિ નહોતી. આજનો પ્રતાપ બહુ મોટો છે. તમને તો બહુ મોટી પ્રાપ્તિ મળી છે. શિવ, બ્રહ્મા, વિષ્ણુ એ ત્રણે મળીને એક ગામડાનું કામ ચલાવે છે, એના ઉપરી વૈરાજ છે, તે બ્રહ્માંડરૂપી ગામડાના અધિપતિ છે. એના ઉપરી અહંકાર છે, એના ઉપરી મહત્તત્ત્વ છે, એના ઉપરી પ્રધાનપુરુષ છે અને એવા અનંત પ્રધાનપુરુષોના ઉપરી મૂળપુરુષ ઈશ્વર જે શ્રીકૃષ્ણ તે છે, એવા અનંત શ્રીકૃષ્ણના ઉપરી વાસુદેવબ્રહ્મ છે, એવા અનંત વાસુદેવોના ઉપરી અક્ષર છે જેને મૂળઅક્ષર કહે છે તે. અને આ તો એવા અનંત કોટિ મૂળઅક્ષરોરૂપી બ્રહ્માંડના ઉપરી મહારાજાધિરાજ છે તે આપણને મળ્યા છે.''

પછી હરિજનો પ્રત્યે બોલ્યા જે, ''તમારે સંતનાં દર્શન કરવાં, સમાગમ કરવો, પણ જ્યારે કોઈક વખતે ભેખ મળે અને અવળું સમજાવે ત્યારે 'હા સ્વામી, હા સ્વામી' એમ ન કરશો. ઊભા થઈ રહેવું, પણ કૂદકા મારવા નહિ. એવાનાં દર્શન ને સમાગમનો ત્યાગ કરવો. જીવનું ગજું શું જે ભગવાનને ને ભગવાનના ભક્તને ઓળખી શકે? આપણે સ્વામિનારાયણને ઘેર જાવું છે તે આવરણ ઘણાં હોય તે ન જાણ્યાં હોય તો ક્યાંય બંધાઈ જવાય. જુઓને! શિવ, બ્રહ્મા, નારદ, સનકાદિક આદિ બંધાઈ ગયા! માટે ભગવાનના ભક્તે સરત રાખવી. ભારાસરના હરિભક્તો છે તે અમારો મહિમા બહુ જાણે છે અને અમારી મરજી બહુ સાચવે છે અને અમારા વ્યવહારમાં પણ બહુ કામ આવે

છે.''

પછી વાત કરી જે, ''ભગવાનના ભક્ત મોટા હોય તેની અંત વખતની સ્થિતિ જોઈને મનમાં સંદેહ લાવવો નહિ. બ્રહ્મચારી નિર્ગુણાનંદજીના જેવા ચોવીસ મંદિરમાં એકેય નથી એવા એ હતા. તેમને કેટલાક કહે છે કે બ્રહ્મચારી બહુ દુઃખી થયા; તે અણસમજણથી કહે છે. એવા વખતના જાણનારા તો એક સ્વામી અક્ષરજીવનદાસજી હતા. તે કહેતા કે, 'આ દિવ્ય મૂર્તિઓમાં એવી નજર કરશે તો જીવ નીકળી જશે, આંખો નીકળી જશે.' અને કેટલાક બોલતા કે, 'કચરો ભક્ત ભૂત થયા છે.' ત્યારે અમે કહ્યું જે, 'એ તો ત્રણે અવસ્થામાં ભગવાનને દેખતા. એ ભૂત થયા ત્યારે તમે ક્યાં જશો?' પછી તો બધાય ચૂપ રહ્યા.''

''આજ તો ભુજના મંદિરમાં ભૂતને નાળિયેરમાં રાખીને કથા સંભળાવે છે, તેથી અમે કહ્યું જે, 'હવે મઠ બનાવ્યો.' ત્યારે સાધુ બાળકૃષ્ણદાસે કહ્યું જે, 'અમારા મંદિરમાં કોરીઓની ઊપજ થાય છે માટે અમે ભૂત મંદિરમાં રાખીએ છીએ.' ત્યારે અમે કહ્યું જે, 'તમને ભગવાનનો નિશ્ચય નથી. જો ભગવાનનો નિશ્ચય હોય તો આવી ક્રિયા ન થાય. હજી તો માયાનો નિશ્ચય છે અને માયાને પ્રભુ માની છે.' એમ અમે વઢ્યા.''

''નિર્ગુણાનંદજી બ્રહ્મચારી માંદા હતા તેમને અમારા જાણીને એ બ્રહ્મચારીની સેવામાં સાધુ આવતા નહિ; તે સાધુની બુદ્ધિ ઓછી સમજવી. તે ભુજના સાધુઓને અમારો મહિમા નથી એટલે પાછળથી ગલોલા ફેંકે, પણ અમારી રૂબરૂ તો કાંઈ ન બોલે. હાલ તો અમારા દાબેથી દબાઈ ગયેલા છે, તે જ્યારે અમે અદૃશ્ય થઈશું ત્યારે તેમનાં વર્તન જેવાં છે તેવાં જણાઈ આવશે.''

પછી સાંજના બાપાશ્રી સંત-હરિજનોએ સહિત વૃષપુર પધાર્યા. ॥૨૨૦॥

## વાર્તા ૨૨૧

સંવત ૧૯૮૧ના વૈશાખ વદ-૬ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, “અમારા બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને બહુ હરકત કરવાનો સાધુને ઈરાદો હતો. તેમાં દેવરાજભાઈ, ખીમજીભાઈ પણ ભળ્યા હતા, પણ બ્રહ્મચારીને અમે મૂર્તિમાં લઈ લીધા અને સુખિયા થઈ ગયા; એવા બ્રહ્મચારી બેય દેશમાં નથી.”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું કે, “તમને તો ખૂબ સાંભરતા હશે? અમને પણ ખૂબ સાંભરે છે. સાજું બ્રહ્માંડ ફરી આવે તોપણ એવા પુરુષ ક્યાંય ન મળે. વાતોના ધડાકા કરતાં આવે; કોઈની પરવા રાખતા નહિ. હવે એ ગુણ આ પુરાણી કેશવપ્રિયદાસજીમાં આવે એવો સંકલ્પ કરીએ છીએ, જેથી કચ્છના હરિજનો સુખી રહે.”

પછી બોલ્યા જે, “જેને જડ-ચૈતન્યનો સંસર્ગ ન હોય અને ભગવાનના અખંડ સંબંધવાળા હોય એવા હોય તે ગુરુ કહેવાય; માટે એવાને ગુરુ કરવા, પણ ગુરુનાં લક્ષણ બહાર જાય એ ગુરુ શાનો? સનાતન હોય તે ગુરુ. તે સનાતન એટલે અનાદિ જે ધામમાંથી આવેલા હોય તે જાણવા. અને સંત એટલે સંતનાં લક્ષણે યુક્ત હોય તે જાણવા. આજ સત્સંગમાં ભગવાન બિરાજે છે, પણ પાપી અને અધર્મી છે તેના મતે નથી. તે તો અદૃશ્ય થયા જાણે છે, કેમ જે સત્સંગની શૈલી જાણતા નથી તેથી એમ સમજે છે જે ભગવાન અંતર્ધાન થયા છે. અમને તો એમ જણાય છે જે એવું સમજનારા સાધુ શું કરવા થયા હશે? મૂંડાવા? અને એવા વચ્ચે આવે તે ગુરુ ન જાણવા. એવાનો જોગ થયો હોય તો તે મોક્ષમાર્ગમાં મોટું વિઘ્ન થયું જાણવું. તેવાના જોગથી જુદા પડી જાવું અને તેનો ત્યાગ કરવો. જેને પ્રત્યક્ષ ભગવાન મળ્યા હોય તે તો પાંચ વખત માનસી પૂજા કરે, ધ્યાન કરે, માળા ફેરવે.” ॥૨૨૧॥

## વાર્તા ૨૨૨

સંવત ૧૯૮૧ના વૈશાખ વદ-૭ને રોજ સભામાં મધ્ય પ્રકરણનું

૩૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં સર્વ કારણના કારણ એ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘આમાં બે કારણ થયાં. એક અનાદિ એ કારણ અને તેના કારણ શ્રીજીમહારાજ. જ્યાં સુધી આવું પુરુષોત્તમનારાયણનું જ્ઞાન ન થાય ત્યાં સુધી જ્યાં ત્યાં વલખાં કરાય છે. મહારાજે આ સભા અક્ષરધામની કહી છે, માટે આ સભાને દિવ્ય જાણવી અને મૂર્તિઓને વિષે ધાતુ-પાષાણ ભાવ ન રાખવો. અમારો સિદ્ધાંત એવો છે, પછી તમે મરડી-મચોડી ક્યાંઈક લઈ જાવ તો ભલે. મહારાજે તો કહ્યું છે જે, ‘અમારા સંતને ને અમને જેવડા જાણશો તેવા થાશો.’ સ્વામિનારાયણને ઘેર બધી વસ્તુ છે. વિષયી, મુમુક્ષુ, પરમ એકાંતિક મુક્ત અને અનાદિમુક્ત એ સર્વે છે. માટે મોટાને ન ઓળખે અને મોટાનો મહિમા ન સમજે તો તે કયે ઠેકાણે જાય? આ સભા તો અક્ષરધામનો દરવાજો છે અને પૂરું તો સાક્ષાત્કાર અનુભવજ્ઞાન થાય ત્યારે થાય. જે મૂર્તિ સાથે રસબસ કરે તે અનુભવજ્ઞાન કહેવાય. તે મહારાજની મૂર્તિમાં જોડાય તો એવું જ્ઞાન થાય.’’

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ‘‘અનુભવજ્ઞાન તે શું સમજવું?’’

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘જેમ જળ પોતે ઊંડું લઈ જાય છે તેમ પુરુષોત્તમનારાયણની ખુશબો છે તે જીવને ખેંચીને મૂર્તિમાં લઈ જાય છે. એ ખુશબો તે અનુભવજ્ઞાન જાણવું. તે સર્વેથી પર શ્રીજીમહારાજ અને અનાદિમુક્તને સમજે ત્યારે અનુભવજ્ઞાન થયું કહેવાય; પણ ખોટાને ખોટું કરે તે સાચું જ્ઞાન ન કહેવાય. મહારાજની મૂર્તિથી ઓરું અક્ષરપર્યંત સર્વે ખોટું થઈ જાય અને મહાપ્રભુજીની મૂર્તિમાં જોડાઈ જવાય એ અનુભવજ્ઞાન કહેવાય, માટે અનુભવજ્ઞાન સિદ્ધ કરીને મૂર્તિમાં રસબસ થઈ જવું. અનાદિ વસ્તુ જે મહારાજ ને મુક્ત તેમને ઓળખવા તે બહુ કઠણ છે. સોની હોય તે સોનાની ભૂલ શોધી કહાડે. આ અક્ષરધામની સભા છે તેને ચૂંથી ન નાખવી એટલે

સાધનદશાવાળાની સાથે ન ગણવા.''

''કલ્યાણસંગજીને રામપરામાં ચિત્રની પ્રતિમા અમે બતાવીને કહ્યું કે, 'આ મૂર્તિને શું કહેશો?' ત્યારે તેમણે કહ્યું જે, 'સાક્ષાત્ મહારાજ છે.' ભારાસરમાં એક સાધુ માંદા હતા તેને જોવા માટે અમે ગયા. ત્યારે સ્વામી અક્ષરજીવનદાસજીએ સાધુને કહ્યું કે, 'આ કોણ છે?' ત્યારે તે સાધુએ કહ્યું કે, 'આ વૃષપુરના અબજીબાપા છે.' એની બાધિતાનુવૃત્તિ હતી. આપણે તો મહારાજની સભા અને મહારાજની મૂર્તિ જોઈએ. જુઓને! સ્વરૂપાનંદ સ્વામીનો મંદવાડ, દાદા ખાચરનો મંદવાડ; તે જુએ તો અધૂરા જ્ઞાનવાળાને સરખું ન રહેવાય.''

પછી એક હરિભક્ત પ્રત્યે બોલ્યા જે, ''આ સંત કોણ છે? ઓળખો છો? ખોળી આવો, આખા બ્રહ્માંડમાં ક્યાંય જડ-ચૈતન્યના ત્યાગી આવા મળે છે?''

પછી સંતો પ્રત્યે બોલ્યા જે, ''જડમાં માલ શું છે? એ તો ઝેર છે. જો ખરું જ્ઞાન હોય તો તેના ઉપર લઘુ કરીને અને ઝાડે ફરીને ચાલ્યા જાય. એમાં શું માલ છે? પણ આવા મોટા મળવા કઠણ છે. અમે માંડવી ગયા હતા ત્યાં રામકૃષ્ણભાઈએ કહ્યું કે, 'આ કણબી કેમ ફરતા હશે?' ત્યારે અમે કહ્યું કે, 'કણબી તે બીવાળા છે. તે બી તે મહારાજની મૂર્તિ, તેમાં રસબસ રહેલા છે. તમારું બી બળી ગયું. તમે આવાં પુસ્તકો વાંચો છો, તે શાસ્ત્ર તો વૈરાજનારાયણની વાતો કરે છે. તે તમે વૈરાજનારાયણને ત્યાં જશો કે અક્ષરધામમાં જશો?' પછી તો વાત સમજાણી એટલે મુખમાં તરણું લઈને રોયા ને બોલ્યા જે, 'મારો મોક્ષ કરજો અને જો જન્મ ધરાવો તો કણબીના કુળમાં જન્મ આપશો, પણ બ્રાહ્મણના કુળમાં ન આપશો.'''

''આપણે તો અધમ જીવને પણ ઉદ્ધારવા છે. આપણે ઘેર વસ્તુ સાચી છે, તેને શીદ વંજાવવી જોઈએ? બ્રહ્મચારીની વાત ઉડાડી તે સાંભળીને અમારું તો કાળજું બળી ગયું. આવા અપરાધ થાય તો સાધન

બધાં બળી જાય! જેમ કોળી કોળીથી કાંપો, ને કાંપે કાંપેથી ભારી, અને ભારી ભારીથી ગાડું અને ગાડે ગાડેથી ગંજી થાય; તેમાં એક દીવાસળી મૂકે તો બધું બળી જાય. માટે આવો એક અપરાધ થાય તો બધું બળી જાય. મહારાજ કહે, 'ત્રણ ગુણ કાઢી નાખવા. એ ગુણ હોય ત્યાં સુધી સત્સંગમાં સુખ આવવા દે નહિ.' બધે જોઈ આવે, તમોગુણ બધાનું ખાઈને અભડાઈ આવે. નબળા માણસ સત્સંગમાં ન ખપે (જોઈએ). એ ભગવાન ભજ્યામાં કામ ન આવે. સાચું બી રાખશો તો ઊગી આવશે. જેમ આ બાજરો પરમ દિવસે વાવ્યો હતો અને આજ ઊગી ગયો તેમ."

પછી બોલ્યા જે, "લીલું બે પ્રકારનું છેઃ એક દેવાળું કાઢે તે પણ લીલું કહેવાય અને સારું કામ કરે તે પણ લીલું કહેવાય. તેમ મોટા સત્પુરુષની નિંદા કરનારા નબળા માણસ સત્સંગમાં નખોદ વાળે; એવા હોય તે ભગવાનને અને અનાદિમુક્તને પણ ઓળખે નહિ. જેને પોતામાં દોષ છે તેને મોટામાં દોષ સૂઝે છે. નિશ્ચયમાં કસર હોય તો ડગી જવાય, માટે નિર્વાસનિક થઈને ભગવાન ને ભગવાનના સંત સાથે એકતા કરવી. જેને પરિપક્વ નિશ્ચય હોય તેને કાંઈ ન અડે. અનાદિ કોઈના દોષ દેખતા નથી, અધમ જેવા જીવને પણ ઉદ્ધારે છે. અને બિચારો કોઈ જીવ રખે દુઃખિયો થઈ જાય, એવી દયા રાખે તો મહારાજ રાજી થાય."

તે વખતે બે કબૂતર લડતાં હતાં. તેને જોઈને કહ્યું કે, "આમ કોઈ મ કરજો. આમ કરતાં કરતાં બાજ પક્ષી ઉપાડી જાય તેમ કાળ લઈ જાય. આ વખત નહિ મળે. મહારાજને સંભારશો તો સદ્‌ગુરુ થાશો અને મહારાજને મૂકશો તો કોઈ ભાવ નહિ પૂછે. જેવા ગોપાળાનંદ સ્વામી હતા, જેવા નિર્ગુણદાસજી સ્વામી તેવા આ ઈશ્વર બાવો છે! મિસરી દૂધમાં નાખી હોય તો ખોળી ન જડે, તેમ મુક્ત મૂર્તિમાં રસબસ રહે છે. સર્વના આધાર, સર્વના કર્તા, સર્વના નિયંતા અને સર્વ દિવ્યના પણ દિવ્ય, એવા ભગવાન આપણને મળ્યા! એમાં કોઈને કુતર્ક કરવો

નહિ. મહારાજની આજ્ઞામાં રહેવું; નાટક, ચેટક, ભાંડ, ભવાઈ જોવી નહિ.''

''આ તો જેમ ભિખારણે છોકરી ઉકરડામાં નાખી તેને કોઈ સારા માણસે લઈ મોટી કરી. તે રૂપાળી હતી તેથી રાજા પરણ્યો. પછી તે બહુ માંદી પડી. પછી ગોખલામાં રોટલાનાં બચકાં મૂક્યાં. તે તેણે ગોખલા પાસેથી માગી માગીને ખાધાં ને પુષ્ટ થઈ; પછી તેને રાજાએ ગોળીએ દીધી. તેમ જે ભિખારણ જેવા સ્વભાવ રાખે તેનો શ્રીજીમહારાજ ત્યાગ કરે, માટે માયિક વાસના ન રાખવી. સત્સંગમાં દાસપણું રાખવું. રજોગુણ-તમોગુણ તો પાપરૂપ છે, તેનો ત્યાગ કરીને શુદ્ધ સત્ત્વગુણ રાખવો; જેથી ગુરુની, સભાની, સત્સંગની સેજા રહે. ભગવાન કરતાં ગુણો વહાલા રાખે તો દુઃખી થાય. તમોગુણ તો કાળા નાગ જેવો છે. આ માયિક જણસ તો જોઈએ જ નહિ. જેને અખંડ સોહાગી થાવું હોય તેણે મોહનિદ્રામાંથી જાગી જાવું અને દાસપણું રાખવું.'' ॥૨૨૨॥

## વાર્તા ૨૨૩

સંવત ૧૯૮૧ના વૈશાખ વદ-૯ને રોજ સભામાં સાધુ મુક્તજીવનદાસજીએ પૂછ્યું જે, ''ઉપાસના પરિપક્વ ન થઈ હોય તો તેની શી ગતિ થાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જેને ભગવાનની ઉપાસના પરિપક્વ ન થઈ હોય તેને જે બ્રહ્માંડમાં ભગવાન પ્રગટ હોય ત્યાં જન્મ ધરાવીને ઉપાસના પરિપક્વ કરાવીને ધામમાં લઈ જાય છે.''

પછી બ્રહ્મચારી વૈરાગ્યાનંદજીએ પૂછ્યું જે, ''કેટલાક કહે છે કે સત્સંગમાં ભગવાન હોય તો આવા ડખા કેમ થાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''રામ-કૃષ્ણના વખતમાં કેટલા થયા હતા? બીજા અવતારોમાં પણ કેટલાય થયા હતા અને લોહીની નદી ચાલી હતી. એ અવતારોમાં પણ ડખા થયા છે, માટે ડખા થાય તેણે

કરીને ભગવાન નથી એમ ન જાણવું. જેને પરિપક્વ નિશ્ચય ન હોય તેને એવી શંકાઓ થાય. પરિપક્વ નિશ્ચયવાળો તો ભગવાનની લીલા જાણે. ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તે ભગવાનની લીલા છે એમ જાણીને તે લીલા કહે ને સાંભળે તેનો મોક્ષ થાય. આવા તીર્થક્ષેત્રમાં શંકા કરે તે અજ્ઞાની છે.''

પછી બોલ્યા જે, ''સ્વામિનારાયણ ભગવાન -શ્રીજીમહારાજ-નો મહિમા એવો છે જે એક સમયે વ્યાપકાનંદ સ્વામી કચ્છમાં પધાર્યા હતા. તેમણે શ્રીજીમહારાજને કહ્યું જે, 'હે મહારાજ! આપ જ્યાં જ્યાં વિચર્યા છો ત્યાં ત્યાં મારે જાવું છે, પણ એ આપની પ્રસાદીનાં સ્થાન શી રીતે મારે ઓળખવાં?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ત્રણે અવસ્થામાં અમારી મૂર્તિ દેખાશે અને તમને અમારાં હેમના જેવાં દિવ્ય પગલાં દેખાશે.' પછી તેમને એવી રીતે દેખાયું હતું અને આજ પણ સાચો ભાવ હોય તો દેખાય.'' ॥૨૨૩॥

## વાર્તા ૨૨૪

સંવત ૧૯૮૧ના વૈશાખ વદ-૧૦ને રોજ સાંજના બાપાશ્રી સંત-હરિજનોએ સહિત વાડીએ પધાર્યા. ત્યાં નાહીને માનસી પૂજા કરી અને જાંબુના વૃક્ષ નીચે સભા કરીને બેઠા.

પછી બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''ભૂતયોનિ છે તો ખરી, પણ એકાંતિકને મતે તો ભૂત વસ્તુ જ નથી. તેમ જ ચાર પ્રકારની મુક્તિ છે, તે મુક્તિને ઇચ્છે તેને શ્રીજીમહારાજની મૂર્તિનો સંબંધ થાય નહિ. જે સેવા ઇચ્છે તેને મૂર્તિ મળે.''

પછી વાત કરી જે, ''શ્રીજીમહારાજ જેતલપુરમાં સભાઓ કરીને નિત્ય વાર્તા કરતા તે સમે કોઈને નિદ્રા આવે તો ઊભા કરતા. કોઈક દિવસ શ્રી મુક્તાનંદ સ્વામીને સભામાં ડોલું આવ્યું, ત્યારે મહારાજ કહે કે, 'ઊભા થાઓ, સભામાંથી જાઓ.' ત્યારે સ્વામીશ્રીએ ઊભા થઈને વિચાર કર્યો જે, 'આ નિદ્રાએ વાતો સાંભળવામાં વિઘ્ન કર્યું માટે તેને

કાઢવી.' પછી ચૈત્ર માસની તપેલી રેતીમાં જઈ સૂતા. તે સ્વામીશ્રીનું શરીર કોમળ હોવાથી શરીરમાં ફોલ્લા પડ્યા અને નિદ્રાને કહ્યું કે, 'તેં મને અભડાવ્યો અને અક્ષરધામની સભામાંથી કાઢી મુકાવ્યો.' પછી તો નિદ્રા મૂર્તિમાન હાથ જોડીને સામી ઊભી રહી અને પ્રાર્થના કરી કે, 'મારો ગુનો માફ કરો, હવે તમારી પાસે નહિ આવું.' તે જોઈને શ્રીજીમહારાજ બહુ રાજી થયા. પછી તો જ્યારે બોલાવે ત્યારે નિદ્રા આવે, પણ એ વિના આવે નહિ. એવો નિદ્રા ટાળવાનો પ્રયાસ કર્યો; માટે નિદ્રા ટાળવી. ઊંઘ ને આહાર વધાર્યાં વધે છે ને ઘટાડ્યાં ઘટે છે."

"વળી એક સમય શ્રીજીમહારાજે જેતલપુરમાં છ મહિના લાગઠ કથા કરી અને બીજી ચાતુર્માસમાં ચાર મહિના કથા કરી. ત્યાં અલીખાં નામે પઠાણ હતો, તે પણ કથા સાંભળવા સભાથી છેટે બેસતો. પછી એક દિવસે મહારાજ રમૂજમાં આવ્યા અને સૌ સંતોને પૂછ્યું કે, 'હે સંતો! ચાર મહિનાથી કથા થાય છે તેમાં કયે વખતે કઈ કથા આવી તે કહો; નહિ તો સભામાં બેસવા નહિ દઈએ.' પણ સંતો તથા આશજીભાઈ આદિ હરિભક્તો કોઈ પૂરું કહી શક્યા નહિ. પછી મહારાજે અલીખાં પઠાણને પૂછ્યું તો તે ચાર મહિનાની સોંસરી કથા કહી ગયો. તે પઠાણ જાડો-કાળો સૂંથણો પહેરતા અને બગલમાં કાળું ખપ્પર રાખતા ને માગી ખાતા."

"જેતલપુર બહુ રમણીક સ્થાન છે. જેતલપુર જઈએ તો કેવું મંદિર! કેવો મહેલ! કેવું તળાવ! અક્ષરધામની ઉપમા દઈએ તેવું! તેમાં સ્વામી નિર્ગુણદાસજી તથા ભગવત્ચરણદાસજી અને તમે રહેતા ત્યારે અમે આવતા ને બહુ રળિયામણું લાગતું. આ સત્સંગમાં મહારાજ ઘોડે ચઢીને ફરે છે. આજ્ઞા લોપે તેને ચાબુક મારે છે."

પછી 'શ્રી હરિ સુરનર મુનિ શિરતાજ' એ કીર્તનની ટૂંક બોલ્યા ને કહ્યું જે, "શ્રીજીમહારાજ પ્રત્યક્ષ હોય ત્યારે શાસ્ત્રની સાખ લેવી તે દોષ છે, માટે ન લેવી. શાસ્ત્રની સાખ લે તો ઠીકરું ફૂટી જાય. એવા માણસ હોય તે તીર્થમાં, કથામાં, શાસ્ત્રમાં બધેય દોષ કાઢે." ॥૨૨૪॥

## વાર્તા ૨૨૫

સંવત ૧૯૮૧ના વૈશાખ વદ-૧૧ને રોજ સવારે બાપાશ્રી સર્વે સંત હરિજનોએ સહિત છત્રીએ પધાર્યા. ત્યાં વચનામૃતની રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહિત પારાયણ કરાવી અને તેની સમાપ્તિ થઈ. પછી છત્રી ઉપર મૂર્તિ પધરાવીને તે છત્રીના પરથાર ઉપર બાપાશ્રી બિરાજમાન થયા. પછી સૌ સંત-હરિજનોએ બાપાશ્રીની ચંદન-પુષ્પે કરીને પૂજા કરી અને સર્વે બેઠા. પછી પુરાણી ધર્મકિશોરદાસજીએ વચનામૃતના પ્રશ્ન લખી સ્વામી ઈશ્વરચરણદાસજીને આપ્યા.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કહ્યું કે, ‘‘પુરાણી આપને પ્રશ્ન પૂછે છે.’’

ત્યારે બાપાશ્રી કહે કે, ‘‘કાલે પૂછજો. આજ તો વખત થઈ ગયો છે, માટે મંદિરમાં ચાલો.’’

પછી સર્વે મંદિરમાં આવ્યા.

પછી બીજે દિવસે એટલે વદ-૧૨ને રોજ સાંજના બાપાશ્રી સર્વે સંત-હરિજનોને સાથે લઈને લખાઈવાડીએ પધાર્યા. ત્યાં નાહીને માનસી પૂજા કરી અને જાંબુડાના વૃક્ષ નીચે સભા કરીને બેઠા. પછી સર્વેએ બાપાશ્રીની ચંદન-પુષ્પહાર વડે પૂજા કરી અને બાપાશ્રીએ પણ સર્વેની પૂજા કરી અને આશીર્વાદ આપ્યા પછી સૌ સંત-હરિજનો ઊઠવાને તૈયાર થયા.

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ ‘સત્પુરુષ વાકયં ન ચલતિ ધર્મ’ એમ કહીને કહ્યું કે, ‘‘બાપા, ગઈ કાલે પૂછેલા પ્રશ્નના ઉત્તર આજ કરવાનું આપે કહ્યું હતું તે ઉત્તર કરવા કૃપાવંત થશોજી.’’

પછી બાપાશ્રી ઘડીકવાર વિચારીને બોલ્યા જે, ‘‘આજ તો મહારાજ કૃપાસાધ્ય છે; પૂછો.’’

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ‘‘આ વચનામૃત

રહસ્યાર્થ પ્રદીપિકાની પારાયણ કરે તો શું ફળ થાય?''

ત્યારે બાપાશ્રી કૃપા કરીને બોલ્યા જે, ''ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરુષાર્થની સિદ્ધિને પામે અને પારાયણ કરાવનાર પારાયણ કરાવીને તે પારાયણને અંતે નહાતા હોય તે પાણીમાં મહિમાએ સહિત જે નહાય અથવા તે પાણી માથે ચઢાવે તેનાં પંચ મહાપાપ બળી જાય.''

પછી વળી સ્વામીએ પૂછ્યું જે, ''કેટલી પારાયણ વાંચવાથી આત્મામાં અખંડ મૂર્તિ દેખાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''પાંચ પારાયણે અને આજ્ઞા યથાર્થ પાળીને દિવસ દિવસ પ્રત્યે પાઠ કરે તો તેનું આત્યંતિક કલ્યાણ થાય.'' ॥૨૨૫॥

## વાર્તા ૨૨૬

સંવત ૧૯૮૧ના વૈશાખ વદ-૧૩ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જેમ તમારા ત્યાગીના ધર્મ જે બાઈ મનુષ્યને ન અડવું, પણ તે બૂડતું હોય તો તેને ઝાલીને બહાર કાઢવાની આજ્ઞા છે; તેમ કોઈની આસુરી બુદ્ધિ થાય ને તે આપણો અવગુણ લે તોપણ આપણે તેનો હાથ ઝાલીને તે સત્સંગમાં આવે એવી રીતે ગમે તેમ કરીને પણ તેનું સારું થાય તેમ કરવું; પણ પડ્યો મૂકવો નહિ. એ આપણો ધર્મ છે, માટે તેનું સારું ઇચ્છવું.''

પછી પ્રથમ પ્રકરણનું ૩૮મું વચનામૃત વંચાવ્યું, તેમાં ઘાટ ટાળવાની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''કેમ સંતો! ઘાટ થયા કરે છે કે કેમ?''

ત્યારે સાધુ અક્ષરજીવનદાસજી બોલ્યા જે, ''ઘાટ ન થાય એવી કૃપા કરશો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''કાંઈ કરવું નહિ ને આમ ને આમ

કરો એમ કહેવું તે ઠીક નહિ. કાંઈક પ્રસન્નતાનાં સાધન કરવાં જોઈએ.''

પછી બોલ્યા જે, ''અમારાથી કોઈક જુદા પડે ત્યારે વિચાર થાય જે ત્રણ-ચાર વર્ષ થયાં પાળીપાળીને થાક્યા અને આવો નીકળ્યો! પછી તેને કંથેરના કાંટાવાળા ઝાંખરાં વળગાડે તો કોઈક ઊભો થાય ને કોઈક થાય પણ નહિ એટલે પાછો વળે નહિ, તો તેને બહુ ગોદા ન મારવા ને સારું ઇચ્છવું. તેને મૂર્તિ ન જોઈએ; અને માયિક વસ્તુ જોઈતી હોય તે આપવી, પણ તેને આપણો ગુણ આવે તેમ કરવું. આપણે એવા સ્વભાવ રાખવા, પણ તેના જેવા ન થાવું; દયા રાખવી. તેમનું આ જન્મે અથવા બીજે જન્મે પણ અંતે સારું કરવું. વ્યવહાર એવો છે.''

પછી બોલ્યા જે, ''સાંભળજો! આ વાત ખોટી નથી કહેતા. હવે કોઈ આઘાપાછા થશો નહિ.''

પછી તે જ દિવસે સાંજના બાપાશ્રી સંત-હરિજનોએ સહિત વાડીએ નાહવા ગયા. ત્યાં નાહીને માનસી પૂજા કરીને જાંબુના વૃક્ષ નીચે સર્વે બેઠા. અને સભામાં પ્રથમ પ્રકરણનું ૨૭મું વચનામૃત વંચાતું હતું. તેમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે એ વાત આવી.

પછી સંતે પૂછ્યું જે, ''આવી સમજણ આવ્યા પહેલાં ભગવાન નિવાસ નહિ કરતા હોય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જેમ સિંહણનું દૂધ સુવર્ણના પાત્રમાં જ રહે, પણ ઠીકરા આદિકના વાસણમાં ન રહે; તેમ પાત્ર થાય ત્યારે શ્રીજીમહારાજ નિવાસ કરે, પણ તે પહેલાં નિવાસ ન કરે. માટે પાત્રની તારતમ્યતાએ રહે છે.''

પછી પુરાણી ધર્મકિશોરદાસજીએ પૂછ્યું જે, ''જેના હૃદયમાં ભગવાન નિવાસ કરે તે મુક્ત કેવી સ્થિતિના કહેવાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એકાંતિકની સ્થિતિ કહેવાય, કેમ કે એનો દેહ માયાનો છે; તેમાં છે ત્યાં સુધી તે એકાંતિક કહેવાય. જ્યારે એ દેહનો વિયોગ થાય ત્યારે તે પરમ એકાંતિક કહેવાય.'' ॥૨૨૬॥

## વાર્તા ૨૨૭

સંવત ૧૯૮૧ના વૈશાખ વદ-૧૪ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, “આ ગામના રત્નો ભક્ત નાનાં રામબાઈના ભાઈ હતા, તેમની ઉપર ગામલોકોને બહુ દ્વેષ હતો. તેથી તેનાં વાડી-ઓરડા ખેંચી લીધાં ને ધૂળ નાખતા ને દંડ કરતા, જેમાં ગામધણી પણ ભેળો ભળ્યો હતો. એક વખતે ગઢડે એ રત્ના ભક્ત શ્રીજીમહારાજનાં દર્શન કરવા ગયા, તેમનો નખ શ્રીજીમહારાજને વાગ્યો. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, ‘કોઈ ધખશો નહિ, રામબાઈનો ભાઈ તે મારો ભાઈ છે.’ વળી એક વખતે તેમણે કાચ કાઢીને મહારાજની મૂર્તિને ચંદન ચર્ચ્યું તે લેપો થઈ ગયું, ત્યારે અમે કહ્યું જે, ‘આ શું કર્યું?’ ત્યારે તે કહે જે, ‘લૂક બહુ હતી તે મહારાજને તાપ લાગતો હતો તેથી ચર્ચ્યું!’ એવા હતા; જેને આ લોકનું ભાન નહોતું.”

પછી બહેચરભાઈને માથે હાથ મૂકીને બોલ્યા જે, “તમને શરદી હોય એમ લાગે છે.”

પછી તે કહે જે, “ફેર ચઢે છે.”

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, “મને ફેર તો ચઢે છે, પણ વહાણમાં કે આગબોટમાં નથી ચઢતા.”

પછી બાપાશ્રી બોલ્યા જે, “તમારો દેહ ઉપરથી ભારે છે ને નીચેથી પાતળો છે તેથી આમ ચાલતાં આમ જવાય ને આમ ચાલતાં આમ જવાય એ વાંકડું પ્રશ્ન કહેવાય. વાંકડું એટલે ટીખળવાળું જાણવું.”

પછી બહેચરભાઈને કહ્યું જે, “અમને સંભારો છો?”

ત્યારે તે કહે જે, “બાપા, મૂર્તિ ખપે.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “ઘરાક થાશો તો જડશે અને કિંમત કરીને નાસવા માંડશો તો થઈ રહ્યું. મુમુક્ષુઓને ભેખ ભગાવે છે એટલે તેને અમારા અભાવ ઘાલે છે.”

એમ કહીને પછી વાત કરી જે: "જેમ રાજાને પોતાનો દીકરો મરી જાય તો શોક થાય છે, તેમ મહારાજની મૂર્તિમાંથી નોખું પડાય તો કેટલો બધો શોક થવો જોઈએ? તે વસ્તુ માયિક છે અને મહારાજની મૂર્તિ તો દિવ્ય છે; માટે નોખું પડાય તો બહુ નુકસાન થાય. ચાર દિવસ રહેવું છે. મૃત્યુ આડી એક ઘડી રહી હોય ને એવામાં પણ આવા મોટાને વિષે જોડાય તો આત્યંતિક મોક્ષ થાય. મોટા તો જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિથી પર વર્તતા હોય તેમને કોણ ઓળખે? તો જે ગરજુ હોય તે ઓળખે. આજ મૂર્તિમાં જોડાઈ બેઠા હોય અને કલેવરને ગમે તેમ થાતું હોય એવા સત્સંગમાં છે. એવી સ્થિતિમાં સદાય રહેવું. સુખ આવે કે દુઃખ આવે તોપણ કોઈનો અભાવ આવવા દેવો નહિ. કળિ ખરેખરો આવ્યો છે તેમાં સતયુગ સ્થાપવો. આજ સિદ્ધિઓનું જોર વધ્યું છે. આવો ભા, આવો સ્વામી, આવું માન વધ્યું છે." ॥૨૨૭॥

## વાર્તા ૨૨૮

સંવત ૧૯૮૧ના વૈશાખ વદ-૦)) અમાસને રોજ સાંજના બાપાશ્રી સંત-હરિજનોએ સહિત નવી વાડીએ પધાર્યા. ત્યાં નાહીને જાંબુડાના વૃક્ષ નીચે સર્વેએ બેસીને માનસી પૂજા કરી.

પછી બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "સર્વે સાધનનું ફળ એક મૂર્તિ જ છે, તે સામું જોઈ રહેવું."

એવામાં કેરાનો એક હરિભક્ત હતો, તેનો છોકરો રમતો હતો તેને આંચકી આવી અને તેના બાપના ખોળામાં તે છોકરાનો દેહ પડી ગયો. પછી તેના બાપે તે છોકરાને સ્વામી ઈશ્વરચરણદાસજીના ખોળામાં નાખ્યો.

ત્યારે સ્વામી કહે જે, "આ તો મને અભડાવ્યો."

ત્યારે બાપાશ્રી કહે જે, "એ છોકરાને પાણી પાઓ."

પછી પાણી પાયું ને તે છોકરો જીવતો થયો.

પછી બાપાશ્રી બોલ્યા જે, “આ નૈમિષારણ્ય ક્ષેત્ર હતું તો આ છોકરો બચી ગયો. એનું પણ કામ થઈ ગયું. જુઓને આ સ્વામિનારાયણના પરચા. આ છોકરો મરી ગયો હતો, પણ જીવ્યો. આવા પરચા દેખે તોપણ જેને પ્રતીતિ આવતી નથી તેને એટલી નિશ્ચયમાં કસર છે.”

પછી એક સાધુને કહ્યું જે, “તમે ત્યાગી થયા છો તે વાણી મેલવી, જડ મેલવું, ચૈતન્ય મેલવું; તેમાંથી જેટલું ઓછું ન થાય તેટલું મહારાજથી છેટું રહે. શીતળ ને શાંત રહેવું, દુઃખિયા ન થાવું. ધ્યાન - સાંગ, ઉપાંગ, સલીલ ને સપાર્ષદ એમાં કિયું ધ્યાન- કરો છો? અને કોનું ધ્યાન કરો છો? તે કહો. શ્રીજીનું ધ્યાન કરવું. કરવી સેવા તો મળે મેવા; અસેવા ન કરવી. ઝાઝું બોલવું નહિ. દાસાનુદાસ થઈ રહેવું. ‘દાસ તમારા દાસનો, મને રાખો નાથ હજૂર.’ મુક્તાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામીના જેવું દાસપણું રાખવું. જડ (વૃક્ષ) જેટલો લાભ પણ લેવાય નહિ! ભાડું ખરચાવીને કચ્છમાં આવ્યા છો.”

તે વખતે ઝાડ ખડખડ્યું ત્યારે બોલ્યા જે, “જુઓ, આ જાંબુ હસે છે જે, ‘મારાં ધનભાગ્ય! આવા મોટા મારે છાંયે બેઠા છે’ એમ જાણીને હસે છે. આવી રીતે જડ જાતિ પણ કામ કાઢી જાય છે અને મનુષ્યો કેટલાક બેસી રહે છે. થાંભલા જેવા અને વૃક્ષ જેવાય આપણે ન થઈએ ત્યારે શું કર્યું? આ જોગમાં આ વૃક્ષનુંયે સારું થઈ જશે. ઝાડ આખો કલ્પ તપ કરી કરીને મરી જાય તોપણ આવું કામ ન થાય.”

“રામજીભાઈ ઉપરદળવાળા અહીં આવતા તે અહીંના મંદિરના ચોકમાં નાળિયેરી, જામફળી આદિ વૃક્ષોને બાથમાં ઘાલીને મળે ને રુએ ને કહે જે, ‘તમે મોટાં ભાગ્યવાળાં છો તે સદાય આવા મોટાનાં દર્શનનો લાભ લ્યો છો, અને મારે આ દર્શન મેલીને જાવું પડશે.’ એમ બોલે. ત્યારે એમ જાણીએ જે એને ખરું હેત અને મહિમા છે. એવા થાવું, પણ ‘ચલ બે રંડી હમ ખાખ બને હે’ એવું ન કરવું.”

"શ્રીજીમહારાજની મૂર્તિ ત્રણે અવસ્થામાં રાખવી. રસનાનું જોવું, માનનું જોવું, વખત-જોગ બહુ સારો છે તો પૂરું કરી લેવું. જાણ્યા વિના, જોયા વિના ઉપરથી પત્થરનો ઘા કરે. સ્થિતિ જાણી ન હોય, ગુણ જાણ્યા ન હોય અને અપમાન કરે. આ સેવા-ક્રિયા કરું છું તેમાં મહારાજની શી મરજી છે તે તપાસવું."

"વડોદરાના મોટા મોટા શાસ્ત્રી આવ્યા તે બોલ્યા જે, 'આ તમારો ધર્મ કલ્પિત છે અને તમે તમારા સંતને વખાણો છો તે અમને પરચો દો તો માનીએ.' ત્યારે શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું જે, 'સ્વામી, તમારું કામ પડ્યું છે.' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ! કહી દેખાડું કે કરી દેખાડું?' ત્યારે શ્રીજીમહારાજ કહે, 'તમારી મરજી હોય તેમ કરો.' પછી સ્વામીએ હેમનું પારણિયું કર્યું અને નાના બાળક થઈને માંહી પોઢ્યા. પછી વેદ આવીને પારણિયું હીંચોળવા મંડ્યા ને મહિમા ગાવા લાગ્યા. ને બ્રહ્માનંદ સ્વામીએ સૂર્ય, ચંદ્ર બેયને પકડીને પારણિયાને બે છેડે લટકાવ્યા અને તારાઓનું ઝૂમખું કરીને વચ્ચે લટકાવ્યું ને રમવા લાગ્યા; તે જોઈ પંડિત આશ્ચર્ય પામ્યા."

"તેવા અનાદિ આજ છે, પણ તેને ઓળખે નહિ. આજ એ જ મળ્યા છે, પણ મહિમાએ સહિત જોગ-સેવા કરીએ તો બ્રહ્માનંદ સ્વામી જેવા આ સભામાં જ છે, પણ તેમની સામર્થી રૂંધી નાખી છે. વખત ન વંજાવવો, ન વંજાવવો. આ વખત ન મળે. એમને વિષે ભાવ એવો ને એવો રાખવો. તે વખતે પણ મહારાજ આમ ને આમ સુખિયા કરતા અને આજ પણ એમ ને એમ કરે છે. આપણે ભેળા બેસીએ છીએ ને કથા-વાર્તા કરીએ છીએ તેથી સખાભાવ રહી જાય એટલે ખબર ન પડે, પણ જેને એવું દિવ્ય ભાસતું હશે તેને અતિ આનંદ થતો હશે ને મૂર્તિમાં વૃત્તિ લીન થઈ જાતી હશે અને તેજોમય ફુવારા ઝળળળ ઝળળળ છૂટતા હશે."

"અને જેને એવું દિવ્ય નહિ ભાસતું હોય તેને અભાવ આવતો

હશે અને આ ચંદન ચર્ચે છે, મળે છે તે રમત કરે છે એવું કેટલાક જાણતા હશે. 'આ સભાથી બીજું તેજોમય સ્વરૂપ દેખાણું નથી ત્યાં સુધી મારું કલ્યાણ થયું નથી' એમ સમજે તો કાંઈ ન મળે અને તેને મહારાજે ચંડાળ કહ્યો છે, માટે આ સભા દિવ્ય તેજોમય અક્ષરધામની સમજવી." ॥૨૨૮॥

## વાર્તા ૨૨૯

સંવત ૧૯૮૧ના જેઠ સુદ-૧ને રોજ સભામાં સાધુ મુક્તવલ્લભદાસજીએ પૂછ્યું જે, "મહાકાળ જ્યારે મહાપ્રલય કરે ત્યારે બધા જીવ ક્યાં રહેતા હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "સર્વે જીવ માયામાં લીન થઈ જાય છે, અને માયા મૂળપુરુષ જે શ્રીકૃષ્ણ તેને વિષે લીન થઈ જાય છે, અને એ પુરુષ વાસુદેવબ્રહ્મની સભામાં રહે છે. જ્યારે સૃષ્ટિ સૃજવાનો સમય થાય ત્યારે પુરુષે માયાને લીન કરી હોય તેને બહાર કાઢીને તે માયા થકી સૃષ્ટિ ઉત્પન્ન કરે છે."

પછી બોલ્યા જે, "બ્રહ્માંડ વસ્યું તોય શું? અને ન વસ્યું તોય શું? આપણે તો મહારાજ ને મહારાજના મુક્તને પકડીને તેમાં આત્મબુદ્ધિ કરીને તેમાં જોડાવું. અમે તો બદરિકાશ્રમ નથી દેખ્યું, શ્વેતદ્વીપ નથી દેખ્યું, ગોલોક નથી દેખ્યું, અને અનંત કોટિ બ્રહ્માંડ પણ નથી દેખ્યાં. અમે તો કાંઈ દેખ્યું નથી, તો અમે શો જવાબ દઈએ? તમે આ લોકનું પૂછો તેમાં અમે મૂંઝાઈ પડીએ. એવા ઉત્તર તો વિદ્વાનો કરી શકે. જેણે ગામ કે માર્ગ દેખ્યો ન હોય તેનાથી શો ઉત્તર દેવાય? જેમ ગાદી ઉપર રાજા બેઠો હોય તે મારાં ગામ કે દેશ કેટલાં છે તે જાણતો નથી, તો પુરુષોત્તમનારાયણ ને એમના મુક્ત ક્યાંથી જાણે? છે તો બધુંય હસ્તામળ, પણ જેમ બહિર્ભૂમિ જઈ આવે તે કોઈ જોતા નથી, એમ ભગવાનના સુખ આગળ અને મૂર્તિ આગળ એ બહિર્ભૂમિ ગયા જેવું છે. એ તો ઢૂંઢિયા છે તે વિષ્ટાને ખોળે છે એવું છે."

"અમારો સિદ્ધાંત તો એવો છે જે 'મેરે તો તુમ એક આધારા' જે એક પુરુષોત્તમનારાયણની મૂર્તિ અને તેના સંત તે વિના બીજી કોઈ વાત જ નથી. તે વિના બીજી વાતો કરીએ તેમાં મૂંઝાઈ જવાય. દ્રોપદીનું ભારત થયું અને સીતાની રામાયણ થઇ, એમાં આપણું કાંઈ ન વળે; એમાં આપણે ફસાઈ પડીએ. એક જણસ જે મહારાજ તે ઓળખાય એ સર્વે સાધનનું ફળ છે. પાત્ર થઈએ તો બધુંય આવે. જેમ સોનાના પાત્રમાં સિંહણનું દૂધ રહે તેમ શ્રીજીમહારાજના જેવા શુદ્ધ પાત્ર થઈએ તો શ્રીજીમહારાજ રહે. તે પુરુષપ્રયત્ન કરવા માંડે તો શ્રીજીમહારાજ પાત્ર કરી દે. ચિંતામણિ તો મળી છે, પણ દરજીની માફક શીવવામાં જાય છે. તેમ મૂર્તિ તો મળી છે, પણ તેમાં આપોપું કરીને જીવ જોડતા નથી." ॥૨૨૯॥

## વાર્તા ૨૩૦

સંવત ૧૯૮૧ના જેઠ સુદ બીજને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો વાડીએ પધાર્યા. ત્યાં નાહીને માનસી પૂજા કરી. પછી સર્વે જાંબુડાના વૃક્ષ નીચે બેઠા.

પછી બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "અમે ૧૯૫૧ની સાલમાં ગુજરાત તરફ ગયા હતા, ત્યાં ધોળકામાં આ સ્વામી વૃંદાવનદાસજી મહંત હતા. તેમને પરભાવની વાતો કરી તે જીવમાં પેસી ગઈ, પછી તેમણે મહંતાઈ મૂકી દીધી ને ઉપશમમાં જ રહે છે. આપણે ક્ષર-અક્ષરથી પર પુરુષોત્તમનારાયણની મૂર્તિ તેને બાઝવું. આવો જોગ ક્યાંથી મળે?"

એમ કહીને પછી બોલ્યા જે, "ઉપાસના કોને કહીએ? તો શ્રીજીમહારાજની મૂર્તિ વિના 'સબ જગ ઝરત અંગારા' એવું થઈ જાય, તેને ઉપાસના કહીએ. મૂળજી તથા કૃષ્ણજીને એવી ઉપાસના હતી તો મહારાજ વિના બીજું સર્વે વિષ જેવું લાગ્યું, તેથી ઘર મેલીને નાઠા તે ગઢડે આવ્યા અને મહારાજે પાછા મોકલવા માંડ્યા તોપણ ગયા નહિ.

અને મહારાજે વિમુખ કરીને કાઢી મૂક્યા તોપણ તે વિમુખપણાની માનીનતા રાખી નહિ ને ઘેલાને સામે કાંઠેને જઈને બેઠા, પણ મહારાજને મૂક્યા નહિ, તો આફૂડા મહારાજે બોલાવીને સાધુ કર્યા. એવી સમજણ થાય તો પરિપક્વ ઉપાસના કહેવાય.''

પછી બહેચરભાઈ ને કહ્યું જે, ''મૂર્તિના ઘરાક થયા છો?''

ત્યારે બહેચરભાઈ બોલ્યા જે, ''બાપા, કોસ હાંકવાનું કહો તે કેમ આવડે?''

ત્યારે બાપાશ્રી કહે જે, ''આફૂડું આવડે. મૂર્તિના ખપવાળાને આફૂડું આવડે.''

પછી રાજી થઈને કહ્યું જે, ''બધું મહારાજ સારું કરશે. ખૂબ કેડ બાંધીને ભગવાન ભજો. અક્ષરધામમાં કડેડાટ ચાલ્યા જઈએ. પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું. મેખોન્મેખ આંખમાંથી પાણીની ધારા ચાલે ત્યાં સુધી જોવું. એમ ખરેખરું અંતર્દષ્ટિથી જોઈ રહેવું.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''આ ડખામાં મૂર્તિને આધારે જીવાય છે.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય અને ડખા, દેહ ને દુઃખ એ સર્વે લીલા કહેવાય. જે જે અવતારે કરીને જે જે લીલા કરી હોય એમ કહ્યું છે તે આ સાધુની સભા તે અવતાર છે અને આ લીલા થાય છે તે લીલા છે. આ લીલામાંથી ભગવાનની મૂર્તિ સાંભરી આવે. મહારાજની મૂર્તિને લગતા થાવું. તે અભ્યાસ ન કરે અને ચાલોચાલમાં ચાલ્યા જાય તો ન થવાય.'' ॥૨૩૦॥

## વાર્તા ૨૩૧

સંવત ૧૯૮૧ના જેઠ સુદ-૩ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''મહાપાપ તે શું? તો જે આધાર વિનાના હોય તેને દુઃખ દેવું તે મહાપાપ છે. હમણાં તો દ્રોહની નદીઓ ચાલે છે. સાધુ અમંગળિક,

ઓલ્યો ઓનું ખોદે, ઓલ્યો ઓનું ખોદે; એમ દ્રોહ થાય છે. પાણી બંધ કરો એટલે અહીંથી ફાટે, અહીંથી ફાટે, એમાં વચમાં ધર્મવાળા પણ આવી જાય. સત્પુરુષ કેવળ ભગવાનમાં જોડાઈ બેઠા હોય તેને શું છે? તમે છો અમંગળિક, પણ આમાં હાથ ઘાલો ત્યારે શું?''

''મોટાની મોટાઈ કઈ? તો આપણા સ્વામી નિર્ગુણદાસજી હતા તેમનો દેહ રહ્યો ત્યાં સુધી આમાં કાંઈ કર્યું ન હતું, એ મોટાઈ. અને સદ્ગુરુ બળરામદાસજી શાસ્ત્રી ડભાણમાં મંદિર કરતા હતા તેમને સદ્ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી વઢ્યા કે, 'મૂઆ મેલી દો, મેલી દો; મરી જાશો.' આપણા આચાર્યજી શ્રી કેશવપ્રસાદજી મહારાજે વાર્યા તોપણ સ્વામી તો વઢ્યા. એ પુરુષ સર્વદેશી ખરા.''

''વખત અત્યારે કૃતઘ્નીનો છે. આપણા ભેગા હોય અને સાથ મેલીને આડા ચાલે. મુમુક્ષુને પણ આસુરીના શબ્દ આવે તો ધક્કો મારે એટલે મોક્ષના માર્ગથી પાડી નાખે; માટે જેના શબ્દ સારા હોય તેનો વિશ્વાસ રાખે તો તે બચે. આવો સમાગમ કરીએ છીએ, સુખ આવે છે, પણ મહીં ફાંટા પડી જાય તો મન જુદાં થઈ જાય.''

''મોટા પુરુષનો દ્રોહ થાય તો જીવ આસુરી થઈ જાય. મોટા પુરુષ તો કોપ કરતા જ નથી, પણ જીવ આફૂડો આસુરી થઈ જાય. જેમ એકને સો દીકરા હોય તેમાં એક અકર્મી હોય, તોપણ તેને માર્યાનો સંકલ્પ થતો નથી; તેમ મોટા છે તે અધમ જેવા જીવને વિષે પણ સારો સંકલ્પ કરે છે. જીવ માયાને લઈને તોફાન કરે છે. આપણે અહીં ચાર દિવસ રહેવું છે તે પૂરું કરી જાવું. સૌ ઉપર દયા રાખવી. 'દયા ધર્મ કો મૂળ હે.'''

પછી સભામાં પ્રસંગ નીકળ્યો જે, ''સાધુ માળા, માનસી પૂજા કરે છે? ધ્યાન કરે છે?''

ત્યારે સંત બોલ્યા જે, ''કોઈક કરતા હશે અને કોઈક નહિ કરતા હોય.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "ત્યારે શું મૂંડાવા સાધુ થયા હશે? આજ શ્રીજીમહારાજ સત્સંગમાં પ્રત્યક્ષ વિચરે છે, તેમને પાપી અસુર તે ન જાણે અને જ્ઞાની ને દૈવી હોય તે જાણે. શિવ, બ્રહ્મા અને સૌભરીની પ્રાપ્તિ તો જુઓ! ક્યાં તેમની પ્રાપ્તિ! ને ક્યાં આ પ્રાપ્તિ! આજનો પ્રતાપ તો અતિશે અપાર છે. બ્રહ્મા, શિવ અને વિષ્ણુ મળીને સૌ સૌનાં બ્રહ્માંડ ચલવે છે. તેવાં અનંત કોટિ બ્રહ્માંડના કર્તા હર્તા ઈશ્વર છે અને આપણને તો એ સર્વેથી પર મોટા મુક્ત ને મહારાજ તે મળ્યા છે." ॥૨૩૧॥

## વાર્તા ૨૩૨

સંવત ૧૯૮૧ના જેઠ સુદ-૪ને રોજ સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "ગુરુનો દ્રોહ કરે તેનું મુખ ન જોવું તેમ લખ્યું છે તેનું કેમ સમજવું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એ તો સેવકનો ધર્મ છે તે પ્રમાણે સેવકે વર્તવું."

પછી બહેચરભાઈને પૂછ્યું કે, "કેનું ધ્યાન કરો છો? જડનું, આત્માનું કે પરમાત્માનું?"

ત્યારે તે કહે કે, "પરમાત્માનું."

ત્યારે બાપાશ્રી કહે જે, "અનાત્મા કોને કહીએ?"

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી કહે કે, "જેમ જીવ આગળ દેહ અનાત્મા; તેમ જ શ્રીજીમહારાજ આગળ અક્ષર સુધી અનાત્મા કહેવાય."

ત્યારે બાપાશ્રી કહે કે, "ભલે મહારાજ."

પછી બહેચરભાઈએ પૂછ્યું જે, "એવી કઈ પ્રાર્થના છે કે જે પ્રાર્થના ન કરીએ તો ખોટ કહેવાય? અને પ્રાર્થના કરીએ તો અંતર્યામી જાણ્યામાં ફેર કહેવાય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “ભગવાન નહિ જાણતા હોય? ‘તનકી જાણે મનકી જાણે, જાણે ચિત્તકી ચોરી, ઈનકી પાસે ક્યા છુપાઈએ, જીનકે હાથમેં દોરી.’ પ્રાર્થના કરે તે સકામ કહેવાય. આપણે પાત્ર થાશું તો એની મેળે સુખ આવશે. આપણે માગીએ તો ગઢડાવાળી ડોશી માફક થાય. દાદા ખાચરને કહે કે, ‘છાણાં આપું, પણ ગઢડાનાં ચારે નાકાંનું ગોબર હું મેળવું.’ એ વસ્તુ આપણે મોટા પાસે માગીએ, તે આપણાથી તો મંગાય જ નહિ. ઝવેરી હીરાનું પારખું કરે. અક્ષરધામની, મૂર્તિના સુખની ને મોટાની ગતિની શું ખબર પડે? માગતાં માગતાં અધૂરું મંગાઈ જાય. માગવામાં ફળની પ્રાપ્તિ થઈ જાય, તે ફળ તો અક્ષરધામમાં છે જ નહિ. ફળ તો આપણે જોઈએ નહિ. મોટા મોટા કહી ગયા કે મૂર્તિનું સુખ પણ ન માગવું, કાંઈ ન માગવું. આ વખતે ભૂલ્યા ત્યારે ભૂલ ક્યાં કાઢશો? માટે ભગવાન પાસે શું માગવું?”

“એક રાજાના કુંવરને કાષ્ટનું પારણિયું જોઈતું હતું, તે બીજાં સોનાનાં આવ્યાં તે ન લીધાં ને એક વહોરાને ત્યાંથી તે લાવી આપ્યું તેણે રમવા મંડ્યા. તેમ માગી માગીને કાષ્ટનું પારણ્યું માગીએ ને સોનાનું રહી જાય; માટે માગવું નહિ. માગતાં આવડે નહિ. અપાર સુખ મહારાજનું છે તે કોણ લે? હાથ જોડીને વિનંતી કરવી ને પાત્ર થાવું, પણ માગવું તો નહિ જ. મહારાજ કેમ પ્રસન્ન થાય તે તપાસી પ્રસન્નતાનાં સાધન કરવાં. મૂર્તિનું સુખ માગવું એ પણ સકામ. ભગવાન કને આપણે માગીએ તેવી વસ્તુ શું હોય? એ તો ઢગલા ને ઢગલા છે. માગીએ તો મૂર્ખ કહેવાઈએ. જે માગીએ તે પ્રકૃતિની માંહેલું માગીએ.”

“મૂર્તિનું સુખ અપાર, અપાર અને અપાર! તેનો કોણ પાર લે? હાથ જોડી વિનંતી કરીએ તો સુખિયા કરી દે. માગવું તો નહિ જ. માગ્યામાં તો ભગવાન ખોટા પડી જાય. ‘આ મનુષ્યરૂપ છે તે મને તેજોમય દર્શન દેતા નથી’ એમ જાણે તે ચંડાળ છે. માટે મહારાજની મૂર્તિને જોવા મંડ્યા રહેવું; તો મહારાજ જાણે જે આ બિચારો મંડ્યો છે તો મહારાજ ઝળેળાટ દર્શન આપે. મંડ્યા રહો તો મહારાજ ને મોટા

રાજી થાય છે. માગે ત્યારે સભા હસે છે કે મહારાજ નહિ જાણતા હોય? હું તો પાકો સિદ્ધાંત કહું છું. માલની કિંમત કેટલી? પ્રસન્નતા મંગાય અને પ્રસન્ન થાય એવી ક્રિયા કરવી. મોટો આત્યંતિક મોક્ષનો ઘંટ વાગે ત્યારે 'નારાયણ હરે' કરીને ખોળો ધરે તો પાલી કે બે પાલી આપે, વધુ ન આપે.''

પછી શિવલાલભાઈએ પૂછ્યું જે, ''વ્યવહારની વાત પૂછવી કે કેમ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''પોતાના દોષ હોય તે કહેવા અને પ્રાર્થના કરવી. મોટા મોટા કહે છે કે માયિક ન માગવું; દિવ્ય માગવું, તે પાત્ર થઈને માગવું. બહિર્ભૂમિ જતાં આવડતું ન હોય ને દિવ્ય માગવું તેથી કાંઈ પાત્ર થવાય? માંહી સંકલ્પ થયા કરતા હોય અને વળી મહારાજના કહેવાય. મહારાજે પણ કહ્યું છે કે, 'પાત્રની તારતમ્યતા પ્રમાણે સુખ મળે છે.' જેમ સોનાના પાત્રમાં સિંહણનું દૂધ રહે, પણ બીજામાં તો સ્રવી જાય, પણ રહે નહિ તેમ.''

પછી માસ્તર કેશવલાલભાઈને કહે જે, ''માસ્તર, માની કરો. માનીને ઓળખો છો?''

ત્યારે કહે જે, ''બાપા, હું નથી ઓળખતો.''

ત્યારે બાપાશ્રી કહે જે, ''એ તો મુસલમાનની બોલી છે કે મારો દીકરો સાજો થાય તો આભ જેસી માની પીરને ચઢાવું.'' ॥૨૩૨॥

## વાર્તા ૨૩૩

સંવત ૧૯૮૧ના જેઠ સુદ-૪ને રોજ સાંજના બાપાશ્રી સંત-હરિજનોએ સહિત લખાઈવાડીએ પધાર્યા. ત્યાં નાહીને માનસી પૂજા કરી, પછી આંબાના વૃક્ષ નીચે સર્વે બેઠા અને પ્રથમ પ્રકરણનું ૩૬મું વચનામૃત વંચાતું હતું.

પછી બાપાશ્રી બોલ્યા જે, ''મોટા શાહુકાર આગળ ઉકરડામાંથી

દાણા વીણી ખાતા હોય તે જેવા કંગાળ છે તેવા જ મોટા સંત આગળ જેને કચરો ને કંચન સરખાં ન હોય તેવા સાધુને કંગાળ કહ્યા છે. જડ અને ચૈતન્ય ભેગું કરે છે તેનું કેમ થાશે? આ વાંચતા નહિ હોય? આ દેહને-ચામડાને ભોગવવું, તેને ખવરાવો તોય શું? અને ન ખવરાવો તોય શું? દેહ મૂકી દીધો, ડાચું આમ ફાટી ગયું. એને વસ્ત્ર પહેરાવો તો તે શું શોભાવે? તે શું શબ શોભે? જે સાધુ જડ-ચૈતન્ય રાખે ને દેહને સુખી રાખે તે શબ શણગારવા બરોબર છે.''

"ત્યાગીને કૌપીન તો જરૂર જોઈએ. કૌપીન વિના ત્યાગી ફરે તે નગ્ન જાણવો. જડ રાખવું, ચૈતન્ય રાખવું, કૌપીન ન રાખવી એવા સાધુને શું મનમાં હશે? દ્રવ્ય રાખે તેવા ત્યાગીને મહારાજે પાપી કહ્યો છે, માટે એ માર્ગે ન ચાલવું. ગુરુ હોય તો પડ્યો ખાડમાં, ચેલો હોય તો ગયો બીજા નર્કમાં; આપણે આપણું સાચવવું. વૈતરણી જેવી નદી વહેતી હોય તેમાં કોઈ પડે? આ જીવના સ્વભાવ ઊંધા છે તે દુઃખ દે. એ પૈસા રાખનાર શું સમજતા હશે? તે પોતાને ત્યાગી માનતા હશે? પોતાના સ્વભાવ ન મેલાય, પ્રકૃતિ ન મેલાય, મદોન્મત્ત થઈને ફરે અને વળી મોટા મોટાની ખોટ કાઢે. આ ગૃહસ્થ આમ કરે છે, સાધુ આમ કરે છે, તે શું સમજીને કહેતા હશે? શું મોં દેખાડીને ફરતા હશે?''

પછી પ્રથમ પ્રકરણનું ૩૭મું વચનામૃત વંચાવ્યું, તેમાં જેવા-તેવાની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જેવો-તેવો એટલે જેની ક્રિયા સત્સંગની શૈલી પ્રમાણે ન હોય તે. રત્ના ભક્તને જમતાં-બોલતાં ન આવડે. તેમના દીકરા માવજી લડતા જે, 'બાપા, તમને ખાતાંય નથી આવડતું.' શાક જમે તે મોંમાંથી પડી જાય, ખીચડી પણ પત્તરથી પડી જાય એવા હતા. એવાને જેવો-તેવો કહ્યો છે. પછી તે (માવજી) શ્યામચરણદાસજી નામે સાધુ થયા. તે ઘેર હતા ને માંદા થયા હતા ત્યારે ફકીરે આવીને તેની ડોશીને કહ્યું જે, 'તમારો માવજી મરશે નહિ.' ત્યારે

કહે કે, 'નક્કી નહીં મરે? જો ન મરે તો લખી દે જે નહિ મરે; નહિ તો નીકળ ઘર બહાર.' એમ કહીને ઘર બહાર કાઢી મૂક્યો. એવાને કાળ થકી, કર્મ થકી, માયા થકી રક્ષા મહારાજ કરે છે. જેમ મા-બાપ બાળકને નાગ, વાઘ, અગ્નિથી જાળવે તેમ એનું પ્રારબ્ધ મહારાજ છે તે જાળવે છે; એમ મહારાજે કહ્યું છે. આવા હોય તે જેવા-તેવા જાણવા. મહારાજ કહે એવાના પગની રજ અમે માથે ચઢાવીએ છીએ. તે ગઢડામાં શ્રીજીમહારાજ સાધુના પત્તરમાંથી પ્રસાદી લઈને જમી ગયા, એમ સંતનો મહિમા દેખાડ્યો."

પછી પુરાણી ધર્મકિશોરદાસજીએ પૂછ્યું જે, "જડ-ચૈતન્ય ત્યાગ કરે તેને મિનિટે મિનિટે મૂર્તિનું બહુ સુખ કલ્પેકલ્પ સુધી રહે કે કેમ?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "શ્રીજીમહારાજની મૂર્તિમાં સુખનું ભોક્તાપણું નવું ને નવું રહે ને અપારપણું રહે. જે મહારાજની મૂર્તિનો સુખભોક્તા થયો તેને ઝળળળ ઝળળળ મૂર્તિનું તેજ છૂટે. પૂરું ન થવાય કે હવે જમી રહ્યા. કલ્પેકલ્પ વીતી જાય ત્યાં સુધી અપારપણું રહે. મહારાજની શું મોટાઈ કહેવાય? એ સુખ એવું છે કે અપારપણું જ રહે." ॥૨૩૩॥

## વાર્તા ૨૩૪

સંવત ૧૯૮૧ના જેઠ સુદ-૫ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "લાખ વર્ષ હરજિનોએ અને સાધુએ તપ કર્યાં હશે ત્યારે આવા બ્રહ્મચારી (નિર્ગુણાનંદજી) મળ્યા હશે. કરસન ભક્ત શિક્ષાપત્રીનો પાઠ કરતો જાતો હતો, તે ચોપડીમાં સો રૂપિયાની નોટ હતી તે નીચે પડી ગઈ, તે કોઈક સાધુએ દબાવી દીધી. તે કણબીને તો રોજના આઠ દોકડા જ મળે, પણ એથી વધુ ન મળે; તો સો રૂપિયાની નોટ તો મારી દે. તેને કેટલું દુઃખ થયું હશે?"

પછી વાત કરી જે, "ભૂતક્રિયામાં મહારાજ એકે સેવા અંગીકાર કરે નહિ. ભૂતક્રિયા એટલે શૌચ ન જાવું તે. માટે નાહી-ધોઈને પૂજા

કરવી તેમ વચનામૃતમાં કહ્યું છે.''

એમ કહીને હસ્યા કે, ''શૌચવિધિ તે તો સત્તરમું સાધન કહેવાય. બહાર જવાનો સંકલ્પ હોય અને બહિર્ભૂમિ ગયા વિના નાહીને પૂજા-સેવા કરે તે દેવ અંગીકાર ન કરે; જરા પણ સેવા આટલીયે અંગીકાર ન કરે. દેવ જેવો થાય ત્યારે જ દેવ પૂજા અંગીકાર કરે. તે દેવ એટલે દિવ્ય સમજવું. કોણ પૂજા એની અંગીકાર કરે? એનો બાપ. બાપો (મહારાજ) તો પરો ભાગી જાય! અને મંદિરના ખાડે હજાર માળા ફેરવે તેનાથી જવાય. આ ગૃહસ્થને પણ શિક્ષા છે. લાભ કઈ સેવામાં વધુ છે? લાભની વાત લેવી. મહારાજ અને મોટા તો જાણે છે. તનકી, મનકી, ચિત્તકી સર્વે જાણે છે.''

એમ કહીને પછી બોલ્યા જે, ''મહારાજની સ્મૃતિ રાખતાં રાખતાં વૃત્તિ દિવ્ય થઈ જાય અને પછી તેજોમય ફુવારા ઝળળળ ઝળળળ દેખાય અને મૂર્તિ તેજોમય દેખાય. ટાણું સારું છે, પણ ઠરાવ બધા બહારવૃત્તિના.''

ત્યારે સંતે કહ્યું જે, ''અગમ-નિગમ દેખવું નથી, મૂર્તિનું સુખ દેખવું છે.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મહારાજ અને મોટાની કૃપા થાય અને એવો અભ્યાસ મૂર્તિ જોવાનો રાખે તો મૂર્તિનું સુખ મળે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચવિષય ટૂંકા કરવા. અને મલિન સત્ત્વગુણ આવી જાય તો મોટા કુરાજી થઈ જાય, માટે શુદ્ધ સત્ત્વગુણે વર્તવું. ગુણ આવી જાય તો ગુરુની સેજા (માઝા) ન રહે, માટે શુદ્ધ સત્ત્વગુણ રાખવા; મલિન ન રાખવા. શુદ્ધ સત્ત્વગુણ રાખે (નાખે અદાવત ને દિયે ગાળ્યું તેને ભક્ત સમજે છે દયાળુ) તે શબ્દની કિંમત ન કરે. સદાનંદ સ્વામીને નાગડા વૈરાગીએ લાકડીથી માર્યા તે લાકડી ભાગી ગઈ તોય 'મેરે ગુરુભાઈ કી અચ્છી સીસમ કી લકડી ભાગ ગઈ' એમ બોલ્યા; પણ પોતાને વાગ્યું તે ગણ્યું નહિ. દેહને વાગ્યું તે 'દેહ તો કુછ કામકા

નહિ હે' એમ બોલ્યા. માટે એવા થાવું. ઇંદ્રિયો જાગૃત-સ્વપ્નમાં નિયમમાં ન રહે; પાડા જેવી થઈ જાય અને ઉપવાસ ભૂસોભૂસ પાડે; માટે નિયમમાં રાખવી."

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "બીજા પ્રશ્નમાં બહાર અથવા માંહીલી કોર ભગવાનની મૂર્તિ સામી વૃત્તિ કરવી એ જ અંતર્દષ્ટિ કહી તે બહાર-માંહી કેવી રીતે સમજવું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "પોતાને દેહરૂપ માનીને સન્મુખ મૂર્તિ ધારે તે બહારદષ્ટિ કહેવાય અને વૃત્તિઓ પાછી વાળીને આત્માને વિષે મૂર્તિને ધારે તે અંતર્વૃત્તિ કહેવાય (એ અવરભાવનો અર્થ). અને પોતાને પુરુષોત્તમરૂપ માનીને સન્મુખ મૂર્તિ જુએ તે મૂર્તિથી બહાર રહીને કહેવાય, અને મૂર્તિની અંદર રહીને મૂર્તિને જુએ તે માંહી રહીને કહેવાય (એ પરભાવનો અર્થ). માટે આ ઠેકાણે માંહી અથવા બહાર જુએ તે અંતર્દષ્ટિ કહી તે મૂર્તિની માંહી એ પરભાવમાં અને મૂર્તિથી બહાર રહીને જુએ એ અવરભાવમાં એમ કહ્યું છે." ॥૨૩૪॥

## વાર્તા ૨૩૫

સંવત ૧૯૮૧ના જેઠ સુદ-૬ને રોજ સભામાં પ્રથમ પ્રકરણનું ૫૧મું વચનામૃત વંચાતું હતું, તેમાં વાત આવી જે પુરુષોત્તમની દષ્ટિએ જોઈએ ત્યારે પુરુષોત્તમ સિવાય બીજું કશું દેખાતું નથી.

પછી કરાંચીના સોમચંદભાઈએ પૂછ્યું જે, "તે દષ્ટિ નેત્રદ્વારે હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "પુરુષોત્તમની મૂર્તિમાં આપોપું કરીને એટલે મૂર્તિમાં આત્માને લીન કરીને પુરુષોત્તમના નેત્રે કરીને જુએ તે પુરુષોત્તમની દષ્ટિએ કરીને જોયું કહેવાય."

પછી કરાંચીના શેઠ હીરાલાલભાઈએ પૂછ્યું જે, "પુરુષોત્તમને વિષે લીન કેમ થવાય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "શ્રીજીમહારાજ પોતાને વિષે અતિ સ્નેહવાળા ભક્તને પોતાની મૂર્તિને વિષે દૂધમાં સાકરવત્ રાખે છે."

ત્યારે તેમના ભાઈ શેઠ સાંવલદાસભાઈએ પૂછ્યું જે, "દૂધ ને સાકર તો નિરાકાર છે ત્યારે ભગવાન ને મુક્ત તે સાકાર હશે કે નિરાકાર હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "શ્રીજીમહારાજ ને એમના મુક્ત સદા સાકાર છે ને શ્રીજીમહારાજ ભક્તના ચૈતન્યને સાકાર કરીને પોતાની મૂર્તિમાં ચરણમાં ચરણ, હાથમાં હાથ, મસ્તકમાં મસ્તક, શ્રોત્રમાં શ્રોત્ર, ચક્ષુમાં ચક્ષુ એમ સર્વ રીતે દરેક અવયવે અવયવમાં રાખે છે."

પછી અમદાવાદના સોમાભાઈએ પૂછ્યું જે, "આ વચનામૃતમાં કહ્યું જે, 'ભગવાનનો મહિમા સંતના સમાગમે કરીને સમજાય છે'; ત્યારે ભગવાન થકી ભગવાનનો મહિમા સમજાય કે નહિ?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "ભગવાન પ્રત્યક્ષ મળે તો ભગવાન પોતાનો મહિમા સમજાવે અને સંત મળે તો સંત સમજાવે તે સંત દ્વારાએ પણ ભગવાન જ સમજાવે છે; માટે ભગવાનનો મહિમા ભગવાન થકી જ સમજાય છે એમ જાણવું."

પછી જેતપુરવાળા ગોવિંદભાઈએ પૂછ્યું જે, "હીરે કરીને હીરો વીંધાય છે એમ કહ્યું તે બે હીરા કિયા સમજવા?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એક હીરો મહારાજ અને સંત, અને બીજો હીરો મુમુક્ષુ. તે ધ્યાન કરતાં મહારાજના મસ્તકમાં મસ્તક, હાથમાં હાથ એમ રસબસ રહેવાય ત્યારે હીરો વેંધાણો કહેવાય."

પછી વાત કરી જે, "ઝાલાવાડના રામપરામાં સ્વામી બાલકૃષ્ણદાસજી વાતો કરી સર્વોપરી ઉપાસના કરાવતા. પાછળથી બીજા બ્રહ્મચારી આવે તે ડોળી નાખે એટલે મહારાજની ઉપાસના દૃઢ થવા દે નહિ. એવાં ક્રિયમાણ કરે તેનું ફળ ભોગવવું પડે. ક્યાં તમે! ક્યાં અમે!

'કીડી અને કુંજરનો મેળાપ, જીવન જાણું છું.' સરત રાખજો, બાપા! ખાધાનાં ઠામણાં ફોડી દેશે. હમણાં સૈયદ આવ્યો છે તે બધાં ત્યાં દોડે છે, પણ આ સંતો આગળ કોઈ ન દોડે. રોગ તમે ટાળો એવા છો, જો તમારું શરણું લઈએ તો. ભક્ત તો બધાય કહેવાય, અતિશૂદ્ર પણ કહેવાય અને સૈયદ પણ કહેવાય. પણ તેમાં શું વળે? જ્ઞાન થાય તો અનંત જન્મનાં પાપ કાઢી નાખે."

પછી રસોઈ વિષે વાત કરી જે, "ઇંદ્રિયોને લાડ લડાવવા તેમાં શું માલ છે?"

ત્યારે પુરાણી ધર્મકિશોરદાસજીએ પૂછ્યું જે, "એવી પ્રવૃત્તિ અમારે બહુ હોય છે તો કેમ કરવું?"

ત્યારે બાપાશ્રી કહે કે, "દાળ-શાક વરે, પણ લાડુ થોડા વરે. અહીં ગોવિંદપ્રિયદાસજી આવ્યા ત્યારે રસોઈ આપનારે શીરામાં ખૂબ ઘી નંખાવ્યું, ત્યારે તેમણે શીરો બગાડી દીધો એવો તેમનો વૈરાગ્ય હતો. વાસના વિના જીવ રહી ન શકે. શું કરીએ? અમે છોકરાને માયામાં બંધાવા દેતા નથી. અમારો તો સિદ્ધાંત એવો છે જે અમને ઓળખે, વળગે તેને માયામાંથી બચાવી લઈએ. આ ગામ કમળની પેઠે ખીલી રહ્યું હતું, તેમાં એક કહે 'ત્રો', બીજો કહે 'ધ્રો', ત્રીજો કહે 'મો', એમાં શું કરવું કહો? ચોખ્ખો ચૈતન્ય દિવ્ય છે, પણ સંગદોષ લાગી ગયો. દિવ્ય થયો, પુરુષોત્તમરૂપ થયો, તે સાચો હતો ત્યારે થયો ને? પણ સંગદોષથી અવરાઈ ગયો. કાળો હતો તે ગોરો થયો, લાંબો થયો, પછી ટૂંકો થયો. કહો કેવો થયો? બીજ સાચું છે તે માયામાંયે ઊગે છે અને વળી આવા જોગમાંય ઊગે છે. ચાલતાં ક્યાંઈક આંખો મીંચાઈ જાય અને કોઈકનું અભરું પણ દેખાડી દે; તે ભગવાનના ભક્તે વિચારવું. સંગદોષ મોટાનો મહિમા સૂઝવા દેતા નથી."

એમ કહી બીજી ઘણીક વાત કરી.

પછી બોલ્યા જે, "જીવમાં સત્સંગ હોય તો સત્સંગનું અભિમાન

રહે.''

તે ઉપર કેશવલાલભાઈ (અમદાવાદવાળા)નો હાથ ભાંગ્યો તે વાત કરી.

ત્યારે કરાંચીના શેઠ લાલુભાઈ બોલ્યા જે, ''ભુજના સાધુ એવું ન કરે.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એ તો અમારા દાબે દબાઈ રહ્યા છે, પણ અમે નહિ હોઈએ ત્યારે જોજો. એ તો મોટા રાજાને પણ ગણે નહિ એવા છે અને ન કરવાનું કરી નાંખે એવા છે.'' ॥૨૩૫॥

## વાર્તા ૨૩૬

સંવત ૧૯૮૧ના જેઠ સુદ-૬ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો પહેલી વાડીમાં નાહવા પધાર્યા. ત્યાં નાહીને જાંબુના વૃક્ષ નીચે બેસી સર્વેએ માનસી પૂજા કરી અને સર્વે બેઠા. પછી પ્રથમ પ્રકરણનું ૫૬મું વચનામૃત વંચાવ્યું તેમાં ધ્રુવજીએ નારાયણ અસ્ત્રે કરીને એક લાખ ને ત્રીસ હજાર યક્ષ માર્યા એ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એ ધ્રુવજીએ જે યક્ષને માર્યા તે યક્ષનું નરનારાયણના પ્રતાપથી કલ્યાણ થઈ ગયું. ભગવાનનો અને ભગવાનના ભક્તનો એવો પ્રતાપ છે.''

પછી માનની વાત આવી, ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''માન જીવનું બહુ બગાડે છે. 'સાધન સર્વે માન બગાડે પળ વિષે.' માન બધાંય સાધન બગાડી નાખે તોપણ તે માન મુકાય નહિ. મરેલામાંય માન હોય છે. 'કનક તજ્યો, કામની તજ્યો, તજ્યો ધાતુકો સંગ; તુલસી લઘુ ભોજન કરી જીવે માન કે રંગ.''' એ સાખી બોલ્યા.

પછી ભાવનગરના હરગોવનભાઈએ પૂછ્યું જે, ''મરેલા એટલે કેવા જાણવા?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ઘરબાર-સંસાર મૂકીને ત્યાગી થાય

તોપણ માન રહી જાય તે. માનીથી સંતની સેવા પણ ન થાય. માનને લીધે સાત મન્વંતર સુધી નારદજીએ ગાનવિદ્યા શીખવા દાખડો કર્યો. મોડાં-વહેલાં માન, લોભ, ક્રોધ, મત્સર, ઈર્ષ્યા, અસૂયા કાઢવાં જોઈશે. એ જાય તો જીવાય કેમ?''

પછી એક સંતને કહે જે, ''આમાનું તમારાથી કાંઈ નહિ નીકળે; તમે એમાં માલ જાણ્યો છે, પણ કરડી ખાય એવો છે. મોટાને જીવ સોંપે તો સર્વે જાય, પણ જીવ સોંપાય નહિ એટલે તે જાય નહિ. નિર્માનીપણાનું માન આવે, દાસત્વપણાનું માન આવે; જે મૂર્તિમાં રહે તેને તો કાંઈ ન રહે. એને તો શાંતિ, શાંતિ રહે ને મહારાજનું સુખ આવ્યા કરે. આ ભેળા થયા છીએ તે શું કરવા થયા છીએ? માટે તેને આવવા દેવું નહિ. સાવ ગરીબ રાંકડું હોય તેને પણ વખાણે તો ફૂલી પડે. એ માન મુકાશે ત્યારે સુખી થવાશે; તેનો લોભ રાખશે તો સુખી નહિ થવાય.''

પછી સંતે કહ્યું કે, ''એવું રાખવાની તો ઈચ્છા કોઈને નથી.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જોગે કરીને નીકળે, પણ સાંભળેથી અને કહેવેથી ન નીકળે; ખટકો રાખીને કાઢે તો નીકળે. નારાયણ ભક્ત રાજકોટમાં કોલ પીલવા ગયા, ત્યાં એક બાવો મુનિ થઈને બેઠો હતો તે બોલે કે જમે નહિ, ને કોઈ બે રૂપિયા મૂકે તો મોં ફાડે ને મોંમાં રાખી મૂકે અને ઝોળીમાં રાખ રાખી મૂકે. એક દિવસે રાત્રિએ કૂતરે આવીને ઝોળી ફાડી ત્યારે બાવાએ તે કૂતરાને મારી કાઢ્યો. તે વખતે નારાયણ ભક્તે બૂમ પાડી જે, 'મૂનિ બાવાને કૂતરે બોલાવ્યા!'''

એ વાત કરી ત્યારે સંત બોલ્યા જે, ''અમારા બધાય શત્રુ કહાડી મૂકજો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તમે તો કચ્છમાંથી બધાય લઈ જજો.''

ત્યારે સંત બોલ્યા જે, ''તમારે શરણે આવ્યા છીએ માટે

ઉગારો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''બધાયના સરદાર થઈને જાણે બેસીએ ને બધાયને નિયમમાં વર્તાવીએ તેમ કાંઈ ટળે? જો મેલવા માંડીએ તો બધાય દોષ ટળી જાય. કાઢવા માંડે તો છ મહિનામાં નીકળી જાય ને મૂર્તિ આમ ઈદમ્ દેખાય. તમે અહીં શા સારુ આવ્યા છો તે કહો. બધુંય સારું થશે. મારી-કૂટીને બેસારી દેશું અને મૂર્તિનું સુખ આપીશું.'' ॥૨૩૬॥

## વાર્તા ૨૩૭

સંવત ૧૯૮૧ના જેઠ સુદ-૭ને રોજ સાંજના બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો લખાઈવાડીએ નાહવા ગયા. નાહીને આંબાના વૃક્ષ નીચે બેસીને માનસી પૂજા કરી.

પછી બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, '''આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ' એ ચાર પદ છે, તેમાં પાછલાં બે પદ 'મારું ધામ છે રે અક્ષર અમૃત જેનું નામ' શ્રીજીમહારાજ બોલ્યા છે, અને આગલાં બે પદ 'આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ' પ્રેમાનંદસ્વામી બોલ્યા છે.''

પછી પ્રથમ પ્રકરણનું ૨૪મું વચનામૃત વંચાતું હતું, તેમાં પ્રણવ ને નાદની વાત આવી.

ત્યારે સાધુ અક્ષરજીવનદાસે પૂછ્યું જે, ''પ્રણવ અને નાદ શું હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જેમ અગ્નિનો ભડકો જબરો હોય તેનો ઘોષ થાય છે તેમ શ્રીજીમહારાજની મૂર્તિમાંથી તેજ ઝળેળાટ નીકળે છે તેનો ઘોષ થાય છે તે પ્રણવ અને નાદ કહેવાય.''

ત્યાર પછી વાત કરી જે, ''વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ જાણવા જોઈએ. જેમ કે એક પટેલ પૂજા કરતો હતો તેને ઘેર એક જણે આવી

પૂછ્યું જે, 'પટેલ ક્યાં ગયા છે?' ત્યારે તેના દીકરાની સ્ત્રીએ કહ્યું જે, 'પટેલ ચમારવાડે ગયા છે.' ત્યારે તે કહે જે, 'હું પૂજા કરું છું અને એમ કેમ કહો છો?' ત્યારે બાઈ બોલી જે, 'તમે ચામડું લેવા જવાનો સંકલ્પ કરો છો ને?' ત્યારે કહે જે, 'હા, ખરું.' એમાં પૂજા કરતા હતા તે વાચ્યાર્થ છે અને ચમારવાડે ગયા છે એ લક્ષ્યાર્થ કહેવાય. શ્રીજીમહારાજની મૂર્તિની સ્મૃતિ રાખતાં વાચ્યાર્થમાંથી લક્ષ્યાર્થમાં જવાય અને ત્રણે અવસ્થામાં મૂર્તિમાં તેલધારાની પેઠે સાક્ષાત્ જોડાઈ જાય એ લક્ષ્યાર્થ ખરો કહેવાય. લક્ષ્યાર્થ-વાચ્યાર્થ જ્ઞાન જાણવું જોઈએ. કેટલાક કથવા શીખે તેથી કાંઈ ન થાય.''

પછી તલ-ટોપરાંની તથા મગફળીની પ્રસાદી વહેંચી ને પછી કેશ ઉતરાવ્યા ને પછી નાહ્યા. પછી કેરીની પ્રસાદી વહેંચી ને વહેંચતાં બોલ્યા જે, ''થોડું જમ્યામાં ઘણું સારું રે બેની.'' એ ટૂંક બોલ્યા.

પછી અરસપરસ બાપાશ્રી તથા સંત-હરિજનોએ ચંદન ચર્ચ્યાં. પછી મળ્યા ને મંદિરમાં આવ્યા. બીજે દિવસે નીકળ્યા તે સંત-હરિજન સર્વે ગુજરાત તરફ આવતા હવા. ॥૨૩૭॥

## વાર્તા ૨૩૮

સંવત ૧૯૮૨ના માગશર માસમાં બાપાશ્રી પોતાના મોટા દીકરા કાનજીભાઈની તથા નાના દીકરા મનજીભાઈના દીકરા રામજીની આંખો સજ કરાવવા નિમિત્તે કૃપા કરી ગુજરાત દેશમાં પધાર્યા હતા ને સરસપુરના મંદિરમાં ઊતર્યા હતા. ત્યાં જે વાતો કરી છે તે લખી છે.

સંવત ૧૯૮૨ના માગશર સુદ-૧૧ને રોજ સવારે શ્રી સરસપુરના મંદિરમાં સભામાં પ્રથમ પ્રકરણનું ૭૦મું વચનામૃત વંચાતું હતું, તેમાં નિશ્ચયની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આજ સત્સંગનું ખુંદ્યું ખમે તે આત્મનિષ્ઠા કહેવાય. અને જો આત્મનિષ્ઠા ન હોય તો અપમાન થાય ત્યારે મંડળ મૂકીને બીજે જાય અને ત્યાં અપમાન થાય તો એથી પણ

બીજે જાય. અને જો આત્મનિષ્ઠા ખરેખરી હોય તો આચાર્ય, સાધુ, હરિજનનો અવગુણ ન આવે ને પદાર્થ સારુ ભડાભૂટ ન કરે. જો આવો નિશ્ચય શ્રીજીમહારાજનો કર્યો હોય તો 'મેરે તો તુમ એક આધારા, તુમ બીન સબ જગ ઝરત અંગારા' એવું થાય."

"'અક્ષર પર આનંદ ઘન' એટલે અક્ષરથી પર આનંદઘન જે પોતાનું તેજ તેમાં શ્રીજીમહારાજ પોતાના મુક્તો સહિત રહે છે. ત્યાં તેજના ફૂવારા છૂટે છે, તેમાંથી ખુશબો આવે છે તે ખેંચીને મૂર્તિમાં લઈ જાય છે; માટે તે મૂર્તિમાં રસબસ થઈ રહેવું. ભક્તિ-સેવા કરીએ તેમાં મહારાજ ભેગા ને ભેગા રહે એવી રીતે કરવી. રસ તો એનો એ છે, પણ કડવો લાગે છે. વાંચીને કહી જઈએ, પણ તે તરત રહેતું નથી તેમ વર્તાતું પણ નથી. જીવમાં મહારાજનો સાક્ષાત્કાર કરવો; તો ડખા-બખેડા થાય નહિ. દેહાભિમાન હોય તો મોટા અનાદિમુક્તનું પણ અપમાન કરી નાખે. જો આત્મનિષ્ઠા થઈ હોય તો બધું દિવ્ય થઈ જાય અને મોટાને વિષે મનુષ્યબુદ્ધિ આવે નહિ. સ્થૂળ, સૂક્ષ્મ ને કારણમાં મૂર્તિમાંથી વૃત્તિ ડગે નહિ ત્યારે પરિપૂર્ણ નિશ્ચય થયો જાણવો."

"સાધન ઉપર બહુ તાન થઈ જાય તો મહારાજને ભૂલી જવાય, પણ જે વસ્તુ ખપે તે વસ્તુ ઉપર તાન રાખવું. નિશ્ચયની વાત અટપટી છે. કહેતાં બીક લાગે છે; કેમ જે અવતારાદિકમાં વૃત્તિ જાતી રહે ને બીજે પણ જાતી રહે. આ મહારાજે ધર્મધુર માર્ગ બાંધ્યો છે. સાધનમાં દહાડો જતો રહે, કથા-કીર્તનમાં દહાડો જતો રહે, પણ તેમાં કાંઈ ન વળે ને સુખ પણ ન આવે. મૂર્તિમાં જ સુખ છે. ભુજમાં અમૃતબાઈને સાધનમાં તાન હતું, તે આ લોકમાં તો વિખ્યાતિ થાય, પણ વળે કાંઈ નહિ. સાધન તો પોતાના પતિને રાજી કરવા સારુ જ કરવાં, પણ તેનો ભાર ન રાખવો. નિશ્ચયરૂપી પાયો પાકો જોઈએ, હલર-વલર કરવું નહિ."

"ધ્યાન-ભજનમાં તાન રાખીને મૂર્તિ સિદ્ધ કરવી જોઈએ. ધણી

હાથ આવે તો રસના આદિકમાં તાન રહે નહિ. 'વાલા એ રસના ચાખણહાર છાશ તે નવ પીએ રે લોલ' જો મૂર્તિનો રસ ચાખ્યો હોય તો બીજા કોઈ પદાર્થમાં તાન રહે નહિ. ખોળીએ તો એ વસ્તુ આ જ છે. કેમ હશે કે નહિ હોય?''

ત્યારે સંત બોલ્યા જે, ''છે.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''કોઈ ક્યાંય ને કોઈ ક્યાંય, જગન્નાથ આદિકમાં ભટકે. કેમ છે કોચબીન? ધોતિયાં પહેરવાની કે ખાધા-પીધાની ખબર નહોતી તે હવે થાવા માંડી છે, તેની ખબર રાખજો. માયા જગ-ઠગણી છે, એમ જાણીએ તો ફેર પડતો જાય છે. કાલે સાધુએ કહ્યું જે, 'અમને ન તેડ્યા', તે દેહાભિમાન બોલાવે છે. સમૈયા પામર અને વિષયીને પણ સમાસકર્તા છે. એકાંતિકને તો પરભાવ ને અવરભાવ એક જ છે. અને ખાવા-પીવામાં માન-મહોબતમાં લેવાય તે પામર અને વિષયીનું લક્ષણ છે. એ સત્સંગમાં અભાવ લઈ લે છે, એ ધર્મરાજાના ઘરના અધિકારી છે.''

''આપણો સિદ્ધાંત શો છે કે એનું પણ કલ્યાણ કરવું છે, જે એનું પણ ભલું થાજો. આજ સત્સંગમાં એવા મુક્ત છે જે સંકલ્પ માત્રે કરીને બ્રહ્માંડને ઊંધું કરી નાખે તોપણ પામર ને પતિત જીવનું માન-અપમાન સહન કરે છે; તે જીવોના રૂડા માટે છે. આપણે ભેગા થઈએ છીએ તે એ બધું ટાળીને મૂર્તિમાં જોડાવું છે, પણ 'ચલ બે રંડી હમ ખાખ બને હે' એમ ન થાવું. મૂર્તિમાં જોડાવું.''

''પાકો સત્સંગ થયો હોય તે કોઈ પદાર્થમાં ન જોડાય. કોઈ જાણે જે, 'હું પટેલ છું, દાક્તર છું, પંડિત છું', એ બધું મૂર્તિ મળે તો જાતું રહે. આજ એકાદશી છે તે કોઈ ઇંદ્રિય મૂર્તિ વિના બીજે ન જાય એ કરવું. કોઈ મુળીના અધિકારી થાશે, કોઈ અમદાવાદના અધિકારી થાશે, પણ 'સ્વામિનારાયણને ઘેર મોટા થઈએ તો ઠીક' એમ નથી થાતું. આ લોકમાં અધિકાર આવે તે તો રાખનાં પડીકાં છે. રસ આદિક પાપમાં

લેવાવું નહિ. સાધન કરી કરીને મોટા થયા એ તે કેવડા મોટા થયા? એમાં કાંઈ સુખ ન આવે. મહારાજની મૂર્તિથી એ સાધનો છેટાં રાખે.''

''આજ મોટા મોટા સત્સંગમાં બેઠા છે, તેમનો જોગ કરીને પૂરું કરી લેવું. આ સભા અક્ષરધામની જ છે અને ત્યાં જ વાતો થાય છે. શ્રીજીમહારાજે નરનારાયણના સમ ખાધા છે, માટે આ સભા અક્ષરધામની જાણે તો સુખના સમુદ્રમાં ઝીલે. દાસાનુદાસ થાય તો મૂર્તિમાં જોડાય. ત્રિવિધિના તાપ સહન કરીને મૂર્તિમાં જોડાઈ જાવું; તેમાં સુખ છે. જેમ દૂધ ને સાકર એકરસ થઈ જાય છે, તેમ મૂર્તિમા રસબસ થઈ જાય તો ત્રિવિધિ તાપ ન પડે. ગઈ કાલે સાધુ બોલવા મંડ્યા તે કાંઈ બોલ્યાની ખબર રહી નહિ જે અમે કોણ છીએ અને કહે જે, 'અમને યજ્ઞમાં તેડાવતા નથી.' તેમને અમે કહ્યું જે, 'યજ્ઞ તો નિત્ય થાય છે, જો કરો તો.' વાચ્યાર્થ કામ ન આવે, લક્ષ્યાર્થ હોય તો કામ આવે. ભગવાનના ભક્ત આજ્ઞા લોપે તેટલું દુઃખ અને પાળે તેટલું સુખ.'' ॥૨૩૮॥

## વાર્તા ૨૩૯

સંવત ૧૯૮૨ના માગશર સુદ-૧૨ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''આપણે મૂર્તિમાં રહેવું; મૂર્તિ મૂકવી નહિ. જો મૂર્તિ ભૂલ્યા તો ગોળીઓ આવે; માટે સભા સહિત મહારાજને પધરાવી લેવા. એકાંતિકથી પર પરમ એકાંતિક ને તેથી પર અનાદિ જુદા છે. 'મેં હું આદિ અનાદિ આ તો સર્વે ઉપાધિ.' આદિ તે આ બેઠા જો ઓળખો તો; અને અનાદિ તે અક્ષરધામમાં બેઠા તે. જો મહારાજ ભેગા હશે તો બધુંય છે. મહારાજને મેલીને મોટા થાવું તે તો કાંઈ કામનું નથી. કાંઈ માગવું કે સમાધિ-પરચા જોવા ઇચ્છવું તે સર્વે સકામ માર્ગ છે અને મુક્ત પાસેથી મૂર્તિમાં જોડાવા ઇચ્છવું તે નિષ્કામ માર્ગ છે.''

પછી પ્રથમ પ્રકરણનું ૩૬મું વચનામૃત વંચાવ્યું, તેની ટીકામાં વાત આવી જે, પૈસાવાળા ત્યાગીના મુખથી કથા સાંભળે તેણે ચાંદ્રાયણ

વ્રત કરવું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘બહેચરભાઈ, સાંભળો! હવે કેમ કરશો? પૈસા રાખે તેવા સાધુ થકી કથા ન સાંભળવી, તેમજ કાંઈ દેવું પણ નહિ. પૈસા રાખે તેના પર શ્રીજીનો કુરાજીપો થઈ જાય અને મોટું પાપ લાગે. ઘર શું મૂંડાવવા મૂક્યું? બે વાતના તો હરામના સમ ખાઈને બેઠા; માટે તેનો તો વિષ્ટાની પેઠે ત્યાગ કરવો. એ પાપનો ત્યાગ કર્યા વિના સાધન કરે તોપણ એને કાંઈ પહોંચે નહિ. આ વાત સર્વે ધ્યાનમાં રાખજો. આવું ને આવું ધ્યાનમાં રાખજો. એમાં ધજ કહેવાશે; અભરું નહિ કહેવાય. અન્ન-વસ્ત્રનો ટોટો નથી, લાડુ ને ગાડું તૈયાર છે, તોપણ વચમાં બીજું ખપે. વળી બધુંયે મેલ્યું તેમાં શું મેલ્યું? બે વસ્તુમાં બધુંય આવી ગયું. સ્વામિનારાયણની આજ્ઞા પાળીએ તો બધુંય આવી ગયું. અમારે ત્યાં એક નીકળ્યો તે રખડે છે. એને કોઈ આશ્રમમાં રાખ્યો નથી.’’

‘‘મોટાનું સુખ કેટલાક છેટે રહ્યા હોય તે પણ લઈ શકે છે અને ઘણાક સમીપમાં રહ્યા હોય, પણ એ સુખ લઈ શકતા નથી; જેમ ગાયનું વાછરડું છેટે રહ્યું હોય તોપણ દૂધનો સ્વાદ લે છે અને ઈતરડી આઉમાં રહીને પણ એ સ્વાદ લઈ શકે નહિ તેમ. એનું કારણ દેહાભિમાન છે તેથી એ માર્ગ જડતો નથી. સત્સંગમાં એવાં રત્ન પડ્યાં છે કે તેમને ઓળખીને જોગ કરે તો અક્ષરધામમાં લઈ જાય.’’ ॥૨૩૯॥

## વાર્તા ૨૪૦

સંવત ૧૯૮૨ના માગશર સુદ-૧૩ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ‘‘મુક્તજીવનદાસજીના ડોસા કલ્યાણ ભક્ત હતા તે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ કચ્છમાં પધાર્યા હતા અને ઢોલિયે વિરાજ્યા હતા તેમને કહે જે, ‘આ શ્રીજીમહારાજ છે.’ પછી તે તેડવા આવ્યા ત્યારે તે બોલ્યા જે, ‘આ ખાટલાવાળા ભગવાન મને તેડવા આવ્યા છે.’ એવા ભક્ત હતા; તેમના જેવા થાવું. અમારા ગામમાં એક

કૂવો હતો તેમાંથી અયોધ્યાપ્રસાદજી મહારાજ પાણી પોતે સીંચીને નાહવા મંડ્યા એવા એ આચાર્યજી હતા. વાહ રે વાહ! અયોધ્યાપ્રસાદજી મહારાજ! તેઓ કારણ જે મહાપ્રભુજી તેમના સુખને સુખ માની તે સુખે સુખિયા રહેતા, તો ખારા-મોળાની ખબર નહોતી ને દૂધપાકમાં મીઠું જમી ગયા.''

''દેહાભિમાન હોય તો ચેલા કહે જે, 'સ્વામી! ઊઠો, પાણી થયું છે', ત્યારે સ્વામી નાહવા ઊઠે. માટે કારણમાં સુખ માનવું ને કારણ હાથ રાખવું. અમારે ગામ શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ પધાર્યા તે છ ઘોડાની ગાડી હતી, તેમાં એક ઘોડો માંદો થયો તે બીજો લઈ આવ્યા ત્યારે ગામમાં પેઠા. આજ તો કાર્યમાં સુખ મનાય છે. તેમને અમે કહ્યું જે, 'અયોધ્યાપ્રસાદજી મહારાજ બળદની ગાડીમાં એકલા આવ્યા હતા', પછી તે હસ્યા.''

''જડ નડે છે. એક સાધુ બારની સાલમાં આવ્યા હતા, તેમને એક હરિજને રૂપિયા પાંચ દીધા, તેમને અચ્યુતદાસજી સ્વામીએ પ્રાયશ્ચિત્ત કરાવ્યું. વિદ્વાન હોય, પંડિત હોય, પણ જડમાં લોભાય તો તેથી ભગવાન કુરાજી થાય અને જો પ્રાયશ્ચિત્ત ન કરે તો જન્મ ધરાવીને પણ પ્રાયશ્ચિત્ત કરાવે, પછી મોક્ષ કરે.''

'''સૌને વશ કરું રે સૌનો કારણ હું ભગવાન' એક કારણ શ્રીજીમહારાજ તે ઓળખવા, અને સંત ઓળખવા જોઈએ તો જ આજ્ઞા પળે, પણ તે વિના તો આજ્ઞા પણ પળે નહિ ને મોક્ષ પણ થાય નહિ. કેવડા આદિક પુષ્પમાંથી સુગંધી આવે છે તે કળાય છે તેમ મુક્તને ઓળખવા.''

''શ્રી ગોપાળાનંદ સ્વામી તથા મહારાજ ચાર-પાંચ બ્રાહ્મણને તેડવા ગયા તેમને સંતોએ પૂછ્યું જે, 'બ્રાહ્મણને તેડવા ગયા તેનું શું કારણ?' પછી મહારાજે કહ્યું જે, 'અમારા ગોપાળાનંદ સ્વામીનો વાયરો અથડાયો હતો તે પ્રતાપે તેડી ગયા.' તે ખબર કેમ પડે? તો એમાં જીવ

ખેંચાય તેથી માલમ પડે. માટે વિશ્વાસ અને હેત રાખવું તો મોક્ષ થાય, અને તર્ક કરે તો કાંઈ મોક્ષ ન થાય. તમે ગોપાળિયું જ્ઞાન કહેતા અને હવે ગાંડા થઈને વાંસે વાંસે કેમ ફરો છો?''

ત્યારે સ્વામી બોલ્યા જે, ''હવે તો સ્વામીશ્રી નિર્ગુણદાસજીની વાતોએ રોટલા મળે છે.''

બાપાશ્રી બોલ્યા જે, ''મૂર્તિ વિનાના તે વાંઝિયા કહેવાય. જો ખરેખરો મહિમા સમજાય તો વાંધો રહે નહિ અને કોઈનો ડગાવ્યો ડગે નહિ. જો મહિમા ન હોય તો દાદા ખાચરનો દરબાર વંચાય છે એમ કહે, પણ એનો રસ ન લેવાય. આ અમારે મુખે મહારાજ પંડે વાતો કરે છે, આ મહારાજનાં વચન છે એમ જાણજો.''

પછી બોલ્યા જે, ''વાંચો મહારાજ.''

એમ કહીને બોલ્યા જે, ''મૂર્તિમાં રસબસ થઈ જાય તો મહારાજને ને એને છેટું ન રહે અને નિશ્ચય પણ એ જ કહેવાય. નિશ્ચય કાચો હોય તો કોઈ પાડી નાખે જે આમ કરે છે, આમ કરે છે; તેથી ડગી જાય. મહારાજની મૂર્તિ અખંડ રાખે તો જ એવો નિશ્ચય થાય અને જેને એવો નિશ્ચય હોય તે એમ જાણે જે મહારાજ ને મુક્ત તો જેમ છે તેમ ને તેમ છે અને અકર્તા ને નિર્લેપ છે. તમે બે ભુજાવાળા ભગવાન છો, પણ તે ઓળખવા દુર્લભ છે. જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી તે આ લીલા છે, તે અવતાર આ બેઠા છો; કેમ? છો કે નથી?''

ત્યારે સંત બોલ્યા જે, ''બાપા, તમો કહો તો છીએ, શું કરવા ના પાડીએ?''

પછી બોલ્યા જે, ''બીજા અવતારે કરીને શું થાય? કાંઈ ન થાય. આ અવતારથી આત્યંતિક મોક્ષ થાય. જેમ શ્રી ગોપાળાનંદ સ્વામીના સંકલ્પ ચાલતા તેમ તમે સંકલ્પ છો. માયિક આકારના ફોટા પાડીને તેની મૂર્તિ પડે છે તો દિવ્ય મૂર્તિના સંકલ્પની મૂર્તિ થાય તેમાં શું? એની

લડાઈ કુંભારિયામાં ચાલી હતી. તેને ધનજીભાઈએ જવાબ આપ્યો જે, ‘સર્વે સૃષ્ટિ સંકલ્પની જ છે એમાં શું?’ માટે સત્સંગમાં મન બાંધવું. સદ્‌ગુરુશ્રી નિર્ગુણદાસજી સ્વામી ઈસ્પિતાલના મેડા ઉપર રહેતા તે કોઈ હરિભક્ત જાય તેને એક સાધુ કહે કે, ‘જાઓ ઉપર એમની પાસે, અમારામાં તો કાંઈ નથી’ એમ બોલે. શાથી જે કારણ હાથ નહોતું આવ્યું તેથી લૂખું રહેવાતું.”

પછી મધ્ય પ્રકરણનું ૪થું વચનામૃત વંચાતું હતું તેમાં વાત આવી જે ભગવાન પ્રકૃતિપુરુષમાં આવે તોપણ જેવા છે તેવા ને તેવા પ્રતાપે યુક્ત છે.

પછી બાપાશ્રી બોલ્યા જે, “ભગવાનને આવવું-જવું પડતું નથી. એ તો મહાતેજમાં રહ્યા થકા જ દેખાય છે, પણ આ લોકની દૃષ્ટિએ અવરભાવવાળાને મતે આવ્યા-ગયા છે.”

પછી બોલ્યા જે, “ઉદ્ધવ, નારદ, સનકાદિક અહીં સત્સંગમાં છે. ગોપીઓ તે અહીં છે, પણ બહાર લેવા ન જાવું. આ બધા સંત તમે ગોપીઓ છો ને આ સત્સંગી ઉદ્ધવાદિક છે એમ જાણવું. ‘પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો.’ માટે મહારાજની આજ્ઞામાં ન વર્તાય તો ખોટ આવી જાય. મોટા હોય તે પ્રારબ્ધ ટાળી નાખે.”

ત્યારે ધનજીભાઈ બોલ્યા જે, “હા, બાપા. તમે મને આયુષ્ય વિના રાખ્યો.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “તમને સત્સંગના કામ માટે રાખ્યા છે. સત્સંગીને સુખ-દુઃખ પડે ત્યારે તમે બહુ કામના છો. તમે સત્સંગીને ઢાલરૂપ છો, તેથી અમે તમારું પ્રારબ્ધ ઠેલી મૂક્યું. કુંભારિયામાં એક વર્તમાન ચૂકેલો આવ્યો હતો તેને એના પક્ષમાં ભળીને ત્યાંના ભગવા લાવ્યા હતા, પણ તમે તરત ઉઠાડીને કાઢી મૂક્યો અને સાધુનું કાંઈ પણ ચાલ્યું નહિ. અને અમારો સંબંધી હતો, પણ અમે તેનો પક્ષ ન રાખ્યો; માટે સંબંધ જવા દેવો, પણ ધર્મ ન જવા દેવો.” એમ વાર્તા કરી.

પછી વાત કરી જે, “કથા, વાર્તા, માળા, કીર્તન, માનસી પૂજા કરે; પણ ધ્યાનમાં ન બેસાય તે મનુષ્યભાવે મહિમા સમજ્યો છે અને ધ્યાનમાં ને ધ્યાનમાં રહે તે દિવ્યભાવે મહિમા સમજ્યો છે એમ જાણવું. જ્યારે દિવ્યભાવ સમજાય ત્યારે મોટા પુરુષ રાત્રિ કહે તો રાત્રિ અને દિવસ કહે તો દિવસ એવું થઈ જાય, પણ તર્ક ન થાય.”

પછી બોલ્યા જે, “હરે, વાંચો. સંત માયા મેલીને ભાગ્યા, પણ લબક-ઝબક કરતી આવે છે. સુષુપ્તિમાં, સ્વપ્નમાં, જાગૃતમાં, સ્થૂળ દેહમાં પણ ઝાવાં નાંખે છે. એ તો જ્યારે મૂર્તિમાં કલ્પેકલ્પ વીતી જાય પણ તેમાંથી બહાર નીકળે નહિ ત્યારે માયા જાય. તે મૂર્તિ અપાર છે, પાર આવે એમ નથી. એ મૂર્તિના પમાડનારા મળ્યા છે. અનુભવજ્ઞાન (સાક્ષાત્કાર) થાય ત્યારે ખરેખરું જ્ઞાન કહેવાય, પણ ખોટાને ખોટું કરીએ તો અનુભવજ્ઞાન થાય નહિ. મહારાજની મૂર્તિમાંથી અનુભવજ્ઞાન છૂટે છે, તે મૂર્તિમાં ખેંચીને લઈ જાય છે. માનકુવાના મૂળજી અને કૃષ્ણજી હતા તેમને અનુભવજ્ઞાન થયું હતું તે મહારાજની મૂર્તિને ખેંચી લેતા. તેમને મહારાજે વિમુખ કર્યા, પણ મહારાજને મૂક્યા નહિ એ સાચું અનુભવજ્ઞાન કહેવાય. ગૌરીશંકરે ‘ચૈતન્ય માયા’નો અર્થ ‘ભગવાન’ કહ્યા, એ ભક્ત તો બહુ સારો હતો, પણ આવડ્યું નહિ.” ॥૨૪૦॥

## વાર્તા ૨૪૧

સંવત ૧૯૮૨ના માગશર સુદ-૧૫ પૂનમને રોજ સવારે મધ્ય પ્રકરણનું ૬૨મું વચનામૃત વંચાતું હતું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “સંસ્કૃત બાર-બાર વર્ષ સુધી ભણ્યા હોય તોપણ વચનામૃત ન આવડે, માટે વચનામૃત જાણવાં; જેવાં છે તેવાં જાણવાં. ભગવાનનો ભક્ત કાળનો આહાર કરી જાય તે શું? તો જન્મ-મરણ માથેથી ઉતારી નાખ્યું, તે કાળનો આહાર કરી નાખ્યો કહેવાય. ‘કાળ કર્મની રે શંકા દેવે વિસારી.’”

પછી કરાંચીના હીરામલભાઈએ પૂછ્યું જે, “કાળ વિના દુઃખ

કોણ દેતું હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આજ્ઞા લોપાય એટલું દુઃખ થાય છે અને સંગદોષે કરીને દુઃખ થાય છે. અધર્મી સાથે હેત રાખે તો દુઃખ આવે. પ્રમાદ અને મોહ તે આંધળો ઘોડો છે. આંધળાને લાકડી દઈએ જે, 'દોરી જા', તે ક્યાંય દોરી જાય અને કચરી મારે. આજ્ઞા, ઉપાસના, ધ્યાન, ભક્તિ, મહિમા ન હોય તે ક્યાં જાય? તે આંધળા કહેવાય. 'જુઓ જાગી રે.' મોટાનો સમાગમ ન કરી શકે અને મંદવાડ આવે તો મહિનો બે મહિના પડ્યો રહે તે અજ્ઞાન છે તે ટાળવું અને આવા પુરુષનો સમાગમ રાખવો તો કાંઈ વાંધો જ નહિ.''

''મહારાજે લખ્યું છે જે, 'સાધુ ઓળખવા', તે હવે ઓળખાય છે કે નહિ? મહારાજ સત્સંગમાં અખંડ બિરાજે છે, ખાલી સત્સંગ નથી; પણ ગાંડા-ઘેલા હોય તેને મતે નથી. શરીરના શરીરી થઈ રહ્યા, તેને કાંઈ જુદું નથી; પણ જીવને નાસ્તિક ભાવ છે તેથી એવું સમજાતું નથી. ભગવાન અને તેમના ભક્તનો મહિમા અતિશે મોટો છે. તેમાં તમે ને અમે ભેળા આવ્યા હો!''

''કેટલાક અજ્ઞાની, સંત પાસે ને દેવ પાસે આ કલેવર સારુ પ્રાર્થના કરે છે, તે કલેવરમાં શું માલ છે?''

''મુક્તાનંદ સ્વામીએ દરેકને સારું મનાવવા સારુ જ 'હું પણ જાણું છું' એમ કહ્યું છે. મુક્તાનંદ સ્વામીએ બીજાને માટે પૂછ્યું છે, પણ તેમને વિષે કસર હતી એમ ન માનવું. એમ માને તો માનનારાને વિષેથી દોષ ટળે નહિ.''

''પાંચ કર્મ ઇંદ્રિયો અને પાંચ જ્ઞાન ઇંદ્રિયોને નિયમમાં રાખવી, તે ઇંદ્રિયો ઘસાણી કહેવાય. તેમ જ સર્વે ઇંદ્રિયો પોતપોતાના વિષયની ઇચ્છા ન કરે તે ઘસાણી કહેવાય. રૂપ, શબ્દ આદિમાં વટલાઈ જાય તે કોઈએ વટલાવું નહિ. પૂજા કરે, નહાય, ધૂએ ને ઓથી વટલાઈ જાય તે ભૂખ, દુઃખ ને માર ભોગવે ને વળી ભગવાનના ભેળા હોય. 'ચેત

ચેત મન બાવરા, સંત શિખામણ દેત.' ઓઢવા, પહેરવા, ખાવા, પીવા તે સર્વે ધૂળમાંથી ઉત્પન્ન થયું છે ને પાછું વળી ધૂળ. તેમાં કાંઈ માલ નથી. જેવું મળે તેવું ગુજરાન કરવું. અમને શરદી થઈ છે ને ગરમી પણ છે, પણ આવા સંત મળ્યા છે તે જીવને તો આનંદ આનંદ છે.''

''મુળીમાં સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીના આસને વડોદરાનો બ્રાહ્મણ આવ્યો હતો તેણે કહ્યું જે, 'ઢેબરિયા તમને માને તેણે કરીને શું? સત્સંગ તમારો સાચો ન કહેવાય. અમારા જેવા પંડિતને સત્સંગી કરો ત્યારે સ્વામિનારાયણ ભગવાન ખરા.' પછી સ્વામીએ વાત કરી જે, 'આજ તો ભગવાન પંડિતથી પચાસ ગાઉ છેટે રહે છે ને વિશ્વાસીને શિર પર છે.'''

એવામાં એક છોકરો રોવા મંડ્યો તેને બાપાશ્રીએ માથે હાથ મૂકીને કહ્યું જે, ''તમોગુણ માંહી પેસી આવ્યો છે. શ્રીજીમહારાજ સાથે હોય તો દેહનું દુઃખ જણાય નહિ. સ્થૂલ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહનો ભાવ ટાળી નાખે તો સુખ સદાય રહે અને ભગવાનના ભક્તનો અવગુણ કોઈ દહાડો ન આવે. આ લોકમાં ચાર દિવસ રહે તેવા દેહને તો શબ શણગાર્યા જેવું છે, તેને શણગારવાથી કોઈ રાજી ન થાય. ખપ સત્સંગનો સૌને છે, પણ વાત જબરી બહુ એટલે હાથ ન આવે. જેવડા મહારાજને અને સંતને સમજે તેવડો થાય. તે આજ છે તેનો જેટલો મહિમા સમજશું તેટલો લાભ થશે, તે મોટા થકી જણાય છે. ચાર દિવસ રહેવું અને જન્મ ખરાબ કરી નાખવો એમ ન કરવું. પાછું એને કોણ હાથ ઝાલે? આવા સંત ઝાલે. માટે એક સ્વામિનારાયણની પ્રતીતિ રાખવી અને પરભાવનાનો જોગ (ઓળખીને) કરવો. 'મેં હું આદિ અનાદિ, મીટ ગઈ સર્વે ઉપાધિ.' આદિ આ સભામાં બેઠા, તેને ઓળખે તો સર્વે કામ પૂરાં થઈ જાય. મોટા મોટાને એટલે પંડિત, વિદ્વાન, ડાહ્યાને આગળ બેસાર્યા તે અવરભાવ; અને બધાય સરખા કહ્યા તે પરભાવમાં. બધા સરખા જાણે ને અવરભાવ ને પરભાવ ન સમજે તો સાધન કરે, પણ એમાં કાંઈ ન વળે.''

પછી રસોડામાં વઘાર કર્યો તે બહાર આવ્યો ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "બહાર આટલો બગાડ કરે ત્યારે માંહી બગાડ કરે જ."

તે ઉપર સુરા ખાચરની વાત કરી.

"જમવા બેસવું તે ઘણાં વાનાં હોય તે પડ્યાં મૂકીને એક વસ્તુ જ જમી લઈએ. સબડકાઓ એ બધું રસિક છે. મોટા સંતોએ રસિક માર્ગ કર્યો છે તે મૂર્તિમાં રહીને કર્યો છે. આપણે દેહમાં રહીને કરીએ તો કીર્તન બોલતાં બોલતાં ક્યાંય ચઢી જવાય. તમારે પાણી મેળાવીને જમવું તે ઠીક અને ભૂલી જવાય તો મોટો વાંધો આવે. ઘોડા ઉન્મત્ત થઈ જાય તો નુકસાન કરે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર તે મોટા પાડા છે તે નુકસાન કરે. જેમ ચાર પાડા ખાટલાને પાયે બાંધીને સૂતો તે જીવતો રહે નહિ, એ તો મરી જ જાય; એમ તે ચાર પાડા જેવા છે તેનો વિશ્વાસ કરે તો કાયમ ન રહે."

પછી ટીકામાં પ્રાયશ્ચિત્ત કરવાની વાત આવી ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "પ્રાયશ્ચિત્ત કેટલા કરાય છે તે સંભારજો. આ અમારા ધનજીભાઈ પ્રાયશ્ચિત્ત કરાવવામાં ઉપરી છે. તમે બેય જાડા ને ઊંચા સરખા છો, માટે પ્રાયશ્ચિત્તના ઉપરી થાઓ."

ત્યારે દેસાઈભાઈ બોલ્યા જે, "બાપા એ તો મોટા છે, મારાથી એવું થવાય તેવું નથી."

પછી બાપાશ્રી બોલ્યા જે, "મોટાને સંભારીને થોડું કે વધુ પ્રાયશ્ચિત્ત અપાઈ જાય તેનો દોષ નહિ; માટે શ્રીજીમહારાજની મૂર્તિ સંભારીને પ્રાયશ્ચિત્ત એક જણ જ આપે તો દોષ નહિ અને તે પ્રાયશ્ચિત્ત કરનારનાં પાપ પણ બળી જાય. પ્રાયશ્ચિત્ત કરીને માળા, માનસી પૂજા કરે તે સર્વે ખજીને પડે તે સર્વે દિવ્ય થાય છે, અને ન કરે તો તેનાં સાધન સર્વે નિષ્ફળ જાય છે. 'નરનારાયણ દિવ્ય મૂર્તિ સંતન કે વિશ્રામ.' અમદાવાદની સભામાં ક્યારેક બે કે ચાર દેખાય; એમ મહારાજની આજ્ઞા છે? નથી. તમારી ધર્મવાળાની વાત કરીએ છીએ."

પછી સંતની ભીડ થઈ.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અહીં ન માયા તે અક્ષરધામમાં કેમ માશે?"

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, "આ અક્ષરધામમાં જેમ માય છે તેમ માશે."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એક ગજનો તકતો છે તેના સામા આઠ-દસ હજાર સંત કે હરિજન બેઠા હોય તે સર્વે તકતામાં દેખાય છે તેમ મહારાજની મૂર્તિમાં અનંત મુક્તો રહ્યા છે. સાંકડમાં તો ઠીક અને મોકળમાં તો ઘોડા ભાગે, લઢાલઢ થાય. શાંતિનો શો ઉપાય? તો મૂર્તિમાં અખંડ રહેવાય તે. 'જુઓ રે આ જીવની ચતુરાઈ.' ભગવાન પાસે નાશવંત સુખ માગે. છોકરાં છે તે પણ મૃગલાં છે ને નાશવંત છે; માટે એવું નાશવંત ન માગવું. એક ભગવાનમાં લગની લગાડવી. સૌ ભક્તને સુરત રાખવી. મોટાનો આશરો કરવો. મહારાજ શિક્ષાપત્રીમાં લખી ગયા તેમ વર્તવું." ॥૨૪૧॥

## વાર્તા ૨૪૨

સંવત ૧૯૮૨ના માગશર વદ બીજને રોજ સવારે વચનામૃતની કથા વંચાતી હતી, તેમાં નારદ-સનકાદિકની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ નારદ-સનકાદિક કહ્યા તે પરોક્ષ ન જાણવા. આ ઠેકાણે પોતાના સિદ્ધ મુક્તોને એ નામે કહ્યા છે એમ સમજવું."

પછી બોલ્યા જે, "જીવાત્માને ફરતી ઇંદ્રિયો છે તે ગોલોક કહેવાય અને મહારાજના તેજની કિરણો છે તે ગોલોક કહેવાય છે. આજ મહારાજ અને સંત શિખાવવા આવ્યા છે. તે મહારાજ તથા સંત પોતાનું સ્વરૂપ શિખાવે છે અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિનાં સ્વરૂપ સમજાવે છે."

એવામાં સંતો દર્શને આવ્યા ને બાપાશ્રીને પગે લાગ્યા. તેમને કહે જે, ‘‘આજ સંગદોષે કરીને આવા દેશ-કાળ આવ્યા છે તે આપણા ઘરમાં ન હોય.’’

ત્યારે તે બોલ્યા જે, ‘‘મહારાજની મરજી હશે.’’

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘મહારાજની મરજી આવી ન હોય. જીવનું ક્રિયમાણ છે. ભક્ત કાળનો આહાર કરે છે, તેમના ઉપર કાળનું બળ ન ચાલે. તે તેવો થયો તેની વાત છે.’’

પછી પ્રથમ પ્રકરણનું બીજું વચનામૃત વંચાવ્યું, તેમાં જનકની વાત આવી.

ત્યારે બાપાશ્રી કહે જે, ‘‘આજ તો એવા સત્સંગી લાખો છે. અવતાર કહેવાના પરોક્ષ ને બતાવવાના સંત, તે આ સંત અવતાર છે. સન્માન, સેવા, ફળ, ફૂલ, ખાન, પાન, માન, મહોબત મળે તે સર્વે સિદ્ધિઓ છે. મહારાજ કર્તું, અકર્તું અને અન્યથા કર્તું છે એટલે સેવા અંગીકાર કરે ખરા; પણ સંતો રાગે રહિત કરે તો. પણ જો ઠીક મળ્યું છે એમ જાણીને ગ્રહણ કરે તો સિદ્ધિઓ અંત લે; ઇંદ્રિયો-અંતઃકરણ વકરીને પાડા જેવાં થઈ જાય. ને પોતે આહાર ન કરે ને મહારાજને અર્પી દે તો બાધ ન કરે.’’

એવામાં બળોલના હરિભક્ત માલુભાઈ દ્રાક્ષ તથા વરિયાળી પ્રસાદી કરવા લાવ્યા હતા, તે વખતે બાપાશ્રી બોલ્યા જે, ‘‘આ સિદ્ધિઓ. જુઓ! વાતો બંધ રહી. પ્રસાદી છે તો કલ્યાણકારી, જે જમે તેનું કલ્યાણ થાય. સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી પાસે સાકરના પડિયા વગેરે ઘણી સિદ્ધિઓ આવતી તે સર્વે સાધુને આપી દેતા.’’

એમ કહીને પછી બોલ્યા જે, ‘‘આ ધનજીભાઈના ગામનો ઉપલ્યા વાસનો એક ભક્ત હતો, તે નિત્ય એક કોરીનું અફીણ ખાતો એવો વ્યસની-પાપી હતો. તે વડવાડીમાં બેઠો હતો ત્યાં શ્રીજીમહારાજ તથા અનંત મુક્ત નારાયણપુરની ભાગોળમાં રંગ ઉડાડતા હતા અને

રાસ રમતા હતા એવું તેના દેખવામાં આવ્યું ત્યાં તેને શ્વાસ ચઢ્યો અને તાવ આવ્યો. પછી તે ઘેર ગયો. ઘેર પણ 'એ સાધુ આવે છે, મારા ઉપર રંગ ઉડાડે છે, મને વટલાવશે' એ પ્રમાણે બોલતો બોલતો અગિયાર વાગે દેહ મૂકી ગયો. તે અતિ પાપી હતો, પણ અંતકાળે મહારાજની ને મોટાની સ્મૃતિ થઈ આવી અને તેમનો વાયરો અથડાયો તેણે કરીને તે ઠેઠ અક્ષરધામમાં ગયો; એવો મહારાજનો ને મોટાનો પ્રતાપ છે.''

પછી ખંભાતના હરિજનો દર્શને આવ્યા ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''કૃષ્ણારામ મહારાજને મળેલા છે તે અમને પાછા વાળીને ખંભાત લઈ જવા આવ્યા હતા, પરંતુ દહીંસરાનો કણબી ધનજીભાઈનો ફુઓ રવજી, તેણે અમને જવા દીધા નહિ. તે મરીને ભૂત થયો અને કહે જે, 'બધા ભેગા થાઓ ને મારો ગુનો માફ કરો', પણ કોઈ ભેળા થયા નહિ ને તે બહુ હેરાન થઈ ગયો. પછી થોડાકને જાદવજીભાઈએ ભેળા કર્યા ને અમે આશીર્વાદ આપ્યો ને કલ્યાણ કર્યું. અને માનકુવાના ગાંગજી પટેલે આપણને છપૈયે જતાં સિદ્ધપુરથી પાછા તેડાવ્યા તોપણ આપણે છપૈયે જઈને પંદર હજાર રૂપિયાની ઊપજ કરી આપી. અમે તો જેમ બાળકને માવતર જાળવે છે તેમ બધાયને અક્ષરધામમાં લઈ જઈશું. અમારે ઘેર બીજો વેપાર નથી. અમે તો કલ્યાણ કરવારૂપી એક જ વેપાર રાખ્યો છે.''

પછી પ્રથમ પ્રકરણનું પાંચમું વચનામૃત વાંચવા માંડ્યું. તેમાં રાધિકાએ સહિત શ્રીકૃષ્ણનું ધ્યાન કરવાનું આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એ રાધિકા કોણ?''

પછી તેનો ઉત્તર પોતે જ કર્યો જે, ''આ સંત-હરિજનો સર્વ રાધિકા, ગોપીઓ જે કહો તે આ છે અને શ્રીજીમહારાજ ભગવાન છે; બીજે લેવા જાઓ તો માર પડે.''

પછી બોલ્યા જે, '''ગિરધર નાચ ને ગોપીઓ ગાય, જોઈ

પ્રેમાનંદ વારી જાય.' તે પ્રેમાનંદ સ્વામી ઓલી ગોપીઓને ક્યાં જોવા ગયા હતા? તેમણે તો આ સંતોને જ ગોપીઓ કહી છે. માટે વચનામૃત આદિ શાસ્ત્રોમાં શ્રીકૃષ્ણ તથા રાધિકાદિ પરોક્ષ નામો આવે તે મહારાજને તથા મુક્તને લગાડવાં."

પછી બ્રહ્માનંદ સ્વામીનું કીર્તન બોલ્યા જે, "'અબળા અબળાને શું વરવું રે રઢ લાગી; એક પુરુષ દીઠા અલૌકિ રે રઢ લાગી.' માટે સાચાને ખોળવું."

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, "રાધિકા સન્મુખ એટલે પરમ એકાંતિક અને લક્ષ્મીજી લીન કહ્યાં એટલે અનાદિ, એ બેમાં સુખ કોને વિશેષ હોય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "પરમ એકાંતિકથી અનાદિને સુખ વિશેષ હોય. આ અર્થ પરભાવનો છે." ॥૨૪૨॥

## વાર્તા ૨૪૩

સંવત ૧૯૮૨ના માગશર વદ-૩ને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "'શિવ જેવા વૈરાગ્યવાન છે' એમ ભક્તચિંતામણિમાં કહ્યું છે તે શિવ કિયા? તો અનાદિ, અને નારાયણ પણ અનાદિ; એ બેય અનાદિ. ઓલ્યા બ્રહ્માંડના શિવ તે આ ઠેકાણે લેવા નહિ. સત્ય એવા જે ભગવાન અને સત્ય એવા જે આ સાધુ તેને સત્ય જાણે ત્યારે સત્સંગી કહેવાય. ભજન કરે તે ભક્ત અને મૂર્તિમાં રહે તે મુક્ત કહેવાય."

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "સિદ્ધદશાને પામે તે સર્વત્ર ગતિ કરે તે અક્ષરધામમાં એ ને એ દેહે જાય કે નહિ?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એ સકામ માર્ગ છે અને એ બધું અન્વયમાં છે. એક મૂર્તિ જ રહે ને મૂર્તિમાં રસબસ રહેવું તે વ્યતિરેક છે અને તે નિર્વિકલ્પ સમાધિ છે તે અક્ષરધામમાં જાવું હોય તો અહીં

બેઠે બેઠે જાય, હાલતે-ચાલતે જાય, ખાતે-પીતે જાય એમ એ તો સદાય અક્ષરધામમાં છે.''

એમ કહીને પછી વાત કરી જે, ''જેમ જળમાં માછલાં રમે તેમ મૂર્તિમાં રમનારા આ સંત છે. જ્યારે મૂર્તિમાં રસબસ થઈ જવાય ત્યારે સત્સંગ થયો કહેવાય, પણ જીવ બધા આ લોકના સાધનદશાના શબ્દ સાંભળીને ટૂંટિયાં વાળીને બેસી રહે છે. અમારે તો સર્વે સરખા છે તે પામર, વિષયી અને મુમુક્ષુ એ સર્વેને સરખા સુખિયા કરવા છે. સર્વે સાધનનું ફળ તે એક મૂર્તિ જ છે. તેને બતાવનારા પરમ એકાંતિક છે અને શરણે આવે તેને મૂર્તિનો સાક્ષાત્કાર થાય. અને અનાદિ તો મહારાજની મૂર્તિમાં જ છે.''

પછી વરતાલનું ૭મું વચનામૃત વંચાતું હતું, તેમાં અન્વય-વ્યતિરેકપણાની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જેમ ભુજના રાજા છે તે રાજ્યમાં બેઠા છે અને એમની સત્તા બધા રાજ્યમાં ચાલે છે તે રાજાના જેવી ક્રિયા કરે છે, પણ તેઓની સત્તા રાજા લઈ લે તો તે કામોરાથી કાંઈ થાય નહિ; તેમ શ્રીજીમહારાજ વ્યતિરેક મૂર્તિમાન અક્ષરધામમાં રહ્યા છે અને એમની સત્તા અક્ષરકોટિથી લઈ સોંસરી બ્રહ્મ તથા પ્રકૃતિપુરુષ આદિ સર્વમાં રહી છે તેથી તે સર્વે ઉત્પત્ત્યાદિક કરે છે. તે સત્તા મહારાજ લઈ લે તો કોઈથી કાંઈ પણ ન બને એમ અન્વય-વ્યતિરેકપણું અમને ભાસે છે. વચનામૃતમાં આવી વાતો આવે છે તે ખણતા આવીએ છીએ.'' ॥૨૪૩॥

## વાર્તા ૨૪૪

સંવત ૧૯૮૨ના માગશર વદ-૪ને રોજ સવારે પ્રથમ પ્રકરણનું ૨૫મું વચનામૃત વંચાતું હતું, તેમાં આત્મનિષ્ઠા અને નિશ્ચય વિના અપૂર્ણપણું રહે છે એ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એકલાં સાધને સુખ ક્યાંથી આવે?

સંતની ઈંદ્રિયોમાં રહીને મહારાજ પોષે છે એમ પ્રથમ પ્રકરણના ૨૭મામાં કહ્યું છે તે શ્રીજીમહારાજને લઈને છે (પણ જો એમને મેલ્યા તો થઈ રહ્યું.) અને એ સંત આધાર થયા -અક્ષરધામનો દરવાજો થયા- તે જો મહારાજની ચાકરી એવી કરે તો. સંત થવામાં દાખડો છે. જો મહારાજની અને મોટાની પ્રસન્નતાનાં સાધન કરે અને આજ્ઞા યથાર્થ પાળે તો સંત થાય. તે એક શ્લોકે, બે શ્લોકે, સો શ્લોકે, હજાર શ્લોકે કરીને એટલે એટલા જન્મે કરીને સંત થવાય. જો મોટાની પ્રસન્નતા ન કરે તો તે જ્યારે પ્રસન્ન કરે ત્યારે એવા સંત થાય. ઈંદ્રિયો છે તે આંધળો ઘોડો છે, તે ક્યાંય ફગાવે, તે જે નિયમ-ધર્મ રહિત હોય તે આંધળો કહેવાય.''

પછી સારી તુંબડીમાં મોહ પામે એ વાત આવી, ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તુંબડીમાં શું સારું-નરસું હશે? એ બધા મોહ છે. આગળ મંડળ અમદાવાદથી આવતાં તે ચાર માસ ભુજ રહે અને ચાર માસ ગામડામાં રહે અને ચાર માસ કરાંચીમાં રહે. એક વખતે વૃષપુર આવતાં વાડમાં એક તુંબડી સારી હતી તેના સામું બધાયનું મન ગયું તે બાઝાબાઝી કરે. પછી કુંવરજી પટેલે કહ્યું જે, 'લાવો, મને બતાવો.' પછી બતાવી તેને કુંવરજીભાઈએ ભાગીને એક એક કટકો વહેંચી દીધો. પછી તે સંત શરમાણા જે પટેલે આપણું નાક કાપી લીધું. જીવને મોહ છે તે આંધળો ઘોડો છે. 'જુઓ જીવન મોહ નિદ્રામાંથી જાગી' આવા સ્વામિનારાયણ ભગવાન અને સંત તે અનંત કોટિ બ્રહ્માંડમાં ન મળે તે આજ મળ્યા છે. મોંઘા હતા તે સોંઘા થયા.''

એવામાં મોટેરાના હરિજનો દર્શને આવ્યા તેમને માથે સાધુએ હાથ મૂકવાનું કહ્યું ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મોટેરાય મૂકવું પડશે અને અમદાવાદેય મૂકવું પડશે. પાકું કર્યા વિના છુટકો નથી. ઉપાસના, નિશ્ચય, આત્મનિષ્ઠા એ સર્વે પરિપક્વ જોઈએ, તો છતી દેહે દિવ્ય દેહ પામી રહ્યા જ. 'મારું પૂરું કરી લીધું છે' એમ જાણે તો ન થાય; માટે ચાર દિવસ રહેવું છે તેમાં પૂરું કરી લેવું.''

"સિદ્ધિઓ બહુ બગાડે છે. કોઈક જાણે જે સિદ્ધિઓ અક્ષરધામમાં જાતાં આવે છે, પણ એમ નથી. સેવા, સન્માન, અધિકાર આવે તે સિદ્ધિઓ કહેવાય. આ સિદ્ધિઓમાં ન લેવાયા તો બીજી સિદ્ધિઓ આડી આવે જ નહિ. રૂપ, રસ આદિકમાં ક્યાંય લેવાય જ નહિ, ત્યારે સિદ્ધિઓ જીતી કહેવાય. 'કનક તજ્યો, કામની તજ્યો, તજ્યો ધાતુકો સંગ; તુલસી લઘુ ભોજન કરી જીવે માનકે રંગ.' માન બહુ ઊંડું છે. મહારાજે તો સુખ ઘણું આપ્યું છે, પણ જીવથી ભોગવાય નહિ, તે બાળકિયા સ્વભાવ છે. સત્ય એવા ભગવાન, આત્મા, સંત તેને સત્ય જાણે તો મોહ ટળી જાય અને પરિપક્વ સત્સંગી ત્યારે કહેવાય. આજ્ઞા ન પાળે તેના કલ્યાણની ના પાડી દીધી." ॥૨૪૪॥

## વાર્તા ૨૪૫

સંવત ૧૯૮૨ના માગશર વદ પાંચમને રોજ સવારે સભામાં અશ્લાલીના રાવસાહેબ બાલુભાઈએ પૂછ્યું જે, "જીવ સાકાર છે કે થાય છે કે એને બીજો દેહ બંધાય છે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જીવ સત્ય ચૈતન્ય વસ્તુ છે તે શ્રીજીમહારાજને ધ્યાને કરીને દિવ્ય સાકાર શ્રીજીમહારાજના જેવો થાય છે. શાસ્ત્રના સમજનારા શાસ્ત્રમાંથી ગોઠવે તે કોઈ આમ ને કોઈ આમ કહે, ગોથાં મારે, પણ હાથ ન આવે. આ તો દેખીને કહેવાય છે, જે જીવ માયામાં નિરાકાર છે તે ભગવાનના ધામમાં દિવ્ય સાકાર થાય છે. જ્યારે જીવને અનુભવજ્ઞાન થાય ત્યારે મૂર્તિમાંથી ખુશબો છૂટે છે તે ખેંચીને જીવને મૂર્તિમાં લઈ જાય છે. એ થયા વિના બધુંય કાચું. પંડિતથી ગાઉ પચાસ, તમારા પંડિતોથી ભગવાન પચાસ ગાઉ છેટે છે તે શાસ્ત્રમાં ગોથાં ખાઓ છો, પણ તે જડે તેમ નથી. એ તો મહારાજના અનાદિ કાં પરમ એકાંતિક મળે તો જ ભગવાન મેળવે."

"આજ મળેલા સંત ખોળવા જોઈએ તે આ જ છે. એવાનો જોગ કરે તો સુખિયો થાય, એવાની તો ખબરે ન હોય. અમે ૧૯૨૨ની

સાલમાં આવ્યા હતા ત્યારે ઘણા મળેલા હતા તે પણ મળેલા. અને આજ તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેતા હોય એવા મળેલાને ઓળખીને તેમાં આપોપું કરીને તેમનો જોગ કરવો ને તેમને મન અર્પી દેવું. રાત્રિ કહે તો રાત્રિ અને દિવસ કહે તો દિવસ, પણ તર્ક ન કરવો; તો બધી માયા ટળાવે. આ સંત અક્ષરધામનો દરવાજો છે તે પોતાના જેવી સ્થિતિ કરાવે– જો કરવા માંડીએ તો. અને પુરુષપ્રયત્ન કરે તો મોટા પુરુષ રાજી થાય ને કૃપા કરે. જીવ સર્વે સત્સંગને દિવ્ય સમજે તો પોતે દિવ્ય થઈ જાય.''

પછી મંડાળાના હરિજન દર્શને આવ્યા. તેમને માથે ચાર ફેરા બે હાથ મૂકીને કહ્યું જે, ''નિયમ, નિશ્ચય ને પક્ષ રાખવો અને મૂર્તિ ધારવી તે સબીજ કહેવાય; તેને વાંધો રહે જ નહિ. અને એકલાં સાધન કરે તેમાં ન વળે. અવરભાવ જે આ દેહમાં રહ્યા તે અને પરભાવ જે મહારાજની મૂર્તિમાં રહ્યા તે. તે પરભાવમાં સર્વેને રાખવા છે. આ સત્સંગમાં કેટલાક અનાદિ છે ને કેટલાક આદિ છે. આ બેઠા તે સર્વે આદિ છે અને અનાદિ જે ધામમાં બેઠા તે જ આ આદિ છે. જેમ અહીં માયામાં મૂર્તિ છે ને પડછાયો પણ છે, તેમ આ આદિ તે પડછાયાને ઠેકાણે છે. 'જ્ઞાનીને જ્ઞાની મળે રસની લૂંટાલૂટ, જ્ઞાનીને અજ્ઞાની મળે તો થઈ પડે માથાકૂટ.'''

પછી તલ્લીનપણાની વાત આવી, ત્યારે એક બ્રાહ્મણે પૂછ્યું જે, ''આ મૂર્તિનું તલ્લીનપણું કે વૃત્તિનું સમજવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''વૃત્તિનું લીનપણું એ તો સાધનદશાનું છે, સિદ્ધકાળમાં તો જીવનું જ લીનપણું છે તે કરવું. વૃત્તિ તો માયિક છે ને જીવ ને ભગવાન તો દિવ્ય છે. તે દિવ્ય વસ્તુને વૃત્તિ હોય નહિ. એ તો આપસત્તાએ જુએ છે. આ સભામાં ઉપશમદશાવાળા છે તથા નિરાવરણ દૃષ્ટિવાળા છે અને સ્વતંત્ર અનાદિમુક્ત પણ છે; તેમને ઓળખીને જીવ જોડવો તો સુખી થાય. જો આવા પુરુષને

ઓળખીને સમાગમ કરે તો જીવને સાધનનો અવધિ આવી રહે ને સાધનના ભાવ મટીને સિદ્ધભાવ આવી જાય. પછી તેને ખારા, ખાટા, મોળા, સ્વાદુ, કુસ્વાદુની ખબર રહે નહિ, એવો થઈ જાય. સત્ય એવા જે શ્રીજીમહારાજ તથા પોતાનો આત્મા તથા સંત તથા સત્શાસ્ત્રમાં કહ્યો એવો ધર્મ તે મળીને સત્સંગ કહેવાય. આંધળા ન રહેવું ને આવા સંતના ગુલામ થઈને રહેવું.'' ॥૨૪૫॥

## વાર્તા ૨૪૬

સંવત ૧૯૮૨ના માગશર વદ-૧૧ને રોજ સવારે સારંગપુરનું ૧૩મું વચનામૃત વંચાતું હતું, તેમાં મહારાજનાં અને મુક્તનાં લક્ષણ જાણવાની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજ ને સંત આજ સત્સંગમાં બિરાજે છે; પણ જે ગાળો બોલે, ચોરી કરે, જૂઠાં બોલે તેને ક્યાં ઓળખાણા છે? 'મનમાં ખોટો ઘાટ થાય તે પણ શ્રીજીમહારાજ જાણે છે' એવું નથી સમજાણું તેને નિશ્ચય નથી. અને સંપ્રદાયમાં બેઠા હોય ને કથા-વાર્તા કરે ને એમના કહેવાતા હોય તોપણ પણ આજ્ઞા ન પાળે તે શાહુકાર ચોર કહેવાય અને તેનો પરિપક્વ નિશ્ચય ન કહેવાય. આજ મહારાજ ને મુક્ત વિચરે છે તે સર્વેના ઘાટ-સંકલ્પ જાણે છે. સત્સંગમાં કુટાય અને ચોરી-દારીનો ત્યાગ ન થાય ને સારાં સારાં વસ્ત્ર-ઘરેણાં પહેરીને ફરે તે ઠગારો કહેવાય ને તેને કાંઈ લાભ મળે નહિ. જેમ તાબૂત ઉપાડવામાં પકડાય તે આવી ફસ્યા એમ જાણે, તેમ તે પણ જાણે જે સત્સંગમાં આવી ફસ્યા છીએ.''

તે ઉપર રામકૃષ્ણભાઈની વાત કરીને કહ્યું કે, ''એવો નિશ્ચય કરવો ને આજ્ઞામાં રહીને કથા, વાર્તા, ધ્યાન, ભજન કરવું. કૂટી કૂટીને મરી જાઓ તોય વડોદરાનું રાજ્ય ન મળે, તે આજ સ્વામિનારાયણનું ધામ મળે છે. તે જુઓ તો ખરા! માયા મેલીને ભાગ્યા, પણ વળી વળીને ગળાં ઝાલે છે. ક્યાંય ન હોય તોપણ લૂગડાંમાં હોય. એક સાધુ

મુંબઈથી લૂગડાં મંગાવીને રંગીને તે પહેરીને સભામાં આવ્યા તેનાં લૂગડાં સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ કઢાવી નંખાવીને સળગાવી મેલાવ્યાં. સંત તો મુળીમાં સ્વામી હરિનારાયણદાસજી હતા. તે રૂમાલ પણ એક આંટો આમ ને એક આંટો આમ બાંધતા અને વચનામૃત બધાં કંઠે હતાં; એવા થાવું અને સરત રાખવી.''

પછી બોલ્યા જે, ''રાજાને પણ હાથ જોડીને મહેરબાન કહેવું પડે અને આજ સત્સંગમાં મહારાજ અને મુક્ત બિરાજે છે તેને ઓળખે તો શું ન કરે? મહારાજ અને મુક્ત ગરીબ થઈને માણસ ભેળા ફરે છે.''

તે ઉપર જેતલપુરના માંડણ ભક્તની વાત કરીઃ ''જેતલપુરમાં મોટા આનંદ સ્વામીને કોઈકે કહ્યું જે, 'આ માંડણ ભક્તને તમે ક્રિયા બતાવવી રહેવા દો; એમને ધ્યાનમાં વિક્ષેપ થાય છે.' એ વચન સ્વામીથી ન મનાણું ને કહે જે, 'માણસનો તોટો છે માટે કામ બતાવવું પડે છે.' તેમને વાડીમાં રાખ્યા હતા. તે એક વખત ચાર વાગે માનસી પૂજા કરતાં તેજનો પ્રકાશ બહુ થયો તે પ્રથમ થોડું હતું તેમાંથી વધતું વધતું દેવ સરોવર તથા વાડી તથા મહોલ એ સર્વે તેજોમય થઈ ગયું. તે જોઈ આનંદ સ્વામી વગેરે મંદિરમાં બેઠા હતા, ત્યાંથી થોડાક સાધુને સાથે લઈને એમ વિચાર કરતાં ચાલ્યા જે આ તે આપણી વાડીમાં કાંઈ બળે છે કે શું? એમ જાણી વાડીએ આવ્યા ને તેજથી વીસ હાથ છેટે ઊભા રહ્યા ને વિચાર્યું જે આ તો અગ્નિ નથી, તેજ છે. પછી સૌ સોંસરા ચાલ્યા ત્યાં માંડણ ભક્તને માનસી પૂજા કરતા દીઠા ને મહારાજની મૂર્તિનાં સભા સહિત તેજમાં દર્શન સ્વામીને થયાં.''

''સ્વામીએ મહારાજની સ્તુતિ કરી તે વખતે મહારાજે કહ્યું જે, 'આ માંડણ ભક્તને તમે કામ બતાવશો નહિ; કેમ જે એમને અમારા ભજનમાં વિક્ષેપ થાય છે ને એ તો મારી મૂર્તિનું અખંડ ચિંતવન કરે છે ને મારા સ્વરૂપમાં નિરંતર રહે છે, માટે કોઈ ક્રિયા બતાવશો નહિ.' ત્યારે આનંદ સ્વામી 'સારુ મહારાજ' એમ કહીને મહારાજને પગે

લાગ્યા. પછી મહારાજ તેજ સંકેલીને અદૃશ્ય થયા પછી સાધુ મંદિરમાં આવ્યા ને તે વાત સર્વેને કરી તે વાત સાંભળી સર્વે આશ્ચર્ય પામ્યા કે માંડણ ભક્ત તો સમાગમ કરવા જોગ છે, પણ મંદિરના વ્યવહાર કામમાં આપણે પ્રવૃત્તિને લીધે સમાગમ કરી શક્યા નહિ. ત્યાર પછી માંડણ ભક્તને મહારાજ એક મહિને તેડી ગયા.''

પછી બોલ્યા જે, ''અમે વૃષપુરમાં પારાયણ કરી હતી ત્યારે અમને કોઈકે પાઘડી બંધાવી તે ઉજળી હતી અને પ્રથમની પાઘડી હતી તે કોઈક મહિમા જાણીને લઈ ગયો. પછી અમે તે પાઘડીને ધૂળમાં રોળીને બાંધી. અમે સાઠ-એંસી વરસથી ઊજળું લૂગડું પહેર્યું નથી. આપણે ધોળકે પરમ દિવસે ગયા ત્યારે લૂગડાં દીઠાં તે રંગ મળે જ નહિ, બીજો રંગ હતો. અને સંત દૂધપાક, માલપુવા, લાડુ આદિ નિત્ય નવી નવી રસોઈઓ આવે તે જમે અને અમે તો ભુજમાં સાધુ મોહનથાળ જમતા હતા તેને પૂછ્યું જે, 'આ શું છે?' ત્યારે તે બોલ્યા જે, 'આવડા મોટા થઈને આનીયે ખબર નથી?' ત્યારે અમે કહ્યું જે, 'તમને એની ખબર કાઢવા મોકલ્યા છે.'''

''માણસાવાળા નરસીભાઈને ઉપરદળના રામજીભાઈએ કહ્યું જે, 'મને મૂર્તિ દેખાતી નથી.' પછી નરસીભાઈએ કહ્યું જે, 'આવડાં બધાં લડધાં વધારીને મૂર્તિ લેવી છે?' જીવ ચટણો થઈ જાય છે. સ્વામી અક્ષરજીવનદાસજી સર્વેને જમતાં જોતા જે આ સંત આટલું જમ્યા અને આ આટલું જમ્યા. જીવ રસ સારુ દુઃખિયા થાય. અમે તો ગોળ-ઘી ખાતા નથી; બાજરાનો રોટલો ને મઠની ખીચડી ખાઈએ છીએ. આગળ કેટલાક સંત દેહે જાડા અને મોટા હતા તે શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ હતા તે મૂર્તિને સુખે સુખી હતા, પણ જમીને થયા નહોતા. સ્વામી નિર્ગુણદાસજી શ્રીજીમહારાજ વિના બીજું પેસવા દે નહિ એવા હતા ને ત્યાંથી જ આવેલા હતા.''

''ગૃહસ્થને છોકરો જન્મે ત્યારે તેમાં બહુ હેત થાય, પણ મોટો

થાય ત્યારે શું સુખ કરી દે? કાંઈ ન કરે. જેમ ઝાઝાં છોકરાં તેમ ઝાઝું દુઃખ. અમે પણ છોકરાં સારુ અહીં આવ્યા છીએ.''

ત્યારે સંત બોલ્યા જે, ''તમે તો હજારો જીવોને સુખિયા કરવા આવ્યા છો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ સત્સંગ આપણું ગોત્ર છે. તેમને તો સુખિયા કરવા જ છે, પણ માને કરીને પડી જાય તેને શું કરીએ? ભગવાનના ભક્ત આગળ માન રાખવું નહિ. બીજે રાખવું તે તો ઠીક, પણ મોટા આગળ અભિમાન રાખે તે નડે ખરું. સ્વામિનારાયણનો રસ કાંઈક આવ્યો હોય તો સર્વે મૂકી દેવાય.'' ।।૨૪૬।।

## વાર્તા ૨૪૭

સંવત ૧૯૮૨ના માગશર વદ-૧૨ને રોજ સવારે સભામાં બ્રહ્મચારી વૈરાગ્યાનંદજીએ પૂછ્યું જે, ''સારંગપુરના ૧૭મા વચનામૃતમાં દશ પ્રકારના મુક્તના ભેદ કહ્યા છે તેમાં મહાતેજરૂપ મુક્તને શ્રેષ્ઠ કહ્યા છે તે આપણે મહાતેજરૂપ થયા છીએ કે નહિ તે શી રીતે જણાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મહાતેજરૂપ તો પરમ એકાંતિક કહેવાય અને તમો તો આ જોગથી ને કૃપાથી મહાતેજથી પર અનાદિમુક્તરૂપ થયા છો. અને જે જણાતું નથી તેનું તો એમ છે જે જેમ પક્ષીનું ઈંડું પરાધીન છે, પણ જ્યારે ઈંડું ફૂટીને પાંખો આવશે ત્યારે આકાશમાં રહેશે; માટે તે ખેચર કહેવાય. તેમ જે શ્રી પુરુષોત્તમના આશ્રિત સર્વે દેહના આવરણમાં છે ત્યાં સુધી ઈંડાની પેઠે પરાધીન છે, પણ જ્યારે આ દેહનો જોગ મટી જશે ત્યારે આવરણ રહિત થઈને શ્રી પુરુષોત્તમના સુખમાં રમશે. એ મૂર્તિમાં અપાર ને અલૌકિક સુખ છે તે અનંત મુક્ત મૂર્તિમાં રહીને ભોગવે છે, પણ પાર પામી શકતા નથી. જેમ ચિંતામણિ નાની છે, પણ અનંત જનના સંકલ્પ સત્ય કરે છે અને જે જે ઈચ્છે તે આપે છે; તેમ મહારાજની મૂર્તિના સુખમાં અપારપણું છે.'' ।।૨૪૭।।

## વાર્તા ૨૪૮

સંવત ૧૯૮૨ના પોષ સુદ-૧ને રોજ સવારે સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "ધ્યાનમાં આવરણ કરનાર દોષને ટાળવાનું ભગવાન પાસે માગે તે સકામ કહેવાય કે નહિ?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "તે તો સકામ ન કહેવાય."

પછી બોલ્યા જે, "તમે સર્વે શ્રીજીના અવતાર છો. કેમ? છો કે નહિ?"

ત્યારે સંત બોલ્યા જે, "હા બાપા. આપ કહો તો છીએ."

પછી બાપાશ્રી બોલ્યા જે, "જો અવતાર થયા હો તો અનંત જીવનો ઉદ્ધાર કરો. અને જો મોઢું વાઘનું ને પાછળ બીજું એવું હોય તો તો મૂર્તિનું સુખ ન આવે, અને તે વાંઝિયું કહેવાય. તે વિના કેટલાક દીકરા, દીકરી, સ્ત્રી, ધનાદિક માગે ને તેમાં સુખ માને, પણ તેમાં સુખ નથી."

ત્યારે સંત બોલ્યા જે, "છોકરા હોય તે કેડે શ્રાદ્ધ કરે."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "શ્રાદ્ધ તો નારાયણજીનું ખરું; માટે શ્રીજીમહારાજનું શ્રાદ્ધ આવે તે ભેળું સર્વેનું શ્રાદ્ધ આવી જાય."

પછી બોલ્યા જે, "રસના તો મહા ભૂંડી છે, એમાં કાંઈ માલ નથી. તેને તો આની કોરથી ખોસે ને ઓલી કોરથી કાઢે, ને પૂછ્યા કરે જે, 'મારા ઘાટ-સંકલ્પ કેમ ટળતા નથી?' તે શી રીતે ટળે? મઠના રોટલા અને મઠની દાળ જમે તો ઘાટ કાંઈ ન રહે. અમારા યજ્ઞમાં આ ઈશ્વર બાવે મગ મંગાવ્યા હતા, તે કહે કે મઠ સર્વને નડે છે."

પછી બોલ્યા જે, "અદાજી ઉપર મહારાજ અનંત કોટિ બ્રહ્માંડનો ભાર મૂકીને બેઠા તે ઊઠી શક્યા નહિ. પછી તેમને ગરુડજી બનાવ્યા ત્યારે ઊડ્યા ને એક મિનિટમાં કાળે તેરે લઈ ગયા. (તેમણે મહારાજને કાંકરી મારી હતી ને તેમનું કાંકરીએ મોત થયું હતું)."

એવામાં ઘાંટીલાના વિઠ્ઠલ ભક્તે આવીને જય સ્વામિનારાયણ કહ્યા.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "ઘાંટીલાના હરિભક્તો સર્વે સુખી છે, એ બહુ સારા છે ને વિશ્વાસી ને નિર્મળ છે ને અમો ઘણા રાજી થયા છીએ ને એમણે બહુ લાવ લીધો છે તે એવા ને એવા છે કે?"

ત્યારે તે ભક્તે કહ્યુ જે, "બાપા, આપે 'તળાવમાં પાણી થશે' એ વર આપ્યો ને તરત જ તળાવમાં પાણી આવ્યું તેવો પરચો દીધો છે ને વર્ષ પણ સારું પાકયું છે તેથી આપનો ઘણો મહિમા સર્વ જાણે છે. અને સર્વ હરિજનોનો આગ્રહ બહુ જ છે જે બાપાશ્રી એકવાર પધારે તો સર્વ હરિજનોને આપનાં દર્શન થાય ને અસંખ્ય જીવનું કલ્યાણ થાય ને આપને પાલખીએ બેસારીને ફેરવશું અને મંદિર ફરીથી કર્યું છે તે પ્રસાદીનું કરવા પધારો." એમ પ્રાર્થના કરી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અમારે કાંઈ માન-મોટપ જોઈતી નથી. તમે કહ્યું એટલે અમને ત્યાં આવેલા જ જાણજો. અને તમે એક એક સંતમાં અનેક મુનિનાં વૃંદ રહ્યા હોય એવા સંતનો સમાગમ કરજો તો મોક્ષમાં વાંધો નહિ આવે. આવા સંતનો જોગ, સમાગમ ને સેવા કરજો તો જીવતા રહેશો. અમે રખડતાં રખડતાં ક્યાંય ભાવનગર ને ક્યાંય ફરતા હતા ને ત્યાંથી ઘાંટીલે આવ્યા હતા અને કેટલાક કહે કે, 'અમારે દર્શનથી આનંદ થયો' અને કેટલાક કહે જે, 'અમારે જમાડે આનંદ થયો' અને કેટલાક કહે જે, 'અમારે પ્રસાદી જમવે કરીને આનંદ થયો' અને કેટલાક કહે જે, 'ઘેર પધાર્યાથી આનંદ થયો'. એવી રીતે સર્વ આનંદ પામ્યા હતા, તે એવા ને એવા રહેજો. અમારે તો અધમ જીવને પણ ઉદ્ધારવા છે, માટે તમારે માયા ટાળવી હોય તો મહારાજને ને અમને ભૂલશો નહિ. અમારાથી જુદા પાડે એવાનો સંગ કરશો નહિ. જો એવાનો સંગ કરશો તો જેમ બાર સાહેબે વાઘ માર્યો પછી તેની પાસે ગયા ત્યારે વાઘે ઊઠીને બારેના પ્રાણ લીધા તેમ થાય." ॥૨૪૮॥

## વાર્તા ૨૪૯

સંવત ૧૯૮૨ના પોષ સુદ બીજને રોજ સવારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "વડનું બીજ ખસખસના દાણા જેવું નાનું હોય તે ઊગે ત્યારે હાથે તાણીએ તો તણાઈ જાય, પણ જ્યારે વડ મોટો થાય ત્યારે એક વીઘામાં વીખરાઈ જાય એવડો થઈ જાય છે. આપણી લખાઈવાડીમાં વડ હતો તે પડ્યો ત્યારે તેને કઢાવતાં ત્રણસે કોરી ખર્ચ લાગ્યું. સર્વના કારણ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે તે મનુષ્ય જેવડા છે અને તેમનું કાર્ય અનંત કોટિ બ્રહ્માંડ છે."

"સાધુ કે સત્સંગી થઈને તુચ્છ પદાર્થ સારુ ભડાભૂટ કરવી તે ઠીક કહેવાય નહિ. અને પ્રસાદીની વસ્તુ જે ચરણારવિંદ તે પણ અંદર રાખ્યાં હોય તો પછી બહારનાં જોઈએ નહિ, માટે ખબર રાખવી. રાજકાજ સારુ માથાં કપાવે અને સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે તે સારું કાંઈ ન થાય. દેહ ઉપર ડગલી છે તેમ દેહરૂપી ડગલો કાઢી નાખીએ એટલે જીવ દેહરૂપ થઈ જાય અને મહારાજ દેહી થઈ જાય. આજ સેવા દિવ્ય છે તે એક રૂપિયે કે એક પૈસે પણ ભગવાન ને ભગવાનના સંત મળે. એક શેર જમાડે તે એક સંત જમે તો એમના ભેળા અનંત મુક્ત અને મહારાજ જમે."

"લાલુભાઈને કોઈએ કહ્યું જે, 'કહો સ્વામિનારાયણ.' ત્યારે તે બોલ્યા જે, 'મુખેથી ભજન કરવું તેથી કંઠમાં કરવું ઉત્તમ છે અને તેથી હૃદયમાં ભજન કરવું તે ઉત્તમ છે અને તેથી પણ નાભિમાં ભજન કરવું તે ઉત્તમ છે; કેમ જે નાભિમાંથી સંકલ્પ ઊઠે છે તે સંકલ્પ નાભિમાં ભજન કરવાથી બંધ થઈ જાય છે. અને તેથી પણ સત્તારૂપ થઈને મૂર્તિ ધારવી તે ઉત્તમ છે. અને તેથી પણ મૂર્તિમાં રસબસ થઈને મૂર્તિનું સુખ લેવું તે અતિ ઉત્તમ છે. અને અમને તો બાપાશ્રીએ કૃપા કરીને એટલે પહોંચાડ્યા છે.' એમ કહ્યું."

"માયાના ગુણને ઓથે હાલે-ચાલે તેમાં શું? માટે મૂર્તિ વિના

રહેવું નહિ, સુરત રાખજો. સૌ મૂર્તિ મૂકશો નહિ.'' ॥૨૪૯॥

## વાર્તા ૨૫૦

સંવત ૧૯૮૨ના પોષ સુદ-૪ને રોજ સવારે સભામાં એક બ્રાહ્મણ કહે જે, ''મૂર્તિ ખપે.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ મૂર્તિ સાક્ષાત્ ભગવાન છે, એવો વિશ્વાસ આવે છે? આવે તો દર્શન કરો. એક બ્રાહ્મણ હતો તે ખાવા બેઠો ને કહે જે, 'ગળે ઊતરતું નથી', પછી તેને કહ્યું જે, 'ગળામાં લાકડું ખોસો.' તેમ તમારે ગળે ઊતરે તો માનો ને દર્શન કરો, પણ નાસ્તિક ભાવ રાખશો નહિ. આ પ્રતિમા સાક્ષાત્ ભગવાન છે, એવો આસ્તિક ભાવ રાખવો.''

તે ઉપર કલ્યાણસંગની વાત કરી જે, ''રામપુરમાં કલ્યાણસંગજી (માથકવાળા) આવ્યા હતા તે બહુ મોડા નહાતા હતા તેમને અમે કહ્યું જે, 'વહેલા નાહો તો ભગવાનનાં દર્શન કરાવીએ.' પછી બીજે દિવસે વહેલા નાહીને અમારી પાસે આવીને બોલ્યા જે, 'અમને ભગવાનનાં દર્શન કરાવો.' પછી અમે તેમને પ્રતિમાની પાસે લઈ જઈને કહ્યું જે, 'જુઓ, આ ભગવાન ખરા કે નહિ?' ત્યારે તે બોલ્યા જે, 'હા, ભગવાન ખરા.' એવો વિશ્વાસ ને આસ્તિકપણું રાખવું, અને આ મૂર્તિ માંહી દેખાય એવો સાક્ષાત્કાર કરવો.''

''પ્રતિમાને દિવ્ય ન જાણે ને મૂર્તિ સારુ વલખાં મારે તેમાં શું વળે? માટે તેમાં દિવ્યભાવ સમજીને ધ્યાન કરીને મૂર્તિમાં જોડાવું, તે મહારાજે સોંપ્યું છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન તેના ભાવ ટાળી નાખવા. દેહના જે શણગાર છે તે ટાળી નાખવા અને મહારાજની મૂર્તિમાં એકતાર જોડાવું. વૈભવ એકેય મેલાય નહિ અને મૂર્તિ ખપે તે કેમ મળે? મોટા મોટા સંતો પણ મૂર્તિ સારુ વલખાં કરે છે, તો સર્વેને ક્યાંથી મળે? ઝેરનું ઝાડ રોપો તો પાંદડાં, ડાળાં, પાંખડી સર્વે ઝેર હોય; તે ઝેરનું ઝાડ મેલીને સ્વામિનારાયણની એક મૂર્તિમાં તેલધારા અખંડ

વૃત્તિ કરવી. તેમ શ્રીજીમહારાજનું સુખ આપનારા સંતને ઓળખીને તેમનો સંગ કરે તો જે સુખ ઇચ્છે તે મળે. જો પ્રયત્ન કરવા માંડે તો મૂર્તિ સિદ્ધ થઈ જાય; માટે પુરુષપ્રયત્ન કરવો.''

એક બ્રાહ્મણે ભાતું માગ્યું ત્યારે કહ્યું જે, ''સૌનું ભેળું માગવું; એકલાનું ન માંગવું.''

ત્યારે કહે જે, ''મારી દાઢી પહેલી ઓલવું.''

''માયિક ઇંદ્રિયે કરીને માયિક વસ્તુ ઝેર જેવી થઈ જાય ને અખંડ મૂર્તિમાં વૃત્તિ રાખે તો છ મહિનાની અંદર મૂર્તિ સિદ્ધ થઈ જાય. જ્યારે ખારું, ખાટું, તીખું, તમતમું આદિકના ભાવ એકેય ન રહે ત્યારે મૂર્તિ દેખાય. જ્યારે પુરુષોત્તમરૂપ થશો ત્યારે પુરુષોત્તમનું જ્ઞાન થશે. આ દેહનું સુખ ભેળું રાખવું અને મૂર્તિનું સુખ લેવું તે થાય નહિ. રસના આદિક મૂકે તો થાય, પણ 'ભગૂડી ભેંસનું દૂધ સારું' એમ રહે ત્યાં સુધી મૂર્તિ ક્યાં મળે તેમ છે? અમે ક્યાંથી આવ્યા? આજ મહારાજ મૂર્તિ દેખાડે છે, હરે છે, ફરે છે, સુખ આપે છે; પણ નાસ્તિક ભાવ છે. આ દેહનું જ સુખ જોઈએ; ખાવા, પીવા, પહેરવા ને શોખ માણવા; તો મૂર્તિ ક્યાંથી દેખાય?''

તે ઉપર હરજીભાઈની વાત કરી જે, ''તેમને ચંદનના ઝાડનો યોગ થયો તે ઝેર ઊતરી ગયું અને દેહનો ભાવ ટાળીને એક તાંસળામાં ભેળું મેળાવીને જમે અને અમારા ગામનો ઈજારો લઈને અમારી પાસે રહ્યા અને જોગ કર્યો ને બીજું બધું ભૂલી ગયા. એમનો સેવક હતો તે સવારે-સાંજે પાસે જાય ત્યારે તેમને વિષે તેજ દેખતો. અને જો એવો ખપ થયો તો અમારી પાસે જ રહ્યા. અને અમને કહ્યું જે, 'ગોવાભાઈને કહો જે કારખાનાંમાત્ર બંધ કરે.' ત્યારે અમે કહ્યું જે, 'એમની સ્થિતિ એવી થઈ નથી તે શી રીતે મૂકે?' સર્વે ઇંદ્રિયોને વશ રાખે તે વનમાં ગયો જાણવો. એવા ભગવાન ને સંત આપણને મળ્યા છે ને ભેગા કુટાય છે તોય પણ મોહ ન મેલાય.''

પછી સાંજના બાપાશ્રી તથા સર્વ સંત-હરિજનો વિરમગામ પધાર્યા. ॥૨૫૦॥

## વાર્તા ૨૫૧

સંવત ૧૯૮૨ના પોષ સુદ પાંચમને રોજ સવારે શ્રી વિરમગામના મંદિરમાં લોયાનું ૭મું વચનામૃત વંચાતું હતું, તેમાં ધામમાં મૂર્તિ અને મનુષ્યરૂપ અને પ્રતિમા તે એક જ સમજવાનું આવ્યું.

પછી સંતે પૂછ્યું જે, "મનુષ્યરૂપે ઓળખ્યા વિના દર્શન થાય તેનું જન્માંતરે કલ્યાણ થાય તેવું પ્રતિમાનાં દર્શને થાય કે નહિ?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "પ્રતિમાનાં દર્શને પણ એવું જ કલ્યાણ થાય અને જો પ્રતિમાનો મહિમા જાણીને દર્શન કરે તો આ જન્મે જ આત્યંતિક કલ્યાણ થાય."

"ઉપશમ થાય ત્યારે કાંઈ ખબર રહે નહિ અને ક્રિયા બધી કર્યા કરે. પર્વતભાઈ સાંતી હાંકે, ગાડું હાંકે, સાંઠિયો ખોદવા જાય એમ બધી ક્રિયા કરે તોપણ મહારાજની મૂર્તિ અખંડ રાખે. નિર્વિકલ્પ સમાધિ છે તે ઘણા જીવોને સમાસ કરે છે અને અક્ષરધામની છે. અને સવિકલ્પ સમાધિ તો ચમત્કાર જણાવે, પણ સમાસ એવો ન થાય. ઉપશમ અવસ્થાવાળામાં ભગવાન સદા બિરાજમાન છે, એમ વિશ્વાસ રાખે તો તેનું કલ્યાણ થાય. અને એવા પુરુષ નહાતા હોય તેનું પાણી ઉપર પડે તો પંચ મહાપાપ બળી જાય. જળને પાવન કરનાર મોટા પુરુષ છે. જ્યાં શ્રીજીમહારાજ નાહ્યા હોય અથવા મોટા પુરુષ નાહ્યા હોય તે જળમાં જે નહાય તે પાવન થાય છે. ગુરુસ્ત્રીનો સંગ, બાળહત્યા, બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા એવાં પંચ મહાપાપ તેને મોટા પુરુષ બાળી નાખે છે, એવું મોટા પુરુષના (નાહેલા) જળનું માહાત્મ્ય છે."

"કલ્યાણ તો ઘણાં છે, પણ આ તો આત્યંતિક કલ્યાણ થાય છે. કલ્યાણની કેટલાકને તો ખબરે નથી. એક બ્રાહ્મણે દેહનું કલ્યાણ માગ્યું. આવા મહારાજ અને આવા તમ જેવા સંત એ તો આત્યંતિક કલ્યાણ

કરે છે. પ્રથમ શ્રવણ ભક્તિ, પછી અનુક્રમે પ્રેમલક્ષણા ભક્તિ આવે.''

તે ઉપર અમરા ભક્તની વાત કરી જે, ''અમરા ભક્તને રાજાની પાસે હજૂરમાં નોકરી હતી, તે રાજાની આગળ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ વારંવાર કહે, પણ મર્યાદા રાખે નહિ. એવી પ્રેમલક્ષા ભક્તિ આવે તે ખરી કહેવાય અને આત્યંતિક કલ્યાણ પણ ત્યારે થાય. માટે, પ્રથમ નિશ્ચય જોઈએ.''

તે ઉપર કઠિયારાની વાત કરી.

''મહારાજ અને સંત આજ મળ્યા છે; મળશે એમ ન જાણશો. આજ 'આવો, આગળ બેસો' એમ કહીએ છીએ તે અવરભાવમાં છે અને પરભાવમાં સર્વે સરખા છે. એવો ભાવ ન સમજાય તેને જન્મ-મરણ ટળે નહિ. ગઢડામાં મોટા મોટા સંત બેઠા હોય તે પાછળ બેઠેલા સંત-હરિજનોથી પોતાને મોટા જાણતા. પછી મહારાજે પાછળ બેઠેલા સંત-હરિજનોમાંથી તેજનો સમૂહ બતાવ્યો. તે આગળ બેઠેલાઓએ પૂછ્યું જે, 'મહારાજ, આ શું?' પછી મહારાજે કહ્યું જે, 'તમે અવરભાવના છો ને એ પાછળ બેઠેલા સિદ્ધ મુક્ત છે.' પછી તેમની મર્યાદા રાખવા માંડી અને જાણ્યું જે, 'આ બધા મુક્ત છે અને આપણે સાધનદશાવાળા છીએ, તે આ લોકમાં અવરભાવમાં આગળ બેસીએ છીએ.'''

''કાર્યમાં જીવને હેત છે તે કાર્ય કલ્યાણકારી ખરું, પણ વિષયી ને પામર જીવને માટે છે.''

'સૌને વશ કરુ રે સૌનો પ્રેરક હું ભગવાન' એમ કહીને બોલ્યા જે, ''સર્વે કારણના કારણ જીવન જાણું છું.''

એનો અર્થ કર્યો જે, ''બીજું કારણ કિયું? તો સંત જાણવા ને તેના કારણ મહારાજ છે. જો અંતઃકરણ ઠારે તો જાણવું જે એમાં કારણ હોવું જોઈએ. જેમ ગાડીનું પાણી ઊનું નીકળે છે તે બાળે છે અને વરસાદનું પાણી ઠારે છે અને સર્વ જીવને જીવાડે છે; તેમ સંતને

ઓળખવા. સૌ સૌનું ઘર તપાસવું જે કઈ જગ્યામાં છીએ અને કોના છીએ? ત્યાગીનો વેષ હોય, પણ મહારાજને ન રાખ્યા હોય તો બીજાનું પણ બગાડે. ભગવાં પહેર્યે શું થાય? જીવાત્મા ભગવો થાય અને મહાપ્રભુજીમાં જોડાય તે ખરું. મૂર્તિ વિના ક્યાંય જોડાય નહિ અને ખાન-પાન, ખારું-મોળું, તીખું આદિકની ખબર પડે નહિ.''

''આ ગામમાં મોરારભાઈ રહેતા ત્યારે પાંચ-સાત હરિભક્ત હતા અને આજ ઘણા થયા છે તે કાર્ય વધ્યું, તેમાં મહારાજને ભૂલી જવાય તો કાર્ય ખોટું થઈ ગયું. સંવત ૧૯૧૮ની સાલમાં ગંગાસર તળાવ ઉપર સભા કરી અને નકરી (એકલી) પરભાવની વાતો કરી હતી. અમારો સંઘ ઘણો મોટો હતો અને આજ કાર્ય વધી ગયું એટલે ઝાઝા સત્સંગી થયા છે.''

''કારણનું નિશાન સાથે રાખવું. કાર્ય અને કારણમાં ઘણો ફેર છે. કારણવાળો કારણમાં જોડાય અને જેને કારણ સાથે ન હોય તેને પરચા-ચમત્કાર જોવાની ઇચ્છા રહે, પણ તેમાં શું? કામરૂ દેશના ઘણાય દેખાડે છે, માટે તે જોવાની ઇચ્છા રાખવી નહિ. મૂર્તિમાં જોડાવાની ઇચ્છા અને આગ્રહ રાખવો. કારણમાં જોડાયો હોય તેને બ્રહ્મા જેવો ડોલાવે તો પણ ડોલે નહિ. ચાલ્યો જા કહે તો ચાલ્યો જાય અને જેમ કહે તેમ કરે, અને કારણ ન ઓળખ્યું હોય તો કોઈ નિશ્ચયમાંથી ડોલાવે તો ડગી જાય. આપણે જ્ઞાનપ્રલય રાખવો. અવરભાવમાં મનુષ્યભાવે હાલે, ચાલે, જમે, રમે તેમ પરભાવમાં અક્ષરધામમાં કેમ હોય?''

એમ કહીને બોલ્યા જે, ''ધામમાં તો દર્શન કરતાં કરતાં કલ્પેકલ્પ વીતી જાય. અને અહીં નેત્ર મીંચીએ તો કાંઈ નથી અને ઉઘાડીએ તો બધું દેખાય છે (એટલું તો માયિક ભાવમાં છે), તો પરભાવમાં તો ઘણું જ્ઞાન છે. સર્વે મુક્ત સાકાર છે અને મૂર્તિમાં રસબસ રહ્યા છે ને બધુંય જ્ઞાન છે. જેમ ભક્તને દેખવા હોય તેમ દેખાય. મહારાજની મૂર્તિના સુખે સુખિયા થઈ જવાય. ત્યાં દેહના ભાવ નથી.

પ્રકૃતિનું કાર્ય મેલીને પરભાવ થાય ત્યારે અનુભવજ્ઞાન તાણી જાય; જેમ ઊંડા પાણીમાં જઈએ તો જળ તાણી જાય છે તેમ. શ્રીજીમહારાજ અને અનાદિ પધાર્યા. આદિ આ બેઠા, પણ છીએ અનાદિ– જો ઓળખો તો. અમે આ સભામાં મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરીએ છીએ, એવું અનુભવજ્ઞાન થાય ત્યારે સુખ આવે.''

પછી અમદાવાદનું ૭મું વચનામૃત વંચાતું હતું, તેમાં ગરુડ પણ ઊડી શક્યો નહિ એ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ગરુડ અટક્યો, પછી મહારાજ ઊડ્યા; કાંઈ તેના સારુ બેસી રહે?''

પછી સાધુને કહે જે, ''મહારાજો! એ ધણીમાં જોડાશું ત્યારે એવી સ્થિતિ થાશે. આવા સંત અને મહારાજનું ગમતું કરીએ તો અનુભવજ્ઞાન થાય અને ત્યારે મૂર્તિમાં રસબસ થવાશે. અનુભવજ્ઞાન આપનારા સત્સંગમાં બિરાજે છે ને શ્રીજીમહારાજની મૂર્તિમાં ખેંચી જાય છે તે આ બેઠા.''

પછી બોલ્યા જે, ''મોટાનું ધાર્યું કરીએ નહિ ને પોતાનું ધાર્યું કરાવીએ તો ખોટ આવે. આ સંત ને મહારાજ કોઈ બ્રહ્માંડમાં મળે એવા નથી; તેનો મહિમા સમજાય નહિ ને એવાને પણ અલ્પ જીવ હોય તે ધોકા મારે ને કહે જે, 'આટલું ઠીક કરતા નથી', પણ અમે તો અનંત જીવનો ઉદ્ધાર કરવા આવ્યા છીએ. આજ ભગવાન ને સંત મળ્યા, તો હવે ઇંદ્રિયોને છૂટી ન કરવી. તે ઘોડા છે તે ઝાલ્યા રહે એવા નથી; માટે એને નિયમમાં રાખીને મૂર્તિમાં જોડાવું. મનોમય ચક્ર છે તેમાં એક ડોડી છે તેને સાત પડ છે તેની માંહી જીવાત્મા રહે છે. અગ્નિના તણખા જેવો ઝીણો જીવાત્મા છે તેમાં અંતર્યામી ભગવાન રહ્યા છે. તે જ શ્રીજીમહારાજના પ્રકાશથી વિકાસ પામે છે. જીવાત્મા સંગદોષથી અવરાઈ ગયો છે, પણ વસ્તુગતે ચોખ્ખો છે. તે ચોખ્ખો હતો તો ચોખ્ખો થયો.''

પછી બોલ્યા જે, "તપ, ધર્મ ને વૈરાગ્ય હોય તોપણ ભગવાન અને તેમના સંતનો વિશ્વાસ ન હોય તો કાંઈ કામ આવે નહિ. આપણને તો જોગ મળ્યો છે. બજારમાં જાય તેમાં એક તો મૂર્તિ સંભારતો જાય અને બીજો તો રૂપ જોતો જાય. આપણે તો શ્રીજીમહારાજ, આ સભા, આ સંત રાખવા; તેમાં ખોટ પડે તો જડ માયા અને ચૈતન્ય માયા પેસે. તેથી ગૃહસ્થે નિર્વાસનિક રહેવું; તો સુખિયા રહેવાય. આજ ચોખ્ખું થવાય તો મહારાજ નિવાસ કરીને રહે. વખત સારો છે, જોગ સારો છે. માયા ઓછી કરવાને બદલે વધારે કરે એટલે એક ચામડું જાય ને વળી બીજું કરે. પણ આપણે તો અક્ષરધામની સભા ઓળખીને માયાને તજી દેવી. કહેવાયા તો સારા ને હરાયા ઢોરની પેઠે ચોરીઓ-દારીઓ કરે, પણ તે સત્સંગી ન કહેવાય. માટે સત્સંગીએ મોટાં પાંચ વર્તમાન અવશ્ય પાળવાં તથા લોભ તજવો જોઈએ. કારણ કે લોભીની તથા ચોરની આબરૂ જાય છે અને આપઘાત પણ કરવો પડે છે. અમને વીસનગરના સોનીએ કહ્યું કે, 'મને ચોરી કરવાની રજા આપો; કારણ કે બીજા સોની કરે છે.' તો અમે કહ્યું કે, 'ભિક્ષા માગીને નિર્વાહ કરવો, પણ ચોરી ન કરવી.'"

એમ કહીને પછી વાત કરી જે, "શીતળ શાંત જે અક્ષરધામ તેમાં મહારાજ બેઠા છે તે આપણે નજરે દેખીએ છીએ. આવા પ્રત્યક્ષ સંતની સન્મુખ મન, કર્મ, વચને થાય અને મૂર્તિનો જોગ રાખે તેનાં કામ, ક્રોધ ને લોભ ટાળી નાખીએ છીએ. ચાલોચાલ સત્સંગથી તે થાય નહિ. આવી વાત અમે એક બાવાને કરી હતી તે સાંભળીને તેણે અમારો મહિમા જાણ્યો અને કહ્યું કે, 'તમારાં દર્શનથી આજ પવિત્ર થયો.'"

પછી વાત કરી જે, "એક ડોસીને એક છોકરો હતો તે છોકરો સદ્‌ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામી પાસે સાધુ થયો ત્યારે તે ડોસી 'હાય મહાનુભાવાનંદ! હાય મહાનુભાવાનંદ!' એમ કૂટવા મંડી. માટે સંબંધીમાં હેત હોય તો એવું થાય. તમે અમારા કહેવાઓ છો તો ખોટું

કહેવરાવશો નહિ. મહારાજની મૂર્તિથી જુદા પડવું નહિ.''

પછી સંત સામી આંગળી કરીને કહે, '''જે જે અવતાર' તે આ સર્વે સંત તે જ અવતાર જાણવા. મહારાજે તમારું ઐશ્વર્ય રૂંધી રાખ્યું છે. એક સંતે સંકલ્પ કર્યો તે ભેળે પ્રલય થવા મંડ્યો તેથી સામર્થ્ય રૂંધી રાખ્યું છે. અત્યારે તો એકડમલ પણ સત્સંગ કરાવે છે. તમે અવતાર છો ત્યારે આવી સેવા અને સન્માન થાય છે તે અવતાર આપણે દેખીએ છીએ. મનન દ્વારે બ્રહ્મનો સંગ કરતાં કરતાં સાક્ષાત્કાર થાય અને પંચભૂતનો ઘોડો ખોટો થઈ જાય, તે અક્ષરધામરૂપ થયો. પછી મૂર્તિનો સંગ કરવો એટલે મૂર્તિરૂપ થાય. જીવને આ લોકનાં કાર્યમાં તાન છે તેવું કારણમાં થાતું નથી.''

પછી બીજે દિવસે બાપાશ્રી આદિ સૌ સરસપુર પધાર્યા. ત્યાં આસપાસનાં ઘણાંક ગામોના હરિભક્તોને દર્શન-સમાગમ તથા કથા-વાર્તાથી અલૌકિક આનંદ પમાડી શ્રી હરિજીની દિવ્ય મૂર્તિના સુખભોક્તા કરી મૂર્તિમાં રસબસ કરતા. એટલું જ નહિ, પણ ગામ-પરગામથી દૂરદેશાંતરથી ઘણાક હરિભક્તો તે સુખ લેવા આવતા અને પોતાનાં ગામોમાં બાપાશ્રીને પધારવા વિનંતી કરતા અને પ્રાર્થના કરતા જે, ''અમને તો આપે સુખ આપી ન્યાલ કર્યા, પરંતુ જે દર્શને ન આવી શકે તેવાં બાળક અને વૃદ્ધોને પણ સુખી કરવા અમારા ગામે પધારો તો તેઓ પણ સુખ પામે અને વળી દર્શને કરીને રસ્તામાં આવતાં વૃક્ષ, વેલી, ઝાડ, પહાડ, નદી, સરોવર, પશુ, પક્ષી સર્વે મોક્ષના અધિકારી થાય.''

આવી રીતે પ્રેમી હરિભક્તોની ગદ્‌ગદ્ કંઠે કરેલી પ્રાર્થનાને વશ થઈ પોતે ગુજરાત, નળકંઠો, ભાલ, ચરોતર, કાઠિયાવાડ, ઝાલાવાડ, હાલાર, કડી પ્રાંત વગેરેનાં ઘણાં ગામોમાં પધારી કોઈ સ્થળે કલાક, બે કલાક, ચાર કલાક યા કોઈ સ્થળે દિવસ, બે દિવસ, ચાર દિવસ રહી કોઈને દર્શન, સ્પર્શ, સેવા, સમાગમનું સુખ આપી સર્વ હરિભક્તોને

માયાના બંધન થકી છોડાવી મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય મૂર્તિમાં સંલગ્ન કરાવી મૂર્તિમાં રસબસ કરતા, તેમજ ઘણાને મૂર્તિમાં રાખવાનાં વરદાન પણ આપતા, તેમજ કેટલાક પ્રેતયોનિને પ્રાપ્ત થયેલા જીવોને પણ બદરિકાશ્રમ તથા અક્ષરધામમાં મોકલીને તેવા હરિભક્તોનું સંકટ નિવારણ કરતા. આવી રીતે ઘણાં ગામોના હરિભક્તોને આનંદ પમાડી પોતે કચ્છમાં પધાર્યા. ॥૨૫૧॥

# સમાપ્ત

# નોંધ



બાપાશ્રીના પ્રાદુર્ભાવ પહેલા બળદિયા ગામની કાળી તલાવડીના કાંઠા પર દેવબાને શ્રીજીમહારાજ દર્શન આપી વરદાન આપે છે કે, "અમારા અનાદિમુક્ત પણ અમારા જેવા કહેવાય, તે તમારે ત્યાં પ્રગટ થશે અને અસંખ્ય જીવનો ઉદ્ધાર કરશે"

"જ્યાં શ્રીજીમહારાજે માતુશ્રી દેવબાને અમારા પ્રાગટ્યનો વર આપ્યો તે જ ઠેકાણે અમારું જન્મસ્થાન છે, ત્યાં અમે છત્રી કરાવીને ચરણારવિંદ પધરાવ્યા છે."

- અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા



" આ છત્રી તથા આ સ્થાનનાં
જે દેવ તથા મનુષ્યો
દર્શન કરશે અને
ઉપર થઈને પક્ષી ઊડીને જશે
તે સર્વેનો અમે આત્યંતિક
મોક્ષ કરીશું."

- અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા



'અબજીબાપાની વાતો' શબ્દાર્થ સાથે વાંચો મોબાઈલ અને વેબ એપ્લિકેશનમાં

bit.ly/bapanivato bit.ly/bapanivato_ios bapanivato.abjibapanichhatedi.org